ચોથી શ્રેણી

પુસ્તક–૬૨

તા. ૮મી જુલાઇ, ૨૦૧૯
આષાઢ ૧૭, ૧૯૪૧ શાકે
થી
તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯
આષાઢ ૧૯, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| પુસ્તક–૬૨ | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી |
|---|---|---|
| | **વિષય** | **પાના નંબર** |

**તા. ૮મી જુલાઈ, ૨૦૧૯, આષાઢ ૧૭, ૧૯૪૧ શાકે**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૮૨ |
| સરકારી સંકલ્પ | ૧૮૩ | ૧૯૪ |
| ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯ | ૧૯૫ | ૨૧૧ |
| ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૨૧૨ | ૨૧૭ |


**તા. ૯મી જુલાઈ, ૨૦૧૯, આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે (પ્રથમ બેઠક)**


| | | |
|---|---|---|
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૮ | ૨૪૭ |


**તા. ૯મી જુલાઈ, ૨૦૧૯, આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે (બીજી બેઠક)**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૪૮ | ૨૬૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૬૧ | ૩૯૪ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૩૯૪ | ૩૯૪ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૯૫ | ૪૧૭ |


**તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯, આષાઢ ૧૯, ૧૯૪૧ શાકે**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૪૧૮ | ૪૩૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૩૧ | ૫૬૯ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૫૭૦ | ૫૭૦ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૭૧ | ૫૯૫ |

આષાઢ ૧૭, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તારીખ ૮મી જુલાઇ, ૨૦૧૯**

**આષાઢ ૧૭, ૧૯૪૧ શાકે**

**સભાગૃહ સવારના ૧૧–૦૦ કલાકે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં આજીવિકા વિકાસ માટેના કામો**

*૧૩૨૨૦ **શ્રી જીતેન્દ્ર સુખડીયા** (સયાજીગંજ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટર કમ્પોનન્ટ) અંતર્ગત ભરૂચ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આજીવિકા વિકાસ માટે કયા કામો હાથ ધરવામાં આવેલ છે, | (૧) |

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| ૧. ફરાસખાના<br>૨. ફરસાણ મેકીંગ યુનિટ<br>૩. ફ્લોર મીલ<br>૪. ગ્રીન હાઉસ વિથ નર્સરી<br>૫. પેપર ડીશ મેકીંગ યુનિટ<br>૬. પોલ્ટ્રી યુનિટ | ૧. ફરાસખાના |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા સ્વસહાય જૂથને લાભ આપવામાં આવેલ છે, અને

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| ઉક્ત સ્થિતિએ કુલ ૪૯ સ્વસહાય જૂથને લાભ આપવામાં આવેલ છે. | ઉક્ત સ્થિતિએ કુલ ૧૦ સ્વસહાય જૂથને લાભ આપવામાં આવેલ છે. |

(૩) ઉક્ત સ્થિતિએ સ્વસહાય જૂથને યોજના અંતર્ગત કેટલી રકમનો લાભ આપવામાં આવેલ છે ?

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| ઉક્ત સ્થિતિએ સ્વસહાય જૂથને યોજના અંતર્ગત કુલ રૂ. ૬૨.૮૩ લાખની રકમનો લાભ આપવામાં આવેલ છે. | ઉક્ત સ્થિતિએ સ્વસહાય જૂથને યોજના અંતર્ગત કુલ રૂ. ૧૧.૦૪ લાખ રકમનો લાભ આપવામાં આવેલ છે. |

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં આજીવિકા વિકાસ હેઠળ તાલુકાવાર કેટલા અને કયા કયા સ્વ સહાય જૂથને કયા કયા લાભો આપવામાં આવ્યો? અને કેટલી રકમ આપવામાં આવી?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ માહિતી માગી એ મુજબ ભરૂચ જિલ્લાની અંદર છેલ્લા ૨ વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટર શેડ કમ્પોનન્ટમાં આજીવિકા વિકાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો એ બાબતે જણાવીશ કે ૨૦૧૭–૧૮માં ઝઘડિયા તાલુકાની અંદર ફરાસખાના માટે ૧૨ સ્વ સહાય જૂથને ૧૨ લાખ ૯૪ હજાર રૂપિયા, ફ્લોર મીલ માટે એક જૂથને ૯૯ હજાર રૂપિયાની સહાય, બે ગ્રીન હાઉસ નર્સરી માટે ૨ લાખ ૯૮ હજાર રૂપિયા, પેપર ડીશ મેકિંગ યુનિટ માટે ૨ જૂથને ૧ લાખ ૯૭ હજાર રૂપિયા, પોલ્ટ્રી ફાર્મ માટે ૬ જૂથને ૮ લાખ ૯૪ હજાર રૂપિયા એમ કુલ મળીને ૨૩ જૂથને ૨૭ લાખ ૮૨ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. વાલીયા તાલુકાની અંદર ફરાસખાના માટે ૧૩ જૂથને ૧૯ લાખ ૧૩ હજાર રૂપિયા અને ફરસાણ મેકિંગ યુનિટ માટે એક યુનિટને ૧ લાખ ૪૯ હજાર રૂપિયા એમ કુલ ૧૪ જૂથને ૨૦ લાખ ૬૨ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલી છે. જંબૂસર તાલુકામાં ફરાસખાના માટે ૧૦ જૂથને ૧૧ લાખ ૪૩ હજાર રૂપિયા, ફ્લોર મીલ માટે ૨ જૂથને ૨ લાખ ૯૬ હજાર રૂપિયા. એમ કુલ ૧૨ જૂથને ૧૪ લાખ ૩૯ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલી છે અને ૨૦૧૮–૧૯ની અંદર જંબૂસર તાલુકામાં ૧૦ જૂથને ૧૧ લાખ ૪ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલી છે. કુલ ૪૯ જૂથને ૬૨ લાખ ૮૩ હજાર રૂપિયાની અને ૨૦૧૮–૧૯ ની અંદર ૧૦ જૂથને ૧૧ લાખ ૪ હજાર રૂપિયાની આ નિભાવ માટેની સહાય ચૂકવવામાં આવેલી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, ભરૂચ જિલ્લા અંતર્ગત પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના એટલે કે, વોટર કમ્પોનન્ટ આજીવિકા વિકાસ માટેનો હેતુ શું છે? અને આજીવિકા વિકાસ માટેના હાલ કેવા કામો હાથ ધરવામાં આવ્યા છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇમાં વોટર કમ્પોનન્ટના એવા પરિવારોને શોધીને એને મદદરૂપ થાય, આજીવિકાનું સાધન પ્રાપ્ત થાય એના માટેની ભારત સરકારની ગાઇડ લાઇન મુજબ જમીનની ક્ષમતા, સ્થળ, પરિસ્થિતિ અને સ્થાનિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જળ સ્ત્રાવ આધારિત પડતર, ઊતરતી

કક્ષાની જમીનો અને અનાવૃષ્ટિની શક્યતાવાળા રણ વિસ્તારના વિકાસ માટેના કામો કાર્યક્રમના વિસ્તારની અંદર જળ સંસાધનની દૃષ્ટિએ નબળા અને લાભથી વંચિત સમૂહોની સામાજિક આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરવો અને આર્થિક વિકાસમાં સમગ્રપણે વધારો કરવો. પાક અને પશુધનની એકંદર સુધારણા થાય અને અનાવૃષ્ટિ જેવા પ્રશ્નો હલ થાય. આબોહવા વિષયક પ્રતિકૂળ અસરો હળવી બનાવવી, કુદરતી સંસાધનો જેવા કે જળ, જમીન અને વનસ્પતિ આવરણનો ઉપયોગ કરીને, સંરક્ષણ કરીને પરિસ્થિતિ સાથે સમતુલન પુન:સ્થાપવું. આના માટે ગામ સમુદાયને પ્રોત્સાહન આપવું. ઊભી કરેલી અસ્કયામતોના સંચાલન અને નિભાવ માટે સામુદાયિક કામગીરી થાય અને કુદરતી ક્ષમતાની અંદર વધારો થાય. સાદી, સરળ અને પરવડે તેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને રોજગારીમાં અમે વધારો કર્યો છે. એના માટે સંસ્થાકીય ગોઠવણો કરી છે. ઉપલબ્ધ સાધન સામગ્રીનો ઉપયોગ કરી અમે રોજગારીમાં વધારો કર્યો છે. ગરીબી નિર્મૂલન, સમુદાય સશક્તિકરણ અને ગામના દરેક માનવીનો અને અન્ય આર્થિક સંસ્થાઓનો વિકાસ થાય એના માટે આવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. એ કામો પૈકી એ વિસ્તારની અંદર એક ફરાસખાનુ કરીને એક જૂથના માધ્યમથી એની આજીવિકા માટેના ઉપાયો કરી રહ્યા છીએ. તેમાં ભોજન ભંડારા માટેના ફરાસખાનાના વાસણો, મોટા તપેલા, ડોલ કે અન્ય નાના સાધનો, મંડપ, ખુરશી, સિલીંગ, કાર્પેટ, ગાદલા, લોખંડની સીડી જેવા સાધનો પણ કરીશું. ફરસાણ મેકીંગ યુનિટ– ફરસાણ માટેનું એક મશીન એના માધ્યમથી પોતે ઉત્પાદન કરી શકે, ભાડે પણ આપી શકે. ફ્લોર મિલની નાની ઘંટી ફળીયાના વિસ્તારમાં કરતા એ લોકોને આજીવિકા મળે અને સ્થાનિક લોકોને વ્યવસ્થા મળી રહે, એમાંથી એ જૂથને આવક થાય. એ જ રીતે ગ્રીન હાઉસની નર્સરી માટે એક નાનું યુનિટ કરીને એને મંડપ કરીને, લીલો મંડપ કરીને, એના ઉપર નાના છોડવા રોપવામાં આવે અને તેનો ઉછેર કરે, આ રોપા અન્ય જૂથના સભ્યોને આપીને, વનસ્પતિ માટેના રોપાનો ઉછેર કરીશું. પેપર ડીશ મેકીંગ યુનિટ– પેપર ડીશ એક જૂથ પોતે બનાવે, ભાડે આપે, નજીકમાં વેપાર કરે, બજારમાં વેપાર કરીને આજીવિકા ઉત્પન્ન કરે છે. પોલ્ટ્રી યુનિટ–મરઘા બતકા ઉછેરવા માટેનું બાંધકામ કરવામાં આવે છે. નાના બચ્ચા લાવીને એનો ઉછેર કરીને એને સમયાંતરે આવક થાય એવા સાધનો કરવામાં આવે છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે, એમણે બહુ લાંબુ લિસ્ટ આપ્યું. ૨૦૧૭–૧૮માં રૂ.૬૩.૮૩ લાખની રકમ આપી અને ૨૦૧૮–૧૯માં માત્ર રૂ.૧૯.૪ લાખની જ રકમ ખર્ચી તો યોજનાઓ માટે લોકોની એટલી માગણી ઘટી ગઇ છે? લોકો સુખી થઇ ગયા છે, માગણીઓ આવી નથી કે મંજૂર કરી નથી, ઓછા પૈસા ખર્ચવાના કારણો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના બનાવતા પહેલાં એ વિસ્તારના વ્યક્તિગત લોકોનો સરવે કરીને એમની માગણી મુજબ અને એ માગણી કરે ત્યારે એનો ડી.પી.આર. બનાવીને એ વિસ્તારમાં આવતું ગામ કે વિસ્તાર એ વિસ્તારને અનુલક્ષીને ગ્રાન્ટની મર્યાદામાં કરીએ છીએ. ગ્રાન્ટ ઓછી હોવાનો કોઇ પ્રશ્ન નથી.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન ટાંકણી જેવો ટુંકો હતો.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ભરુચ જિલ્લા અંતર્ગત પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટર શેડ કમ્પોનન્ટ અંતર્ગત આજીવિકા માટે પદ્ધતિ અને પાત્રતા શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સિનિયર સભ્ય બહેનશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એની પદ્ધતિ અને પાત્રતા સંકલિત જળ સ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ વિસ્તારલક્ષી કાર્યક્રમ છે. જેમાં આશરે ૫૦૦૦ હેકટર જમીનનો પ્રોજેકટ મંજૂર કરવામાં આવે છે. જેમાં પ્રતિ હેકટરે ૧૨૦૦૦ રૂપિયા અને રણ વિસ્તારની અંદર ૧૫૦૦૦ રૂપિયાની જોગવાઇ છે. એક પ્રોજેકટમાં આશરે ૫થી ૮ ગામોનો સમાવેશ થાય છે. આ પ્રોજેકટમાં ભારત સરકારની ગાઇડ લાઇન મુજબના માપદંડો છે. એમાં ગરીબી સૂચક આંક, કુલ વિસ્તારના ગરીબોની ટકાવારી, એસ.સી.એસ.ટી.ની કુલ વસ્તી, એસ.સી. અને એસ.ટી.ની ટકાવારી પણ આમાં જોવામાં આવે છે. વેતનની બાબત, નાના અને સિમાંત ખેડૂતો, ભૂગર્ભ જળની સ્થિતિ, ભેજનો સૂચકાંક રણ વિસ્તાર, અતિવૃષ્ટિવાળો વિસ્તાર, વરસાદ આધારિત વિસ્તાર, પીવાના પાણીની ટકાવારી, હલકી કક્ષાની જમીન, ફળદ્રુપ જમીનનો આધાર લઇ કામગીરી કરવામાં આવે છે. આ પ્રોજેકટની સમયર્યાદા પાંચ વર્ષની છે. પ્રારંભિક તબક્કે, જળસ્ત્રાવ તબક્કે અને એકત્રીકરણના તબક્કે એમ ત્રણ તબક્કે આ કામગીરી કરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય અરજીઓ**

*૧૩૩૨૧ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સને ૨૦૧૮ના કેલેન્ડર વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ આવી, | (૧) ૯૨ અરજીઓ |
| (૨) ઉક્ત પૈકી તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૭ અરજીઓ |
| (૩)તે પૈકી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩૭.૦૦/– લાખ |

આષાઢ ૧૭, ૧૯૪૧ શાકે

## તારાંકિત પ્રશ્નો

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના ક્યારે શરૂ કરવામાં આવી? તેમાં આપવામાં આવતી સહાયમાં તબક્કાવાર શું ફેરફાર કરવામાં આવ્યા અને તાજેતરમાં કેટલા સુધારા થયા છે એની વિગતો જણાવવા વિનંતી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના આપણા રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬ના શુભ દિવસથી શરૂ કરવામાં આવી છે. ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતી સહાય એમાં તબક્કાવાર સરકાર સુધારા વધારા કરતી રહી છે. તા. ૨૬-૧-૯૬ ના રોજ આ યોજના શરૂ કરી, ત્યારે અકસ્માતના કારણે મૃત્યુ કાયમી સંપૂર્ણ અપંગતા અથવા બે હાથ કે બે અંગ અથવા હાથ પગ ગુમાવવાના કિસ્સામાં અથવા એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૨૦,૦૦૦ મળતા હતા. અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦,૦૦૦ એમાં સરકારે સુધારો કર્યો. તા.૧-૧-૨૦૦૦થી અકસ્માતના કારણે મૃત્યુ, કાયમી સંપૂર્ણ અપંગતા અથવા બે આંખ કે બે અંગ અથવા હાથ પગ ગુમાવવાના કિસ્સામાં અથવા એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં રૂ.૫૦,૦૦૦/-, અકસ્માતના કારણે એક અંગ કે એક આંખ ગુમાવવાના કિસ્સામાં રૂપિયા ૨૫,૦૦૦/-. એ જ રીતે તા.૨૬-૧-૨૦૦૨માં સુધારો કર્યો. જેથી હવે અકસ્માતના કારણે મૃત્યુ, કાયમી સંપૂર્ણ અપંગતા અથવા બે આંખ કે બે અંગ અથવા હાથ પગ ગુમાવવાના અથવા એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧ લાખ રૂપિયા. અકસ્માતના કારણે એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦,૦૦૦ રૂપિયા. આ ખેડૂતની ચિંતા કરીને આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સતત વધારો કરવાનો પ્રયત્ન કર્યો. તેનો લાભ છેવાડાના ગામની અંદર ખેડૂતોને મળ્યો. એમાં પણ આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારે તા. ૧૩-૧૧-૨૦૧૮ થી અકસ્માતના કારણે મૃત્યુ, કાયમી સંપૂર્ણ અપંગતા અથવા બે આંખ કે બે અંગ અથવા હાથ પગ ગુમાવવાના કિસ્સામાં અથવા એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૨ લાખ રૂપિયા આપવામાં આવે છે. અકસ્માતના કારણે એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧ લાખ રૂપિયા. મેં અગાઉ કહ્યું તેમ આદરણીય વિજયભાઇ રૂપાણીની સરકારે તા.૧૩-૧૧-૨૦૧૮ના ઠરાવથી આ યોજનામાં મુખ્ય ૩ સુધારા કર્યાઃ ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાનને બદલે ખાતેદાર ખેડૂતના કોઇપણ સંતાન પુત્ર કે પુત્રીનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષોમાં એના પ્રથમ પુત્રને જ આ યોજનાનો લાભ મળતો હતો, એના બદલે એમના પુત્ર, પુત્રીને આ યોજનામાં સમાવેશ કર્યો. અગાઉ કહ્યું તેમ અકસ્માતના કારણે કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧ લાખના બદલે ૨ લાખ રૂપિયા એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧ લાખના બદલે ૨ લાખ રૂપિયા અને એક આંખ કે એક અંગ ગુમાવવાના કિસ્સામાં રૂ.૫૦,૦૦૦/-ની જગ્યાએ ૧ લાખ રૂપિયા સહાય આપવામાં આવે છે. અકસ્માત મૃત્યુ કે કાયમી અપંગતાની તારીખ સુધીમાં મહેસૂલી રેકર્ડમાં પાકી નોંધ પ્રમાણિત થયેલ હોય તેવા તમામ ખાતેદાર ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કુલ ૯૨ અરજીઓ પૈકી ૩૭ મંજૂર કરવામાં આવી. બાકીનામાં નામંજૂર કેટલી કરવામાં આવી છે, તેનાં કારણ શું છે? મંત્રીશ્રીએ કહ્યું કે, ૨૦૧૮ના વર્ષથી સહાયની રકમ રૂપિયા ૧ લાખના બદલે રૂપિયા ૨ લાખ કરવામાં આવી છે. આ ૩૭ અરજીના ૩૭ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે તો ૧ લાખ રૂપિયા લેખે ચૂકવવાનાં શું કારણો છે? સાથે સાથે મંત્રીશ્રીને સૂચન છે કે, રોડ અકસ્માતના કિસ્સામાં રૂપિયા ૪ લાખ સુધીની સહાય આપીએ છીએ, તો ખેડૂતોના અકસ્માતના કિસ્સામાં પણ સહાય રૂપિયા ૨ લાખથી વધારીને રૂપિયા ૪ લાખ કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૯૨ અરજીઓ પૈકી ૩૭ અરજીની વાત કરી. મેં આ સન્માનનીય ગૃહને કહ્યું આ યોજના તા.૧૩-૧૧-૨૦૧૮ થી અમલમાં આવી છે. તા.૧૩-૧૧ પહેલાના કેસ મંજૂર થયા છે એમને જૂના પ્રમાણે મળવાપાત્ર છે, એને ધ્યાનમાં રાખીને સહાય ચૂકવવામાં આવી છે. તા.૧૩-૧૧ પછીના કેસ એને એ પ્રમાણે સહાય ચૂકવવામાં આવશે. મેં વાત કરી એ તા.૩૧-૩-૧૯ની સ્થિતિએ ૩૭ અરજી છે. સભ્યશ્રીને જણાવવાનું કે તા.૩૦-૬ની સ્થિતિએ ૩૭ની જગ્યાએ ૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એમણે વાત કરી કે, જે અરજીઓ પડતર છે, એમાં શું સ્થિતિ છે? ૫૦ અરજીઓ પડતર છે, જેમાં ૫ અરજીઓ નામંજૂર થઇ છે. જે ૫૦ અરજીઓ પડતર થઇ છે એ કયા કારણોસર પડતર છે એવું પૂછ્યું છે! એ પણ સન્માનનીય ગૃહને વાત કરું કે, મૃતકનું ડ્રાઈવિંગ લાઇસન્સ રજૂ ન કરવાના કારણે ૧૭ અરજીઓ પેન્ડિંગ છે. એફઆઇઆરની નકલ વાંચી શકાય તેવી ન હોય તથા હક્કપત્રક-૬ રજૂ કરેલ ન હોય તેવી ૯ અરજીઓ, અકસ્માત મોત મંજૂર કરતો એસડીએમનો ફાઇનલ પોલીસ રિપોર્ટ ન આવ્યો હોય તેવી ૭ અરજીઓ, એફઆઇઆરની પ્રમાણિત નકલ ન આવી હોય તેવી ૩ અરજીઓ, વિશેરાનો રિપોર્ટ તથા તેના આધારે પી.એમ. કરનાર ડૉક્ટર દ્વારા મૃત્યુંનું આખરી કારણ દર્શાવતો ફાઇલન પી.એમ. રિપોર્ટ ન આવ્યો હોય તેવી ૩ અરજીઓ, ઉંમર અંગેના આધાર પુરાવા તથા હક્કપત્રક-૬ રજૂ કરેલ ન હોય તેવી ૧ અરજી, એલ.સી રજૂ કરેલ ન હોય તેવી ૧ અરજી, તા.૧-૪-૨૦૧૭ના રોજ તેમના પિતા ખેડૂત નથી તેવી ૧ અરજી, પી.એમ.ના પાનાનો અધૂરી તપાસનો પોલીસ અહેવાલનો એસડીએમનો હુકમ રજૂ ન કરવાના કારણે ૧ અરજી, ફાઇલન પી.એમ. રજૂ ન કરવા બાબતનો-૧, મૃતકના પેઢીનામા તથા તમામ ભાઇઓ બહેનોના જન્મના આધાર પુરાવા રજૂ કરવા બાબતની ૧ અરજી, મૃતકની ઉંમર અંગેના આધાર પુરાવા રજૂ ન કરવાના કારણે ૨ અરજીઓ, હક્કપત્રક-૬ મુજબની એલ.સી., પોલીસ તપાસનો આખરી અહેવાલ રજૂ ન કરવાના કારણે ૧ અરજી, સંમતિ લેખ

રજૂ ન હોવાની ૧ અરજી, ડ્રાઇવિંગ લાઇસન્સ અને ચાર્જશીટ રજૂ ન કરવાના કારણે ૧ અરજી, તે રીતે ૫૦ અરજીઓ પડતર છે. આ જે છે તે તા.૩૧–૩–૨૦૧૯ મુજબની છે. તેમાં જે પાંચ નામંજૂર થઇ છે તેમાં મૃતકનું ડ્રાઇવિંગ લાઇસન્સ ન હોવાના કારણે ૨(બે) અરજીઓ, મૃતકનું ડ્રાઇવિંગ લાઇસન્સ ન હોવાથી બેચરાજી તાલુકાની ૧ અરજી, મૃતકનું ડ્રાઇવિંગ લાઇસન્સ ન હોવાથી વડનગરની ૧ અરજી અને ઊંઝા તાલુકામાં વારસદાર ખેડૂત ખાતેદાર ન હોવાથી ૧ અરજી નામંજૂર થઇ છે. આવી પાંચ અરજીઓ નામંજૂર થઇ છે. અધ્યક્ષશ્રી : અરજદારોને જાણ કરી કે કેમ તે તેમનો પેટા પ્રશ્ન છે. તે બાકી છે એટલે મેં પૂછી લીધો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનું કારણ એ હતું કે, આ પ્રશ્નમાં તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિ દર્શાવી છે. એટલે નવેમ્બર ૨૦૧૮માં આપણે ધોરણો સુધાર્યા છે અને તેમાં એક લાખના બદલે બે લાખ રૂપિયા કર્યા છે. તત્કાલિન માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તે પહેલાં જાહેરાત કરી હતી. તો આજદિન સુધી આ ૩૭ કિસ્સાઓમાં બધા જ કિસ્સાઓ નવેમ્બર ૨૦૧૮ પહેલાંના છે કે નવેમ્બર ૨૦૧૮ પછીના કેટલા કિસ્સાઓ છે? તેમાં સહાય ચાર લાખ રૂપિયા કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી કે, આ જે ૧–૧૧–૨૦૧૮ પછી આ સુધારો અમલમાં આવ્યો છે. જે અરજીઓ મંજૂર થઇ છે તે જૂના પ્રમાણે મંજૂર થઇ છે. ૧૩–૧૧–૨૦૧૮ના પરિપત્ર પછીની જે અરજીઓ આવશે તે નવા પ્રમાણે સરકાર ધ્યાને લેશે. તેમણે વધારાની વાત કરી તો આ યોજના જે છે તે ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. ખેડૂતોની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને દેશ આઝાદ થયા પછી આટલા વર્ષો સુધી આ યોજના શરૂ ના કરી. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારે ૧ લાખના ૨ લાખ રૂપિયા કર્યા છે. બાકી આપનું સૂચન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકાર વતી સ્પષ્ટતા કરવા માગુ છું. માનનીય અમિતભાઇએ કહ્યું કે, અકસ્માતમાં મૃત્યું પામે તે કોઇપણને આપણે ચાર લાખ રૂપિયા આપીએ છીએ. આ હકીકત સાચી નથી. અતિ ગમખ્વાર બનાવ બન્યો હોય, કરુણ બનાવ બન્યો હોય, અતિ ગરીબ પરિવારોને આવો અકસ્માત થયો હોય તો જ મુખ્યમંત્રી પોતાના સી.એમ. રાહત ફંડમાંથી, પોતાના સ્વભંડોળમાંથી ૪ લાખ રૂપિયા યોગ્ય લાગે તો સરકાર તરફથી જાહેર કરે છે અને આપે છે. કોઇપણ માર્ગ અકસ્માત થાય તે બધાને આપણે આ રકમ આપતા નથી. અતિ ગંભીર અકસ્માત હોય, કોઇ ગરીબમાં ગરીબ મૃત્યુ પામ્યા હોય, દા.ત. સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં કોળી સમાજની જાન નીકળી હતી અને ગરીબ લોકો ટ્રકમાં બેઠા હતા અને ટ્રક જ નદીમાં પડી ગઇ ત્યારે જે ગરીબ માણસો લગ્ન પ્રસંગે નીકળ્યા હતા અને ગુજરી ગયા હતા તે કરુણ બનાવને ધ્યાનમાં રાખી મદદ કરી હોય. બધા જ અકસ્માતોમાં ચાર લાખ રૂપિયા અપાય છે અથવા કોઇપણ રકમ અપાય છે તેવી કોઇ જોગવાઇ નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલી હતી કે, આમાં પણ અતિ ગરીબ ખેડૂતો, સિમાંત ખેડૂતો લઇએ, ખેત મજૂર લઇએ તેને પણ મુખ્યમંત્રીશ્રી સ્પેશિયલ કેસમાં આપે છે તેમ આમાં આપવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : રૂપિયા ચાર લાખનું સૂચન છે એમ કહ્યું છે. માનનીય શ્રી બ્રિજેશ મેરજા.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે વાત કરવામાં આવી તેમાં પૂરક માહિતી આપવા માગુ છું કે, રાજકોટ ડિસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેન્ક તેના તત્કાલિન ચેરમેન વલ્લભભાઇ પટેલે ખેડૂતોની અકસ્માત વીમા પોલિસી ૧૯૮૫થી ચાલુ કરેલી. આ વાહ વાહ આપના ખાતે જમા થતી નથી. પહેલા પણ કોંગ્રેસનો ખેડૂતો માટેનો આ પ્રયત્ન રહેલો છે અને ત્યારે ૫૦ હજાર રૂપિયા આપવામાં આવતા હતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે કોઇ રાજકીય વિશ્લેષણ કરવું નથી, શ્રી બ્રિજેશભાઇ એમના પી.એ. હતા એટલે કદાચ કહેતા હશે. ઘણાં મંત્રીશ્રીઓના પી.એ. રહી ચૂકયા છે. પણ અમારે નહોતું કહેવું પણ કહેવું પડે છે કે, ભારતીય જનતા પક્ષની ગુજરાતમાં સરકાર આવ્યા પછી ખેડૂતોને અકસ્માત વીમાનું રક્ષણ આપવાનું શરું કર્યું. આ ગૃહમાં અમે કહેલું છે કે, કોંગ્રેસ વખતે લઠ્ઠો પીને મરી જાય, લઠ્ઠાકાંડ થાય અને લઠ્ઠો પીને મરી જનારને કોંગ્રેસ સરકાર સહાય આપતી હતી પણ ખેડૂત અકસ્માતે ગુજરી જાય, એને સાપ કરડે, વિંછી કરડે, ટ્રેક્ટરનો અકસ્માત થાય, એને વીજળીનો કરંટ લાગે કે એ કૂવામાં પડી જાય અને મૃત્યુ પામે ત્યારે કોંગ્રેસ સરકાર ખેડૂતોને એક રૂપિયો પણ આપતી નહોતી. આ તો ગુજરાતમાં ભાજપની સરકાર આવી અને ત્યારથી ખેડૂતોને અકસ્માત વીમા યોજનાનો લાભ અમે શરુ કર્યો હતો. એટલે કોંગ્રેસે ક્યાંય આજેય નહીં ને ક્યારેય નહીં ખેડૂતોને માટે તો કશું કર્યું જ નથી માટે એમને માટે બોલવાની કોઇ જગ્યા નથી.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર ખેડૂતે અકસ્માત વીમા યોજનાનો લાભ મેળવવા માટે ક્યા ક્યા પ્રકારના સાધનિક કાગળોની જરૂર પડે છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે સાધનિક કાગળોની વાત કરી, તો આ યોજના માટે કયા સાધનિક કાગળો આપવાના થાય છે! એમાં વીમા સહાય યોજના મેળવવા જે કાગળો રજૂ કરવાના થાય છે: એમાં અકસ્માત મૃત્યુ વળતર મેળવવા માટે સરકારશ્રીના ઠરાવ મુજબ નિયત નમૂનાની અરજી, એના પરિશિષ્ટ જે છે એ ૧, ૨, ૩, ૩(એ) સાધનિક સંપૂર્ણ વિગતો સાથે અરજી આપવાની હોય છે. ૭/૧૨, ૮(અ) અને હક્ક પત્રક, ગામ નમૂના નં.૬, પોસ્ટ મોર્ટમ રીપોર્ટ ફરજિયાત તથા મૃત્યુનું સ્પષ્ટ કારણ જાણવા સક્ષમ તબીબે પોસ્ટ મોર્ટમ કરતી વખતે સૂચવેલ તમામ આનુષાંગિક

રીપોર્ટ, એફ.આઇ.આર., પોલીસ ઇન્ક્વેસ્ટ પંચનામુ, ચાર્જશીટની નકલ, પોલીસ તપાસ અહેવાલ, પોલીસ પંચનામું, એસ.ડી.એમ. રીપોર્ટ, શાળા છોડ્યાના પ્રમાણ પત્રની નકલ તથા આધાર કાર્ડ, જન્મ તારીખનો દાખલો, દાખલો ન હોય તો ચૂંટણી કાર્ડ, મરણના દાખલાની પ્રમાણિત નકલ, કાયમી અપંગતાના કિસ્સામાં મેડીકલ બોર્ડ સિવિલ સર્જનનું પ્રમાણ પત્ર તથા અપંગતા બતાવતો ફોટો, લાભાર્થી મૃતક વાહન ચલાવતા અકસ્માતનો ભોગ બનેલ હોય તેવા સંજોગોમાં વેલિડ ડ્રાઈવિંગ લાયસન્સ, વારસદારના કિસ્સામાં ઓથોરાઈઝ્ડ અસલી પેઢીનામું, અકસ્માતની ખરાઈ કરવાના હેતુસર જરૂર જણાય તે તમામ માહિતી અને સંબંધિત કાયદા નીચે કરેલ કાગળો અને બાયંધરી પત્રક. આ બધા ડોક્યુમેન્ટ્સ અરજીની સાથે રજૂ કરવાના હોય છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મારા મત વિસ્તારમાં હમણાં જ તાજેતરમાં ૯ લોકોના મૃત્યુ થયા હતા એમને વીમા યોજનામાં રકમ આપવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ મારા જવાબમાં કહ્યું કે, એમણે સાધનિક કાગળો સાથેની અરજી કરવી પડતી હોય છે. એમના વારસદાર જે કોઇ હોય તેઓ એ રીતે અરજી કરે અને એની સાથે પૂરાવા રજૂ કરે તો ચોક્કસ સરકાર એની અંદર વિચારણા કરશે.

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ, એ રીતે અરજી કરવામાં મદદ કરજો તમારા તરફથી મૃતક પરિવારને.

**મહિસાગર જિલ્લામાં કૃષિ ઉત્પાદન વધારવા માટેના કામો**

*૧૩૨૧૦ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત મહિસાગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કૃષિ ઉત્પાદન માટે કયા કામો હાથ ધરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને તેનો લાભ મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેઓને યોજના અંતર્ગત કેટલી રકમનો લાભ મળેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| વોટરપંપ ફોર ઈરીગેશન | વોટરપંપ ફોર ઈરિગેશન, માઈનોર ઈરિગેશન અને વેલાવાળા શાકભાજી |

(૨)

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| ઉક્ત સ્થિતિએ કુલ ૧૮૯ ખેડુતોને લાભ મળેલ છે. | ઉક્ત સ્થિતિએ કુલ ૧૮૫ ખેડૂતોને લાભ મળેલ છે |

(૩)

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| ઉક્ત સ્થિતિએ તેઓને યોજના અંતર્ગત કુલ રૂા.૪૨.૩૩ લાખની રકમનો લાભ મળેલ છે. | ઉક્ત સ્થિતિએ તેઓને યોજના અંતર્ગત કુલ રૂા.૩૪.૨૯ લાખની રકમનો લાભ મળેલ છે. |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મહિસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ કૃષિ ઉત્પાદન વધારવા માટેની યોજનામાં તાલુકાવાર શું શું કામગીરી કરવામાં આવી અને, કેટલો ખર્ચ થયો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, મહિસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત ઉત્પાદનમાં વધારો થાય એ માટે ૨૦૧૭–૧૮માં કડાણા તાલુકામાં I WMP 7 અંતર્ગત વોટર પમ્પ ઈરિગેશન ફોર ૧૮ લાભાર્થીઓને ૧૫ લાખ ૨૩ હજાર રૂપિયા આઇડબલ્યુએમપી–૮ અંતર્ગત વોટર પંપ ફોર ઈરિગેશનના ૬૨ કામોમાં ૬૨ લાભાર્થીઓને રૂ.૧૩ લાખ ૮૮ હજારની સહાય, સંતરામપુર તાલુકામાં આઇડબલ્યુએમપી–૯ અંતર્ગત વોટર પંપ ફોર ઈરિગેશન યોજનામાં ૧૧ કામોમાં ૧૧ લાભાર્થીઓને ૨ લાખ ૪૬ હજાર રૂપિયા, આઇડબલ્યુએમપી–૧૫ અંતર્ગત વોટર પંપ ફોર ઈરિગેશન યોજનામાં ૧૪ કામોમાં ૧૪ લાભાર્થીઓને ૩લાખ ૨૮ હજાર રૂપિયાની સહાય, ખાનપુર તાલુકાની અંદર આઇડબલ્યુએમપી–૧૦ અંતર્ગત વોટર પંપ ફોર ઈરિગેશન યોજનામાં ૩૪ કામોમાં ૩૪ લાભાર્થીઓને ૭ લાખ ૪૮ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૧૮૯ કામોમાં ૧૮૯ ખેડૂતોને ૪૨ લાખ ૩૩ હજારની સહાય ચૂકવવામાં આવેલી છે. વર્ષ ૨૦૧૮–૧૯ની અંદર કડાણા તાલુકાના આઇડબલ્યુએમપી–૧૪ અંતર્ગત વોટર પંપ ફોર ઈરિગેશન યોજનામાં ૫૦ કામોમાં ૫૦ ખેડૂતોને ૧૨ લાખ રૂપિયાની સહાય કરવામાં આવેલી છે. માઇનોર ઈરીગેશનમાં ૭ કામોમાં ૨૮ લાભાર્થી ખેડૂતોને ૩ લાખ ૯૦ હજારની સહાય, વેલાવાળા શાકભાજીમાં ૩૩ કામોમાં ૩૩ ખેડૂતોને રૂ.૬ લાખ ૩૭ હજારની સહાય ચૂકવવામાં આવી છે. સંતરામપુર તાલુકામાં વોટર પંપ ફોર ઈરિગેશન માટે ૧૧ કામોમાં ૧૧ ખેડૂતોને ૨ લાખ ૬૩ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. માઇનોર ઈરિગેશનમાં ૭ કામોમાં ૩૪ ખેડૂતોને ૩ લાખ ૭૯ હજાર રૂપિયાની સહાય, વેલાવાળા શાકભાજીમાં ૨૯ કામોમાં ૨૯ લાભાર્થીઓને રૂ.૫ લાખ ૬૦ હજારની સહાય ચૂકવવામાં આવેલી છે. કુલ ૧

લાખ ૧૩૭ કામોમાં રૂ.૧ લાખ ૮૫ હજાર, ૮૫ લાભાર્થીને રૂ.૩૪ લાખ ૨૯ હજારની સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ મળીને ૩૨૭ કામોમાં રૂ.૭૬ લાખ ૬૨ હજાર ઉત્પાદનમાં વધારો થાય તે માટે ખેતી માટેના સાધનો ખરીદવા ખેડૂતોને ચૂકવવામાં આવ્યા છે. શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહિસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ કૃષિ ઉત્પાદન વધારવા માટેના પ્રોજેક્ટનું અમલીકરણનું માળખું શું છે, આ પ્રોજેક્ટ રાજ્ય સરકાર દ્વારા કે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવે છે અને ગુજરાત રાજ્યમાં આ પ્રોજેક્ટ કાયરથી શરૂ કરવામાં આવ્યો છે અને આ પ્રોજેક્ટની દેખરેખ કોણ રાખી રહ્યું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રોજેકટના માળખાની બાબત તથા રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવે છે તેવું પૂછ્યું છે. તો મારે જણાવવાનું કે, આ પ્રોજેક્ટ રાજ્ય કક્ષાના ગુજરાત સ્ટેટ વોટર શેડ મેનેજમેન્ટ એજન્સી ગાંધીનગર દ્વારા ચાલે છે. જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ એકમમાં જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપણા નીચે એક કમિટી હોય છે તે સંભાળે છે. પ્રોજેક્ટ કક્ષાએ પ્રોજેક્ટ અમલીકરણ સત્તા પીઆઇએ, ગ્રામ્ય કક્ષાએ જળસ્ત્રાવ સમિતિ હોય છે. આમાં ભારત સરકારનો નાણાંકીય હિસ્સો ૬૦ ટકા છે અને રાજ્ય સરકારનો નાણાંકીય હિસ્સો ૪૦ ટકા છે. હાલની પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટર શેડ કમ્પોનન્ટ અગાઉ સંકલિત જળ સ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ તરીકે અમલમાં હતો અને તેની શરૂઆત ૨૦૦૯-૧૦માં કરવામાં આવી હતી. હાલ આ યોજના ખેડૂતોના અમલીકરણ માટે ચાલુ છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહિ સાગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટર શેડ કમ્પોનન્ટનો કૃષિ ઉત્પાદન વધારવા માટેની યોજનાનો હેતુ તથા તેની પસંદગી પાત્રતાના ધોરણો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મહિ સાગર જિલ્લાના કૃષિ ઉત્પાદનની ચિંતા કરીને તેના હેતુ અને પદ્ધતિ માટેનો જ્યારે પ્રશ્ન પૂછ્યો છે ત્યારે જણાવવાનું કે, હાલની પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટર શેડ કમ્પોનન્ટ અગાઉ સંકલિત જળ સ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ તરીકે અમલમાં હતી. તેની શરૂઆત ૨૦૦૯-૧૦થી થયેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૪-૧૫ દરમ્યાન છ વર્ષમાં ૬૧૦ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે. તેમાં કુલ ૩૧.૦૩ લાખ હેક્ટર વિસ્તારને આવરી લીધેલ છે તથા ૪૭૪૬ ગામોને આવરી લીધેલ છે. તેની સામે ૪૦૨૨.૧૮ કરોડ રૂપિયાની પ્રોજેક્ટ કોસ્ટ નકકી કરવામાં આવેલ છે. પ્રોજેકટનો સમયગાળો ૪થી ૭ વર્ષ સુધીનો હોય છે અને દરેક પ્રોજેકટના વિસ્તૃત પરિયોજના એવા ડી.પી.આર. બનાવવામાં આવે છે. ઉપલબ્ધ ગ્રાન્ટ મુજબ ડી.પી.આર.ના આધારે પ્રોજેક્ટ વિસ્તારમાં કામગીરી હાથ ધરવામાં આવે છે વર્ષ ૧૫-૧૬ થી પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટર શેડ કમ્પોનન્ટ તરીકે સમાવેશ કરવામાં આવેલ હતો. માનનીય અધ્યક્ષશ્રી, બે સરવેમાં દરેક કુટુંબની યાદી, સરવે નંબરવાળી જમીનની ચકાસણી અને ગામ લોકો સાથે પીઆરએ કે પાર્ટીસીપેટ ઉપર એ પદ્ધતિથી ગામ અને લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે. આ ગ્રામ સભાની અંદર મંજૂર કરવામાં આવે છે અને ગ્રામ સભાની અંદર તેનો ઠરાવ કરવામાં આવે છે. ત્યારબાદ તેને તાલુકા કક્ષાએથી અને જિલ્લા લેવલે થઇ રાજ્ય સરકારની ટેકનિકલ કમિટી દ્વારા આ મંજૂર કરીને તેની કામગીરી કરવામાં આવે છે.

## પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નો ઓડિટ અહેવાલ

*૧૫૧૯૧ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામ જોધપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પોરબંદરના વર્ષ ૨૦૧૭-૧૮ના ઓડિટ અહેવાલ મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, અમદાવાદને તા.૨૫-૦૬-૨૦૧૮ના રોજ મળેલ, તે ઓડિટ અહેવાલના સામાન્ય શેરા ભાગ-૩ મુજબ કુલ બાવન (૫૨) પારાઓ દર્શાવેલ અને કામધેનું એન્ટરપ્રાઇઝ નામની ખાનગી સંસ્થાને રૂ.૧૨ કરોડ આપેલ તે હકીકત તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ખાનગી સંસ્થાને રકમ આપવા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યા જવાબદારો સામે શા પગલાં લીધાં ? | (૨) પોરબંદર જિ. સહકારી દૂધ ઉ. સંઘ લી. એ કામધેનું એન્ટરપ્રાઇઝને આપેલ રૂ.૧૨ કરોડ તા.૧૬-૧૧-૧૮ ના રોજ સંઘમાં વ્યાજ સહિત સરભર થયેલ છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જૂનાગઢ, અમરેલી, પોરબંદર જિલ્લામાં દૂધ ઉત્પાદન સંઘ રોજના બે લાખ લીટરનું ઉત્પાદન કરે છે. આ પ્લાન્ટોમાં મારો પોરબંદર છે તો પોરબંદરમાં કામધેનુ નામની એક કંપની આવી છે એમને ૧૨ કરોડ રૂપિયા એડવાન્સ આપવામાં આવ્યા અને રૂ.૨૪ કરોડની લોન આપવામાં આવી. અમુલે જ્યારે આ પ્લાન્ટ સ્વીકારવાની ના પાડી ત્યારે ૬૪ કરોડ રૂપિયામાં આની ખરીદી

થઇ છે અને ટેન્ડર વગર થઇ છે. મારો પ્રથમ પ્રશ્ન એ છે કે, રજિસ્ટ્રારની મંજૂરી વગર ૧૨ કરોડ એડવાન્સ અને રૂ.૨૪ કરોડની લોન કામધેનુ કંપનીને આપવા બદલ સંઘ સામે શું પગલાં લેવામાં આવ્યા છે ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, જિલ્લા રજિસ્ટ્રાર અને રાજ્ય રજિસ્ટ્રાર દ્વારા નાણાં ઉપાડવાની લૂંટ થઇ છે ત્યારે આ બન્ને અધિકારીઓ ઉપર શું પગલાં લેવામાં આવ્યાં ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રકારે વાત કરી આ સુદામા દૂધ સંઘ અને કામધેનુ એન્ટરપ્રાઇઝ એ બન્નેએ એમ.ઓ.યુ. કરેલ હતું કે આ મંડળી ઝડપી થાય. એટલા માટે કે સંઘની પાસે પૂરતું ભંડોળ ના હોવાને લઇને જે પશુપાલકો હતા એ પશુપાલકોને લાભ થાય એના માટે આ લોકોએ કલમ–૩૭ હેઠળ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ–૩૭ની જોગવાઇ મુજબ રાજયની તમામ સહકારી મંડળીઓને સ્વાયતત્તા આપવામાં આવેલી છે. આ કલમ હેઠળ સંસ્થાને કરારો કરવાની સત્તા રહે છે તદ્‌ઉપરાંત દરેક સહકારી મંડળીના બોર્ડ ઓફ ડિરેકટર પોતાની સંસ્થાના સભાસદોના શ્રેષ્ઠ હિતમાં તમામ પ્રકારના નિર્ણય લેતા હોય છે. જે પ્રમાણે પોરબંદર દૂધ સંઘના બોર્ડ ઓફ ડિરેકટરે પોતાની સંસ્થા, સભાસદ દૂધ સહકારી મંડળીઓ અને પશુપાલકોના સભાસદોના હિતમાં આ યોગ્ય નિર્ણય કરેલો છે અને તમારો જે બીજો પ્રશ્ન છે રૂપિયા ૧૨ કરોડવાળો, તે રૂપિયા ૧૨ કરોડ પણ જે તે વખતે જે એમ.ઓ.યુ. કરેલ હતું તેમાં આ રકમનું વ્યાજ પણ નહોતું ઉધાર્યું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, આ રૂ. ૧૨ કરોડનું ૧ કરોડ ૬૫ લાખ ૧૦૪૩૭ રૂપિયાનું વ્યાજ પણ આ સંઘે વસૂલ્યું છે અને એ પૈસા ભરપાઇ થઇ ગયા છે અને આ જે પ્લાન્ટ છે તે પ્લાન્ટ, આ દૂધ સંઘે એ કામધેનુ મંડળી પાસેથી પોતે ખરીદ પણ કરેલ છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, પોરબંદર દૂધ સંઘ દ્વારા દૈનિક દૂધ કેટલું એકત્ર કરવામાં આવે છે ? સરેરાશ દૂધના શું ભાવ ચૂકવવામાં આવે છે ? ૧૮–૧૯માં દૂધ સંઘ દ્વારા ઉત્પાદકોને કેટલા નાણાં ચૂકવવામાં આવ્યા ? દૂધ સંઘની રચના ના થઇ તે વખતે દૂધ ઉત્પાદકો દ્વારા દૂધનો નિકાલ કેવી રીતે કરવામાં આવતો હતો ? અને તેમને પોષણક્ષમ ભાવો મળતા હતા કે કેમ ? દૂધ સંઘની રચના બાદ આ પરિસ્થિતિમાં શું ફરક પડેલો છે અને માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ એટલા માટે કહેવું છે કે, આ કોંગ્રેસવાળા હારી જાય અને નવી વસ્તુ કંઇક બને એટલે તેના માટે થઇને સરકાર ઉપર માછલાં ધોવાના અને જે કોઇ સારું કામ કરતું હોય તો એ આ ના કરવા દેવા માટેના પ્રયત્નો છે. જે આ પશુપાલકો છે એમને પૈસા મળતાં નહોતા, દૂધ કોઇ લેતુ નહોતું અને દૂધ માટે લોકો ફાંફા મારતા હતા. માનનીય મંત્રીશ્રી અને જે તે વખતે સરકારે આ સંઘ તૈયાર કર્યો અને આજે લોકોને પૈસા મળે છે. એટલે હાર પચાવી શકતા નથી એના માટે પૈસા અહીંયા લઇ આવ્યા છે. દૂધ મંડળીની સ્થાપના થઇ (અંતરાય ) અને ખેડૂતોનું અહિત થાય આ કામ કોંગ્રેસવાળા કરી રહ્યાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ જવાબ આપવાની જરૂર નથી. સારું કહ્યું પછી એનો શું જવાબ હોય.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગનો પ્રશ્ન છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સહકાર વિભાગમાં સહકારી મંડળીઓની સ્થાપના થતી હોય છે. દૂધ મંડળીઓ હોય કે સહકારી મંડળી હોય એની અંદર અમારા જૂનાગઢ જિલ્લામાં એવી બોગસ મંડળીઓ રચાઇ છે જેમાં એક–એક મંડળીના ત્રણ – ચાર સભ્યો મૃત્યુ પામ્યા હોય એ એના સભાસદ થઇ ગયા છે. ગોપાલક મંડળી હોય કે ફળ–ફળાદિ મંડળી હોય એ કૌભાંડ કરતી હોય છે. અમારે અગાઉ મગફળી કૌભાંડ અને તુવેર કૌભાંડમાં પણ આ જ મંડળીઓ હતી. મારો પ્રશ્ન એ છે કે, આવી બોગસ મંડળીઓ જેમ કે, એક ગામમાં એક મંડળી ચાલતી જ હોય તો પણ બીજી મંડળીને મંજૂરી કોણ આપે છે?

અધ્યક્ષશ્રી : હવે તમે પ્રશ્ન પૂછો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : મારો પ્રશ્ન એ છે કે, આવી મંડળીઓ તમે રદ કરવા માગો છો કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પોરબંદરનો છે. અમને અલગ નોટીસ આપી નથી. શ્રી હર્ષદભાઇ નોટીસ આપશે ત્યારે એમને જવાબ આપીશું.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દૂધ ઉત્પાદક સંઘ એ પશુપાલકો અને ખેડૂતો માટે જીવાદોરી સમાન છે. ભૂતકાળમાં અનેક દૂધ સંઘો ગુજરાતમાં અસ્તિત્ત્વમાં હતા. ૨૦૦૨ સુધીમાં ઘણા દૂધ ઉત્પાદક સંઘ બંધ પણ થઇ ગયા. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૨૦૦૨ પછી અને આજની સ્થિતિએ ગુજરાતમાં કેટલા દૂધ ઉત્પાદક સંઘ કાર્યરત છે અને એમાં કેટલી મંડળીઓ જોડાયેલી છે અને એમાં કેટલા પશુપાલકો નોંધાયેલા છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની વાત કરીએ તો આઝાદી પછીથી ગુજરાતના દૂધ ઉત્પાદક સંઘોની વાત કરીએ તો (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને જવાબ તો આપવા દો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે અંદરો અંદર ચર્ચા બંધ કરીએ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : તમારા શાસનમાં માંડ–માંડ ૧૩ દૂધ સંઘો સ્થાપિત થયા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આદરણીય નરેન્દ્રભાઇના શાસનમાં અત્યાર સુધીમાં બીજા ૧૧ સંઘો વધ્યા છે. તમારા શાસનમાં પ્રાઇવેટ ડેરી પાસે દૂધ લઇને જતા હતા ત્યારે શોષણ થતું હતું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ. જવાબ સાંભળો.

## તા. ૮મી જુલાઇ, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, આજે ગુજરાત રાજ્યમાં ૨૪ જેટલા જિલ્લા દૂધ સંઘો આવેલા છે. ૧૬,૦૦૦ જેટલી પ્રાથમિક સહકારી મંડળીઓ આવેલી છે. ૩૫ લાખ જેટલા સભાસદો એમાં જોડાયેલા છે અને ૩૫૦૦ જેટલી મહિલા દૂધ મંડળીઓ પણ આવેલી છે અને આજે આપણે જોઇએ છીએ કે આજે સમગ્ર વિશ્વની અંદર અમૂલ બ્રાન્ડના નામથી આ ગુજરાતને નામના અપાવી રહ્યું છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ પ્રશ્ન એ છે કે, પોરબંદર દૂધ ઉત્પાદક સંઘે જેમ સુમુલ, અમૂલ અને સાગર ડેરી છે એ રીતે કામધેનુ એન્ટરપ્રાઇઝ જે પ્રાઇવેટ સંસ્થા છે એને ૧૨ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ પશુપાલકોને આપવાના બદલે આવી પ્રાઇવેટ પેઢીને આપી શકાય કે કેમ? અને જો આપી શકાય તો એમ.ઓ.યુ. કરીને અમારે મધુર ડેરીમાંથી લેવા છે તો આપશો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ વાત કરી કે જે પ્રકારે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ–૩૭ની જોગવાઇ મુજબ રાજ્યની તમામ સહકારી મંડળીઓને સ્વાયત્તતા આપવામાં આવેલી છે. આ કલમ હેઠળ સંસ્થાને કરારો કરવાની સત્તા તેમજ દરેક સહકારી મંડળીના બોર્ડ ઓફ ડિરેક્ટર પોતાની સંસ્થાના અને સભાસદોના શ્રેષ્ઠ હિતમાં તમામ પ્રકારના નિર્ણયો લેતા હોય છે. તે રીતે પોરબંદરના દૂધ સંઘે પણ કામધેનું સાથે જે એમ.ઓ.યુ. કર્યા હતા એના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે સભાની અંદર પશુ પાલકોના હિતની અંદર આ નિર્ણય મેં પોતે કરેલો છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ : હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સમગ્ર દેશ અને દુનિયામાં પ્રખ્યાત અમૂલ પેટર્નનું માળખું શું છે એનું વાર્ષિક ટર્ન ઓવર કેટલું છે અને કેટલું દૂધ એકત્રિત કરે છે અને દૈનિક દૂધ ઉત્પાદકોને કેટલા નાણાં ચૂકવવામાં આવે છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : ગુજરાત રાજયના શ્વેતક્રાંતિના ભાગરૂપે ત્રિસ્તરીય દૂધ સહકારી માળખું છે જેને અમૂલથી ઓળખવામાં આવે છે. જેમાં જી.સી.એમ.એમ. રાજય સ્તરે એકમ તરીકે કામ કરે છે. જે અંદાજે રૂ. ૪૧ હજાર કરોડ જેટલું એનું ટર્ન ઓવર છે અને દૈનિક રૂ.૨ કરોડ ૧૧ લાખ ૧૧ હજારથી વધુનું દૂધ ઉઘરાવવામાં આવે છે. જેમાં દૂધ ઉત્પાદકોને રોજના ૮૫ કરોડ રૂપિયા હાથમાં જાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આ ગંભીર પ્રશ્ન છે. સરકારે આ વાતને હળવાશથી લીધા સિવાય તમામ નીતિ નિયમોને નેવે મૂકીને આ કરવામાં આવ્યું છે. હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પોરબંદર દૂધ ઉત્પાદક સંઘ છે એના સંસ્થાપક, એની કમિટીના કોણ કોણ મેમ્બર છે અને પ્રાઇવેટ સંસ્થાને આપવા માટે અમૂલ ડેરીનું એન.ઓ.સી. લેવામાં આવેલ છે કે કેમ, જો હા, તો કયા પ્રકારનું એન.ઓ.સી. આપવામાં આવેલ છે? મારો બીજો સવાલ એ છે કે, ૧૨ કરોડ રૂપિયા જેવી રકમ આપવામાં આવી છે ત્યારે રજિસ્ટ્રારની મંજૂરી લેવાની થતી હતી કે કેમ? મારા આ બે પ્રશ્નો છે. મંત્રીશ્રી સાચી વાત જણાવે એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : અહીંયા મંત્રીશ્રીઓ સાચી વાત જ જણાવતા હોય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મોટું કૌભાંડ થયેલ છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય સભ્યશ્રી પુંજાભાઇએ વાત કરી એમાં ૧૨ કરોડ રૂપિયા જી.સી.એમ.એમ. એ આપ્યા હતા જે સત્તા હેઠળની વાત છે જેમાં કલમ ૩૭ હેઠળ.... (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મારો પ્રશ્ન એ છે કે, જિલ્લા રજિસ્ટ્રારની મંજૂરી લેવાની થતી હતી કે કેમ? હા કે નામાં જવાબ આપો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય સભ્યશ્રી પુંજાભાઇએ વાત કરી એ મુજબ કલમ ૩૭ હેઠળ આ નિર્ણય લેવામાં આવેલ છે. જિલ્લા રજિસ્ટ્રારની મંજૂરી લેવાની આવતી નથી. ૧૨ કરોડ રૂપિયાની વાત છે. જે તે વખતે અગ્રીમેન્ટ થયું ત્યારે વ્યાજ લેવાની શરત સામેલ ન હતી તેમ છતાં જે રીતે નાબાર્ડ ૮ ટકા વ્યાજ લે છે એ પ્રમાણે અહીંયાં પણ આઠ ટકાને બદલે નવ ટકા પ્રમાણે ૧ કરોડ ૬૫ લાખ ૧૦૪૩૭ રૂપિયા વ્યાજ વસૂલ કરવામાં આવેલ છે. એગ્રીમેન્ટમાં નહોતું તેમ છતાં આ વસૂલ કરવામાં આવેલ છે. રજિસ્ટ્રારની કોઇ મંજૂરી લેવાની હોતી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સૌ બેસી જાવ, હજી માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થયો નથી. માનનીય પુંજાભાઇ, આપ તો સિનિયર સભ્ય છો, આપ બેસી જાવ. (અંતરાય) સૌ સભ્યશ્રીઓ બેસી જાય. માનનીય મંત્રીશ્રી ઉભા છે. એમને જવાબ આપવા દો. જવાબથી અસંતોષ હોય તો કહેજો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય સભ્યશ્રી પુંજાભાઇએ વાત કરી છે એનો જવાબ ફરીથી આપું છું. આ ૧૨ કરોડ રૂપિયા એ અત્યારે લોન નહતી, માત્ર એડવાન્સ હતું. એડવાન્સ આપવા માટેની પરવાનગી રજિસ્ટાર પાસેથી લેવાની રહેતી નથી. બીજી એક વસ્તુ આ ૧૨ કરોડ રૂપિયા કલમ–૩૭ હેઠળ આ સંસ્થાને તમામ સત્તા આપવામાં આવેલી છે એ કરી શકે.બીજી વાત આ ૧૨ કરોડ રૂપિયા આપવાના હતા, એનું વ્યાજ જે નહોતું આપવાનું છતાં પણ ૯ ટકા લેખે વ્યાજ રૂ.૧ કરોડ ૬૫ લાખ ૧૦હજાર વ્યાજ ચૂકવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય નિરજંનભાઇ, આપ સભાગૃહમાં ખલેલ ન પહોંચાડો, પ્લીઝ. બધા સિનિયર સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે કમસે કમ આપ તો બધા ખલેલ ન કરો. માનનીય પુંજાભાઇ, આપ પ્લીઝ બેસી જાઓ. માનનીય અમિતભાઇને કંઇક કહેવું છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મારા પ્રશ્નનો જવાબ નથી મળ્યો. આમાં રજિસ્ટ્રારની મંજૂરીની જરૂર હતી કે કેમ અને આમાં અમૂલની એન.ઓ.સી.ની જરૂર હતી કેમ?

અધ્યક્ષશ્રી : એમણે કહ્યું કે એની જરૂર નથી, મેં સાંભળ્યું. મેં સાંભળ્યું કે પરવાનગીની જરૂર નથી. પ્રશ્ન ક્રમાંક–૬ માનનીય નૌશાદભાઇ. એમણે કહ્યું કે, પરવાનગીની જરૂર નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મને મારા પ્રશ્નોના જવાબ મળ્યા નથી. મારા બીજા પ્રશ્નનો જવાબ મળ્યો નથી.

શ્રી અમિત ચાવડા : સાહેબ, જવાબ તો આપવા દો.

અધ્યક્ષશ્રી : આ જવાબ સાચો ન હોય તો બીજા રસ્તા કરજો. કયો પ્રશ્ન?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આ માટે અમૂલનું એન.ઓ.સી લેવાનું હતું કે ન હતું? અને રજિસ્ટ્રારની મંજૂરી લેવાની હતી કે કેમ?

અધ્યક્ષશ્રી : એમણે ના પાડી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એના માટે કાયદામાં જોગવાઈ છે, એના માટે રજિસ્ટ્રારની મંજૂરી લેવી ફરજિયાત છે.

અધ્યક્ષશ્રી : કોઇક જગ્યાએ એ દલીલ કરી લેજો, તમારી પાસે એના માટે બીજા રસ્તા છે. માનનીય મંત્રીશ્રી જવાબ આપે. માનનીય પુંજાભાઇનું પહેલાં માઇક બંધ કરો, મારા કીધા વગર માઇક કેમ ચાલુ કરી દો છો? મેં એમને પરવાનગી આપી નથી. મંત્રીશ્રી આપ કેમ ઉભા થાઓ છો? બેસી જાઓ. આપના પ્રશ્નનો જવાબ આવી ગયો છે. પ્રશ્ન ક્રમાંક–૬, માનનીય નૌશાદભાઇ. બધા બેસી જાઓ, પછી આપ બધા એમ કહો છો કે પ્રશ્નો ઓછા આવે છે, પ્રશ્નો વધારે થતા નથી, પછી એવી ફરિયાદ ન કરતા કે પ્રશ્નો આગળ વધતા નથી. (વિરોધપક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓ પોતાના સ્થાને ઉભા થઇ રજૂઆત કરતાં... સતત અંતરાય..) આપના પ્રદેશ પ્રમુખ ઉભા છે. આપ બધા બેસી જાઓ. શ્રી પુંજાભાઇ, આપ પહેલાં બેસી જાઓ. આપે ઉભા થવાનું હોય જ નહીં. માનનીય અમિતભાઇ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખૂબ ગંભીર એટલા માટે છે કે પશુપાલકોને....

અધ્યક્ષશ્રી : એટલા માટે તો આટલા બધા માનનીય સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવા દીધા.

શ્રી અમિત ચાવડા : આમાં પ્રશ્નનો સ્કોપ બહુ મર્યાદિત હતો. પોરબંદર દૂધ સંઘ માટેનો પ્રશ્ન હતો. અમારા સભ્યોની સ્પષ્ટ લાગણી છે કે, ૧૨ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ, ખાનગી એજન્સીને આપવામાં આવી છે. તો એના માટે શું પ્રોસિઝર છે, કોની મંજૂરી લેવામાં આવે છે? અને જો સાચી રીતે કરી હતી તો પાછી સરભર કેમ કરવી પડી? પરત વસૂલ કરવી પડી એક વાત છે. સભ્યશ્રી પુંજાભાઇની સ્પષ્ટ વાત હતી કે, આ દૂધ સંઘના સભ્યો કોણ કોણ છે, આ એજન્સી જે કામધેનું એન્ટરપ્રાઇઝ છે એના પ્રોપરાઇટર કોણ છે, અને કયા હેતુ માટે એમ.ઓ.યુ કરવામાં આવ્યો હતા? આ પ્રશ્નને સાહેબ આખા રાજય લેવલમાં લઇ જવામાં આવે. સભ્યશ્રી જેઠાભાઇ જે કહે છે કે, કોંગ્રેસના લોકો તો એમાં જેઠાભાઇ, (અંતરાય) *(xxx) (અંતરાય) (સત્તાધારી પક્ષે અને વિરોધપક્ષના સભ્યશ્રીઓ સામ સામે ઉભા થઇ ઘોંઘાટ શરૂ કર્યો.)

અધ્યક્ષશ્રી : આ વાત અહીંયાં ન હોય, હવે પ્રશ્ન ક્રમાંક–૬ માનનીય નૌશાદભાઇ. માનનીય જેઠાભાઇ આપ બેસી જાઓ. આપ બધા બેસી જાઓ. એ શબ્દો રદ કરીએ છીએ. એ શબ્દો રદ કરીએ છીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ....(અંતરાય)( વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા જવાબ આપો, જવાબ આપો એવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. )

અધ્યક્ષશ્રી : એ શબ્દો રદ કરીએ છીએ. માનનીય અમિતભાઇ, આપણે આધાર વગર આક્ષેપ ન કરીએ, પ્લીઝ. આધાર વગર આક્ષેપ ન કરો. ક્યા શબ્દો રેકર્ડ પર આવી ગયા?

શ્રી અમિત ચાવડા : એમણે પણ આક્ષેપ કર્યા છે....

અધ્યક્ષશ્રી : એ એમનું એલીગેશન નથી. આપે તો સીધો આક્ષેપ કર્યો, પ્લીઝ, બેસી જાઓ.

શ્રી નીતિનભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ, એક મિનિટ મારી વાત સાંભળો, આપણે વાતનું નિરાકરણ લાવીએ. તમે બેસી જાઓ. (અંતરાય).

અધ્યક્ષશ્રી : જવાબ આપવા માટે નાયબ મુખ્યમંત્રીશ્રી ઉભા થયા છે. આપે બધાએ બેસવું જોઇએ. અહીંથી કોઇ ઉભું નથી. આપ બધા પણ બેસી જાઓ.

શ્રી નીતિનભાઇ પટેલ : માનનીય અધયક્ષશ્રી, આપણા મોટા ભાગના બધા ધારાસભ્યો એટલા મોટા પ્રમાણમાં કોઇ ને કોઇ સહકારી સંસ્થા સાથે જોડાયેલા છે. આજથી નહીં, દાયકાઓથી જોડાયેલા છીએ. કોઇ ચેરમેન છે તો કોઇ ડિરેકટર પણ હતા અને આજે પણ છે. અહીં મંડળીની વાત થઇ રહી છે. અગાઉ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ રીતે બધા વાત કરે તો હમણાં માનનીય સભ્યશ્રી જેઠાભાઇ ઉપર આક્ષેપ થયો. તેઓ ચેરમેન છે. સતત ચૂંટાઇ આવે છે. (અંતરાય) શ્રી જેઠાભાઇ ચેરમેન છે. તમે કહો કે એમની ડેરીમાં ભેળસેળ થાય છે તો એ એમના ઉપર જ કહેવાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમની વાત તો સાંભળી લો. પછી તક આપીશ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૮મી જુલાઇ, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ પટેલ : સાહેબ, શ્રી રાજેન્દ્રસિંહ આજે અહીં આવ્યા નથી, તેઓ કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય છે અને તેઓ પણ અમૂલમાં ડિરેક્ટર છે. ઘણા સભ્યો આ રીતે બેંકમાં પણ ડિરેક્ટર છે. આવી રીતે એક બીજા ઉપર કોઇ સાબિતી વગર કે કોઇ રેકોર્ડના પુરાવા વગર haphazard આક્ષેપ થાય તો આ વિધાનસભા ચાલે નહીં. માનનીય અમિતભાઇને હું વિનંતી કરીશ. માનનીય વિરજીભાઇએ બે મહિના પહેલા મારી પાસે આવીને વાત કરી હતી કે, સૌરાષ્ટ્રમાં કેટલીયે જગ્યાઓ ઉપર ભેળસેળવાળું દૂધ વેચાય છે. મેં બીજા જ દિવસે મોટા પ્રમાણમાં સેમ્પલ લેવડાવવાનું ચાલુ કરાવ્યું હતું. આ કાર્ય પદ્ધતિ છે. આક્ષેપ કરવાથી કોઇ વાત પતતી નથી. હજારો અને લાખો મંડળીઓથી કામ ચાલતું હોય છે અને ગુજરાત આખા દેશમાં પ્રથમ નંબર ધરાવે છે. એટલે વૈધાનિક રીતે જરૂરી હોય તો મુખ્યમંત્રીશ્રીને પણ રજૂઆત કરી શકાય. સહકાર મંત્રીશ્રીને પણ રજૂઆત કરી શકાય. કૃષિ મંત્રીશ્રીને પણ રજૂઆત કરી શકાય. શ્રી રામસિંહભાઇ કોંગ્રેસમાં હતા અને અમૂલના ચેરમેન હતા ત્યારે અમે કોઇ દિવસ એવું નથી કહ્યું અને એકપણ દિવસ અમે અમૂલ માટે નબળું નથી બોલ્યા. આપણી સંસ્થાઓની પ્રતિષ્ઠા એ વ્યક્તિઓની નહીં પણ સંસ્થાઓની પ્રતિષ્ઠા છે, એ દેશની પ્રતિષ્ઠા છે. એટલે સંસ્થા ઉપર ઘા થાય એવું ન કરીએ. ગાંધીનગરની ડેરી પણ કોંગ્રેસ શાસિત ડેરી છે. એમાં ભૂતકાળમાં શું ચાલ્યું છે એ કહેવાની જરૂર નથી. પણ વ્યક્તિગત કોઇને ટારગેટ બનાવવા માટે સંસ્થાને ભોગ ન બનાવીએ એટલી જ વિનંતી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમ છતાં એમના નિવેદનમાં એવું કંઇ હશે તો હું જોઇ લઇશ અને કાઢી નાખીશ. હવે બેસી જાઓ. માનનીય નૌશાદભાઇ, પ્રશ્ન ક્રમાંક–૬. માનનીય પુંજાભાઇ તમે કો ઓપરેટ કરો. હવે બેસી જાઓ. ઘણી લાંબી ચર્ચા થઇ ગઇ છે.

### ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ખાનગી કંપનીઓ પાસેથી બસો મેળવવા કરેલ કરારો રદ કરવા મળેલ ફરિયાદો

*૧૫૧૬૭ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ખાનગી કંપનીઓ પાસેથી બસો મેળવવા કરવામાં આવેલ કરારો રદ કરવા માટે કેટલી ફરીયાદો સરકારને મળી, અને | (૧) એક ફરિયાદ મળી |
| (૨) ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) આ ફરિયાદની તપાસ કરાવતાં તેમાં તથ્ય જણાયેલ નથી. |

**શ્રી નૌશાદ સોલંકી :** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ચાર્ટર્ડ સ્પીડ નામની ખાનગી ઓપરેટર કંપની છે તેને એક જ કરારમાં એક કરતા વધુ વખત દંડ કરવામાં આવ્યો છે અને વારંવાર દંડ કરવામાં આવ્યો છે. વારંવાર તેના ઉપર દંડ કરવામાં આવ્યો છે. એક તો શા માટે તેના ઉપર પગલાં ભરવામાં આવતાં નથી? બીજું, કે એસ.ટી. નિગમે બસો પૂરી પાડતી કંપની ચાર્ટર્ડ સ્પીડ પાસેથી કયા દિવસે કેટલી પેનલ્ટીની રકમ કરારની જોગવાઇઓના ભંગ અંગે વસૂલ કરવામાં આવી છે? ત્રીજું, શું એ બાબત હકીકત છે કે, ખાનગી ઓપરેટરોની જે બસો ચાલે છે તેનાથી નિગમને ખૂબ મોટું નુકસાન થાય છે અને જો નુકસાન થતું હોય તો કેટલું નુકસાન થયું છે? શ્રી

રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, નૌશાદભાઇએ જે પ્રશ્નો કર્યા છે, તેમાં મૂળ વાત આ ખાનગી કંપનીની સાથે જે કરાર કર્યા છે એ બાબતની એમની રજૂઆત છે. લગભગ ત્રણેક લોકોની આ પ્રકારની રજૂઆતો ખાનગી કંપનીઓ સાથે બસના જે કરાર કરવામાં આવ્યા છે એ રદ કરવા જોઇએ એ બાબતની હતી. પરંતુ પ્રશ્નકર્તાના પ્રશ્નમાં એમણે જે રીતના આક્ષેપો કર્યા છે એ બાબતે મારે હાઉસને થોડી સ્પષ્ટતા કરવી પડે તેમ છે. પહેલી વાત તો એ છે કે, ગુજરાત રાજયના રાજ્ય સરકારના જ જાહેર સાહસો છે. આ જાહેર સાહસોની જે આંતરિક વહીવટની બાબતો છે એ આપણે વિધાનસભાના ફ્લોર ઉપર લાવતા હોતા નથી, પરંતુ આ કિસ્સામાં વાહન વ્યવહાર નિગમને રાજ્ય સરકાર આર્થિક રીતે મદદરૂપ થઇને પણ રાજ્યના સાડા છ કરોડ ગુજરાતી પ્રજાજનોને સેવાઓ સારી રીતે જળવાય એ માટે નિગમ દ્વારા બસો દોડાવવામાં આવે છે. ૮,૩૦૦ બસો આપણે દોડાવીએ છીએ. આપણા લાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ હમણાં ભાવનગરથી નવી બસો, નવા રૂટ લોન્ચ કરીને નવી બસો અમે સતત આપતા રહીએ છીએ અને નિગમને પ્રોત્સાહિત કરતા રહીએ છીએ. આજના જમાનામાં ઉનાળાની કારમી ગરમીમાં પેસેન્જરો છે એ ખાનગી સંચાલકોની બસોમાં એટલા માટે મુસાફરી કરતા હોય છે કે ત્યાં એ.સી., વોલ્વો ટાઇપની ગાડીઓ હોય છે. એ રાજ્ય સરકારના નિયમ દ્વારા પણ હવે આ પ્રજાજનોને ઉનાળાના દિવસોમાં આવી કારમી ગરમીમાં તકલીફ ન પડે, યાતાયાતની સુવિધા સારી રીતે જળવાય એ માટે રાજ્ય સરકારના નિગમે પણ ખાનગી બસો લેવા માટેનો નિર્ણય કર્યો. ફરિયાદની જે અરજી આવેલી છે એમાંની એક અરજી એવી છે કે, જેની અંદર આ કરાર રદ કરવા જોઇએ અને કરાર રદ કરવા માટેના (અંતરાય) આમાં કોઇ સમય બગાડવાની વાત નથી. પરંતુ આમાં એક અરજી જે આપશ્રીએ એલાઉ કરી છે તેનો જવાબ મારે આપવો છે. એમણે પત્રમાં જે ફરિયાદ કરેલી છે તેમાં તેમણે એવું કહ્યું છે કે, આ જે પ્રાઇવેટ કંપની છે એમણે અમદાવાદની અંદર રહેવાનું સરનામું બતાવ્યું છે. તેનું સંચાલન અમદાવાદથી એ કરી રહ્યા છે પરંતુ તેમણે નડિયાદમાં અને ગાંધીનગરમાં રજિસ્ટ્રેશન કરાવેલા છે. મારે કહેવું છે કે, નડિયાદમાં અમારા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ તા.૧૪–૩–૧૯ના

તારાંકિત પ્રશ્નો

પત્રના અનુસાર એવું કહ્યું છે કે, આ કંપનીનું કોઇ વાહન નડિયાદ ખાતેની અમારી કચેરીમાં રજિસ્ટર થયું નથી. તેમના ફરિયાદના મુદ્દાઓ છે તેનો હું જવાબ આપી રહ્યો છું. પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી અમારી ગાંધીનગરમાં છે. તેમાં તા.૨૨-૪-૧૯ના પત્રના જવાબના અનુસંધાને ત્યાં આગળ ૫૦ બસો રજિસ્ટ્રેશન કરાવેલી છે પરંતુ તેનું સરનામું બતાવ્યું છે..

શ્રી નૌશાદ ભ. સોલંકી : સમયકાળ થોડો વધારી દો. અન્યથા મેં તો ખાલી એટલું જ પૂછ્યું છે કે, એક જ કંપનીને વારંવાર તમે દંડ કરો છો તો તમે એની ઉપર શા માટે તેનો કરાર રદ કરીને પગલાં લેતા નથી?

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : ટેન્ડરની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે કરવામાં આવી છે. મારે સિકવન્સમાં એ રીતે જવાબ આપવો હતો. એમની જે વાત છે એ પ્રકારનું અમારી પાસે કોઇ ફરિયાદનું તત્ત્વ આમાં જણાઇ આવતું નથી.

અધ્યક્ષશ્રી : તમારી પાસે માહિતી હોય તો મંત્રીશ્રીને આપજો.

**સુરત જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

*૧૫૨૭૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ પત્રક-૧ મુજબ રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.ને ચૂકવવામાં આવેલ છે.

(૨) પત્રક-૨ મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

| તાલુકા | પાક | ખેડૂતો દ્વારા ચૂકવાયેલ પ્રિમિયમ (રૂ.) | રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) | કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) |
|---|---|---|---|---|
| ઉમરપાડા | કપાસ (બિન પિયત) | ૫,૯૬૩ | ૨,૯૮૨ | ૨,૯૮૨ |
| | ડાંગર (પિયત) | ૧૩,૨૧૫ | ૬,૬૦૭ | ૬,૬૦૭ |
| | ડાંગર (બિન પિયત) | ૧,૦૦૦ | ૧,૨૫૦ | ૧,૨૫૦ |
| | તુવર | ૨૧૦ | ૧૫૮ | ૧૫૮ |
| ઓલપાડ | ડાંગર (પિયત) | ૫૦,૨૫૯ | ૨૫,૧૨૯ | ૨૫,૧૨૯ |
| ચોર્યાસી | ડાંગર (પિયત) | ૧,૮૦૦ | ૯૦૦ | ૯૦૦ |
| પલસાણા | ડાંગર (પિયત) | ૨,૨૨૪ | ૧,૧૧૨ | ૧,૧૧૨ |
| બારડોલી | ડાંગર (પિયત) | ૧૫,૫૨૫ | ૭,૭૬૨ | ૭,૭૬૨ |
| મહુવા | ડાંગર (પિયત) | ૧૮,૭૯૨ | ૯,૩૯૬ | ૯,૩૯૬ |
| માંગરોળ | કપાસ (પિયત) | ૬૦,૯૧૭ | ૩૦,૪૫૯ | ૩૦,૪૫૯ |
| | કપાસ (બિન પિયત) | ૩,૧૭૧ | ૧,૫૮૫ | ૧,૫૮૫ |
| | જુવાર | ૯૦ | ૧૮૦ | ૧૮૦ |
| | ડાંગર (પિયત) | ૧,૮૦૦ | ૯૦૦ | ૯૦૦ |
| | ડાંગર (બિન પિયત) | ૩૦૦ | ૩૭૫ | ૩૭૫ |
| | તુવર | ૨,૧૦૦ | ૧,૫૭૫ | ૧,૫૭૫ |
| માંડવી | અડદ | ૯૭ | ૭૩ | ૭૩ |
| | જુવાર | ૧૮૦ | ૩૬૦ | ૩૬૦ |
| | ડાંગર (પિયત) | ૯,૭૪૯ | ૪, ૮૭૪ | ૪, ૮૭૪ |
| | ડાંગર (બિન પિયત) | ૯૦૦ | ૧,૧૨૫ | ૧,૧૨૫ |
| | તુવર | ૯૯૮ | ૭૪૮ | ૭૪૮ |
| | **કુલ** | **૧,૮૯,૨૯૦** | **૯૭,૫૫૦** | **૯૭,૫૫૦** |

**પત્રક-૨**

| તાલુકા | પાક | દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવાયેલ દાવાઓની રકમ (રૂ.) |
|---|---|---|---|
| ઓલપાડ | ડાંગર (પિયત) | ૧ | ૨૯,૪૦૦ |
| માંગરોળ | ડાંગર (બિન પિયત) | ૨ | ૨૦૩ |
| | **કુલ** | **૩** | **૨૯,૬૦૩** |

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે.

તા. ૮મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**ડાંગ અને વલસાડ જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસિડીની અરજીઓ**

૧૫૨૮૧ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડાંગ અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાય/સબસિડી મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસિડી ચૂકવવામાં આવી, અને

(૩) ઉકત તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને કેટલા ખેડૂતોને સહાય/સબસિડી ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડાંગ અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાય/સબસિડી મેળવવા નીચે મુજબ અરજીઓ મળેલ છે.

**ડાંગ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧–૦૪–૧૭ થી ૩૧–૦૩–૧૮** | **તા. ૦૧–૦૪–૧૮ થી ૩૧–૦૫–૧૯** |
| ૧ | આહવા | ૪૦ | ૬૬ |
| ૨ | વઘઈ | ૪૯ | ૬૦ |
| ૩ | સુબીર | ૨૮ | ૫૪ |
| | **કુલ** | **૧૧૭** | **૧૮૦** |

**વલસાડ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧–૦૪–૧૭ થી ૩૧–૦૩–૧૮** | **તા. ૦૧–૦૪–૧૮ થી ૩૧–૦૫–૧૯** |
| ૧ | વલસાડ | ૭૫ | ૧૨૧ |
| ૨ | પારડી | ૬૮ | ૫૭ |
| ૩ | વાપી | ૪ | ૪ |
| ૪ | ઉમરગામ | ૩૫ | ૧૫ |
| ૫ | ધરમપુર | ૨૦ | ૩૬ |
| ૬ | કપરાડા | ૨૯ | ૪૩ |
| | **કુલ** | **૨૩૧** | **૨૭૬** |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસિડી ચૂકવવામાં આવી છે.

**ડાંગ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧–૦૪–૧૭ થી ૩૧–૦૩–૧૮** | **તા. ૦૧–૦૪–૧૮ થી ૩૧–૦૫–૧૯** |
| ૧ | આહવા | ૧૧ | ૧૭ |
| ૨ | વઘઈ | ૧૬ | ૧૨ |
| ૩ | સુબીર | ૮ | ૬ |
| | **કુલ** | **૩૫** | **૩૫** |

**વલસાડ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧–૦૪–૧૭ થી ૩૧–૦૩–૧૮** | **તા. ૦૧–૦૪–૧૮ થી ૩૧–૦૫–૧૯** |
| ૧ | વલસાડ | ૩૬ | ૪૦ |
| ૨ | પારડી | ૨૪ | ૨૦ |
| ૩ | વાપી | ૩ | ૨ |
| ૪ | ઉમરગામ | ૧૬ | ૮ |
| ૫ | ધરમપુર | ૮ | ૯ |
| ૬ | કપરાડા | ૫ | ૮ |
| | **કુલ** | **૯૨** | **૮૭** |

(૩) તાલુકાવાર પડતર અરજીઓ અને સહાય/સબસિડી ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા નીચે મુજબ છે.

**ડાંગ**

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીની સંખ્યા | સહાય ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આહવા | ૧૯ | ૧૯ |
| ૨ | વઘઈ | ૨૫ | ૨૫ |
| ૩ | સુબીર | ૨૩ | ૨૩ |
| | **કુલ** | **૬૭** | **૬૭** |

**વલસાડ**

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીની સંખ્યા | સહાય ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૮ | ૨૮ |
| ૨ | પારડી | ૯ | ૯ |
| ૩ | વાપી | ૦ | ૦ |
| ૪ | ઉમરગામ | ૦ | ૦ |
| ૫ | ધરમપુર | ૧૬ | ૧૬ |
| ૬ | કપરાડા | ૨૧ | ૨૧ |
| | **કુલ** | **૭૪** | **૭૪** |

---------

## રાજ્યમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ખર્ચ

૧૩૩૦૪ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કઈ જગ્યાએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવવામાં આવ્યો,

(૨) ઉક્ત મહોત્સવમાં કેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો,

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નીચે મુજબની જગ્યાએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવવામાં આવ્યો.

| નં. | તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ |
| ૨ | વડોદરા | સુરત |
| ૩ | રાજકોટ | વડોદરા |
| ૪ | સુરત | સોનગઢ (તાપી–વ્યારા) |
| ૫ | પાવાગઢ (પંચમહાલ) | જેતપુર (રાજકોટ) |
| ૬ | સાપુતારા (ડાંગ) | રાજકોટ |
| ૭ | તિથલ (વલસાડ) | કેવડીયા (નર્મદા) |
| ૮ | ડાકોર (ખેડા) | ધોરડો (કચ્છ) |
| ૯ | ગાંધીધામ (કચ્છ) | સાપુતારા (ડાંગ) |
| ૧૦ | દ્વારકા(દેવભૂમિ દ્વારકા) | દ્વારકા (દેવભૂમિ દ્વારકા) |
| ૧૧ | જેતપુર (રાજકોટ) | |
| ૧૨ | જામનગર | |
| ૧૩ | અમરેલી | |
| ૧૪ | પાલનપુર(બનાસકાંઠા) | |
| ૧૫ | મોડાસા (અરવલ્લી) | |
| ૧૬ | સોનગઢ (તાપી) | |
| ૧૭ | તલોદ (સાબરકાંઠા) | |
| ૧૮ | વલ્લભ વિદ્યાનગર (આણંદ) | |

(૨) ઉક્ત મહોત્સવમાં નીચે મુજબના પતંગબાજોએ ભાગ લીધો હતો.

| વર્ષ | પતંગબાજોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૫૩૫ |
| ૨૦૧૮–૧૯ | ૭૯૬ |

(૩) ઉક્ત મહોત્સવમાં કેટલા રાજદૂતો/મહેમાનોએ ભાગ લીધો હતો, અને

(૩) ઉક્ત મહોત્સવમાં નીચે મુજબના રાજદૂતો/મહેમાનોએ ભાગ લીધો હતો.

| વર્ષ | રાજદૂત/મહેમાનોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૨૧ |
| ૨૦૧૮-૧૯ | ૨૭ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ ?

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ.

| વર્ષ | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | ૮૩૭.૬૭ |
| તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ | ૭૧૩.૧૯ |

---------

## મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી

૧૫૩૧૧ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કઈ ખેત પેદાશોની ટેકાના ભાવે કેટલી ખરીદી ક્યા ભાવથી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદ કરવામાં ગેરરીતી થવા અંગે કેટલી ફરીયાદો સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ ફરીયાદો સંદર્ભે સરકારે શા પગલા ભર્યા ?

**જવાબ**

(૧) ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કરવામાં આવતી નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ભાવનગર જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ

૧૫૨૨૪ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ **પત્રક-૧** મુજબ રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી. ને ચૂકવવામાં આવેલ છે.

(૨) **પત્રક-૨** મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

૧૩૨૩૧ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૩/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૩૪૩૬ આવાસો મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ૩૦૧૦ આવાસો પૂર્ણ થયેલ છે.

(૩) તે માટે કુલ રૂ.૪૪૦૬.૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

### તાપી જિલ્લામાં કૃષિ યાંત્રિક સાધનોની ફાળવણી

૧૩૨૦૭ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત તાપી જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારના કૃષિ યાંત્રિક સાધનો ફાળવવામાં આવ્યા છે,

**જવાબ**

(૧)

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| (૧) પાવર ટેલર | મામુર |
| (૨) પંપ મશીન | |
| (૩) વિનોવિંગફેન | |
| (૪) થ્રેસર | |
| (૫) પેડી હાર્વેસ્ટીંગ મશીન | |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા યાંત્રિક સાધનો ફાળવેલ છે, અને

(૨)

| **વર્ષ ૨૦૧૭–૧૮** | | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|---|
| (૧) પાવર ટેલર | ૩૩ | |
| (૨) પંપ મશીન | ૧૧૩ | મામુર |
| (૩) વિનોવિંગફેન | ૬૭ | |
| (૪) થ્રેસર | ૨૬ | મામુર |
| (૫) પેડી હાર્વેસ્ટીંગ મશીન | ૩૦ | |
| (૬) સ્પ્રેયર પંપ | ૨૭ | |

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩)

| **વર્ષ ૨૦૧૭–૧૮** | | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|---|
| (૧) પાવર ટેલર | ૫૬.૪૩ લાખ | મામુર |
| (૨) પંપ મશીન | ૨૪.૦૮ લાખ | |
| (૩) વિનોવિંગફેન | ૬.૩૬ લાખ | |
| (૪) થ્રેસર | ૫૬.૦૯ લાખ | |
| (૫) પેડી હાર્વેસ્ટીંગ મશીન | ૮.૯૯ લાખ | |
| (૬) સ્પ્રેયર પંપ | ૧.૮૪ લાખ | |

---------

### રાજ્યમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ખર્ચ

૧૩૩૦૬ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કઈ જગ્યાએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નીચે મુજબની જગ્યાએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવવામાં આવ્યો.

| **નં.** | **તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮** | **તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ |
| ૨ | વડોદરા | સુરત |
| ૩ | રાજકોટ | વડોદરા |
| ૪ | સુરત | સોનગઢ (તાપી–વ્યારા) |
| ૫ | પાવાગઢ (પંચમહાલ) | જેતપુર (રાજકોટ) |
| ૬ | સાપુતારા (ડાંગ) | રાજકોટ |
| ૭ | તિથલ (વલસાડ) | કેવડીયા (નર્મદા) |
| ૮ | ડાકોર (ખેડા) | ધોરડો (કચ્છ) |

| | | |
|---|---|---|
| ૯ | ગાંધીધામ (કચ્છ) | સાપુતારા (ડાંગ) |
| ૧૦ | દ્વારકા (દેવભૂમિ દ્વારકા) | દ્વારકા (દેવભૂમિ દ્વારકા) |
| ૧૧ | જેતપુર (રાજકોટ) | |
| ૧૨ | જામનગર | |
| ૧૩ | અમરેલી | |
| ૧૪ | પાલનપુર (બનાસકાંઠા) | |
| ૧૫ | મોડાસા (અરવલ્લી) | |
| ૧૬ | સોનગઢ (તાપી) | |
| ૧૭ | તલોદ (સાબરકાંઠા) | |
| ૧૮ | વલ્લભ વિદ્યાનગર (આણંદ) | |

(૨) ઉક્ત મહોત્સવમાં કેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો,

(૨) ઉક્ત મહોત્સવમાં નીચે મુજબના પતંગબાજોએ ભાગ લીધો હતો.

| વર્ષ | પતંગબાજોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૩૫ |
| ૨૦૧૮-૧૯ | ૭૯૬ |

(૩) ઉક્ત મહોત્સવમાં કેટલા રાજદૂતો/મહેમાનોએ ભાગ લીધો હતો, અને

(૩) ઉક્ત મહોત્સવમાં નીચે મુજબના રાજદૂતો/મહેમાનોએ ભાગ લીધો હતો.

| વર્ષ | રાજદૂત/મહેમાનોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૨૧ |
| ૨૦૧૮-૧૯ | ૨૭ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં રાજ્ય સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ ?

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ.

| વર્ષ | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | ૮૩૭.૬૭ |
| તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ | ૭૧૩.૧૯ |

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળો**

૧૫૨૧૬ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં ક્યા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ પ્રવાસન સ્થળવાર ક્યા કામો પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈપણ રકમનો ખર્ચ કરવામાં ન આવ્યો હોય તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં કોઇ સ્થળને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાંસદ આદર્શ ગ્રામ યોજના માટે રાજ્યકક્ષાની એમ્પાવર્ડ કમિટિની બેઠકો**

૧૫૨૮૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : ચૌદમી ગુ.વિ.સ.ના ત્રીજા સત્રમાં, તા.૨૧-૨-૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૭૦૨ (અગ્રતાક્રમ-૧૯) ના અનુસંધાને **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાંસદ આદર્શ ગ્રામ યોજના માટે રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ કમિટિની બેઠક બોલાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી હતી તો તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ આ બેઠક ક્યારે બોલાવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ બેઠક બોલાવવામાં ન આવી

**જવાબ**

(૧) તા.૧૯-૦૨-૨૦૧૯ના રોજ

(૨) પ્રશ્ન રહેતો નથી.

હોય તો તેના કારણો શા છે ?

**મોરબી અને માળિયા (મી) તાલુકામાં ખેડૂતોને બાકી આપવાની ઈનપુટ સહાય**

૧૫૧૭૬ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લાના મોરબી અને માળીયા (મી) તાલુકાના કેટલા ગામોના કેટલા ખેડૂતોને ઈનપુટ સહાય આપવાની બાકી છે, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લાના મોરબી અને માળીયા (મી) તાલુકાના કોઇ ગામોમાં ચૂકવવા પાત્ર ખેડૂતોને ઇનપુટ સહાય આપવાની બાકી નથી. |
| (૨) ઉક્ત સહાય આપવાની બાકી રહેવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યમાં ઓ.ડી.એફ. જાહેર કરેલ જિલ્લાઓ**

૧૫૫૪૬ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના ક્યા જિલ્લાઓને ઓ.ડી.એફ જાહેર કરવામાં આવ્યા, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારોને (ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત) ઓ.ડી.એફ જાહેર કરવામાં આવ્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કુટુંબો શૌચાલય વિહોણા છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ બેઝલાઈન સર્વે–૨૦૧૨ મુજબ નોંધાયેલ તમામ કુટુંબો ને શૌચાલય સુવિધા હેઠળ આવરી લેવાયેલ હોઇ તે પૈકી કોઇ કુટુંબ શૌચાલય વિહોણું બાકી રહેલ નથી,<br>પરંતુ ભારત સરકાર દ્વારા રાજ્યો પાસેથી બેઝલાઈન સર્વે ૨૦૧૨ માં સમાવિષ્ટ કરવાના બાકી રહી ગયેલ હોય તેવા LOB (લેફ્ટ આઉટ બેનેફિશરીઝ)ની વિગતો મંગાવવામાં આવેલ હતી. તે વિગતો ને આધારે તા.૧૨/૧૧/૨૦૧૮ના રોજ ભારત સરકારશ્રી દ્વારા આ સાથે સામેલ જિલ્લાવાર પત્રકમાં દર્શાવ્યા મુજબ શૌચાલય વિહોણા લાભાર્થી કુટુંબોને મંજૂરી આપવામાં આવેલ છે. જે લાભાર્થીઓની વિગતો આધાર પુરાવા સાથે ઓનલાઇન MIS માં નોંધવામાં પણ આવેલ છે. જેની જિલ્લાવાર વિગતો આ સાથે સામેલ **પત્રક** મુજબ છે. |

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | લેફ્ટ આઉટ બેનિફિશરી (LOB) નો લક્ષ્યાંક |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૮૯૯ |
| ૨ | અમરેલી | ૮૨૮૮ |
| ૩ | આણંદ | ૧૦૫૪૫ |
| ૪ | અરવલ્લી | ૧૫૧૬૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૪૪૭૫ |
| ૬ | ભરૂચ | ૧૪૨૩૧ |
| ૭ | ભાવનગર | ૮૩૪૨ |
| ૮ | બોટાદ | ૪૧૦૦ |
| ૯ | છોટા ઉદેપુર | ૧૩૩૪૨ |
| ૧૦ | દાહોદ | ૩૮૨૨૦ |
| ૧૧ | ડાંગ | ૬૨૦૪ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૩૧૩૯ |
| ૧૩ | ગાંધીનગર | ૯૩૮૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૫૨૫ |
| ૧૫ | જામનગર | ૪૨૨૮ |
| ૧૬ | જૂનાગઢ | ૬૬૧૬ |
| ૧૭ | કચ્છ–ભૂજ | ૧૦૩૩૩ |

| ક્રમ | જિલ્લાનું નામ | લેફ્ટ આઉટ બેનિફિશરી (LOB) નો લક્ષ્યાંક |
|---|---|---|
| ૧૮ | ખેડા–નડિયાદ | ૮૪૦૮ |
| ૧૯ | મહીસાગર | ૧૧૧૨૩ |
| ૨૦ | મહેસાણા | ૫૭૭૮ |
| ૨૧ | મોરબી | ૫૪૫૦ |
| ૨૨ | નર્મદા | ૧૫૫૨૨ |
| ૨૩ | નવસારી | ૮૦૪૨ |
| ૨૪ | પંચમહાલ | ૨૮૯૩૦ |
| ૨૫ | પાટણ | ૧૪૯૨૩ |
| ૨૬ | પોરબંદર | ૩૭૨ |
| ૨૭ | રાજકોટ | ૨૩૯૮ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૯૧૫૦ |
| ૨૯ | સુરત | ૯૮૪૯ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૩૬૮૬ |
| ૩૧ | તાપી | ૧૦૧૨૨ |
| ૩૨ | વડોદરા | ૧૩૮૪૪ |
| ૩૩ | વલસાડ | ૨૦૦૦૦ |
| | **કુલ** | **૩૬૯૬૨૫** |
| | | |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલય બનાવવામાં આવ્યા અને કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ બેઝલાઇન સર્વે–૨૦૧૨ મુજબ નોંધાયેલ કોઇ કુટુંબ શૌચાલય વિહોણું બાકી રહેલ નથી જેથી તેઓના શૌચાલય ના બાંધકામ અને ચૂકવણાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ ભારત સરકાર દ્વારા નવેમ્બર ૨૦૧૮ પછી મંજૂર કરેલ બેઝલાઇન સર્વે ૨૦૧૨ માં સમાવિષ્ટ કરવાના બાકી રહી ગયેલ હોય તેવા LOB (લેફ્ટ આઉટ બેનિફિશરીઝ)ના ૧,૦૯,૦૮૩ શૌચાલય બનાવવામાં આવ્યા. જે પૈકી ઉક્ત સ્થિતિએ ૮૮,૯૦૩ લાભાર્થીઓના શૌચાલય સાથેના ફોટોગ્રાફ્સ સાથેનું જીઓ ટેગિગની કામગીરી પૂર્ણ કરી તેટલા જ શૌચાલયોની પ્રોત્સાહક સહાય ચૂકવવા રૂ.૧૦૬૬૮.૩૬ લાખ રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે. બાકી ના લાભાર્થીઓના ચૂકવણાની કામગીરી હાલ પ્રગતિમાં છે.

---------

### પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ ચોજના

૧૩૨૨૯ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડિસા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૩/૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ૧૦૨૧૭ આવાસો મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ૯૦૯૭ આવાસો પૂર્ણ થયેલ છે.

(૩) તે માટે કુલ રૂ.૧૦૯૧૬.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

### બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો

૧૫૧૨૨ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| વર્ષ | બનાસકાંઠા | સાબરકાંઠા |
|---|---|---|
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૧૧૩૬૭ | ૫૨૪ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૬૫૮૪ | ૧૦૨૫ |
| **કુલ** | **૧૭૯૫૧** | **૧૫૪૯** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી,

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી નીચે મુજબ વાહનો પાસેથી સ્થળ ઉપર નીચે મુજબનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી.

| વર્ષ | બનાસકાંઠા | | સાબરકાંઠા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૧૧,૨૭૬ | ૩૦૯.૨૮ | ૧૮૯ | ૧૧.૨૬ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૬૪૭૨ | ૨૧૪.૫૮ | ૪૭૮ | ૧૫.૮૬ |
| **કુલ** | **૧૭,૭૪૮** | **૫૨૩.૮૬** | **૬૬૭** | **૨૭.૧૨** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો પાસેથી કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ વાહનો પાસેથી નીચે મુજબની દંડની રકમ વસૂલ કરવામાં આવી.

| વર્ષ | બનાસકાંઠા | | સાબરકાંઠા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૧૧૩૬૭ | ૩૧૨.૦૩ | ૫૨૪ | ૨૫.૪૬ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૬૫૮૪ | ૯૧૭.૯૩ | ૧૦૨૫ | ૨૯.૬૬ |
| **કુલ** | **૧૭૯૫૧** | **૫૨૯.૯૬** | **૧૫૪૯** | **૫૫.૧૨** |

(૪)કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા ?

(૪) મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ કલમ-૨૦૭ હેઠળ ઓવર લોડ વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ નથી.

મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ-૩ અનુસાર લાયસન્સ વગર વાહન ચલાવવું, કલમ-૪ અનુસાર પુરતી ઉંમર સિવાય વાહન ચલાવવું, કલમ-૩૯ અનુસાર રજીસ્ટ્રેશન કર્યા વિના વાહન ચલાવવા તથા ગુજરાત મોટર વ્હીકલ ટેક્સ એક્ટ ૧૯૫૮ની કલમ-૧૨-બી મુજબ વાહનોના બાકી ટેક્સ જેવા ગુના માટે વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ છે.

જે અંતર્ગત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૦૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૬૮ વાહનો સીઝ કરવામાં આવ્યા.

**કચ્છ અને મહેસાણા જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો**

૧૫૧૧૬ **શ્રીમતી સંતોકબેન આરેઠિયા** (રાપર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને મહેસાણા જિલ્લામાં જિલ્લા વાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને મહેસાણા જિલ્લામાં જિલ્લા વાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| વર્ષ | કચ્છ | મહેસાણા |
|---|---|---|
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૯૮૨૩ | ૨૫૪ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૫૧૩૬ | ૪૭૪ |
| **કુલ** | **૧૪૯૫૯** | **૭૨૮** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી નીચે મુજબના વાહનો પાસેથી સ્થળ ઉપર નીચે મુજબની રકમનો

માંડવાળ કરવામાં આવી, દંડ લઈ માંડવાળ કરવામાં આવી.

| વર્ષ | કચ્છ | | મહેસાણા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૯૫૨૫ | ૫૫૩.૨૩ | ૧૦૨ | ૬૩.૧૫ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૪૮૭૨ | ૫૬૩.૬૧ | ૧૯૦ | ૯૦.૦૬ |
| **કુલ** | **૧૪૩૯૭** | **૧૧૧૬.૮૪** | **૨૯૨** | **૧૫૩.૨૧** |

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો પાસેથી કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વાહનો પાસેથી નીચે મુજબની દંડની રકમ વસૂલ કરવામાં આવી.

| વર્ષ | કચ્છ | | મહેસાણા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૯૫૨૫ | ૫૫૩.૨૩ | ૨૫૪ | ૧૫.૭૮ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૪૮૭૨ | ૫૬૩.૬૧ | ૪૭૪ | ૨૨.૫૨ |
| **કુલ** | **૧૪૩૯૭** | **૧૧૧૬.૮૪** | **૭૨૮** | **૩૮.૩૦** |

(૪)કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા ?

(૪)મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ કલમ-૨૦૭ હેઠળ ઓવર લોડ વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ નથી. મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ-૩ અનુસાર લાયસન્સ વગર વાહન ચલાવવું, કલમ-૪ અનુસાર પુરતી ઉંમર સિવાય વાહન ચલાવવું, કલમ-૩૯ અનુસાર રજીસ્ટ્રેશન કર્યા વિના વાહન ચલાવવા તથા ગુજરાત મોટર વ્હીકલ ટેક્સ એક્ટ ૧૯૫૮ની કલમ-૧૨-બી મુજબ વાહનોના બાકી ટેક્સ જેવા ગુના માટે વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ છે. જે અંતર્ગત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૮૧૭ અને મહેસાણા જિલ્લામાં ૧૧૯ વાહનો સીઝ કરવામાં આવ્યા.

---------

**ભરૂચ અને નવસારી જિલ્લામાં બી.પી.એલ કાર્ડ/વ્યકિતઓની સંખ્યા**

૧૫૨૬૯ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ અને નવસારી જિલ્લાઓમાં જિલ્લા વાર કેટલા બીપીએલ કાર્ડ છે અને વ્યક્તિઓની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) બીપીએલ કાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ કરે છે, જ્યારે બીપીએલ કુટુંબોના સર્વે અને યાદીની કાર્યવાહી ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. જેના અનુસંધાને તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ અને નવસારી જીલ્લાઓમાં બીપીએલ કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| જિલ્લો | કુટુંબની સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૧૨૪૯૩૦ |
| નવસારી | ૭૦૦૦૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લા વાર કેટલા બીપીએલ કાર્ડમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૨) બીપીએલ કાર્ડની વિગતો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ પુરી પાડી શકે છે. પરંતુ તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ અને નવસારી જિલ્લાઓમાં બીપીએલ કુટુંબોમાં થયેલ વધારા ઘટાડાની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | વિગત |
|---|---|

| | |
|---|---|
| ભરૂચ | ૬ કુટુંબનો વધારો થયેલ છે. |
| નવસારી | ૧૦ કુટુંબનો વધારો થયેલ છે. |

(૩) ઉક્ત વધારો કે ઘટાડાને લીધે જિલ્લા વાર કેટલી વ્યકિતઓનો વધારો કે ઘટાડો થયો ?

(૩) બીપીએલ સર્વેમાં કુટુંબોની ગણતરી થાય છે, વ્યકિતઓની ગણતરી થતી નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપમાં સહાય**

૧૩૩૨૫ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા તો, આ યોજના અંતર્ગત તા.૩૧/૦૩/૨૦૧૯ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮–૧૯ માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) લાભાર્થીઓની સંખ્યાઃ ૬૦૨
ચૂકવેલ સહાયની રકમઃ ૬૫,૯૬,૭૪૫/–
(અંકે રૂપિયા પાંસઠ લાખ છન્નું હજાર સાતસો પિસ્તાળીસ પુરા)

---------

**ખેડા અને અમદાવાદ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં ભ્રષ્ટાચારની ફરિયાદો**

૧૩૧૮૯ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને અમદાવાદ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં તાલુકાવાર ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો મળી, અને

(૧)

| જિલ્લો | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ખેડા | નડિયાદ | ૧ |
| | કપડવંજ | ૧ |
| | મહુધા | ૧ |
| અમદાવાદ | (શહેર) | ૩ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) પરિશિષ્ટ–૧ મુજબ.

( પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં રણ મહોત્સવનો ખર્ચ**

૧૩૩૦૨ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રણ મહોત્સવ કેટલા દિવસો માટે યોજવામાં આવેલ હતો,

(૧) ૨૩૬ દિવસ

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રણ મહોત્સવમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ હતો, અને

(૨) રૂપિયા ૫૯૫.૯૦ લાખ

(૩) ઉક્ત મહોત્સવમાં કેટલા મુલાકાતીઓએ ભાગ લીધેલ હતો ?

(૩) ૧૦,૧૫,૦૩૦

**ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૧૩૨૩૦ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર થયેલ છે,

(૧) તા.૩૧/૦૩/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૩૪૩૬ આવાસો મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી ૩૦૧૦ આવાસો પૂર્ણ થયેલ છે.

(૩) તે માટે કેટલો ખર્ચ થયો છે ? | (૩) તે માટે કુલ રૂ.૪૪૦૬.૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**તાપી જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ**

૧૩૪૯૯ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૧૫

(૨) રૂ.૧૦,૧૦,૯૦૦/–

---------

**પાટણ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ**

૧૩૩૧૮ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | પાટણ | ૨૩૩૩ |
| ૨ | સરસ્વતી | ૧૦૩૧ |
| ૩ | સિદ્ધપુર | ૧૫૫૪ |
| ૪ | ચાણસ્મા | ૧૩૦૭ |
| ૫ | હારીજ | ૪૯૩ |
| ૬ | સમી | ૨૪૯ |
| ૭ | શંખેશ્વર | ૪૩૩ |
| ૮ | રાધનપુર | ૨૨૯ |
| ૯ | સાંતલપુર | ૧૬૭ |
| | **કુલ** | **૭૭૯૬** |

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| વિગત | કુલ અરજીઓ |
|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૫૮૫૩ |
| બેંકોએ મંજૂર કરેલ અરજીઓ | ૨૮૪૮ |

(૩) કુલ ` ૧૦૪૬.૫૩ લાખની સહાય મંજૂર કરવામાં આવેલ છે.

---------

**વલસાડ આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો**

૧૩૨૬૪ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩– ૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં કેટલા નવા વાહનો નોંધવામાં આવ્યા, અને

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) વલસાડ આર.ટી.ઓ. કચેરી ખાતે તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં ૫૬,૨૯૩ નવા વાહનો નોંધવામાં આવ્યા.

(૨) તેના રજિસ્ટ્રેશન પેટે આ ગાળા દરમિયાન રૂ.૭૨.૪૬ કરોડની આવક થઈ.

અતારાંકિત પ્રશ્નો

**છોટાઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટેની અરજીઓ બાબત**

૧૩૨૦૩ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, વર્ષવાર કેટલી અરજીઓ રદ થઈ ?

**જવાબ**

(૧)

| **તાલુકા** | **તા.૩૧/૦૩/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર બીપીએલ યાદીમાં દાખલ થવા માટે મળેલ અરજીઓની સંખ્યા** | |
|---|---|---|
| | **૦૧/૦૪/૨૦૧૭ થી ૩૧/૦૩/૨૦૧૮** | **૦૧/૦૪/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯** |
| છોટાઉદેપુર | ૦૦ | ૦૦ |
| જેતપુરપાવી | ૦૦ | ૦૦ |
| કવાંટ | ૦૦ | ૦૦ |
| સંખેડા | ૦૦ | ૦૦ |
| નસવાડી | ૦૦ | ૦૦ |
| બોડેલી | ૦૦ | ૦૧ |

(૨)

| **તાલુકા** | **મંજૂર કરેલ અરજીઓની સંખ્યા** | |
|---|---|---|
| | **૦૧/૦૪/૨૦૧૭ થી ૩૧/૦૩/૨૦૧૮** | **૦૧/૦૪/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯** |
| છોટાઉદેપુર | ૦૦ | ૦૦ |
| જેતપુરપાવી | ૦૦ | ૦૦ |
| કવાંટ | ૦૦ | ૦૦ |
| સંખેડા | ૦૦ | ૦૦ |
| નસવાડી | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, વર્ષવાર રદ થયેલ અરજીઓની સંખ્યા ૦ (શૂન્ય ) છે.

---------

**પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાની ગાઈડલાઈનમાં સુધારા**

૧૫૧૭૯ **શ્રી લલિતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાની ગાઈડલાઈનમાં મરજીયાત પાક વીમાનો વિકલ્પ આપવા સહિતના સુધારા કરવા અંગે તા.૨–૦૧–૨૦૧૮ અને તા.૩૧–૦૫–૨૦૧૮ના પત્રથી રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને સૂચનો મોકલી આપેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ક્યારે શું પ્રતિભાવ મળ્યા ?

**જવાબ**

(૧) હા

(૨) રાજ્ય સરકારશ્રી દ્વારા કેન્દ્ર સરકારશ્રી સાથે પરામર્શ ચાલુ છે.

---------

**પાટણ જિલ્લામાં રનીંગ મીટરના બંધપાળા**

૧૩૨૧૫ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત પાટણ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રનીંગ મીટરના બંધપાળા થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને તેનો લાભ

**જવાબ**

(૧)

| **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** |
|---|---|
| હા, ૩૨૪૨૩૧ રનીંગ મીટરના બંધપાળા થયેલ છે. | હા, ૨૧૨૫૩૭ રનીંગ મીટરના બંધપાળા થયેલ છે. |

(૨)

મળેલ છે, અને

| વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ |
|---|---|
| ૧૦૭૯ ખેડૂત | ૬૧૫ ખેડૂત |

(૩) ઉક્ત સ્થિતિએ તેઓને યોજના અંતર્ગત કેટલી રકમનો લાભ મળેલ છે ?

(૩)

| વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ |
|---|---|
| રકમ રૂ.૭૨,૪૨,૫૮૧/- | રકમ રૂ.૮૭,૨૮,૧૨૨/- |

---------

**જૂનાગઢ જિલ્લામાં બીપીએલ યાદીમાં દાખલ થવા માટેની અરજીઓ બાબત**

૧૩૨૦૧ **શ્રી દેવાભાઇ માલમ** (કેશોદ) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર બીપીએલ યાદીમાં દાખલ થવા માટે કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકા | તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર બીપીએલ યાદીમાં દાખલ થવા માટે મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | ૧-૪-૨૦૧૭ થી ૩૧-૩-૨૦૧૮ | ૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ |
| ભેસાણ | ૦૫ | ૦૬ |
| જૂનાગઢ | ૨૫૬ | ૫૭ |
| કેશોદ | ૦૦ | ૦૦ |
| માળીયા | ૦૨ | ૦૩ |
| માણાવદર | ૦૧ | ૦૧ |
| માંગરોળ | ૦૧ | ૦૨ |
| મેંદરડા | ૦૧ | ૦૧ |
| વંથલી | ૦૧ | ૦૪ |
| વિસાવદર | ૩૫ | ૬૧ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,અને

(૨)

| તાલુકા | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | ૧-૪-૨૦૧૭ થી ૩૧-૩-૨૦૧૮ | ૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ |
| ભેસાણ | ૦૩ | ૦૩ |
| જૂનાગઢ | ૨૫૬ | ૦૦ |
| કેશોદ | ૦૦ | ૦૦ |
| માળીયા | ૦૨ | ૦૨ |
| માણાવદર | ૦૦ | ૦૧ |
| માંગરોળ | ૦૦ | ૦૨ |
| મેંદરડા | ૦૧ | ૦૧ |
| વંથલી | ૦૧ | ૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, વર્ષવાર કેટલી અરજીઓ રદ થઈ ?

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, વર્ષવાર રદ થયેલ અરજીઓની સંખ્યા ૦ (શૂન્ય) છે. ૧-૪-૨૦૧૭ થી ૩૧-૩-૨૦૧૮ દરમ્યાન ૪ અરજીઓ અને ૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ દરમ્યાન ૪૫ અરજીઓ ૨૧-૫૨નો સ્કોર મળેલ છે, તથા ૬૨ અરજીઓ આચારસંહિતાના કારણસર કાર્યવાહી થયેલ નથી. પરંતુ હાલ તાલુકા કક્ષાએ કાર્યવાહી ચાલુ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં માનવદિન રોજગારી**

૧૩૧૯૩ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં મહાત્મા ગાંધી મનરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ હતું,

(૨) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માં મહાત્મા ગાંધી મનરેગા યોજના અંતર્ગત ૧૯,૫૨,૨૦૧ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ હતું.

(૨)તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ૨૪,૯૭,૫૨૮ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે ૧૧,૮૦,૧૦૮ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો**

૧૫૧૭૦ **શ્રી સોમાભાઇ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લા વાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો પાસેથી કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લા વાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| વર્ષ | સુરેન્દ્રનગર | જૂનાગઢ |
|---|---|---|
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૮૨ | ૫૭૦ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૨૪૪ | ૪૪૮ |
| **કુલ** | **૩૨૬** | **૧૦૧૮** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી નીચે મુજબના વાહનો પાસેથી સ્થળ ઉપર નીચે મુજબની રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી.

| વર્ષ | સુરેન્દ્રનગર | | જૂનાગઢ | |
|---|---|---|---|---|
| | **વાહનની સંખ્યા** | **વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં)** | **વાહનની સંખ્યા** | **વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં)** |
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૧૩ | ૦.૮૪ | ૯૭ | ૨.૨૫ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૧૯ | ૦.૯૩ | ૧૭૯ | ૧૭.૧૦ |
| **કુલ** | **૩૨** | **૧.૭૭** | **૨૭૬** | **૧૯.૩૫** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ વાહનો પાસેથી નીચે મુજબની દંડની રકમ વસૂલ કરવામાં આવી.

| વર્ષ | સુરેન્દ્રનગર | | જૂનાગઢ | |
|---|---|---|---|---|
| | **વાહનની સંખ્યા** | **વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં)** | **વાહનની સંખ્યા** | **વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં)** |
| ૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮ | ૮૨ | ૩.૩૬ | ૪૧૫ | ૧૮.૦૨ |
| ૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯ | ૨૪૪ | ૧.૮૯ | ૩૬૬ | ૧૬.૦૦ |
| **કુલ** | **૩૨૬** | **૫.૨૫** | **૭૮૧** | **૩૪.૦૨** |

(૪) કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા ?

(૪) મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ કલમ–૨૦૭ હેઠળ ઓવર લોડ વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ નથી.

મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ–૩ અનુસાર લાયસન્સ વગર વાહન ચલાવવું, કલમ–૪ અનુસાર પુરતી ઉંમર સિવાય વાહન ચલાવવું, કલમ–૩૯ અનુસાર રજીસ્ટ્રેશન કર્યા વિના વાહન ચલાવવા તથા ગુજરાત મોટર વ્હીકલ ટેક્સ એક્ટ ૧૯૫૮ની કલમ–૧૨–બી મુજબ વાહનોના બાકી ટેક્સ જેવા ગુના માટે વાહન ડીટઈન (સીઝ) કરવાની જોગવાઈ છે.

જે અંતર્ગત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૭ વાહનો સીઝ કરવામાં આવ્યા અને જૂનાગઢ જિલ્લામાં ૧૯૫ વાહનો સીઝ કરવામાં આવ્યા.

---------

## ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસેથી રાજ્યને લેવાની નીકળતી રકમ

૧૫૧૩૪ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની નીકળે છે,

(૨) ઉક્ત લેવાની નીકળતી રકમ પેંટે વેરા, લોન, વ્યાજ અને અન્ય કયા પ્રકારની કેટલી રકમ છે, અને

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકારે ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસેથી કુલ રૂ.૩૨૪૮.૫૬ કરોડની રકમ લેવાની નીકળે છે.

(૨) ઉક્ત લેવાની નીકળતી રકમ પેંટે વેરા, લોન વ્યાજ અને અન્ય રકમની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | રાજ્ય સરકારને ચૂકવવાની બાકી રકમ (રૂ.કરોડમાં) | |
|---|---|---|---|
| ૧ | વેરો | પેસેન્જર ટેક્સની રકમ | રૂ.૭૯.૩૮ |
| | | મોટર વ્હીકલ ટેક્સની રકમ | રૂ.૨૩.૧૧ |
| | | **કુલ** | **રૂ.૧૦૨.૪૯** |
| ૨ | લોનની રકમ | રૂ.૩૧૪૬.૦૭ | |
| ૩ | લોનના વ્યાજની રકમ | લોનનું ઈક્વિટીમાં રૂપાંતર થાય છે. આથી, વ્યાજની જોગવાઈનો પ્રશ્ન રહેતો નથી. | |
| | **કુલ** | **રૂ.૩૨૪૮.૫૬** | |

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ પગલાં લીધા.

૧. વર્ષ : ૨૦૧૭–૧૮ માં મુખ્ય સદર : ૭૦૫૫ લોન સહાય હેઠળ મુસાફર વેરો સરભર કરવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને રૂ.૧૨૬.૦૦ કરોડ ફાળવેલ છે.

૨. વર્ષ : ૨૦૧૭–૧૮ માં મુખ્ય સદર : ૫૦૫૫ મૂડી ફાળા હેઠળ લોનની પરત ચૂકવણી માટે રૂ.૫૨.૮૧ કરોડની જોગવાઈ કરવામાં આવેલ. જેની સામે નિગમે હિસાબી નોંધ આપેલ છે.

૩. વર્ષ : ૨૦૧૮–૧૯ માં મુખ્ય સદર : ૭૦૫૫ લોન સહાય હેઠળ મુસાફર વેરો સરભર કરવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને રૂ.૧૧૨.૬૬ કરોડ ફાળવેલ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૧૩૨૨૬ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ૫૮૫૪ આવાસો મંજૂર થયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી ૫૨૬૦ આવાસો પૂર્ણ થયેલ છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થયો છે ? | (૩) તે માટે કુલ રૂ.૫૯૫૩.૯૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**નરસિંહ મહેતા તળાવના બ્યુટીફીકેશન માટે રકમની જોગવાઈ**

૧૫૧૯૭ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢમાં આવેલ નરસિંહ મહેતા તળાવના બ્યુટીફીકેશન માટે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢમાં આવેલ નરસિંહ મહેતા તળાવના બ્યુટીફીકેશન માટે છેલ્લા બે વર્ષમાં કોઇ જોગવાઈ કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કયા કામ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ, | (૨) જોગવાઈ કરેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામ કઈ એજન્સી દ્વારા કરવામાં આવેલ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કામગીરી અંગેની કેટલી ફરિયાદો મળી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નો ઓડિટ અહેવાલ**

૧૫૧૭૩ **શ્રી ઋત્વીકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., પોરબંદરના વર્ષ ૨૦૧૭–૧૮ના ઓડિટ અહેવાલ મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, અમદાવાદને તા.૨૫–૦૬–૨૦૧૮ના રોજ મળેલ, તે ઓડિટ અહેવાલના સામાન્ય શેરા ભાગ–૩ મુજબ કુલ બાવન (૫૨) પારાઓ દર્શાવેલ અને કામધેનુ એન્ટરપ્રાઈઝ નામની ખાનગી સંસ્થાને રૂા. ૧૨ કરોડ આપેલ તે હકીકત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ખાનગી સંસ્થાને રકમ આપવા અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કયા જવાબદારો સામે શાં પગલાં લીધાં ? | (૨)પોરબંદર જિ. સહકારી દૂધ ઉ. સંઘ લી.એ કામધેનુ એન્ટરપ્રાઈઝને આપેલ રૂ.૧૨ કરોડ તા.૧૬–૧૧–૧૮ના રોજ સંઘમાં વ્યાજ સહિત સરભર થયેલ છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ખાનગી કંપનીઓ પાસેથી બસો મેળવવા કરેલ કરારો રદ કરવા મળેલ ફરિયાદો**

૧૫૧૬૪ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ખાનગી કંપનીઓ પાસેથી બસો મેળવવા કરવામાં આવેલ કરારો રદ કરવા માટે કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) એક ફરિયાદ મળી |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) આ ફરિયાદની તપાસ કરાવતાં તેમાં તથ્ય જણાયેલ નથી. |

તા. ૮મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં માનવદિન રોજગારી**

૧૩૧૯૯ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં મહાત્મા ગાંધી મનરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ હતું,

(૨) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ માં મહાત્મા ગાંધી મનરેગા યોજના અંતર્ગત ૨૮,૬૫,૦૫૯ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ હતું.

(૨) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ૨૫,૨૩,૮૫૨ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે ૧૦,૨૮,૯૫૫ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

---------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો**

૧૫૨૬૬ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

(૨) ઉકત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| વર્ષ | વડોદરા | નર્મદા |
|---|---|---|
| ૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮ | ૬૭૭ | ૧૯૪ |
| ૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯ | ૩૯૫ | ૨૬૨ |
| **કુલ** | **૧૦૭૨** | **૪૫૬** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી નીચે મુજબ વાહનો પાસેથી સ્થળ ઉપર નીચે મુજબનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી.

| વર્ષ | વડોદરા | | નર્મદા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| ૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮ | ૧૨૧ | ૭.૧૬ | ૧૭૭ | ૧૮.૬૪ |
| ૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯ | ૭૩ | ૪.૩૩ | ૨૩૩ | ૨૧.૩૬ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો પાસેથી કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ વાહનો પાસેથી નીચે મુજબની દંડની રકમ વસૂલ કરવામાં આવી.

| વર્ષ | વડોદરા | | નર્મદા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| ૧–૬–૨૦૧૭ થી ૩૧–૫–૨૦૧૮ | ૬૭૭ | ૪૩.૬૬ | ૧૯૪ | ૨૬.૩૪ |
| ૧–૬–૨૦૧૮ થી ૩૧–૫–૨૦૧૯ | ૩૯૫ | ૮.૭૦ | ૨૬૨ | ૩૦.૨૮ |

(૪)કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા ?

(૪) મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ કલમ–૨૦૭ હેઠળ ઓવરલોડ વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઇ નથી. મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ–૩ અનુસાર લાયસન્સ વગર વાહન ચલાવવું, કલમ–૪ અનુસાર પુરતી ઉંમર સિવાય વાહન ચલાવવું, કલમ–૩૯ અનુસાર રજીસ્ટ્રેશન કર્યા વિના વાહન ચલાવવા તથા ગુજરાત મોટર વ્હીકલ ટેક્સ એક્ટ ૧૯૫૮ની કલમ–૧૨–બી મુજબ વાહનોના બાકી ટેક્સ જેવા ગુના માટે વાહન ડીટેઈન

(સીઝ) કરવાની જોગવાઇ છે. જે અંતર્ગત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ૨૧૦ અને નર્મદા જિલ્લામાં ૪૬ વાહનો સીઝ કરવામાં આવ્યા.

---------

**અમદાવાદ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમના દાખલ કેસો**

૧૩૩૧૨ **શ્રી પ્રદિપભાઇ પરમાર** (અસારવા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, અમદાવાદ (મુખ્ય) ખાતે છેલ્લા બે વર્ષમાં કેટલા કેસો દાખલ થયેલ છે, અને | (૧) ૧૩૧૩ કેસો |
| (૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયેલ છે ? | (૨) ૨૫૩ કેસો |

---------

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં બીપીએલ પરીવારોની સંખ્યા**

૧૫૧૫૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા જિલ્લામાં બીપીએલ પરિવારોની સંખ્યા કેટલી છે,

(૧)

| જિલ્લો | તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ બી.પી.એલ. પરિવારોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૧૩૯૨૭૦ |
| વડોદરા | ૧૨૦૯૧૯ |

(૨) તે પૈકી બીપીએલ પરીવારોની સંખ્યા છેલ્લા બે વર્ષમાં વધી કે ઘટી, અને

(૨)

| જિલ્લો | તા.૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮ | તા.૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯ |
|---|---|---|
| અમદાવાદ | વધી | ફેરફાર નથી |
| વડોદરા | વધી | ફેરફાર નથી |

(૩) જો વધી હોય તો વર્ષવાર કેટલી વધી અને ઘટી તો વર્ષવાર કેટલી ઘટી ?

(૩)

| જિલ્લો | છેલ્લા બે વર્ષમાં વધેલ બીપીએલ પરીવારોની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮ | તા.૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯ |
| અમદાવાદ | ०७ | ફેરફાર નથી |
| વડોદરા | ०२ | ફેરફાર નથી |

---------

**આણંદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય અરજીઓ**

૧૩૩૩૭ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં સને ૨૦૧૮ ના કેલેન્ડર વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ આવી, | (૧) ૭૮ અરજીઓ |
| (૨) ઉક્ત પૈકી તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૭ અરજીઓ |
| (૩) તે પૈકી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૭,૦૦/- લાખ |

---------

**રાજકોટ જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય**

૧૩૩૪૯ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે | (૧) હા, જી |

બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, તે માટે તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ વર્ષ ૨૦૧૮-૧૯માં રાજકોટ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) રૂ.૪૦,૧૮૫/- (રૂ.ચાલીસ હજાર એક સો પંચ્યાસી પૂરા) સહાય ચૂકવવામાં આવી.

**ખેડા જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

૧૫૨૪૫ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ **પત્રક-૧** મુજબ રિલાયન્સ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લી. ને ચૂકવવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાવા ચૂકવવાપાત્ર થતા નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

| **તાલુકા** | **પાક** | **ખેડૂતો દ્વારા ચૂકવાયેલ પ્રિમિયમ (રૂ.)** | **રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.)** | **કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.)** |
|---|---|---|---|---|
| કઠલાલ | કપાસ (પિયત) | ૯૯,૭૯૨ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૮૨,૦૯૪ | ૪૧,૦૪૭ | ૪૧,૦૪૭ |
| | દિવેલા | ૧,૭૦૮ | ૪૨૭ | ૪૨૭ |
| | બાજરા | ૩,૯૬૬ | ૯૯૨ | ૯૯૨ |
| કપડવંજ | કપાસ (પિયત) | ૨,૭૬,૦૬૫ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૨૫,૮૭૮ | ૧૨,૯૩૯ | ૧૨,૯૩૯ |
| | દિવેલા | ૧૧,૦૯૫ | ૨,૭૭૪ | ૨,૭૭૪ |
| | બાજરા | ૭,૪૦૨ | ૧,૮૫૦ | ૧,૮૫૦ |
| ખેડા | કપાસ (પિયત) | ૩,૬૩૦ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૨૦,૪૫,૩૬૧ | ૧૦,૨૨,૬૮૧ | ૧૦,૨૨,૬૮૧ |
| ગળતેશ્વર | કપાસ (પિયત) | ૧૮,૧૪૦ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૧૮,૬૮૦ | ૯,૩૪૦ | ૯,૩૪૦ |
| | બાજરા | ૧૮,૨૧૮ | ૪,૫૫૪ | ૪,૫૫૪ |
| ઠાસરા | કપાસ (પિયત) | ૪૪,૬૨૯ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૩,૦૭,૧૧૧ | ૧,૫૩,૫૫૫ | ૧,૫૩,૫૫૫ |
| | બાજરા | ૧,૧૪૫ | ૨૮૬ | ૨૮૬ |
| નડિયાદ | ડાંગર (પિયત) | ૪,૮૨,૦૦૬ | ૨,૪૧,૦૦૩ | ૨,૪૧,૦૦૩ |
| | બાજરા | ૯,૧૪૭ | ૨,૨૮૭ | ૨,૨૮૭ |
| મહુધા | ડાંગર (પિયત) | ૨,૫૧,૭૪૧ | ૧,૨૫,૮૭૦ | ૧,૨૫,૮૭૦ |
| | બાજરા | ૧,૩૩૯ | ૩૩૫ | ૩૩૫ |
| મહેમદાવાદ | ડાંગર (પિયત) | ૧૩,૫૮,૮૦૨ | ૬,૭૯,૪૦૧ | ૬,૭૯,૪૦૧ |
| | બાજરા | ૫૬૫ | ૧૪૧ | ૧૪૧ |
| માતર | ડાંગર (પિયત) | ૧૦,૦૩,૧૫૭ | ૫,૦૧,૫૭૮ | ૫,૦૧,૫૭૮ |
| | બાજરા | ૨,૬૭૦ | ૬૬૭ | ૬૬૭ |
| વસો | ડાંગર (પિયત) | ૪,૭૮,૧૫૬ | ૨,૩૯,૦૭૮ | ૨,૩૯,૦૭૮ |
| | બાજરા | ૪,૫૩૭ | ૧,૧૩૪ | ૧,૧૩૪ |
| | **કુલ** | **૬૫,૫૭,૦૩૪** | **૩૦,૪૧,૯૩૯** | **૩૦,૪૧,૯૩૯** |

**આણંદ અને પંચમહાલ જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

૧૫૨૩૩ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર આણંદ અને

**જવાબ**

(૧) આણંદ અને પંચમહાલ જિલ્લામાં ખેડૂતો, રાજ્ય

પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે,

સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ **પત્રક-૧** મુજબ યુનિવર્સલ સોમ્પો જનરલ ઇન્સ્યોરન્સ કંપની લી.ને ચૂકવવામાં આવેલ છે.

(૨) તે અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાકવીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને

(૨) **પત્રક-૨** મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે ?

(૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**નવસારી જિલ્લામાં ઉભરાટ દરિયાકિનારે આવેલ કૉટેજો**

૧૫૨૮૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ઉભરાટ દરિયા કિનારે પ્રવાસીઓ માટે કેટલા કોટેજો આવેલા છે,

(૨) ઉક્ત કોટેજો ક્યારે બનાવવામાં આવેલ છે,

(૩) ઉક્ત કોટેજો પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કર્યો, અને

(૪) ઉક્ત કોટેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્રવાસીઓ આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ઉભરાટ દરિયા કિનારે આવેલ કુલ ૬૦ જેટલા કૉટેજો પૈકી હાલમાં પ્રવાસીઓ માટે ૪૪ કૉટેજો પીપીપી અંતર્ગત ખાનગી એજન્સી દ્વારા ચલાવવામાં આવે છે.

(૨) ઉક્ત કૉટેજો તા.૦૨-૧૨-૧૯૯૫ ના રોજ બનાવવામાં આવેલ છે.

(૩) ઉક્ત કૉટેજો પાછળ છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કોઇ ખર્ચ કરેલ નથી.

(૪) ઉક્ત કૉટેજો પીપીપી અંતર્ગત ખાનગી એજન્સી દ્વારા ચલાવવામાં આવતા હોઇ માહિતી ઉપલબ્ધ નથી.

---------

**મહેસાણા જિલ્લામાં વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૧૩૩૦૯ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય અન્ન નાગરિક અને પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત વ્યાપારી એકમો પાસેથી કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૨૪ વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.

(૨) ઉક્ત વ્યાપારી એકમો પાસેથી કુલ રૂપિયા ૮૬,૦૦૦/- (અંકે રૂપિયા છ્યાસી હજાર પૂરા) માંડવાળ ફી વસૂલ કરવામાં આવી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા**

૧૫૫૮૪ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧)

| **તાલુકા** | **તા.૩૧/૫/૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. કુટુંબોની સંખ્યા** |
|---|---|
| અમીરગઢ | ૧૩૬૨૨ |
| ભાભર | ૧૪૨૧૬ |
| દાંતા | ૨૪૧૦૬ |
| દાંતીવાડા | ૧૧૧૧૭ |
| ડીસા | ૩૦૮૫૯ |

| | |
|---|---|
| દિયોદર | ૧૪૨૭૮ |
| ધાનેરા | ૧૩૬૧૫ |
| કાંકરેજ | ૨૮૩૨૩ |
| પાલનપુર | ૨૩૯૦૫ |
| થરાદ | ૧૯૪૫૪ |
| વડગામ | ૨૧૪૯૪ |
| વાવ | ૨૧૭૯૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર બી.પી.એલ. યાદીમાંથી કેટલા નામો કમી કરવામાં આવ્યા અને કેટલા નવા ઉમેરવામાં આવ્યા ?

(૨)

| તાલુકા | બી.પી.એલ.યાદીમાંથી કમી કરેલ નામોની સંખ્યા | | બી.પી.એલ.યાદીમાંથી ઉમેરાયેલ નામોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | **૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮** | **૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮** | **૧-૬-૨૦૧૭ થી ૩૧-૫-૨૦૧૮** | **૧-૬-૨૦૧૮ થી ૩૧-૫-૨૦૧૯** |
| અમીરગઢ | ૦૦ | ૦૦ | ૦૯ | ૦૦ |
| ભાભર | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૫૮ |
| દાંતા | ૦૦ | ૦૦ | ૧૮ | ૦૫ |
| દાંતીવાડા | ૦૦ | ૦૦ | ૧૪ | ૦૮ |
| ડીસા | ૦૦ | ૦૦ | ૧૦ | ૨૪૦ |
| દિયોદર | ૦૦ | ૦૦ | ૧૭ | ૨૪૦ |
| ધાનેરા | ૦૦ | ૦૦ | ૧૫ | ૫૦ |
| કાંકરેજ | ૦૦ | ૦૦ | ૧૦૨ | ૬૬ |
| પાલનપુર | ૦૦ | ૦૦ | ૪૮ | ૧૬૭ |
| થરાદ | ૦૦ | ૦૦ | ૦૮ | ૦૦ |
| વડગામ | ૦૦ | ૦૦ | ૩૯ | ૨૧ |
| વાવ | ૦૦ | ૦૦ | ૦૦ | ૯૬ |

---------

## અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસિડીની અરજીઓ

૧૫૨૧૨ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાય/સબસિડી મેળવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાય/ સબસિડી મેળવવા નીચે મુજબ અરજીઓ મળેલ છે.

**અમરેલી**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | **તા. ૦૧-૦૪-૧૭ થી ૩૧-૦૩-૧૮** | **તા. ૦૧-૦૪-૧૮ થી ૩૧-૦૫-૧૯** |
| ૧ | અમરેલી | ૨૧૧ | ૫૩૩ |
| ૨ | કુકાવાવ વડિયા | ૨૫૪ | ૭૩૩ |
| ૩ | ખાંભા | ૧૦૨ | ૨૧૫ |
| ૪ | જાફરાબાદ | ૪૮ | ૧૦૧ |
| ૫ | ધારી | ૨૫૨ | ૪૧૫ |
| ૬ | બગસરા | ૧૦૮ | ૧૫૮ |
| ૭ | બાબરા | ૧૪૫ | ૪૮૪ |
| ૮ | રાજુલા | ૧૭૩ | ૫૦૮ |
| ૯ | લાઠી | ૨૪૦ | ૬૨૦ |
| ૧૦ | લીલીયા | ૧૭૪ | ૨૫૦ |
| ૧૧ | સાવરકુંડલા | ૩૭૦ | ૬૮૦ |
| | **કુલ** | **૨૦૭૭** | **૪૬૯૭** |

**જૂનાગઢ**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | **તા. ૦૧-૦૪-૧૭ થી ૩૧-૦૩-૧૮** | **તા. ૦૧-૦૪-૧૮ થી ૩૧-૦૫-૧૯** |

| | | | |
|---|---|---|---|
| ૧ | કેશોદ | ૪૪૩ | ૬૩૫ |
| ૨ | જૂનાગઢ | ૨૬૪ | ૨૦૨ |
| ૩ | ભેસાણ | ૪૫૫ | ૫૫૯ |
| ૪ | મેંદરડા | ૨૦૧ | ૧૯૯ |
| ૫ | માંગરોળ | ૪૧૩ | ૬૪૧ |
| ૬ | માણાવદર | ૪૨૨ | ૬૩૮ |
| ૭ | માળીયા(હા) | ૬૦૦ | ૮૭૭ |
| ૮ | વંથલી | ૨૯૩ | ૩૫૬ |
| ૯ | વિસાવદર | ૩૪૦ | ૫૨૭ |
| | **કુલ** | **૩૪૩૧** | **૪૬૩૪** |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસિડી ચૂકવવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસિડી ચૂકવવામાં આવી છે.

**અમરેલી**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧-૦૪-૧૭ થી ૩૧-૦૩-૧૮** | **તા. ૦૧-૦૪-૧૮ થી ૩૧-૦૫-૧૯** |
| ૧ | અમરેલી | ૧૫૬ | ૨૫૭ |
| ૨ | કુકાવાવ વડિયા | ૧૮૬ | ૪૦૨ |
| ૩ | ખાંભા | ૬૧ | ૬૪ |
| ૪ | જાફરાબાદ | ૩૩ | ૪૧ |
| ૫ | ધારી | ૧૮૭ | ૧૩૬ |
| ૬ | બગસરા | ૭૮ | ૧૨૦ |
| ૭ | બાબરા | ૧૧૫ | ૨૦૯ |
| ૮ | રાજુલા | ૧૨૩ | ૧૫૭ |
| ૯ | લાઠી | ૧૮૭ | ૩૧૦ |
| ૧૦ | લીલીયા | ૧૩૧ | ૧૧૫ |
| ૧૧ | સાવરકુંડલા | ૨૬૫ | ૨૩૯ |
| | **કુલ** | **૧૫૨૨** | **૨૦૫૦** |

**જૂનાગઢ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૦૧-૦૪-૧૭ થી ૩૧-૦૩-૧૮** | **તા. ૦૧-૦૪-૧૮ થી ૩૧-૦૫-૧૯** |
| ૧ | કેશોદ | ૨૩૭ | ૧૮૦ |
| ૨ | જૂનાગઢ | ૧૮૧ | ૧૩૮ |
| ૩ | ભેસાણ | ૩૩૩ | ૨૬૩ |
| ૪ | મેંદરડા | ૧૦૭ | ૧૩૭ |
| ૫ | માંગરોળ | ૨૬૭ | ૨૧૧ |
| ૬ | માણાવદર | ૨૫૫ | ૧૭૭ |
| ૭ | માળીયા(હા) | ૩૫૦ | ૨૨૭ |
| ૮ | વંથલી | ૧૫૮ | ૧૪૩ |
| ૯ | વિસાવદર | ૨૨૯ | ૨૧૯ |
| | **કુલ** | **૨૧૧૭** | **૧૬૯૫** |

(૩) ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને કેટલા ખેડૂતોને સહાય/સબસિડી ચૂકવવાની બાકી છે ?

(૩) તાલુકાવાર પડતર અરજીઓ અને સહાય/સબસિડી ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા નીચે મુજબ છે.

**અમરેલી**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પડતર અરજીની સંખ્યા** | **સહાય ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૭૫ | ૧૭૫ |
| ૨ | કુકાવાવ વડિયા | ૨૧૧ | ૨૧૧ |
| ૩ | ખાંભા | ૧૦૪ | ૧૦૪ |
| ૪ | જાફરાબાદ | ૩૬ | ૩૬ |
| ૫ | ધારી | ૧૮૧ | ૧૮૧ |

| | | | |
|---|---|---|---|
| ૬ | બગસરા | ૦ | ૦ |
| ૭ | બાબરા | ૧૯૮ | ૧૯૮ |
| ૮ | રાજુલા | ૨૫૨ | ૨૫૨ |
| ૯ | લાઠી | ૨૨૨ | ૨૨૨ |
| ૧૦ | લીલીયા | ૮૨ | ૮૨ |
| ૧૧ | સાવરકુંડલા | ૨૯૫ | ૨૯૫ |
| | **કુલ** | **૧૭૫૬** | **૧૭૫૬** |

**જૂનાગઢ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પડતર અરજીની સંખ્યા** | **સહાય ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | કેશોદ | ૨૬૩ | ૨૬૩ |
| ૨ | જૂનાગઢ | ૧ | ૧ |
| ૩ | ભેસાણ | ૨૦૬ | ૨૦૬ |
| ૪ | મેંદરડા | ૧ | ૧ |
| ૫ | માંગરોળ | ૨૦૭ | ૨૦૭ |
| ૬ | માણાવદર | ૨૭૭ | ૨૭૭ |
| ૭ | માળીયા(હા) | ૪૨૦ | ૪૨૦ |
| ૮ | વંથલી | ૧૩૫ | ૧૩૫ |
| ૯ | વિસાવદર | ૨૧૮ | ૨૧૮ |
| | **કુલ** | **૧૭૨૮** | **૧૭૨૮** |

---------

**કચ્છ જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

૧૫૧૧૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ **પત્રક–૧** મુજબ એમ્પેનેલ્ડ જાહેર સાહસ એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા ને ચૂકવવામાં આવેલ છે.

(૨) **પત્રક–૨** મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૧૩૨૨૫ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (માતર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયેલ છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ૫૮૫૪ આવાસો મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ૫૨૬૦ આવાસો પૂર્ણ થયેલ છે.

(૩) તે માટે કુલ રૂ.૫૩૫૩.૯૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજનાની અરજીઓ**

૧૩૩૧૭ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

તાલુકાવાર અગાઉની નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૨૪૬૧ |
| ૨ | દસ્ક્રોઇ | ૨૦૬૮ |
| ૩ | દેત્રોજ | ૨૬૭ |
| ૪ | ધંધુકા | ૩૨૬ |
| ૫ | ધોળકા | ૭૫૩ |
| ૬ | ધોલેરા | ૨૯ |
| ૭ | બાવળા | ૪૮૨ |
| ૮ | માંડલ | ૨૦૭ |
| ૯ | વિરમગામ | ૬૩૩ |
| ૧૦ | સાણંદ | ૪૮૯ |
| | **કુલ** | **૧૭૭૧૫** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| વિગત | કુલ અરજીઓ |
|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૧૩૭૧૮ |
| બેંકોએ મંજૂર કરેલ અરજીઓ | ૮૮૮૩ |

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

(૩) કુલ રૂ.૩૬૧૫.૫૨ લાખની મંજૂર કરવામાં આવેલ છે.

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો**

૧૫૨૪૨ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| વર્ષ | ખેડા | મહીસાગર |
|---|---|---|
| ૧–૬–૨૦૧૭થી ૩૧–૫–૨૦૧૮ | ૬૫૩ | ૧૪૦ |
| ૧–૬–૨૦૧૮થી ૩૧–૫–૨૦૧૯ | ૩૨૩ | ૧૯૦ |
| **કુલ** | **૯૭૬** | **૩૩૦** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી,

| | | તા. ૦૧–૦૪–૧૭ થી ૩૧–૦૩–૧૮ | તા. ૦૧–૦૪–૧૮ થી ૩૧–૦૫–૧૯ |
| ૧ | ડોલવણ | ૭૬ | ૧૨૭ |
| ૨ | વાળોડ | ૬૦ | ૮૧ |
| ૩ | વ્યારા | ૬૨ | ૧૬૫ |
| ૪ | સોનગઢ | ૧૦૭ | ૩૦૫ |
| ૫ | ઉચ્છલ | ૪૪ | ૧૦૬ |
| ૬ | નિઝર | ૮૭ | ૧૩૧ |
| ૭ | કુકરમુંડા | ૬૬ | ૧૨૭ |
| | **કુલ** | **૫૦૨** | **૧૦૪૨** |

**નવસારી**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા. ૦૧–૦૪–૧૭ થી ૩૧–૦૩–૧૮ | તા. ૦૧–૦૪–૧૮ થી ૩૧–૦૫–૧૯ |
| ૧ | વાંસદા | ૩૬ | ૫૭ |
| ૨ | ચીખલી | ૮૩ | ૯૭ |
| ૩ | ખેરગામ | ૨૩ | ૩૦ |
| ૪ | ગણદેવી | ૭૬ | ૮૧ |

| | | | |
|---|---|---|---|
| ૫ | નવસારી | ૭૯ | ૧૦૧ |
| ૬ | જલાલપોર | ૬૯ | ૮૦ |
| | **કુલ** | **૩૬૬** | **૪૪૬** |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસિડી ચૂકવવામાં આવી, અને

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય/સબસિડી ચૂકવવામાં આવી છે.

**તાપી**

| ક્રમ | તાલુકાનું નામ | સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા. ૦૧-૦૪-૧૭ થી ૩૧-૦૩-૧૮ | તા. ૦૧-૦૪-૧૮ થી ૩૧-૦૫-૧૯ |
| ૧ | ડોલવણ | ૩૪ | ૩૩ |
| ૨ | વાળોડ | ૨૯ | ૨૬ |
| ૩ | વ્યારા | ૩૮ | ૫૩ |
| ૪ | સોનગઢ | ૪૪ | ૭૦ |
| ૫ | ઉચ્છલ | ૧૬ | ૨૨ |
| ૬ | નિઝર | ૨૫ | ૨૯ |
| ૭ | કુકરમુંડા | ૨૩ | ૩૭ |
| | **કુલ** | **૨૦૯** | **૨૭૦** |

**નવસારી**

| ક્રમ | તાલુકાનું નામ | સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા. ૦૧-૦૪-૧૭ થી ૩૧-૦૩-૧૮ | તા. ૦૧-૦૪-૧૮ થી ૩૧-૦૫-૧૯ |
| ૧ | વાંસદા | ૮ | ૨૪ |
| ૨ | ચીખલી | ૨૭ | ૩૦ |
| ૩ | ખેરગામ | ૧૨ | ૧૦ |
| ૪ | ગણદેવી | ૨૭ | ૨૭ |
| ૫ | નવસારી | ૪૪ | ૪૧ |
| ૬ | જલાલપોર | ૩૯ | ૪૫ |
| | **કુલ** | **૧૫૭** | **૧૭૭** |

(૩) ઉકત તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને કેટલા ખેડૂતોને સહાય/સબસિડી ચૂકવવાની બાકી છે ?

(૩) ઉક્ત પૈકી નીચે મુજબ તાલુકાવાર અરજીઓ પડતર છે અને ખેડૂતને સહાય/સબસિડી ચૂકવવાની બાકી છે.

**તાપી**

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીની સંખ્યા | સહાય ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડોલવણ | ૫૮ | ૫૮ |
| ૨ | વાળોડ | ૩૩ | ૩૩ |
| ૩ | વ્યારા | ૭૪ | ૭૪ |
| ૪ | સોનગઢ | ૧૭૯ | ૧૭૯ |
| ૫ | ઉચ્છલ | ૫૧ | ૫૧ |
| ૬ | નિઝર | ૫૧ | ૫૧ |
| ૭ | કુકરમુંડા | ૫૪ | ૫૪ |
| | **કુલ** | **૫૦૦** | **૫૦૦** |

**નવસારી**

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીની સંખ્યા | સહાય ચૂકવવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વાંસદા | ૮ | ૮ |
| ૨ | ચીખલી | ૧૧ | ૧૧ |
| ૩ | ખેરગામ | ૧૩ | ૧૩ |
| ૪ | ગણદેવી | ૭ | ૭ |
| ૫ | નવસારી | ૧૬ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૬ | જલાલપોર | ૪ | ૪ |
| | **કુલ** | **૫૯** | **૫૯** |

---------

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ

૧૫૧૮૭ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે ૫૭૩૯ અરજીઓ અને પોરબંદર જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ૧૭૭૩ અરજીઓ મળી.

(૨) (૩) અને (૪) ઉક્ત અરજીઓ પૈકી નીચે મુજબ અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવેલ છે.

**રાજકોટ**

| **વર્ષ** | **૧–૬–૧૭ થી ૩૧–૫–૧૮** | **૧–૬–૧૮ થી ૩૧–૫–૧૯** |
|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૨૪૩૪ | ૨૨૧૨ |
| બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૯૪૪ | ૯૦૯ |

રાજકોટ જિલ્લામાં નીચે મુજબ વર્ષવાર સહાય ચૂકવવામાં આવેલ છે.

(રકમ રૂ.લાખમાં)

| **વર્ષ** | **૧–૬–૧૭ થી ૩૧–૫–૧૮** | **૧–૬–૧૮ થી ૩૧–૦૫–૧૯** |
|---|---|---|
| સહાય | ૩૮૧.૧૪ | ૩૧૬.૧૧ |

**પોરબંદર**

| **વર્ષ** | **૧–૬–૧૭ થી ૩૧–૫–૧૮** | **૧–૬–૧૮ થી ૩૧–૫–૧૯** |
|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૮૭૧ | ૬૮૮ |
| બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૩૬૬ | ૩૬૬ |

પોરબંદર જિલ્લામાં નીચે મુજબ વર્ષવાર સહાય ચૂકવવામાં આવેલ છે.

(રકમ રૂ.લાખમાં)

| **વર્ષ** | **૧–૬–૧૭ થી ૩૧–૫–૧૮** | **૧–૬–૧૮ થી ૩૧–૦૫–૧૯** |
|---|---|---|
| સહાય | ૧૪૯.૫૬ | ૧૩૨.૦૭ |

---------

## પંચમહાલ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ

૧૩૪૯૮ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી સેવા સહાકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલી રકમની સહાય આપવામાં આવેલ

**જવાબ**

(૧) ૮૦

(૨) રૂ. ૨૦,૧૪,૮૦૦/–

છે ?

**જામનગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ**

૧૩૫૦૧ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૨૪ |
| (૨) તે માટે કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે? | (૨) રૂ. ૧૩,૩૨,૫૦૦/– |

**વાઘોડિયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના**

૧૩૫૧૬ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાની વાઘોડિયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) "૦" (શૂન્ય) |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

૧૫૨૦૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઇ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે, | (૧) ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ પત્રક–૧ મુજબ ભારતી અક્ષા જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.ને ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને | (૨) પત્રક– ૨ મુજબ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે? | (૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક–૧**

| તાલુકા | પાક | ખેડૂતો દ્વારા ચૂકવાયેલ પ્રિમિયમ (રૂ.) | રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) | કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) |
|---|---|---|---|---|
| ઉના | કપાસ (પિયત) | ૩૬,૪૨,૮૬૪ | ૦ | ૦ |
| | મગફળી | ૧૬,૦૮,૯૧૨ | ૦ | ૦ |
| કોડીનાર | કપાસ (પિયત) | ૫૮,૦૦૦ | ૦ | ૦ |
| | મગફળી | ૩,૧૩,૭૧૯ | ૦ | ૦ |
| ગીર ગઢડા | કપાસ (પિયત) | ૪૫,૪૮,૫૦૩ | ૦ | ૦ |
| | મગફળી | ૨૭,૫૧,૫૪૧ | ૦ | ૦ |
| તાલાલા | દિવેલા | ૫,૬૨૫ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | મગફળી | ૯,૦૩,૨૨૭ | ૦ | ૦ |
| પાટણ–વેરાવળ | મગફળી | ૩૮,૧૬,૫૩૭ | ૦ | ૦ |
| સુત્રાપાડા | કપાસ (પિયત) | ૧૪,૮૯૨ | ૦ | ૦ |
| | મગફળી | ૨૪,૫૫,૧૮૧ | ૦ | ૦ |
| | **કુલ** | **૨,૦૧,૧૯,૦૦૩** | **૦** | ૦ |

**પત્રક–૨**

| તાલુકા | પાક | દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવાયેલ દાવાઓની રકમ (રૂ.) |
|---|---|---|---|
| ઉના | મગફળી | ૧૭૦ | ૩૩,૪૮,૩૦૩ |
| કોડીનાર | મગફળી | ૫ | ૪૩,૬૦૯ |
| ગીર ગઢડા | મગફળી | ૪૮ | ૨૨,૯૭,૪૮૨ |
| તાલાલા | મગફળી | ૨ | ૫,૬૩૦ |
| પાટણ–વેરાવળ | મગફળી | ૭૩૬ | ૯૪,૬૪,૮૫૩ |
| સુત્રાપાડા | મગફળી | ૨,૦૭૯ | ૨,૦૧,૭૧,૧૮૬ |
| | **કુલ** | **૩,૦૪૦** | **૩,૫૩,૩૧,૦૬૨** |

---------

**શિહોર બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના**

૧૩૫૧૫ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાની શિહોર બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) "૦" (શૂન્ય) |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં વિજેતા ખેલાડીઓને શિષ્યવૃતિ આપવા બાબત**

૧૩૫૨૯ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રકક્ષાએ વિજેતા થનાર ખેલાડીઓને કોઈ શિષ્યવૃતિ આપવાની યોજના અમલમાં છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા વિજેતા ખેલાડીઓને કેટલી શિષ્યવૃતિ આપવામાં આવી, અને | (૨) ૩૪ ખેલાડીઓને રૂ.૮૫૦૦૦/–ની શિષ્યવૃતિ આપવામાં આવી. |
| (૩) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૩) રૂ.૮૫,૦૦૦/– |

---------

**લાઠી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૧૩૫૧૯ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક | (૧) રૂ. ૧૧.૮૫ લાખ |

વર્ષમાં અમરેલી જિલ્લાની લાઠી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

(૨) રૂ. ૧૧.૮૫ લાખ

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આર.ટી.ઓ દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો**

૧૫૧૯૦ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવાડ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| વર્ષ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૩૬૧ | ૬૯ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૨૬૦ | ૫૨ |
| **કુલ** | **૬૨૧** | **૧૨૧** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી,

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી નીચે મુજબના વાહનો પાસેથી સ્થળ ઉપર નીચે મુજબની રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી

| વર્ષ | જામનગર | | દેવભૂમિ દ્વારકા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૨૩૦ | ૧૭.૭૦ | ૬૯ | ૨.૭૨ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૨૬૬ | ૧૧.૬૫ | ૫૨ | ૨.૭૮ |
| **કુલ** | **૪૯૬** | **૨૯.૩૫** | **૧૨૧** | **૫.૫૦** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો પાસેથી કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના વાહનો પાસેથી નીચે મુજબની દંડની રકમ વસૂલ કરવામાં આવી

| વર્ષ | જામનગર | | દેવભૂમિ દ્વારકા | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૩૬૧ | ૩૦.૧૨ | ૬૯ | ૨.૭૨ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૨૬૦ | ૨૪.૫૧ | ૫૨ | ૨.૭૮ |
| **કુલ** | **૬૨૧** | **૫૪.૬૩** | **૧૨૧** | **૫.૫૦** |

(૪) કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા ?

(૪) મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ કલમ-૨૦૭ હેઠળ ઓવરલોડ વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ નથી.

મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ-૩ અનુસાર

લાયસન્સ વગર વાહન ચલાવવું, કલમ–૪ અનુસાર પુરતી ઉંમર સિવાય વાહન ચલાવવું, કલમ–૩૯ અનુસાર રજીસ્ટ્રેશન કર્યા વિના વાહન ચલાવવા તથા ગુજરાત મોટર વ્હીકલ ટેક્સ એક્ટ ૧૯૫૮ ની કલમ–૧૨–બી મુજબ વાહનોના બાકી ટેક્સ જેવા ગુના માટે વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ છે.

જે અંતર્ગત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ૪૮ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૬૧ વાહનો સીઝ કરવામાં આવ્યા.

---------

**બોટાદ જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

૧૫૨૨૯ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) બોટાદ જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ પત્રક–૧ મુજબ એમ્પેનેલ્ડ જાહેર સાહસ એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયાને ચૂકવવામાં આવેલ છે.

(૨) પત્રક– ૨ મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક–૧**

| તાલુકા | પાક | ખેડૂતો દ્વારા ચૂકવાયેલ પ્રિમિયમ (રૂ.) | રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) | કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) |
|---|---|---|---|---|
| ગઢડા | કપાસ (પિયત) | ૫,૦૨,૩૮,૭૭૯ | ૬,૭૮,૨૨,૩૫૫ | ૬,૭૮,૨૨,૩૫૫ |
| | બાજરા | ૧૧૬ | ૨૩૩ | ૨૩૩ |
| બરવાળા | કપાસ (પિયત) | ૩૧,૭૯,૭૧૩ | ૪૨,૯૨,૬૧૩ | ૪૨,૯૨,૬૧૩ |
| | કપાસ (બિન પિયત) | ૩૪,૨૧૫ | ૩૪,૨૧૫ | ૩૪,૨૧૫ |
| બોટાદ | કપાસ (પિયત) | ૩,૭૭,૬૬,૨૫૨ | ૫,૦૯,૮૪,૪૪૫ | ૫,૦૯,૮૪,૪૪૫ |
| | કપાસ (બિન પિયત) | ૬,૮૯૬ | ૬,૮૯૬ | ૬,૮૯૬ |
| | તલ | ૧૯,૪૩૨ | ૬૩,૧૫૪ | ૬૩,૧૫૪ |
| રાણપુર | કપાસ (પિયત) | ૧,૫૦,૮૯,૪૦૫ | ૨,૦૩,૭૦,૬૯૮ | ૨,૦૩,૭૦,૬૯૮ |
| | કપાસ (બિન પિયત) | ૪,૫૧,૯૫૫ | ૪,૫૧,૯૫૫ | ૪,૫૧,૯૫૫ |
| **કુલ** | | **૧૦,૬૭,૮૬,૭૬૩** | **૧૪,૪૦,૨૬,૫૬૪** | **૧૪,૪૦,૨૬,૫૬૪** |

**પત્રક–૨**

| **તાલુકા** | **પાક** | **દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા** | **ચૂકવાયેલ દાવાઓની રકમ (રૂ.)** |
|---|---|---|---|
| ગઢડા | કપાસ (પિયત) | ૧,૧૮૩ | ૧,૩૬,૯૭,૦૦૦ |
| બોટાદ | કપાસ (પિયત) | ૧,૪૧૦ | ૨,૨૦,૨૧,૨૨૪ |
| | તલ | ૩૩ | ૧,૫૦,૧૫૬ |
| રાણપુર | કપાસ (પિયત) | ૨,૭૭૭ | ૩,૯૬,૭૦,૩૪૮ |
| **કુલ** | | **૫,૪૦૩** | **૭,૫૫,૩૮,૭૨૮** |

---------

**લાઠી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૧૩૫૧૮ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લાની લાઠી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ. ૧૧.૮૫ લાખ

(૨) રૂ. ૧૧.૮૫ લાખ

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો**

૧૫૨૨૦ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો પાસેથી કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| **વર્ષ** | **અમરેલી** | **ભાવનગર** |
|---|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | ૩૧૬ | ૧૫૩ |
| તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | ૫૪૨ | ૧૫૭ |
| **કુલ** | **૮૫૮** | **૩૧૦** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી નીચે મુજબના વાહનો પાસેથી સ્થળ ઉપર નીચે મુજબની દંડ લઈ માંડવાળ કરવામાં આવી

| **વર્ષ** | **અમરેલી** | | **ભાવનગર** | |
|---|---|---|---|---|
| | **વાહનની સંખ્યા** | **વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં)** | **વાહનની સંખ્યા** | **વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં)** |
| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | ૨૬ | ૦.૩૪ | ૯૨ | ૨.૯૭ |
| તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | ૩૨ | ૦.૬૯ | ૬૮ | ૧.૯૦ |
| **કુલ** | **૫૮** | **૧.૦૩** | **૧૬૦** | **૪.૮૭** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના વાહનો પાસેથી નીચે મુજબની દંડની રકમ વસૂલ કરવામાં આવી

| વર્ષ | અમરેલી | | ભાવનગર | |
|---|---|---|---|---|
| | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૩૧૬ | ૧૧.૫૩ | ૧૫૩ | ૫.૮૭ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૫૪૨ | ૧૬.૮૪ | ૧૫૭ | ૬.૯૧ |
| **કુલ** | **૮૫૮** | **૨૮.૩૭** | **૩૧૦** | **૧૨.૭૮** |

(૪) કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા ?

(૪) મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ કલમ-૨૦૭ હેઠળ ઓવરલોડ વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ નથી.

મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ-૩ અનુસાર લાયસન્સ વગર વાહન ચલાવવું, કલમ-૪ અનુસાર પુરતી ઉંમર સિવાય વાહન ચલાવવું, કલમ-૩૯ અનુસાર રજીસ્ટ્રેશન કર્યા વિના વાહન ચલાવવા તથા ગુજરાત મોટર વ્હીકલ ટેક્સ એક્ટ ૧૯૫૮ ની કલમ-૧૨-બી મુજબ વાહનોના બાકી ટેક્સ જેવા ગુના માટે વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ છે.

જે અંતર્ગત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ૪૨ અને ભાવનગર જિલ્લામાં ૭૩ વાહનો સીઝ કરવામાં આવ્યા.

## દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો

૧૫૨૫૬ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના ઓવરલોડેડ વાહનો આર.ટી.ઓ. દ્વારા પકડવામાં આવ્યા.

| | દાહોદ | છોટાઉદેપુર |
|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧૪૧૦ | ૫૩૯ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૭૫૭ | ૮૦૬ |
| **કુલ** | **૨૧૬૭** | **૧૩૪૫** |

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી કેટલા વાહનો પાસેથી સ્થળ ઉપર કેટલી રકમનો દંડ લઈ માંડવાળ કરવામાં આવી,

(૨) ઉક્ત પકડવામાં આવેલ વાહનો પૈકી નીચે મુજબ વાહનો પાસેથી સ્થળ ઉપર નીચે મુજબની રકમ દંડ લઈ માંડવાળ કરવામાં આવી.

| વર્ષ | દાહોદ | | છોટાઉદેપુર | |
|---|---|---|---|---|
| | વાહનોની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનોની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧૪૧૦ | ૮૪.૭૭ | ૭૮ | ૫.૪૬ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૭૫૭ | ૪૮.૪૭ | ૧૨૪ | ૮.૦૬ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો પાસેથી કેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ વાહનો પાસેથી નીચે મુજબની દંડની રકમ વસૂલ કરવામાં આવી.

| વર્ષ | દાહોદ | છોટાઉદેપુર |
|---|---|---|

| | વાહનોની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) | વાહનોની સંખ્યા | વસૂલ કરેલ દંડ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧૪૧૦ | ૮૪.૭૭ | ૫૨૪ | ૫૨.૪૦ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૭૫૭ | ૪૮.૪૭ | ૭૮૪ | ૬૩.૪૨ |
| કુલ | ૨૧૬૭ | ૧૩૩.૨૪ | ૧૩૦૮ | ૧૧૫.૮૨ |

(૪) કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા ?

(૪) મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ કલમ-૨૦૭ હેઠળ ઓવરલોડ વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ નથી.

મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ-૩ અનુસાર લાયસન્સ વગર વાહન ચલાવવું, કલમ-૪ અનુસાર પુરતી ઉંમર સિવાય વાહન ચલાવવું, કલમ-૩૯ અનુસાર રજીસ્ટ્રેશન કર્યા વિના વાહન ચલાવવા તથા ગુજરાત મોટર વ્હીકલ ટેક્સ એક્ટ ૧૯૫૮ ની કલમ-૧૨-બી મુજબ વાહનોના બાકી ટેક્સ જેવા ગુના માટે વાહન ડીટેઈન (સીઝ) કરવાની જોગવાઈ છે.

જે અંતર્ગત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં શૂન્ય અને છોટાઉદેપુર જિલ્લામાં ૧૪૯ વાહનો સીઝ કરવામાં આવ્યા.

---------

## અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં બીપીએલ કાર્ડ/વ્યક્તિઓની સંખ્યા

૧૫૧૬૦ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ જિલ્લાઓમાં જિલ્લાવાર કેટલા બીપીએલ કાર્ડ છે અને વ્યક્તિઓની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) બીપીએલ કાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ કરે છે, જ્યારે બીપીએલ કુટુંબોના સર્વે અને યાદીની કાર્યવાહી ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. જેના અનુસંધાને તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ જીલ્લાઓમાં બીપીએલ કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| જિલ્લો | કુટુંબની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૧૩૯૨૭૦ |
| રાજકોટ | ૯૭૪૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલા બીપીએલ કાર્ડમાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને

(૨) બીપીએલ કાર્ડની વિગતો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ પુરી પાડી શકે છે. પરંતુ તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ જિલ્લાઓમાં બીપીએલ કુટુંબોમાં થયેલ વધારા ઘટાડાની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | વિગત |
|---|---|
| અમદાવાદ | ૭ કુટુંબનો વધારો થયેલ છે |
| રાજકોટ | ૧૧૯ કુટુંબ નો વધારો થયેલ છે. |

(૩) ઉક્ત વધારા કે ઘટાડાને લીધે જિલ્લાવાર કેટલી વ્યક્તિઓનો વધારો કે ઘટાડો થયો?

(૩) બીપીએલ સર્વેમાં કુટુંબોની ગણતરી થાય છે, વ્યક્તિઓની ગણતરી થતી નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## દાહોદ અને ભરૂચ જિલ્લામાં પ્રવાસન સ્થળો

૧૫૨૫૩ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને ભરૂચ જિલ્લામાં કયા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરેલ છે, | (૧) તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ દાહોદ અને ભરૂચ જિલ્લામાં કોઇ સ્થળને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ પ્રવાસન સ્થળવાર કયા કામો પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈપણ રકમનો ખર્ચ કરવામાં આવ્યો ન હોય તો તેના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના**

૧૩૫૨૮ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પેન્શનરોને પેન્શન ચૂકવવામાં આવે છે, અને | (૨) પેન્શરનરની સંખ્યા નીચે મુજબ છે. |

| | |
|---|---|
| તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | ૩૭ |
| તા.૧-૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | ૩૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો? | (૩) રૂ.૨૬,૨૮,૦૦૦/- |

---------

**વડોદરા જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

૧૫૨૬૫ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર, અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે, | (૧) વડોદરા જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ પત્રક-૧ મુજબ ભારતી અક્ષા જનરલ ઇન્સ્યોરન્સ કંપની લી.ને ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને | (૨) પત્રક- ૨ મુજબ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે? | (૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક-૧**

| તાલુકા | પાક | ખેડૂતો દ્વારા ચૂકવાયેલ પ્રિમિયમ (રૂ.) | રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) | કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) |
|---|---|---|---|---|
| કરજણ | કપાસ (પિયત) | ૬૪,૩૦૮ | ૦ | ૦ |
| ડભોઈ | કપાસ (પિયત) | ૩,૯૬,૪૪૭ | ૦ | ૦ |
| | કપાસ (બિન પિયત) | ૬,૧૪૪ | ૦ | ૦ |

| તાલુકા | પાક | ખેડૂતો દ્વારા ચૂકવાયેલ પ્રિમિયમ (રૂ.) | રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) | કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવવા પાત્ર પ્રિમિયમ સહાય (રૂ.) |
|---|---|---|---|---|
| | ડાંગર (પિયત) | ૩,૧૮,૬૯૦ | ૦ | ૦ |
| | તુવેર | ૧૩,૦૪૩ | ૦ | ૦ |
| | દિવેલા | ૧,૨૩૭ | ૦ | ૦ |
| ડેસર | કપાસ (પિયત) | ૩,૧૨,૬૨૦ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૧૪,૩૦૭ | ૦ | ૦ |
| | દિવેલા | ૭,૩૮૪ | ૦ | ૦ |
| પાદરા | કપાસ (પિયત) | ૯,૮૫,૪૬૩ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૩,૯૦૬ | ૦ | ૦ |
| | તુવેર | ૬૩૫ | ૦ | ૦ |
| વડોદરા | કપાસ (પિયત) | ૩,૫૭,૨૭૨ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૧૬,૩૫૨ | ૦ | ૦ |
| | તુવેર | ૯,૬૬૩ | ૦ | ૦ |
| વડોદરા સીટી (ઉત્તર) | ડાંગર (પિયત) | ૩૫૧ | ૦ | ૦ |
| વડોદરા સીટી (દક્ષિણ) | કપાસ (પિયત) | ૨,૪૬૦ | ૦ | ૦ |
| વડોદરા સીટી (પૂર્વ) | કપાસ (પિયત) | ૧,૫૦૦ | ૦ | ૦ |
| વાઘોડિયા | કપાસ (પિયત) | ૫,૯૩,૫૬૪ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૧,૪૫,૭૩૯ | ૦ | ૦ |
| | તુવેર | ૧૬,૫૬૪ | ૦ | ૦ |
| સાવલી | કપાસ (પિયત) | ૨,૭૫,૭૯૪ | ૦ | ૦ |
| | ડાંગર (પિયત) | ૨૦,૧૯૦ | ૦ | ૦ |
| | તુવેર | ૨૨,૮૭૮ | ૦ | ૦ |
| | દિવેલા | ૧,૦૦,૭૫૯ | ૦ | ૦ |
| | બાજરા | ૩૧૪ | ૦ | ૦ |
| સિનોર | કપાસ (પિયત) | ૧૪,૩૦૫ | ૦ | ૦ |
| | **કુલ** | **૩૭,૦૧,૮૮૯** | **૦** | **૦** |

**પત્રક–૨**

| તાલુકા | પાક | દાવા ચૂકવાયેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવાયેલ દાવાઓની રકમ (રૂ.) |
|---|---|---|---|
| પાદરા | કપાસ (પિયત) | ૪ | ૨૮,૨૨૦ |
| | **કુલ** | **૪** | **૨૮,૨૨૦** |

**આણંદ અને વલસાડ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરુ કરવાની અરજીઓ**

૧૫૨૩૮ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ આણંદ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે ૧૧૫૬૬ અરજીઓ અને વલસાડ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ૬૦૮૬ અરજીઓ મળી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ માટે લોન પુરી પાડવા બેન્કોને ભલામણ કરવામાં આવી, અને

(૪) બેન્કોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેન્કો દ્વારા લોન પૂરી પાડવામાં આવી ?

(૨),(૩) અને (૪) ઉક્ત અરજીઓ પૈકી નીચે મુજબ અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવેલ છે.

**આણંદ**

| **વર્ષ** | **૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | **૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯** |
|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૫૯૯૯ | ૪૭૮૮ |
| બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૪૩૫૫ | ૪૫૨૨ |

આણંદ જિલ્લામાં નીચે મુજબ વર્ષવાર સહાય ચૂકવવામાં આવેલ છે.

**(રકમ રૂ. લાખમાં)**

| **વર્ષ** | **૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | **૧-૬-૧૮ થી ૩૧-૦૫-૧૯** |
|---|---|---|
| સહાય | ૧૬૭૫.૨૨ | ૨૫૬૧.૩૪ |

**વલસાડ**

| **વર્ષ** | **૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | **૧-૬-૧૮ થી ૩૧-૫-૧૯** |
|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૩૨૩૧ | ૨૨૯૩ |
| બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૧૪૨૧ | ૧૩૮૩ |

વલસાડ જિલ્લામાં નીચે મુજબ વર્ષવાર સહાય ચૂકવવામાં આવેલ છે.

**(રકમ રૂ. લાખમાં)**

| **વર્ષ** | **૧-૬-૧૭ થી ૩૧-૫-૧૮** | **૧-૬-૧૮ થી ૩૧-૦૫-૧૯** |
|---|---|---|
| સહાય | ૧૦૬૧.૧૪ | ૭૦૯.૮૧ |

---------

**ખેડબ્રહ્મા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૧૩૪૮૮ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ. ૫૯.૬૦ લાખ.

(૨) રૂ. ૫૯.૬૦ લાખ.

---------

**નવસારી જિલ્લામાં ઝીંગા ઉછેર ફાર્મ**

૧૩૫૫૧ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં આવેલ ઝીંગા ઉછેર ફાર્મના માળખાકીય સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં છે, કે કેમ,

(૨) જો હા તો રાજ્ય સરકાર દ્વારા ઝીંગા ઉછેર ફાર્મના વિકાસ માટે કઈ સુવિધા આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઝીંગા ઉછેર ફાર્મો માટે માળખાકીય સુવિધા તરીકે રોડ-રસ્તા, ડ્રેનેજ અને વીજળી જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

(૩) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં માળખાકીય સુવિધામાં કઈ સવલતો આપવામાં આવેલ છે ?

(૩) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં માળખાકીય ઘટક તળે રોડ - રસ્તાની સુવિધાઓ આપવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ**

૧૫૧૩૦ **શ્રી શિવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૮ના ખરીફ પાકવાર બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલું પ્રિમિયમ ખેડૂતો, કેટલું પ્રિમિયમ રાજ્ય સરકાર અને કેટલું પ્રિમિયમ કેન્દ્ર સરકાર દ્વારા કઈ ખાનગી વીમા કંપનીને ચૂકવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત પાકવાર અને તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ પાક વીમા વળતર તરીકે ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પાક વીમા વળતર ચૂકવવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં ખેડૂતો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનું પ્રિમિયમ પત્રક-૧ મુજબ યુનિવર્સલ સોમ્પો જનરલ ઇન્સ્યોરન્સ કંપની લી.ને ચૂકવવામાં આવેલ છે.

(૨) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ દાવા ચૂકવવાપાત્ર થતા નથી, જ્યારે બનાસકાંઠા જિલ્લાની માહીતી પત્રક-૨ મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ચૂકવવાપાત્ર દાવા ચૂકવવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

અધ્યક્ષશ્રી : આમાં નહીં પ્લીઝ.. પ્લીઝ આમાં નહીં.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સાહેબ, મારી બહુ અગત્યની વાત છે.

અધ્યક્ષશ્રી : ના, જી, ના, જી. પ્લીઝ બેસી જાવ. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન શેમાં પ્રશ્નકાળમાં?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારે બહુ મહત્વની બાબતો ઉભી કરવી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળમાં નહીં પછી કરજો. પ્રશ્નકાળમાં હોય નહીં. પ્રશ્નકાળ પૂરો થઇ ગયા પછી પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન શું?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : પ્રશ્ન તો પૂછવા દો.

અધ્યક્ષશ્રી : ના, ના આપણે ખોટી પ્રથા પાડવી નથી. પ્લીઝ.. પ્લીઝ..

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : બહુ મહત્ત્વની બાબત ઉપસ્થિત થઇ છે એટલા માટે કહું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ બેસી જાવ, બેસી જાવ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય.)

અધ્યક્ષશ્રી : શેના માટે ઉભા થાવ છો શ્રી પુંજાભાઇ? શું છે?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન.

અધ્યક્ષશ્રી : ફોર વોટ? શેના ઉપર? વિષય તો કહો?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આજની પ્રશ્નોત્તરીમાં જે જવાબો...

અધ્યક્ષશ્રી : આમાં પ્રશ્નોત્તરી માટેનું કશું ના હોય. કશું ના હોય.. પ્લીઝ, ના હોય, ના હોય એનો આગ્રહ કરશો નહીં. જે વસ્તુ શકય ના હોય એનો આગ્રહ કરશો નહીં પ્લીઝ..

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના હિતમાં છે.

અધ્યક્ષશ્રી : ગુજરાતના હિતમાં બહુ દિવસો છે. આપને હું બોલવા દઇશ ત્યારે વધારે બોલજો. હું એના માટે તમને એક મિનિટ સ્પેશિયલ વધારે આપીશ. પ્લીઝ..(અંતરાય) હજી ઘણા દિવસ આપણે સાથે છીએ. પછી એની વાત કરજો. એવું હોય તો લેખિતમાં આપજો, હું જોઇશ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : બહુ મહત્ત્વની બાબત છે. (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એક મિનિટ સાંભળો તો ખરા.

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળની બાબતનું કંઇ હોય નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ના હોય તો રદ કરજો.

અધ્યક્ષશ્રી : રદ કરજો એટલે**?** શ્રી પુંજાભાઇ**,** મારે એ બાબતમાં સાંભળવું જ નથી. તમે મને એવો કોઇ ફોર્સ પાડી શકો નહીં**.** પ્રશ્નકાળની બાબતમાં અમે કંઇ સાંભળવા માગતા નથી. (અંતરાય) પ્લીઝ બેસી જાવ**,** ઘણું થયું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેનું વર્તન અયોગ્ય છે, સભાગૃહનું અપમાન છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમની બોડી લેંગ્વેજ, જે પ્રમાણે આપને, જે પદ્ધતિથી કહ્યું છે એ બરાબર નથી.

અધ્યક્ષશ્રી : કોઇ રીતે બરાબર નથી, ધેર ફોર આઇ એમ નોટ એલાવીંગ. આ બાબત હું સ્વીકારતો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નકાળ પૂરો થઇ ગયા પછી કહે છે. માનનીય પુંજાભાઇ, બીજી જોગવાઇઓ છે, બીજી અનેક જોગવાઇઓ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, શું કહેવા માગો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, દરેક ધારાસભ્યશ્રીને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો નૈતિક અધિકાર છે અને એમના અધિકારનું રક્ષણ તો આપવું જ જોઇએ. માનનીય પુંજાભાઇ, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા જઇ રહ્યા છે. આપને એમ લાગતું હોય કે આ પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય નથી તો આપ રદ કરી શકો છો પણ આપને વિનંતી છે કે એમનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર, જે પ્રશ્નોત્તરીકાળ દરમિયાનનો ઉત્પન્ન કરેલ છે એ આપ સાંભળી લો. આપને એમ લાગતું હોય કે આ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી તો આપ આપનો નિર્ણય આપી શકો છો. આપશ્રી સભ્યશ્રીને સાંભળો એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : થેંકયુ, મેં એને પહેલા જ ડીસએલાઉ કર્યું છે. પ્લીઝ.. (અંતરાય) આ ગૃહનું હવે અપમાન થઇ રહ્યું છે. આપ ગૃહની ગરિમા જાળવો પ્લીઝ. અડધી મિનિટ પણ નહીં, એક સેકન્ડ પણ નહીં પ્લીઝ.. હું આપને વિનંતી કરું છું આપ બેસી જાવ. આપના સ્થાન ઉપર બેસી જાવ. મને લેખિતમાં આપી દેજો. માનનીય પુંજાભાઇ, એ હું જોઇ લઇશ. (અંતરાય) આપ મને લેખિતમાં આપી દેજો હું જોઇશ.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ચાર મિનિટ ગઇ છે. ૯૦ મિનિટનો અમારો સરકારી સંકલ્પ છે. મારી વિનંતી છે. આ ચાર મિનિટ અમારી ખોટી બગડી છે. તો એમનામાંથી કપાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં નિર્ણય આપ્યો**?** સમય બગાડયો છે એ વાત સાચી છે પણ હવે શાંતિ રાખીએ. ચાલો પ્લીઝ..

**સરકારી સંકલ્પ**

**સમૃદ્ધ અને પ્રભાવશાળી રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી બનવા અંગેનો સંકલ્પ**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા **(** વૈધાનિક અને સંસદીય બાબતો રા.ક. મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે, ''તાજેતરમાં સંપન્ન થયેલ લોકસભાની ચૂંટણીના પરિણામોથી પ્રદર્શિત થયેલ સ્પષ્ટ જનાદેશ ભારતના લોકશાહી શાસનના ઇતિહાસમાં લોકતંત્ર માટે નવા પરિમાણો સ્થાપિત કરનાર બન્યો છે. કેન્દ્રમાં પૂર્ણ બહુમતીવાળી સરકાર રચાતાં દેશને વિકાસ અને સમૃદ્ધિ તરફ લઇ જઇ નવા ભારતના નિર્માણ માટેનો માર્ગ વધુ સરળ બન્યો છે. છેલ્લા પાંચ વર્ષની કેન્દ્ર સરકારની કામગીરીને જનતા જનાર્દને બિરદાવીને સત્તામાં પુનઃસ્થાપિત કરેલ છે.

અર્થ વ્યવસ્થાનું યોગ્ય સ્થાપન, ગરીબી તેમજ બેરોજગારી દૂર કરવાના સંકલ્પને પ્રજાજનોએ તેમના મતાધિકારથી સમર્થન આપી જનમતથી જ જનતાના વિજયમાં પરિવર્તિત કરેલ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રભાવના, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદનો આ અભૂતપૂર્વ વિજય છે. તેઓની કુનેહના ફળસ્વરૂપે દેશને સ્થિર સરકાર, પ્રામાણિક નેતૃત્વ તેમજ વિકાસનું નિશ્ચિત દિશાનિર્દેશન પ્રાપ્ત થયેલ છે. વૈશ્વિક સ્તરે ભારતનો પ્રભાવ વધારનાર ભારતના વડાપ્રધાન એક વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવેલ છે. જેની નોંધ વિદેશમાં પણ લેવાઇ છે. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશનું સુકાન જનતા જનાર્દને પુનઃ ગુજરાતના પનોતા પુત્રને સોંપ્યું તે ગુજરાત માટે ગૌરવની વાત છે.

રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પ્રજાની અપેક્ષા, આકાંક્ષા સમજી તેને ચરિતાર્થ કરવા માટે રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય અસ્મિતા સુનિશ્ચિત કરવામાં આ સભાગૃહના આપણે સૌ સભ્યો પણ એકમત સાથે આગળ વધીને જનતા જનાર્દને આપેલ જનમતનો આદર કરી સમૃદ્ધ અને પ્રભાવશાળી રાષ્ટ્ર નિર્માણના આ કાર્યની અંદર સહભાગી બનવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.''

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ લોકસભાની ચૂંટણીઓ થઇ. એ ચૂંટણીનાં પરિણામો ૨૩મી મે, ૨૦૧૯ના રોજ આવ્યા અને માનનીય નરેન્દ્ર મોદીના નામની એવી સુનામી આવી કે, ભારતના રાજકારણમાં આ દિવસ યુગ પ્રવર્તક તરીકેનો દિવસ રહ્યો. આ વિજય એ ભારતીય જનતા પાર્ટીનો વિજય નથી, આ વિજય એ કોંગ્રેસના પરાજયનો નથી, આ ૧૨૫ કરોડ ભારતીયોએ આપેલા જનમતનો વિજય છે. આ વિજય એ છાશવારે ભારતની સરહદો ઉપરથી ભારતીઓને અડપલાં કરી જઇને નિર્દોષ નાગરિકોના રક્તથી ભારતની ધરતીને ભીંજવવા માટેના નાપાક પ્રયત્નો કરવા સામે આ રાષ્ટ્રવાદનો વિજય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ સભાગૃહમાં જેણે ૧૪ વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે શાસન કર્યું અને ત્યાર પછી આ દેશને વિશ્વની અંદર અને વિશ્વના નકશામાં ભારતનું સ્થાન અંકિત કરાવવા માટેની, એક વિકસિત રાષ્ટ્ર તરીકેના આપણા સહિયારા સહયોગથી જેમણે પ્રયાસો કર્યા એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીના આ વિજયના કારણે એ જનનાયક બન્યા છે. હવે આ વખતના પરિણામોએ પ્રસ્થાપિત કર્યું છે કે, શ્રી નરેન્દ્ર મોદી હવે રાષ્ટ્રનાયક તરીકે પ્રસ્થાપિત થઇ ગયા છે. ૨૫૦૦ વર્ષ પહેલાં મગધ

## તા. ૮મી જુલાઇ, ૨૦૧૯
## સરકારી સંકલ્પ

રાજ્યમાં નંદ વંશના મહારાજા તરીકે ધનનંદ હતા. એણે પ્રજા ઉપર અધર્મ આચરીને અનેક રીતે અંધાધૂંધી તે વખતના શાસનમાં કરી હતી. એ વખતના શાસનના અંધાધૂંધ વચ્ચે મૂળ સ્ત્રોતને ઉખેડી નાખવા માટે જે ઇશ્વરીય અંશ મગધની ધરતી ઉપર આવ્યો એનું નામ આચાર્ય ચાણક્ય. આવી સ્થિતિ ૨૦૦૪ થી ૨૦૧૪ની અંદર સમગ્ર દેશની થયેલી. ભાગલાવાદી તત્વો દેશની અંદર સરેઆમ બેરોકટોક કામ કરતા હતા. તૃષ્ટિકરણની રાજનીતિ હતી. આતંકવાદ વ્યાપ્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્રીય એકતા માટે ચિંતા હતી એવા સંજોગોમાં આ દેશમાં શ્રી નરેન્દ્ર મોદી અને શ્રી અમિત શાહની ચાણક્યની જોડીએ એક રાજનીતિના સાચા ચાણક્ય બનીને, રાજનીતિના નટરાજ બનીને સાચા અર્થમાં રાજા એને કહેવાય કે, જે પ્રજાના સુખમાં રાજાનું સુખ છે, પ્રજાના હિતમાં જ રાજાનું હિત છે. રાજા પોતાનું ભલુ નથી ઇચ્છતો, પરંતુ પ્રજાનું ભલુ ઇચ્છે છે. જે વ્યક્તિ રાજનીતિનો ઉપયોગ કરીને પ્રજાને સુખ, સમૃદ્ધી આપે, આનંદમાં રાખે એને રાજનીતિના નટરાજ કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્ર મોદી અને શ્રી અમિત શાહ આજે ભારત વર્ષમાં રાજનીતિના નટરાજ તરીકે જાણીતા છે. આ વખતનો વિજય મેં કહ્યું એમ ભારતના જનમતનો વિજય છે. આ વખતનો વિજય એ મોદી મેજિકના કારણે વિજય છે. ૨૦૧૪ની અંદર સમગ્ર દેશની અંદર ભ્રષ્ટાચારોની હારમાળાના કારણે માનનીય અધ્યક્ષશ્રી, એવા સંજોગોમાં ૧૪ વર્ષ ગુજરાતમાં જેણે શાસન કર્યું એવા શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને વિકસિત બનાવ્યો. અંધારાની અંદર દેશમાં કરોડો લોકોની આશાનું કિરણ બન્યા હોય તો એ શ્રી નરેન્દ્ર મોદી બન્યા હતા અને ૨૦૧૪માં માનનીય નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા પણ પાંચ વર્ષના સાતત્યપૂર્ણ શાસનના કારણે ફરીથી ૨૦૧૯માં લોકોના વિશ્વાસના કારણે શ્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા. પોતાના ઘર–બાર છોડીને જેણે ભારત માતાના ચરણોમાં આખું જીવન સમર્પિત કર્યું છે. જેની આગળ કોઇ નથી, જેની પાછળ કોઇ નથી એવા પ્રમાણિક વડાપ્રધાનની એક ફકીરની જેમ ભારતના લોકોએ કરી દીધું છે.

**''મેરી ઝોલી છોટી પડ ગઇ રે, ઇતના દીયા ભારતની જનતાને.''**

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની આ વખતની ચૂંટણીના કેટલાક નવા પરિણામો જે ધ્યાનમાં આવ્યા છે. ૯ કરોડ યુવા મતદારોએ પહેલી વખત મતદાન કર્યું. ભારતીય જનતા પાર્ટીને ૩૦૩ સિટોની સાથે ભૂતકાળની અંદર ૪ દાયકા કરતા સૌથી વધારે પ્રચંડ બહુમતી આપી. એન.ડી.એ.ને ૩૫૨ સિટો મળી. જે કોંગ્રેસ છેલ્લા પાંચ વર્ષથી અનેક પ્રકારના આક્ષેપોના કારણે નરેન્દ્ર મોદીને પ્રજાની વચ્ચે પરાસ્ત કરવા માટે ઝૂઠાણાઓ ચલાવી રહી હતી એ કોંગ્રેસની બાજી ૫૨ સિટોની અંદર સમેટાઇ ગઇ. યુ.પી.એ. ૮૬ ના આંકડામાં સમાય ગઇ. જે અમને કુલ ૩૦૩ બેઠકો મળી એમાં ૨૨૪ બેઠકો એવી મળી કે જેમાં ભારતીય જનતા પાર્ટીને ૫૦% કરતા વધારે મતો મળ્યા. અમને ૨૦૧૪માં ૩૧% મત મળ્યા હતા. પરંતુ અમને આ ચૂંટણીમાં ૩૭.૪% જેટલા મતો મળ્યા છે. ૧૭ રાજ્યોમાં ૫૦% કરતા વધારે મતો મળ્યા અને ૯ રાજ્યોમાં ૪૫ થી ૫૦% જેટલા મતો મળ્યા. દેશમાં ૧૭ રાજ્યોમાં કોંગ્રેસ પોતાનું ખાતું ખોલાવી શકી નથી. કોંગ્રેસના ૯ જેટલા મુખ્યમંત્રીઓ આ લોકસભાની અંદર ભારતીય જનતા પાર્ટીના વાવાઝોડામાં પરાસ્ત થયા હતા. ૧૩ રાજ્યો એવા રહ્યાં કે માત્ર કોંગ્રેસને આખા રાજ્યમાં એક એક જ બેઠક મળી છે. લોકસભાની અંદર વિપક્ષ તરીકે માન્યતા માટે પણ સભ્યો જોઇએ. આજે કોંગ્રેસને માન્ય વિરોધપક્ષ મળે એટલાય સભ્યો આ દેશની જનતાએ કોંગ્રેસને આપ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના સાંસદ સ્મૃતિબેન ઇરાની અમેઠીની અંદર જઇને, અમેઠીમાં વર્ષોથી જે કોંગ્રેસની સીટ છે. એ સીટના ઉમેદવાર શ્રી રાહુલ ગાંધીને ૪૫૦૦૦ જેટલા મતોથી હરાવવાનું કામ કર્યું છે. કોંગ્રેસે નબળામાં નબળું પ્રદર્શન અમેઠીની અંદર આટલા વર્ષોની અંદર કર્યું હોય તો આ વખતની ચૂંટણીની અંદર કર્યું છે. ઉત્તરપ્રદેશમાં ભા.જ.પ.ને ૮૦માંથી ૬૦, રાજસ્થાનમાં ૨૫માંથી ૨૪, કર્ણાટકમાં ૨૮માંથી ૨૫, મધ્યપ્રદેશમાં ૨૯માંથી ૨૮, હરિયાણામાં ૧૦માંથી ૧૦, ઉત્તરાખંડમાં ૫માંથી ૫, હિમાચલમાં ૪માંથી ૪, આ મોદીની સુનામીએ કોંગ્રેસનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. આપણા ગુજરાતમાંથી ૨૦૧૪માં ૨૬માંથી ૨૬ અને ૨૦૧૯માં ૨૬માંથી ૨૬ સીટો મળી. આ સભાગૃહના ૧૮૨માંથી ૧૭૩ સીટોમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે. સામે જે ૭૦ બેઠા છે એમાંથી ૯ જણા જ પોતાની લીડ જાળવી શકયા છે. પ્રજાનો જનમત તમે ગુમાવી ચૂકયા છો. જે ૨૦૧૭નું પરિણામ હતું અને ૨૦૧૯ના પરિણામમાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો ગુજરાતની અંદર છવાઇ ગયો. ૨૬માંથી ૨૫ સીટો એવી હતી કે ૨૦૧૪માં જે લીડ હતી એના કરતા ૨૦૧૯માં લીડમાં વધારો થયો. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગાંધીનગર સંસદીય મત ક્ષેત્રમાંથી શ્રી અમિતભાઇ શાહ ૫,૫૭,૦૦૦ જેટલા જંગી મતોથી વિજયી બન્યા છે. આ દેશમાં સૌથી વધારે લીડ કોઇએ આપી હોય તો એ નવસારીની સીટ અને નવસારીની સીટમાં ૬,૮૯,૦૦૦ મતોથી વિજયી બન્યા. વિપક્ષના નેતા ઉમેદવાર હતા. વિપક્ષના નેતા બે લાખ જેટલા મતોથી હાર્યા છે. લોકસભામાં તો હાર્યા પરંતુ એમની પોતાની સીટમાં ભારતીય જનતા પાર્ટી અમરેલીમાં ૨૦૦૦૦ કરતા વધારે મતો લઇ ગઇ. કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ શ્રી અમિતભાઇ ચાવડા હાલ એમની સીટ માટે તેઓ દાવો કરતા હતા કે, ગુજરાતની ૨૬ સીટોનું જે થવું હોય તે થાય પરંતુ અમારી આણંદની સીટ આવવાની છે. પરંતુ આ આણંદની સીટ ભારતીય જનતા પાર્ટી જીતી અને શ્રી અમિતભાઇના આંકલાવની અંદર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ૧૭,૦૦૦ કરતા વધારે મતોથી જીત્યા. શ્રી પુંજાભાઇ પણ લડયા હતા. શ્રી પુંજાભાઇનો પણ એમનો ઉનાનો વિસ્તાર છે. જો હું ખોટો ન હોઉં તો તેઓ પણ ૧૯૦૦૦ જેટલા મતોથી હાર્યા છે. આમ સતત ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે. આ વિજય એટલા માટે થયો છે કે, ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી જયારે કેન્દ્રની અંદર યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે ગુજરાતની જોડે દુશ્મન દેશ જેવો વ્યવહાર કરવામાં આવતો હતો. ગુજરાતના લોકો આ આખી વાત પોતાની છાતીની અંદર ધરબીને બેઠા હતા. ૨૦૧૪માં પરચો આપ્યો, ૨૦૧૯માં પરચો આપ્યો. હું આ

સભાગૃહને એ યાદ કરાવવા માગું છું કે, ગુજરાતને ક્રુડ ઓઇલ રોયલ્ટીના દરોમાં હજારો રૂપિયાનો અન્યાય કોણ કર્યો હતો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, એ જે કહે છે એ વક્તવ્ય સાંભળવું પડશે. એના પ્રત્યુત્તરમાં કોઇએ બોલવાનું નથી. પ્લીઝ. તમારો સમય આવે ત્યારે બોલજો. ચાલુ રાખો મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ વ્યથા છે. ધારાસભ્યની વ્યથા છે. એ વ્યથાને શબ્દોની અંદર એ સભાગૃહની અંદર પરિવર્તીત કરે છે. સરદાર સરોવર યોજનામાં રોડા નાખવાનું કામ કોણે કર્યું હતું? બંધના દરવાજા બેસાડવાની જે પ્રક્રિયા હતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ. પ્લીઝ. પછી આ ત્યાંથી પણ થશે. હું તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે કોઇએ હુટીંગ કરવાની જરૂર નથી. કોઇ સ્લોગનની જરૂર નથી. મંત્રીશ્રી કાબેલ છે એમને કહેવા દો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ગુજરાતને એઇમ્સ નહીં આપીને ગુજરાતને અન્યાય આ કોંગ્રેસે કર્યો હતો. અમદાવાદ, મુંબઈ બુલેટ ટ્રેઇન યોજનામાં વિલંબ નાખવાનો અન્યાય કોંગ્રેસે કર્યો હતો. કેન્દ્રીય વેચાણ વેરામાં રાજ્યને થયેલ નુકસાનના સંદર્ભમાં ગુજરાતને વળતર આ કોંગ્રેસ ચૂકવતી નહોતી. અમદાવાદ, વડોદરા એક્સપ્રેસ વે લંબાવવામાં વિલંબ આ કોંગ્રેસે કર્યો હતો. ગુજરાતને નજીકના ખાણ ક્ષેત્રમાંથી કોલસો નહિ આપવાનો અન્યાય આ કોંગ્રેસે કર્યો હતો. રામ મંદિરના મુદ્દે ઉચ્ચ ન્યાયાલયમાં ચાલતા કેસમાં વિલંબ નાખવાનું કામ કોંગ્રેસ સાથે સંકળયેલા વકીલ દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૦૧૭ની ચૂંટણી પહેલા જાતિ જાતિ અને કોમ–કોમ વચ્ચે લડાઇ કરાવીને ગુજરાતને અશાંતિના ચક્રની અંદર હોમીને મતોનું તૃષ્ટીકરણનું રાજકારણ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા આ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ અન્યાયોની ભરમાળ સામે નર્મદા બંધના દરવાજાની પરવાનગી કોણે આપી? શ્રી નરેન્દ્ર મોદીએ આપી. ક્રૂડ ઓઇલ રોયલ્ટીનો અન્યાય કોણે દૂર કર્યો? શ્રી નરેન્દ્ર મોદીએ. એઇમ્સ કોણે આપી? શ્રી નરેન્દ્ર મોદીએ. રાજકોટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કોણે આપ્યું? શ્રી નરેન્દ્ર મોદીએ આપ્યું.

અધ્યક્ષશ્રી : આ જવાબ એમને ખબર નથી? ફરીવાર વિનંતી કરું છું કે(અંતરાય) બળદેવજીભાઇ પ્લીઝ, હું બોલતો હોઉ ત્યારે આપે વચ્ચે બોલવાની જરૂર નથી. શ્રી ચાવડાજી પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : દ્વારકાને બેટ દ્વારકા સાથે જોડતા સિગ્નેચર બ્રિજ માટે ૭૦૦ કરોડ રૂપિયા એ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપ્યા.

અધ્યક્ષશ્રી : તમે પાટલી થપથપાવોને? તમને કોણ ના પાડે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : વિશ્વનું સૌથી મોટું સ્ટેચ્યુ સરદાર વલ્લભભાઇ પટેલનું નરેન્દ્ર મોદી સાહેબે આપ્યું. ગુજરાતમાં પહેલાના દિવસોમાં કરફ્યુવાળું શાસન મળતું હતું. એ કરફ્યુમાંથી મુક્તિ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપી. કાશ્મીરના શ્રીનગરના લાલચોકમાં આંતકવાદીઓની ગોળીઓની ભરમાળ વચ્ચે ભારત માતાનો ત્રિરંગો ઝંડો કોણે ફરકાવ્યો? શ્રી નરેન્દ્ર મોદી સાહેબે. આ સતત ૫ વર્ષના દાયકામાં કેન્દ્રની સરકારે અનેક કામો કર્યાં. એમાનું એક કામ આંતકવાદને ડામવો હોય તો પ્રબળ રાજકીય ઇચ્છા શક્તિ જોઇએ. પ્રબળ રાજકીય ઇચ્છા શક્તિના જન સામર્થ્ય ધરાવતું વ્યક્તિત્વ દેશના પ્રધાનમંત્રી તરીકે બેઠું હોય તો દેશના સીમાડાઓ સામે આંખ ઉઘાડીને કોઇ જોવાની તાકાત ન કરી શકે. દેશ દ્રોહનો વિષ ઉછરી અને જે બીન સાંપ્રદાયિકની કાળી નાગની જમાત હતી, એ કાળી નાગની જમાતને નાથવા માટે રાષ્ટ્રવાદી વિચારધારા સ્વરૂપે જન્મેલા કૃષ્ણ કોણ? એ શ્રી નરેન્દ્ર મોદી છે. મસૂદ અઝહરને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય આતંકી ઘોષિત કરવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો તે શ્રી નરેન્દ્ર મોદી સાહેબે કર્યુ છે. ગેરકાયદેસર ઘૂસણખોરીને રોકવા માટે નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝનશીપની પહેલ એ શ્રી નરેન્દ્ર મોદીએ કરી છે. અનેક ગરીબો પોતાની પાસે પૈસા ન હોય અને રોગ થાય એટલે મૃત્યુ સિવાય કોઇ રસ્તો ન હોય એમાં આયુષ્યમાન ભારત દ્વારા બચાવવાનું કામ નરેન્દ્ર મોદીએ કર્યુ છે. દરેક નાગરિકને ઘરનું ઘર અપાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું કામ શ્રી નરેન્દ્ર મોદીએ કર્યુ છે. ઝૂંપડામાં રહેતી બહેનોને જ્યારે ચૂલામાં પોતાનું કામ કરતાં કરતાં આંખો સૂઝી જતી હતી તેને ઉજ્જવલા યોજનાથી ગેસ આપવાનું કામ મોદી સાહેબે કર્યુ છે. દેશની બેંકોનાં નાણાં ડૂબાડનાર આર્થિક અપરાધીઓ સામે ઇન્સોલ્વન્શી અને બેન્ક કરપ્સીને લગતો કડકમાં કડક કાયદો શ્રી નરેન્દ્ર મોદી સાહેબે બનાવ્યો છે. સ્વચ્છતા અભિયાન હોય, રાષ્ટ્રીય જળસંચય, ખેડૂતોના આવાસની અંદર વૃદ્ધિ કરવાની હોય, યુવાનોની સ્ટાર્ટઅપ યોજના હોય, આર્થિક રીતે નબળા વર્ગો માટે શૈક્ષણિક સંસ્થામાં સરકારી નોકરીમાં ૧૦ ટકા અનામત આપવાનું કામ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યુ છે. એક રાષ્ટ્ર એક ટેક્સના માધ્યમથી તેના સફળ જીએસટીના અમલીકરણનો યશ કોઇને આપવાનો હોય તો તે શ્રી નરેન્દ્રભાઇ મોદીને આપવાનો થાય છે. કોંગ્રેસના શાસનમાં સુપ્રીમ કોર્ટની અંદર એફિડેવિટ થઇ અને ભગવાન રામચંદ્ર કાલ્પનિક છે તેવા સુપ્રીમ કોર્ટના સોગંદનામાની સામે આ ૨૦૧૯ની ચૂંટણીમાં લપડાક મારવાનો જનમત આ દેશની જનતાએ આપ્યો છે. ''અફઝલ હમ શરમિંદા હૈ, તેરે કાતિલ જિંદા હૈ'' આવું બોલવાવાળાની સામે તેના ખોળામાં બેસીને ભારતમાતાને ગાળો દેવાવાળા લોકોની સાથે બેસી જે કારસાઓ કર્યા છે તે કારસાઓની સામેનો આ જનમત છે. આઝાદી બાદ જે કુલ ચૂંટણીઓ થઇ તેમાં આટલો પ્રચંડ બહુમત મળ્યો હોય તો બે ટર્મ જવાહરલાલ નહેરું અને ઇન્દિરા ગાંધી પછી શ્રી નરેન્દ્રભાઇ મોદીને મળ્યો છે. ગુજરાત ૨૬ માંથી ૨૬ બેઠકો અને આ જે જનમત મળ્યો છે તેમાં ગુજરાતમાં શ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇ પટેલના સમર્થ નેતૃત્વ હેઠળ ગુજરાતની છ કરોડ

તા. ૮મી જુલાઇ, ૨૦૧૯

સરકારી સંકલ્પ

જનતાના વિકાસ માટે જે કામ કર્યા છે, આ વખતના બજેટમાં પણ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ દીકરી વ્હાલી દીકરી એવી સંવેદનશીલ યોજના માટે ૧૩૩ કરોડની જોગવાઇ કરી છે. નલ સે જલ માટે રૂ.૪૩૦૦ કરોડની જોગવાઇ કરી છે. પાક વીમા માટે રૂ.૧૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. સરદાર સરોવર માટે ૬૫૯૫ કરોડની જોગવાઇ કરી છે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની આ વખતની લોકસભાની ચૂંટણીમાં સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરીને ગુજરાતનો વિકાસ, ગુજરાત ઓન ફર્સ્ટ સ્ટેટ, પારદર્શિકતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના આધાર ઉપર તેમના નેતૃત્વમાં ગુજરાતમાં કરેલા કામને પણ ગુજરાતની પ્રજાએ સમર્થન આપ્યું છે.માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ કેમ હારી? કોંગ્રેસ એટલા માટે હારી કે તેના નેતૃત્વમાં આ દેશની પ્રજાએ જોયું કે, હવે આમાં કંઇ કસ નથી. એક પરિવાર, ૭૦ વર્ષના પરિવારવાદ સામેનો આ મેન્ડેટ છે. શ્રી નરેન્દ્ર મોદી જેવો પ્રમાણિક માણસ અને મેં અગાઉ કહ્યું તેમ પોતાની આગળ પાછળ કોઇ નથી અને રાષ્ટ્રને સમર્પિત આખું જીવન છે. *(xxx) ની સામે આ દેશની જનતાએ જવાબ આપ્યો કે, ''મેં ભી ચોકીદાર હું. મેં ભી દેશકે વિકાસમેં ભાગીદાર હું.'' કેવા તુચ્છ નિવેદનો કરે. સામ પિત્રોડા કહે કે, ''જો હુઆ સો હુઆ.'' અરે આ કંઇ રીત છે! ભૂતકાળમાં જયારે આપ શાસન ઉપર હતા ત્યારે સચ્ચર કમિટીની ભલામણોથી લઘુમતિઓનું તૃષ્ટિકરણ કરવાનો *(xxx) હોય તો તે કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો. અમરનાથના શ્રાઇન બોર્ડને જમીન આપવાનો મામલો હોય, બાટલા હાઉસ એન્કાઉન્ટર બનાવટી છે તેવું કહેવાનું હોય, દેશના સંશાધન ઉપર લઘુમતિનો અધિકાર છે અને અફઝલને કોઇપણ હિસાબે જીવાડવો અને શ્રીનરેન્દ્ર મોદીને જેલના હવાલે કરવાના ષડયંત્રો કર્યા હોય તો આ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. અમે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓમાં દલ સે બડા દેશ હોતા હૈ, નેશન ફર્સ્ટના આધાર ઉપર ચાલીએ છીએ. નેશન ફર્સ્ટ, પાર્ટી સેકન્ડ અને ફેમીલી લાસ્ટના આધાર ઉપર ભારતીય જનતા પાર્ટી તે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારાના આધાર ઉપર મા ભારતીને પરમ વૈભવના શિખરો સુધી પહોંચાડવા માટે કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે. હું જયારે સ્કૂલમાં હતો ત્યારે એક વિદ્યાર્થી મારી સાથે હતો. તે થોડોક હોંશિયાર નહોતો. તેણે પહેલીવાર ૨૦૧૪માં પરીક્ષા આપી. મારા પછીની વાત છે. તેમાં તેને ૪૪ માર્કસ આવ્યા. પછી તેની માતાનો તે એકનો એક દીકરો હતો અને સારુ ભણે એટલા માટે ટ્યુશન અપાવ્યા. ટ્યુશન કરાવીને ભણાવ્યો અને પાંચ વર્ષ સુધી ધ્યાન રાખ્યું. ફરી પાંચ વર્ષ પછી પરીક્ષા થઇ તો ખાલી ૪૪ ના માર્કસ આવ્યા પર(બાવન) હવે તેની માતાએ નક્કી કર્યું છે કે, હવે આને સ્કૂલમાંથી ઉઠાડી લેવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૪ વર્ષ જૂની કોંગ્રેસની એક જ વ્યક્તિ, એક જ કુટુંબની વ્યક્તિના નેતૃત્વને કારણે આ થયું છે એમાં સંપૂર્ણ તથ્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના કરોડો લોકોનું લોહી ત્યારે ઉકળી ઉઠ્યું કે, જ્યારે સર્જીકલ સ્ટ્રાઇકના પૂરાવા માગવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ઉરીની ઘટનામાં મધ્યરાત્રીએ આવીને આપણા ૧૯ જવાનો પર જે હુમલો થયો, પુલવામાના હુમલામાં આપણા ૪૦ જવાનો શહીદ થયા આની સામે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પૂરી તાકાત અને હિંમતથી, રાજકીય ઇચ્છા શક્તિથી એમની ધરતી ઉપર જઇને એનો જે હિસાબ લીધો છે એણે દેશનું ગૌરવ વધાર્યું છે, આ રાષ્ટ્રવાદનો વિજય છે અને દેશમાં એક સુત્ર પ્રચલિત બન્યું કે, ''મોદી હે તો મુમકીન હૈ.'' આ માનનીય મોદીજીના વિઝન અને વિઝડમનો વિજય છે અને આ નામદારની સામે કામદારનો વિજય છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ બહુમતીનો ખૂબ મોટો જનાદેશ મળ્યા પછી કહ્યું કે, હું મારા માટે કશું જ નહીં કરું જે કાંઇ કરીશ તે ફક્ત દેશ માટે કરીશ. ચૂંટણીના પરિણામોએ બતાવી દીધું છે કે, પ્રજા પણ પોતાની ભલાઇ કરતા દેશની ભલાઇનો પ્રથમ વિચાર કરે, મારા સમયની ક્ષણ ક્ષણ અને મારા શરીરની કણ કણ મારા દેશ માટે રહેશે. વિશ્વના કેટલાક લોકોએ આ આખી ઘટનાને કે જે ઘટના એક પ્રકારના * (xxx) કરીને શ્રી નરેન્દ્રભાઇ મોદીને હેરાન પરેશાન કરવા અને ચૂંટણીમાં પરાસ્ત કરવા માટે અનેક મહા *(xxx) રચાયા એ *(xxx) ની સામે જયારે શ્રી નરેન્દ્રભાઇ મોદીનો વિજય થયો ત્યારે વિશ્વના લોકોએ અને વિશ્વના અખબારોએ જે લખ્યું છે એ જુઓ, ન્યુયોર્ક ટાઇમ્સે લખ્યું છે કે, મોદીની જીત તેમની મજબૂત છબીના કારણે છે, ગાર્ડીયને લખ્યું છે કે, ભારતની જનતા આ કદાવર નેતાની પાછળ ઉભી છે અને ડેઇલી મેલે વડાપ્રધાન મોદીના વ્યક્તિત્વની તારીફ કરતા લખ્યું છે કે, આ નેતાએ દેશમાં ચૂંટણીના ઇતિહાસને બદલી દીધો છે અને તેઓ એક કદાવર નેતા તરીકે પોતાની છબી લોકોમાં બનાવી શક્યા છે. વોશિંગ્ટન પોસ્ટે લખ્યું છે કે, This is Modi's India now. વોલસ્ટ્રીટ જર્નલે લખ્યું છે કે, India's Modi with a strong mandate. માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાન જે નહોતું ઇચ્છતું કે મોદી જીતે અને આ દેશમાં કેટલાક લોકો એવા હતા કે જે પાકિસ્તાન જેવું ઇચ્છતા હતા કે મોદીજી ના જીતે. પણ એ પાકિસ્તાનના મિડિયાએ લખ્યું કે-આયા તો મોદી હૈ અને આ જ રીતે ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાને એની સેલ્ફી મોદી સાહેબ જોડે હતી એ મૂકીને હિન્દીમાં ટ્વીટ કર્યું કીતના અચ્છા હૈ મોદી. આમ, વિશ્વભરમાં થયું એમની સાથે આ સન્માનીય સભાગૃહના વર્ષો સુધી જેઓ ધારાસભ્ય રહ્યા છે એવા શ્રી અમિતભાઇ શાહ, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ, ભૂતકાળમાં ઉત્તર પ્રદેશમાં ૮૦માંથી ૭૩ સીટો લાવવા માટેનો યશ તેમને જાય છે અને તેઓ અધ્યક્ષ બન્યા પછી એક પછી એક ૧૭ રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો બની. આપણામાંનો એક કાર્યકર્તા, એક ધારાસભ્ય આજે રાષ્ટ્રના ગૃહ મંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીની સાથે કામ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ કાશ્મીરના પ્રશ્ન બાબતમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં સ્પષ્ટ લખ્યું છે અને એ ગૃહ મંત્રી તરીકે શ્રી અમિતભાઇ શાહે કહ્યું કે, ૩૭૦ની કલમની આગળ અસ્થાયી લખ્યું છે અને આગામી

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દિવસોમાં એનો પણ વિચાર કરવો પડશે. જે અલગતાવાદીઓને સરકારની તિજોરીમાંથી એના રક્ષણ માટે ખર્ચ થતો હતો એ ખર્ચ બંધ કરાવ્યો અને કાશ્મીરના પંડીતોના પુનઃવસન માટેનું કામ કરવામાં આવ્યું. ભારતનું અર્થતંત્ર એ પ ટ્રીલીયન ડોલર સુધી લઇ જવાનું છે અને વિશ્વભરમાં આજે ભારત એક મહાસત્તા બની ગયું છે. અને આપણને વિશ્વમાં અનેક રીતે માન્યતા મળતી રહી છે, મહાત્મા ગાંધીનું ગુજરાત, સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત અને આજે શ્રી નરેન્દ્રભાઇ મોદીનું આ ભારત સમગ્ર વિશ્વની અંદર ફેલાઇ રહ્યું છે. એના સંદર્ભમાં મારે છેલ્લે એટલી જ વાત કરવી છે.

''અપને મનમેં એક લક્ષ લિયે, મંઝીલ અપની પ્રત્યક્ષ લિયે,
હમ તોડ રહે હૈ જંજીરે, હમ બદલ રહે હૈ તસ્વીરે, યે
નવયુગ હૈ, નવ ભારત હૈ, ખુદ લિખેંગે અપની તકદીરે,
હમ નિકલ પડે હૈ પ્રણ કરકે, અપના તન મન અર્પણ કર કે,
જીદ હૈ એક સૂર્ય ઉગાના હૈ, અંબર સે ઉંચા જાના હૈ,''

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી એકવાર શ્રીનરેન્દ્રભાઇ મોદીએ લખેલી આ કવિતા છે.

'પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ? હું પડકાર ઝીલનારો માણસ છું,
હું તેજ ઉછીનું લઉં નહિ, હું જાતે બળતું ફાનસ છું,
ધુમ્મસમાં મને રસ નથી, હું ખુલ્લો અને નિખાલસ છું,
પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ? હું પડકાર ઝીલનારો માણસ છું,
કુંડળીને વળગવું ગમે નહિ, ને ગ્રહો કને શિર નમે નહિ,
કાયરોની શતરંજ પર જીવ, સોગઠાબાજી રમે નહિ,
હું પોતે જ મારો વંશજ છું, હું પોતે મારો વારસ છું,
પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું.''

આવા નેતૃત્વને સવાસો કરોડ દેશની જનતાએ અને આ સન્માનનીય સભાગૃહની અંદર જેમણે લાગલગાટ ચૌદ વરસ સુધી ગુજરાતનું નામ દેશ અને દુનિયામાં આગળ કર્યું છે અને ગુજરાતની વિકાસયાત્રા આજે રાષ્ટ્રની વિકાસયાત્રા તરીકે, પાંચ વરસના શાસનકાળમાં અને હવે આગામી પાંચ વરસમાં મળવાની છે ત્યારે આપણને સૌને મળેલા આ જનમતને આ સન્માનનીય સભાગૃહ આવકારે એવી આપ સૌને અપીલ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : માનનીય પંચાલભાઇ, પ્લીઝ,

શ્રી શૈલેષ મ. પરમારઃ સાહેબ, સાંભળો તો ખરા, ખરી મજા હવે આવશે,

અધ્યક્ષશ્રી : મઝા તો ત્યારે પણ આવતી હતી.

શ્રી શૈલેષ મ. પરમારઃ આમાં થોડી વધારે આવશે સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, જે સરકારી સંકલ્પ લઇને આવ્યા છે, શ્રી નીતિનભાઇ તમે ક્યારે આવો છો? વિરાટ કોહલી તો હવે આવે છે.

અધ્યક્ષશ્રી : એવું હોય તો માનનીય પુંજાભાઇનું પહેલાં રાખીએ?

શ્રી શૈલેષ મ. પરમારઃ આ સંકલ્પમાં હું મારા વિચારો રજૂ કરું છું અને એમનો આભાર પણ માનું છું. એમણે જે સિત્તેર વર્ષના શાસનમાં ૬૦ વર્ષ કોંગ્રેસે શાસન કર્યું એ સરકારી સંકલ્પમાં એ મુદ્દાઓ મૂકવાનો આ સભાગૃહની અંદર મને મોકો મળ્યો છે માટે એમનો આભાર પણ માનું છું.

"મત કર ગુરૂર ઇતના અપની બુલંદીઓ પે,
મત કર ગુરૂર ઇતના અપની બુલંદીઓ પે
હમને તો ચઢતે હુએ સુરજ કો ભી ઢલતે દેખા હૈ''

માનનીય અધ્યક્ષશ્રી, જે સંકલ્પ લઇને આવ્યા છે, દેશની આઝાદીના આટલા વરસો પછી ગુલામીની ઝંઝીરમાંથી શ્રી ગાંધીજીથી માંડીને શ્રી નહેરુજીથી માંડીને, સરદાર વલ્લભભાઇ પટેલથી માંડીને અનેક લોકોએ આ દેશને જ્યારે આઝાદી અપાવી ત્યારે આ દેશ એ ખોખલો થઇ ગયો હતો, ખજાનો આપણો અંગ્રેજો લુંટી ગયા હતા, ૧૯૪૭ની અંદર આ દેશમાં જ્યારે સોય પણ નહોતી બનતી, એ દિવસોમાં દેશમાં ફક્ત પચાસ ગામોની અંદર વીજળી હતી, ફક્ત વીસ રાજાઓ પાસે ટેલીફોન હતા, કોઇ ગામમાં નળમાં પીવાના પાણીની વ્યવસ્થા નહોતી. દેશમાં ફક્ત ૧૦ ડેમો હતા, ગણ્યા ગાંઠ્યા સૈનિકો આ દેશની રક્ષા કરતા હતા. આ દેશ પાસે લડાયક વિમાનો ફક્ત ૪ હતા. વીસ ટેન્કો હતી, સીમાઓ ખુલ્લી હતી અને ખજાનાઓ ખાલી હતા. અંગ્રેજોનું શાસન ગયા પછી પ્રથમ સરકારમાં આ દેશમાં કોંગ્રેસના વડાપ્રધાન તરીકે શ્રી જવાહરલાલ નહેરૂજી આવ્યા. શ્રી જવાહરલાલ નહેરૂજીની આ કોંગ્રેસની સરકારમાં કોંગ્રેસે શું આપ્યું? તો વિશ્વનું સૌથી શ્રેષ્ઠ બંધારણ એ કોંગ્રેસ પાર્ટીએ આપ્યું. વિશ્વની સૌથી મજબૂત સેના એ કોંગ્રેસ પાર્ટીએ આપી. ભાભા ન્યુક્લીયર રીસર્ચ સેન્ટર એ કોંગ્રેસ પાર્ટીએ આપ્યું. તારા પરમાણુ વીજ મથક તે કોંગ્રેસે આપ્યું. ૧૯૯૫ની અંદર ભારતનું પ્રથમ કમ્પ્યુટર HEC 2M જેની સ્થાપના કલકત્તામાં કરવામાં આવી. ૧૯૬૯ની અંદર ભારતની અંદર ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠનની સ્થાપના કરી હતી. ૧૯૯૫માં ભારતની અંદર

## તા. ૮મી જુલાઈ, ૨૦૧૯
## સરકારી સંકલ્પ

ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠનની સ્થાપના કરી હતી. ૧૯૭૫માં ભારતીય ઉપગ્રહ Aaryabhat નું પહેલું લોન્ચીંગ તે કોંગ્રેસની સરકારમાં થયુ હતું. આજે ઇન્ટરનેટનો જમાનો છે વિદેશી કંપનીઓ આવી, દેશની કંપનીઓ છે પણ એ વખતે ૧૯૯૫ની અંદર બી.એસ.એન.એલ. દ્વારા ઇન્ટરનેટની શરૂઆત કરવામાં આવી હતી તેનું આપણે સૌ ગૌરવ લઇ શકીએ છીએ. ૨૦૦૮ની અંદર ચંદ્રયાનના રૂપમાં ભારતના પ્રથમ ઉપગ્રહ અભિયાન એ કોંગ્રેસ પાર્ટીની સરકારમાં થયુ હતું. ૨૦૧૩ની અંદર મંગલ બિહર મિશન યાન મંગલી યાન એ કોંગ્રેસ પાર્ટીની સરકારની અંદર થયું હતું. પાંચ વર્ષના બાળકને તેને ટેલિફોન, મોબાઇલ ફોન તેના હાથમાં આપી દેવામાં આવે તો તે તેને રમકડું સમજીને રમશે. તેને ખબર નથી કે આ મોબાઇલ ઇન્ટરનેટથી ચાલે, આ મોબાઇલમાં વીજળી જોઇએ તેને ચાર્જ કરવો પડે આ મોબાઇલની ટેકનોલોજી છે તે બાળકને ખબર ના પડે તે બનાવનારાઓને તેની ખબર પડે. આટલા વર્ષના ગાળામાં કોંગ્રેસે શું આપ્યું તે હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. કોંગ્રેસે આઇ.આઇ.એમ આપ્યું, આઇ.આઇ.એમ.એસ. આપ્યું, આઇ.આઇ.ટી. આપી એઇમ્સ આપી, વિશ્વ વિદ્યાલયો આપ્યા, મોટાં ઉદ્યોગો આપ્યા, મોટા બંદરો આપ્યા, રોડ–રસ્તા આપ્યા, વીજળી આપી, આંતરરાષ્ટ્રીય એરપોર્ટો આપ્યા, નાના–મોટાં ડેમો બનાવ્યા, ખેડૂતો માટે નહેરો કરી, દર્દીઓ માટે હોસ્પિટલો કરી, વિદ્યાર્થીઓ માટે સ્કૂલો કરી. અને ટેકનોલોજી વિભાગમાં દેશની અંદર દેશની સુરક્ષાનો જ્યારે મામલો હોય ત્યારે ફકત વડાપ્રધાનશ્રી હોય તે કશું ના કરી શકે પણ તેનુ સૈન્ય મજબૂત હોય, તેની ચંદ્ર શકિત, તેની આંતરિક શકિત મજબૂત હોય તો જ કરી શકે છે. આ કોંગ્રેસ પાર્ટીએ શું આપ્યું તો ચંદ્રયાન આપ્યું, મંગલ–મિશન આપ્યું, જી.એસ. એસ.બી. આપ્યું, પૃથ્વી મિસાઈલ આપી, અગ્નિ મિસાઈલ આપી, ભૈરવ મિસાઇલ આપી, નાગ મિસાઇલ આપી, મિગ વિમાન આપ્યું, ચેતક હેલિકોપ્ટર આપ્યા, મિરાજ વિમાન આપ્યું, દ્રોણ ટેન્ક આપી, અર્જુન ટેન્ક આપી, આઇ.બેલ વિમાન વાહક વિક્રાંત જહાજ આપ્યું, ધનુષ્ય તોપ આપી, અસંખ્ય સેટેલાઇટ છોડયાં, હવાઇ–જહાજ અને હેલિકોપ્ટર બનાવવાના કારખાના આ દેશમાં સ્થાપવામાં આવ્યા. કોઇ કહે વડાપ્રધાને ઉપલબ્ધિ કરી હોય માની શકાય પણ જેની સરકાર આવે, જેની પાસે પાવર આવે તે દેશના શ્રી નહેરૂથી માંડીને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી પણ તેમાં આવી ગયા. દરેક પોત–પોતાની સિદ્ધિઓ ગણતાં હોય છે. એક વ્યકિતએ કર્યું એવું નથી હોતું અને એટલે જ હું કહું છું માનનીય અધ્યક્ષશ્રી, કે એ શ્રી જવાહરલાલ નહેરૂજી કે જે સ્વતંત્ર સેનાની હતા અને ૧૪ વર્ષ સુધી આ દેશના વડાપ્રધાના રહ્યાં તે ઇતિહાસમાં લખેલ છે આ શ્રી જવાહરલાલ નહેરૂ આ દેશની આઝાદી માટે ૧૬ વર્ષ જેલમાં રહ્યાં હતા અને આ શ્રી નહેરૂજીએ શું કર્યું? માનનીય અધ્યક્ષશ્રી, તો આ નહેરૂજીએ જે ગોવા રાજ્યની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર છે તે ગોવા રાજ્યને દેશમાં સમાવવાનું જો કોઇએ કામ કર્યું હોય તો આ શ્રી જવાહરલાલ નહેરૂજીએ કર્યુ છે. ઇસરોની સ્થાપના તે શ્રી જવાહરલાલ નહેરૂજીએ કરી છે. એમના જમાનામાં શ્વેતક્રાંતિની વાત થઇ હતી સ્વર્ગીય ઇંદિરાજી પંજાબના આતંકવાદીઓએ જયારે સુવર્ણ મંદિર ઉપર કબજો કર્યો ત્યારે ખાલિસ્તાનની જયારે વાત ઉઠી ત્યારે આ જ સ્વ. ઇંદિરા ગાંધીએ એ પંજાબનું ખાલિસ્તાનનું ઓપરેશન કર્યું હતું અને તેમાં વિજય મેળવ્યો હતો અને આ સ્વ. ઇંદિરાજીએ શું કર્યું ? તો આ સ્વ. ઇંદિરાજીએ આ કોંગ્રેસના વડાપ્રધાન આ દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન સ્વ. ઇંદિરાજી ગાંધીએ પરમાણુનો ધડાકો કર્યો હતો. આમ, પહેલો અણુ ધડાકો સ્વ. ઇંદિરાજી ગાંધી હતા. આ સ્વ. ઇંદિરાજી માટે એમ કહેવાય, કોંગ્રેસ માટે એમ કહેવાય કે નાના મોટાં એટેકો કરીને આપણે જશ લઇએ છીએ, જશ લેવો જોઇએ. સૈન્યે કરેલા શોર્યનો આપણને ગર્વ હોવો જોઇએ. પણ એ સ્વ. ઇન્દીરા ગાંધી હતા, એ દુર્ગાનું સ્વરૂપ હતા જેણે પાકિસ્તાનના બે ટુકડા કરી નાંખ્યા હતા અને બાંગ્લાદેશ નામના એક નવા દેશનો જન્મ કરાવ્યો હોય તો એ સ્વ. ઇન્દિરા ગાંધીજી અને સૈનિકોને એનો જશ જાય છે. ૫૧,૦૦૦ સૈનિકોએ એ વખતે શરણાગતિ સ્વીકારી હતી. આજે ચીનના ડોકલામ ઉપર ચાલતી મગજમારી આખો દેશ જાણે છે. એના પડોશી રાજ્ય સિક્કિમને દેશમાં જોડવાનું કામ પણ સ્વર્ગીય ઇન્દિરાજી અને કોંગ્રેસની સરકારે કર્યું હતું. બેંકોનું રાષ્ટ્રીયકરણ પણ ઇન્દિરાજીની સરકાર વખતે થયું હતું. ચંદ્રયાનમાં કેપ્ટન રાકેશ શર્મા ચંદ્ર પર ગયા ત્યારે સ્વ. ઇન્દીરાજીએ ટેકનોલોજીના માધ્યમથી ખૂબ સારી વાત કરી હતી કે ''સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા'' એવી રીતે સ્વ. રાજીવ ગાંધીજી આવ્યા. એમણે કમ્પ્યુટર, સુપર કમ્પ્યુટર ઇન્ફો ટેકનોલોજીની સ્થાપના કરી. આજે ઘેર–ઘેર ટી.વી. છે, લોકોના હાથમાં મોબાઇલ છે. એ જમાનામાં ફિયાટ અને એમ્બેસેડર હતી. મારૂતિ કાર લાવવાનું કામ સ્વ.રાજીવ ગાંધીજીએ કર્યું હતું અને આજે જે ઇ.વી.એમ. મશિન છે. ''ઇ.વી.એમ. હૈ તો સબકુછ મુમકીન હૈ''. આ ઇ.વી.એમ. મશીન લાવવાનું કામ પણ કોંગ્રેસ પાર્ટીની સરકારમાં થયું હતું. (અંતરાય) અમે સ્વીકારીએ છીએ અમારી ટેકનોલોજી છે. આજે પરિસ્થિતિ શું છે કે પાકિસ્તાનમાં કેક કાપવા જાવ અને પઠાણકોટમાં હુમલો થાય. દેશમાં પાંચ વર્ષના શાસનમાં શું થયું? શું – શું ગાયબ થયું? રાફેલની ફાઇલો ગાયબ, યુવાનોની રોજગારી ગાયબ, ખેડૂતોના પોષણક્ષમ ભાવ ગાયબ, માલિયા, મોદી અને ચોકસી જેવા લોકો દેશ લૂંટીને ગાયબ થઇ ગયા એવી પરિસ્થિતિ છે અને જે રીતે બેરોજગારી, મોંઘવારી, કાળું ધન એની સામેના (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપનો સમય પુરો થાય છે.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા રૉક ઓફ જીબ્રાલ્ટર જેવા, ઊંચી ચટ્ટાન જેવા અમારા આ રાજ્યના ગૃહ મંત્રી સાહેબ જે આ સંકલ્પ લાવ્યા છે એવા શ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબના સંકલ્પને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરુ છું. જે રીતે આદરણીય શૈલેષભાઇએ કહેતા હતા કે, કોંગ્રેસે આ આપ્યું, કોંગ્રેસે તે આપ્યું. કોંગ્રેસે ઘણું બધું આપ્યું છે. હું માનું છું. (શૈલેષભાઇ ઊભા થઇને બહાર જતા) શૈલેષભાઇ જતા નહિ. સાંભળો તો ખરા પણ એને જે

રીતે મેઇન્ટેઇન કરવું જોઇએ એ મેઇન્ટેઇન કૉંગ્રેસ કરી શકી નથી અને એક વાક્ય તમે કહેવાનું ભૂલી ગયા હતા કે ભયંકર ભ્રષ્ટાચાર આપ્યો હોય તો એ પણ કૉંગ્રેસે આપ્યો છે અને એટલા માટે જ આ જનાદેશ મળ્યો છે અને કૉંગ્રેસને જાકારો મળ્યો છે. સાહેબ, મને કહેતાં ગર્વ થાય છે કે, પાંચ વર્ષમાં કેન્દ્રની સરકારે જે કામ કર્યું છે, શ્રી નરેન્દ્ર મોદી સાહેબે જે કામ કર્યું છે એ નેતૃત્ત્વ જોઇને ફરી એક વાર જનાદેશ મળ્યો છે. એટલે હું નત મસ્તક થઇને ભારતની પ્રજાનો આભાર માનું છું. આપણા ડૉ. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરે જ્યારે આપણું બંધારણ અમલમાં આવી રહ્યું હતું ત્યારે એક વાક્ય એમણે કહ્યું હતું કે, ચૂંટાઇને આવતી વ્યક્તિઓ યોગ્ય અને ઇમાનદાર હશે તો મર્યાદાવાળા બંધારણને પણ સર્વોત્તમ બનાવી શકશે. આ વાક્યને જો સાચા અર્થમાં ચરિતાર્થ કર્યું હતું એ વ્યક્તિનું નામ છે, શ્રી નરેન્દ્ર દામોદરદાસ મોદી. પાંચ વર્ષમાં ઇમાનદારીથી એમણે કામ કર્યું એટલે જ આ જબરદસ્ત જનાદેશ મળ્યો છે અને આમ પણ આપણે જોવા જઇએ તો આ કોઇ રૉકેટ સાયન્સ નથી કે આટલો મોટો જનમત કેમ મળ્યો છે એ સમજવા માટે તજજ્ઞો બોલાવીને વિશ્લેષણ કરવાની જરૂર નથી, આ તો કોમન સેન્સ છે. કોમન સેન્સ એ છે કે, એક નાનું બાળક પોતાની માતાને જુએ છે કે ચૂલો સળગાવતી વખતે લાકડાનો ધુમાડો એની અંદર જતો હોય એ માનસપટ પર એક ઇમ્પ્રેશન રહેતી હોય છે. એણે જોયું કે આજુબાજુના ઘરવાળાની ગરીબ પરિસ્થિતિ હોય એ બીમાર પડે એની પાસે સારવાર માટે પૈસા નથી હોતા અને અંતે એ મૃત્યુ પામતા હોય છે. અમારા ઘરની જ વાત કરું તો મારા પિતા હજી છ માસના જ હતા અને મારા દાદી ગુજરી ગયા હતા કારણ કે અમારી ગરીબ પરિસ્થિતિ હતી ઇલાજ માટે પૈસા નહોતા. આ બાળકે આ બધું જ જોયું છે અને એનું નામ છે શ્રી નરેન્દ્રભાઇ મોદી. એ મોટા થાય છે રાજનીતિમાં આવે છે. ગુજરાતના સી.એમ. બને છે. દેશના વડાપ્રધાન બને છે ત્યારે એણે આગળ જે અનુભવ કરેલો છે એ દૂર કરવા માટે એ ગરીબો માટે ઉજ્જ્વલા યોજના લાવે છે, મા અમૃતમ યોજના લાવે છે. આયુષ્યમાન ભારત યોજના લાવે છે. દેશના કિસાનો હેરાન થતા હોય ત્યારે એમના માટે કિસાન નિધિ યોજના જે ખેડૂતોને મજબૂત બનાવવા માટે લાવે છે એ એને પાંગળો બનાવવા માટે નથી આપતા પરંતુ એને ટેકો આપવા માટે એને મજબૂત બનાવવા માટે લાવ્યા છે. દેશની જનતાનો આ જનમત મળ્યો છે ત્યારે અમુક લોકો કહે છે કે દેશ હાર્યો પરંતુ આ દેશ નથી હાર્યો પણ અમુક લોકો હાર્યા છે અને ૫૦-૬૦ વર્ષ પછી આ દેશ હવે જીત્યો છે. જયારે ચૂંટણી ચાલતી હતી ત્યારે કેવા કેવા અપશબ્દો કેવી કેવી ગાળો માનનીય મોદી સાહેબને આપવામાં આવી છે. પરંતુ જેને રામ રાખે તેને કોણ ચાખે.

''ફાનુષ બનકર જીસકી હિફાઝત ખુદ હવા કરે,
વો શમા કયા બુઝેગી જીસે રોશન ખુદા કરે''

હવે આ જનાદેશ મળ્યા પછી દેશે પાંચ ટ્રીનીયલ ઇકોનોમી તરફ નજર માંડી છે જેને ૫૫ વર્ષ લાગ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી હિતુભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી પુંજાભાઇ...

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહમંત્રીશ્રી સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

સરકાર પક્ષ તરફથી સંકલ્પ લઇ આવવાની શા માટે આવશ્યકતા ઉભી થઇ છે એ સમજી શકાતું નથી. લોકશાહીમાં ચૂંટણી દર પાંચ વર્ષે આવે અને હાર જીત તો લોકો ઉપર હોય છે. લોકોએ જે મેન્ડેન્ટ આપ્યો છે એને અમે માથા ઉપર સ્વીકારીએ છીએ. લોકશાહીમાં લોકો નક્કી કરતાં હોય છે. એ પછી વાહ-વાહી, અભિનંદન સમગ્ર દેશમાં જે થવાનું હતું એ થઇ ચૂકયું છે. એ થઇ ચૂકયા પછી સંકલ્પ લઇ આવવાનો અહીંયા વાહ-વહી કરવી અને ૭૦ વર્ષમાં કોંગ્રેસે શું કર્યું એ કહેવામાં આવે. અમે શું કર્યું એ બધી વાત અગાઉ થઇ ચૂકી છે. માનનીય ગૃહમંત્રીશ્રીએ પોતાના વકતવ્યમાં જે વર્ણન કર્યું એ બધી વાતો ગુજરાત અને દેશની જનતા વચ્ચે આવી ગઇ છે એમાં નવું કંઇ છે નહિ, છતાં સંકલ્પ લઇને આવ્યા છે, ત્યારે મારે કહેવું જોઇએ કે, તમે જીત્યા છો. કોંગ્રેસ પણ ભૂતકાળમાં વારંવાર જીતી છે એ જીતને આધારે એમને શાસન વ્યવસ્થા મળી અને એમના ભાગે જે કામગીરી આવી છે એ એણે કરી છે. આજે પણ રાજ્યની અંદર અસંખ્ય સળગતા સવાલો ઊભા છે. રાજ્યની જનતાની અનેક સમસ્યાઓ આજે પણ છે એ સમસ્યાઓ માટે સરકાર કોઇ સંકલ્પ લઇને આવી હોત અને એની વિધાનસભામાં ચર્ચા થઇ હોત અને એના માટે ધારાસભ્યોને પૂરતો સમય આપ્યો હોત તો સરકારની ચોક્કસ વાહ-વાહ અમે કરત અને સરકારને અભિનંદન આપત કે રાજયની સમસ્યાઓ માટે ધારાસભ્યશ્રીઓએ આ સભાગૃહમાં મુક્ત મને પોતાની વાતો રજૂ કરી શકે એના માટે સમય આપ્યો હોત તો સારું થાત. પરંતુ સરકાર એવું નથી કરતી. જે હકીકતો છે, વાસ્તવિકતા છે, લોકોને મુશ્કેલીઓ છે, લોકોના પ્રશ્નો અને સમસ્યાઓ છે, એ સમસ્યાઓને હલ કરવા માટેની વાતો વારંવાર કરો છો. મોટી મોટી જાહેરાતો દ્વારા કરવામાં આવે છે. તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાને ઘણી બધી જાહેરાતો, ઘણી બધી વાતો અને સપનાંઓ લોકો સમક્ષ રજૂ કર્યા છે. પણ તેના અમલીકરણનું શું?

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૯૦ મિનિટ ચર્ચા કરીશું, વાહ વાહ કરીશું પણ મૂળભૂત વાતનું શું, મૂળભૂત સમસ્યાઓ છે તેના માટે શું? રાજયની અંદર મોટામાં મોટો પ્રશ્ન હોય તો એ છે કે, એ રાજય હોય કે દેશ હોય, ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે માનનીય નરેન્દ્રભાઇ મોદી વિજેતા થયા અને એ વિજેતા થયા ત્યારે અસંખ્ય વાતો દેશની જનતા સમક્ષ મૂકવામાં આવી હતી.

## તા. ૮મી જુલાઇ, ૨૦૧૯
## સરકારી સંકલ્પ

દેશની જનતાએ ખોબે– ખોબે મત આપ્યા. પ્રાઇમ મિનિસ્ટર બન્યા, ખુશીની વાત છે, આ પ્રાઇમ મિનિસ્ટર બન્યા પછી પાંચ વર્ષ થયું શું, કેવી પરિસ્થિતિ નિર્માણ થઇ માનનનીય અધ્યક્ષશ્રી કે *(xxx) (અંતરાય) સાંભળવાની તૈયારી રાખો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા બેસી જાઓ. માનનીય પુંજાભાઇ ..

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સાહેબ, આ હકીકતની વાત છે.

અધ્યક્ષશ્રી : આ હકીકતની વાત તમારી પાસે રાખો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ :માનનીય અધ્યક્ષશ્રી, આ જ ભાજપની સરકારે આજ વિધાનસભાગૃહની અંદર ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર દૂર કરવાની વાત કરી હતી.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાંખ્યા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ભાજપાની સરકારે ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર દૂર કરવાનું દેશ અને રાજયની જનતાને વચન આપ્યું હતું. એ તમે બધા ભૂલી ગયા છો. આ જ વિધાનસભામાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાત કરેલી. ભ્રષ્ટાચાર ઘટયો કે વધ્યો? માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાત, આ ભાજપની સરકાર આવ્યા પછી તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી બન્યા પછી જે સ્થિતિ નિર્માણ થઇ હતી રાજયમાં અને આજે દેશમાં એમના બન્યા પછી એ માનનીય અધ્યક્ષશ્રી આપણી નજરની સમક્ષ છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી શકિતશાળી બન્યા, પ્રભાવશાળી બન્યા એ આવકારદાયક છે. એ પ્રભાવશાળી બન્યા એ ચિંતાનો વિષય નથી. ચિંતાનો વિષય એ છે કે4 સત્તામાં આવ્યા પછી જે બંધારણીય સંસ્થાઓ છે એ બંધારણીય સંસ્થાઓ આજે નબળી પડી છે એ મોટી ચિંતાનો વિષય છે. આજે સ્થિતિ શું છે, રાજ્યમાં અને સમગ્ર દેશમાં ભયનો માહોલ, ભયનું વાતાવરણ કોઇ વ્યકિત પોતાની વાત રજૂ ન કરી શકે. મુક્ત મને વાત ન કરી શકે.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સમય શેનો ન બગાડો. તમે બોલો એ અમારે સાંભળવાનું. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સભ્યશ્રી બોલ્યા કે દેશમાં ભયનું વાતાવરણ છે, આવા ન શોભે એવા શબ્દો અને કૃત્રિમ શબ્દો, ઉપજાવી કાઢેલા શબ્દો શ્રી પું જાભાઇ બોલી આખા ગૃહને અને આ ગૃહના માધ્યમથી ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરે છે, એટલે આવા કોઇ શબ્દો રેકર્ડ પર રહેવા ન જોઇએ, દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી :માનનીય પુંજાભાઇ... (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય પુંજાભાઇ હાર્યા હોય તેનું દુઃખ હોય, એ સમજી શકીએ છીએ. પણ આવી રીતે બોલીને ન કહી શકે, નહીં, આવી રીતે વાત નહીં કરવાની. સાહેબ, એમને જે કહેવું હોય તે કહે પણ દેશમાં ભયનો માહોલ છે, દેશની બંધારણીય સંસ્થાઓ નબળી પડી છે, તમે કેવી રીતે કહી શકો. તમારા નેતાઓ જેલમાં જાય. એટલે તમે હચમચી ગયા છો. એમના એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરો, મારી વિનંતી છે, સાહેબ.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, તમારા કેટલાક શબ્દો હું રેકર્ડ જોઇને રેકર્ડ પરથી દૂર પણ કરીશ. પણ તમે એ જ વાત બીજી રીતે કરી શકો એમ છો. એ રીતે કહો. બીજી રીતે કહો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : જે હકીકત છે એ કહીએ છીએ.

અધ્યક્ષશ્રી : પણ ભાષા એવી ન કહો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તમને શું તકલીફ છે, વાસ્તવિકતા સ્વીકારોને! જે હકીકત છે તે સ્વીકારોને! અને સત્તા પર આવ્યા રાજય વ્યવસ્થા જે થાય એ તો અંતે તો લોકોના હિત માટેની હોઇ શકે. જયારે સત્ય બોલવામાં આવે, સત્યને રજૂ કરવામાં આવે ત્યારે એ સત્યને સહન કરવાની તૈયારી હોવી જોઇએ. અસત્ય અત્યારે હામી થઇ શકે એ પ્રકારની પરિસ્થિતિ દેશમાં અને રાજયમાં છે. આ જનાદેશ મળ્યો છે તેના માટે મારે કહેવું હોય તો ચોકકસપણે કહી શકું કે, આ જે જનાદેશ છે તે સત્યને દબાવી અને અસત્યમય જનાદેશ છે. હું ચોક્કસપણે એટલું કહી શકું કે, આ જનાદેશ એ સત્યને દબાવી અને અસત્યનો જનાદેશ છે. તમે સ્વીકારો કે ન સ્વીકારો, લોકો અનુભવે છે. લોકો અનુભવે છે તેની હું વાત કરી રહ્યો છું. વડાપ્રધાન બન્યા અને મુખ્યમંત્રી હતા ત્યારે અહીં ઘણી બધી વાત કરવામાં આવી. ગૃહ મંત્રીશ્રીએ ઘણા બધા વખાણ કર્યા. રાજ્યમાં અક્ષરધામ ઉપર હુમલો થયો ત્યારે સરકાર કોની હતી? કોણ સત્તામાં હતા? આ દેશની સર્વોચ્ચ પાર્લામેન્ટ ઉપર આતંકવાદી હુમલો થયો ત્યારે કોણ સત્તામાં હતા? માનનીય ગૃહ મંત્રીશ્રીએ અઝહર મસુદની વાત કરી ત્યારે મારું માથું શરમથી ઝૂકી જાય છે. જે અઝહર મસુદને કોંગ્રેસની સરકારે પકડયો હતો અને જેલમાં નાખ્યો હતો તેને કંદહાર મુકવા માટે કોણ ગયા હતા? સત્ય હકીકત દેશમાં જણાવવી જોઇએ. જ્યારે જમ્મુમાં રઘુનાથ મંદિર ઉપર હુમલો થયો ત્યારે સત્તામાં કોણ હતું? સાંભળવાની પણ તૈયારી રાખવી જોઇએ. તમે આ પ્રસ્તાવ લઇ આવ્યા છો એટલે મારે આ બોલવું પડે છે. રાજયમાં આજે બેરોજગારી, પીવાના પાણીના પ્રશ્નો અને કાયદો અને વ્યવસ્થા માટેની તમારા ગૃહ વિભાગની હાલત શું છે તે સમગ્ર રાજયની પ્રજા જાણે છે. તેના માટેનો સંકલ્પ લઇને આવ્યા હોત તો તેની ચર્ચા થઇ શકી હોત અને રાજયને તેનો ફાયદો થાત. આ સંકલ્પના કારણે માત્ર વાહ વાહી કરવા માટે ને પીઠ થપથપાવવા માટેનો આ સંકલ્પ છે. તમે સત્તામાં આવ્યા છો એટલે તમારો પીઠ થપથપાવવાનો અધિકાર છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## સરકારી સંકલ્પ

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ગૃહ મંત્રીશ્રી જે જનમતનો વિજય થયો છે તે અંગેનો સંકલ્પ લઇને આવ્યા છે તેના માધ્યમથી સૌ પહેલા હું અહીંથી ગુજરાતની જનતા અને આ દેશની જનતાનો ખૂબ ખૂબ આભાર માનું છું. એમણે ખૂબ મોટી લીડથી ભારતીય જનતા પાર્ટીના આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ખૂબ મોટો જવલંત વિજય અપાવ્યો છે.

જ્યારે આ સંકલ્પ આવ્યો છે ત્યારે આ પ્રજાનો વિજય છે. મને એવું હતું કે કોંગ્રેસ તેના માધ્યમથી એવું કહેશે કે અમે લોકો આનું વિશ્લેષણ કરી અને તેના માટે જે પગલાં લેવાના હશે તે લઇશું. પરંતુ આજની તારીખમાં આદરણીય પુંજાભાઇ અને શ્રી શૈલેષભાઇએ જે વાત કરી તે જોઇએ તો અગાઉ કટોકટી લાદી હતી તે લોકો આજે એમ કહે છે કે, બંધારણીય સંસ્થાઓનો દુરઉપયોગ કર્યો છે. આ કેટલી હાસ્યાસ્પદ વાત કહેવાય? ગુજરાતની અને દેશની જનતાએ આટલી મોટી સીટો આપીને આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વને કે જેમણે પોતાનું સમગ્ર જીવન ભારત માતાને વિશ્વગુરુ બનાવવા માટે સમર્પિત કર્યું છે તેવા આપણા પનોતા પુત્ર, આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી, અને અમારા અમદાવાદના અને મારા પહેલાના મણીનગરના અમારા ધારાસભ્ય એ અમારું ખૂબ મોટું ગૌરવ છે અને બીજા આપણા ચાણક્ય આદરણીય પૂર્વ ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં આ વિજય થયો છે તેના માટે ભારતની અને ગુજરાતની જનતાનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. અમારામાં પણ આદરણીય નરેન્દ્રભાઇએ કહ્યું કે આ વિજય છે તેનાથી આપણે બિલકુલ હરખાવાની જરૂર નથી. આપણને જ્યાં મત નથી મળ્યા, આપણને જેમણે મત નથી આપ્યા, તેમણે કેમ નથી આપ્યા તેનો અભ્યાસ કરી અને એમને પણ આપણા બનાવી અને પુરા દેશની અંદર આપણે સંપૂર્ણ બહુમતી મેળવવાની છે. આ એમના વિચારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોયું કે આ ચૂંટણીમાં એક બાજુ વિકાસની રાજનીતિ હતી અને એક બાજુ નેગેટિવ થીંકીંગની રાજનીતિ હતી. કોઇ મુદ્દા એવા નહોતા કે અમે આવીશું તો આ કરીશું. મુદ્દા એ હતા કે જે શ્રી નરેન્દ્રભાઇને, જેને કંઇ આગળ પાછળ નથી. એવા શ્રી નરેન્દ્રભાઇને એમની પ્રમાણિકતા પર શંકા કરવાની અને એના પછી જયારે મતદાન થયું એ દિવસે સાત વાગ્યે મત આપવા ગયા તો ૧૦૦-૧૫૦ માણસોની લાઇનો હતી. એ ઉપરથી જ નક્કી થઇ ગયું હતું કે આ અપ પ્રચાર છે તેની સામે વિકાસ ભારે પડ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોયું કે ગુજરાતની અંદર પણ ઘણીવાર વિપક્ષનો અવાજ છે એ પણ જનતા સાંભળતી હોય છે. કોઇ પણ બનાવ બને. ગુજરાત સરકારે જે ગરીબોના હિત માટે મેળા ચાલુ કર્યા. માની લો કોઇ એક મેળાની વાત કરું. ગરીબ કલ્યાણ મેળો. તેમાં ગરીબોને શોધવાના, શોધીને તેમને જે તે વસ્તુ આપવાની.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય વિરજીભાઇ ઠુમ્મર.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ગૃહ મંત્રીશ્રી નિયમ-૧૨૦ હેઠળ સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં દેશ ક્યાંથી ક્યાં સુધી પહોંચ્યો છે અને પહોંચાડવામાં કોનો ફાળો છે એ બાબતો ઉપર હું ધ્યાન ખેંચવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ૨૦૦ વર્ષનું અંગ્રેજોનું શાસન. આ દેશને લૂંટીને સંપૂર્ણ ખાલી કરીને જતા રહેલા અંગ્રેજોનું ૨૦૦ વર્ષનું શાસન છોડાવવાનું જો કોઇએ કામ કર્યું હોય તો હું સેલ્યુટ કરું છું- સરદાર વલ્લભભાઇ પટેલ અને ગાંધીજીને. ગુજરાતના પનોતા પુત્રોએ આ દેશને લોકશાહી અપાવી. ત્યાર પછી આ દેશમાં પ્રથમ શાસન આવ્યું. શ્રી જવાહરલાલ નહેરુ આ દેશના વડાપ્રધાન બન્યા અને ભાખરા નાંગલ જેવી યોજના, સરદારના નામે સરદાર સરોવર જેવી યોજના અમલમાં આવી અને તેના કારણે આજે પંજાબ, ગુજરાત અને હરિયાણા બચાવવા માટેનું તેમનું તે વખતનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે. મારા ઘણાં મિત્રો બોલતા હતા. મેં જોયું. આપણે અભિનંદન આપવા જોઇએ આ દેશના પ્રધાન સેવક એટલે વડાપ્રધાન બન્યા છે, ગુજરાતની ભૂમિમાંથી ગયા છે. ગુજરાતના પનોતા પુત્ર આપણાં સ્વ. મોરારજીભાઇ દેસાઇ પણ આ દેશના વડાપ્રધાન બન્યા હતા. પાંચ વર્ષના શાસનની વાતો કરવામાં આવે છે. પાંચ વર્ષની બાજપાઇજીની સરકાર અને એક વર્ષ પાછી બાજપાઇજીની સરકાર અને પાંચ વર્ષની આ શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર. આમ એન.ડી.એ.નું ૧૧ વર્ષનું શાસન ચાલ્યું છે. વનિતા ખરે નામના બી.બી.સી.ના પત્રકારે રોમીલા થાપર જે માનવ અધિકાર સાથે જોડાયેલા છે એમને પૂછ્યું કે આ પાંચ વર્ષના શાસનને તમે કેવી રીતે મૂલવો છો? આ વિધાનસભા ગૃહના સભ્ય તરીકે મારે દુઃખ સાથે કહેવું પડે. એમણે એવા શબ્દો ઉચ્ચાર્યા હતા કે આના કરતા કટોકટી ઘણી સારી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ મારા શબ્દો નથી. વનીતા થાપરના શબ્દો છે. ખેડૂતો આજે બરબાદ થયા છે. મોતને ભેટી રહ્યા છે. પાક વીમાની વાતો કરવામાં આવી છે. સાંભળો, ઘણું બધું કાનમાં ઝેર રેડાશે પણ સાંભળવું પડશે. ૨૦૧૮માં (અંતરાય) રેડાશે. હું રેડતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી નિર્મલા સીતારામન બજેટ રજૂ કરતા હતા. એમણે બજેટમાં કહ્યું છે. મારા શબ્દો નથી. માનનીય નીતિનભાઇ, શ્રીમતી નિર્મલા સીતારામને એમ કહ્યું કે, ૨૦૧૮માં આ દેશના રૂ. ૩૬ હજાર કરોડના બેંકરપ્ટ થયા છે. નાણામંત્રી તરીકે હું દુઃખ વ્યક્ત કરું છું. નોટબંધીના કારણે ભ્રષ્ટાચાર થયો છે. પાર્લામેન્ટના રેકર્ડ ઉપર શ્રીમતી નિર્મલા સીતારામને કહ્યું છે કે, આ નોટબંધીના કારણે ભ્રષ્ટાચાર વધ્યો છે. આ પાંચ વર્ષનું શાસન છે. એમના શાસનમાં રહેલા શ્રી સુબ્રમણયમ સ્વામીએ એમ કહ્યું કે, આ દેશની જનતાનો વિજય નથી. આ ઇ.વી.એમ.ની કરામતનો વિજય છે અને તમે લોકશાહીની વાત કરો છો. આ મારા શબ્દો નથી. શ્રી નીતિનભાઇ, હવે એ બાબત ઉપર હું આવવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું શ્રી નીતિનભાઇને કહેવા માગુ છું. શ્રી સુબ્રમણયમ સ્વામી કોણ છે? શ્રી સુબ્રમણયમ સ્વામી

તા. ૮મી જુલાઇ, ૨૦૧૯
સરકારી સંકલ્પ

રાજયસભાના મેમ્બર અને ભારતીય જનતા પાર્ટીના મેમ્બર છે એ એમ કહે છે કે વિરોધ પક્ષના લોકો સાચી વાત આ દેશના લોકોને નથી કહેતા.  ઇવીએમની કરામતના કારણે આ ૫ વર્ષ પાછા ભારતીય જનતા પાર્ટી અને શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા છે. એક મોટામાં મોટા લોયર કે જે ભારતીય જનતા પાર્ટીના અનેક સભ્યોના લોયર તરીકેની કામગીરી કરી છે.  શ્રી રામજેઠમલાણી, એમણે એમના શબ્દો મૂકતા કહ્યું છે, મને દુઃખ  થાય છે કે, મેં આ શ્રી નરેન્દ્ર મોદી જેવી વ્યકિતને ટેકો આપ્યો છે.  આ પાંચ વર્ષનું શાસન?  આ ગુજરાત રાજયના મુખ્યમંત્રી આ દેશના વડાપ્રધાન બને અને અમને વિરોધ પક્ષને સાંભળવું પડે એ અમને ગમતું નથી.  અમને દુઃખ થઇ રહ્યું છે.  આ પ્રકારનું એમનું શું કૃત્ય હશે, એમના કેવા પ્રકારના કૃત્યો આ દેશમાં ચાલતા હશે? યુવાનોને રોજગારી આપવા માટેની વાત કરી હતી એમાં પણ જ્ઞાતિવાદ આવી ગયો. અનામત અને બિન અનામતની વાતો કરવામાં આવી. અનામતના લોકોને આટલી નોકરીઓ મળે છે, બિન અનામતના લોકોને આટલી નોકરીઓ મળતી નથી. મારે દુઃખ સાથે કહેવું છે કે,  હિન્દુસ્તાનના ૫ વર્ષના શાસન પછી અનેક જગ્યાઓ ખાલી છે.  આ ખાલી જગ્યાઓ ઉપર તો તમે ભરતી કરો.  આ દેશના વડાપ્રધાને આવું વિચાર્યું હોત તો હું આનંદ વ્યકત કરેત. અનેક યુવાનો આજે ભટકી રહ્યા છે, નકસલ પ્રવૃત્તિઓ તરફ આગળ વધી રહ્યા છે.  અનેક જગ્યાઓ ખાલી હોવા છતાં નોકરી નહીં મળવાને કારણે  આજે આ યુવાનો ભટકી રહ્યા છે.  મારે એક વાત કરવી છે.  ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીના શ્રી મનમોહનસિંહજીના વહીવટની વાત માનનીય પ્રદિપસિંહજીએ કરી એટલા માટે મારે કહેવું છે કે, મનમોહનસિંહજીનો વહીવટ જો તે દિવસે ખરાબ હોત તો શ્રીમતી નિર્મલા સીતારમનજી શું કરવા માટે એમને મળવા ગયા એમ તો અમને કહો?

અધ્યક્ષશ્રી : આપના વકતવ્યનો સમય પૂરો થાય છે.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : हमारे वैधानिक एवं संसदीय बावत के मंत्री श्री प्रदीपसिंहजी झाडेजा नियम 120 के तहत जनमत का यह जो सरकारी संकल्प लेकर आए है । मैं उसे मेरा पूर्णत: समर्थन देता हुं । इसलिए मैं इस विषय पर मैं मेरा  वक्तव्य रखना चाहुगां । हिन्दुस्थान की आजादी के लिये लाखों लोगों ने अपना बलिदान दिया है इन बलिदानों ने स्वराज्य के लिये बलिदान दिया इस विचार से कि इस दुशासन का खात्मा  हो एवं सुशासन आवें लेकिन दुर्भाग्य से आजादी के बाद कांग्रेस के शासन में कॉग्रेस के नेताओं ने जन की भलाई के बदले खुद की भलाई में लग गए यह बहुत बडी घटना हो गई । आजादी के बाद देश में कांग्रेस शासन में वोट बैंक की राजनीति चली, तुष्टीकरण की राजनीति चली डिवाईड एण्ड रुल्स की राजनीति चली, वायदों की राजनीति चली,प्रांतवाद, भाषावाद की राजनीति चली और जातिवाद का जहर उगलने की राजनीति चली, गरीबी हटाओ के नारे लगे, आंतकवाद, नक्शलवाद राजनीति चली इस कारण पूरे देश में कांग्रेस के शासन में बेरोजगारी बढी ,आंतकवाद बढा, भ्रष्टाचार बढा, मंहगाई बढी, प्रांतवाद, भाषावाद, जातिवाद का जहर बढा ,देश को टुकडे टुकडे करने वाली गेंग, अलगाववादी, देश द्रोही बढे, नक्शलवाद बढा, सन 2014 के पहले सामान्य जनों का जीवन अस्त व्यस्त हो गया । सामान्य जनता पूर्णत: त्रस्त हो गई थीं । लोग तंग हो गए थे । लेकिन आजादी के 70 साल के बाद सन 2014 में पूर्ण बहुमतवाली भाजपा सरकार बनी, मोदी सरकार बनी, पूर्ण रुप से गैर कांग्रेसवाली सरकार बनी । आदरणीय प्रधानमंत्री नरेन्द्रभाई मोदी के नेतृत्व में भारतीय जनता पार्टी की मोदी सरकार बनी, लेकिन इस 5 साल के सुशासन में जो काम हुआ है, उज्वला योजना के तहत करोड़ो- करोड़ो गरीब लोगों को गैस सिलेन्डर दिया गया । प्रधानमंत्री आवास योजना के तहत करोड़ो करोड़ो लोगों को मकान दिया गया, जनधन योजना के तहत करोड़ो करोड़ो लोगों के बैंक में खाते खोले गए, स्वच्छता अभियान के तहत करोड़ो लोगों को शौचालय की सुविधा उपलब्ध कराई गई । अन्य योजना के तहत करोड़ो करोड़ो लोगों को बिजली दी गई, मुद्रा योजना के तहत करोड़ो करोड़ो लोगों को बैंक से लोन दिया गया, उज्वला योजना के तहत करोड़ो करोड़ो लोगों को बिजली के बल्ब दिए गए, प्रधानमंत्री किसान सम्मान निधि योजना के तहत करोड़ो किसानों को सालाना छै हजार रुपए की मदद की गई । प्रधानमंत्री स्वरोजगारी योजना के तहत करोड़ो लोगों को रोजगारी दी गई, ऐसे अनेक रोजगारी दी गई । हम लोगों ने ये झूठे वायदों की राजनीति, वोट बैंक की राजनीति, जहर उगलने की राजनीति समाप्त की । लेकिन मैं कहना चाहूगां 2014 के लोकसभा के चुनाव में जनमत 125 करोड से ज्यादा आबादीवाला देश 83 करोड़ से ज्यादा लोग मतदाता थे, 54 करोड़ लोगों ने मतदान किया 17 करोड़ लोगों ने भाजपा को वोट दिया 5 साल के शासन के बाद 2019 के चुनाव में 130 करोड़ आबादी वाला देश 90 करोड लोग मतदाता थे, 60 करोड़ से ज्यादा लोगों ने मतदान किया 22 करोड़ ने भाजपा को जनमत दिया इस जनमत का असली जो कारण है वो है हमारे नरेन्द्रभाई मोदी  । 10 जनपथ पर रहनेवालों को जनमत की विजय नहीं मिला करती है ।

## આષાઢ ૧૭, ૧૯૪૧ શાકે

## સરકારી સંકલ્પ

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય ગૃહમંત્રીના સંકલ્પમાં સેવાની વાત કરતાં થોડા અભિમાનની વાત વધારે હતી. આપણા ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન હોય અને ગૃહમંત્રી હોય એમાં આપણને સૌને ગૌરવ હોય એમાં ખોટું નથી. પણ આની સાથોસાથ અભિમાનથી અમે જ બધું કરી નાખ્યું, અમે જ છીએ તો આ બધું છે અને કોંગ્રેસે કશું જ નહોતું કર્યું એ જે વાત એમના સૂરમાં હતી એ જરા વધારે પડતી હતી એમ કહું તો ખોટું નથી. હમણાં શ્રી શૈલેષભાઇ પરમારે કોંગ્રેસે શું કર્યું એ વાત કરી. માનનીય ધારાસભ્યશ્રી પુંજાભાઇએ વાત કરી ત્યારે મારે એમની જ વાતમાંથી બે શબ્દો પકડવા છે કે આ દેશમાં અને આ રાજ્યમાં એક ફેશન બની ગઇ છે. જે લોકો ગુજરાતી માધ્યમની વાતો કરતા હતા એ લોકોના તમામ દીકરા–દીકરીઓ અંગ્રેજી માધ્યમમાં ભણીને પરદેશ રહેવા જતા રહ્યા. જે લોકો સ્વદેશીની વાતો કરે છે અને કરતા હતા એ તમામના ઘરમાં આજે ચાઇનાનું ફર્નિચર, સોફાસેટ સરસ સેટ થઇને બેઠું છે. જે લોકો રાષ્ટ્રવાદની વાતો કરે છે એ લોકો પોતે જ એકલા રાષ્ટ્રવાદી છે અને ભારતના બીજા તમામ જે લોકો ભારતીય જનતા પાર્ટીમાં ન માનતા હોય એ રાષ્ટ્રદ્રોહીઓ આ જે વિચાર છે એણે આજે દેશને ખોખલો કરી નાખ્યો છે. આ દેશમાં વસતો કોઇ નાગરિક રાષ્ટ્રદ્રોહી નથી. આ દેશમાં વસતા તમામ નાગરિકને ભારત માતા પ્રત્યે પ્રેમ છે. તમે જ કરી નાખશો એ અભિમાનમાંથી બહાર નીકળો અને સેવા માટે પ્રજાએ તક આપી છે તો સેવા કરો.

"છે અરમાનો જિંદગીના ઘણા બાકી, પણ બે ચાર સારા કામ થાય તો ય ઘણું છે.<br>
લવ લેશ ડર હવે અમને કોંગ્રેસને સતાવતો નથી,<br>
પણ મૃત્યું પછી અમારી ક્યાંક ખોટ વર્તાય તોય ઘણું છે."

આજે ભલે દેશમાં કોંગ્રેસ સત્તા પર ન હોય પણ લોકો કોંગ્રેસને યાદ કરશે. આ જ લોકો જવાહરલાલ નહેરુને યાદ કરશે, લોખંડી મહિલા સ્વ. ઇન્દિરા ગાંધીના ભારત પાકિસ્તાનના યુદ્ધની વાતને યાદ કરશે. લોકો સ્વ. રાજીવ ગાંધીના ત્યાગને અને મેરા ભારત મહાન માટે આપેલા બલિદાનને લોકો યાદ કરે છે. કોંગ્રેસે જે કરી બતાવ્યું છે એ યાદ કરી બતાવે તો પણ ઘણું છે. આઝાદી પહેલા અને આઝાદી પછી પણ આ દેશના રાષ્ટ્રવાદ માટે દરેક કોંગ્રેસીજને બલિદાન આપ્યું છે. કોઇએ તનથી, કોઇએ મનથી, કોઇએ ધનથી, કોઇએ સારા વિચારથી બલિદાન આપ્યું છે. તમે બધા રાષ્ટ્રદ્રોહીઓ છો એમ અમે કહેતા નથી. તમે પણ રાષ્ટ્રવાદી છો, તમે પણ ભારત માતાના સંતાનો છો. તમને સેવા કરવાની તક આપી છે તો તમે પણ સેવા કરો અને એમાં અમારો ટેકો છે. પણ અભિમાનથી વિરોધ ન કરો. આપણા રાષ્ટ્રમાં આપણા સંસ્કાર અને સંસ્કૃતિમાં શાસન કરતી બેલડીઓ ઘણી આવી. ગાંધીજી અને સરદારની બેલડી એને આઝાદી પહેલા અને આઝાદી પછી વર્ષો સુધી યાદ કરીએ છીએ. જે લોકો ગાંધી અને સરદારની વિચારધારામાં નહોતા આવતા એ લોકો પણ આજે સરદાર પટેલ અને ગાંધીજીની પૂજા કરતા થઇ ગયા એ જ એમનું ગૌરવ છે. એવી જ બેલડી અને એવું શાસન કરે, એવી શાસન ધૂરા ચલાવે કે લોકો યાદ કરે. બાકી કુંભકર્ણ અને રાવણની પણ જોડી હતી, દૂર્યોધન અને દુઃશાસનની પણ જોડી હતી પણ શ્રીકૃષ્ણ અને બળદેવની પણ જોડી હતી. ગાંધી અને સરદારની પણ જોડી હતી. શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિત શાહને તમે એવું બળ પૂરું પાડો કે એ બેલડીના કારણે ગુજરાતનું જે મહત્વ છે એ મહત્વ હજુ પણ વધે. પણ તમે અભિમાનમાં ડૂબી ન જાઓ. અને ઘણી વખત તમે કહો છો કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીની આગળ–પાછળ કોઇ નથી. ભલે આગળ–પાછળ કોઇ ના હોય પણ આજુબાજુ ઘણા છે. એ આજુબાજુવાળાને કહેજો કે એમને ક્યાંક ખોટા માર્ગે દોરી ના જાય અને એટલા માટે શ્રી પ્રદિપસિંહ જે વાત લઇને આવ્યા છે એમાં હું સૂર નથી પુરાવી શકતો. એમની વાતમાં સેવા કરતા અભિમાનની વાત વધારે હતી. બીજું, કોંગ્રેસે આ કર્યુ, કોંગ્રેસે તે કર્યુ પણ કોંગ્રેસનો અપવાદ ના હોત અને પહેલા આવી ગયા હોત તો આ દેશ ક્યાંય હોત! આવી બધી વાતોમાંથી બહાર નીકળો. જમ્મુ અને કાશ્મીરની વાત હોય જે સમયે જે પ્રશ્ન ઊભો થયો હોય અને એ રાજ્યમાં જે સોલ્યુશનો થયા હોય એ સોલ્યુશનમાંથી કેવી રીતના બહાર નીકળવું એની તમે તકો શોધો. આજે મોંઘવારી, કાળા બજાર, કાળું નાણું આ બધી વાતો કરતા હતા એ ક્યાં ગઇ? હું એક જ વાક્યમાં પાંચ વર્ષના શાસનનું મૂલ્યાંકન કરું કે, આ દેશના શ્રી નરેન્દ્રભાઇના શાસનમાં જેને કાળા નાણાની વાત કરવાની હોય એ યોગની વાતો કરતા થઇ ગયા અને જેને યોગની વાતો કરવાની હોય બાબા રામદેવને એ કાળા નાણાની વાતો કરે અને એક જ વાક્યમાં નોટબંધી જેવા ક્યાંક ખોટા કામો પણ થયા છે તો એવા ખોટા કામને સ્વીકારો. એના કારણે આ દેશમાં વેપારીઓ હતા એ બધા સાધુ બની ગયા અને સાધુ હતા એ બધા વેપારી બની ગયા. આ પરિસ્થિતિનું નિર્માણ આ દેશમાં થયું છે. એમાંથી કઇ રીતે રસ્તો કાઢવો, કઇ રીતે આગળ વધવું? વિરોધ પક્ષ તરીકે અને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે એમના ભાષણમાં કહ્યું કે વિપક્ષમાં કેટલી સંખ્યા છે તે અગત્યનું નથી. તમે તમારો સાચો વિચાર રજૂ કરજો. માનનીય પ્રદિપસિંહજી તમે એ કહ્યું કે, ૫૨, ૪૪ કે ૬૦ની સંખ્યા છે એમની સામે નથી કહ્યું. પણ એમણે એમ કહ્યું કે, તમે મને સાચો વિચાર બતાવજો તો હું એનું મૂલ્યાંકન કરીશ અને એ રીતે આપણે બધાએ એનું મૂલ્યાંકન કરીને ટેકો આપવો અને અનંત સુધી તમે જ કર્યુ, તમે જ કર્યું એવું કહેવાની જરૂર નથી. તમે આતંકવાદીને અમે જે પૂર્યો હતો એ

આતંકવાદી અઝર મસૂદને તમે * ( xxx) છેક અફઘાનિસ્તાન મૂકવા નહોતા ગયા? અને એણે આખા વિશ્વમાં ૫૦૦ લોકોનો ભોગ લીધો એ આપણે નથી જાણતા? (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય સી. જે. ચાવડા આપનું વકતવ્ય પૂરું થાય છે અને *(xxx)શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(**શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સી. જે. ચાવડા, શ્રી પ્રદિપસિંહજીના આખા ભાષણમાં ક્યાંય અભિમાન નહતું, ગૌરવ ચોક્કસ છે, આત્મ સન્માન ચોક્કસ છે. સાહેબ, સેમી ફાઇનલ તો આવતી કાલે છે પણ ફટકાબાજી શ્રી પ્રદિપસિંહજીએ આજે કરી નાખી. ખૂબ સુંદર રીતે આખા વિષયને મૂકવા બદલ હું શ્રી પ્રદિપસિંહને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. શ્રી શૈલેષભાઇ આપને ઉગતા ભી સૂરખ દેખા હૈ, ઢલતા ભી સૂરજ દેખા હૈ તો યહ સૂરજ કો દેખતે રહો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પમાં વડાપ્રધાનની રાષ્ટ્ર ભક્તિ, રાષ્ટ્ર ભાવના, રાષ્ટ્ર પ્રેમ, રાષ્ટ્રવાદનો અભૂતપૂર્વ વિજય થયો છે અને એમના એક રાષ્ટ્રના પ્રામાણિક ઉદાહરણો કહેવા છે. આમ તો હું આખા રાજ્યમાં પ્રચારમાં ગયો. બધી જગ્યાએ અમે બધા કાર્યક્રમમાં હાજરી આપીએ તો અમને કહ્યું કે, અમારાં શ્રી પુંજાભાઇ બહુ સારા માણસ છે તમે અહીંયા રહેવા દેજો. અમારાં શ્રી જીતુભાઇ સારા માણસ છે, અમારાં શ્રી પરેશભાઇ સારા માણસ છે એને તમે અહીંયા રહેવા દેજો. બધાને અહીંયા રાખ્યા એટલા માટે હું પ્રજાનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકોમાં કેટલો રાષ્ટ્રવાદ ઉરી, સર્જિકલ સ્ટ્રાઇક, પુલવામા આ દેશમાં એકે એક વ્યક્તિમાં દરેક જ્ઞાતિમાં, બધામાં રાષ્ટ્રવાદ ભરપૂર છે. વ્યક્તિગત સ્વાર્થથી ઉપર રાષ્ટ્રવાદ છે. સવાલ એ છે કે એને કેવી રીતે ઉજાગર કરવો? અને રાષ્ટ્ર ભક્તિમાં કેવી રીતે ચેનલાઇઝ કરવો?

માનનીય અધ્યક્ષશ્રી, પક્ષે મને આણંદની જવાબદારી સોંપેલી. આણંદમાં હું ખૂબ ફર્યો. રાજ્ય અને કેન્દ્ર સરકારની ખૂબ વાતો કરી અને સાથે સાથે રાષ્ટ્રવાદની, ઉરીની, પુલવામાની ખૂબ વાત કરી. મારું પ્રવચન પૂરું થાય ત્યારે હું ગામડે ગામડે કહેતો હતો કે, તમારે ભરત જોઇએ છે કે ભારત જોઇએ છે? કારણકે કોંગ્રેસના ઉમેદવાર માનનીય ભરતસિંહ સોલંકી હતા એટલે હું કહેતો હતો કે, તમારે ભરત જોઇએ છે કે ભારત જોઇએ છે? આખી સભા કહેતી હતી કે અમારે ભારત જોઇએ છે અને એટલા માટે બધા જ્યારે કહે કે તમને જૂનાગઢમાં નહીં મળે, તમને આણંદમાં નહીં મળે, તમને અમરેલી નહીં મળે પણ આ વાત કરી હતી. ઇ.વી.એમ.ની વાત જ્યારે કરી ત્યારે જ્યારે રાજસ્થાનમાં જીત્યા ત્યારે એ જ ઇ.વી.એમ. હતું, મધ્યપ્રદેશમાં જીત્યા ત્યારે એ જ ઇ.વી.એમ. હતું, રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી જીત્યા ત્યારે એ જ ઇ.વી.એમ. હતું. પોતાની નિષ્ફળતા ઢાંકવા માટેના બધા બહાના છે. આ ચૂકાદો શેનો છે? શ્રી પુર્ણેશભાઇએ કહ્યું છે એટલે એને રીપીટ નથી કરતો. આતંકવાદ અને બધા વાદો સામેનો ચૂકાદો છે ને એ રાષ્ટ્રવાદનો ચૂકાદો છે. રાષ્ટ્રવાદના કારણે અમે જીત્યા છીએ. પ્રાંતવાદથી માંડીને ભ્રષ્ટાચાર અને બધું થયું એની સામે લોકોએ વિશ્વાસ મૂકયો એક વ્યક્તિ ઉપર પછી શ્રી સી. જે., એ જી.એસ.ટી. હોય કે નોટબંધી હોય લોક હિત માટે આકરા પગલાં લીધાં એ ભવિષ્યમાં દેશના નિર્માણ માટે અગત્યનાં છે. ગામડાંના સામાન્ય માણસને આ વાત ગળે ઉતરી કે આ જ માણસ ભવિષ્યમાં દેશનું સારું કરશે અને તમારા સ્લોગન વ્યક્તિગત સ્વાર્થ માટેના હતા, ગરીબી હટાવ. તમારા સ્લોન પાર્ટીના હિત માટે હતા. શ્રી નરેન્દ્રભાઇએ સ્લોગન આપ્યા. સ્ટાર્ટઅપ, સ્ટેન્ડઅપ, ડીઝીટલ ઇન્ડીયા, મેઇક ઇન ઇન્ડીયા.(અંતરાય) આ રાષ્ટ્રવાદનો વિજય છે. વિશ્વસનિયતાનો વિજય છે. (અંતરાય) ઇ.વી.એમ.નું કહ્યું તમે બહાર ગયા હતા. અહીં જે વાત કરી છે એને હું સમર્થન આપું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતની પાંચ મિનિટ આ સંકલ્પ લેટ ચાલુ થયો છે એટલે અમને જે ૯૦ મિનિટ મળી હતી સરકાર પક્ષે આખા સંકલ્પ માટેની એ પાંચ બાકી છે. અમારી ૯૦ મિનિટ સ્પષ્ટ હતી. ૯૦ મિનિટ ફીકસ હોય છે એટલા પૂરતી જ અમારી રજૂઆત છે પછી આપ જે નિર્ણય લો એ. આ સરકારી સંકલ્પમાં આદરણીય શૈલેષભાઇ, શ્રી હિતુભાઇ, શ્રી સુરેશભાઇ, શ્રી પૂર્ણેશભાઇ, શ્રી પુંજાભાઇ, શ્રી વિરજીભાઇ, ડો.સી.જે. ચાવડા, શ્રી ભૂપેન્દ્રસિંહજી બધા જ મિત્રોએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. મારે એટલું જ કહેવું છે કે, આ જનમતનો વિજય છે અને વિશ્વની અંદર આના કારણે ભારત માતાનું ગૌરવ વધવાનું છે. આ રાષ્ટ્રવાદનો જનમત આપણને મળ્યો છે. નયા ભારતનો જે સંકલ્પ છે એ સંકલ્પ માટેનો અને રાષ્ટ્રીય સુરક્ષા માટેનો વિજય છે. આ વિજય એ વિશ્વાસનો વિજય છે. ભૂતકાળમાં પણ આ દેશના પ્રધાનમંત્રીશ્રીએ લાલકિલ્લા ઉપરથી જયારે ભાષણ કર્યું, શ્રી શૈલેષભાઇએ ઉલ્લેખ કર્યો અને દેશના પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, અત્યાર સુધી આ દેશને આ જગ્યાએ પહોંચાડવા માટે જેટલા લોકોએ પ્રયત્નો કર્યા છે એમને હું યાદ કરીશ અને એમણે કરેલા યોગદાનને હું બિરદાવું છું. અસહિષ્ણુતાની વાત કરે છે. મીસાની અંદર કેટલા લોકોને જેલના હવાલે કર્યા હતા? કટોકટીના કાળમાં જેલમાં પુરવાવાળા લોકો કેવી રીતે અસહિષ્ણુતાની વાત કરે! પરંતુ સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસની સાથે તુષ્ટીકરણની રાજનીતિને જાકારો આપીને વિકાસની રાજનીતિના નવા સંદેશ સાથે અમારા અટલજીએ જેમ કહ્યું છે તેમ– ''અંધેરા છુપેગા, સુરજ નિકલેગા ઔર કમલ ખિલેગા'' અને આ કમલ ખિલેગાની સાથે આ વિજય સવાસો કરોડ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯

ભારતની પ્રજાનો વિજય છે. આ વિજય એ ભારતનો વિજય છે. આ વિજય એ ભારતનો વિજય હોવાથી બંને પક્ષના સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આને વિના વિરોધે આપણે પસાર કરવો જોઈએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સ્વીકાર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

**(વિરામ ૧-૩૦ થી ૨-૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૨- સન-૨૦૧૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત(સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૨ સન-૨૦૧૯ નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જેનું નામ અને ઓળખ અશાંત વિસ્તાર ધારો છે, પરંતુ હું આજે ભૂતકાળના કાયદામાં કેટલાક અનુભવ આધારિત અને વ્યવહારું સુધારા સાથે હાલની શાંતિ કાયમી શાંતિ રહે એ હેતુથી આ બિલ લઇને આવ્યો છું. આ જ પ્રકારની ચિંતા અગાઉની કોંગ્રેસ સરકારે પણ સૌ પ્રથમવાર ૧૯૮૬માં કાયદો લાવીને આની ચિંતા વ્યક્ત કરી હતી. અમલીકરણમાં અસરકારકતા લાવવા માટે ૧૯૯૧માં સુધારા સાથેનો કાયદો પણ કોંગ્રેસની સરકારમાં લાવવામાં આવ્યો હતો. હું પણ અસરકારક અને અમલીકરણના સુધારા સાથે આજે આ બિલ લઇને ગૃહમાં આવ્યો છું. કાયદાના અમલમાં કેટલીક વિસંગતતાના કારણે આની અસર એ બિન અસરકારક સાબિત થઇ છે. વ્યવહારું ઉકેલ પ્રત્યે ઉદાસીનતા અનેક કારણોસર પ્રજાના પ્રશ્નોની રજૂઆત સરકારને મળી છે. પ્રજાના પ્રતિનિધિ ગૃહના ધારાસભ્યો, કેટલીક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા પણ આ અંગેની રજૂઆતો, પડતી મુશ્કેલીઓ અંગે રજૂઆતો થઇ છે. મારા વિભાગે કાયદાના અમલીકરણની અસરકારકતા લાવવા માટે ખૂબ લાંબા સમય સુધી કાયદાવિદોના અભિપ્રાયો પણ મેળવ્યા છે. પ્રાચીન સમયથી જ સમાન વ્યવહાર, સમાન વિચાર, સમાન રીત-રિવાજોવાળા લોકો એક સમુદાયમાં જ વસવાટ કરે એવો અભિગમ એ સ્વાભાવિક રીતે આપણા બધાના સ્વભાવમાં છે. હાલ આપણે જોઇએ તો ધારાસભ્યો, લશ્કરી અધિકારીઓ, પોલીસ અધિકારીઓના બર્થ પ્રમાણે પણ આવાસ વિસ્તાર એ નિશ્ચિત કરવામાં આવે છે. સમાન વ્યવહાર, વિચાર, વર્તનવાળા જન સમુદાયમાં મનોવૈજ્ઞાનિક તણાવ પણ રહેતો નથી. ગુજરાતમાં બે દાયકાથી જ્યારથી ભાજપની સરકાર છે, ત્યારથી એકદમ શાંતિ રહી છે. રાજ્ય શાંતિપ્રિય રહ્યું છે. તમામ ધર્મ, જાતિ, વર્ગ, સમુદાયના લોકોની શાંતિ, શાશ્વત સમય સુધી આ રાજ્ય સરકારનો હેતુ છે અને તે માટેનું સરકારનું દાયિત્વ પણ છે. કોઇ વર્ગ કે સમુદાય જ્યારે એક જુથ થઇને રહેતો હોય ત્યાં કોઇ અન્ય ઇસમનું આગમન થાય અને પરિવાર અસલામતિના ભાવથી પીડાય એ વ્યાજબી પણ નથી. સામાજિક શાંતિને સમર્થન કરતો અને ભવિષ્યમાં અશાંતિ અને અસાલમતિ ન થાય તે હેતુથી હું આજે આવ્યો છું. ચોક્કસ વિસ્તારમાં વસતા ચોક્કસ સમુદાયના લોકોના ધ્રુવીકરણને ખલેલ ન પહોંચે તે માટે પણ આ કાયદો આવશ્યક છે. આ પ્રિવેન્ટીવ એકશનના રૂપમાં પગલાં લેવા માટેની મારી આ બિલમાં વાત છે. મહાત્મા ગાંધી, સરદાર સાહેબ અને શ્રી નરેન્દ્રભાઇનું ગુજરાત શાંતિ અને ભાઇચારાથી

* વિધેયક તા.૨જી, જુલાઇ ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જાણીતું છે. બોનાફાઇડ ખરીદ વેચાણ કરનારને ન્યાય મળે, રક્ષણ અપાતા સુધારા થાય. અગાઉના કાયદાની વિસંગતતાઓ, વિસ્તાર, વેચાણ, તબદીલીની વ્યાખ્યાઓમાં સુધારો કરવાનો અમારો ઉદ્દેશ છે. અશાંત વિસ્તાર જાહેર કરવાની પદ્ધતિ જે હતી તેના કરતાં વધારે પારદર્શક અને વિસ્તૃત કરવાની અમારી નેમ છે. કલેક્ટર દ્વારા કરવાની પ્રક્રિયાને પારદર્શી અને વાસ્તવિક ચકાસણી સક્ષમ બનાવવામાં આવી છે. નવી મોનીટરીંગ એડવાઇઝરી કમિટીની રચના આ બિલમાં હું લઇને આવ્યો છું. જેથી ન્યાયિક નિર્ણય થઇ શકે. કલેક્ટર દ્વારા નિર્ણયની પ્રક્રિયામાં એસઆઇટીની મદદથી વધુ પારદર્શક અને સચોટ નિર્ણય થશે. અપીલની અત્યાર સુધી જોગવાઈ ન હતી. અપીલની જોગવાઇઓ વિસ્તૃત કરી કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ અરજદારશ્રીને ન્યાયની પણ ઉદાર તક આપવાની જોગવાઈ છે. સુધારા વિધેયક લાવવાની જરૂરિયાત હાલ પ્રવર્તમાન અશાંત ધારાના મિલકતના વેચાણ વહેવારમાં કલેકટરશ્રીએ મુખ્યત્વે બે બાબતો જોવાની હોય છે. વેચાણ આપનાર કે લેનારની મુક્ત સંમતિ છે કે કેમ? મિલકતની વ્યાજબી કિંમત વેચાણ આપનારને મળે છે કે કેમ? આમ મુખ્યત્વે બે બાબતે ચકાસણી કરીને કલેકટરશ્રીએ વેચાણની મંજૂરી અથવા નામંજૂર કરવાનો નિર્ણય લેવાનો હોય છે. પરંતુ સમયાંતરે ઘણા મલિન ઈરાદાવાળા વ્યક્તિઓ દ્વારા આ કાયદાની છટકબારીઓનો દુરુપયોગ કરીને  એક સમુદાયની વ્યક્તિની મિલકત કાયદાની છટકબારીનો ઉપયોગ કરીને ધાકધમકી, લોભ લાલચ અને જે તે વિસ્તારમાં મિલકતનું હસ્તાંતરણ કરવાની પ્રવૃતિનો વ્યાપ વધતો જાય છે. આ બાબતે માનનીય ધારાસભ્યશ્રીઓ, સમાજના જુદા જુદા વર્ગના આગેવાનો, સામાજિક સંગઠનો, વ્યક્તિગત અરજદારોએ પણ અશાંત ધારામાં આ બધુ અસરકારક બનાવવા માટે સરકારશ્રીને રજૂઆત કરી છે. આથી આ બિલ લઇને હું આવ્યો છું. અશાંત ધારાના દુરુપયોગની જે વિગતો મળી છે તે મુજબ હાલ પ્રવર્તમાન ધારા મુજબ અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકત અને દસ્તાવેજ તથા કલેકટરશ્રીની પરવાનગી લઇ સબ રજીસ્ટ્રારની કચેરીએ દસ્તાવેજની નોંધણી કરવા જવાનું હોય છે. પરંતુ મલિન ઈરાદાવાળી વ્યક્તિઓ ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર કબજા સહિતનો વેચાણ કરાર કરીને ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર જનરલ પાવર ઓફ એટર્ની એટલે કે કુલમુખત્યારનામાનો લેખ લખાવીને લેનાર પક્ષકાર, વેચાણ કરનાર પક્ષકાર અને સાક્ષીઓ વગેરેની નોટરી પાસે નોંધણી કરાવી ત્યારબાદ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે પંચાયતના વેરા બિલમાં માલિક/કબજેદાર તરીકે નામ દાખલ કરાવી અશાંત ધારાનો ભંગ કરીને મિલકતનો કબજો મેળવે છે અને ત્યારબાદ વેરા બિલના આધારે રેશનકાર્ડ અને લાઇટ બિલમાં નામ દાખલ કરાવી સરકારી રેકર્ડમાં પોતાનું નામ દાખલ કરાવે છે. આમ કલેકટરશ્રી રજિસ્ટ્રાર પાસે જવાને બદલે આ છટકબારીનો ઉપયોગ કરીને મિલકતનું હસ્તાંતરણ થાય છે. આની વ્યાપક પ્રમાણમાં સરકારશ્રીને રજૂઆત થઇ છે. અશાંત વિસ્તારમાં પ્રથમ મલિન ઈરાદો ધરાવતી વ્યક્તિ એક સમુદાયનું મકાન ઊંચી કિંમતે ખરીદ કરી તેનો કબજો લીધા બાદ બાકીના મકાન ભાડેથી લેવા, લીઝ પર લેવા અથવા તો તે સમુદાયના વ્યક્તિને ભાગીદાર બનાવીને દસ્તાવેજ કર્યા બાદ તેમાંથી ભાગ છૂટો કરીને મિલકત હસ્તાંતર કરવાની પ્રવૃતિ ખૂબ જ વધી ગઇ છે. ઘણીવાર ધાકધમકી આપીને મિલકત છોડી દેવા મજબૂર કરીને, મિલકત તબદીલ કરવાની ફરજ પાડીને દુરુપયોગ થવાના બનાવો પણ અમારા ધ્યાન ઉપર આવ્યા છે. ઘણીવાર એવા બનાવો પણ ધ્યાન ઉપર આવ્યા છે કે, ગૃહ નિર્માણ સોસાયટીના સભ્યો, ફ્લેટ માલિકો તે જ સમુદાયની ભાગીદારવાળી પાર્ટનરશીપને વેચાણ કરતા હોય છે.  ત્યારબાદ આ ભાગીદારી પેઢી અન્ય સમુદાયના વ્યક્તિઓને ભાગીદાર તરીકે પ્રવેશ આપે છે, સમયાંતરે મૂળ સમુદાયના ભાગીદારો છૂટા થઇને અન્ય સમુદાયના ભાગીદારના કબજામાં મિલકત આવે છે અને તેના અન્ય સમુદાયની વ્યક્તિઓના રહેઠાણનું અતિક્રમણ થાય છે અને પરિણામે તે સમુદાયની કોઇ મલિન ઈરાદાવાળી વ્યક્તિઓ દ્વારા ધાક-ધમકી આપીને આજુબાજુના રહેઠાણની સોસાયટીઓના નિવાસીઓને પણ સ્થળાંતર કરવાની ફરજ પડે છે તે પ્રકારનો માહોલ ઉપસ્થિત થાય છે અને પરિણામે કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર અસર થાય છે.

ઉપરોક્ત જણાવેલા કારણોથી હું આ બિલ લઇને આવ્યો છું. જે સુધારા છે એ સુધારામાં અશાંત વિસ્તારની જે હદ નિયત થયેલી છે તેની નજીકના ૫૦૦ મિટરના વિસ્તાર સહિતના વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે ગણવામાં આવશે. કલમ ૨ (ડી) "proper clustering of persons of one community." આ કલમમાં કોમ્યુનિટી એટલે જે તે વિસ્તારના સંદર્ભમાં જે તે સમાજના લોકો રહેતા હોય તે સમાજના ધોરણો, ધર્મો, મૂલ્યો અથવા ઓળખ જેવી સામાન્ય બાબત હોય અને જે સામાન્ય અને નિર્દિષ્ટ કરેલ ભૌગોલિક વિસ્તારના સંબંધમાં આવેલ સ્થળ સંબંધિત ભાવનાથી જોડાયેલા હોય તેવું નાનું અથવા મોટું સામાજિક એકમ અથવા જીવંત વસ્તુઓનું જૂથ તેમ વ્યાખ્યાયીત કરેલ છે. તબદીલી વેચાણની વ્યાખ્યામાં સુધારો કલમ ૨(ઇ) પ્રવર્તમાન કાયદામાં છટકબારી શોધીને રૂપિયા ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર વેચાણ આપનાર અને વેચાણ લેનાર જે કરાર કરીને તે કબજા સાથેની પાવર ઓફ એટર્ની આપીને કે ભાડા પટ્ટેથી મિલકત તબદીલી કરવાના ગેરકાયદેસર રસ્તા અપનાવીને કલેક્ટરની મંજૂરી વગર તબદીલી થતી તે રોકવા માટે આ વ્યાખ્યામાં વેચાણ કરાર હોય અથવા પાવર ઓફ એટર્ની દ્વારા તબદીલી હોય અથવા તો ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૫૩ની ઓળખ કરેલ પ્રકારનો કરાર હોય મિલકતની તબદીલીના પુરાવા અથવા તો રજીસ્ટર થયેલા, પ્રમાણિત થયેલા, કરાવેલા એવા કોઇ પણ બીજા દસ્તાવેજ મિલકતનો કબજો લેવાનો અથવા રાખવા દેવાની બાબતમાં ઉલ્લેખ કરતા દસ્તાવેજ બક્ષિસ વિનિયમ પટ્ટો વગેરેનો સમાવેશ કરીને તબદીલી વેચાણની

વ્યાખ્યાને અસરકારક બનાવી છે. કલમ ૨ (૧) પુનઃવિકાસ અને કલમ ૬(ઠ) પુનઃવિકાસની જોગવાઈ સ્થાવર મિલકતોનો પુનઃવિકાસ એટલે કે જેમાં વિદ્યમાન સ્થાવર મિલકત તોડીને અથવા તોડ્યા વગર ફરીથી અલગ રીતે વિકાસ કરવાની પ્રક્રિયા એમ વ્યાખ્યાયીત કરેલ છે. રેવન્યૂ રેકર્ડમાં જેના નામે સ્થાવર મિલકત છે તેવી કોઇ વ્યક્તિ તેની સંપૂર્ણ મિલકત કે તેના કોઇ વિભાગનો પુનઃવિકાસ કરીને તબદીલી કરવા ઇચ્છતી હશે તો કલેક્ટરશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. જો પોતે જ પોતાના માટે ઉપયોગ કરવાનો હશે તો એણે કલેક્ટરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે નહીં. કલમ ૪(૨)(જ) પુનઃવસવાટ અને કલમ ૬(ક) પુનઃવસવાટ યોજના લાગુ નહીં પાડવા બાબત. પુનઃવસવાટ યોજના એટલે રસ્તા, મકાન, પુલ, બંધ તેના જેવી યોજનાઓને કારણે જમીનમાંથી નિર્વાસિત થયેલા વ્યક્તિઓને રાજ્ય સરકારે પુનઃસ્થાપિત કરવા માટે તૈયાર કરેલી યોજના તેમજ વ્યાખ્યાયીત છે રાજ્ય સરકારે જોગવાઈ કરેલ છે કે, અશાંત વિસ્તારમાં આવતી પુનઃવસવાટ યોજનાઓ પૈકીની કોઇ પણ પુનઃવસવાટ યોજનામાં પુનઃસ્થાપિત થયેલી વ્યક્તિઓને અશાંત ધારાની જોગવાઈ લાગુ પડશે નહીં. દાખલા તરીકે પ્રધાન મંત્રી આવાસ યોજના હોય કે જેવી નબળા વર્ગો માટેની આવાસ યોજના હોય તેના માટે. અશાંત વિસ્તાર જાહેર કરવા બાબત કલમ-૩, પ્રવર્તમાન કાયદાની કલમ-૩ને બદલે નવી કલમ ઉમેરીને નીચે પ્રમાણે જોગવાઈ સૂચવવામાં આવી છે. સૂચિત સુધારામાં અશાંત વિસ્તાર જાહેર કરવાની બાબતની જોગવાઈ થયેલ છે. જેમાં રાજ્યના કોઇ વિસ્તારમાં હુલ્લડ અથવા ટોળાની હિંસકતાને કારણે તે વિસ્તારમાંની જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર ખલેલ પહોંચેલ હોય તે વિસ્તારમાં એક સમુદાયની વ્યક્તિનું ધ્રુવિકરણ થઇ રહ્યું હોય અથવા થવાની શક્યતા હોય જેને લીધે તે વિસ્તારમાં રહેતી જુદા જુદા સમુદાયની વ્યક્તિઓનું જનસંખ્યા વિષયક સમતૂલન ખોરવાઇ જવાની શક્યતા હોય અથવા એક સમુદાયની વ્યક્તિઓના સમૂહમાં અંધાધૂંધી ફેલાવી શાંતિપૂર્વક સુમેળતામાં ખલેલ પહોંચતી હોય તેવા વિસ્તારને અશાંત વિસ્તાર જાહેર કરવાની જોગવાઇનો સમાવેશ કરવામાં આવેલ છે અને આવા વિસ્તારને ચોક્કસ સમય માટે અશાંત વિસ્તાર તરીકે જાહેર કરવામાં, પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમજ રાજ્ય સરકારને અભિપ્રાય થાય કે અશાંત વિસ્તાર જાહેર થયેલ વિસ્તારમાની જાહેર વ્યવસ્થા સારી થયેલ છે એટલે કે અશાંત રહેલ નથી. ત્યારે રાજ્ય સરકાર અશાંત વિસ્તાર તરીકે જાહેર થયેલ જાહેરનામું રદ પણ કરી શકશે. મંજૂરી આપવાની પ્રક્રિયા કલમ-૫ માં, પ્રવર્તમાન અશાંત ધારામાં અશાંત વિસ્તારમાં સમાવિષ્ટ મિલકતની તબદીલી કરનાર વ્યક્તિએ કલેક્ટરશ્રીને નિયત ફોર્મમાં અને સમયમાં અરજી કરવાની રહેશે. કલેકટરશ્રીએ આવી અરજીઓની મુંબઈ જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ અન્વયે જરૂરી તપાસ કરવાની હોય છે તેમજ આ મિલકતની તબદીલીમાં મુક્ત સંમતિ અને વાજબી કિંમતથી તબદીલ કરનાર અને તબદીલીથી લેનારની છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે અને રૂબરૂ સાંભળીને અરજી મંજૂર અથવા તો નામંજૂર કરવાની રહેશે. અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલીને મંજૂરી આપવાની પ્રક્રિયા, આથી પ્રવર્તમાન કાયદાની કલમ-૫ માં સુધારો કરીને કલેક્ટરશ્રીએ વેચાણ આપવાની પ્રક્રિયાને ચોક્કસ અને સ્પષ્ટ બનાવવામાં આવી છે, જેમાં સ્થાવર મિલકતની તબદીલીથી ચોક્કસ વિસ્તારમાં ચોક્કસ સમુદાયના વ્યક્તિના ધ્રુવીકરણની શક્યતા તપાસવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અશાંત વિસ્તારના જાહેરનામાના અમલની મુદત દરમિયાન કલેકટરની મંજૂરી સિવાય મિલકતની તબદીલી કરી શકાતી નથી. સૂચિત કાયદામાં કલેક્ટરશ્રીને આવી અરજી મળેથી શું પ્રક્રિયા કરવાની રહેશે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે, જેમાં કલેક્ટરશ્રીએ આવી અરજી મળ્યેથી દર્શાવેલ તબદીલીઓ પૈકીની કોઇ એક તબદીલી છે કે કેમ? તબદીલી કરનાર અને તબદીલીથી લેનાર વ્યક્તિઓની સંમતિ છે કે કેમ, વાજબી કિંમત છે કે કેમ, તબદીલી કરવા ધારેલ મિલકત હોય તેમાં વસતા સમુદાયને લગતા વ્યક્તિઓની વસતિ વિષયક સમતુલામાં કોઇ અલગ સમુદાયને લગતા વ્યક્તિઓના ધ્રૂવીકરણની શક્યતા છે કે કેમ એ કલેકટરે તપાસવાની છે, તબદીલી કરવા ધારેલ સ્થાવર મિલકત હોય તેવા વિસ્તારમાં એક સમુદાયને લગતા વ્યક્તિઓના અયોગ્ય જૂથની શક્યતા છે કે કેમ?, ઉક્ત વિગતોની કલેકટરશ્રી દ્વારા ચકાસણી કરવામાં આવશે અને ત્યારબાદ અરજીનો સ્વીકાર અથવા તો અસ્વીકાર કરવામાં આવશે,

નવી કલમ-૫ થી જોગવાઈ કરેલ છે કે કલેકટરશ્રીએ વેચાણની અરજી મળે ત્રણ માસમાં સામાન્યતઃ નિકાલ કરવાનો રહેશે, તેમજ કારણો નોંધીને નિકાલ કરવાની સમય મર્યાદા પણ યોગ્ય જણાશે તો તે લંબાવી શકશે. સૂચિત સુધારામાં અપીલકર્તાને સાંભળવાની તક આપવાની અને સમય મર્યાદા યોગ્ય લાગે તો વધારવાની પણ સત્તા આપવામાં આવી છે. કલેકટરશ્રીથી નારાજ થયેલ કોઇપણ વ્યક્તિ રાજ્ય સરકાર સમક્ષ અપીલ પણ માન્ય કરી શકશે જે હાલની જોગવાઇમાં કોઇ વ્યવસ્થા નથી. જે વ્યક્તિએ સમય મર્યાદામાં કોઇ અપીલ કરી ના હોય અને અપીલ અધિકારીને ખાતરી થાય કે આવી વ્યક્તિને અપીલ કરતા અટકાવેલ છે તો આવી ઠરાવેલ સમય મર્યાદા પછી પણ અપીલની જોગવાઈ છે, રાજ્ય સરકાર અપીલકર્તાને સાંભળવાની તક આપશે અને કલેકટરશ્રીના હુકમને યોગ્ય ઠેરવશે અગર એમાં ફેરફાર કરી રદ કરશે.

રાજ્ય સરકારને સુપરવીઝન સત્તાની કલમ-૬(સી) આપી છે, રાજ્ય સરકાર પોતાની જાતે અથવા તો અરજી મળ્યેથી આ નિયમની જોગવાઇઓ હેઠળ કોઇપણ હુકમ અથવા કાર્યવાહી કે જેની સામેની કાયદેસરતા અથવા યોગ્યતાની બાબતમાં ચકાસણી કરવી જરૂરી જણાય તો કલમ-૭ હેઠળ કોઇ અપીલ થયેલ ના હોય તેવા કરેલ કોઇપણ હુકમની અથવા કરેલ

કાર્યવાહીનું રેકર્ડ મંગાવીને તપાસ કરી શકશે. તેમજ આવી બાબતમાં પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે તેવી પણ જોગવાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૪, ૫ અને ૬નું કોઇ વ્યક્તિ દ્વારા ઉલ્લંઘન કરે અને ગુનો સાબિત થાય તો ત્રણથી પાંચ વરસની સજા અને રૂપિયા એક લાખ અથવા તો મિલકતની જંત્રીની કિંમતના ૧૦ ટકા બેમાંથી જે વધુ હોય તેટલા દંડની પણ જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૬(ઇ) પોલીસ અધિકારીનો ગુનો, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં કલમ-૬(ડી) હેઠળનો શિક્ષાપાત્રનો ગુનો પોલીસ અધિકારીનો રહેશે તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે. મોનીટરીંગ અને એડવાઇઝરી કમિટીની રચના. પ્રવર્તમાન કાયદામાં મોનીટરીંગ અને એડવાઇઝરી કમિટીની કોઇ જોગવાઈ નથી. નવા સૂચિત કાયદામાં આ કમિટીની પણ જોગવાઈ કરી છે. રાજ્ય સરકારને યોગ્ય લાગે તેટલા સભ્યો એમાં નિમણૂંક કરી શકશે. આ કમિટીએ અશાંત વિસ્તારમાં સમયાંતરે લોકોનું કલસ્ટર જળવાઇ રહે છે કે કેમ તેની ચકાસણી કરવાની છે. મૂલ્યાંકન કરવાનું રહેશે કમિટીએ કલેક્ટરશ્રી અને અધિનિયમ હેઠળ તેમના કાર્યો બજાવવાની કામગીરી કરવાની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્રમ-ખ, ૧,૨,૩,૪, સહકારી મંડળી અધિનિયમ હેઠળની રેસીડેન્શિયલ સોસાયટીના રેસીડેન્શિયલ હક્ક તબદીલ કરવા અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એક બીજુ પરમિશન મેળવવા અંગે, નગરપાલિકા વિસ્તારમાં બીજુ પરમિશન મેળવવા અંગે કલેક્ટરશ્રીની પરવાનગી પછી રજીસ્ટ્રેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ આ કાયદાઓને અશાંત ધારાની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવે છે. ૧૬-બી-૧ આ કલમમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ સબંધમાં અશાંત વિસ્તાર જાહેર કરેલ વિસ્તારમાં સહકારી મંડળીના કોઇપણ સભ્ય સોસાયટીની સભ્યની રૂએ તેના જમીન-મકાનનો તેનો માલિકી હક્ક તબદીલ થતો હોય તો આ અધિનિયમની કલમ-૪ અથવા પનો કોઇપણ ભંગ થતો નથી તે બાબતનો સ્વ એકરાર સહકારી મંડળીના અધ્યક્ષ અથવા સચિવને રજૂ કરવાનો રહેશે તેમજ જો કોઇ વ્યકિતએ સહકારી આવાસ મંડળી નોંધણી કરાવી હશે તો આવી સહકારી મંડળીની નોંધણી થવાથી અશાંત ધારાની જોગવાઇની કલમ-૪ અને પનો ભંગ થતો નથી એવો સ્વ એકરાર રજૂ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ૧૬ બી-૨. મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં આવેલ અશાંત વિસ્તારમાં કોઇ પણ સ્થાવર મિલકત મકાનના ઉપયોગની પરવાનગી મેળવવા સમયે ઘરનો કબજો ભોગવટો કરવા આ અધિનિયમની કલમ-૪ અથવા પની કોઇપણ જોગવાઇનો ભંગ થતો નથી તે મતલબનો પણ એક સ્વ એકરાર કરવાનો રહેશે. નગરપાલિકા વિસ્તારમાં આવેલ અશાંત વિસ્તારમાં કોઇ સ્થાવર મિલકતના મકાનના ઉપયોગની પરવાનગી મેળવવા અરજી સમયે ઘરનો કબજો ભોગવટો લેવા માટે કલમ-૪ અથવા પની કોઇપણ જોગવાઇઓનો ભંગ થતો નથી તે મતલબનો પણ સ્વ એકરાર કરવાનો રહેશે. દસ્તાવેજ અને કલેક્ટરની મંજૂરી ૧૬-બી-૪. રજિસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ અન્વયે રજિસ્ટ્રારશ્રીએ અશાંત વિસ્તારની મિલકતની તબદીલીનો જે દસ્તાવેજ રજિસ્ટર કરવાનો હોય તે દસ્તાવેજ સાથે કલેક્ટરશ્રીએ આ અધિનિયમની કલમ-૫ હેઠળ મંજૂરી આપેલ છે કે કેમ તે સુનિશ્ચિત કરવાનું રહેશે. જો મંજૂરી નહીં મળેલ હોય તો દસ્તાવેજનું રજિસ્ટ્રેશન કરવામાં આવશે નહીં. આ ખૂબ મહત્વની કલમ દાખલ કરી છે. ખાસ રાજ્ય સરકારે કોઇને પણ અન્યાય ના થાય અને બધાને ન્યાય મળે બધાને રજૂઆત કરવાની તક મળે એટલા માટે એક સીટની રચના કરવામાં આવી છે. કલેક્ટરશ્રીએ આ સીટના સભ્યોને પૂછીને તેનો અભિપ્રાય લેવાનો છે. જો શહેરી વિસ્તાર હશે, મહાનગરપાલિકા વિસ્તાર હશે તો કલેક્ટરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને પોલીસ કમિશ્નરશ્રી એ ત્રણેયનો અભિપ્રાય એણે લેવાનો છે અને જો જિલ્લા વિસ્તાર હશે કોર્પોરેશન સિવાય નગરપાલિકા તો કલેક્ટર, એસ.પી. અને પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશ્નર આર.એમ.સી. આ ટીમના સભ્યો રહેશે અને સાથે સાથે આ સલાહકાર સમિતિને મદદ પણ કરશે. હાલ ચાલી રહેલી આ શાંતિ, સલામતી હંમેશ માટે શાશ્વત રહે તે આ બિલ લાવવા પાછળનો મારો હેતુ છે, રાજ્ય સરકારનો હેતુ છે. શાંતિ જાળવવા માટે અગમચેતીના પગલાંરૂપે હું આ બિલ લઇને આવ્યો છું. બદઈરાદો ધરાવતા લોકો હાલની શાંતિનો ગેરલાભ ઉઠાવે જે ના ઉઠાવી શકે તેના માટેના ઉદ્દેશ્ય સાથે આ બિલ લઇને આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ અશાંત ધારો નથી આ શાંત ધારો છે This is a promissory note for permanent peace. મારી આ સન્માનીય ગૃહને વિનંતી છે કે, રાજ્ય સરકારનો શાંતિ કાયમ રાખવાના ઉદ્દેશ્ય સાથે આપ સૌ સંમત થાવ અને આ બિલને સર્વાનુમતેથી પસાર કરો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકત તબદીલી ઉપર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત સુધારા વિધેયક લાવી રહી છે ત્યારે આ સુધારા વિધેયક અંગે મારા કેટલાક સૂચનો હું નીચે મુજબ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી ગુજરાત મૉડેલના નામે સમગ્ર દેશની અંદર શાંત અને સલામત ગુજરાત માટે હંમેશા ગૌરવ લેતું આવ્યું છે અને વાત કરતું આવ્યું છે. હું કહેવા માગું છું કે, છેલ્લા ૨૬ વર્ષથી ગુજરાત રાજ્યની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન હોય, ભાજપ દ્વારા પ્રચાર કરવામાં આવતો હોય કે, ગુજરાતની અંદર કરફ્યુ ભૂતકાળ બની ગયો

છે, શહેરમાં એકદમ સુલેહ, શાંતિનો માહોલ હોય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી હોય તો પછી અશાંત ધારાની જરૂરિયાત કેમ ઊભી થઇ રહી છે? અશાંત ધારાના વર્તમાન કાયદાનું ઉલ્લંઘન કરીને મિલકતોની તબદીલી થાય છે અને અનૈતિક રીતે ગેરકાયદેસર મિલકતો પર કબજો મળી જતો હોય એવું અનુભવ્યું છે. તેથી કાયદામાં સુધારો કરીને ગેરકાયદેસર તબદીલી ઉપર નિયંત્રણ મૂકવા કાયદામાં સુધારો કરાઇ રહ્યો છે તેવું સરકાર દ્વારા કહેવામાં આવી રહ્યું છે. સરકારે વિધાનસભા ગૃહમાં જાહેર કરવું જોઇએ કે કાયદાનો ભંગ કરીને કેટલી મિલકત તબદીલ થઇ છે? ખરેખર ગેરકાયદેસર મિલકત તબદીલ થઇ રહી છે કે પછી સરકાર માત્ર આંકડાઓની માયાજાળ રચીને * (xxx)....

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : શહેરના અશાંત જાહેર થયેલા વિસ્તારોમાં જબરદસ્તીથી કોઇ પણ વ્યક્તિ પાસે દસ્તાવેજ કરાવી લેવાતા હોય તો પછી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઇ છે અથવા તો શહેરમાં સુલેહ અને શાંતિનો માહોલ છે તો પણ ખુદ રાજ્ય સરકાર દ્વારા અશાંત ધારા જેવા કાયદાને અમલી બનાવી અને તેમાં નવા વિસ્તારોનો ઉમેરો કરી અને પછી ફોજદારી કાર્યવાહીના નામે કોમી એખલાસના માહોલને બગાડવામાં આવે છે તેવી પ્રતીતિ થાય છે. જો તટસ્થ સરકાર હોય તો તેનું કામ છે કે કોઇ પણ નાગરિકની ધર્મ અને જાતિ જોયા વિના તેની મિલકતનું રક્ષણ કરવું જોઇએ પણ જો આવું ન થતું હોય તો એ સરકારની સૌથી મોટી નિષ્ફળતા છે. કોઇ પણ કાયદો પ્રામાણિક અને નિર્દોષ વ્યક્તિને દંડનારો ન હોય.

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદ્દીન ભાઇ, આપ તો સિનિયર સભ્ય છો અને મેં આપને પહેલા પણ ઘણી વાર સાંભળ્યા છે. આપ વાંચ્યા વિના ઘણું સારું બોલો છો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, બિલ છે એટલે અમુક મુદ્દાઓ એમાંથી લેવા પડે. મારો કહેવાનો મૂળ ભાવાર્થ છે એટલો જ છે કે જો રાજ્યમાં શાંતિ પ્રવર્તતી હોય, શાંતિ અને સલામતી હોય તો પછી કાયદાની અંદર વારંઘડીએ સુધારો કરી અને લોકોને હાલાકીમાં નાખવાનો કોઇ આશય રહેતો નથી. હું ચોક્કસ માનું છું કે, ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોય, ગેરકાયદેસર કબજાઓ લઇ લેવામાં આવતા હોય, ધાક-ધમકીઓ આપવામાં આવતી હોય તો આપણે એની ઉપર કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ અને મજબૂતાઇથી કરવી જોઇએ. એમાં કોઇ મીનમેખ નથી અને કોઇને એની સામે વાંધો પણ હોઇ શકે નહિ. મારી માગણી અને મારી લાગણી એટલી છે કે, આ જે કાયદો છે એ કાયદાના નામે ઘણી વખત બીજી વિકટ પરિસ્થિતિઓ પણ ઊભી થાય છે. પરિસ્થિતિ એવી ઊભી થાય છે કે જ્યારે એ જ વિસ્તારની અંદર મુસ્લિમ ભાઇ રહેતો હોય એને મકાન વેચવું હોય તો મુસ્લિમ એની પૂરતી કિંમત આપી શકતા નથી. હિંદુ સમાજના લોકો હોય એમને જો સુખી થવા ત્યાંથી સ્થળાંતર કરવાનું હોય ત્યારે એમને મકાન વેચવું હોય તો એ બીજાને મકાન આપી શકતા નથી. કેટલાંક દાખલાઓ મારી સામે છે જેની પર સરકાર ધ્યાન આપે કે આની અંદર બંને સમાજના પછી એ લઘુમતી સમાજ હોય કે હિંદુ સમાજ હોય બંને સમાજના અસામાજિક તત્ત્વો એનો લાભ ઉઠાવતા હોય છે કેમ કે એમને યોગ્ય કિંમત મળતી નથી. એ લોકો મકાન વેચી નથી શકતા. મેં જોયું છે કે આખા મહોલ્લાઓના મહોલ્લા અને આખી પોળોની પોળો આ અસામાજિક તત્ત્વોના હાથમાં આવી ગઇ છે. એ બાબતે પણ આપણે વિચારવું જોઇએ. આપણે ત્યાં જો શાંતિ અને સલામતી હોય તો મારો કહેવાનો ભાવાર્થ એ છે કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો પ્લીઝ. બહુ જ ગંભીર બિલ છે અને ખૂબ શાંતિથી બધાં સાંભળીએ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એમ છે કે, જો ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોય તો એની સામે કાયદેસરના પગલાંઓ લેવાય અને સાથે-સાથે એ પણ વિચારવું જોઇએ કે કાયદાઓની આંટી-ઘૂંટીનો લાભ લઇને ખોટા લોકો એનો લાભ ના લઇ જાય અને ૨૬ વર્ષથી શાંતિ અને સલામતીની વાત થતી હોય તો આપણે કેટલી જગ્યાએથી આ બિલ withdraw કર્યું છે? આ અશાંત ધારા withdraw કરી છે ખરી? મારું કહેવાનું એમ છે કે જ્યાં શાંતિ પ્રવર્તતી હોય ત્યાં લોકો ખોટી રીતે હેરાન ન થાય એટલા માટે ત્યાંથી આ અશાંત ધારા withdraw કરી લેવી જોઇએ અને લોકો શાંતિ અને સુલેહથી રહેતા હોય તો એમને પોતાના મકાનની પુરતી કિંમત મળવી જોઇએ અને લોકો એનો ગેરલાભ ના ઉઠાવે એના માટે પણ સરકારે વિચારણા કરવી જોઇએ. ફક્તને ફક્ત લોકોને ભય બતાવીને અમુક પ્રકારની રાજનીતિ કરવા માગતા હોઇએ તો હું માનું છું કે આ બરાબર નથી. આનો સારી રીતે અમલ થાય, આનાથી કોઇને કનડગત ના થાય, કોઇ પણ સમાજને આનાથી નુકસાન ના થાય તો હું માનું છું કે આ કાયદો લાવવાનો હેતુ પુરવાર થશે. બાકી તો લોકો એનો ગેરલાભ જ ઉઠાવે છે. જો ૨૬ વર્ષથી રાજ્યમાં શાંતિ પ્રવર્તતી હોય તો જે વિસ્તારોની અંદર શાંતિ છે ત્યાંથી આ withdraw કરો એવી મારી વિનંતી છે જેનાથી લોકો કનડગતમાંથી બચી શકે.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષ, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અશાંત ધારા સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૮મી જુલાઈ, ૨૦૧૯

## ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯

હાલમાં અશાંત ધારો અમલમાં છે તે ૧૯૯૧માં અમલમાં આવેલો છે. હમણાં માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇ વાત કરતા હતા કે આની જરૂર નથી પરંતુ સમય પ્રમાણે એમાં જરૂરી ફેરફાર કરવા પડે અને એના પણ ઘણા કારણો હોઇ શકે અને એના માટે માનનીય મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે. પ્રવર્તમાન બિલ છે એમાં ઘણી સમસ્યાઓ છે એના નિરાકરણ માટે આ બિલ લઇને આવ્યા છે ત્યારે સૌ પ્રથમ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી તથા લો વિભાગના મંત્રીશ્રીને હું હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. જે સમસ્યા અશાંત વિસ્તારમાં છે ત્યાં છેલ્લા ૨૬ વર્ષથી કાયદો અમલમાં છે અને ત્યાં આજે શાંતિ છે પરંતુ લોકોમાં માનસિક અશાંતિ છે અને એ લોકો સહન કરે છે એટલે માનનીય મંત્રીશ્રીએ એનો અભ્યાસ કરીને એમાં સુધારા સાથેનું બિલ લઇને આવ્યા છે.

આ બિલના ઉદ્દેશો અને કારણોમાં જઇને અભ્યાસ કરીશું તો શાંતિ અને સલામતી વ્યકિતની નહિ પરંતુ મિલકતની સલામતી જરૂરી હતી એના માટે જોગવાઈ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. પ્રવર્તમાન કાયદો બન્યો છે તે લાગુ છે એમાં કલેક્ટર બંને પક્ષો વચ્ચે સમજુતી અને એની યોગ્ય કિંમત છે કે કેમ આ બે જ વસ્તુ લઇને નિર્ણય કરતા હતા એના કારણે ઘણી સમસ્યાઓ ઉભી થતી હતી. એમાં એટલી બધી સમસ્યાઓ ઉભી થતી હતી અને જયાં અશાંત ધારો લાગુ છે ત્યાં ભૂતકાળમાં એવી ઘટનાઓ બની છે. તેમ છતાં એમાં કોઇ કોર્નરનું મકાન લોભ લાલચ ધમકી આપીને અસામાજિક તત્વો ખરીદી લેતા હતા અને પાછળ શાંત વિસ્તાર હતો. પરંતુ આગળનું મકાન બીજા સમુદાયવાળાએ ઉંચી કિંમત આપીને ખરીદી લીધું એટલે સમસ્યા ઉભી થતી હતી. માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇએ ચિંતા વ્યક્ત કરી કે, મકાનની કિંમત યોગ્ય મળતી નથી. તેમાં પહેલા એક જ મકાનની કિંમત ઊંચી મળતી હતી અને પાછળના બધા જ મકાનો પાણીના ભાવે ખરીદી લેતા હતા. એક સમુદાયથી બીજા સમુદાયની વસતિ વધતી હતી એનું નિયંત્રણ કરવા માટે આ બિલ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે, આમાં ટોળાઓ દ્વારા અશાંતિ ઉભી થતી હોય એવો વિસ્તાર અશાંત જાહેર થતો હોય, હુલ્લડો થતા હોય, ટોળાઓ હિંસક પ્રવૃત્તિ કરતાં હોય જેના લીધે જાહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખરાબ થતી હોય ત્યારે રાજ્ય સરકારે શાંતિ અને સલામતી જળવાય એના માટેની વ્યવસ્થા કરવી જ જોઇએ એના માટે કાયદો કરવો જ પડે. અત્યારે જે કાયદો છે એમાં આ બધી વ્યવસ્થા ન હોવાને કારણે એવી જોગવાઈ ન હોવાને કારણે બેફામપણે લોકો ગેરલાભ લેતા હતા એના કારણે સમસ્યા ઊભી થતી હતી, અન્ય સમુદાયની વ્યકિતઓ મકાન લઈ લેતા હતા. આખા બિલનો હાર્દ એ છે કે તબદીલીની વ્યાખ્યા ખૂબ અગત્યની છે એના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. અગાઉ તબદીલ કેવી રીતે થતું હતું અને હવે કેવી રીતે થવાનું છે. ભૂતકાળમાં જે સમસ્યાઓ હતી એમાં સરકાર નવા નિયમો લઇને આવી છે એના લીધે બિલની અગત્યતા અને યથાર્થતા વધી જાય છે. મહાનગર હોય, આપ પણ મહાનગરમાંથી આવો છો, સાથી ધારાસભ્યશ્રીઓ પણ ચિંતા વ્યકત કરતા હોય છે એ પોતાનો મત વ્યકત કરે છે. અમુક મહાનગરો એવા છે કે જયાં પ્રવર્તમાન હાલનો અશાંત ધારો છે એ લાકડાની બૂઠ્ઠી તલવાર જેવો હતો એના કારણે સમસ્યાઓ ઊભી થતી હતી. અમદાવાદના કોટ વિસ્તારની પરિસ્થિતિ એવી છે કે સાંજે પાંચ વાગ્યે ફરનારની સંખ્યા ઓછી થઇ જાય અને ધંધે ગયા હોય એ પણ ઘેર આવી જાય અને સાંજે પાંચ વાગ્યા પછી એ ભેંકાર થઈ જાય છે અને જે સમુદાયના લોકો ત્યાં રહે છે તે પારેવડાની જેમ ફફડતા રહે છે એમના માટે કોઇ સમસ્યા ઊભી ન થાય એના માટે ચિંતા કરતા હતા વસતિ અને મકાનની કિંમત ઓછી ન થાય. એમાં કોઇ એવું નથી એક સમુદાયના લોકો બીજા સમુદાયના મકાનો લે છે પરંતુ એની પ્રક્રિયા છે એ પૂરી કરવાની છે. ભૂતકાળમાં ખોટી ઘટનાઓ બની ગઈ. આખા શહેરમાં જે સમસ્યા ઊભી થઇ એમાં વસતિ અને સમુદાયનું બેલેન્સ જળવાય રહે એના માટે આ બિલ લઇને આવ્યા છે. પુનઃ વસવાટ કે વિકાસ માટે લઇને આવ્યા છે એમાં વસતિના ૭૫ ટકા વસતિ જો કોઇ કો –ઓપરેટીવ સોસાયટી બનાવીને તૈયાર થાય અને જે ૨૫ વર્ષ જૂની મિલકત થઇ ગઇ હોય તો એને રિડેવલપમેન્ટ કરવા માટે એને પુનઃ વિકાસ કરી શકે છે. ત્યારે આ પુનઃ વિકાસ વખતે સમસ્યાઓ એ થતી હતી કે હયાત કરતાં, મૂળ માલિકો કરતાં બાકીના બીજા સભ્યો આવી જાય અને ત્યાં વસ્તીનું અસમતુલન થઇ જાય, ત્યાં થોડી સમસ્યાઓ ન થાય તેના માટે પુનઃ વિકાસ યોજના છે. એમાં કલેક્ટરની મંજૂરી ઘણા નીતિ–નિયમો, ઘણી બધી વ્યવસ્થા અટવાઈ જતી હતી. આ બધી ચોકસાઇનું ધ્યાન રાખીને અને એ વ્યકિત ખરીદી શકે છે. સાથે સાથે એ જરૂરી હતું કે, ભૂતકાળમાં પ્રવર્તમાન જે કાયદો હતો એમાં ન તો કોઇ સજા કે દંડની જોગવાઈ હતી. ત્યારે મનસૂફીથી, ધાકધમકીથી જે રીતે ઘર અથવા મકાનો તબદીલ થતા હતા, એના કારણે સમસ્યાઓ થતી હતી ત્યારે નવા પ્રવર્તમાન કાયદામાં જે બતાવેલ છે કે જો એનો ગુનો સાબિત થશે તો ૩ થી ૫ વર્ષની સજા અને એક લાખ રૂપિયા મિલકતની જંત્રીની કિંમતના ૧૦ ટકા એ બેમાંથી જે વધુ હોય તે લેવાનું પ્રાવધાન પણ આ સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જે રીતે મિલકતની તબદીલી થતી હતી. કયાંક ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પર, કયાંક ભાડા કરાર પર, કયાંક ધાક–ધમકી કે લખાણથી થતી હતી ત્યારે એની કાયદેસરની પારદર્શકતા નહોતી આવતી. હવે એની જે સત્તાઓ કલેકટરશ્રીને આપી છે અને એની જે ટીમ બનાવી છે અને એનું જે નિરાકરણ એના સ્પષ્ટ અંકુશોના કારણે હવે જે તબદીલી થવાની હતી એમાં જે ખોટી તબદીલી થતી હતી, એમાં મોટો તફાવત પડી જવાનો છે. એના કારણે આ વિસ્તારોમાં શાંતિ અને સલામતી રહેવાની છે.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯

મારે એ કહેવું છે કે, મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે અને એમણે જે વાતચીત કરી. કોઇ પણ જગ્યાએ પ્રલોભનથી જયારે કોઇ વ્યકિત કબજો લઇ લે, બાકીનો સમુદાય આજુબાજુ રહેતો હોય એને સમસ્યા થતી હોય તો નવી જે કલમ–૧૬ ઉમેરવામાં આવી છે, એમાં સોસાયટીનો જે તે સભ્ય પોતાની મિલકત તબદીલ કરતાં પહેલાં અધિનિયમ– ૪ અને ૫ હેઠળ કોઇ ભંગ થયો નથી, એ પ્રકારનું એકરાર નામું રજૂ કરવાનું છે. સૌથી અગત્યનો મુદ્દો આ છે કે, એકરારનામા વગર મિલકતો તબદીલ થતી હતી, તેના કારણે ભૂતકાળમાં ખૂબ સમસ્યાઓ થતી હતી. અમે બધા ધારાસભ્યશ્રીઓએ રજૂઆતો કરી કારણ કે, અમારા વિસ્તારમાં પણ આ પ્રકારની સમસ્યાઓ થતી હતી, એના કારણે જે ઇનબેલેન્સ વસ્તીનું થતું હતું , લોકોમાં ફફડાટ થતો હતો, હવે એ લોકો સુખચેનથી રહી શકશે. શાંતિ અને સલામતી તો ઘણા વર્ષોથી છે, પણ માનસિક અશાંતિ થઇ જતી હતી કે બાજુમાં આ રહેશે, આપણને મુશ્કેલી કરશે અને જે રીતે અસામાજિક તત્વો પોતાના અમૂક સમુદાયની આજુબાજુમાં એક ભરડો લઇ લેતા હતા . મેં કહ્યું કે જે કોટ વિસ્તારમાં અમૂક બે– એક સ્થાનો એવા છે કે ત્યાં કોઇ મંદિરે દર્શન કે પૂજા કરવા નથી જઇ શકતા એ પ્રકારની ભીતિ થઇ ગઇ છે, ત્યારે પ્રવર્તમાન કાયદામાં સુધારો કર્યો અને જે સુધારો લઇ આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. આજે મારી કેપ્ટનશીપ છે.

અધ્યક્ષશ્રી : આવું કહેશો તો કાયમી શુભેચ્છા આપશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક– બે જગ્યાઓ ખાલી છે, આવે જ છે, શાંતિ રાખો. જે બિલ લઇને આવ્યા છે. ૧૯૯૧ના આ બિલમાં એમાં સુધારા વધારા કરીને સરકારશ્રી આ બિલ લઇને આવ્યા છે. અશાંત વિસ્તારમાં સ્થાવર મિલકતોની તબદીલી પર પ્રતિબંધ મૂકવા અને ભાડૂઆતોને ખાલી કરવામાંથી રક્ષણ આપવા માટેનું સુધારા વિધેયક ૨૦૧૯ લઇને આવ્યા છે. મૂળ આ બિલ એ મહેસૂલ વિભાગનું છે. મહેસૂલ વિભાગના મંત્રીશ્રીની કૌશિકભાઇ પટેલની તબિયત નરમ છે. જે રીતે આ બિલ લઇને આવ્યા છે એમાં સરકારશ્રીનું થોડું ધ્યાન દોરવા માગું છું. આ અશાંત ધારો કેમ લાગુ થયો કે જે રીતે રાજયોની અંદર મોટા શહેરોની અંદર જે કોમી તોફાનો થયાં, અને તેના લીધે કોઇ પણ ધર્મનો વ્યક્તિ પોતાની સલામતી ખાતર,પોતાના પરિવારના રક્ષણ ખાતર એ જે વિસ્તારમાં રહેતો હોય, તે વિસ્તારમાંથી તે માઇગ્રેટ થઇને, પોતાના સમુદાયના વિસ્તારમાં રહેવા જવાનું પસંદ કર્યું અને તેવા કારણસર સમુદાય કોઇ પણ હોઇ શકે છે, પણ તેના અનુસંધાનમાં એ મિલકતો ભાડે આપી, વેચાણ થયું, અને આ પરિસ્થિતિ આજે ઊભી થઇ છે. સરકારે આ બિલ કેમ લાવવું પડયું? ૧૯૯૧ના બિલને સુધારવાના ભાગ તરીકે આ બિલ લાવી છે ત્યારે ૧૯૯૫થી ગુજરાત રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે. અને સરકાર હોવાને નાતે રાજ્યમાં શાંતિ અને સલામતી સ્થાપવાનું કામ આ સરકારશ્રીનું છે. ઘણાં લાંબા સમયથી આ વિધાનસભાગૃહમાં બેસું છું. સરકાર દાવા કરે છે કે અમારી સરકાર આવ્યા પછી રાજ્યમાં તોફાનો બંધ થઇ ગયા, અમારી સરકાર આવ્યા પછી રાજ્યની મા દીકરી સલામત રીતે નવરાત્રી ઉજવી શકે છે, અમારી સરકાર આવ્યા પછી રથયાત્રાનું પર્વ બહુ સારી રીતે ઉજવી શકે છે, અમારી સરકાર આવ્યા પછી રાજ્યની અંદર તમામ ધર્મના લોકો પોતાના ધાર્મિક તહેવારો સારી રીતે ઉજવી શકે છે. આ સરકારના મંત્રીશ્રીઓ હોય કે સભ્યશ્રીઓ હોય, તેમણે વિધાનસભામાં સ્વીકાર્યું છે અને આ સભાગૃહમાં જ્યારે સ્વીકાર્યું હોય ત્યારે આ બિલ માનનીય મંત્રીશ્રી કેમ લાવ્યા છે એ માનનીય મંત્રીશ્રી મને સમજાવે. અશાંત ધારાના બિલની જગ્યાએ શાંત ધારાનું બિલ લાવવું જોઇએ. આ અશાંત ધારાનું બિલ લાવ્યા છે એ સરકારની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ નબળી છે માટે આ સરકારે આ અશાંત ધારાનું બિલ લાવવું પડયું છે. આ દેશનું બંધારણ ડો. બાબા સાહેબ આંબેડકરે બનાવ્યું હતું અને તેના ભાગ સ્વરૂપે આ દેશનો નાગરિક છે તે નાગરિકને પોતાની મિલકત વેચવાનો કે ખરીદવાનો નૈતિક અધિકાર છે. સ્વાભાવિક છે કે રાજ્યમાં શાંતિ અને સલામતી હોય, એક સમુદાયની વ્યક્તિ બીજા સમુદાયની વ્યકિત સાથે રહી ન શકે, તો માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત એ કોઇ પણ સમુદાયનો વ્યક્તિ હોય એ સમુદાયનો વ્યક્તિ જ્યારે પોતાના પરિવાર માટે, પોતાના રક્ષણ માટે, એ પરિવારનો વ્યક્તિ જ્યારે પોતાની મિલકત વેચતો હોય અને સરકાર એ મિલકત ઉપર અશાંત ધારાના નામે એ મિલકત વેચતો રોકે છે, હું એવું માનું છું કે, માનવ અધિકારનું એનાથી ઉલંઘન થાય છે. આ એટલા માટે કહું છું કે, જે રીતે તાજેતરમાં માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ અમદાવાદની રથ યાત્રા નીકળી અને અમદાવાદમાં નીકળેલી ભવ્ય રથયાત્રા સરકારશ્રીની નિગરાની હેઠળ નીકળી અને જે વિસ્તારોની અંદર જયાં હિન્દુ સમુદાય નથી, એ કાળુપુર હોય, દરિયાપુર હોય કે જમાલપુર હોય, મારા વિસ્તારના અમદાવાદ શહેરના બન્ને ધારાસભ્યો, શ્રી ગ્યાસુદ્દીનભાઇ અને શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા એ બન્ને મુસ્લિમ ધારાસભ્યો છે અને ત્યાંના મુસ્લિમ આગેવાનો છે, એ રથયાત્રાનું છેલ્લા ઘણા વર્ષોથી ભવ્ય સ્વાગત પણ કરે છે. અમદાવાદ શહેરનો મુસ્લિમ સમુદાય છે એ સમયુદાય આ જગન્નાથ મંદિરના મહારાજશ્રીને આગલા દિવસે શુભેચ્છાઓ આપવા પણ જાય છે અને મહારાજશ્રી પણ એ સમુદાયનું ખૂબ સ્વાગત કરે છે. હું એક વાત આ સભાગૃહ સમક્ષ મુકવા માગું છું. રથયાત્રાના આગલા દિવસે જયારે જગન્નાથ મંદિરમાં મહારાજશ્રીની મેં મુલાકાત લીધી. મારી સાથે કોંગ્રેસનું ડેલીગેશન હતું. અમારા શ્રી અમિતભાઇ ચાવડા અને શ્રી પરેશભાઇ ધાનાણીથી માંડીને કોંગ્રેસના ઘણા આગેવાનો એમાં હતા.

આપણા બેઠેલા જમાલપુરના ધારાસભ્ય શ્રી ઇમરાનભાઇ ખેડાવાલાને ભેટીને જગન્નાથ મંદિરના મહારાજશ્રીએ એમ કહ્યું કે, શ્રી ઇમરાનભાઇ તમારો ખૂબ ખૂબ આભાર માનું છું અને એમણે એક સજેશન પણ કર્યું કે જે રીતે જયારે ઇદનો પ્રસંગ આવે છે ત્યારે અમદાવાદ શહેરની આગવી ઓળખ સમાં જે બાર દરવાજાઓ છે તે બાર દરવાજાઓને તમે ઇદના દિવસે શણગારો છો તો તમે રથયાત્રાના દિવસે આ બાર દરવાજાઓને કેમ ન શણગારો? અને માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, એ જગન્નાથ મંદિરના મહારાજનો આદેશ, એમનું સૂચન શ્રી ઇમરાનભાઇ ખેડાવાલાએ ઉપાડી લીધું અને અમદાવાદ શહેરના બારે બાર દરવાજાઓ ત્રણ દિવસ માટે શણગારવામાં આવ્યા. આ કોમી એખલાસનું વાતાવરણ અમદાવાદ શહેર કે સમગ્ર રાજયમાં આજે છે. અશાંત ધારો સરકાર દાખલ કરવા જઇ રહી છે ત્યારે બહુમતિ છે એટલે સ્વાભાવિક છે કે આ બિલ પસાર થઇ જશે. પણ સરકારે ખૂબ વિચારવાની જરૂર છે. સરકાર આજે એક સમુદાયની વ્યક્તિ છે, બીજા સમુદાયનું મકાન ન ખરીદી શકે. બીજા સમુદાયની વ્યક્તિ એક સમુદાયનું મકાન ન ખરીદી શકે તેના માટેનું આ બિલ લાવ્યા છે. હું સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, એક જ સમુદાયની વ્યક્તિ હોય અને એ જયારે મકાન ખરીદવા એ જ સમુદાયમાં જાય છે ત્યારે તેને પણ મકાન વેચાણ તરીકે આપવામાં આવતું નથી. તેના માટે સરકાર શું વિચારે છે? આના માટે પણ સરકારે ખૂબ લંબાણપૂર્વક વિચારવું પડશે. હું લંબાણમાં વાત કરીશ તો ખૂબ લાંબી ચર્ચા થશે. દુઃખ એ થાય છે એમ કે તમે જો સમુદાયોને એક જ ગણતા હો તો એ સમુદાયની વ્યક્તિઓને, એક જ સમુહના હોય, એક જ ધર્મના હોય અને એ જ્યારે મકાન ખરીદવા જાય ત્યારે આ રાજ્યમાં આજે પણ ઘણી જગ્યાએ તેના દસ્તાવેજ કરી આપવામાં આવતા નથી. દસ્તાવેજ કર્યા પછી તેનો કબજો લેવા જાય ત્યારે કબજો આપવામાં આવતો નથી. એનાથી પણ વધારે કહીશ કે જ્યારે સોસાયટી એક્ટ મુજબ તે સોસાયટીમાં તેનું નામ દાખલ કરવાનું હોય ત્યારે એક જ ધર્મનો વ્યક્તિ હોય છતાં પણ એ સોસાયટીમાં તેનું નામ દાખલ થતું નથી. સરકારશ્રીએ આના માટે ગંભીર રીતે વિચાર કરવો પડશે. બિલ લાવતા હો તો એવા બિલ લાવો જે ડો. બાબાસાહેબ આંબેડકરે સમાનતાની વાત કરી હતી. હક્કની વાત કરી હતી. એ બિલ જો લાવશો તો હું માનું છું કે ગુજરાતમાં આવા અશાંત ધારાના બિલ લાવવા ન પડે. સરકારે બિલમાં થોડા મુદ્દાઓ કહ્યા છે કે અશાંત ધારામાં રહેલી વ્યક્તિ કોઇ પણ સમુદાયની હોય, એ સમુદાયની વ્યક્તિ પોતાનું મકાન ખાલી કરીને કેમ જાય છે? તેના બે ઉદાહરણો હું આપીશ. હું પોતે અમદાવાદ શહેરનો છું. મારું મકાન જમાલપુરમાં હતું. ૧૯૯૨ પછી હું જમાલપુરમાંથી મારું મકાન શીફ્ટ કરીને નવા વાડજમાં રહેવા આવ્યો. એ રીતે આપણા શહેરી વિકાસ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ શાહપુરમાં રહેતા હતા. એમણે પોતાનું મકાન શીફ્ટ કરીને નારણપુરા રહેવા આવ્યા. તેનું કારણ છે કે કોઇ પણ વ્યક્તિ, ભલે જાહેર જીવનમાં આપણે વિધાનસભા ગૃહમાં મોટી મોટી વાતો કરતા હોઇએ. સારા બિલો લઇને આવતા હોઇએ. કોઇની ટીકા કરતા હોઇએ. કોઇ સમુદાયની પણ ટીકા કરતા હોઇએ. કોઇ પણ વ્યક્તિ એવી હોય કે જે પોતાના પરિવારનું પહેલું વિચારતી હોય છે અને પરિવારના ભાગ સ્વરૂપે એ વિસ્તારમાંથી બીજાં વિસ્તારમાં શીફ્ટ થતો હોય છે. તેના બીજાં પણ કારણો છે. શહેરોમાં જે કોટ વિસ્તારો કહેવામાં આવે એ કોટ વિસ્તારોમાં સારી સ્કૂલો ન હોય, સારી કોલેજો ન હોય. પોતાના બાળકને આગળ ભણાવવા માટે મોકલતા હોય, પોતાની નોકરી દૂર હોય. ત્યાંથી તેનું નોકરીનું સ્થળ તેને નજીક પડતું હોય. આવા અનેક કારણોસર લોકો પોતાના વિસ્તારમાંથી બીજાં વિસ્તારમાં રહેવાનું પસંદ કરતા હોય છે. એ સમુદાય કોઇ પણ હોઇ શકે છે. સરકારશ્રી એમ કહે છે કે ધાક-ધમકીથી કરશે. અમે સરકારની સાથે છીએ. કોઇ પણ સમુદાયનો વ્યક્તિ એ કોઇ પણ એક સમુદાય માટે કે બીજા સમુદાય માટે ધાક-ધમકીથી જો તેનું મકાન ખાલી કરાવતા હોય તો કાયદા મંત્રી તરીકે, હોમ મિનિસ્ટર તરીકે સરકારે તેની સામે આકરા પગલાં લેવા જોઇએ. તેમાં કોંગ્રેસ પાર્ટી તેની પડખે ઉભેલી છે. તમે કઇ રીતે રોકી શકો? એક સમુદાયનો વ્યક્તિ છે. પોતે મકાનનો માલિક છે. આ દેશનો નાગરિક છે. તેનો હક્ક છે. મકાન એ વેચે છે. તેનું મકાન વેચ્યા પછી એ મકાન શીફ્ટ કરવાની વાત કરતો હોય તો આપણે તેને કેવી રીતે રોકી શકીએ? હું ગોમતીપુર વિસ્તારમાંથી આવું છું. આજે પણ શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ, મારા ગોમતીપુર વિસ્તારની અંદર અશાંત ધારો લાગુ છે. અમારા વિસ્તારની અંદર એ હિંદુ કોમ્યુનિટીનો હોય, દલિત કોમ્યુનિટીનો હોય કે મુસ્લિમ કોમ્યુનિટીનો હોય. એને બેંકમાંથી લોન લેવી હોય તો તેને લોન મળતી નથી. લોન ન મળવાના મુખ્ય કારણ શું છે કે તમે અશાંત વિસ્તારમાંથી આવો છો. અશાંત ધારો તમારા વિસ્તારમાં લાગુ પડે છે. તેના કારણે પોતાની રોજીરોટી માટે, ધંધા રોજગાર માટે પણ એ લોન લઇ શકતો નથી. આ પરિસ્થિતિ. અશાંત ધારો નામ આપવું બહુ સહેલું છે. કાયદો લાવવો બહુ સહેલો છે. પણ જે પરિસ્થિતિ છે, કોઇ પણ વ્યક્તિ ભાડાનું મકાન કોઇ એક સમુદાયમાંથી બીજા સમુદાયને ભાડે આપે છે. તો જે ભાડે લીધેલ વ્યક્તિ છે, બીજા સમુદાયનો હોય તેની સામે સરકાર કાયદેસરની કાર્યવાહી કરવાની વાત કરતી હોય. હું તો તેનાથી પણ વધારે કહું છું કે જે વ્યક્તિએ પોતાનું ભાડાનું મકાન બીજા સમુદાયને આપ્યું હોય એ પહેલા સમુદાયના વ્યક્તિની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ. જે રીતે સુધારાની અંદર જે મુદ્દાઓ લઇને આવ્યા છે એમાં મારી એટલી જ વિનંતી છે. લાંબી વાત નથી કરવી પણ સરકારશ્રીને એટલી વિનંતી છે કે તમે આ રાજ્યનું જે શાંતિપ્રિય વાતાવરણ છે એમાં મને ખ્યાલ છે અમૂક ધારાસભ્યશ્રીઓના મારે નામ નથી આપવા પણ એમણે એના માટે સરકારશ્રીમાં રજૂઆત કરેલી છે. સરકારશ્રી એની અંદર બહુ ગંભીરતાપૂર્વક વિચારે, આની પહેલા પણ તમે ત્રણ બિલ લાવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીએ તમને સમર્થન આપ્યું હતું. અમે એમ કહેવા માગીએ છીએ કે તમે

આમાં ઉંડાણપૂર્વક જાવ અને ઉંડાણપૂર્વક ગયા પછી આપ વિચારો કે આ બિલ લાવ્યા પછી એની શું અસરો થવાની છે. હું તો ત્યાં સુધી કહીશ કે હમણાં માનનીય પ્રદિપસિંહભાઇ એક સંકલ્પ લઇને આવ્યા. એ સંકલ્પના આધારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના વખાણ કરવામાં આવ્યા. એમણે જ કીધું છે કે, મતોનું તૃષ્ટીકરણ જ્યારે થતું હોય ત્યારે મતોના તૃષ્ટીકરણ માટે રક્ષણ આપવાની જવાબદારી એ સરકારશ્રીની છે, મારી છે અને એ જવાબદારી હું નિભાવીશ. એ વાકયને આપ પકડો. હું માનનીય મંત્રીશ્રી એ કહેવા માગું છું કે જો આપ આ દેશના વડાપ્રધાનનું રીસ્પેકટ તમે કરો છો તો એમનું જે બોલેલું વાક્ય છે એ બોલેલા વાકયને આ સભાગૃહમાં પાળો એવી હું વિનંતી કરવા માટે આવ્યો છું. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે જે રીતનું ઉતાવળે આ બિલ લાવવામાં આવ્યું છે, બે-ચાર ધારાસભ્યો રજૂઆત કરે, જે અશાંત ધારાની અંદર વિસ્તાર આવે છે એ વિસ્તારમાં અમે પણ રહીએ છીએ. જે અસામાજિક તત્વો હોય એમની સામે કાર્યવાહી કરો પણ જે લોકો કાયદેસર પોતાનું મકાન બીજાને જ્યારે વેચતા હોય ત્યારે એ લોકો સામે પણ જે લોકો વેચી રહ્યા છે એ લોકો સામે પણ કોઇપણ સમુદાયના હોય પગલાં લેવા જોઇએ, હું એવું માનું છું કે માનનીય મંત્રીશ્રી આ બિલમાં ઉતાવળ ના કરે, આ બિલમાં લંબાણપૂર્વક વિચાર કરે, વિચાર કરીને ફરી એક વખત એમાં સુધારા-વધારા કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરે તો હું એવું માનું છું કે, રાજ્ય સરકારની પણ શાંતિ સલામતીના જે દાવા પોકારે છે એ પણ સારા સાબિત થશે. રાજ્યની અંદર તમામ પ્રકારના ધર્મના લોકો છે એમને પણ એમ થશે કે સરકારશ્રી પોતાની વાત સાથે અડીખમ છે. સૌનો સાથ, સૌનો વિકાસમાં અડીખમ છે એ પુરવાર થશે. માનનીય મંત્રીશ્રી, આપ આ બિલ માટે લંબાણપૂર્વક વિચારો એવી લાગણીભરી વિનંતી કરું છું અને ખાસ કરીને એક જ ધર્મના લોકો બીજા એક જ ધર્મનું જ્યારે મકાન ખરીદતા હોય અને એ લોકોને રોકવામાં આવે છે. સરકારશ્રી આના માટે શું પગલાં લેવા માગે છે એ પણ મંત્રીશ્રી પોતાના જવાબમાં રજૂ કરે એવી હું વિનંતી કરું છું.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી અશાંત ધારા સુધારા બિલ જે લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. ગુજરાતના મુખ્યપ્રધાનશ્રી વિજયભાઇ રૂપાણીજી અને શ્રી નીતિનભાઇ પટેલની આ સરકાર એક સંવેદનશીલ સરકાર છે. સમયે સમયે લોકોની જરૂરિયાત ધ્યાનમાં રાખીને કાયદાઓમાં અપડેશન લાવવાની જરૂરિયાત હોય છે અને એમાં સુધારા પણ લાવવાની જરૂરિયાત હોય છે. એટલે જ મારે કહેવું છે,

''ઝમીર ઝીંદા રખ, કબીર ઝીંદા રખ, સુલતાન ભી બન જાયે તો દિલ મેં ફકીર ઝીંદા રખ.''

ગુજરાતની આ પ્રજાએ જે મેન્ડેટ આપ્યું છે એ પછી આ સરકાર અભિમાનપૂર્વક નહીં પણ ગૌરવપૂર્વક આ કામ કરી રહી છે ત્યારે લોકોની લાગણીને સમજીને આ સુધારા વિધાયક લઇને આવ્યા છે. હું આ સુધારા વિધાયક માટે ભારતીય જનતા પાર્ટીની સરકારને farsightedness and vast vision માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પહેલાં પણ ૧૯૯૧મા આ બિલ આવ્યું, બિલમાં ઘણી ખામીઓ રહી ગઇ, અને એનું ઉત્તમ ઉદાહરણ મારો પોતાનો વિસ્તાર, ઓગસ્ટ ૨૦૧૭માં અશાંત ધારા મારા વિધાનસભા વિસ્તારમાં લાગુ પડયો. લગભગ ૨૬ સોસાયટી એ અશાંતધારા હસ્તગત લેવામાં આવી. પરંતુ આ કાયદો નબળો હોવાને કારણે ઘણી બધી મુશ્કેલીઓ લોકોને પડવા લાગી. અમૂક વર્ગના લોકો, અમૂક સમુદાયના લોકો બીજા સમુદાયના લોકોના ઘર લઇ લે, ધાકધમકીથી લઇ લે, વધારે પૈસા આપીને લઇ લે, પછી અમૂક સમુદાયના લોકો ત્યાં આવે. હમણાં જ્યારે માનનીય શૈલેષભાઇ કહેતા હતા, અમે ધર્મની વાત નહીં પણ એન્ટી સોશિયલ એલિમેંટ જે સમુદાયના હોય છે, એની વાત માત્ર કરવા માગું છું. આપણે કોઇ ધર્મ માટે નથી કહેતા. એન્ટી સોશિયલ એલિમેન્ટ જે ત્યાં ભયનું વાતાવરણ ઊભું કરે છે એના માટેની આ વાત છે. There is a question of security and safety of property and also the people residing over there. કહેવાનો મતલબ છે કે લોકોની લાગણી જે અમારી પાસે આવી કે આ વિસ્તારમાં આવા ભયનું વાતાવરણ છે. લોકો મોડી રાત સુધી બહાર નીકળી શકતા નથી. અમુક પ્રકારના તત્વો બહાર બેઠેલા હોય છે અને દીકરીઓ નવરાત્રિ જેવા સમયે સેફ ઝોનમાં ન રહેતા એન્ટી સોશિયલ એલિમેન્ટસ ત્યાં કામ કરતા હોય છે. આના લીધે હ્યુમન સાયકોલોજી અનુસાર એક વિચારધારાના લોકો, એક સમુદાયના લોકો, એક જેવો ઉછેર થયા હોય એવા લોકો એક કમ્ફર્ટ ઝોનમાં રહેતા હોય છે. પણ જ્યારે એન્ટી સોશિયલ એલિમેન્ટ આ મકાનમાં રહે છે ત્યારે આ કમ્ફર્ટ ઝોન ડીસ્કમ્ફર્ટ ઝોન થઇ જાય છે અને ભયનું વાતાવરણ પેદા થાય છે. અમુક સિટી વિસ્તારમાં પણ જોવામાં આવે છે કે દુકાનો ખરીદી લે છે અને એ સમુદાયના લોકો દુકાન ખરીદીને ઘર બનાવી દે છે અને સમગ્ર પરિવાર ત્યાં રહેવા આવી જાય છે. આવી પરિસ્થિતિમાં જ્યારે દુકાનોને નિવાસસ્થાનમાં ફેરવી દે છે અને ત્યાં જે વાતાવરણ ઊભું થાય છે એને લીધે પણ સોશિયલ ઇમ્બેલેન્સનું વાતાવરણ ઊભું થાય છે. એના લીધે શાંતિ જળવાતી નથી અને વાતાવરણમાં ખલેલ પહોંચે છે. આના લીધે જે થીક પોપ્યુલેટેડ સમુદાય હોય છે એ થીન પોપ્યુલેટેડમાં ચેન્જ થઇ જાય છે એ એક ચિંતાનો વિષય છે. વર્તમાન અશાંત વિસ્તારમાં સમાવિષ્ટ પ્રોપર્ટી ટ્રાન્સફરના કેસો છે ત્યાં સુધી જોવામાં આવ્યું છે કે પ્રોપર પ્લાનીંગથી પોલરાઇઝેશન કરવામાં આવે છે. પ્રોપર પ્લાનીંગથી એ લોકો ડિસાઇડ કરે છે. અમુક બાંધકામ એવી રીતે કરવામાં આવે છે કે જેથી કરીને અમુક સમુદાયના લોકો જ ત્યાં રહી શકે. જેથી કરીને બીજા સમુદાયના લોકો મજબૂરીથી વેચીને ત્યાંથી બીજે જતા રહે છે. કારણ કે, તેમને જોઇએ એવું વાતાવરણ ત્યાં નથી મળતું. મુખ્ય હેતુ આ બિલનો છે એ એવો છે કે એન્ટી સોશિયલ એલિમેન્ટને સ્ટોપ કરવાનો છે. એનાથી કોઇ ધર્મ,

જ્ઞાતિ, કે કોઇને ઠેસ પહોંચાડવાનો નથી. કોર્પોરેશન વિસ્તાર આવતો હોવાથી ઘણી જગ્યાએ એવું જોવામાં આવે છે કે કલેક્ટર દ્વારા પરમીશન લઇને આ લોકો ડાયરેક્ટ બાંધકામ શરૂ કરી દે છે અને રિડેવલપમેન્ટના નામે ઘણી મોટી સંખ્યામાં લોકો ત્યાં વસવાટ કરવા લાગે છે. આ બિલ લાવ્યા છે ત્યારે સરકારને અભિનંદન પાઠવું છું કે કોર્પોરેશન એરિયામાં પણ બાંધકામ કરવાનું હશે ત્યારે આ એન.ઓ.સી.ની જરૂર પડશે. આ બિલ લાવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું અને એટલું ચોક્કસ કહીશ કે અહીંના રહીશોને એમની પ્રોપર્ટી અને પોતાના પરિવારના સુખ અને શાંતિ જળવાઇ રહેશે અને સલામતિની એક ભાવના રહેશે. મંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એમાં મારો ટેકો અને અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : શ્રીમતી મનીષાબેન, સુધારા વિધાયક કહ્યું એ પણ લાવવા જેવું ખરું. માનનીય વિરજીભાઇ ઠુમ્મર...

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અશાંત વિસ્તાર સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે, એમણે સ્વીકાર્યું ખરું કે ગુજરાતમાં અશાંત વિસ્તાર હજુ પણ પ્રવર્તી રહ્યો છે. હમણાં જ માનનીય ગૃહ ખાતાના મંત્રીશ્રી ૧૨૦નો પ્રસ્તાવ લઇને આવ્યા ત્યારે જે મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે એ એમને અભિનંદન આપતા હતા. એ ગૃહ ખાતાના મંત્રીશ્રી હતા. હવે એમને સમજાયું છે કે, આમાં કંઇક અશાંત તો છે જ. એટલે બપોર પછી બિલ રજૂ કરવું પડ્યું છે. ઘણી ઉતાવળે આ બિલ આવ્યું હોય એમ લાગે છે. આ રાજ્યના મુખ્યમંત્રી રહી ચૂકેલા અને બીજી વખત આ દેશના વડાપ્રધાન બન્યા છે એમને અભિનંદન આપીને એમની વાહ–વાહી કરીએ છીએ. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ, આ વિશ્વાસ ક્યાં જતો રહ્યો છે? ક્યાં ખોવાઇ ગયો છે? એ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું. તમે જો સૌના વિશ્વાસની વાતો કરતા હોય તો કોઇકનો વિશ્વાસ ગુમાવ્યો છે એટલા માટે આ બિલ લાવવામાં આવ્યું છે? આવું માત્ર અહીંયા જ બને છે. પર્ટીક્યુલર કોઇ કોમ્યુનિટી ઉપર દબાણ ઊભું કરવાના હેતુથી આવું કાર્ય થતું હોય તો તમે મંત્રીશ્રી વિચારણા કરો, આ તો ગાંધીનું ગુજરાત છે. સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત છે કે જે સરદાર વલ્લભભાઇ પટેલની તાકાત હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું ૧૫મી ઓગસ્ટે અમે આઝાદ નથી થયા, અમે ૩૦મી ઓગસ્ટે આઝાદ થયા છીએ. નવાબની હકુમત ચાલતી હતી, આર.જી. હકુમત ચાલતી હતી. નવાબને કોઇએ ચેલેન્જ કરી હોય તો એ સરદાર વલ્લભભાઇ પટેલે કરી હતી, એના સ્ટેચ્યુ ઊભા થાય છે અને વરસાદમાં પાછા એને * ( xxx) માનનીય અધ્યક્ષશ્રી, કયા પ્રકારની બધી વાતો ચાલી રહી છે?

અધ્યક્ષશ્રી : આ *( xxx) વાત કાઢી નાખીએ છીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર હું કહેવા માગું છું. (અંતરાય) (સતત ઘોંઘાટ) જ્યારે વિશ્વાસ જતો રહ્યો છે ત્યારે હું કહેવા માગું છું કે, (ઘોંઘાટ) અમારી પણ વ્યથા છે. ગુજરાતમાં આ પરિસ્થિતિ છે ત્યારે હું કહેવા માગું છું કે, ગુજરાત અશાંત વિસ્તારમાં નવા વિકસિત ઉમેરવામાં આવે. ધોલેરા પોર્ટ ઇન્ટરનેશલ ઊભું થઇ રહ્યું છે ત્યારે કોણે જમીનો ખરીદી લીધી છે? ટી.પી. સ્કીમો લાગુ પડે છે, કોણ જમીનો ખરીદે છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : બિલના સ્કોપમાં જાવને. (અંતરાય) બિલના સ્કોપમાં બોલોને.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલના સ્કોપમાં બોલવા માગું છું. આવા વિસ્તારોમાં પણ અશાંત ધારો લાગુ પડે. અમને કાંઇ વાંધો નથી. ધારાસભ્યોની ચિંતા થતી હોય એટલા માટે હું કહુ છું. પર્ટીક્યુલર વ્યક્તિઓ (અંતરાય)..

અધ્યક્ષશ્રી : શાંતિથી સાંભળો, પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : જમીનો ખરીદી લે છે અને અશાંતિ ઊભી કરવાના પ્રયાસ થઇ રહ્યાં છે. નવા વિકસિત વિસ્તારો હોય કે નવી ટી.પી. સ્કીમો લાગુ પડતી હોય ત્યાં પણ આ કાયદો લાગુ પાડવામાં આવે છે કે કેમ? માત્ર અશાંતના નામે કોમ્પ્યુનિટીમાં બે ભાગ પાડવા માટે, હું તો કહુ છું કે સરકારે ઘણું વિચારવાની જરૂર છે. ઘણાં વિસ્તારો એવા છે, ઘણાં ગામો એવા છે કે ખેતીનું કામ પર્ટીક્યુલર લોકો જ કરી શકે છે બીજા કોઇની તાકાત નથી કે ખેતીની જમીન લઇ શકે એમાં સરકાર સુધારો લાવવા માગે છે કે કેમ? ત્યાં પણ આવા સુધારાની જરૂર છે. જે ખેતી કરવા માગે છે તે ત્યાં ખેતી કરી શકતા નથી. સુરત અને નવસારીમાં અનેક પારસી પોળો હતી. પારસી પોળો ખાલી થઇ ગઇ ત્યારે કેમ સરકારને યાદ ના આવ્યું? ૧૯૯૫ થી ''સૌનો સાથ, સૌનો વિકાસ''ની વાતો ચાલી રહી છે. ૨૫ વર્ષ પછી પણ સરકારને સમજાણું છે કે અશાંત વિસ્તાર હજુ છે. કોઇ પણ ચમરબંધ માણસ હોય કે ગુંડાગીરી કરતો વ્યક્તિ હોય એ કોઇ પણ સમાજનો હોય અમારા ઉપનેતા શ્રી શૈલેષભાઇએ કહ્યું કે, કોંગ્રેસ તમને ટેકો આપવા તૈયાર છે. કોઇ પણ અશાંતિ ધરાવતો વ્યક્તિ કોઇ પણ જગ્યાએ જાય એમને ફાંસીની સજા આપવામાં આવે. આ સરકારને ટેકો આપવા માગું છું કારણ કે, એક કરવાના બદલે પર્ટીક્યુલર કોમ્યુનિટીને ઉશ્કેરવા માટેની શ્રી નીતિનભાઇ, જ્યારે વાત થઇ રહી છે ત્યારે કહેવા માગું છું. અમે કોઇની દલાલી કરવા નથી માગતા. ઘણાંય એવા વિસ્તાર છે એ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિસ્તારમાં સોસાયટી ઊભી થાય છે તેમાં પર્ટીક્યુલર કોમ્યુનિટીનો વ્યક્તિ હોય તો જ એને મકાન મળે છે. ત્યાં દલિત સમાજના વ્યક્તિ કે વાલ્મીકિ સમાજનો વ્યક્તિ મકાન ખરીદવા જાય તો એમને મકાન મળતા નથી ત્યાં પણ આ કાયદો લાગુ પાડવા માગો છો કે કેમ? દલિતને રહેવા માટે સોસાયટીમાં મકાન પણ ભાડે અપાતું નથી ત્યારે એના માટેની અમારી ચિંતા છે, એના માટે સરકાર વિચારવા માગે છે? શ્રી ભૂપેન્દ્રસિંહજી તો ઘડાયેલા મંત્રીશ્રી છે. ઘણાં વિભાગ એ સંભાળી ચૂક્યા છે ત્યારે શ્રી કૌશિકભાઈ આજે કદાચ પોતાની તબિયતના કારણે ના આવ્યા હોય ત્યારે મારે બાપુને વિનંતી કરવી છે કે આ બિલમાં તમે થોડીક શાંતિ રાખો, ઉતાવળ કરવાના બદલે સંપૂર્ણ સૌનો સાથ, સૌનો વિશ્વાસ અને સૌનો વિકાસ જીતવા માટેની વાત લઈને આવો અને અશાંત વિસ્તારમાં એમને પડતી મુશ્કેલીઓ, લોનની મુશ્કેલીઓ અને મકાનમાં રહેવા માટે પડતી મુશ્કેલીઓ, એમને પોતાના કામ-ધંધા કરવા માટે પડતી મુશ્કેલીમાંથી બહાર લાવવાની વાત કરવામાં આવે. શ્રીમતી મનીષાબેન જે વાત કરતા હતા એમને પણ હું વાત કહેવા માગું છું કે, શ્રી મનીષાબેન અમે અનુમોદન આપીએ છીએ. તમારી કોઇ પોળની દુકાનમાં અમુક એન્ટી સોશિયલ વ્યક્તિઓ આવી જાય અને પછી ખાલી કરવું પડતું હોય તો એવા લોકોને બાપુ પહેલા ઝડપીને પકડી લ્યો, પોલીસના હવાલે કરો અને કાયદેસરની કાર્યવાહી કરવાના ધોરણો ઉમેરો તેવી લાગણી સાથે મારા સૂચન રજૂ કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અશાંત વિસ્તારની સ્થાવર મિલકતની તબદીલી ઉપર પ્રતિબંધ મૂકવા તેમજ વિસ્તારોની જગ્યામાંથી ભાડુઆતોને ખાલી કરવા માટે જે રક્ષણ આપવા માટે મંત્રીશ્રી તરફથી જે બિલ લાવવામાં આવ્યું છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહી છું એ લીંબાયત વિસ્તાર સુરતની વિધાનસભામાંથી સૌથી સંવેદનશીલ કહેવાય એવો છે. મેં છેલ્લા ત્રણ વર્ષથી અશાંત ધારાની માગણી કરી હતી અને આ બિલ લાવવાથી, એમાં સુધારો લાવવાથી મારા વિસ્તારમાં ચોક્કસ લાભ થશે એવું મને લાગે છે. મારા વિસ્તારમાં અલગ અલગ સમુદાયના ૨૧ રાજ્યોના લોકો વસવાટ કરે છે અને વધુમાં વધુ એક ચોક્કસ સમુદાયના લોકો એક લાખ જેટલા છે. જે લીંબાયત વિસ્તારમાં અનેક જગ્યાઓ ઉપર ગેરકાયદેસર મકાનો હોય, સી.ઓ.પી.પ્લોટ હોય કે પછી માર્જીનની જગ્યા ઉપર ૪ થી ૫ માળના મકાનોનું બાંધકામ કરીને બધા ત્યાં વસતા હોય છે જેનાથી બીજા સમુદાયના લોકો જે ત્યાં રહેતા હોય એમને ત્રાસ આપે છે. હેરાન પરેશાન કરે છે અને હાડમારી પેદા થાય એવું વાતાવરણ ત્યાં ઊભું થઇ રહ્યું છે. જેના લીધે ત્યાં ઘણીવાર કોમી રમખાણો પણ થઇ રહ્યા છે. મારા લીંબાયત વિસ્તારમાં ચોક્કસ સમુદાયના લોકો દ્વારા એ વિસ્તારના લોકો ખાલી કરીને ચાલ્યા જાય એટલા માટે મકાન મળી જાય પણ ન મળે તો જોર જબરદસ્તીથી દબાણપૂર્વક અથવા તો વધારાનું પ્રલોભન આપીને પણ પ્રમાણમાં મોટી સોસાયટીઓ ખાલી થઇ રહી છે. અમુક સમુદાયના લોકોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. અશાંત ધારો મારા વિસ્તારમાં લાગી જશે તો આ બધી સમસ્યાઓથી એક સમુદાયને ચોક્કસ ફાયદો થશે. સન ૨૦૦૨ પછી અમારા વિસ્તારમાં જેવા કે છત્રપતિ શિવાજી નગર, ભાવના પાર્ક, રૂસ્તમ પાર્ક, જલારામનગર, બુદ્ધ સોસાયટી, મારૂતિનગર, ગોવિંદનગર, પ્રતાપનગર, શાહપુરા, શંભાજી ચોક જેવા વિસ્તારોમાં દાબદબાણપૂર્વક ચોક્કસ સમુદાય દ્વારા એક સમુદાયના લોકોને ટારગેટ કરી એ વિસ્તારના મકાનો જબરજસ્તીપૂર્વક તબદીલ થઇ રહ્યા છે. જેની કલેકટરશ્રી દ્વારા મતદાર યાદી દ્વારા પણ ચોક્કસ સમુદાયના વ્યક્તિ વસ્તીને મળતી આખરી મળી જશે. આ પેરામાં ભાડુઆતોનો ઉલ્લેખ કર્યો છે પરંતુ એમાં એકલા ભાડુઆતો જ નહીં પરંતુ ભાડુઆતો સહિત મિલકતના માલિકો કે ભાડે કે પેટા ભાડે લીધેલ મિલકતોના ધારકો તથા ભાગીદારોનો પણ સમાવેશ કરવો જોઇએ. હમણાં શ્રી વિરજીભાઇ કહેતા હતા, શ્રીમતી મનીષાબેનને એમણે કીધું કે, તમારે દુકાનમાં કાયદાનું એ કરવું જોઇએ પણ તમે મારા વિસ્તારમાં આવો ત્યાં પરિસ્થિતિ કંઇક અલગ જ છે એટલે હું તમને આમંત્રણ આપું છું કે તમે મારા વિસ્તારમાં આવજો.

અધ્યક્ષશ્રી : વિરજીભાઇને ઘણી જગ્યાએથી આમંત્રણ મળ્યું છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : હું કહેવા માગીશ કે, અશાંત ધારાના અધિનિયમનો હેતુ સિદ્ધ થાય, એનો કડક અસરકારક અમલ થાય, અશાંત જાહેર કરેલ વિસ્તારમાં રહીશોની મિલકતોની, રહીશોની સુરક્ષા જળવાય, સામાજિક સુરક્ષા જળવાય તે માટે અમારી સરકાર કામ કરે છે પણ એમાં પણ સુધારો કરવો જરૂરી છે. અશાંત જાહેર કરેલ વિસ્તાર નહીં પરંતુ સમગ્ર ગુજરાતનો ઉલ્લેખ કરવો જોઇએ કે આખા ગુજરાતમાં અમુક ચોક્કસ સમુદાય તેમના સમુદાયને ચોક્કસ વિસ્તારમાં અથવા તો તે શહેર, નગર, મહાનગર, ગામડાંમાં, શહેરના મુખ્ય ભાગને ટારગેટ કરીને એક સમુદાય માટે એકત્રિત કરી રહ્યા છે. હાલના અશાંત ધારામાં કલેકટરશ્રીની મંજૂરી મળવાની જરૂર હોય છે. કલેકટરશ્રીએ વેચનાર અને લેનારની મુક્ત સંમતિની વ્યાજબી કિંમત બે પક્ષકાર વચ્ચે છે કે કેમ તે જોવાનું રહેશે અને જે તબદીલીની અરજીઓ મંજૂર કરે નામંજૂર કરતા હોય છે પરંતુ તબદીલ થનાર દરેક વ્યક્તિની મૂક સંમતિ છે કે કેમ તે ચકાસી શકાતું નથી. ઘણીવાર સ્ટેમ્પ પેપર ઉપર લખાણ દ્વારા કે પાવર ઓફ એટર્ની દ્વારા આવી મિલકતો તબદીલ કરવા માટે કલેકટરશ્રીની પરવાનગી મેળવવાની હોય છે પરંતુ આવી તબદીલી ઘણીવાર મુક્ત સંમતિથી હોતી નથી પરંતુ પ્રલોભન કે ધાક-ધમકીથી તબદીલી કરવામાં આવતી હોય છે. મારા લીંબાયત વિસ્તારમાં એવી ઘણી બધી સોસાયટી આવેલી છે જેમાં અશાંત ધારો લાગુ કરવાની, કડકાઇથી અમલ કરવાની ચોક્કસ જરૂર છે. જેથી કરીને આ વિસ્તાર સુરક્ષિત રહે એના માટે માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને ટેકો રજૂ કરું છું.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : ગુજરાત અશાંત વિસ્તારમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબતનું માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લાવી રહેલ છે, તેને હું આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વેદકાલીન એક પંક્તિ હું રજૂ કરવા માગું છું. "સંઘર્ષ દ્દવં, સંવદ્દવં સમુ મનાતિ જાનતામ્"આ વેદકાલીન પંક્તિમાં પ્રતીતિ થાય છે કે ભારત વર્ષમાં સમરસ સમાજ તથા માત્ર રાષ્ટ્રવાદના ઉદ્દેશથી આપણી સંસ્કૃતિએ વિશ્વમાં અજોડ સંસ્કૃતિના નામથી ઓળખ મેળવી છે. મૂનિશ્રી ચાણક્ય, ચિત્રગુપ્ત મૌર્ય, સમ્રાટ અશોક, સ્વામિ વિવેકાનંદજી તથા પૂજનીય શંકરાચાર્યજીએ અખંડ ભારતની કલ્પના સાથે ભારત વર્ષની એકતા માટે અથાગ પ્રયાસો કર્યા હતા. આપણા લોકપ્રિય તથા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી પણ આ કલ્પના સાથે એક ભારત, શ્રેષ્ઠ ભારત બનાવવાની કલ્પના કરી રહ્યા છે. ભારત વર્ષના માનનીય મહાનુભવોની પવિત્ર

કલ્પના તથા પ્રયત્નો હોવા છતા આપણે અશાંતધારો કાયદો લાવવો પડે તે એક દુઃખની બાબત છે. પરંતુ કાળક્રમે એ પરિસ્થિતિ જે ઉત્પન્ન થતી જાય છે, એટલા માટે આ કાયદો લાવવો પડે છે. અશાંત ધારાનો અધિનિયમનો હેતુ સિદ્ધ થાય, અધિનિયમની જોગવાઇનો અસરકારક અમલ થાય, અશાંત જાહેર કરેલ વિસ્તારોની મિલકતોની જાળવણી અને સુરક્ષા સુનિશ્ચિત થાય, સામાજિક સમરસતા જળવાઇ રહે, વિસ્તારોની સુરક્ષા અને જાળવણી, સલામતીની ભાવના જળવાઇ રહે તે માટે આપણી સરકાર કટિબદ્ધ છે. પ્રવર્તમાન અશાંત ધારામાં હાલમાં કલેક્ટરની મંજૂરી મેળવવી જરૂરી છે. કલેક્ટરશ્રી લેનાર અને વેચનાર અને મુક્ત સંમત્તિથી વ્યાજબી કિંમત બંને પક્ષો વચ્ચે છે કે કેમ તે જોવાનું રહેશે અને કલેક્ટરશ્રી તદનુસાર જે તે તબદીલી અરજીને મંજૂર કે નામંજૂર કરતા હોય છે. પરંતુ તબદીલ થનાર દરેક વ્યક્તિ મુક્ત સંમતિ છે કે કેમ તે ચકાસી શકાતું નથી. ઘણીવાર ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ દ્વારા કે પાવર ઓફ એટર્ની દ્વારા આવી મિલકત તબદીલી કરવા માટે કલેક્ટરશ્રીની પરવાનગી લેવી પડે છે. પરંતુ આવી તબદીલી ઘણી વાર મુકત સંમતિ હોતી નથી. પરંતુ પ્રલોભન કે ધાક ધમકીથી કરવામાં આવતી હોય છે. આથી આ બિલથી તબદીલીની વ્યાખ્યા વધુ વિસ્તૃત કરવામાં આવી છે. સ્પષ્ટ કરવામાં આવી છે. સાથે સાથે સરકારશ્રીને રજિસ્ટ્રેશન એકટની કલમમાં સુધારો કરીને પ્રાવધાન કરેલ છે. કલેકટરશ્રીની મંજૂરી મળેથી દસ્તાવેજનું રજિસ્ટ્રેશન કરવામાં આવશે. આમ મિલકતથી ટ્રાન્સફરની વ્યાખ્યાનું પ્રાવધાન અસરકાર બનાવેલ હોય અને રજિસ્ટ્રેશન એકટમાં કલેકટરશ્રીની મંજૂરી આવશ્યક બનાવેલ છે. અને હવે કલેકટરશ્રી મંજૂરી આપશે તો જ દસ્તાવેજનું રજિસ્ટ્રેશન કરી પ્રાવધાન કરવામાં આવેલ છે. આ બિલને હું ખૂબ ખૂબ આવકારું છું અને અભિનંદન પણ આપું છું.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૨–સન–૨૦૧૯ નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબતનું સુધારા વિધેયક ૨૦૧૯નું માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આ વિધેયક લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન નહિ, પણ પૂર્ણ અનુમોદન આપું છું.

અશાંત ધારો એ ડિસ્ટર્બ એરિયા એક્ટ છે. અહીંયાં ગૃહમાં જેટલી પણ વાત થઇ છે એના કેન્દ્રમાં વ્યકિત રાખી છે. મારું સ્પષ્ટ માનવું છે કે કેન્દ્રની અંદર પ્રોપર્ટી છે. સ્થાવર મિલકત છે. આ કેન્દ્રની અંદર સ્થાવર મિલકતની વાત આવશે ત્યારે અશાંત ધારાનું મહત્વ સમજાશે. અત્યાર સુધી માત્ર અશાંત ધારો, વ્યકિત અને જે કઇ સિદ્ધિ છે, એને નાબૂદ કરવાના ખોટી રીતના પ્રયત્ન થયા છે એટલે મારે આ ખુલાસો કરવો જરૂરી લાગે છે. ગુજરાત પ્રોહીબીશન ઓફ ટ્રાન્સફર ઓફ....

અધ્યક્ષશ્રી : સાચી રીતના પ્રયત્નો થયા નથી એવું કહેવાનું.

શ્રી પૂર્ણેશ મોદી : કોઇ એક સમયે ગુજરાતનો એક નાનો મોટો ભૌગોલિક વિસ્તાર અશાંત હતો. તેનો મતલબ એવો હતો કે ત્યાંની સ્થાનિક પ્રોપર્ટી હતી, રેસિડન્ટ હતા, તે રેસિડન્ટ, મિલકત હતી તે મિલકત અલગ અલગ સમુદાયમાં વહેંચાયેલ હતી. મૂળ ઝગડો મિલકતનો છે વ્યકિતનો નથી તેનું મારે અહીં સ્પષ્ટીકરણ કરવું પડે છે. જેને લઇને અશાંત વિસ્તારોમાં રહેતા સમાજના તમામ રહીશોની સ્થાવર મિલકતની સુરક્ષા અને સલામતી જળવાઇ રહે તે માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી ગુજરાતની ભાજપ સરકારે અશાંત ધારા હેઠળ ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સામાજિક સમરસતા જળવાઇ રહે તે માટે, ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સામાજિક સુરક્ષા જળવાઇ રહે તે માટે, ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સામાજિક સલામતી જળવાઇ રહે તે માટે, ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સામાજિક સદભાવના જળવાઇ રહે તે માટે, ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સામાજિક સમરસતા જળવાઇ રહે તે માટે અને અશાંત વિસ્તાર શાંત વિસ્તાર તરીકે ભવિષ્યમાં પ્રસ્થાપિત થાય તે માટે આ અશાંત ધારાની નવી જોગવાઈ જે લાગુ કરવામાં આવી છે તે ખૂબ હિતાવહ છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસને વધુ સુદઢ બનાવવા માટે અમારી સરકાર મજબૂત પ્રયાસ કરી રહી છે તે પૈકીનો આ એક પ્રયાસ છે. આ સુધારા પહેલાં અશાંત ધારા હેઠળ પ્રવર્તમાન જોગવાઈ શું હતી? કોઇ બે પક્ષકારની માત્ર સંમતિ હોય, તે બે પક્ષકારોને પૂર્ણ અવેજ મળી ગયો છે કે કેમ અને બહુ બહુ તો પોલીસની જે તે મિલકતની એન.ઓ.સી. આટલું લાગુ પડતું હતું. પરંતુ તે જે કાયદો હતો તે અપૂરતો હતો. તેના કારણે ઘણી મુસીબતો ઊભી થઇ. જેના કારણે મૂળ અશાંત ધારાની જે વ્યાખ્યા હતી તેમાં પણ તેનો હેતુ બળ આવતો ન હતો. જેના માટે આ જોગવાઈ લાગુ કરવાની ખૂબ આવશ્યકતા ઊભી થઇ છે. માનનીય મંત્રીશ્રી હું અમારા વિસ્તારના ભૌગોલિક વિસ્તારની વાત કરું, અમારા સુરત મહાનગર વિસ્તારની ભૌગોલિક વિસ્તારની વાત કરું. સુરત મહાનગર સેન્ટ્રલ ઝોન તરીકે ઓળખાતો અમારો વિસ્તાર છે. તેને કોટ વિસ્તાર કહીએ છીએ. તેને કહીએ ગામતળવાળો વિસ્તાર, તેને કહીએ જૂનો વિસ્તાર, તેને કહીએ જૂનો સીટી સરવે પ્રોપર્ટી કાર્ડવાળો વિસ્તાર અને પ્રાચીન સમયનું ઐતિહાસિક અમારું સુરત છે. આ ભૌગોલિક વિસ્તાર આજે પાંચ પોલીસ સ્ટેશનની હદમાં આવે છે. આ ભૌગોલિક વિસ્તારમાં સમાજનો કોઇ એક સમુદાય નહીં, બે સમુદાય નહીં, ત્રણ સમુદાય નહીં, ચાર સમુદાય નહીં પણ અનેક સમુદાયો આમાં રહે છે અને તે વિસ્તારમાં ધાર્મિક સ્થળો, તેની ધાર્મિક મિલકતો, ઐતિહાસિક મિલકતો પણ આ વિસ્તારમાં આવે છે. આ બધા સમૂહની સ્થાવર મિલકતો અને ધાર્મિક મિલકતોનું સપ્રમાણ જળવાઇ રહે તે માટે અને સંપૂર્ણ સલામતી જળવાઇ રહે તે માટે આ નવી અશાંત ધારાની જોગવાઈ અત્યંત મહત્વપૂર્ણ છે. પહેલાંની જે વ્યાખ્યા હતી તે માત્ર સબ રજિસ્ટ્રાર કચેરીમાં વેચાણ દસ્તાવેજ કરવા પૂરતી જ હતી. હવે જે વ્યાખ્યા લઇને આવ્યા છે તે વ્યાખ્યામાં તબદીલ એટલે વેચાણ, બક્ષિસ કે વિનિમય પણ તેની અંદર બનતા દસ્તાવેજોમાં તેમાં સ્થાવર મિલકતને લગતો ભાડા પટ્ટાનો લેખ હોય, વિભાજનનો લેખ હોય, પાર્ટીશનનો લેખ હોય, ગીરોખત હોય, જનરલ પાવર ઓફ એટર્ની હોય, સ્પેશ્યલ પાવર ઓફ એટર્ની હોય, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોય, કબજા રસીદ હોય, વેચાણ કરાર હોય, એગ્રીમેન્ટ હોય કે કો–ઓપરેટિવ સોસાયટીમાં શેર ટ્રાન્સફરને આધારે નામ ટ્રાન્સફર કરવાની વિધી હોય આ ૧૧ થી ૧૨ જેટલી તમામ વિધિમાં મૂળ ઇન્ટેન્શન આ સ્થાવર મિલકતને ટ્રાન્સફર કરવાનો છે, તબદીલ કરવાનો છે તેનો આ વ્યાખ્યામાં સમાવેશ થયેલ છે તે ખૂબ જ અગત્યનું પરિબળ છે. આ બધા જ દસ્તાવેજો સબ રજિસ્ટ્રાર કચેરીએ નોંધાયેલા હોય કે ન નોંધાયેલા હોય આ તમામ દસ્તાવેજો નોટરી સમક્ષ નોંધાયેલા હોય કે ન નોંધાયેલા હોય પરંતુ હવે આવા તમામ માલિકી હક્ક હિત સંબંધે તબદીલીની વિસ્તૃત વ્યાખ્યામાં સમાવેશ કર્યો છે તેનો મને આનંદ છે અને ગર્વ છે કે, આ

સરકારે ખૂબ મહત્વપૂર્ણ કામ કર્યું છે. માનનીય મંત્રીશ્રીની બીજી વાત અશાંત ધારાની જાહેરાત કરવા બાબતની છે. અશાંત ધારા વિસ્તારને જાહેર કરવામાં કોઇ એક ભૌગોલિક વિસ્તારના કોઇ એક વર્ગ કે સમુદાયના લોકોનું ધ્રુવીકરણ થઇ રહ્યું હોય અથવા તો ધ્રુવીકરણ થવાની શક્યતા થાય કે હોય જેને લીધે તે ભૌગોલિક વિસ્તારમાં રહેતા જુદા જુદા વર્ગના લોકોને, જુદી જુદી જનસંખ્યાનું સંતુલન ન બગડે તેને માટે આ ભૌગોલિક વિસ્તારને અશાંત ધારો જાહેર કરવાની જોગવાઈ આ નવા સુધારામાં લાગુ કરી છે અને તેની સત્તા નામદાર કલેક્ટરશ્રીને સોંપવામાં આવી છે. મેં કહ્યું તેમ ભૂતકાળમાં જે પ્રવર્તમાન કાયદો હતો એ સંમતિ, યોગ્ય અવેજ અને પોલીસની એન.ઓ.સી. પણ હવે આ દસ્તાવેજ તબદીલ કરવા માટે કોઇ એક તરફી કે બંને પક્ષકારો સબ રજિસ્ટ્રાર કચેરીએ જાય એ પહેલા એમણે નામદાર કલેકટરશ્રીની મંજૂરી લેવી અગત્યની બને છે. નામદાર કલેક્ટરે પણ કોઇ એક વ્યક્તિ કે એક વિસ્તારની ધ્રુવિકરણની શક્યતા પણ આમાં ચકાસીને પોતે અશાંત વિસ્તાર બાબતની ચકાસણી કરવી પડશે પહેલા આ ન થતું હતું પહેલા તો કલેક્ટર કચેરીએ તપાસ કરીને સર્ટિફિકેટ આપી દેવામાં આવતું હતું હવે એ શકય નથી હવે કાયદો વધુ મજબૂત બન્યો છે. હવે સ્થાવર મિલકત તબદીલ બાબતે કોઇ એક સમૂહના વ્યક્તિ અંધાધૂંધી ફેલાવે, ગેરસમજ ફેલાવે, બદઇરાદો ફેલાવે એવા સંજોગોમાં પણ ભૌગોલિક વિસ્તારને અશાંત વિસ્તાર જાહેર કરવાની સત્તા આ દસ્તાવેજ મૂકે ત્યારે કલેક્ટરે તપાસ કરવી પડશે. હવે આ કાયદાના કારણે સ્થાવર મિલકતો દસ્તાવેજ એ કોઇ એક વ્યક્તિ કે એક જૂથના ખોટા ઇરાદા અંગે પણ કલેક્ટરે તપાસ કરવી પડશે. આમ અનેક રીતે આ કાયદો હિતાવહ છે, લોકોના હિતમાં છે. સમગ્ર સુરતમાં જ નહીં પણ ગુજરાતના અનેક શહેરોમાં આ કાયદાના કારણે હવે પછી દરેક ધર્મના લોકો અહીંયાં રહે, દરેક સમુદાયના લોકો અહીંયા રહે, દરેક વર્ગના લોકો અહીંયાં રહે અને ગુજરાત સામાજિક સમરસતાને વરેલું બને એવો આની પાછળનો હેતુ બર આવે છે એના માટે લાખ લાખ અભિનંદન.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, અશાંત વિસ્તારમાં સ્થાવર મિલકતોની તબદીલી પર પ્રતિબંધ ધારા (સુધારા) વિધેયક માનનીય મહેસૂલ મંત્રીશ્રી લઇને આવ્યા છે તેનો હું વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અશાંત વિસ્તારમાં સ્થાવર મિલકતોની તબદીલી ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો સૌ પ્રથમ ૧૯૯૧માં ઘડવામાં આવ્યો હતો. તે પહેલા ૧૯૮૬માં આવો જ કાયદો ઘડવામાં આવ્યો હતો પરંતુ તે કાયદો ફકત અમદાવાદ પૂરતો જ હતો, કોઇ એક ચોક્કસ સમય પૂરતો હતો એટલે કે કોમી તોફાનો બંધ થઇ ગયા અને શાંતિની સ્થાપના થઇ ગઇ, બંને કોમો વચ્ચે સહ અસ્તિત્વની પરિસ્થિતિ ઊભી થઇ ગઇ એટલે તરત જ એ કાયદાનો અમલ જેટલા નિયત સમય માટેનો હતો તે સમય પૂરો થઇ ગયો એટલે તે કાયદાનો અમલ બંધ થઇ ગયો હતો. પરંતુ ૧૯૮૬ પછી થોડા નાના પાયે તોફાનો થયા એટલે સ્વર્ગીય શ્રી અશોકભાઇ ભટ્ટ ખાડિયા વિસ્તારના ધારાસભ્ય હતા અને બીજા સભ્યશ્રીઓના સૂચનો અને એવી રજૂઆતો થઇ કે અશાંત વિસ્તારોમાં મકાનો સસ્તા ભાવે પડાવી લેવામાં આવે છે. આવી રજૂઆતોને ધ્યાનમાં લઇને સરકારે ૧૯૯૧માં આ કાયદો કર્યો હતો. ૧૯૮૬માં કાયદો કર્યો ત્યારે ચોક્કસ સમય મર્યાદા માટે આ કાયદો કર્યો હતો. પરંતુ ૧૯૯૧માં આ કાયદો કર્યો ત્યારે કેટલી સમય મર્યાદા માટે આ કાયદો અમલમાં રહેશે તે નક્કી કરવામાં આવ્યું ન હતું, પરંતુ આ કાયદાની દીર્ઘ સંજ્ઞા જે વિધેયકના નામની નીચે રોમનમાં હોય છે તેમાં કાયદો બનાવવા પાછળનો હેતુ બતાવવામાં આવે છે તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, "to prohibit temporarily transfers of immovable property in such areas" એ શબ્દ વાપરવામાં આવે છે. તેનો મતલબ એમ થાય છે કે આ કાયદો કામચલાઉ એટલે કે હંગામી ધોરણે એટલે કે થોડા સમય માટે જ ઘડવામાં આવ્યો છે કાયમ માટે નથી. આ રીતે જો ૧૯૯૧માં હંગામી ધોરણે ઘડાયેલા કાયદાને આજે ૨૦૧૯ની સાલમાં ૩૮ વરસ થઇ ગયા છે છતાં પણ *(xxx) લોકોના મકાનો ખરીદે છે અને તેનાથી *(xxx) વસતી વધી જશે તેવી કેટલાક સંકૂચિત મનના અને સંકૂચિત વિચારસરણીવાળા કોમવાદી વિચારસરણી ધરાવતા લોકોની માગણીને ધ્યાનમાં લઇને સરકારે આ કાયદો ચાલુ રાખ્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આ શબ્દો કાઢી નાંખવામાં આવે છે આમાં *(xxx) એક સમાજ અને બીજા સમાજની જ વાત છે, એમાં કોઇ પણ આવી શકે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૫ વરસથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને વારંવાર એવું મોટેથી કહેવામાં આવે છે કે, ગુજરાતમાં કોમી તોફાનો હવે થતાં નથી, હુલ્લડો થતાં નથી, કોમી શાંતિ, કોમી એખલાસનું શાંતિનું વાતાવરણ હવે ઉભું થઇ ગયું છે. કરફ્યું થતો નથી અને અસામાજિક તત્વોને સરકારને ઝેર કરી દીધા છે, ગુજરાતમાં જો ખરેખર કોમી તોફાનો બંધ થઇ ગયા હોય અને બન્ને કોમો વચ્ચે એખલાસનું વાતાવરણ હોય તો સરકારે આજની તારીખે નવા અશાંત વિસ્તારોને કેમ જાહેર કરવા પડ્યા છે? નવા વિસ્તારો સરકારે હમણાં જ તાજેતરમાં તારીખ ૨૬–૬–૨૦૧૮ના રોજ એક જાહેરનામું બહાર પાડ્યું છે અને જાહેરનામાના પહેલાં જ ફકરામાં જણાવ્યું છે કે, મોબ વાયોલન્સ અને હુલ્લડોને કારણે કેટલાક વિસ્તારોમાં જાહેર શાંતિ અને ખલેલ પહોંચી છે, તેને ધ્યાનમાં રાખીને અશાંત ધારા હેઠળ અમદાવાદના કાલુપુર પોલીસ સ્ટેશન હેઠળના ૪૮ વિસ્તારો, શાહપુર પોલીસ સ્ટેશનના ૧૬૭ વિસ્તારો, માધુપુરા પોલીસ સ્ટેશનના ૧૦૯ વિસ્તારો, ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના ૩૪ વિસ્તારો, ખાડિયા પોલીસ સ્ટેશનના ૧૦ વિસ્તારો, શહેર કોટડા પોલીસ સ્ટેશનના ૨૨ વિસ્તારો, કાલુપુરના ૧૧ વિસ્તારો, દરિયાપુરના ૨૩ વિસ્તારો,

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદ્દીનભાઇ આપ જરા બહાર જઇ આવોને પ્લીઝ,

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : મેઘાણીનગરના ૧૭ વિસ્તારો, નરોડાના ૪૮ વિસ્તારો, શાહીબાગના ૪ વિસ્તારો, ખોખરાનો ૧ વિસ્તાર, રખિયાલના ૧૪ વિસ્તારો, ગોમતીપુરના ૩૪ વિસ્તારો, રામોલના ૮ વિસ્તારો, અમરાઇવાડીના ૫ વિસ્તારો, બાપુનગરના ૧૬ વિસ્તારો, દાણીલીમડાના ૧૪ વિસ્તારો, ઇસનપુરના ૧૭ વિસ્તારો, કાગડાપીઠના ૯ વિસ્તારો, વટવા પોલીસ સ્ટેશન હેઠળના ૧૪

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિસ્તારો, અસલાલીના ૭ વિસ્તારો, વેજલપુરના ૪૦ વિસ્તારો, સરખેજના ૮ વિસ્તારો, એલીસબ્રીજના ૪૧ વિસ્તારો, પાલડી પોલીસ સ્ટેશન હેઠળના ૧૬ વિસ્તારો, નવરંગપુરાના ૬ વિસ્તારો અને રાણીપના ૧૫ વિસ્તારોને સરકારે ડિસ્ટર્બ એરિયા તરીકે જાહેર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં છેલ્લાં પચીસ વર્ષથી તોફાનો, હુલ્લડો થયા નથી અને શાંતિ પ્રવર્તે છે એવા સરકારના દાવા છે તો પછી અમદાવાદના અરધા કરતાં વધારે શહેરી વિસ્તારોને સરકારે ડિસ્ટર્બ એરિયા કેમ જાહેર કર્યા છે? આનો મતલબ એવો થાય છે કે સરકાર શાંતિના જે દાવા કરે છે તે ખોટાં છે અથવા તો સરકાર *(xxx) તેમની નજીકના વિસ્તારોમાં..

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ *(xxx) શબ્દ દૂર કરવામાં આવે છે, કોઇ એક સમાજની વાત ન થઇ શકે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સરકાર આ બાબતે સ્પષ્ટતા કરે કે, ભારતના બંધારણની જોગવાઇઓ મુજબ ભારતના કોઇપણ નાગરિકને ભારતના કોઇપણ ભાગમાં મિલકત ખરીદવાનો બંધારણીય અધિકાર છે. ભા.જ.પ. ની આ સરકારે ભારતના નાગરિકોના આ બંધારણીય અધિકાર ઉપર *(xxx) એવું મને લાગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, *(xxx) શબ્દ દૂર કરવામાં આવે છે, દખલ કરેલ છે એમ કહો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના કોઇ રાજ્યમાં આવો અન્યાયકારી કાયદો નથી. ફક્ત કાશ્મીરમાં એવો કાયદો છે કે કાશ્મીરીઓ સિવાય બીજી કોઇ વ્યક્તિ ત્યાં મિલકત ખરીદી શકે નહિ. પરંતુ આની પાછળનું કારણ જાણવા જેવું છે કે ભાગલા વખતે કાશ્મીરના લોકો પાકિસ્તાન સાથે ના જોડાઇ જાય અને ભારતની સાથે જ જોડાયેલા રહે તે હેતુથી ભારત સરકાર અને તે વખતના રાજાઓની વચ્ચે એક સંધિ થઇ હતી. તે સંધિ મુજબ ભારતના બંધારણમાં કલમ–૩૭૦ નાંખીને તેને કાયમી સ્વરૂપ આપવામાં આવ્યું છે. તેમ છતાં ભા.જ.પ. ના લોકો અને કેટલીક ભગવી સંસ્થાઓ દ્વારા આવી બંધારણીય જોગવાઇ દૂર કરીને ભારતના કોઇપણ ભાગમાં વસતો નાગરિક કાશ્મીરમાં મિલકત ખરીદી શકે તેવી જોગવાઇ ભારતનું બંધારણ સુધારીને પણ કરવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે. જ્યારે તેનાથી બિલકુલ ઉલ્ટું ગુજરાત સરકાર આ વિધેયકથી કરવા જઇ રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ ક્યાં કાશ્મીર પહોંચી જાઓ છો આપ, અમદાવાદ રાખોને.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૭૦ કલમની વાત અત્યારે થાય છે એટલા માટે હું વાત કરું છું. ૩૭૦ની કલમ પણ એટલા માટે દૂર કરવા માગે છે કે, કાશ્મીરની બહારની વ્યક્તિ હોય તો પણ કાશ્મીરમાં મિલકત ખરીદી શકે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમે ટેકો આપો છો ઇમરાનભાઇ?

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : અમારો ટેકો જ છે. (અંતરાય) એ સંસદમાં ચર્ચા થશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે ઠરાવ કરવા તૈયાર છો કે કાશ્મીરમાં ૩૭૦ની કલમ દૂર કરવામાં આવે. તેમાં કોંગ્રેસ પક્ષ અને વિધાનસભાના સભ્યો તમે તૈયાર છો તો શ્રી ભુપેન્દ્રસિંહજીને કહું કે આજની દરખાસ્તમાં એ વિષય પણ ઉમેરી લે અને એના ઉપર પણ મતદાન કરીએ, ૩૭૦ની કલમ દૂર કરવા તમે સંમતિ આપો, દૂર કરવા કોંગ્રેસ સંમત છે એવો ઠરાવ વિધાનસભામાં કરવા તમે સર્વાનુમતે સંમત છો? તમે બધા વિચારી લો અને સંમતિ આપો તો આપણે વિચારીએ. તમે સંમત છો તો અમે સંમત છીએ આજે જ દરખાસ્ત લાવીએ, બધું જ કામ પડતું મૂકીને એની નવી દરખાસ્ત લાવીએ. જરૂર પડે વિધાનસભાનો સમય પણ લંબાવીએ. તમે સંમત છો? તમારા નેતાઓનું માર્ગદર્શન લઇ અને પુછપરછ કરી લો.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, સમાપન કરો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે તેનાથી બિલકુલ ઉલટું ગુજરાત સરકાર આ વિધેયકથી કરવા જઈ રહી છે તે ગુજરાતનો જ નાગરિક, અમદાવાદનો જ નાગરિક અને તે ગુજરાતમાં પોતાના તેના જ વતનમાં કોઇ સ્થાવર મિલકત ના ખરીદી શકે એવી ભેદભાવભરી નીતિ સરકાર શા માટે અપનાવવા માગે છે ? આવા ડબલ સ્ટાન્ડર્ડ સરકાર કેમ અપનાવવા માગે છે. કાશ્મીરમાં બીજા લોકોને મિલકત ખરીદવાનો અધિકાર આપે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપનું વક્તવ્ય પૂરું થાય છે. બોલો જલ્દી પૂરું કરો પાછા કાશ્મીર કાશ્મીર ના કરશો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રીએ આ વખતે નવુ સૂત્ર આપ્યું કે સબકા સાથ, સબકા વિકાસ અને સત્તા વિખવાદ પરંતુ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વિધેયક લાવીને જે નીતિ અપનાવી છે તે વડાપ્રધાનના સૂત્રોની સાથે જરા પણ મેચ થતી નથી. ગુજરાત સરકાર વડાપ્રધાને આપેલા સૂત્રની મજાક કરતી હોય એવું લાગી રહ્યું છે. વિધેયકની કલમ–૮ ઇ માં મુખ્ય કાયદામાં જે નવી કલમ–ગ છ દાખલ કરીને આ કાયદાની જોગવાઇનું ઉલ્લંઘન કરવા માટે ઓછામાં ઓછી ત્રણ વર્ષની અને વધુમાં વધુ પાંચ વર્ષની સજા અને એક લાખ રૂપિયા અથવા તો મિલકતની જંત્રી કિંમતમાંથી વધુમાં વધુ દંડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો સિવિલ પ્રકારનો કાયદો છે કોઇ ક્રિમીનલ પ્રકારનો કાયદો નથી. જો આવી કેદની સજા અને દંડની જોગવાઈ કરવી તે વાજબી નથી. ગુજરાતની ભાજપની સરકાર આવી કેદની અને દંડની જોગવાઈ કરી અમુક લોકોને ભયભીત કરવા માગે છે, ભયનું વાતાવરણ ઊભું કરવા માગે છે. વિધેયક કલમ–૯થી મુખ્ય કાયદા અને નવી કલમ.

અધ્યક્ષશ્રી : એક લીટી વાંચી જાઓ, એક પાનુ નહીં.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ. એક સમિતિ બનાવવા માગે છે. આ સમિતિના હેતુઓ જોઇને અશાંત વિસ્તારોમાં તંગદીલી ઊભી કરવા અથવા તો નવા વિસ્તારોને અશાંત વિસ્તારમાં ફેરવવા માગે તે બાબત શંકાસ્પદ દેખાય છે. આવી સમિતિમાં લઘુમતિના ધારાસભ્ય અથવા તો લઘુમતિના પ્રતિનિધિનો સમાવેશ કરવા હું સરકારને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકથી જે કાયદો સુધારવાનો છે તેનાથી ગુજરાતના લઘુમતી લોકોને અન્યાય થવાનો છે તેવુ નથી પણ બહુમતી ના લોકોને પણ પોતાની મિલકત વેંચી બીજી જગ્યાએ જવા માગતા હોય તો આ બહુમતીના લોકોને પણ અન્યાય થશે. માનનીય મહેસૂલ મંત્રી, આપ ખૂબ સારી વ્યક્તિ છો, સારી પ્રતિષ્ઠા ધરાવો છો, સારા માણસ છો અમુક સામાજિક કે કોમવાદી લોકોની વાતોમાં આવી જઇને..

## આષાઢ ૧૭, ૧૯૪૧ શાકે

## ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯

અધ્યક્ષશ્રી : આપના આ શબ્દો અટકાવવામાં આવે છે માનનીય ઇમરાનભાઇ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આના ઉપર પુનઃવિચાર કરવામાં આવે અને આ વિધેયક પાછું લેવામાં આવે એવી આપ સાહેબ મારફતે નમ્ર વિનંતી કરું છું. હું એક શેર કરી મારી વાત પૂરી કરું છું.

**''हम आंह भी भरते है तो हो जाते है बदनाम, वो कत्ल भी करते है तो चर्चा नही होती.''**

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભારી છું ખાસ કરીને જે આ ધારો હતો, આ કાયદો હતો, આ વિધેયક હતું તે બિન અસરકારક હતું. હું આજે માનનીય કાયદા મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય મુખ્યમંત્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને સમગ્ર કેબિનેટનો અને સમગ્ર કેબિનેટનો હું આભાર વ્યક્ત કરું છું, અભિનંદન નથી આપતો. કારણ કે, વિતેલા બે વર્ષમાં મેં પોતે મારા વિસ્તારની જનતાને સાથે રાખીને સરકારને બે મેમોરેન્ડમ પહોંચાડ્યા હતા. એના અમલ માટે આજે ચોક્કસ દિશામાં આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે એટલે હું આભારની લાગણી વ્યક્ત કરું છું. આ સરકાર લોકોનો અવાજ સાંભળનારી સરકાર છે. લોકોનો મિજાજ સાંભળનારી સરકાર છે. મને એક પ્રકારનો આનંદ પણ મળે છે જ્યારે સામેના મિત્રો એમ કહે કે, રાજ્યમાં વિશ્વાસ, આનંદ અને એકદમ મુક્ત વાતાવરણ છે, કોઇ ભયનું વાતાવરણ નથી તો પછી આ કાયદો લાવવાની જરૂર શું હતી? એમણે સ્વીકાર તો કર્યો કે ગુજરાતમાં શાંતિ છે, ગુજરાતમાં અમન છે એટલે આ વિધેયક લાવ્યા એના ફળ સ્વરૂપે સામેના મિત્રોએ કહ્યું એની હું સરાહના કરું છું પણ આ શાંતિ કાયમ નથી હોતી. સમાજ જીવનમાં અવાર-નવાર પરિવર્તન આવતા હોય છે. મારા વિસ્તારની જનતાને સાથે રાખીને મેં જે મેમોરેન્ડમ આપ્યા હતા એમાં એક કોમ્યુનિટીના લોકો જે પર પ્રાંતમાંથી આવ્યા છે એ લોકો અંદરો-અંદર લડતા હતા અને એવું લડતા હતા કે મારા ફતેહ ગંજ પોલીસ સ્ટેશનનું રેકર્ડ તપાસી લો. તમંચા નીકળે, તલવારો નીકળે, ભાલા નીકળે. આ લોકોએ એક જગ્યા ખરીદી અને ત્યાં આખી વસાહત ઊભી કરવાની કોશિશ કરી. એની સામે નાગરિકોએ એનો વિરોધ કર્યો. મેં આ અંગેનો મેમોરેન્ડમ આપ્યો હતો. મને લાગ્યું કે આ કાયદાની બિન અસરકારકતાના કારણે આ લોકોને અન્યાય ન થાય એટલા માટે કહીશ કે આ વિધેયક બિલકુલ રાઇટ ટાઇમનું છે અને એ બદલ હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની ચર્ચામાં શ્રી ગ્યાસુદ્દીનભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી રાકેશભાઇ, શ્રી વિરજીભાઇ, શ્રીમતી મનિષાબેન, શ્રીમતી સંગીતાબેન, શ્રીમતી સીમાબેન, શ્રી પૂર્ણેશભાઇ, શ્રી ઇમરાનભાઇ અને શ્રી જીતુભાઇએ ભાગ લીધો છે એમનો હું આભાર વ્યક્ત કરું છું. બધી જ ચર્ચામાં કોંગ્રેસના બધાં મિત્રો બોલ્યા એમાં શ્રી ગ્યાસુદ્દીન ભાઇ એકદમ તટસ્થ રીતે બોલ્યા. એમના શબ્દો મેં નોંધી લીધા છે કે કોઇની પણ મનમાની નહિ ચાલે. મેં મારા બિલમાં પણ કહ્યું છે અને અમારા મનમાં હિંદુ - મુસલમાન નથી. અમારા મનમાં લઘુમતી-બહુમતી નથી. અમારા માટે ગુજરાત છે અને એમાં કોઇ પણ સમુદાયને અન્યાય ન થાય અને અન્યાય થયાની એકાદ - બે રજૂઆત નહિ પણ વધારે રજૂઆત અને એ રજૂઆતમાં દમવાળી રજૂઆત, બધાંને તકલીફ પડતી રજૂઆત છે પણ કાયદામાં છટકબારી નથી. કલેક્ટરની મંજૂરી ન લે અને સીધા રજિસ્ટ્રાર પાસે જઈ શકે. ૧૦૦-૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર વેચાણ - ખરીદ આ બધું કરીને એ પૂરતી કરી છે. On the floor આજે હું કહેવા માગું છું કે કોઇ પણ બદ ઇરાદો નથી. અમારા ઉમદા હેતુ પર કોઇ શંકા ના કરતા. અમે આ બિલ મુસલમાનો પણ સલામતી રહે અને હિંદુ પણ સલામતી રહે એટલા માટે લાવ્યા છીએ. અમારા મનમાં કોઇ પાપ નથી. તમે બધાંએ તમારા ભાષણની અંદર એને રાજકીય રૂપ આપવાનો પ્રયાસ કર્યો છે, રાજકીય રંગ આપવાનો પ્રયાસ કર્યો છે. આ રાજનીતિ નથી. આ ન્યાય નીતિ છે. રથયાત્રાની વાત કરી, વાર-તહેવાર, પ્રસંગોની વાત કરી. એ હકીકત છે. ગુજરાત જાણે છે કે જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી ઇદ હોય કે રથયાત્રા હોય એ શાંતિ અને સલામતીપૂર્વક ભાઇચારાથી આપણે બધાં બહુ સારી રીતે ઉજવી શકીએ છીએ. એ દિવસો યાદ કરો કે ગામડામાંથી કે આખા ગુજરાતમાંથી કોઇને પણ અમદાવાદ આવવું હોય તો કહે કે, ''અરે ભાઇ અષાઢ મહિનો છે. બીજ ક્યારે છે જરા જુઓ તો ખરા. બીજના આગળના દિવસે, પાછળના દિવસે કે આગળના અને પાછળના ચાર-પાંચ દિવસ અમદાવાદ જવું નથી. એવી સ્થિતિ તમારા શાસનમાં હતી અને આજની સ્થિતિ તમે જુઓ. આજે ૨૨-૨૪ વર્ષના યુવાનને પૂછો કે કરફ્યુ શું છે? તો કહે કે મને ખબર નથી. તમારા શાસનની ભેટ હતી કે કરફ્યુ હતો. આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સર્વ ધર્મ સમભાવ એ અમારી પાર્ટીનો મુળભૂત સિદ્ધાંત છે અને એનો અમલ કરીએ છીએ. તમારા શાસનમાં જુહાપુરામાં કાયદેસર રસ્તાઓ બંધ કરી દીધા હતા. ત્યાં કોઇ સરકારી વાહન નીકળી ન શકે એ તમારા શાસનની ભેટ હતી. આજે હું ભારતીય જનતા પાર્ટીના આગેવાન તરીકે જુહાપુરામાં કોઇ શૈક્ષણિક કે સામાજિક કામસર ગયો હોય અને સામે દસ હજાર મુસલનમાનભાઇઓ બેઠા હોય અને એકલા હિન્દુ તરીકે હું બેઠો હોય એ આ ભારતીય જનતા પાર્ટીની દેન છે. અમે ત્યાં ઇદ મુબારક કરવા માટે જઇએ છીએ આ અમારા લોહીમાં વણી લીધેલી વાત છે. તમારા માટે હિન્દુ અને મુસલમાન હોય પરંતુ અમારા માટે તો એ ભારતનો નાગરિક જ છે. અહીંયાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, આ બિલમાં સુધારા કરવા માટે ઉતાવળ કરી છે. માનનીય શૈલેષભાઇ, અમે જે ઉચ્ચ કક્ષાના કાયદાવિદો હતા એ લોકો સાથે એકથી વધારે વખત ચર્ચા કર્યા પછી આની જરૂરિયાત ઊભી થઇ એટલા માટે જ લાવ્યા છીએ. સન ૧૯૯૧માં બિલ આવ્યું ત્યારે કોંગ્રેસે પણ આ ભાવનાથી આ બિલ લાવ્યા છે એને સમર્થન આપેલ હતું. મેં રેકોર્ડ જોયું તે વખતે માનનીય દલસુખભાઇ ગોધાણીએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો, માનનીય શૈલેષભાઇ આપના પિતાશ્રીએ પણ માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા હતા એને સમર્થન કર્યું હતું એમના ચિરંજીવી તરીકે તમે આજે આ સુધારા વિધેયકને સમર્થન કર્યું હોત તો મને ચોક્કસ આનંદ થાત. ૧૯૯૧થી અત્યાર સુધીમાં જે બનાવો બન્યા અને અનુભવામાં આવ્યા કોઇ હિન્દુ મુસલમાન નહિ, કોઇ મનમાની ન કરી શકે બીજી કોમના માણસો બદઇરાદાથી માલાફાઇડ ઇન્ટરેસ્ટથી આવું ન કરી શકે એ રોકવાનો અમારો ઇરાદો છે કોઇ પર્ટીક્યુલર કોમ નથી. અમારા મનમાં ગુજરાતની શાંતિ અને સલામતી એ જોવાની સાથે સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ આવી જાય છે. સૌનો વિશ્વાસ એટલે એક તરફી વિશ્વાસ નહિ બધાનો વિશ્વાસ અને અમારો વ્યવહાર ક્યાંય પણ અમારા વહીવટમાં ક્યાંય પણ નથી. તૃષ્ટીકરણ નહિ ક્યાંય પણ ભેદભાવ નહિ, કોઇ પણ લોક કલ્યાણની કામગીરી હોય જેવી કે ઉજ્જ્વલા યોજના હોય, મા અમૃતમ કાર્ડ હોય કે

## ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯

આયુષ્યમાન ભારતની યોજના હોય કે બીજી સરકારની જે જે કલ્યાણકારી યોજનાઓ છે એમાં એક તો દાખલો બતાવો કે જેમાં એમને લાભ ન મળ્યો હોય. આ સત્ર પૂરું થયા પછી એ જ ભાવ સાથે ભણેલા ગણેલા મુસલમાનો વચ્ચે જઇને આ યોજનાઓનો ઉલ્લેખ કરીશું. આ બધી યોજનાઓમાં સૌથી વધારે જો કોઇ લાભાર્થીઓ હોય તો એ લઘુમતી સમાજના લોકો છે. અમે ઉદારતાપૂર્વક અમે બંધારણના સોગંદ ખાધા છે અમારા માટે હિન્દુ કે મુસલમાન ન હોઇ શકે એ તમારા મનમાં છે. અહીંયા પણ અમારો હેતુ અન્યાયનો નથી અમારો હેતુ તો ન્યાયનો જ છે. મોટો સમૂહ કે નાનો સમૂહ હોય નવી જોગવાઇ ૧૯૯૧માં નહોતી એક પોઝિટીવ વિચાર સાથે કલેકટરશ્રીનો અભિપ્રાય, જે આગળના કાયદામાં નહોતું એ આ નવા સુધારા દ્વારા આવ્યું છે એમાં ખોટું શું કર્યું છે. માનનીય શૈલેષભાઇ, માનનીય વિરજીભાઇ, માનનીય ગ્યાસુદ્દીન શેખ, માનનીય ઇમરાનભાઇ એસ.આઇ.ટી.ની રચના કરી, મ્યુનિસિપલ કમિશ્નરનો પૂછવામાં આવે, પોલીસ કમિશ્નરને પૂછવામાં આવે એમાં ખોટું શું છે? વધારે તંદુરસ્ત અભિપ્રાય મળશે આમાં ન્યાય કર્યો છે કે અન્યાય કર્યો છે? એડવાઇઝરી કમિટીની રચના કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે ચર્ચામાં હતા ત્યારે હજુ પણ આમાં એમ લાગે કે આમાં કયાંક અન્યાય થયો છે તો આપણે એડવાઇઝરી કમિટીની રચના કરી જેમાં સમાજના આગેવાનો હશે, ત્યાં સુધી પણ જઇ શકે. કોઇ પણ એક તબક્કા ઉપર આવતા કોઇ પણ સમુદાયના કોઇ પણ વ્યકતિને અન્યાય ન થવો જોઇએ. એનાથી પર ઉપર જઇને અપીલની જોગવાઈ કરી છે રાજ્ય સરકારમાં, જે તમારા દિલમાં નહોતું એ અમે કર્યું છે. અમારો કોઇ પણ સમુદાયને હેરાન કરવાનો પ્રશ્ન નથી. શહેરના ધારાસભ્યશ્રીઓએ જે વાત કરી, એમણે મર્યાદામાં રહીને વાત કરી, રૂબરૂ મળશો તો ખ્યાલ આવશે. એ પછી શ્રી રાકેશભાઇ, શ્રીમતી સીમાબેન, શ્રી પૂર્ણેશભાઇ, શ્રીમતી મનીષાબેન, શ્રી જીતુભાઇના વિસ્તારોની પરિસ્થિતિ શું છે. આ ગૃહની મર્યાદા છે એટલા માટે એમણે મર્યાદામાં વાત કરી છે. એમને જ્યારે રૂબરૂ સાંભળો ત્યારે તમને થાય, આ વાત સાચી છે અને કોઇ એક વ્યકિત પણ સમૂહને લગતી સાચી રજૂઆત કરે તો રાજ્ય સરકારે માનવી પડે, એ જરૂરી નથી કે આમાં અમારી સામે પાંચ હજાર લોકોની રજૂઆત આવે. માનનીય અધ્યક્ષશ્રી, જેમણે જેમણે રજૂઆત કરી છે એનું લિસ્ટ પણ મારી પાસે છે. ચારે-ચાર કોર્પોરેશનના ધારાસભ્યો, સ્વૈચ્છિક સંસ્થાઓ, આગેવાનો આ બધા લોકોએ રજૂઆત કરી છે.

અધ્યક્ષશ્રી : મારું નામ ના વાંચતા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, આપે અધ્યક્ષશ્રીનું પદગ્રહણ કર્યું તે પહેલાંની આપની પણ રજૂઆત છે. એટલે અમારો ઇરાદો એકદમ નેક અને સાફ છે. અમને શંકાની નજરે ન જોતા. ભાગલા પાડવાની રાજનીતિ કરવી એ અમારો ધર્મ નથી. અમારે એ કયારે નથી કરવું. સવારે કહ્યું હતું ને કે કે જાતિવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ, બાપાવાદ આ બધા વાદ એ કોના સમયમાં પેદા થયા અને મોટા થયા. નક્સલવાદ, આઝાદી આવ્યા પછી શાસનમાં કોણ હતા, કોના સમયમાં તવારીખો કાઢો અને આ સમય એવો છે કે જેમાં રાષ્ટ્રવાદ ઉજાગર થયો છે, માનનીય અધ્યક્ષશ્રી માત્ર રાષ્ટ્રવાદ ઉજાગર થયો છે, કોના સમયમાં એટલા માટે મારી આપને બધાને વિનંતી છે, વ્યકિતગત બધાને મારી વિનંતી છે કે, અમારા ઉપર સહેજ પણ એક ટાંચણી મૂકી શકાય એટલો પણ ડાઉટ ન કરતા સાથે સાથે સર્વાનુમતે બિલ પસાર કરો એવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ પટેલઃ (બેઠા બેઠા) વોટ બેંકની રાજનીતિ આને જ કહેવાય.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય નીતિનભાઇની વાત સાચી છે.

અધ્યક્ષશ્રીઃ આ અશાંત ધારાના બિલમાં કેટલી શાંતિ પ્રવર્તતી હતી તે તમે જોયું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આમ તો બધાએ બહુ ખેલદિલીપુર્વક પોતાના સૂચનો રજૂ કર્યા. ઇમરાનભાઇ થોડા લપસ્યા હતા. તમે રોકયા તો સારું થયું. કાશ્મીર પહોંચી ગયા હતા. માનનીય નીતિનભાઇએ સરસ વાત કરી કે આ બિલ પડતું મૂકીએ અને એ ચર્ચા કરીએ. (અંતરાય) એ આપણને અધિકાર નથી.

અધ્યક્ષશ્રીઃ માનનીય મંત્રીશ્રી, બીજું વાચન.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૨, સન-૨૦૧૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

શ્રી પંકજભાઇ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના કામકાજની યાદીમાં દર્શાવેલ જમીન મહેસૂલ સુધારા વિધેયક હજુ હાથ પર લેવાનું બાકી છે અને આજની બેઠકનો સમય ૪-૩૦ વાગ્યે પૂરો થાય છે, જેથી કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ બન્ને વિધેયકો ઉપરની ચર્ચા પૂરી થાય અને વિધેયકો પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત રજૂ કરું છું.

શ્રી અશ્વિનભાઇ કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : બન્ને વિધેયકો પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**કલમ ૩ ઉપરનો સુધારા ક્રમાંક-૧**

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૩ પરનો મારો સુધારા ક્રમાંક-૧ નીચે મુજબ રજૂ કરું છું.

*for clause 3,* put the marginal note as "Substitution of section 3 of Guj. 12 of 1991",

સુધારા ક્રમાંક-૧ રજૂ કરવામાં આવ્યો.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૧૯

સુધારા ક્રમાંક–૧ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૩ વિધેયકનો ભાગ બની.

**કલમ ૪ ઉપરનો સુધારા ક્રમાંક–૨**

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૪ પરનો મારો સુધારા ક્રમાંક–૨ નીચે મુજબ રજૂ કરું છું.

*for clause 4,* put the marginal note as "Substitution of section 4 of Guj. 12 of 1991",

સુધારા ક્રમાંક–૨ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૨ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૪ વિધેયકનો ભાગ બની.

**કલમ–૫ ઉપરનો સુધારા ક્રમાંક–૩**

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૫ પરનો મારો સુધારા ક્રમાંક–૩ નીચે મુજબ રજૂ કરું છું.–

*for clause 5*, put the marginal note as "Amendment of section 5 of Guj. 12 of 1991",

સુધારા ક્રમાંક–૩ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૩ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૫ વિધેયકનો ભાગ બની.

**કલમ–૬ ઉપરનો સુધારા ક્રમાંક–૪**

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૬ પરનો મારો સુધારા ક્રમાંક–૪ નીચે મુજબ રજૂ કરું છું.

(a) in sub-section (3) of new section 5A proposed to be inserted by *clause* 6, in the third line, substitute the figures "1879" for the figures "1970",

(b) for clause 6, the marginal note put as "Substitution of section 5A of Guj. 12 of 1991.",

સુધારા ક્રમાંક–૪ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૪ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૬ વિધેયકનો ભાગ બની.

**કલમ–૭ ઉપરનો સુધારા ક્રમાંક–૫**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૭ પરનો મારો સુધારા ક્રમાંક–૫ નીચે મુજબ રજૂ કરું છું.

For *clause* 7, the marginal note put as "Substitution of section 6 of Guj. 12 of 1991"

સુધારા ક્રમાંક–૫ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૫ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૭ વિધેયકનો ભાગ બની.

**કલમ–૮ ઉપરનો સુધારા ક્રમાંક–૬**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૮ પરનો મારો સુધારા ક્રમાંક–૬ નીચે મુજબ રજૂ કરું છું.

In new section 6D proposed to be inserted by *clause* 8, in the first line, substitute the words and figures "section 4 or 5" for the words and figures "section 4, 5 or 6"

સુધારા ક્રમાંક–૬ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૬ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૮ વિધેયકનો ભાગ બની.

**કલમ–૯ ઉપરનો સુધારા ક્રમાંક–૭ અને ૮**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૯ પરનો મારો સુધારા ક્રમાંક–૭ અને ૮ નીચે મુજબ રજૂ કરું છું.

In sub-section (3) of new section 16A proposed to be inserted by *clause* 9, the brackets, figures and words "(3) The Monitoring and Advisory Committee shall advise-" is renumbered and substituted as "(4) The Monitoring and Advisory Committee shall advise-"

In new section 16C proposed to be inserted by *clause* 9, in the first line, substitute the brackets, figure and words "(1) The State government" for the words "The State Government".

સુધારા ક્રમાંક–૭ અને ૮ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૭ અને ૮ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૯ વિધેયકનો ભાગ બની.

**કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૯નું ગુજરાત અશાંત વિસ્તાતરોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : સંમતિ છે કંઇ? વિનંતી કરો ને, માની જશે એવું લાગે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મારું ભાષણ ચાલતું હતું ત્યારે પ્રભાવમાં આવી ગયા હતા. ડોક હલાવતા હતા. ફરી વખત હલાવી દો. આ બધા સમજુ લોકો છે. મારી ફરી વિનંતી છે. હું ગંભીરતાથી જ કહું છું.

અધ્યક્ષશ્રી : આપને ખોટા પાડશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૯નું ગુજરાત અશાંત વિસ્તાતરોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૩**

ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૯

**ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંકઃ ૧૩ સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**વિધાનસભાના સભ્યપદેથી રાજીનામા અંગે.**

**અધ્યક્ષશ્રી :** ૧૬–રાધનપુર મતવિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી અલ્પેશભાઇ ખોડાજી ઠાકોર અને ૩૨–બાયડ મતવિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી ધવલસિંહ એન. ઝાલા, તા. ૦૫–૦૭–૨૦૧૯ના રોજ બપોર પછી સભ્યપદેથી રાજીનામું આપેલ છે જેનો મેં સ્વીકાર કરેલ છે.

ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૯ (ક્રમશઃ)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૯નું વિધેયક ક્રમાંક: ૧૩– સન–૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બહું જ ટૂંકું અને નાનું બિલ લઇને આવ્યો છું. રૂપાંતર કર આપણે લઇએ છીએ. ખેતીની જમીનને બીન ખેતીની કરવામાં કર ઉઘરાવવામાં આવે છે. એ શૈક્ષણિક હોય, સામાજિક હોય,

---

* વિધેયક તા. ૨જી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઔદ્યોગિક હોય, રહેણાંક હોય, એ બધા માટે અને જ્યારે જ્યારે આપણે આ રૂપાંતર કરમાં ફેરફાર કરીએ છીએ અને જ્યારે જ્યારે પણ ફેરફાર કર્યા છે, કરવાની જરૂર પડી છે દરેક વખતે વિધાનસભામાં આવવું પડે છે. દા.ત. ૧૯૭૬, ૧૯૮૯, ૧૯૯૩, ૨૦૦૩, ૨૦૧૬, કુલ પાંચ વખત આ જ કામ માટે આવા નાનકડા કામ માટે વિધાનસભા ગૃહમાં આવવું પડે છે. મારો સુધારો આટલો જ છે કે હવે પછી જ્યારે રૂપાંતર કરમાં સુધારા–વધારા કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે વિધાનસભામાં આવવાની જરૂર ન પડે, રાજ્ય સરકારના જાહેરનામાથી જ એ કામ કરી શકાય આટલો જ આ બિલનો ઉદ્દેશ છે. અત્યારે કોઇ સુધારો નથી. કારણ કે, એ પછી મુદ્દો બની જાય કે અત્યારે સુધારા માટે આવ્યા નથીને? અત્યારે કોઇ સુધારો નથી. ભૂતકાળમાં ૧૯૭૬, ૧૯૮૯,૧૯૯૩, ૨૦૦૩, ૨૦૧૬માં કર્યો હતો. અત્યારે નથી પણ ફરી વખત કરવો હોય તો અહીં આવવું ના પડે અને રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના જાહેરનામાથી કરી શકાય આ એક વહીવટી સરળતા ખાતર આ બિલ તમારી સમક્ષ મૂક્યું છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩–લેન્ડ રેવન્યુ એમેન્ડમેન્ટ લઇને આવ્યા છે, તેમાં હું મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું. વિધાનસભા એ ગુજરાતના લોકોની ચૂંટાયેલી એક સભા છે. તેને બદલે કોઇપણ જાહેરનામું પ્રસિદ્ધ કરીને સુધારો લાગુ કરવા માટેનું જે વિધેયક લઇને આવ્યા છે, તેમાં મારા સૂચનો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. કલમ–૬૭–ક, કલમ ૬૫–ખ તળે કોઇપણ હેતુ માટે જમીન બીનખેતી થયેલ તેનો ઉપયોગ કલમથી બદલી શકાશે. સરકાર જમીન મહેસૂલ કાયદાની કલમ–૬૫, બિનખેતી જમીનનું સરળીકરણ કરવા માંગે છે. અગાઉ ઘણા જિલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા તમામ વિભાગના અધિકારીઓ સાથે બોલાવી વિવિધ હેતુઓ માટેની જમીન બિનખેતીના હુકમો થતા હતા. અરજદારને વિતરણ કરતાં હાલમાં બિન ખેતીની ઓન લાઇન નોંધણી શરૂ થઇ છે અને કોઇપણ બિન ખેતી કરવી હોય કે રૂપાંતર કરવું હોય તો ઓન લાઇન શરૂ થયું છે. પરંતુ કાયદાની કલમ ૬૭ (ક) રદ કરી બીન ખેતી જમીનનો ઉપયોગ બદલવા જઇ રહ્યા છે ત્યારે સરકારનું મારે ધ્યાન દોરવું છે. જ્યારે ઝોનીંગ લાગું પડતું હોય તેવા નિયમ હેતુ સબબ ઉપયોગ કરે તો ઝોનીંગ હોય છતાં એ મુજબનું અમલીકરણ થઇ શકશે કે નહીં તેની સ્પષ્ટતા આમાં થતી નથી. આ કલમ રદ કરવાથી બીન ખેતીમાં થયેલ જમીન ઉપર સરકારનું કોઇ નિયંત્રણ રહેશે કે નહીં તેનો પણ ખ્યાલ આવતો નથી. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, હું જે વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરું છું એ ગીર વિસ્તાર છે. એમાં ઇકો ઝોન લાગું પડે છે. આ વિસ્તારમાં ૧૦ કિલોમિટરની મર્યાદામાં બીન ખેતી પ્રવૃત્તિઓ માટે રાજ્ય સરકાર વતી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ૨૮૪/૨૦૧૪ પી.આઇ.એલ. દાખલ થયેલ છે. અલગ અલગ હેતુ માટે નિયમો સૂચિત કરવામાં આવ્યા છે. સૂચિત ૧૦ કિલોમિટર બાદ બીન ખેતીની એન.ઓ.સી. આપેલ હોય, અન્ય હેતુ ફેર કરી એનો ઉપયોગ કરવામાં આવે તો વન્ય સૃષ્ટિ પ્રભાવિત થઇ શકે. ઇકો ઝોન વિસ્તાર બાબતે સરકારે ગંભીરતાથી વિચારવું પડશે. આ બાબતમાં નીતિ સ્પષ્ટ કરવી જોઇએ એવી મારી માનનીય મંત્રીશ્રી પાસેથી માગણી છે. શહેરી અથવા ગ્રામીણ વિસ્તારમાં રહેણાંક હેતુ માટે બિન ખેતી થયેલ જમીન ઉપર પ્લોટીંગ કરી રહેણાંકના મકાનો બનાવવાના હોય પરંતુ હેતુ બદલી રહેણાંકના પ્લોટ ઉપર હીરાનું કારખાનું કરવામાં આવે તો? ત્યાં કોઇ હોસ્ટેલ બનાવવામાં આવે તો શું ? તે બાબતની સ્પષ્ટતા થતી નથી. એટલે આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, કદાચ જો આ બિલ લાવ્યા સિવાય સરકારના જાહેરનામાથી આ પ્રવૃત્તિ કરવામાં આવે તો આવી પ્રવૃત્તિ રોકવી જોઇએ. પણ એ રોકવી શક્ય નથી અને સરકારનું કોઇ નિયંત્રણ રહેશે નહીં. કલમ ૬૭(ક) સરળીકરણ કરતાં પહેલા ઝોન વાણિજ્ય, કોમર્શિયલ અને ઔદ્યોગિક તમામ અલગ અલગ રહે તે બાબતે સરકારે બહુ કાળજી રાખવાની જરૂર છે. જમીન જે હેતુ માટે બીન ખેતી કરવા માટે કલેકટર દ્વારા અલગ અલગ વિભાગ પાસેથી બીન ખેતીના અભિપ્રાયો માગ્યા હોય એ માગ્યા પછી કોઇ રહેણાંક વિસ્તારમાં ડેન્સો ચાલું કરી દે, નાના મોટા બીજા ધંધા ચાલુ કરી દે તો એ વિસ્તારમાં માનસિક શાંતિ ડહોળાય. અશાંત વિસ્તાર માટે હમણાં આપણે બિલ લાવ્યા ત્યારે રહેણાંક વિસ્તારમાં કોઇ સોસાયટી હોય અને એ જ સોસાયટીમાં કોઇ ધંધાકીય પ્રવૃત્તિ ચાલુ કરી દે તો શું કરવું તે બાબતે સરકારનું નિયંત્રણ અતિ જરૂરી છે. એટલા માટે એનો દુરુપયોગ બહુ થઇ શકે એવી મને પોતાને ભીતી છે. હું સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, આવું થશે તો શું થશે એ બાબતે સરકારે સ્પષ્ટતા કરવી જરૂરી છે. થોડા વેરા વધારવા પડે એ બાબતમાં રૂપાંતરિત વેરા વધારવા પડે, ૧૦ના ૪૦ કરો, ૧૦ના ૨૫ ની જોગવાઇ આપી છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ ધ્યાન પણ ખેંચ્યું છે કે, અત્યારે લાગુ પાડવા માગતા નથી. પરંતુ પરિપત્રથી લાગુ પાડવાના છો. સરકારે અધિકારો આપી દીધા છે ત્યારે અહીંથી ફોન કરીને કહેવામાં આવશે કે આ ફલાણા વ્યક્તિ મળવા આવ્યા હતા એના કારણે આ ફેરફાર કરી દો. એટલે સરકાર પાસે નહીં આવવું પડે. આ વિધાનસભાનો કાયદો છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓનું બનાવેલું આ વિધાનસભાનું ગૃહ છે. આવા સંજોગોમાં માત્ર કોઇને સત્તા આપી દેવાના બદલે આના સુધારા–વધારાનો જે ધારાસભાને અધિકારો છે એ ધારાસભા પાસે જ રાખવા જોઇએ એ માગણી સાથેના મારા સૂચનો હું રજૂ કરું છું.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મહેસૂલ મંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૩, ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે ત્યારે વિધેયકને હું મારું સમર્થન કરું છું અને તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે રાજ્ય સરકારે એન.એ. પરવાનગી માટે ઓન લાઇન એન.એ. પદ્ધત્તિ અમલમાં મૂકી છે. રાજ્યના નાગરિકોની મુશ્કેલી નિવારવા આ વિધેયાત્મક પગલાં ભર્યા છે, રાજ્યના નાગરિકો એને

હર્ષથી વધાવે છે. ઓન લાઇન એન.એ. કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ પટેલ અને સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એન. એ.ની મંજૂરી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૯૭૯ હેઠળ કલમ ૮૫ હેઠળ આપવામાં આવે છે તથા આ પરવાનગી મેળવતી વખતે અલગ અલગ ખાતાના અભિપ્રાય મેળવવામાં ઘણો વિલંબ થાય છે. એન. એ. પરવાનગી માટે અરજદારે બિનખેતી આકાર તથા રૂપાંતર કર રકમ સરકારને ભરપાય કરવાની હોય છે. એન. એ. અને રૂપાંતર કર ખૂબ જ નિકટતાથી સંકળાયેલા છે. ગુજરાત જમીન મહેસૂલ અધિનયમ ૧૯૭૯ હેઠળ કલમ ૭૬-ક અંતર્ગત જમીનના એક હેતુમાંથી બીજા એન. એ. હેતુ માટે અરજદાર પાસેથી લેવાના થતાં રૂપાંતર કરની જોગવાઇમાં સુધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આ વિધેયક લાવવામાં આવ્યું છે. પરંતુ જેમાં હાલના દરમાં સુધારાની કોઇ જાતના ફેરફારની બાબત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ રહેણાંક, વાણિજ્યિક, ઔદ્યોગિક વગેરે હેતુ માટે બિન ખેતી પરવાનગી મેળવવા અરજી રજૂ થાય છે. અરજદાર એન. એ. થયેલ જમીન બીજા બિનખેતી વિષયક હેતુ માટે જમીનનો ઉપયોગ કરવા ઇચ્છે ત્યારે અરજદારે એન. એ. થયેલ જમીન બીજા બિનખેતી હેતુ માટે જમીન કરવા માટે ઇચ્છે છે ત્યારે રૂપાંતર કરના તફાવતની રકમ ભરવા પુન: સમગ્ર વહીવટીય પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય છે. એટલે કે સૌ પ્રથમ એકવાર રહેણાંક હેતુ માટે એન. એ. પરવાનગી લીધી હોય અને એ થોડા સમય પછી એને વાણિજ્યિક દરે ઔદ્યોગિક હેતુ માટે વપરાશનો હેતુ ફેર કરવાનો થાય તો પણ પુન: તે જ પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય છે. જે વહીવટીય બાબતની દ્રાષ્ટિએ પણ પુનરાવર્તન થતું હોય છે. આમ વિશેષ લંબાવનારી પ્રક્રિયા છે. જેથી હાલના જે દરો અમલી છે તથા કર માળખું અમલી છે તેમાં બદલાવ લાવવામાં આવે તે અત્યંત જરૂરી છે તેના ભાગરૂપે રાજ્ય સરકાર આ વિધેયક લઇને આવી છે ત્યારે સુધારો થઇ શકે તે માટે સમગ્ર ગૃહ એને સંમતિ આપે તેવી મારી ખાસ ભલામણ છે. આમ રાજ્યની કર પ્રણાલીમાં જો સુધારો કરવામાં આવે તો નાગરિકોને થતી હાલાકી અને વિલંબ ટાળી શકાય તેમજ રાજ્યના નાગરિકોને આ પુન: પ્રક્રિયા પૈકી તફાવતની રકમ ભરપાઈ કરવા અંગેની મુશ્કેલીઓ પણ નિવારી શકાય અને નાગરિકોના અસંતોષનું મુખ્ય કારણ ઘટાડી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, રૂપાંતર કરની વસુલાત તથા કરના દરની જમીન મહેસૂલ અધિનિયમ કલમ ૬૭-ક હેઠળ જોગવાઈ કરવામાં આવેલી છે. આ કલમ સન્માનનીય વિધાનસભા ગૃહ સમક્ષ કાયદો પસાર કરીને તા.૧-૮-૧૯૭૬ થી દાખલ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ સન્માનનીય ગૃહમાં વિધેયક રજૂ કરીને ૧૯૮૯, ૧૯૯૩, ૨૦૦૩ અને છેલ્લે વર્ષ ૨૦૧૬માં સુધારા વધારા કરવામાં આવેલ છે. હાલ તા.૨૧-૩-૨૦૧૬ના ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ અનુસાર રહેણાક, ઔદ્યોગિક, વાણિજ્યિક, શૈક્ષણિક, સખાવતી અને બિન ખેતી માટે એક લાખથી ઓછી વસ્તીવાળા વિસ્તારો માટે રૂપિયા ૨થી ૮ અને ૧ લાખથી વધુ વસ્તીવાળા વિસ્તારો માટે રૂપિયા ૧૦થી ૪૦ સુધીના રૂપાંતર કરના દર અસ્તીત્વમાં છે. મારી આજે ગૃહને નમ્ર વિનંતી છે કે, આ વિધેયક સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યું છે તો સર્વાનુમતે મંજૂર કરે એવી મારી ભલામણ છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યાં છે તેમાં મારું એક નાનું એવું સૂચન છે કે, સાહેબ, ૧૯૬૪ અને ૧૯૭૧ ના જે તે વખતે બોર્ડર વિસ્તારમાં અમારે ત્યાં કચ્છમાં ચૌધરી અને શીખ લોકોને જમીન આપેલી એ બધા ખેડૂતોની સાથે રહે છે અને અત્યારે એમની વસ્તીમાં વધારો થયો છે તો એ ખેડૂતો જમીન ખરીદે છે તો એમના દસ્તાવેજ પરપ્રાંતિય તરીકે સીલ કરવામાં આવે છે. આ ખાસ બોર્ડર વિસ્તાર છે તો એની વિચારણા કરવામાં આવે એવું મારું સૂચન છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ જે સુધારા વિધેયક બિલ ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસૂલ વિધેયક-૨૦૧૯ લઇને આવ્યા છે એ માટે મારા વિચારો રજૂ કરું છું. કાયદામાં સમય પ્રમાણે પરિવર્તન અને ફેરફારો જરૂરી છે. અગાઉ પણ જ્યારે આ જ બિલની અંદર ઓન લાઇન એન.એ.ની વાત થઇ અને અમે એને સમર્થન આપ્યું તો અમે સરકારની સરાહના પણ કરી હતી પરંતુ આજે જે સુધારા બિલ લઇને આવ્યા છે એ બિલ મને લાગે છે કે ખેડૂતો કરતા જે જમીનના સટ્ટાખોરો અને જમીનનો વેપાર કરનાર જે વેપારીઓ છે, બિલ્ડરો છે એને લાભ કરાવવાવાળું છે એવું મને લાગે છે. લેન્ડ રેવન્યૂ કોડની અંદર સુધારા કરવા હોય તો ઘણા બધા એવા સુધારા હતા કે જેના લીધે ખેડૂતોને અને પ્રજાને ફાયદો થાય. આપણે જોઇએ છીએ કે લેન્ડ રેવન્યૂ કોડ પ્રમાણે મામલતદાર હોય, કલેક્ટર હોય કે કોર્ટો હોય, જમીન માટેના રેવન્યૂના અને સિવિલ પ્રકારના કેસો ચલાવવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. ઘણીવાર અધિકારીઓના વલણને લીધે, એમની બેકાળજીને લીધે અથવા કોઇપણ કારણે આવા ઘણા બધા કેસો વર્ષોથી પેન્ડીંગ છે. કાયદાની અંદર એક કહેવત છે કે Justice delayed is justice denied. મોડો ન્યાય મળે એ ન્યાય ન મળ્યા બરાબર છે. ગુજરાતની અંદર જે નેશનલ જ્યુડીશીયલ ડેટા ગ્રેડ સેન્સસ ૨૦૧૫ છે એના આંકડા જોઇએ તો બહુ ચોંકાવનારો છે શ્રી નીતિનભાઇ, આપણે એમાં પણ પહેલા નંબરે રહ્યા છીએ. To dispose pending cases by States એના જે આંકડાઓ આપેલા છે એની અંદર ભારતના ૬ રાજ્યો એવા છે બિહાર, ઝારખંડ, મહારાષ્ટ્ર, મેઘાલય, સિક્કિમ, વેસ્ટ બંગાલ એની અંદર જે કોર્ટ કેસ પેન્ડીંગ છે એનો ઝીરો પેન્ડીંગ રેશિયો છે. કેરાલાની અંદર જે પ્રમાણે આ કેસો ચાલે છે બે વર્ષની અંદર બધા કેસ પુરા થાય એવું છે. પંજાબની અંદર ૮ વર્ષમાં, છત્તીસગઢની અંદર ૨૬ વર્ષની અંદર, ઓરિસ્સાની અંદર ૪૨ અને અત્યારે જે પ્રમાણે ગુજરાતની અંદર સિવિલ અને બધા કેસો ચાલે છે એ પ્રમાણે ચલાવવામાં આવે તો ૨૮૭ વર્ષે પૂરા થાય એ કેન્દ્ર સરકારના National Judicial Data Grid આંકડા છે, મારા નથી. એ જે આંકડા છે અત્યાર સુધી ગુજરાતની અંદર

૨૦૪૪૪૦૦ પેન્ડીંગ કેસો છે. એમાંથી મોટાભાગના ૬૫ ટકા કેસો રેવન્યૂ અને સિવિલ પ્રકારના છે. Cases pending ratio જોઇએ તો એમાં પણ ગુજરાત ૩૪, મહારાષ્ટ્ર ૨૬ અને ઉત્તરપ્રદેશ ૨૪ (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, મને એમ થયું કે તમે ખૂબ સારો ડેટા લાવ્યા હશો. ડેટા ખૂબ સારો હશે પણ આ વિષય સાથે સંકળાયેલો નથી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : સર, વિષય એ જ છે. આ કેસો જે બધા પેન્ડીંગ છે, સિવિલ પ્રકારના, રેવન્યુ પ્રકારના વર્ષો સુધી એના લીધે ખેડૂતોને (અંતરાય)

અધ્યક્ષશ્રી : મહેસૂલની માગણી આવે ત્યારે બોલજો .

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : મહેસૂલનું જ છે સાહેબ. લેન્ડ રેવન્યૂ કોડની અંદર આ કોર્ટોમાં કેસ ચલાવવાની સત્તા લેન્ડ રેવન્યૂ કોડ પ્રમાણે આપી છે.

અધ્યક્ષશ્રી : તમારી વાત સાચી હશે પણ (અંતરાય)

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : એ કેસો ઝડપી ચાલે એના માટે વિધેયકની અંદર આપ સુધારો લાવ્યા હોત તો એ સુધારો અમને ગમત. આ કાયદામાં નવી શરત માટેની મલ્ટીપલ એન.એ.ની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ ૧૯૪૮ ની કલમ–૪ પ્રમાણે ખેતીની નવી શરતની જમીન હોય તો એ નવી શરતની જમીન એન.એ. કરવા માટે પ્રિમિયમ લઇને એને જુની શરતમાં ફેરવી અને એન.એ. કરવાની જોગવાઈ છે.

અધ્યક્ષશ્રી : આ બધી વાતોની શ્રી બાબુભાઇને બહુ ખબર પડે. શ્રી બાબુભાઇને આપણે બોલવા દઇએ. માનનીય કિરીટભાઇ, આપનો વિષય, આપની પાસે માહિતી સારી છે પણ આ બિલને લગતું કશું નથી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : સાહેબ, આ બિલને લગતું છે.

અધ્યક્ષશ્રી : ના, ના. થેન્કયુ. બિલની બહારનું હોય તો મારે અટકાવવું પડે. જે માહિતી આપી છે એ બરાબર છે પ્લીઝ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : સાહેબ, આ બિલ બિન ખેતીને લગતું જ છે.

અધ્યક્ષશ્રી : શ્રી કિરીટભાઇને સંતોષ થાય એટલે જરા. આ બિલને ટેકો કરો છો કે નહીં?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : બિલને ટેકો આપીએ છીએ પરંતુ બીજી એક બાબત કે આ બિલની જે કલમ છે ૬૭ આપણે ૬૭(ક) ની અંદર સુધારો લાવ્યા છીએ. આ બિલની કલમ–૬૭ની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે એ કલમ–૬૭માં જો સુધારો લાવ્યા હોત તો એના લીધે ખેડૂતોને અને એસ.ટી. સમાજના જે ખેડૂતો છે એને ફાયદો થાત. કલમ–૬૭ માં એવી જોગવાઇ છે કે એક વખત એન.એ. કરાવ્યા પછી એની સમય મર્યાદામાં બાંધકામ ન થાય તો ૪૦ ટકા રકમ પટ ભરી ફરીથી એની મુદત વધારી આપવાની જોગવાઇ કરવામાં આવી છે. આના લીધે એવું થાય છે કે ખેડૂત ન હોય એ ખેડૂતની જમીન સસ્તા ભાવે ખરીદી લે અને ખેડૂતના નામે એન.એ. કરાવ્યા પછી બિલ્ડર હોય એની પાસે જમીન રાખે. આદિવાસી ખેડૂત હોય તો પણ જમીન એન.એ. કરાવ્યા પછી એની પાસે રાખે. પછી જમીનની સટ્ટાખોરી કરે અને બિલ્ડર અને સટ્ટાખોરી કરનાર વેપારીને મોટો ફાયદો થાય છે. ખેડૂતને મોટું નુકસાન થાય છે. આ બાબત લઇને સુધારો લઇને આવ્યા હોત તો અમે એને સમર્થન કરત.

શ્રી બાબુભાઇ જ. પટેલ**(**દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ કલમ–૬૭(ક) માં સુધારા અંગેનું વિધેયક લઇને આવ્યા છે એને સમર્થન આપું છું, મારું મંતવ્ય આપું છું. રાજ્ય સરકાર આ કલમમાં સુધારો કરે છે. મિત્રો, આની અંદર વધારાનો કોઇ બોજો આવતો નથી. કોઇની પાસે બીજા પૈસા લેવાના નથી. ઉપરથી આ સરકાર પારદર્શક સરકાર છે. આ સરકાર ગરીબોની છે, મધ્યમ વર્ગની છે, પીડિતોની સરકાર છે, દલિતોની સરકાર છે. એન.એ. હેતુફેર કરવામાં કેટલાક લોકો પરેશાન થતા હતા. રજનીભાઇ તમને ખબર નથી. શ્રી કિરીટભાઇએ વાત કરી કે, આ પ્રશ્ન ૬૭(ક) ને કઇ લેવાદેવા નથી. મારે શ્રી કિરીટભાઇને એટલું કહેવું છે કે આ જગ્યા એના માટે મૂકી છે કે વિધાનસભામાં દર વર્ષે આ કેસ લાવવો પડતો હતો. જે માણસ મધ્યમ વર્ગનો હોય, એને હેતુફેર કરવું હોય, કોઇ સ્કૂલ બનાવવી હોય કે દવાખાનું બનાવવું હોય કે કઇપણ સાર્વજનિક કરવું હોય તો એના માટે દર વર્ષે હેતુફેરના કર ભરવા પડતા હતા અને એના બદલે આ વિધેયક રૂપાંતર ફેરફાર કરી રાજ્યનો વહીવટ સરળ થાય તેવા હેતુથી સ્પષ્ટીકરણમાં સરળતા થાય એ માટે આ ફેરફાર લાવ્યા છે. એ પણ કહેવું જોઇએ કે, રાજ્ય સરકારના નાગરિકોને ભરવાનો થતો રૂપાંતર કર એક જ વાર ભરવાનો રહેશે. દર વર્ષે ભરવાનો રહેતો નથી. ગુજરાત જમીન અધિનિયમ ૬૭ (ક) હેઠળ ખેતીની જમીન સિવાય અન્ય કોઇ હેતુ માટે જ્યારે બીનખેતી કરવામાં આવે ત્યારે સંબંધિત અરજદાર પ્રત્યે રૂપાંતર કર વસૂલ કરવામાં આવતો હતો. હવે માત્રને માત્ર એક જ વાર ભરવો પડશે. દા.ત. અગાઉ બિન ખેતી કરી હોય, વાણિજ્યમાં લઇ જવાનું હોય તો વાણિજ્ય અને બિન ખેતી બંને માટે કર ભરવો પડતો હતો અને વિધાનસભામાં ફરી બિલ લાવવું પડતું હતું, જેના લીધે પરેશાની થતી હતી. કોઇ પરેશાન ન થાય એના માટે આ સરકાર પબ્લિકની, ગરીબોની સરકાર છે. માટે આ કાયદો લાવી છે. એ પણ કહેવું જોઇએ કે વસૂલાત લેવાની જોગવાઇ જમીન મહેસૂલ ૬૭(ક) માં કરવામાં આવેલ છે. રૂપાંતર કરની વસૂલાત અને તે કરનાર દરો કેટલા રાખવા તે અંગેની જોગવાઇ પણ આ અધિનિયમ પ્રમાણે કરવામાં આવી છે. એના કરની જોગવાઇ એવી રીતે કરવામાં આવશે કે ગામ હોય, શહેર હોય, નગર હોય આ બધી વસ્તુના આધાર ઉપર કરની જોગવાઇ કરવામાં આવશે. આ જોગવાઇના લીધે નાના માણસને પણ એનું

કામ સરળ થશે, પારદર્શક થશે અને ઓનલાઇન થઇ જશે એની હું ખાતરી આપું છું. એન.એ. વાળાને ટેબલે ટેબલે ફરવું પડતું હતું. ૧૫–૨૦ ટેબલો ફરે અને ૪–૫ મહિને એન.એ. થતું હતું. આ ૧૫ દિવસમાં એન.એ. થશે. તમારા ઘરે આવશે. એ પણ વાત કરું કે હેતુફેર કરશો તો એ પણ ૧૫–૨૦ દીવસમાં અને આમાં જે તે વિષયના વધારાના પૈસા હશે તો બીજામાં મજરે મળશે. ડબલ ફી ભરવાથી આનાથી મુક્તિ મળી તેના માટે હું સરકારને અભિનંદન આપું છું. આ બિલને મારો ટેકો આપું છું.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી જમીન મહેસૂલ અધિનિયમ ૬૭(ક)માં સુધારા કરતું જે વિધેયક લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા ઉભો થયો છું. જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ.૬૫ મુજબ બિન ખેતી થાય છે. મૂળ વિષય આ રૂપાંતર કરની બાબત છે. ભાઇ શ્રી કિરીટભાઇએ વાત કરી કે કેસોનો ભરાવો થયો છે. રેવન્યુ બાબતે છેલ્લા કેટલાય વખતથી ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેકવિધ સુધારા કરી પ્રજાને હાલાકી ન પડે તે દિશામાં ખૂબ સુધારા કર્યા છે. આ સુધારો જે પહેલાં બિનખેતી કરતા હતા અને તેમાં રૂપાંતર કર બાબતે ધારો કે રહેણાંકનું વાણિજય અને વાણિજયનું ઔદ્યોગિક હેતુફેરની બાબતમાં રૂપાંતર કર લાગુ પડતો હતો. તેમાં પ્રક્રિયા એવી હતી કે ફરીથી બધા જ અભિપ્રાયો લેવાના અને તેના લીધે અનેક વહીવટી મુશ્કેલીઓ પ્રજાને પડતી હતી. આ મુશ્કેલીઓ ન પડે તેના માટે મૂળ વિષય એ છે કે, રૂપાંતર કર બાબતે વારંવાર અહીં વિધાનસભામાં ન આવવું પડે તેના માટે આ બિલ લાવ્યા છે. ભૂતકાળમાં આપણે જોતા હતા કે ઘણા કારણોના લીધે જયુડીશરી વધી તે ન થાય તેના માટે હમણાં જ સરકારે તા.૧૭–૧૧–૨૦૧૮ થી ઓનલાઇન એન.એ.કરી પ્રજાલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. આ ૬૭(ક)માં જે સુધારો લઇને આવ્યા છે તેના માટે હું મારું અનુમોદન આપું છું અને મહેસૂલ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક.૧૩ સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જમીનનું એન.એ., ખેતીની જમીનનું એન.એ. કલમ–૬૫, કલમ–૬૫(ક) અને કલમ૬૫(ખ) દ્વારા કરવામાં આવતું હતું, જુદા જુદા હેતુઓ માટે કરવામાં આવતું હતું. કલમ–૬૭(ક)ના આધારે આધારે રૂપાંતરિક વેરો લઇને બીજા હેતુ માટે વાપરી શકાતું હોય છે. સરકારે કલમ–૬૭(ક)ને દૂર કરવાના કારણો અહીં બતાવ્યા છે, તેમાં મેઇન કારણ છે કે, સમગ્ર વહીવટી પ્રક્રિયા ફરીથી કરવી પડે છે અને ખાતેદારે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને ત્રીજી બાબત એ છે કે, પરવાનગી મેળવવામાં ઘણો બધો વિલંબ થાય છે તેવું સરકાર કહે છે. સરકાર પોતે વહીવટ કરે છે અને કહે છે કે, આટલી બધી મુશ્કેલીઓ પડે છે. હવે જયારે એન.એ.ની પરવાનગી આપવામાં આવે છે અને પહેલાં તો એન.એ.ની પરવાનગી જિલ્લા પંચાયત કારોબારી સમિતિ દ્વારા આપતા હતા. તે બંધ કરી સરકારે તેનો વહીવટ લઇ લીધો અને આ વહીવટ કલેક્ટરશ્રીને આપવામાં આવ્યો. કલેક્ટર પણ જુદા જુદા વિભાગોનો અભિપ્રાય લઇ આ એન.એ.ની પરવાનગી આપે છે. જ્યારે જ્યારે જુદા જુદા વિભાગોનો અભિપ્રાય કલેક્ટર લે છે ત્યારે તે જુએ છે કે અમારા વિભાગને આ નડતરરૂપ તો નથી ને? તે જ પ્રમાણે તે અભિપ્રાય આપે છે. જ્યારે આપણે રૂપાંતર કર લઇએ અને ફરી પરવાનગી આપી દેશે તો મુશ્કેલી એ થશે અને માનનીય વિરજીભાઇએ જે ચિંતા કરી કે રહેણાંકના વિસ્તારમાં બીજો કોઇ ઉપયોગ કરશે. ધારો કે ઉદ્યોગ સ્થાપે તો તે ઝોનમાં મુશ્કેલી ઊભી થશે. આવા સંજોગોમાં તેનો ઉલ્લેખ આમાં કરેલ નથી. એટલે આ ઝોનિંગ પ્રક્રિયામાં મુશ્કેલી પડશે. કારણ કે રહેણાક, વાણિજ્ય કે ઔદ્યોગિક જે વિસ્તારો છે તે નીમ કરેલા વિસ્તારો છે. આ વિસ્તારોમાં બીજો કોઇ હેતુફેર કરી ધંધો ચાલુ કરશે તો તેનાથી ખૂબ મોટી મુશ્કેલી થશે. બીજી અગત્યની બાબત છે તે જાહેરનામાની બાબત છે. જાહેરનામા બાબતે સરકારે વિધાનસભામાં આવવું જોઇએ. તેના બદલે સરકારે જાહેરનામાથી ઠરાવ કરી રૂપાંતરિત કર કેટલો હોવો જોઇએ તેની સત્તા આપી દેવામાં આવી છે તે પણ યોગ્ય નથી. ખરેખર કેટલો રૂપાંતરિક કર લેવો, શું કરવું તેના માટે વિધાનસભામાં આવવાની જરૂરિયાત દેખાય છે. આનાથી વિશેષ કોઇ મુદ્દો છે નહીં પણ આ બે મુદ્દા ઉપર ઉલ્લેખ કરશો તો સારુ રહેશે. એટલે મારી વાત અહીં પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચામાં શ્રી વિરજીભાઇ, શ્રી રમણભાઇ, શ્રી પ્રદ્યુમનસિંહ, શ્રી કીરીટભાઇ, શ્રી બાબુભાઇ, શ્રી રાજેન્દ્રસિંહ અને ડો. અનિલભાઇ જોષીયારાએ ભાગ લીધો છે તેમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, થોડી ગેરસમજ છે, શ્રી કીરીટભાઇની વધારે છે. મેં પ્રસ્તાવનામાં પણ સ્પષ્ટતા કરી હતી કે, માત્ર આ એક વહીવટી સરળતા માટે જ બીજો કોઇ ઉદેશ નથી માત્ર વહીવટી સરળતા માટે જ છે. જેવી રીતે અગાઉ ૧૯૭૬, ૧૯૮૯, ૧૯૯૩, ૨૦૦૨ અને ૨૦૧૬માં કર્યો હતો. આ વખતે પણ માની લો કે સુધારો–વધારો કરવા માટે અહીંયા આવીએ અને પછી બિલ પસાર થઇ જાય. જેટલી વાર સુધારો–વધારો, ફેરફાર કરવો હોય એટલીવાર અહીંયાં આવવું પડે. આ સુધારો એટલો જ છે કે હવે અહીંયા ન આવવું પડે અને જાહેરનામાથી ઠરાવથી રાજય સરકાર કરી શકે આટલું જ આમાં છે. શરુઆતમાં મેં કહ્યું તેમ મારે સ્પષ્ટતા કરવી છે કે, આ સુધારા વિધેયક ફકત રૂપાંતર કરની કલમમાં સુધારા અંગેનું છે, આ સુધારાથી બિન ખેતી પરવાનગી અંગેની જોગવાઇઓને બદલવા અંગેનું (સુધારા) વિધેયક નથી. કાયદાથી પ્રસ્થાપિત એન.એ. સંબંધિત જોગવાઇઓમાં કોઇ ફેરફાર થતા નથી, હાલની તમામ વ્યવસ્થા ચાલુ છે, ઝોનીંગ અને અન્ય વ્યવસ્થા પણ ચાલુ છે. શ્રી કીરીટભાઇ, એકદમ અસ્થાને એમની રજૂઆત હતી પણ છતાં માહિતી મળી છે એટલે એમના સંતોષ ખાતર આપું છું. કેસીસ પણ ઝડપથી ચાલે એટલા માટે રાજય સરકારે મારા વિભાગે વ્યવસ્થા કરી છે, નક્કર પગલાંઓ લીધા છે અને ઓછામાં ઓછી

મુદતો પડે અને એના ઉપર ઓન લાઇન મોનિટરીંગ કરવામાં આવે અને વિભાગ કરે અને સી.એમ. ડેસ્ક ઉપરથી માનનીય મુખ્યમંત્રીશ્રી પણ એનું મોનિટરીંગ ફોલો અપ કરે આ આટલી જ બાબત છે. ઝોનીંગમાં હેતુ ફેર હોય તો નવા હેતુ માટે પ્લાન મંજૂર કરવાનો રહેશે અને જી.ડી.સી.આર. મુજબ તેની વર્તમાન વ્યવસ્થા યોગ્ય છે અને તેમાં કોઇ ફેરફાર કરવા સૂચના આપવામાં આવી નથી. એટલે મારી બધાને ખૂબ નમ્રતાપૂર્વક અરજ છે કે, વ્યવસ્થામાં આટલો જ સુધારો છે કે પહેલા અહીંયાં આવવાનું હતું, હવે નથી આવવાનું આટલો જ સુધારો છે બાકી ઓન લાઇન થશે, ઓન લાઇનમાં સરળતા થશે, સગવડ વધશે એની જોગવાઇઓમાં કોઇ ફેરફાર નથી તો આમાં કમસેકમ સર્વાનુમતે થાય એવી મારી વિનંતી અને લાગણી છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બિનખે તીનો પ્રશ્ન આવ્યો છે તો એક રજૂઆત મારી એવી છે કે, ગામડાઓમાં ઘણાં સમય પહેલા બિન ખેતી થઇ ગયું હોય અને બિલ્ડરો બિન ખેતી ખેડૂતના નામે કરીને જતા રહ્યા હોવા છતાં એનો વેરો આજની તારીખમાં ખેડૂત ભરે છે તો એમાં કાંઇ યોગ્ય નિકાલ કરવામાં આવે તો ખેડૂતને ઘણો ફાયદો થઇ શકે એમ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૩, ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા  : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૩, ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૩, ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહની બેઠકનું કામકાજ સાંજના ૫–૦૬ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તા. ૯મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૯–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૯મી જુલાઇ, ૨૦૧૯**
**આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૯-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાનો આજે પહેલો દિવસ છે. માનનીય સભ્યશ્રીઓ એ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન યાદ રાખી લેજો અથવા નોંધી લેજો આખા અંદાજપત્ર ઉપર (૧) અથવા તો તેમાં સમાયેલ કોઇ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. (૨) જુદાજુદા વિષય અગર તો સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી (૩) અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની નીતિ અને (૪) માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાઓની ઝીણીઝીણી વહીવટી સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચાઓ વખતે નહીં પણ અનુદાનની માંગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાન રાખશે તો પુનરોક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઇ શકશે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સામાન્ય ચર્ચાની શરૂઆત કરશે.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. આ વિધાનસભા ગૃહ સમક્ષ નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણા ખૂબ અનુભવી નાણામંત્રી માનનીય નીતિનભાઇ ૨૦૧૯-૨૦નું બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. તાજેતરમાં જ લોકસભાની ચૂંટણીઓ સંપન્ન થઇ છે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની જનતાએ જે જનાદેશ આપ્યો છે એ જનાદેશનો વિરોધપક્ષના નેતા તરીકે નત મસ્તકે એનો સ્વીકાર કરું છું. ચાણક્યએ કીધું છે કે કોઇપણ રાજ્યમાં નાણાની સુયોગ્ય વ્યવસ્થા એ એનો પાયાનો સિદ્ધાંત છે. ૨૦૦૨માં પ્રથમ વખત આ ગૃહનો સભ્ય થવાનો મને અવસર મળ્યો ત્યારથી વચ્ચે એક ટર્મ છોડતાં સતત આ ગૃહની અંદર માનનીય નીતિનભાઇ અને એના પુરોગામી બધા જ નાણામંત્રીશ્રીઓને બજેટની રજૂઆત કરતા મેં સાંભળ્યા છે. માનનીય નીતિનભાઇ જ્યારે બજેટ રજૂ કરી રહ્યા હતા ત્યારે જ તેમણે રજૂ કરેલી બજેટ પુસ્તિકાની લગભગ એકેએક લીટી હું વાંચી ગયો છું. મારે આપને વિનંતી કરવી છે, શ્રી નીતિનભાઇએ બે લાખ કરોડનું બજેટ ફાળવ્યું. દર વર્ષે ઉત્તરોત્તર બજેટની રકમમાં સરકાર વધારો સૂચવતી જાય છે પણ આ રૂપિયો આ ગુર્જર ધરા ઉપર ઉગતો શું કામ નથી? એ સવાલ સામાન્ય ગુજરાતીઓના મનમાં ઉભો થાય છે. આટલા લાખ કરોડ રૂપિયા સતત ૨૦૦૨ થી બજેટની અંદર વધારો લાખો કરોડ રૂપિયા આ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ તળે આ બજેટ આ વિધાનસભાએ મંજૂર કર્યા તેમ છતાં આવા રૂપિયા એનું જે જગ્યાએ વાવેતર થવું જોઇતું હતું જેનાથી દરેક વર્ગના લોકોની, દરેક વિસ્તારના લોકોની એમની સમસ્યાઓનું સમાધાન થવું જોઇતું હતું. પરંતુ આજે ગુજરાતના લોકોની એ આશા ઠગારી નીવડી છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે વિધાનસભાની અંદર રજૂ કરેલું પ્રકાશન-૩૦ અને એમાં રાજનીતિ સૂચકો મધ્યમ મુદતની રાજનીતિ, નીતિવિષયક નિવેદન જે માનનીય મંત્રીશ્રીએ કર્યું છે. જાહેર દેવાના આંકડાઓ તરફ માનનીય મંત્રીશ્રીનું મારે ધ્યાન દોરવું છે. ૨૦૧૭ના માર્ચ અંતિત વર્ષે રૂ.૧૯૯૩૩૮ કરોડનું જાહેર દેવું રાજ્ય સરકારે એના સત્તાવાર પુસ્તકમાં દર્શાવ્યું. એ જ સમાન તારીખે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ રૂ.૨,૪૮,૦૦૦/- કરોડની ગુજરાત સરકાર ઉપર વિવિધ જવાબદારીઓ છે. આ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાનો રિપોર્ટ છે. આપ કહેશો તો આખો રિપોર્ટ એ આખા દેશનો છે. ૫૦ હજાર કરોડનો તફાવત! તો આ રૂ.૫૦,૦૦૦/- કરોડનો તફાવત શાના માટે છે? આની પણ માનનીય નાણામંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ સ્પષ્ટતા કરશે તો મને ગમશે. ૨૦૧૯ના અંતે ૨,૪૦,૬૬૨/- કરોડ રૂપિયા એટલે કે ૩૧મી માર્ચ ગઇ ત્યારે રૂ.૨,૪૦,૦૦૦/- કરોડનું દેવું બતાવ્યું છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાનો વિસ્તૃત અહેવાલ વાંચશો તો માર્ચ ૨૦૧૭નો અહેવાલ હતો. માર્ચ ૨૦૧૮ની સ્થિતિએ રૂ.૩,૧૮,૦૦૦/- કરોડનું ગુજરાત ઉપર દેવુ હશે તેવું નોંધ્યું હતું. તો માર્ચ ૨૦૧૯ની સ્થિતિએ હું માનું છું કે ગુજરાતની તિજોરી ઉપર ૩ લાખ એ જ ગણતરી મુજબ રૂ.૩,૭૦,૦૦૦/- કરોડ કરતા વધુનું દેવું થાય, ત્યારે માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ અને ગુજરાતની જનતા પાસે આની સ્પષ્ટતા કરશે તો મને ગમશે. દર વખતે સરકાર બજેટ લઇને આવે, ફૂલગુલાબી સ્વપ્ના દેખાડે. વિવિધ વિષયમાં વિવિધ વર્ગના લોકોનું જીવન-ધોરણ સુધરશે, એની આવક વધશે તેવી વાતો થાય. મારે નાણામંત્રીશ્રીને પૂછવું છે કે આપને સતત સાતમી વખત આ વિધાનસભા ગૃહમાં બજેટ રજૂ કરવાનો અવસર આપને પ્રાપ્ત થયો છે. શું આજે ગુજરાતમાં મંદી નથી? ગુજરાતમાં કરની આવકો ઘટી નથી? રાજ્ય સરકારની નિષ્ફળ નીતિઓના કારણે દેશનું ગ્રોથ એન્જિન ગણાતું ગુજરાત આજે આ ગ્રોથ એન્જિન જ ખોટકાઇ ગયું છે. રાજ્યમાં ઉત્પાદન ઘટ્યું, આવકો ઘટી, એના કારણે સમગ્ર ગુજરાતની અંદર ઉભરતી પ્રતિભાઓ, મારો નવજુવાન પરસેવો પાડવા રોજગાર માટે દર દર ભટકે, પણ એને ક્યાંય રોજગાર નથી મળતો. ભારત સરકારે સ્વીકાર્યું કે આઝાદીના ઇતિહાસમાં ૪૫ વર્ષમાં ભાજપની નિષ્ફળ નીતિઓના કારણે સમગ્ર દેશમાં બેરોજગારીનો સર્વોચ્ચ દર છે. હું ટીકાઓ નથી કરતો. વિરોધ પક્ષ તરીકે સરકારનું

ધ્યાન આકર્ષિત કરવાની અમારી જવાબદારી છે. જે લોકોની જરૂરિયાત છે એ પાયાના ક્ષેત્રમાં એનો સદુપયોગ થશે, વાવેતર થશે તો આવતી કાલનું ગુજરાત આપણે સૌ જય જય ગરવી ગુજરાતના નારા સાથે આપણે નત મસ્તક સાથે આગળ વધી શકીશું અને આજે સમગ્ર ગુજરાત મંદીના ઝપટમાં છે. મને અપેક્ષા હતી કે અહીંયાં ભાજપની સરકાર, ઉપર ભાજપની સરકાર, આ ગૃહના પૂર્વ મુખ્યમંત્રી, આ ગૃહના પૂર્વ મંત્રી આજે દેશના સર્વોચ્ચ હોદ્દાઓ શોભાવી રહ્યા છે, ત્યારે શરૂઆત ગુજરાતથી થશે. એક દેશ, એક ટેક્સની વાત થઇ હતી. માનનીય નીતિનભાઇ, પેટ્રોલિયમ પેદાશોને જી.એસ.ટી. માં સમાવવાની શરૂઆત, વેટ વસૂલવાનું બંધ એની શરૂઆત પણ મારા ગુજરાતમાંથી થાય. આ દેશના ઇતિહાસ સાક્ષી છે. આજ દિવસ સુધીના ઇતિહાસમાં ૮૪–૮૫ રૂપિયે લિટર પેટ્રોલનો ભાર વહન કરવા મારો ગુજરાતી પેટ્રોલ પંપની લાઇને ઉભો રહ્યો, છતાં મોંઘવારીના મારથી સામાન્ય માણસનું બજેટ ખોરવાઇ ગયું છે. એનો બે ટાઇમ ચૂલો સળગશે કે કેમ? તેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે, ત્યારે મોંઘવારી ઘટાડવા બજેટમાં નક્કર આયોજન કર્યું હોત તો મને ગમત. આ દેશ આઝાદ થયો, ત્યારથી આજ દિવસ સુધી જ્યારે જ્યારે જે જે સરકારો આવી છેવાડાના વ્યક્તિને ઊભો કરવા માટે એ ક્ષેત્રને અગ્રતા આપતી રહી. સમાજના તમામ વર્ગના લોકોનો સામૂહિક વિકાસ થાય તો જ મારું ભારત અને મારું ગુજરાત મહાન બની શકે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારના ૨૦૦૨ થી અત્યાર સુધીના ઇતિહાસમાં મેં આ ફ્લોર ઉપર ભૂતકાળમાં કહ્યું છે કે, આ સરકાર જે બજૅટ લઇને આવે છે, નાણાનું વાવેતર કરે છે તેનાથી સમાજમાં મોટી ખાઇ ઉભી થઇ છે. અમીર વધુ અમીર થતો જાય છે અને ગરીબ બિચારો જીવવા માટે મજબૂર છે. તેને જીવવા માટે પણ સંઘર્ષ કરવો પડે છે. આ ગરીબ વધુ ને વધુ ગરીબ થતો જાય તેવું આયોજન આ ભાજપની સરકાર શું કામ કરે છે? લોકોની આવક, ધંધા રોજગાર નથી. બેરોજગારીનો ગ્રાફ વધ્યો, તેથી સામે માણસની આવકના સ્ત્રોત ઘટયા છે. આ સરકારની નિષ્ફળ નીતિઓના કારણે, કરભારણના કારણે સામાન્ય માણસ તેના પરિવારના બે છેડાં ભેગા ન થાય તો તેના માટે વ્યાજકવાદીઓની જાળમાં ફસાતો જાય છે. કરજદાર થતો જાય છે. દરેક વ્યક્તિ સરકારી બેંકે જઇને લોન લેવા લાઇનમાં ઉભો રહે, વારંવાર ધક્કા ખાય હજારો કરોડ રૂપિયા લૂંટી માલ્યા, નિરવ મોદી અને અહીં આખી એબીસીડી થાય એટલા લોકો કરોડો રૂપિયા લઇ ફુર્રર કરતા વિદેશ ભાગી જાય અને સામાન્ય માણસ શ્રી નીતિનભાઇ *(xxx) બેંકની લાઇનમાં લોન લેવા માટે ઉભો હોય, તેને પચાસ હજાર લાખ રૂપિયાની લોન બેંક નથી આપતી. સામાન્ય માણસ વ્યાજકવાદીઓની...

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ આપણે કાઢી નાખીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : કાઢી નાખજો. માનનીય નીતિનભાઇ માનનીય નાણામંત્રીશ્રી.

અધ્યક્ષશ્રી : ઠીક છે પછી આ પ્રથા પડી જશે. પછી કોઇક મામા બનાવશે.

શ્રી પરેશ ધાનાણી : અત્યારે સાહેબ *(xxx) કહું છું, વાંકા હાલશે તો તમને ફરિયાદ કરીશ.

અધ્યક્ષશ્રી : પાછા કોઇકને મામા બનાવશે.

શ્રી પરેશ ધાનાણી : સામાન્ય માણસ વ્યાજકવાદીઓની જાળમાં ફસાય છે. મારા અમરેલીમાં મેં સરવે કર્યો હતો. પાંચ હજાર, દસ હજાર, પંદર હજાર રૂપિયાની લોન માટે ૪૦૦ કરતાં વધુ દુકાનો ભાડે રૂપિયા આપવા માટે છે. તેનો ભાડાનો દર શરાફી દસ ટકાથી શરૂ કરી સાઇઠ ટકા સુધી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : વ્યાજનો દર?

શ્રી પરેશ ધાનાણી : ભાડાનો દર છે. વ્યાજ નથી કહેતા. રૂપિયા ભાડે આપે અને તેનું ભાડુ વસૂલે છે, વ્યાજ નહીં. આ હું જમીની હકીકત કહું છું. રિઝર્વ બેંકના ગવર્નરશ્રી જેમાં સહી કરે છે તે પણ આ ભાડુ ન ચૂકવી શકે અને વ્યાજકવાદીઓની જાળમાં ફસાતો સામાન્ય માણસ વ્યાજકવાદીઓની પઠાણી ઉઘરાણીના ત્રાસથી કયાંયને ક્યાંય જીવનનો અંત લાવે તેવા કેટલાય બનાવો ગુજરાતના લગભગ દરેક ક્ષેત્રમાં દેખાય છે. ભ્રષ્ટાચારમુક્ત ભારતનું આપણે સપનું જોયું હતું. મેં આખું બજૅટ પ્રવચન સાંભળ્યું. બે લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી પણ તેમાં એક મુખ્ય યોજના માનનીય નાણામંત્રીશ્રી ભૂલી ગયા અને તે કૌભાંડ યોજના છે. આ વીતેલા પાંચ વર્ષમાં મગફળી કાંડ, ચાર હજાર કરોડનું મગફળી કાંડ આવ્યું. માનનીય નાણામંત્રીશ્રીએ નિવેદન કર્યું હતું કે પુરાવા હોય તો લઇને આવે. સાહેબ એક જમાનો હતો કે પુત્રના સત્તા પ્રેમની અંદર ધૃતરાષ્ટ્રે આંખો બંધ કરી ત્યારે આખા કૌરવકુળનો નાશ થયો હતો. હું વિનંતી કરું છું માનનીય નાણામંત્રીશ્રીને કે આપ સરકારમાં ખૂબ જવાબદાર છો. માનનીય મુખ્યમંત્રીશ્રી અને ટ્રેઝરી બેંચને વિનંતી છે કે કોઇપણ કૌભાંડ કરનાર, સરકારી તિજોરીને લૂંટનારો માણસ તે આપણો હોઇ જ ન શકે. આપણે રામરાજયનું સપનું જોઇએ છીએ. પરમ કૃપાળું ભગવાન શ્રી રામે એક નાના માણસની શંકાના સમાધાન માટે પવિત્ર દેવી સીતાને અગ્નિપરીક્ષા કરાવી હતી. તો માનનીય નીતિનભાઇ પુરાવા તો ગુજરાતમાં ઘોડિયે હિંચકતું બાળક જોઇ રહ્યું છે કે ચાર હજાર કરોડની મગફળીમાં સરકારી ગોડાઉનમાં કોથળા ખોલીએ તો મગફળીના બદલે માટી, પથ્થર અને કાંકરા નીકળે છે. તો કયા પુરાવાની તમે રાહ જુઓ છો, ગુનેગારોને તમે કેમ જેલમાં પુરી દેતા નથી? મગફળી કાંડ હોય, ખાતરકાંડ હોય, કૌભાંડોની આખી હારમાળા છે. આ ર લાખ કરોડ રૂપિયા ગૃહ પાસે તો પ્રજાની સુખાકારીની વાત કરીને મંજૂર કરાવવામાં આવે છે પણ જયારે વર્ષે એનો તાળામેળ કરીએને તો આ રૂપિયા ક્યાંકને ક્યાંક કૌભાંડકારી લોકો લૂંટી જાય છે અને સામાન્ય માણસની પીડા ત્યાંને ત્યાં રહે છે. આજ ભયમુક્ત ગુજરાતની આપણે વાત કરતા હતાં ત્યારે મારે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપને પૂછવું છે કે, બેટી બચાવો, બેટી પઢાઓ, બેટીને પીટાવવાની પણ ખરી? પાણી માગે એટલે બેટીને પીટાવવાની? ભારતીય જનતા પાર્ટીના નિશાન ઉપર ચૂંટાયેલા કોઇ જવાબદાર જનપ્રતિનિધિની આખા દેશની સમક્ષ વાત આવે કે એ બેટીને બેરહેમીથી પીટી અને ગુજરાતની જનતા જ્યારે સરકારને સવાલ પૂછવા માંડે ત્યારે બળેવ ન હોય એ દિવસે રાખડી બંધાવવાની પરંપરા પણ હવે ક્યારથી શરૂ થઇ એ મારું ગુજરાત તમને સવાલ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષિત ગુજરાતની વાત કરીએ છીએ, મારે સરકારને પૂછવું છે, બાપુ બેઠાં છે, હું તો ગાયકવાડી ગામડાનો માણસ છું. આપ પણ જાણો છો કે સમગ્ર વિશ્વમાં સૌથી પહેલા શિક્ષણની શરુઆત થઇ એનો પાયલોટ પ્રોજેકટ પણ સૌથી પહેલા અમરેલીથી ચાલુ થયો હતો. આજ શિક્ષણનું સ્તર કથળ્યું છે. હજારો કરોડો રૂપિયાની શિક્ષણ પાછળ આપણે બજેટમાં ફાળવણી કરીએ છીએ અને તોય ૨૦૦૨ની સરખામણીએ ૨૦૧૯માં શાળાઓ ઘટી છે. ૨૦૦૨માં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ, ઉત્તર માધ્યમિક શાળાઓ, ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ હતી અને આજે એમાંથી કેટલી શાળાઓ ચાલુ છે? એ મારું ગુજરાત બાપુ, તમને સવાલ પૂછે છે. ૨૦૧૧થી ૨૦૧૭ સુધીમાં ૧૩૫૦૦ કરતા વધુ પ્રાથમિક શાળાઓ કદાચ બંધ થઇ છે. આંકડામાં ભૂલ હોય તો ક્ષમા કરજો પણ હું અપેક્ષા રાખું છું કે ૨૦૦૨ની સરખામણીએ ૨૦૧૯માં આજની સ્થિતિએ ગુજરાતમાં કેટલી સરકારી શાળાઓ ચાલે છે? વધી કે ઘટી? એ ગુજરાત આપને પૂછવા માગે છે. ભારતીય જનતા પાર્ટીના રાજયમાં સરકારી શાળાઓ ઘટી, માધ્યમિક શાળાઓ ઘટી, ઉત્તર માધ્યમિક શાળાઓ ઘટી, ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ ઘટી અને આ ગુજરાતના પરસેવાની કમાણીને *(xxx) આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા શા માટે થઇ રહ્યું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(xxx)એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. બીજો શબ્દ જે વાપરવો હોય એ વાપરી શકો છો. પ્લીઝ..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી શાળાઓમાં ગુજરાતના ભવિષ્યને ભણવા મજબૂર થવું પડે એવી સ્થિતિ ગુજરાત શા માટે નિર્માણ કરી રહ્યું છે? માનનીય અધ્યક્ષશ્રી, આ ખાનગી શાળાઓમાં ભણવા મજબૂર થવું પડે અને એટલે જ મારા સુરતના વરાછાના સરથાણાના બાળકો એક ખાનગી ટ્યૂશન ક્લાસ માં ભણવા ગયા અને જે દયનીય ઘટનાએ આખા દેશના સામાન્ય માણસના રુવાડાં ઊભાં કરી દીધા, ૨૨ ભૂલકાઓ જેમ ઝાડ ઉપરથી ફળ ખરતું હોય એ રીતે ૨૨-૨૨ ભૂલકાઓને જીવ બચાવવા માટે આ આગની વચ્ચે ત્રીજા માળેથી કૂદવા મજબૂર થવું પડે અને તેમ છતાં ૨૨ ભૂલકાઓના પરિવારને આજ દિન સુધી ન્યાય ન મળે અને એણે અસ્થિ યાત્રા લઇ રોડે ચડવું પડે ત્યારે કયાંક આ સરકારે સંવેદના ગુમાવી તો નથી દીધીને? હું વિનંતી કરું છું કે, અમે તમારી સાથે છીએ લોકોની સુરક્ષા માટે અને જે કોઇ ગુનેગારો હોય એના ઉપર કડકમાં કડક કાર્યવાહી થાય એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી પહેલા ઘણી બધી વાતો થઇ, ચૂંટણી પહેલા પડું પાકે અને હલો કરવા ખેડૂતનો દીકરો ખેત મજૂરને આપે એમાં રૂ.૫૦૦૦નું પાકે, ચૂંટણી પહેલા ખેડૂતના દીકરાને ૨૦૦૦ રૂપિયા કિસાન સન્માન યોજનાના આપ્યા અને કદાચ સરકાર તો બની ગઇ, માનનીય નીતિનભાઇ, હું પણ ખેડૂતનો દીકરો છું, ૨૦૦૮માં આ ગુજરાત અને સમગ્ર દેશમાં જગતના તાતની કમાણી ઉપર કરવેરાથી નજર બગાડવાનું પાપ જો કર્યું હોય તો આ ગુજરાતની સરકારે કર્યું છે. આજે ૧ લાખ કરોડ કરતા વધુનું ઉત્પાદન ખેડૂતનો દીકરો લોહી, પરસેવાના ટીપે સિંચીને કરે એના ખાતર, બિયારણ, દવા ઉપર વેરાનો વધારો, એના ઓજારો ઉપર વેરાનો વધારો, માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં સૌથી મોંઘી વીજળી, સૌથી મોંઘા સિંચાઇના દર અને એમ છતાં ખેડૂતના ખેતરે નર્મદાનું પાણી પહોંચાડવામાં આપણે નિષ્ફળ નીવડ્યા, લાખ્ખો કરોડો રૂપિયાનું ઉર્જા ઉત્પાદન માટે થઇને આપણે રોકાણ કર્યું માનનીય સૌરભભાઇ, ૨૦૦૨ની સરખામણીએ ૨૦૧૯માં ગુજરાતનું સરકારી વીજ ઉત્પાદન વધ્યું કે ઘટ્યું? સરકારની જે અસ્કયામતો હતી એમાં વધારો થયો કે ઘટાડો થયો એ ગુજરાત જાણવા માગે છે? હજારો કરોડ રૂપિયાનું ઉર્જા વિભાગમાં રોકાણ કર્યા પછી પણ સરકારી વીજ ઉત્પાદન ગુજરાતમાં શું કામ ઘટ્યું ? ખાનગી કંપનીઓના ખીચા ભરવા માટે જે પાછલા રસ્તે આયોજનો થઇ રહ્યા છેને એટલે ગુજરાતની સમસ્યાઓનું સમાધાન નથી થતું.

માનનીય અધ્યક્ષશ્રી, એકજ મિનિટમાં મારી વાત પૂરી કરવાનો છું, ગરીબ ગામડાં અને ખેડૂત એના તરફ જ્યાં સુધી આ સરકાર સંવેદના સાથે સકારાત્મક અભિગમ સાથે એના ઉત્કર્ષની યોજનાઓ, એને પાયા સુધી લઇ જઇ અને એના મૂળમાં વાવેતર નહિ કરેને તો કણમાંથી મણ કરનારો જગતનો તાત એ તો કદાચ ડૂબી જશે, પણ એનાથી કૃષિ આધારિત આપણું આ અર્થતંત્ર છે, દેશમાં અને રાજ્યમાં સૌથી વધુ ઓછામાં ઓછાં રોકાણે આપનારું જે ક્ષેત્ર છે એ ભાંગીને ભૂકો થઇ જશે, આવતા દિવસોમાં ખેડૂતનો દીકરો ખેતીથી મોઢું ફેરવી લેશે, તો ઉપજાવું જમીનો એ બંજર થઇ જશે અને ઘરના રસોડામાં સરળતાથી સસ્તા ઘઉં, બાજરો, જુવાર વિગેરે મળે છેને એ ખાલી થાળીઓ રસોડામાં કુસ્તી કરશે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ ખાતર, બિયારણ, દવા, ખેત ઓજારો ઉપર જે વેરા વધાર્યા છે એ વેરાઓ ઘટાડવામાં આવે, રદ કરવામાં આવે, માંગે એ ખેડૂતને..

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ,

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, એમને તરત વીજળી આપવામાં આવે, સસ્તી વીજળી આપવામાં આવે, દરેક ખેડૂતના ખેતરે સિંચાઇનું પાણી પહોંચાડવામાં આવે, આ પચીસ-પચીસ વરસ પછી પણ સરકાર નિષ્ફળ ગઇ છે ત્યારે જગતના તાતના ખેતરે પાણી પહોંચાડી દેશોને તો ગુજરાતનું કલ્યાણ કરવા જગતનો તાત સક્ષમ છે.

આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય અભેસિંહભાઇ, ગૃહમાં વિરોધપક્ષના નેતાશ્રી બોલે છે અને આપ ક્યારના વાત કરો છો, હું જોઉં છું, આપણે જરા ગંભીરતાથી સાંભળીએ.

શ્રી પરેશ ધાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની અંદર પણ સરકારે સ્વીકાર્યું છે અને માનનીય કૃષિમંત્રીશ્રી અને રાજ્ય સરકાર પણ સકારાત્મક હશે, ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ નથી મળતા અને ટેકાના ભાવે ખરીદીમાં એ તુવેરની ખરીદી હોય, એ અડદની ખરીદી હોય, એ સોયાબીનની ખરીદી હોય, એ મગફળીની ખરીદી હોય, મગફળીમાં જેમ કૌભાંડ થયું ને, સરકારની ખરીદીની અંદર ક્યાંયને ક્યાંય કૌભાંડ થાય છે અને એ કૌભાંડ માટે ગુનેગાર ખેડૂતનો દીકરો નથી ત્યાં તો ચારણામાં સાફ કરી અને માલ લેવામાં આવે અને એ માલ સરકારી ગોડાઉનમાં પહોંચેને ત્યાં સુધીમાં એ માલ છે એ માટી, પત્થર અને કાંકરા કેમ થઇ જાય છે! આવા લોકોને ઓળખવાની જરૂર છે. વિધાનસભામાં સ્વીકાર્યું છે કે, ખેડૂત પરસેવો રેડે અને એનું વરસ નિષ્ફળ જાય, કુદરત રૂઠે તો પરાણે પ્રિમિયમ વસૂલવામાં આવે, માનનીય નીતિનભાઇ, તમારી વાતને ગૃહમાં અને જાહેરમાં ટેકો આપું છું કે, પાક વીમા યોજના એ મરજિયાત હોવી જોઇએ, આ ખાનગી કંપનીઓ, ખેડૂતના પરસેવાની કમાણીને પણ મોંઘાદાટ પ્રિમિયમના રૂપે લૂંટે છે અને પાછળ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર, અમરેલી જિલ્લામાં મગફળીના પ્રિમિયમ માટે ૫૬ ટકા, ૫૭ ટકા, ૫૮ ટકા, અમારો ખેડૂતનો દીકરો લાખ રૂપિયા લોન લે અને તમે નક્કી કરેલી વિમા કંપની ૫૮,૦૦૦ રૂપિયા લઇ જાય? આ ૫૮૦૦૦ રૂપિયા પ્રિમિયમ આપો છો તો એના કરતાં અમે ખેડૂતના દીકરા ૮૦૦૦ રૂપિયા ડિસ્કાઉન્ટ આપીએ અને ખેડૂત લાખ રૂપિયા લોન ઉપાડે તેમાં રૂ.૫૦,૦૦૦ દર વરસે તમે ખાતામાં ભરી દો, ગુજરાતનો કોઇ ખેડૂતનો દીકરો પાક વીમો નહિ માંગે.

ઘણી બધી વાતો છે, અમારા મિત્રો પણ આ વાતને આગળ ધપાવવાના છે. મેં તો આજે ગુજરાતને જે પીડતા પ્રશ્નો છે તે સરકારની સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. અપેક્ષા રાખું કે જ્યારે રાજ્યમાં અને રાષ્ટ્રની અંદર ભારતીય જનતા પાર્ટી ઉપર લોકોએ વિશ્વાસ મૂકી અને ભારે મોટા જનમત સાથે, ભારે મોટી અપેક્ષાઓ સાથે રાજ્ય અને રાષ્ટ્રનું સુકાન સોંપ્યુ છે ત્યારે ભારતીય જનતા પાર્ટી માત્ર ભાજપના વિકાસનું જે નક્કી કરેલો દાયરો છે તેમાંથી બહાર નીકળી ભારતના વિકાસ માટે કામ કરે એવી અપેક્ષા સાથે આપે મને અહીંયા બોલવાનો અવસર આપ્યો આપ સૌનો હ્દયપૂર્વક આભાર માનું છું. જયહિંદ, જયભારત, જય જય ગરવી ગુજરાત.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર જે પ્રોજેકટનું ભૂમિપૂજન કરે છે તે જ પ્રોજેકટનું સમયસર લોકાર્પણ પણ કરે છે. આ અમારી પાર્ટીની વિશિષ્ટતા છે, આ અમારી પાર્ટીનું જનતા પ્રત્યેનું કમિટમેન્ટ છે. અને એટલા માટે વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ના બજેટમાં જે તે વિભાગના પ્રકલ્પો, પ્રોજેકટો, સાધનો, સગવડો, યોજનાઓ વિગેરે વિગેરે અનેક કાર્યો દર્શાવેલ છે તે સમાજના તમામ વર્ગ માટે સર્વ સમાવેશ છે, સમાજના તમામ વિસ્તાર માટે સર્વવ્યાપી છે, સમાજની સર્વ સંસ્થાઓને સર્વ સ્વીકૃત છે, સમાજના તમામ માનવી માટે પોષક છે અને એટલે જ સમગ્ર ગુજરાતની સાડા છ કરોડની જનતા માટે આ બજેટ સર્વપ્રિય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯–૨૦નું બજેટ જોઇએ તો દલિત સમાજ, પીડિત, શોષિત, વંચિત, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, બક્ષી પંચ, તમામ જાતિ, ગામ, ગરીબ કિસાન, મજદૂર આ તમામ વર્ગ, વિસ્તાર, સંસ્થા, માનવી માટે સર્વ સમાવિષ્ટ, સર્વ વ્યાપક, સર્વ સ્વીકૃત, સર્વ પોષક અને સર્વપ્રિય છે. એટલે ગુજરાતની સાડા છ કરોડની જનતા માટે આ બજેટ એ વાસ્તવિક ડૉક્યુમેન્ટ છે, દસ્તાવેજ છે અને એટલા માટે આ તમામ સમાજના, સ્તરના, લોકોના જીવનમાં ઉત્થાન અને સમૃદ્ધિ લાવનારું અને સાથે સાથે સમાજ જીવનમાં બદલાવ લાવનારું આ બજેટ ફૂલપ્રૂફ ગુલાબી બજેટને લાવવા બદલ રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીયશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી આદરણીયશ્રી નીતિનભાઇ પટેલને હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાનો વિભાગ કે જે રાજ્યના ગરીબમાં ગરીબ વ્યકિતને દર માસે રાહત દરે, નજીવા દરે સસ્તુ અનાજ પૂરું પાડવાનું કામ કરે છે. એ પછી ઉત્તર ગુજરાતના કચ્છના રણમાં વસતો અમારો ગરીબ માનવી હોય કે મધ્ય ગુજરાતના પંચમહાલ જિલ્લાની અંદર ખુલ્લા પ્રદેશમાં વસતો અમારો આદિવાસી હોય, એ ગામડામાં રહેતો હોય, દક્ષિણ ગુજરાતના ડાંગના જંગલમાં રહેતો હોય, ગરીબ માનવી હોય કે પછી સૌરાષ્ટ્રના જૂનાગઢની અંદર પર્વતમાળામાં રહેતો એ ગરીબ માનવી હોય ચારે બાજુ ગુજરાતના ખૂણે ખૂણે આ ગરીબ માનવીને, દરેક કુટુંબને દર મહિને વ્યકિતદીઠ પાંચ કિલો અનાજ આપવાનું કામ અને તે પણ ઘઉં બે રૂપિયે કિલો અને ચોખા રૂપિયા ત્રણના કિલોના રાહત દરે આ ગરીબ વ્યકિતઓને અનાજ આપવાનું વિતરણનું કામ આ અમારો અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ કરે છે. તેમના કુટુંબને સસ્તા દરે અનાજ મળે, આ વિતરણનું કાર્ય જે આ વિભાગ કરે છે ત્યારે સૌથી પહેલાં તો હું આ વિભાગને બિરદાવું છું, અભિનંદન આપું છું કે આપ જે કામ કરો છો તે ગરીબ વ્યકિતની દરિદ્ર નારાયણતા દૂર કરવા માટે એ આશીર્વાદરૂપ કામ કરો છો, ઇશ્વરીય કામ કરો છો. માનનીય અધ્યક્ષશ્રી, મેં ભૂતકાળમાં આ વિભાગનું કામ જોયું છે. ભૂતકાળમાં આ ગરીબ લોકોને જે અનાજ મળતું હોય તે અનાજ દસ કિલો અનાજ ઉપર સહી લઇ અને એક કિલો અનાજ આપે બાકીનું નવ કિલો અનાજ સગેવગે થઇ જાય. બાકીનું વેપારીઓને બ્લેક માર્કેટીંગમાં વેંચે અને આ પ્રકારે કોઇ રોકટોક નહીં, અનાજ સગેવગે કરનાર ઉપર કોઇ કન્ટ્રોલ નહીં પરંતુ જે વખતે ભૂતકાળની અંદર મેન્યુઅલી રેશનકાર્ડ કાઢી આપવામાં આવતા હતા. આ મેન્યુઅલી રેશન કાર્ડ, સસ્તા દરે મળતા ઘઉં, ચોખા વગેરે ચીજવસ્તુઓની વ્યવસ્થા કેવી રીતે થતી હતી? ગરીબ ઘરમાં અનાજ ન જાય પરંતુ વેપારીઓ બ્લેક માર્કેટીંગ કરીને

વેચી દે. એના કારણે સમાજની અંદર એક અલગ પ્રકારની ભાવના ઉત્પન્ન થતી હતી અને ભૂતિયા રેશન કાર્ડની માઝા મૂકાઇ હતી. ચારે બાજુ વચેટીયાઓનું વર્ચસ્વ હતું. રેશનકાર્ડ કઢાવવા માટે લાઇનમાં ન ઊભા રહેવું પડે, ઘરે બેઠા રેશનકાર્ડ કાઢી આપવામાં આવે એવી વ્યવસ્થા હતી. આ વચેટીયાઓને કારણે સંખ્યા કરતાં વધી જાય એ પ્રકારની સ્થિતિ હતી એટલે મારે માત્ર વાત કરવી છે કે રેશનકાર્ડ ધરાવવું એટલે પાસપોર્ટ ધરાવતા હોય એવું હતું. એ તે વખતે રેશનકાર્ડને આપણા રહેઠાણના પુરાવાની માન્યતા હતી. એ વખતે જે લોકોએ આમાં ઘૂષણખોરી કરી હતી એ બાંગ્લાદેશીઓ હતા, દેશમાં ઘૂસી ગયા હતા ત્યારે એને રેશનકાર્ડ આપવા જોઇતા ન હતા. પણ કમનસીબે આવા બાંગ્લાદેશના ઘૂષણખોરોને રેશનકાર્ડ આપવામાં આવ્યા. આવા ભૂતિયા રેશનકાર્ડના કારણે આપણી સામાજિક સ્થિતિ બગડી હતી પરંતુ જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી એની ઉપર કંટ્રોલ મેળવવામાં આવ્યો. Bar-coded રેશનકાર્ડ કાઢી આપવામાં આવ્યા. ઓનલાઇન કામ કરવામાં આવ્યું અને એના કારણે આજે આપણે ગૌરવભેર કહી શકીએ છીએ કે આ ઓનલાઇન સિસ્ટમ કોઇ બ્લેક માર્કેટીંગ નહિ પણ ગરીબ માણસના ઘરે અનાજ પહોંચે એ માટે છે. રાજ્યમાં તા.૧/૪/૨૦૧૬થી સસ્તા દરે અનાજ મેળવવા માટે બે ભાગ પાડ્યા. (૧) અંત્યોદય કુટુંબ અને (૨) અગ્રતા ધરાવતા કુટુંબ. આજે પણ આઠ લાખ જેટલા અંત્યોદય કુટુંબો સસ્તા દરે ૩૫ કિલો જેટલું અનાજ મેળવી શકે છે. એ જ પ્રમાણે અગ્રતા ધરાવતા કુટુંબોને પણ દર મહિને વ્યક્તિ દીઠ ૫ કિલો અનાજ આપવાનું કામ અમારો વિભાગ કરે છે. અન્નપૂર્ણા યોજના હેઠળ ગરીબ કુટુંબના ૬૫ વર્ષથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધોને પણ ૧૦ કિલો અનાજનું નિ:શુલ્ક વિતરણ કરવાનું કામ અમારો વિભાગ કરે છે. ખાંડ, ખાદ્ય તેલ કે અન્ય ચીજવસ્તુઓ પણ સસ્તા દરે ગરીબ વ્યક્તિના ઘરે જાય છે.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પુરું થાય છે. માનનીય પૂર્ણેશભાઇ, આપનું વક્તવ્ય બધાં જ ધ્યાનથી સાંભળતા હતા પણ બે સભ્યો વિશિષ્ટ રીતે આપનું વક્તવ્ય સાંભળતા હતા. શ્રી આનંદભાઇ ચૌધરી અને શ્રી બળદેવજી. શ્રી બળદેવજીએ હમણાં જ હેડફોન કાઢી નાંખ્યો. મારો કહેવાનો ભાવર્થ એવો છે કે માનનીય તમામ સભાસદોને ધ્યાનથી સાંભળવું હોય તો કાને હેડફોન લગાવીને સાંભળશો, નોંધ પણ કરશો તો તમે એકબીજાને જવાબ પણ આપી શકશો. મને પણ ખૂબ આનંદ થયો.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી જે સુધારેલ અંદાજપત્ર લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. મારે ખૂબ અગત્યના મુદ્ધા ઉપર વાત કરવી છે કે આપણે સરદાર સરોવર યોજના માટે ખૂબ પ્રશંસા કરતી જાહેરાતો કરતા હોઇએ છીએ. મારે નાયબ મુખ્યમંત્રીશ્રીને એ જણાવવું છે કે સરદાર સરોવર ડેમ જ્યાં બાંધ્યો છે એના અસરગ્રસ્તોની પરિસ્થિતિ આજે કેવી છે?

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની સ્થાપના કરી એના લીધે આશરે રોજના દસ હજાર જેટલા પ્રવાસીઓ આવે છે. તેનાથી રોજની આવક આશરે ૧૮ લાખ રૂપિયા જેવી થાય છે એવું મને આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. મારે નાયબ મુખ્યમંત્રીને પૂછવું છે કે અસરગ્રસ્તોએ પોતાની જમીન ગુમાવી છે એમણે પોતાની જમીનો આપી દીધી છે. આ અસરગ્રસ્તોની જરૂરિયાત છે, પીવાના પાણીની, રસ્તાની, દવાખાનાની અને આરોગ્યની છે. આ જે આવક આવે છે, એમાંથી તેમના માટે પાંચ ટકા આ અસરગ્રસ્તો પાછળ વાપરવામાં આવે તો મને લાગે છે કે એમનો જે અજંપો છે એ ચોક્કસ દૂર થશે. સરકારે સરસ યોજના બનાવી છે, સૌનો વિકાસ થાય અને આ યોજનાનો વિકાસ થાય એમાં અસરગ્રસ્તોને કોઇ વાંધો નથી પરંતુ છેલ્લા પાંચ વર્ષથી આ લોકો બે ત્રણ માગણીઓ લઇને ઉપવાસ ઉપર બેઠા છે અને એ પણ એકદા માસ માટે નહિ પરંતુ છેલ્લા એક વર્ષ સુધી બેસવું પડે છતાં એના પ્રશ્નોનો કોઇ નિકાલ ન આવે અને આપણે કલ્યાણ રાજ્યની વાત કરીએ સૌના સાથની વાત કરીએ છીએ ત્યારે આ અસરગ્રસ્તો સૌનો સાથ અને સૌના વિકાસમાં નથી આવતા? એમ મારે પૂછવું છે.

દેશ અને રાજ્ય સરદાર સરોવરથી ગૌરવ લઇ શકે છે ત્યારે એના જે અસરગ્રસ્તો છે એની જે દશા છે એમાંથી એને બહાર કાઢવા જોઇએ એ આપણે કાઢી શકતા નથી. મુખ્ય નહેરની જ્યાંથી શરૂઆત થાય છે ત્યાંથી લગભગ ૨૦થી ૨૫ કિલોમીટરના વિસ્તારમાં જે ગામડાં આવેલા છે એને પીવાના પાણીની મુશ્કેલી છે. ખેતી કરવા માટે સિંચાઇના પાણીની તકલીફ છે. આપણે સૌરાષ્ટ્ર માટે સૌની યોજના બનાવી છે એના દ્વારા રાજ્યના ૧૭થી ૧૮ જિલ્લાને પાણી આપીએ છીએ, શહેરોને આપીએ છીએ, ખેતી માટે આપીએ છીએ એમાં કોઇને પણ વાંધો હોઇ શકે નહિ, કારણ કે આ યોજના એ ગુજરાતની જીવાદોરી છે એને સાર્થક કરવી હોય તો અમારા નર્મદા જિલ્લો અને વડોદરા જિલ્લાના મુખ્ય કેનાલની આજુબાજુના ગામડાની હજારો એકર જમીન બંજ્જર પડી છે. હજારો કિલોમીટરની કેનાલો બની છે જે આજે તૂટેલી હાલતમાં છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી એના ઉપર થોડુંક ધ્યાન આપે તો અમે તમારી વાહવાહ કરીશું પણ સવાલ નિયતનો છે. ગરીબ લોકોનું કોઇ સાંભળવાવાળું નથી. રજૂઆત કરવા જાય તો પોલીસ ધાકધમકી આપે, જેલમાં નાંખવામાં આવે આ પરિસ્થિતિ મને લાગે છે ત્યાં સુધી બરાબર નથી.

મારે બીજી પણ વાત કરવી છે. આપણું રાજ્ય કલ્યાણ રાજ્યના આદર્શને વરેલું છે. શિક્ષણ એ ખૂબ અગત્યનું સાધન છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી. આપણે એક બાજુ શિક્ષણનો વ્યાપ વધારવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ, ગુણવત્તાવાળું શિક્ષણ આપવાની વાત કરી રહ્યા છીએ પરંતુ આજે ગુજરાતમાં હજારો પ્રાથમિક શાળાઓ બંધ કરવા તરફ જઈ રહ્યા છીએ. મારા નર્મદા જિલ્લાની વાત કરું તો ૭૦ જેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવાનો પરિપત્ર ડી.પી.ઓ. તરફથી કરવામાં આવ્યો છે. એક બાજુ શિક્ષણ આપવાની વાત કરીએ છીએ આદિવાસીભાઇઓ શિક્ષણ લઇને સારામાં સારા સ્થાન ઉપર બેસી શકે, સારી નોકરી મળી શકે અને એના કુટુંબને મદદરૂપ થઇ શકે એના માટે પ્રાથમિક શાળાઓ ગામે ગામ ખોલવામાં

આવી છે. શિક્ષણનો વ્યાપ ત્યારે વધશે કે ગામડે ગામડે શાળાઓ ખોલવામાં આવે. ભલે એમાં સંખ્યા ઓછી હશે. તેમ છતાં એને પણ તમારે ચાલુ રાખવી પડશે. આ આદિવાસીભાઇઓ જંગલના ઉંડાણના વિસ્તારોમાં રહે છે અને ત્યાં આ પ્રાથમિક શાળાઓ આવેલી છે ત્યાં સ્વાભાવિક છે કે સંખ્યા ઓછી હશે. ગરીબીના લીધે એના મા–બાપ શહેરોમાં નોકરી અને રોજગારી મેળવવા માટે જાય તો એનું બાળક કદાચ શાળાએ ન આવી શકે. એના બાળકો કદાચ સ્કૂલમાં નહીં આવે. તેના માટે મધ્યાહન ભોજન યોજના અમારી સરકાર લાવેલી. આજે એ યોજના ચાલે છે પણ એમાં પણ કયાંક ને કયાંક કાંતો જીવાત કે જીવડાં આવે છે. તેના ચેકીંગ માટે પણ વ્યવસ્થા કરવી જોઇએ. અમારે ત્યાં દાખલો છે સાહેબ. આપ જાણો છો તેમાં હું લાંબી વાત નથી કરવા માગતો. તેનું પણ સઘન ચેકીંગ થાય. મધ્યાહન ભોજન યોજનાનું ચેકીંગ કોણ કરે માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકો કરે તેના આચાર્ય કરે, આચાર્ય તો કરવાના છે પણ તાલુકા મથકેથી એનું મોનેટરીંગ થાય, એના માટે સ્પેશિયલ સુપરવાઇઝર મૂકો, કારણ કે નાના બાળકોના તંદુરસ્તી સાથેનો આ સવાલ છે, એટલા માટે હું આ વાત કરું છું. શિક્ષણનો વ્યાપ વધારવાની વાત કરવામાં આવે છે અને બીજી તરફ શાળાઓ બંધ કરવામાં કે મર્જર કરવામાં આવે તે મહેરબાની કરીને નહીં કરો, એવી મારી વિનંતી છે. કારણ કે એક દાખલો કહું તો મારા ગામથી ત્રણ કિલોમીટર દૂર ફળિયા હોય ત્યાં શાળા છે, ત્યાં બાળકોની સંખ્યા નહીં થાય તો બંધ કરો અને બે કિલોમીટર ચાલી આવવાનું કહો તો કોઇ સંજોગોમાં થઇ શકે નહીં ભલે તમે અહીં વાત કરો. તમારો જે ડ્રોપ આઉટ રેશિયો ઓછો કરવાની વાત કરો છો તે થવાનો નથી, તેમાં દિવસે– દિવસે વધારો થવાનો છે. આના માટે પણ આપણે કાળજી રાખવી જોઇએ.

પંચાયતી રાજની થોડી વાત કરી લઉં, આપણું રાજ્ય એ પંચાયતી રાજને વરેલું છે અને વિકેન્દ્રીકરણના કારણે લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિના હાથમાં સત્તા જાય એ જાતની પદ્ધતિ આપણે અપનાવેલી છે. છેલ્લા બે –ત્રણ વર્ષમાં મેં જોયું છે કે, ચૂંટાયેલા પ્રતિનિધિ હોય પછી એ પ્રમુખ હોય કે ચેરમેન હોય તેની પાસે સત્તા નથી, આ સત્તા અધિકારીના હાથમાં છે. હું નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને પૂછવા માગું છું કે, તમારે કોઇ કામ હોય તમારે કોઇ ફાઇલનો નિકાલ કરવો હોય તો શું તમે ફાઇલ લઇને સચિવ પાસે જવાના છો. જિલ્લા પંચાયતના પ્રમુખને સાહેબ ડી.ડી.ઓ એને બોલાવે, પટાવાળાની જેમ ફાઇલ લઇને એ ડી.ડી.ઓ. ની ઓફિસમાં જાય ઇઝ ઇટ ફેર? લોકશાહીને આ લાંછનરૂપ છે આ બધું. સત્તા તમે ચૂંટાયેલા પ્રતિનિધિને આપો એ આ પંચાયતો વડો છે, ચૂંટાયેલો એ પ્રમુખ છે. વહીવટી વડો ડી.ડી.ઓ એ તો પંચાયતના સેક્રેટરી છે. તેની પાસે એમણે જવાનું હોય. છેલ્લા ઘણા સમયથી બદલીની ફાઇલો જિલ્લા પંચાયતના પ્રમુખને જોવા માટે પણ જતી નથી. સરકારનો જી.આર. છે કે કોઇ પણ કર્મચારીની બદલી કરવી હોય તો આવી ફાઇલ પ્રમુખની પાસે ચર્ચા–વિચારણા અને પરામર્શ માટે મોકલવાની ફરજિયાત છે. સાહેબ, પણ એ પરિપત્રો અભેરાઇએ ચઢાવી દેવામાં આવે છે. આમાં પણ પંચાયત મંત્રીશ્રીએ થોડી દેખરેખ અને ધ્યાન રાખવાની જરૂર છે.

આદિજાતિ વિસ્તારની વાત કરું માનનીય ગણપતસિંહ સાહેબ. આ વખતે વન બંધુ કલ્યાણ યોજનામાં ૧૩ હજાર કરોડથી વધારીને કદાચ ૧૪ હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે. પણ એમાં થાય છે શું કે, જે સદરો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે આદિજાતિ જે બેઠકો આવે છે જિલ્લાની તેના આધારે મંજૂર થાય કામો છતાં ઉપર આવે એટલે તેમાં ફેરફાર થઇ જાય એ કેટલું ઉચિત કે યોગ્ય છે, એ પણ જોવા જેવું છે. જે સદરોમાં જેટલી ગ્રાન્ટ ફાળવી હોય એ સદરોમાં વાપરે એક સદરમાંથી બીજા સદરમાં લઇ જાઓ અને બીજા સદરને તમે નુકસાન કરવાની એવી જે પ્રથા સાહેબ અત્યારે ચાલે છે, કદાચ એ પેપર પર નહીં હોય પણ એ થાય છે. અમારા જિલ્લામાં એ થાય છે માટે હું કહું છું. આપણે નીતિની વાત કરીએ છીએ પણ એમાં કયાંકને કયાંક આપણે ત્રુટિ રહે છે.

બીજી વાત વીજળીની કરું. આપણે ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરીએ છીએ પણ તેનો અમલ થતો નથી. માનનીય ખેતી મંત્રીશ્રીની વાત કરું છું. સમયસર ખેડૂતોને વીજળી ન મળે, સમયસર પાણી ન મળે, સમયસર ખાતર ન મળે, સમયસર બિયારણ પણ ન મળે અને ખાતર મળે તો ભેળસેળ વાળું મળે, તો આપણે ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરીએ છીએ તે કેવી રીતે શકય છે? આજે ખેડૂત દેવામાં ડૂબી ગયો છે, અને આપઘાત કરવો પડે તેવી પરિસ્થિતિ ખેડૂતની છે. તો આપણે ખેડૂતો માટે માત્ર વાતો કરવાની છે કે નક્કર કોઇ પગલાં ભરીને આર્થિક સ્થિતિમાં સુધારો થાય અને દેશના ઉત્પાદનમાં પોતાનો ફાળો આપી શકે તેવું કરવા માટે વિચારીએ છીએ કે નહીં? આટલી જ મારી વાત છે. બજેટમાં પ્રયત્નો કરીએ છીએ પણ બધા વર્ગોને સાથે લઇને વિકાસ કરવાની વાત છે એમાં કયાંક ત્રુટી છે એટલા શબ્દો સાથે વિરમું છું.

ડો. નીમાબેન ભા. આચાર્ય(ભૂજ) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો પ્રભાવ અને અમારી પાર્ટીના સભ્યોનું એટલું બધું ડિસિપ્લિન છે કે હમણાં વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ બોલતા હતા ત્યારે એમાં જે બધા વિષયો લીધા હતા તે એટલા બધા સત્યથી વેગળા અને બધાને ઈરીટેઝ કરે તેવા હતાં છતાં અમારા સભ્યશ્રીઓએ શાંતિ રાખેલી. આજે હું અહીં બજેટની ચર્ચા કરવા માટે ઉપસ્થિત થઇ છું ત્યારે રૂપિયા બે લાખ કરોડનું બજેટ લાવીને જે આપણા યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને આપણા અનુભવી અને પીઢ એવા નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જે બજેટ આપ્યું છે તે મારી દ્રષ્ટિએ પ્રજાલક્ષી છે. લોક હિતના લોક કલ્યાણ માટેનું છે. જેની અંદર લાગણી, પ્રેમ, જીવ દયા, આ બધી જ વસ્તુને આવરી લઇને લોકોની જે નાની નાની જરૂરિયાતો હતી તે જરૂરિયાતોને ધ્યાને લઇને વંચિતોનો વિકાસ, દલિતો, આદિવાસીઓ, મહિલાઓ, કિસાનો, યુવાનો, અપંગો, દિવ્યાંગો, વૃદ્ધો આ બધા જ લોકોને આવરી લઇને જે બજેટમાં જોગવાઇઓ કરી છે તેના માટે હું સરકારને લાખ લાખ અભિનંદન આપું છું.

## તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં પ્રજાના વિશ્વાસની વાત કરી, પ્રજાનો વિશ્વાસ આજે ૨૩ વર્ષ થયા ભારતીય જનતા પાર્ટીના લોકોમાં અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં દિવસે અને દિવસે વધતો જાય છે. અને એની સાબિતીની આ લોકસભાની ચૂંટણીમાં પ્રજાએ મહોર મારી દીધી છે. ૨૬ એ ૨૬ બેઠકો તો આવી, પણ કેવી આવી, કેવી લીડ, એક જ દાખલો આપું. બે લાખ ચોપન હજારની લીડથી અમે લોકસભા કચ્છની સીટ જીત્યા હતા તે આજે ૩ લાખ પાંચ હજારની લીડથી જીત્યા છીએ. એકે એક ધારાસભ્યોને પૂછો તો ૫૦ હજારથી ઓછી લીડ ક્યાંય નહીં. ખૂબ જબ્બરજસ્ત લીડ, પ્રજાએ મન મુકીને મતો આપ્યા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મેં અહીંયાં વાત કરી, અહીંયાં આટલી બધી શાંતી રાખી હતી તો આપે પણ રાખવી જોઇએ. આપ પણ સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, ૨૬ માંથી ૨૬ સીટ, દેશમાં ૩૦૩ સીટ અને એન.ડી.એ. સાથે ૩૫૨ સીટ, આ કોઇ નાની વાત નથી, દેશમાં કેસરીયો લહેરાયો, એ રાષ્ટ્ર ભક્તિનો, રાષ્ટ્ર પ્રેમનો આ કેસરીયો લહેરાયો અને દુનિયાના લોકોએ જેની સરાહના કરી છે તેવી આ જબ્બરજસ્ત જીત લોકસભામાં થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની અહીં વાત થતી હતી. માનનીય પરેશભાઇએ કહ્યું આપણું ગ્રોથ એન્જિન ખોટકાઇ જશે. તેના માટે મારે કહેવું છે કે પ્રજાનો જે વિશ્વાસ ભારતીય જનતા પાર્ટીમાં છે ને, ગ્રોથ એન્જિન ડબલ ઝડપથી દોડવા લાગ્યું છે. તેમાં કોઇ મીનમેખ નથી અને ગુજરાતના લોકોએ ભારતીય જનતા પાર્ટીને, શ્રી નરેન્દ્રભાઇ મોદીને ગૌરવ અપાવ્યું છે અને ગૌરવમાં સહુ પ્રજા સહભાગી થઇ છે એ આપણે સૌએ જોયું છે અને અનુભવ્યું છે. અહીં કહે છે કે લાઇન લાગી છે આ બાજુ. અહીંથી આમ આવે છે. એમને એમ નથી આવતા. તેમણે કામ જોયું છે. પ્રજાનો અવાજ સાંભળ્યો છે. પ્રજાની લાગણી જોઇ છે અને એટલે તેમના આત્માનો અવાજ જાગ્યો છે. ત્યારે બધા અહીં આવીને બેઠાં છે.

અધ્યક્ષશ્રી : ડો. નીમાબેન, બજેટમાં ન આવે, આ વાત બજેટમાં નહીં.

ડો. નીમાબેન ભા. આચાર્ય : જે રીતે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં લોકોના કામ થાય છે. (અંતરાય) સાહેબ, આ લોકોને કહો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, મેં કહ્યું. કહી દીધું.

ડો. નીમાબેન ભા. આચાર્ય : હું મારી લાગણી વ્યક્ત કરું છું. તમે પણ તમારી લાગણી અને ભાવ વ્યક્ત કરજો. હું મારી લાગણી વ્યક્ત કરું છું.

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવભાઇ, પ્લીઝ, મેં કહી દીધું. જે કહેવાનું હતું તે કહી દીધું.

ડો. નીમાબેન ભા. આચાર્ય : અમે તો બહુ ખુશ છીએ. હું તેમાંથી જ અહીં આવી છું. હું અહીંથી જ અહીં આવી છું. તમને ખબર છે. હું વહેલી જાગી છું. (અંતરાય)વાંધો નથી, હું તો કહું છું ને, આ મારા આત્માનો અવાજ છે અને આત્માનો અવાજ દબાવો નહીં, આવી જાવ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અહીં મહિલાઓની વાત થઇ છે. મહિલાઓ માટે અનેક યોજના સરકારે બનાવી. આ વખતે ભ્રૂણ હત્યા અટકાવવા માટે જે રીતે વહાલી દીકરીની યોજના મૂકી છે, મને વિશ્વાસ છે કે ચોક્કસપણે ભ્રૂણ હત્યા નહિવત થશે અને (અંતરાય) શ્રી બળદેવભાઇ, તમે એમ કેમ હેરાન કરો છો? તમે બોલો ત્યારે હું કોઇ દિવસ વચ્ચે વાત કરતી નથી, શાંતિ રાખો.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ માટે જે બજેટ આપ્યું છે તેની મારે અહીં વાત કરવી છે. (અંતરાય) શ્રી નિરંજનભાઇ, પ્લીઝ, મારી આપને વિનંતી છે. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ સત્તા પર આવ્યા અને તેમણે કચ્છ માટે નર્મદાની પહેલી મંજૂરી ૧૭ દિવસમાં આપી. આજે કચ્છને નર્મદાની બાકીની કેનાલોના કામ પૂરા કરવા માટે રૂ.૮૦૯/– કરોડનું બજેટ ફાળવ્યું છે અને માત્ર ૧૭ કિલોમીટરનું કામ બાકી છે. મેં શ્રી નીતિનભાઇને જ્યારે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે આ વિધાનસભા પતે એટલે હું..

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. સમય થઇ ગયો. માનનીય અમરીશભાઇ ડેર.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ઉપ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી જે સુધારેલું અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું. આજના સમયમાં શિક્ષણ એ સૌથી મોટું હથિયાર છે. ગુજરાતની ૩૩,૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં અંદાજે ૧,૧૦,૦૦૦ જેટલા દિવ્યાંગ બાળકો ભણી રહ્યા છે. સતત શિક્ષણ આપવું, નિરંતર શિક્ષણ આપવું એ ક્યાંકને ક્યાંક આપણાં બધાની ફરજ છે. તેમ છતાં પણ આ બાળકોને નિરંતર અને સતત શિક્ષણ મળતું નથી. હું એવું ઇચ્છું છું. આપણે બધા પણ એવું ઇચ્છીએ કે તેમના માટે યોગ્ય શિક્ષકોની નિમણૂક કરવામાં આવે અને આવા શિક્ષકોને બે દિવસ આ સ્કૂલમાં, બે દિવસ આ સ્કૂલમાં અને બે દિવસ આ સ્કૂલમાં, તેના બદલે એક જ સ્કૂલની અંદર આવા બાળકો ઉપર વિશેષ ધ્યાન જો આપવામાં આવે તો કયાંક ને કયાંક આ લોકો પણ મુખ્ય પ્રવાહ સાથે જોડાશે. આજના સમયે પ્રાથમિક શાળાઓના આચાર્યની ભરતીની વાત હતી તેને અંદાજે બે વર્ષ જેટલો સમય વિત્યો હોવા છતાં પણ તેમની ભરતી કરવામાં આવતી નથી. તો આવી પ્રક્રિયાઓ પુરી થઇ હોવા છતાં જો આવી ભરતી ન કરવામાં આવતી હોય તો યોગ્ય રીતે આમાં પણ કંઇક થવું જોઇએ એવું હું સ્પષ્ટપણે માનું છું. ગુજરાતની અંદર સમાજ કલ્યાણ વિભાગ હસ્તક અંદાજે ૪૮૦ જેટલી આશ્રમશાળાઓ અત્યારે કાર્યરત છે એ સરાહનીય છે, ખૂબ આવકાર્ય છે પણ આવી આશ્રમશાળાઓની અંદર મુખ્ય જવાબદારી ગૃહપતિઓની હોય છે, બધી જ જવાબદારી એની હોય છે ત્યારે એમને પણ યોગ્ય ન્યાય આપવા માટે યોગ્ય પગાર આપવામાં આવશે તો ઘણું બધું સારું થશે. મારી પાસે જે માહિતી છે એ મુજબ આજના સમયે માસિક ૩૦ રૂપિયા એટલે કે રોજનો એક રૂપિયો આવા ગૃહપતિઓને આપવામાં આવે છે એટલે એમની કાર્યદક્ષતામાં ઘટાડો થયો છે એટલા માટે હું માનું છું કે એમને પણ યોગ્ય પગાર આપવામાં આવે જેથી એમનો પણ ઉત્સાહ વધે અને આવી આશ્રમશાળાઓની અંદર વધુ

સક્ષમતાથી આવા લોકો કામ કરી શકે. સાથે સાથે આવા લોકોને સાતમા પગાર પંચનો પણ લાભ આ સરકાર દ્વારા જો આપવામાં આવશે તો એમને પણ ગમશે જેથી કરીને ફરી વખત એમના ઉત્સાહમાં વધારો થશે અને બાળકો માટે વધુ સારું કરી શકશે. આરોગ્યની બાબતમાં મારે એટલું ચોકકસપણે કહેવું છે કે ''આયુષ્યમાન ભારત '' અને ''મા અમૃતમ '' કાર્ડની જે વાત હતી એમાં લોકસભાની ચૂંટણીઓ પછી ૨૫૦ જેટલી સેવાઓ હતી એ બંધ કરવામાં આવી છે તો ફરી વખત આ બધી યોજનાઓ યોગ્ય રીતે જો શરૂ કરવામાં આવે તો છેવાડાના માનવીને, છેવાડાના પરિવારને આનાથી લાભ થશે અને એમના માટે આપણે કંઇક કર્યું એવું કહેવાશે. ગુજરાતની બધી જ જિલ્લા પંચાયતોની આરોગ્ય શાખાઓમાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જે જગ્યાઓ છે આ બધી જ જગ્યાઓ રાજય સરકારે પ્રાઇવેટ કોન્ટ્રાકટરોને ભરવા માટે અનુમતિ આપી છે અને એ અત્યારે ચલાવી રહ્યા છે. જો સારી રીતે થતું હોય તો એમાં કોઇને વાંધો ના હોઇ શકે પણ માનનીય મંત્રીશ્રીનું હું આપના માધ્યમથી ધ્યાન દોરવા ઇચ્છું છું કે સરકારશ્રી આવી દરેક ભરતી માટે પર હેડ અંદાજે ૧૭૦૦૦ રૂપિયા જેટલી રકમ પગાર પેટે ચૂકવે છે પણ દુઃખની વાત છે કે આઠ હજાર કરતા વધુ કોઇને પગાર મળતો નથી એટલે સ્પષ્ટપણે કહી શકાય કે મિનિમમ વેજીસની આસપાસ જો એમને પગાર ના મળતો હોય તો આરોગ્યની બાબત કયાંક ને કયાંક કથળશે એટલા માટે મારી વિનંતી છે કે ભલે પ્રાઇવેટ કોન્ટ્રાકટર દ્વારા આ લોકોને પગાર ચૂકવવામાં આવે પણ સરકાર તરફથી જે ૧૭૦૦૦ રૂપિયા જેવી રકમ ચૂકવવામાં આવે છે એની આસપાસ જો ચૂકવવામાં આવશે તો આપણે આવા લોકોનું ભલું કર્યું કહેવાશે. મત્સ્યોદ્યોગ બાબતમાં માનનીય નાણામંત્રીશ્રી એમના અંદાજપત્રમાં જે વાત લઇને આવ્યા છે એમાં માંગરોળ, નવાબંદર, વેરાવળ, માધવડ, પોરબંદર, સુત્રાપાડા સહિતના નાના નાના ફીશીંગ બંદર માટે અંદાજે ૨૧૦ કરોડ જેવી માતબર રકમ ફાળવી છે એ આવકાર્ય છે પણ હું વિનંતી કરું છું કે મારી વિધાનસભાનું જાફરાબાદ બંદર આમાંથી વંચિત રહ્યું છે, એ કદાચ ભૂલાયું હશે તો હું વિનંતી કરું છું કે એનો પણ અહીંયાં સમાવેશ કરવામાં આવે જેથી કરીને એ લોકોને પણ એવું લાગે કે અમે પણ અન્ય વિસ્તારથી પાછળ નથી. મત્સ્યોદ્યોગ માટેની જો વાત કરવામાં આવે તો બોટ એ અતિ મહત્વનું સાધન છે. જો એમની પાસે યોગ્ય બોટ હશે તો જ એ ક્યાંકને ક્યાંક ફીશીંગ કરવા માટે જઈ શકશે. મારી પાસે એવી માહિતી છે કે ૨૦૦૨ પછી આવી બોટોનું રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવ્યું છે. એમની લંબાઇ પહોળાઈ વધારવાની મંજૂરી આપવામાં આવતી નથી તો મારી વિનંતી છે કે આગામી સમયની અંદર આ બાબતમાં પણ જો યોગ્ય રીતે ઠરાવવામાં આવે તો ઘણું બધું સારું થઇ શકશે. આજના સમયની અંદર જે વંચિત છે, જે પીડિત છે, શોષિત છે અથવા જે છેવાડાનાં ગામડામાં રહે છે, આવા લોકો જે રાજ્યના મુખ્ય પ્રવાહ સાથે જોડાયેલા નથી તો આવા લોકોને મત્સ્યોદ્યોગ સાથે જો જોડવામાં આવે તો હું એવું માનું છું કે, ફીશીંગ માટે દરિયામાં જવા માટેની પરમિશન સરકાર જો આપતી હોય તો ૧૫મી ઓગસ્ટથી લઇ અને ૧૦ જૂન સુધી આપે છે. બાકીનો દોઢ મહિનાનો સમયગાળો એને પરિવાર સાથે રહેવા માટે, પારિવારિક સંબંધ ઉકેલવા માટે, એમના જે કોઇ કાર્ય કરવા માટે માત્રને માત્ર દોઢ મહિનાનો સમય હોય છે એટલા માટે આ લોકો એમના પરિવાર પ્રત્યે, એમના સમાજ પ્રત્યે અથવા તો વિસ્તાર પ્રત્યે ધ્યાન આપી શકતા નથી. તો હું એવી વિનંતી કરવા માગું છું કે આવા ફીશીંગમાં જવા માટેનો સમય ૧૫ ઓગસ્ટથી લઇને ૩૧ માર્ચ સુધીનો રાખવામાં આવે તો ૪ કે ૫ મહિનાનો ગાળો પરિવાર સાથે વધુ રહેવાનો આવશે તો આવા લોકો પણ મુખ્ય પ્રવાસ સાથે જોડાશે અને એ આજના સમયની માગ છે. મારી અને આપની ફરજ પણ છે. મારા વિસ્તારમાં શિયાળ બેટ અને અન્ય બેટ આવેલા છે. અંદાજે ૮ હજાર જેટલી વસતિ બી.પી.એલ. નીચે રહેતા લોકોની છે. આપને જાણીને આશ્ચર્ય થશે કે આખા રાજ્યમાં આવડું મોટું ગામ હોય અને ત્યાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર ન હોય તો એ આ બાબત છે. એમને બધી વસ્તુઓ લેવા માટે ૪૦ કિલોમિટર દૂર જાફરાબાદ શહેરમાં જવું પડે છે ત્યારે હું માનું છું કે, ચોખા, ઘઉં કે રેશનની અન્ય વસ્તુઓ જેટલી સસ્તી એને મળે છે એટલો જ ખર્ચ એને ટ્રાન્સપોર્ટેશનમાં થાય છે. હું વિનંતી કરું છું કે આ બાબતને ગંભીરતાથી લઇને ત્યાંની આજુબાજુમાં દુકાન ખોલવામાં આવે. જેથી કરીને એ લોકોને એવું થશે કે અમને વસ્તુઓ અહીં જ મળી રહે છે. દરિયાઇ પટ્ટી ઉપર પીવાના પાણીની સમસ્યા દિવસે દિવસે વધી રહી છે ત્યારે આપણે બધા ઇચ્છીએ તો સેલિનેશન પ્લાન્ટ આવા વિસ્તારમાં ઊભા કરવામાં આવે તો સ્વચ્છ પાણીની સુવિધા એ બધાને આપી શકીએ તેમ છીએ અને એ લોકોને પણ થશે કે પાણી માટે અમારે વલખાં મારવા પડતા નથી. આજે દરિયા કાંઠાની જમીનો ધોવાઈ રહી છે. મારા વિસ્તારમાં પણ ચાંચ બંદરથી લઇ ધારા બંદર સુધીનો ૭૦ કિલોમિટર જેટલો એરિયા દરિયાઇ પટ્ટી ઉપર આવ્યો છે અને જમીન ધોવાણ થઇ રહ્યું છે. આ જગ્યાએ જો પૂર સંરક્ષણ દિવાલો આ વિસ્તારમાં બનાવવામાં આવે તો એનું નિવારણ આવી શકે. મારા વિસ્તારમાં ચાંચ બંદર, ખેરા અને પટવા આ ત્રણ ગામની વસતિ અંદાજે ૨૦ હજારની છે. રાજુલા શહેર અને મહુવા વિસ્તાર સાથે આ લોકોને ઘણો બધો ઘરોબો છે. ખરીદી કરવા માટે આ લોકોને રાજુલા અથવા મહુવા આવવું પડે છે. હું આપને વિનંતી કરું છું કે, માત્ર ૫૦૦ મિટરની એક ખાડી ઉપર પુલ બાંધવામાં આવે તો અંદાજે ૪૦ કિલોમિટર જેટલું અંતર મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે અન્ય લોકો સાથે જોડાણ માટે, પોતાના પરિવારના ભરણ પોષણ કરવા માટે અથવા ખરીદી કરવા માટે આ લોકોનું બચી જશે. આથી વિનંતી કરું છું કે, ૫૦૦ મિટર જેટલો પુલ વિકટર પોર્ટ ઉપરથી બનાવવામાં આવે તો એ લોકો માટે ઘણું સારું કર્યું કહેવાશે. આગામી સમયમાં જળ સંપત્તિ અને પાણી પુરવઠાની વાતો કરીએ તો એ બાબતમાં ચોક્કસપણે કહી શકાય કે આજે ભાવનગરથી સોમનાથ અને સોમનાથથી દ્વારકા સુધી ચાર માર્ગીય રસ્તાનું કામ થઇ રહ્યું છે. આવા રસ્તા ઉપર મોટા પ્રમાણમાં માટી કાઢવામાં આવી રહી છે. એ યોગ્ય રીતે સિક્યોર કરીને ત્યાં પાણી ભરવામાં આવે તો સારું થઇ શકે એમ છે. મારા વિસ્તારમાં ધાતરવડી-૧ , ધાતરવડી-૨ અને રાયડી ત્રણ મોટા ડેમો આવેલા છે. જ્યારે રાજ્યના અત્યારના મુખ્યમંત્રીશ્રી રાજકોટથી આવે છે ત્યારે પાણીની અછત હતી ત્યારે આ

રાજ્યમાં સૌથી પહેલું ટ્રેનથી પાણી પહોંચાડવાનું કામ કર્યું હોય તો અમારા પક્ષે કર્યું હતું. હું આશા રાખું છું કે, આપણી સૌની યોજનામાં આ વિસ્તારને પ્રાધાન્ય આપવામાં આવે તો સારું. આજે કૂવાઓ બનાવવા માટે સરકાર કમર કસી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ વધારે આપવામાં આવે એવી વિનંતી છે. જ્યારે આવા કૂવાઓ થાય છે ત્યારે એવું કોઇ પ્રાવધાન નથી કે આડા દાર કરવામાં આવે. નવા દાર કે કૂવા કરવા માટે આપણે એક કે બે લાખ રૂપિયા વાપરતા ખચકાતા નથી. પણ જો આડા દાર કરવામાં આવે તો પાણીના સ્ત્રોત સારા થઇ શકે એમ છે. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વાત કરું તો મારી વિનંતી છે કે ભાવનગરથી દ્વારકા સુધીનો રસ્તો બની રહ્યો છે. આવા રસ્તા ઉપર જે વિસ્થાપિતો હતા અને રોડ પહોળો કરવા માટેની પ્રવૃત્તિ હતી એના હિસાબે ઘણા પરિવારોના મકાનો એમાં ગયા છે. માનનીય મંત્રીશ્રી આવા મકાનો જ્યારે આપણે એમને યોગ્ય રકમ ચૂકવી લઇ લીધા છે. એમને બીજી જગ્યા રહેવા માટે નહોતી. એ એમના ખેતરોમાં રહેવા માટે ગયા છે ત્યારે ઊર્જા મંત્રીશ્રીને વિનંતી છે કે ભલે એમના ખેતરમાં રહેવા ગયા હોય પણ જ્યોતિ ગ્રામ યોજના અન્વયે એમને વીજ કનેકશન આપવામાં આવે. કારણ કે એમની તાતી જરૂરિયાત છે તો આ બાબતની અંદર યોગ્ય કરવામાં આવે એમ હું ઇચ્છું છું. ઉદ્યોગ અને ખાણ વિભાગની વાત કરવામાં આવે તો ઉદ્યોગની અંદર જે લોકો આપણા વિસ્તારમાંથી પૈસા કમાય છે એમની જવાબદારી છે કે જે સોશિયલ રિસ્પોન્સીબિલીટી ફંડ એ વિસ્તારમાં વપરાય એ માટે સૌથી વધુ પ્રાધાન્ય એને આપવામાં આવે એવું હું ઇચ્છું છું. ખાસ કરીને ઉદ્યોગોમાં ખાણ બાબતની વાત કરવામાં આવે તો જે ખાણકામ થઇ રહ્યું છે અને મોટા પ્રમાણમાં ખાડાઓ થયા છે એમાં યોગ્ય રીતે પાણીનો સંગ્રહ કરવામાં આવે તો પાણીનું પણ ઘણું બધું થઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી છેલ્લી વાત આ રાજ્યના ગૃહ મંત્રીશ્રીને વિનંતી સાથે કરવા ઇચ્છું છું કે, દરિયાઇ પટી ઉપર વિશેષ તકેદારીના ભાગરૂપે ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો આવેલો છે ત્યારે ખાસ કરીને નાયબ પોલીસ અધિક્ષકની પોસ્ટ ભરવામાં આવી છે. આ બધી જ પોસ્ટ ઉપર આઇ.પી.એસ. દરજ્જાના અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે તો ક્યાંકને ક્યાંક આપણે આ રાજ્યના સીમાડા સાચવી શકીશું. છેલ્લી વાત કરું તો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જગદીશભાઇ, (અંતરાય) માનનીય સભ્યશ્રી, આપની વાત પૂરી થાય છે. માનનીય જગદીશભાઇ આપણે ખાલી ૩૦ સેકંડ આપીએ.

શ્રી અમરીષભાઇ જી. ડેર : પ્લીઝ, સાહેબ, એક છેલ્લી વાત કરું તો સેઇફ અને સિક્યોર ગુજરાત અંતર્ગત મોટા અને મધ્યમ શહેરોને આપણે આમાં સાંકળ્યા છે ત્યારે નાના શહેરોને પણ જો યોગ્ય સી.સી.ટી.વી. કમેરાથી મઢવામાં આવે તો ઘણું બધું સારું થઇ શકશે. આપણે ગ્રામ રક્ષક દળ, હોમગાર્ડ અને સાગર રક્ષક દળને જે પગારો આપીએ છીએ એ અન્ય રાજ્યો કરતા ઓછા છે તો આ બાબતમાં પણ યોગ્ય થાય તો આપણા બધાય સીમાડાની રક્ષા વધારે સારી રીતે થઇ શકશે. આપ સૌનો આભાર.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને અને નાણામંત્રીશ્રી નીતિનભાઇને લાખ લાખ અભિનંદન આપું છું કે એમણે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે જે બજેટ આપ્યું છે એ બજેટ માટે શ્રી નીતિનભાઇ સાહેબને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે ઇન્ડસ્ટ્રી એક એવો વિષય છે કે જે દરેક જણને રોજગારી પૂરી પાડે છે. સર્વાંગી વિકાસમાં પણ ખૂબ પાયાની જરૂરિયાત છે અને ઇન્ડસ્ટ્રીના કારણે કોઇપણ ક્ષેત્ર હોય એ એગ્રીકલ્ચર હોય, ટેકસટાઇલ હોય, મેન્યુફેકચરીંગ હોય એમાં ઇન્ડસ્ટ્રીનો હિસ્સો entire ઇન્ડિયાના જી.ડી.પી.માં ગુજરાતની ઇન્ડસ્ટ્રીનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. ત્યારે અમારા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનું જે વિઝન છે where there is a will, there is a way આ sentence ને prove કરે છે સાથે સાથે I can, I will and I have confidence ના ઉદ્દેશ સાથે અમારી સરકાર જ્યારે આગળ વધી રહી છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે જે રીતે એગ્રીકલ્ચરની વાત કરીએ તો સમગ્ર હિન્દુસ્તાનની અંદર એગ્રીકલ્ચરનો જે હિસ્સો છે, એગ્રીકલ્ચરને ડેવલપ કરવા માટે, સારું એગ્રીકલ્ચર કરવા માટે એની સાથેની substitute industry છે તેનો પણ ખૂબ મોટો ફાળો છે. ગુજરાતની વાત કરીએ તો ગુજરાતની અંદર ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝ હોય કે કોટન અને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ હોય. પહેલાના સમયમાં આપણે જે કપાસ ઉગાડતા હતા એ કપાસ આપણે બીજા રાજ્યોમાં પ્રોસેસ માટે મોકલી દેવું પડતું હતું. મને આનંદ થાય છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જે પોલિસી લાવવામાં આવી અને જે સ્પિન્ડલો નાંખવામાં આવી અને સ્પિનિંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આજે ૨૫ લાખ કરતા પણ વધારે સ્પિન્ડલો એ ગુજરાતની અંદર છે અને માત્ર સ્પિન્ડલ એકલી નહીં. કોટનમાંથી દોરો બને છે, દોરો બનાવીને અલગ પ્રોસેસીંગ કરવામાં આવે છે, વિવિંગ કરવામાં આવે છે. વિવિંગ કર્યા બાદ એના પ્રોસેસિંગ યુનિટ કરવામાં આવે છે. ત્યારબાદ સ્ટીચિંગ ઇન્ડસ્ટ્રી અમારાં અમદાવાદની વાત કરું તો માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ એ વખતે મુખ્યમંત્રી હતા અને એમણે જે એપરલ પાર્ક ડેવલપ કર્યા અને એ એપરલ પાર્કના કારણે લગભગ એકાદ લાખ કરતા પણ વધારે રોજગારી ઊભી થઇ અને હમણાં જ આપણા વિદેશમંત્રી શ્રી એસ. જયશંકર સાથે મળવાનું થયું. જ્યારે રાજ્યસભાના ઇલેકશન બાદ મુખ્યમંત્રીશ્રી આવ્યાં અને જોડે બેસવાનું થયું ત્યારે જે ચર્ચા કરતા હતા કે રેડીમેડ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી જે અત્યારે સૌથી cheap labour જે બાંગ્લાદેશ અને વિયેટનામમાં છે, જેમ ચીનની અંદર સસ્તું વિવિંગ અને સ્પિનિંગ છે. આજે ચીન ઉપરથી એની ક્વોલિટીમાંથી લોકોનો વિશ્વાસ ઉઠવા માંડ્યો છે અને ફરીથી ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીઝ તરફ આખું વર્લ્ડ વળી રહ્યું છે. ત્યારે એનો ખૂબ મોટો ફાયદો ગુજરાતને પણ મળી રહ્યો છે અને જ્યારે માનનીય વડાપ્રધાન સાથે બેઠા ત્યારે શ્રી એસ.જયશંકરે પણ કહ્યું કે, ઇન્ડસ્ટ્રીઝને ડેવલપ કરવા માટે

પોલિસી ચેઇન્જ કરી રહ્યા છીએ. એના કારણે ખૂબ મોટો એક વધારો જોવા મળી રહ્યો છે. સિરામીક ઇન્ડસ્ટ્રીઝ હોય, કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ હોય, ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝ હોય કે ફાર્માશ્યુટીકલ ઇન્ડસ્ટ્રી હોય હમણાં જ આપને વાત કરું કે ટેક્ષટાઇલનું ખૂબ મોટું વર્લ્ડ લાર્જેસ્ટ એકઝીબીશન બાર્સેલીનામાં થયું ત્યારે મારે પણ પાર્ટીસીપેટ થવાનું થયું હતું. બાર્સેલીનામાં ટોટલ ૮૦૦ સ્ટોલ ઇન્ડીયન હતા. ૮૦૦ સ્ટોલમાંથી ૧૯૮ સ્ટોલ ઇન્ડીયન મેન્યુફેકચરરના હતા અને આપણને આનંદ થાય. માનનીય નીતિનભાઇ સાહેબ, કે ૬૦ મેન્યુફેકચરર માત્ર ગુજરાતના હતા અને એમાંય ૪૮૦૦ જેટલા વિઝીટર્સ ગુજરાતમાંથી બાર્સેલીના ગયા હતા. આ એકઝીબીશન જોવા માટે અને જે પણ સુરતના મિત્રો અહીંયાં છે તેમને કહીશ કે સુરતની અંદર ટેક્સટાઇલ ગ્રોથ જે થઇ રહ્યો છે એ સુરતની અંદર જે વોટર જેટ મશીનરી ચાલી રહી છે, વોટર જેટ લુમ્સો આવી રહી છે અને ખૂબ સારો ગ્રોથ એમાં છે. અત્યારે અમદાવાદને જેમ પહેલા ટેક્સટાઇલનું માન્ચેસ્ટર કહેવાતું હતું અને કોંગ્રેસના સમયની અંદર મારે કહેવું છે આખી ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ પૂરી કરી નાખી. ફરીથી શ્રી નરેન્દ્રભાઇ, શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇના સહયોગથી ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝનો ગુજરાતમાં ગ્રોથ થઇ રહ્યો છે અને સાથે ને સાથે ઇન્ડસ્ટ્રીઝ ડેપલપ થઇ રહી છે. આજે મને કહેતા આનંદ થાય છે કે કાગળથી લઇ, રોકેટ લોન્ચરથી માંડીને દરેક વસ્તુ આજે ઇન્ડિયાની અંદર આપણે મેન્યુફેકચરીંગ કરવા માંડ્યા છીએ. પહેલા જે કોંગ્રેસની નીતિ હતી, કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી. જે વેપન્સ આપણે ઇમ્પોર્ટ કરવા પડતા હતા. વેપન્સની જે પોલિસી હતી, મેક ઇન ઇન્ડીયા અંતર્ગત પહેલા કોઇ વેપન્સ મેન્યુફેકચર કરવા આવે તો પરમિશન નહોતી અને જે સી.એન.સી. મશીનો આવતા હતા એ ત્યાંની સી.એન.સી. યુરોપની મશીનરી આપણે લેવા જઇએ તો મશીનરીમાં કરાર કરવામાં આવે કે તમે કોઇપણ પ્રકારના વેપન્સ ડેવલપ નહીં કરી શકો. વેપન્સ ટેકનોલોજી ડેવપલ નહીં કરી શકો. શ્રી નરેન્દ્રભાઇના આવ્યા પછી એ પોલિસીમાં ફેરફાર થયા, પોલિસીની અંદર જ્યારે પહેલા ૮૦ અને ૨૦ નો રેશીયો હતો તમે ૨૦ ટકા મેન્યુફેકચરીંગ કરી શકો. જ્યારે આજે શ્રી નરેન્દ્રભાઇના આવ્યા પછી ૫૫ ટકા હિસ્સો ઇન્ડિયન મેન્યુફેકચરરનો લીધો છે અને એના કારણે ફોરેનના બધા જ ઇન્વેસ્ટર્સ અહીંયાં આવી રહ્યા છે. ઇકોનોમીની વાત કરું તો જી.ડી.પી.નો રેન્ક જો જોઇએ તો આખા ઇન્ડિયાની અંદર થર્ડ રેન્ક ગુજરાતનો આવ્યો છે. જી.ડી.પી.નો ગ્રોથ ગણીએ તો ૧૩.૩ ટકા ૨૦૧૭-૧૮માં જોવા મળી રહ્યો છે. હાઉસના મિત્રોને જણાવતા આનંદ થાય છે કે એ વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન તે વખતે જે વાઇબ્રન્ટ શરૂ કરીને ગયા અને પક્ષાપક્ષીની રાજનીતિ, જ્ઞાતિવાદની રાજનીતિ દૂર થઇ અને ઇન્ડસ્ટ્રીઝના ડેવલપમેન્ટ માટે જે ૨૦૦૩થી વાઇબ્રન્ટની શરૂઆત થઇ. ૨૦૧૯ સુધીમાં કુલ ૯ વખત આપણે વાઇબ્રન્ટ કર્યા અને વાઇબ્રન્ટ માત્રને માત્ર ગુજરાતમાં નહીં, ગુજરાતની પ્રેરણા લઇને બીજા રાજ્યોએ વાઇબ્રન્ટની શરૂઆત કરી. ૨૦૦૩ની અંદર જ્યારે પહેલું વાઇબ્રન્ટ કર્યું ત્યારે ૮૦ જેટલા એમ.ઓ.યુ. થયા અને પ્રોજેક્ટ આવ્યા. ૨૦૦૫ની અંદર ૨૨૭ થયા, ૨૦૦૭ની અંદર ૪૫૪ થયા, ૨૦૦૯ની અંદર ૩૫૭૪ એમ.ઓ.યુ. થયા, ૨૦૧૧માં ૮૩૮૦ એમ.ઓ.યુ. થયા. ૨૦૧૩ની અંદર ૧૭૭૧૯ એમ.ઓ.યુ. થયા. ૨૦૧૫ની અંદર ૨૧૩૦૪ એમ.ઓ.યુ. થયા. ૨૦૧૭ ની અંદર ૨૪૭૭૪ એમ.ઓ.યુ. થયા. શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની સરકાર હેઠળ શ્રી નરેન્દ્રભાઇ જ્યારે ફરીથી આવ્યા ત્યારે અહીંયાં આગળ ગુજરાતમાં ૨૪૭૭૪ એમ.ઓ.યુ. થયા. ફરીથી મુખ્યમંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇને અભિનંદન પાઠવું છું કે ૨૦૧૯માં ૨૮૩૬૦ એમ.ઓ.યુ. થયા. કુલ ૧૦૪૮૭૨ જેટલા નાના કે મોટા એમ.ઓ.યુ. થયા, ઇન્ડસ્ટ્રીઝો આવી અને રોજગારીની વાત કરું તો કદાચ મૂડીરોકાણો જે થયા છે એ રૂ.૯૦ લાખ કરોડ કરતા પણ વધારે મૂડીરોકાણો થયા છે. રોજગારીની વાત કરું તો કુલ ૨૯,૪૧,૯૩૯ જેટલી રોજગારીની તકો ઊભી થઇ છે. એના કારણે ગુજરાતના યુવાનોને ખૂબ મોટી રોજગારી મળી છે. ત્યારે મને આ સરકારને લાખ લાખ ધન્યવાદ આપવાનું મન થાય છે અને મને ગર્વ થાય છે કે હું માનનીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની સરકારમાં કામ કરું છું. બીજી એક વાત કરું તો ગુડ ગવર્નન્સ. જ્યારે વાઇબ્રન્ટની વાત આવે, ગુજરાતની અંદર એમ.ઓ.યુ. કરવાની વાત આવે કે ઇન્વેસ્ટમેન્ટ કરવાની વાત આવે તો why only in Gujarat ગુજરાતને પ્રીફર કરતા થયા છે Not only the investors of Gujarat, but foreign investors also come to Gujarat.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ ઠુમ્મર, આપને એક મિનિટ વધારે આપી.

શ્રી જગદીશ પંચાલ : થેન્ક યુ, અધ્યક્ષશ્રી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રીએ ૨૦૧૯-૨૦ નું ફેરફાર કરેલ અંદાજપત્ર લઇને આવ્યા છે. તેમાં મારાં સૂચનો રજૂ કરવાં માટે ઉભો થયો છું. પથી ૬ સભ્યોએ પોતાનાં સૂચનો રજૂ કર્યાં છે. વિરોધ પક્ષના નેતાશ્રી બોલતા હતા ત્યારે મેં એમને બરાબર રીતે સાંભળ્યા. ડો.નીમાબેનને બરાબર સાંભળ્યા. આજે હું શાંતિથી સાંભળું છું, કારણ કે આ આપણું ૯ મહિનાનું બજેટ છે. મને વિશ્વાસ હતો, મને લાગણી હતી કે કદાચ ૨૬-૨૬ બેઠક ભાજપને આવડી મોટી બહુમતી ભલે એ *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખીએ છીએ. માનનીય વિરજીભાઇ, આપ બજેટ ઉપર આવો. એમાં ખોવાઇ જશો અને મુખ્ય વાત રહી જશે. પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ત્યારે મને એમ હતું કે શ્રી નીતિનભાઇ, ''જગતના તાતની પડખે સરકાર'' એવા શબ્દો સાથેનું બજેટ રજૂ કરશે. ખેડૂત આજે મુશ્કેલીમાં મુકાયો છે. પાણીદાર સરકારને કલરફૂલ સાથેની વાતને કહેવા માગું છું કે, આજે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ખેડૂત બિચારો બન્યો છે. આ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી, દેશના વડાપ્રધાન અને વાતો કરતા સ્વપ્ન હતું કે ખેડૂતની ૨૦૨૨ માં આવક ડબલ કરવાની ધારણા સાથે કામ કેન્દ્રમાં કરી રહી છે. ખેડૂતોની પડખે સરકાર આવશે તો મને ગમશે. ખેડૂત એટલે જગતનો તાત, પરંતુ આ ઘમંડમાં ક્યાંક મુશ્કેલી ખેડૂતોને ન પડે તે જોવા માટે શ્રી નીતિનભાઇ, બહુ જરૂરી છે. ઘણા વખતથી સત્તા મળી છે. પણ એ વિશ્વાસ રાખવો પડે કે મોઢામાં ગયેલો કોળિયો, એમાં કાંકરી આવે તો કોળિયો નાખી દેવો પડે છે. આ જગતનો તાત આજે મૂંઝાયો છે. ખેડૂતોની પાક વીમાની યોજના હોય, કરોડો રૂપિયાના પ્રિમિયમ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીને કહેવા માગું છું કે પ્રાઇવેટ કંપનીઓ લઇ જાય છે. ગઇ કાલે પ્રશ્નમાં જોયું અને આજના પ્રેસમાં પ્રસિદ્ધ થયું છે. કરોડો રૂપિયાનું પ્રિમિયમ લઇને લીલાલહેર કરે છે. ખેડૂત જગતનો તાત આજે પાક વીમાથી વંચિત રહે છે. હું જ્યાંથી ચૂંટાઇને આવું છું તે લાઠી, બાબરા કહેવાય છે. બાબરા એ વિસ્તાર છે કે જ્યાં પાંચાળીનો સ્વયંવર રચાયો હતો. મેં અગાઉ કહ્યું હતું અને કહેવાય છે કે નહિ આવળ, બાવળ અને કાંકરા, નહિ પાણાનો પાર, જગતને વાળું કરાવે એ અમારો પાંચાળ. આજે અછતમાં મારો તાલુકો લાઠી પણ છે, બાબરા પણ છે, અમરેલી જિલ્લાનો ધારી તાલુકો પણ છે. એ ખેડૂતોને કપાસનો વીમો મળ્યો નથી. અછત હોવા છતા પાક વીમો ન મળે. શ્રી નીતિનભાઇ, ચિંતા વ્યક્ત કરો. આટલી મોટી સત્તા મળી છે. કોઇ દિવસ...(અંતરાય) ખેડૂતોની મશ્કરી ન કરો. શાંતિથી સાંભળો. આવડી મોટી ચિંતા વ્યક્ત કરવાની જવાબદારી મળી છે. નાણા ખાતું છે, આરોગ્ય ખાતું છે, માર્ગ મકાન ખાતું પણ છે. આટલા મોટા ખરેખર ડિપાર્ટમેન્ટની દયા મળી હોય તો તમને મળી છે. મુખ્યમંત્રી કરતા વધારે જવાબદારી તમારા ઉપર છે. અમને સંતોષ પણ આપો છો મારે કહેવું છે. શ્રી નીતિનભાઇ, ખરેખર અમને માર્ગ મકાન ખાતામાં રસ્તામાં સંતોષ મળ્યો છે. ખેડૂતો માટે ચિંતા કરો. ખેડૂત એ જગતનો તાત છે. હું કહું છું કે મુખ્યમંત્રી બનાવો. પહેલું વહેલું સ્ટેટમેન્ટ મેં જ કર્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, પાછો આપનો વિષય છટકી જશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એટલા માટે કહેવું છે કે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાના કારણે ગુજરાતના ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. એના માટે ફરી વખત ચિંતા કરવામાં આવે. મોટી મોટી કંપનીઓ પ્રિમિયમ ઉઘરાવી જાય છે. એના બદલે રાજીવ ગાંધીની યોજના હતી. કેન્દ્ર સરકારના ૩૦ ટકા, રાજ્ય સરકારના ૩૦ ટકા અને ૩૫ ટકા આપણી વીમા કંપની બનાવી હતી એમાં એને ફરી વખત કામગીરી આપો. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે ખેડૂતોને પાકવીમો મળતો હતો. આજે રિલાયન્સવાળા પૈસા લઇ જાય છે, બીજી કંપનીવાળા લઇ જાય છે. હું ઇફ્કોનો ડાયરેક્ટર રહી ચૂક્યો છું. અમારી ઇફ્કો ટોકીયો કંપનીનો આજે જો નફો હોય તો આ પાકવીમા અને બીજા પ્રિમીયમ આવે છે તેમાંથી મોટો નફો થાય છે. ખાતરમાં નફો થતો નથી. આ નફો કરતી કંપનીઓ વધારે નફો કરે છે તેના બદલે ખેડૂતોને પોષણક્ષમ ભાવ અને પાક વીમો આપે તેવી મારી માગણી કરું છું. સૌની યોજના, સૌની યોજના બહુ સારો શબ્દ લાગે છે. સૌની યોજના મારફત ડેમો ભરાય તો સૌરાષ્ટ્રને બચાવી શકાય તેમ છે.

**સભાપતિ ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષ સ્થાને.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સૌની યોજનામાં તમે પણ એક પ્રશ્નના જવાબમાં બે દિવસ પહેલાં સ્વીકાર્યું છે કે ૮૭ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. જે કોઇ કૌભાંડી હોય શ્રી નીતિનભાઇ, તેને પકડીને જેલ હવાલે કરો, આ કોંગ્રેસ તમને ટેકો આપવા માગે છે. તેમાં તપાસ કરવામાં આવે અને તેમાં કોઇ અધિકારી ફસાયેલા હોય તો તેમને પણ જેલ હવાલે કરવા માટેની તાકાત રાખો. સૌની યોજના સારી યોજના છે. તે સારી યોજના છે ત્યારે નાની નાની માછલીઓ પકડાય અને મોટા મગરમચ્છ છૂટી ન જાય તેની કાળજી સરકાર લે તેવી લાગણી વ્યક્ત કરું છું. સૌની યોજનામાં હું અગાઉથી કહેતો આવ્યો છું કે, અમારા અમરેલી જિલ્લાના સાથણી ડેમને ભરવા માટેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સભાપતિશ્રી : માનનીય શ્રી રાકેશભાઇ શાહ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : બેનશ્રી, હજું મારી પંદર મિનિટ છે. મારી પંદર મિનિટ છે. તમે જુઓ મને પંદર મિનિટનો સમય આપ્યો છે.

સભાપતિશ્રી : સોરી, આપ ચાલુ રાખો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સૌની યોજનામાં સાથણી ડેમને ભરવા માટેનો સમાવેશ કર્યો છે, તેવું બે દિવસ પહેલાંના પ્રશ્નના જવાબમાં કહ્યું છે. આવતા વર્ષમાં એટલે કે ૨૦૨૦-૨૧માં સૌની યોજનામાં સમાવેશ કરાયેલા તમામ ડેમોને ભરી આપવામાં આવશે. આ સૌની યોજનાનું તો ખાતમુહૂર્ત જ થયું નથી. માનનીય નીતિનભાઇ પધારો અમરેલી. આવો અમારા કચ્છમાં એમ નહીં, આવો અમારા સૌરાષ્ટ્રમાં અને આવો અમારા અમરેલીમાં. અમે તમને આવકારીએ છીએ. તેનું ખાતમુહૂર્ત કરો અને તાત્કાલિક તેનું કામ ચાલુ કરો તેવી લાગણી વ્યક્ત કરવા માગું છું. કલ્પસર યોજના એ સૌરાષ્ટ્રની જીવાદોરી યોજના છે. ભાડભૂત ખાતે રૂ.૧૩૦/- કરોડની ફાળવણી કરી છે તેના માટે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ રૂ.૧૩૦/- કરોડની તમે જે ફાળવણી કરી છે અને શ્રી કેશુબાપા પછી કલ્પસર માટે ફરી ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હોય તો શ્રી નીતિનભાઇ આપે કર્યો છે તેના માટે હું અભિનંદન આપું છું. શ્રી કેશુબાપાની અભરાઇએ ચડાવેલી આ કલ્પસર યોજના ભાડભૂત માટે રૂ.૧૩૦/- કરોડની ફાળવણી કરી છે તેના માટે તાત્કાલિક ટેન્ડર ઓપન થાય અને કામગીરી શરૂ થાય તેવી લાગણી વ્યક્ત કરું છું. દહેજથી સુરત જવા માટેનું અંતર ૩૫ કિલોમિટર ઘટી જાય છે અને ત્યાં જે પાણી ભરાય છે તેના લીધે ખારાશ થતી જમીનને અટકાવવા માટેનું કામ આ યોજનાથી થવાનું છે. હું ખાતરી સમિતિનો સભ્ય રહી ચૂક્યો છું. શ્રી

આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

વલ્લભભાઇ કાકડિયા અહીં બેઠા છે તે ખાતરી સમિતિના ચેરમેન છે અને આ સ્થળ ઉપર અમે જઇ આવ્યા છીએ. સ્થળની વિઝીટ કરી છે. સૌરાષ્ટ્રના યુવાનો આજે રાહ જોઇને બેઠા છે. ભાડભૂતનું તાત્કાલિક ખાતમુહૂર્ત થાય અને તેને સંલગ્ન કામગીરી થાય. અમારું સૌરાષ્ટ્ર આજે ભાંગી પડ્યું છે. સૌરાષ્ટ્રનો યુવાન સુરત તરફ મીટ માંડીને બેઠો છે. સુરત જવા માટે ૪૮૦ કિલોમિટર જેટલું અંતર થાય છે એટલે આ ભાડભૂત યોજના થશે અને ત્યાર પછી કલ્પસર યોજના થશે તો ૬૦ કિલોમીટરમાં ત્યાં પહોંચી શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવાનું છે. મારી લાગણી છે કે, કલ્પસર યોજના માટે સરકારે જે વિચારણા કરી છે તે આગળ ધપાવવામાં આવે. આલ્કોક એશ કંપની બ્રિટીશરોએ સ્થાપેલી કંપની ભાવનગરમાં હતી. જેનો લાભ અમરેલીને મળતો હતો. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી ચાંચ બંદરે આવ્યા હતા અને માનનીય અમરીશભાઇએ ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારે એમ કહ્યું કે આ કંપનીના કારણે સૌરાષ્ટ્ર અને અમરેલી શીપ હબ બનવાના છે. તે કંપની આજે બંધ થઇ ગઇ. તેના કર્મચારીઓને છૂટા કરી દેવામાં આવ્યા. રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એશ્યોરન્સ આપ્યું હતું કે આ કંપની બંધ કરવામાં નહીં આવે. હમણાં આવેલા રાજ્યપાલશ્રીના ગેઝેટમાં મેં વાંચ્યું છે કે, આ કંપનીને બંધ કરી દેવામાં આવી. તમે જેને શીપ હબ બનાવવા માટેનું સૌરાષ્ટ્રનું સપનું જોતા હતા, બ્રિટીશે સ્થાપેલી કંપની બંધ થઇ જાય, ચાંચ બંદરનો વિકાસ કરવા માટે, રાજુલાનો વિકાસ કરવા માટે, અમરેલી જિલ્લાનો વિકાસ કરવા માટેનો મહત્વનો પાયો હતો તે કંપનીઓ બંધ થતી જાય છે તેના માટે ચિંતા વ્યક્ત કરવામાં આવે તેવી હું લાગણી વ્યક્ત કરું છું. ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ બેઠા છે. દારૂબંધીની ચિંતા વ્યક્ત થાય છે. દારૂબંધી આજે નિષ્ફળ થઇ રહી છે. દારૂબંધીની નિષ્ફળતા માટે જવાબદાર અધિકારીઓ છે. ચોટીલા મથકે રૂ.૪૦ લાખનો દારૂ પકડાય, ગઇ કાલે જ બાબરામાં રૂ.૩૨ લાખનો ૭૪૨ પેટી દારૂ ઉંટવડના ખેડૂતની જમીનમાંથી પકડાયો, તો આના માટે કોણ જવાબદાર છે? સરકાર ચિંતા કરે છે, સરકારની ચિંતા હોવા છતાં આ શા માટે બને છે? અમારા એસ.પી. કહે છે કે બહુ કડક છે, અમારા અમરેલી જિલ્લામાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા તૂટી પણ એમાં ચોરી કરનાર લોકો હજુ સુધી પકડાયા નથી. અમારા બાબરામાં આખે આખી તિજોરી ટ્રેઝરી ઓફિસમાંથી ઉપાડી ગયા એ ચોર પણ પકડાયા નથી. અનેક ખૂન થયા છે, આ પાંચમી વખત લાખો રૂપિયાનો દારૂ પકડાયો છે. ગૃહ ખાતાના જે કોઇ અધિકારીઓ હોય એના ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે, એની જવાબદારી ફિક્સ કરવામાં આવે. અમારું યુવાધન બગડી રહ્યું છે અને યુવાધન બગડી રહ્યું છે ત્યારે એના માટે શ્રી પ્રદિપસિંહ તમે ચિંતા કરો, કોંગ્રેસ પણ આ બાબતમાં તમને ટેકો આપશે. તમે હમણા એક ઇ-સિગારેટનો પ્રસ્તાવ લઇને આવ્યા હતા ત્યારે પણ કોંગ્રેસે ટેકો આપ્યો છે ત્યારે આ બાબતમાં ઝડપથી કાર્યવાહી કરવા માટે મારી લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં વખતથી એક ચિંતા વ્યક્ત કરું છું કે, અમદાવાદને કર્ણાવતી નામ આપવા માટેનું કામ અને વિચાર ઘણાં વખતી ચાલી રહ્યો છે, શ્રી નીતિનભાઇ આનો યશ લેવાનું પણ કામ કરો. આજે બીજી વખત દેશના વડા પ્રધાન આપણા ગુજરાતના માજી મુખ્યમંત્રી બન્યા છે, કર્ણાવતી, કર્ણાવતી ક્યારનું આપણે સાંભળીએ છીએ, અમદાવાદના મારા શ્રી પંચાલ જતા રહ્યા નહીં તો એમને પણ કહેવું છે કે, કેમ તમે કર્ણાવતી યાદ કરતા નથી? આજે અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી રાખવામાં આવે એના માટે કેમ ચિંતા કરતા નથી? આવું સરસ સાતમી વખત બજેટ રજૂ કરવાનો મોકો મળ્યો છે ત્યારે ક્યાંકને ક્યાંક શંકાના ઘેરામાં આ વાત અટવાતી જાય છે. મારુતિ સુઝુકી કંપનીને રૂ.૮૩ કરોડની રાહત આપવામાં આવે તો ખેડૂતોને શા માટે નહીં? ખેડૂતોને પણ આવી રાહત આપવામાં આવે એવી મારી લાગણી વ્યક્ત કરવા માગું છું અને હું કહેવા માગું છું કે, શ્રી નીતિનભાઇ, જે બજેટ લઇને આવ્યા છે એમાં આરોગ્ય માટેની પણ ચિંતા કરી તેમ વિધવા બહેનો માટેની પણ ચિંતા કરવાની જરૂર છે. વિધવા બહેનોને છેલ્લા પાંચ પાંચ મહિનાથી વિધવા પેન્શન જે મળવું જોઇએ એ મળતું નથી અને મેં માનનીય મંત્રીશ્રીને પત્ર પણ લખ્યો છે, વિભાગને પણ પત્ર મળ્યો છે ત્યારે વિધવા બહેન રૂ.૭૫૦ની કેટલી આશા રાખતી હશે, એનો વિચાર તો કરો. પાંચ પાંચ મહિના સુધી વિધવા પેન્શનની સહાય ન ચૂકવાય એ બહુ ચિંતાનો વિષય છે. બહેનો માટેની વાત થાય અને વિધવા બહેનોની વેદના હોય ત્યારે આપણે ભાઇઓ અહીંયા બેઠાં બેઠાં સાંભળીએ છીએ? જે કોઇ અધિકારીની ભૂલ હોય એને પકડો, કેમ પાંચ પાંચ મહિના સુધી આ વિધવા બહેનોને ૭૫૦ રૂપિયાની સહાય ચૂકવાતી નથી? તેના માટે સરકારે ચિંતા કરવાની જરૂર છે.

આરોગ્ય કેન્દ્રો, બહુ સરકારનો ઉદ્દેશ સારો હતો અને એ વખતે માનનીય વલ્લભભાઇ પટેલ આરોગ્ય મંત્રી હતા તેમને મારે અભિનંદન આપવા છે. કેમ કે તેઓએ ગામડામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરુ કર્યાં છે. પરંતુ ડોક્ટરની ખામી છે અને સરકાર ડોક્ટરની ચિંતા કરે છે એ સારી વાત છે પણ ડૉક્ટર મળતા નથી. મારા જ એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, ૨૩ કરોડ રૂપિયા એમણે બોન્ડના ભરી દીધા અને ડોકટરોએ પ્રાઇવેટ હોસ્પિટલ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ ડૉક્ટર છો, ડૉક્ટરો પ્રાઇવેટમાં જાય એના માટે ફરજ કાંઇક નક્કી કરવી પડશે કે એણે પોતાની હોસ્પિટલ શરુ કરવી હોય તો શરુ કરે પરંતુ જ્યારે એમ.બી.બી.એસ. બન્યા છે ત્યારે આ ગુજરાતના હિત માટે એમણે ૮-૧૦ વર્ષ માટે ફરજિયાત સરકારમાં ગામડામાં સેવા આપવી પડશે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવવી પડશે. આ માટે ફરજ પાડવા માટે અથવા બોન્ડમાં વધારો કરવાની જરૂરિયાત ઊભી થઇ છે. આજે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓ નથી, આજે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વાત કરું તો મારું લાઠી હું જે વિસ્તારનો ચૂંટાયેલો સભ્ય છું એ કવિ કલાપિનું લાઠી છે. કવિ કલાપિના લાઠીમાં માનનીય અધ્યક્ષશ્રી, સિવિલનો દરજ્જો ધરાવતું તે વખતે ખૂબ મોટું રાજા કલાપિએ બાંધેલું આરોગ્ય સેન્ટર આજે હોસ્પિટલનો

દરજ્જો ધરાવે છે ત્યાં દવાઓ નથી. દવાઓ ન હોવાના કારણે મેં સરકારમાં પત્રો પણ લખ્યા છે, માનનીય મંત્રશ્રીના જવાબો પણ આવ્યા છે અને હું જ્યારે પત્ર લખું છું ત્યારે બે ત્રણ મહિના દવાઓનું બરાબર થઇ જાય છે પણ એનું કાયમી સૉલ્યુશન આવે એવી લાગણી સાથે હું વિનંતી કરું છું.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી અને એમના સાથી આદરણીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ ૨૦૧૯-૨૦નું લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ વચગાળાનું આવ્યું છે. ચૂંટણીનો માહોલ હતો અને ચૂંટણીમાં પણ ભારતીય જનતા પાર્ટીનો અને માનનીય નરેન્દ્રભાઇનો ભવ્ય વિજય અને આપણા પૂર્વ મુખ્ય મંત્રી ફરી એક વખત પાંચ વર્ષ દેશના વડા પ્રધાનની જવાબદારી લઇને આવ્યા છે. સામાન્યા રીતે બજેટ એક એવો અરીસો હોય છે કે જેમાં છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના નાણામંત્રી બજેટ રજૂ કરે છે, એનું કારણ એ છે કે એમનું આયોજન, એનું અમલીકરણ એના પરિણામો ગુજરાતની જનતાએ જોયા છે એટલે વારંવાર આ જવાબદારી એ ભારતીય જનતા પાર્ટીના નાણામંત્રીશ્રીને બજેટની મળે છે અને એના કારણે સૌનો સાથ સૌનો વિકાસ એ મંત્રને ચરિતાર્થ કરીને છેલ્લાં કેટલાય વરસોથી ગુજરાત એ દરેક ક્ષેત્રમાં નવા આયામો સર કરતું, અગ્રેસર થતું ને થતું આગળને આગળ વધતું રહે છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની સ્થાપના પછી આ સૌથી મોટું બજેટ, બે લાખ કરોડ કરતાં પણ વધારે રકમનું બજેટ નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું એમને હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. દરેક વિભાગ એની ઉત્તરોત્તર પ્રગતિ, નીતનવા સોપાનો અને વિકસિત એવું ગુજરાત રાજ્ય, અન્ય વિકસિત દેશોની સરખામણીમાં આપણું ગુજરાત રાજ્ય અત્યારે પહોંચી ગયું છે. હું શહેરી વિસ્તારમાંથી આવું છું, બજેટમાં સીધા શહેરી વિસ્તારની વાતચીતમાં એક તો અભિનંદન એના માટે આપું છું કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે ૧૩૧૪૯ કરોડ જેવી માતબર રકમ માનનીય નાણા મંત્રીશ્રીએ ફાળવી છે ત્યારે એમનો હ્રદયપૂર્વકનો આભાર માનું છું. કારણકે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત જે રીતે વિકાસશીલ રાજ્ય આગળ વધી રહ્યું છે, શહેરીકરણ વધી ગયું છે. ગામડામાંથી લોકો શહેર તરફ રહેવા આવ્યા છે, લગભગ ૪૫ ટકા વસતિ શહેરમાં રહેવા માંડી છે કારણ કે રોજગારી છે, શાંતિ છે, સલામતી છે, ધંધા-રોજગારો છે. એના કારણે દરેક શહેરી વિસ્તારમાં લોકોની રહેવાની સંખ્યા વધી છે. લોકો શહેરો તરફ વળી ગયા છે. ૪૫ ટકા એટલે લગભગ આશરે ૩ કરોડ લોકો શહેરી વિસ્તારમાં રહેતા થઇ ગયા છે. વિવિધ યોજનાઓના ભાગરૂપે શહેરી વિસ્તારમાં એ શહેરી વિકાસ યોજના હોય, મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતીની યોજના હોય એમાં ૭૦-૩૦ કે ૮૦-૨૦ની સ્કીમ હોય, મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૧૮ અને ૨૦૧૯ સુધીમાં આ યોજના અંતર્ગત લગભગ રૂ.૩૦,૫૦૦ કરોડથી વધુ રકમનો વપરાશ થયો છે, એનો ખર્ચ થયો છે. આ બજેટમાં પણ રૂ.૪૮૯૪ કરોડ જેવી માતબર રકમ એ મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના માટે ફાળવી છે. આ યોજનાથી આપણે સૌ જાણીએ છીએ કે જ્યાં મધ્યમ વર્ગના લોકો રહે છે, જ્યાં કાયદાની મર્યાદા નડતી હતી તેવા શહેરી વિસ્તારમાં, ત્યાં રસ્તા આર.સી.સી.ના હોય, પાણીની નવી લાઇન હોય, નવી ગટર લાઇન હોય, લાઇટ હોય એ બધી જ વ્યવસ્થાઓ આપણે પૂરી પાડી છે અને એના જ કારણે એક સુંદર શહેર બની ગયું છે, હું તો અમદાવાદ મહાનગરમાંથી આવું છું, આ એક એવું શહેર છે કે, લીવેબલ છે અને લવેબલ પણ થઇ ગયું છે. એ સિવાય પણ મહાનગરો હોય, નગરપાલિકાઓ હોય એ ભૂગર્ભ ગટર યોજના હોય, અમારા ઘણા બધા સાથીઓ નગરપાલિકા વિસ્તારમાંથી પણ આવે છે. એમાં પણ ૫૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ વિભાગ માટે મંત્રીશ્રીએ ફાળવી છે. શહેરી વિસ્તાર વધી રહ્યો છે. શહેરીકરણ થઇ રહ્યું છે. લોકોની વિવિધ જરૂરિયાતો હોય છે. આવાસોની પણ જરૂરિયાત ઊભી થાય છે. ઘરનું ઘર, સાચું ઘર, કાગળ ઉપરનું ઘર નહિ, પણ મુખ્યમંત્રી આવાસ યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લગભગ ૨૦૨૨ સુધીમાં આપણા વડાપ્રધાને કહ્યું છે કે લગભગ દરેક જણને પોતાના ઘરનું ઘર પાકું મકાન મળી રહેશે. ત્યારે ચાર લાખ એંશી હજારથી પણ વધારે આવાસો મંજૂર કર્યા છે અને એના માટે રૂપિયા૧૨૪૮ કરોડથી વધારે રકમની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સ્વચ્છ ભારત મિશનની પણ વાત લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે, જે રીતે એમણે વાતચીત કરી છે આપણે સૌ જાણીએ છીએ કે બીજી ઓક્ટોબર, ૨૦૧૯ જે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી છે, એના માટે સ્વચ્છ ભારતની ભેટ, આપણા વડાપ્રધાનનું આહવાન હતું એમાં મને કહેતા આનંદ થાય છે કે, વડાપ્રધાનશ્રીના એ આહવાનને દેશના બધા જ લોકોએ સ્વીકારી લીધું છે અને સ્વચ્છતાના યજ્ઞમાં સૌ સહભાગી થવા માગે છે. એના પરિણામો આપણે જોયા છે. રાજ્યના તમામ શહેરો અને નગરો સ્વચ્છ થાય, નાગરિકોનું આરોગ્ય સારું રહે, શહેરમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે, ગુજરાત રાજ્યના તમામ શહેરો સ્વચ્છ અને સ્વસ્થ બને તથા ઝીરો વેસ્ટ અને ડસ્ટ ફ્રી શહેરો બને એ કરવા માટે ગુજરાત સરકારે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરેલ છે. ૨૦૧૧ના સેન્સસ મુજબ બાકી રહેલા શૌચાલયો પણ જોવા જઇએ ને તો મહાનગરપાલિકામાં ૫,૬૦,૦૦૦ શૌચાલયો બનાવ્યા છે. શૌચાલયની વાત લઇને આવ્યા ત્યારે બધા મજાક કરતા હતા. પણ હવે જે રીતે શૌચાલય અને આ દેશની જનતા મહાનગરપાલિકાના લોકો પોતાના પરિવાર સાથે ઉપયોગ કરે છે ત્યારે આપણને સાચી પરિસ્થિતિની યાદ આવે છે કે આ કેટલી અગત્યની અને જરૂરિયાતની આ વસ્તુ હતી.

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : હું સ્વચ્છતાની વાત કરું તો આપે જે મને મિનિટ ફાળવી છે તેમાં હું મારી વાત પૂરી કરીશ. સ્વચ્છતાના જે સર્વેક્ષણો થયા છે મને કહેતાં આનંદ થાય છે કે આપણા ગુજરાતમાં સ્વચ્છતા અને સેનીટેશનના આધારે

સર્વેક્ષણના માધ્યમથી ૨૦૧૯માં ૪૨૩૭ શહેરોએ ભાગ લીધો હતો. ભારતના રાજ્યો પૈકી ગુજરાત રાજ્યને શ્રેષ્ઠ પ્રદર્શન બદલ Swachchh State in Fast Moving State આવાસ અને શહેરી વિકાસે આપણે એવોર્ડ આપ્યો છે. દસ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોમાં ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકે અમદાવાદને રાષ્ટ્રપતિના હસ્તક એવોર્ડ મળ્યો છે. દસ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોમાં ભારતના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરીમાં સુરત મહાનગરપાલિકાને પણ એવોર્ડ મળ્યો છે. રાજ્યની ૧૬૨ નગરપાલિકા પૈકી ૫૦ લાખથી ૧ લાખની વસતિ ધરાવતા શહેરોમાં ઉપલેટા નગરપાલિકાને પણ Fast Mover City નો પણ એવોર્ડ મળ્યો છે. ૨૫ લાખથી ૫૦ લાખની નાની ઓછી વસતિ ધરાવતા બગસરા નગરપાલિકાને પણ એવોર્ડ મળ્યો છે. માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા છે તેમને હું અભિનંદન આપું છું.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ફેરફાર અંદાજપત્ર આપી રહ્યા હતા ત્યારે કોટી પહેરીને આવ્યા હતા. ખૂબ સારી શોભતી હતી. મેં અંગત રીતે શ્રી નીતિનભાઇને કાયમી કોટી પહેરવા માટે લાગણી પણ વ્યક્ત કરી હતી. મને કોટી સાથે નિષ્બત નહોતું પણ કોટીના ખિસ્સાઓ સાથે મતલબ હતો. કોટીના ઉપર નીચે એમ ચાર ખિસ્સા ભરીને નાણામંત્રીશ્રી પ્રજા ઉપર ઉમળકો ઠાલવવા પ્રજા કાજે ખિસ્સા ખાલી કરવા આવ્યા, ખૂબ ગમ્યું પણ બીજા દિવસથી ખબર પડી કે પાછાં બુશર્ટમાં આવી ગયા. એક જ ખિસ્સું અને તેમાં છે તે જ આપવાનું ત્યારે મારી કોટીનો ભ્રમ ભાંગી ગયો પણ કોટી કોટી વિનંતી છે શ્રી નીતિનભાઇ, આપને કે પ્રજા માટે થોડું ઉદાર વલણ અપનાવો.

માનનીય અધ્યક્ષશ્રી, આપે પ્રથમથી જ એવી સૂચના આપેલી કે બજેટ વિશે બોલવું, ફ્રેમવર્કમાં બોલવું. ઘણાં પ્રતિપક્ષના મિત્રોએ ચીલો ચાતર્યો એમને મુબારક પણ હું ફ્રેમવર્કમાં જ બોલીશ. આજે ક્રિકેટનો સેમી વર્લ્ડ કપ છે. ભૂતકાળમાં ૧૯૮૩માં વર્લ્ડ કપ ક્રિકેટ ભારત જીતેલું હતું તેમ ભારતની ભવ્યતા દરેક ક્ષેત્રે ભૂતકાળની પણ ખૂબ ભવ્ય રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ માટે રૂપિયા ૩૧૭૮ કરોડનું પ્રાવધાન લઇને આવ્યા છે. આપ મહિલા છો, આપ સમજી શકો આ ભંડોળ ખૂબ અપૂરતું છે કારણ કે સમાજરૂપી આ વર્તુળ, આ પરિઘનું કેન્દ્રબિંદુ, મધ્યવર્તી કેન્દ્ર તે મહિલાઓ છે. જયારે મહિલા ઉપર અકાળે આપત્તિ આવી જાય એ વિધવા બને, એ નિરાધાર બને ત્યારે તેમને મળતું પેન્શન, તેમને મળતી આ સહાય ખૂબ અપૂરતી છે તેમના માટે માનનીય નાણામંત્રીશ્રી આપ એમની આ સહાયમાં ખૂબ વધારો કરો. સાથે સાથે બાળકો, ભૂલકાઓ તેમના માટે આંગણવાડીઓ જે છે, વડોદરાનો કિસ્સો મિડિયાએ ભૂતકાળમાં ઉજાગર કરેલો હતો કે ભાડૂતી મકાનમાં બેસતી આંગણવાડીઓમાં ભૂલકાઓ માટે કેવું જોખમ છે તે જોતાં મારા મોરબીમાં પણ ૧૦૦થી વધુ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે તો આંગણવાડીઓ માટે મકાનો આપવા માટે વધુ ઉદાર વલણ અપનાવો.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વજનનું અકસ્માતે મૃત્યુ કેવી અનુકંપા ઉભી કરે છે તે તો જેને વીતી હોય તે જ જાણે તે જોતાં અકસ્માતોને અટકાવવા આર.ટી.ઓ.વધુ સઘન બને. મારે શ્રી આર.સી.ફળદુ સાહેબને તે બાબતમાં અભિનંદન આપવા છે કે શામળાજી ખાતે તાજેતરમાં જે અકસ્માત બનેલો અને તેમણે જે કડક વલણ લેવડાવેલું તે ખૂબ આવકાર્ય છે. આવી જ જો કડકાઇ દાખવશો તો ભવિષ્યમાં આવા અકસ્માતો થતાં અટકશે. ગઇકાલે ફળદુ સાહેબ એસ.ટી.ના કોઇ પ્રશ્ન માટે વાત કરતા હતા કે કાળઝાળ ગરમીમાં એસ.ટી.ની વોલ્વો મુસાફરો માટે ખૂબ આશીર્વાદરૂપ છે. માનનીય ફળદુ સાહેબ એક્સ એમ.એલ.એ. કાઉન્સિલની પૂર્વ ધારાસભ્યશ્રીઓને પણ વોલ્વોમાં મુસાફરી કરવા માટેની જે લાગણી અને માગણી છે તેને પણ ન્યાય આપો એવી આપને વિનંતી કરું છું. મારું નવલખી બંદર રાજકોટ–મોરબી જિલ્લાનું એક માત્ર બંદર છે. ત્યાં ઓવર–લોડેડ ટ્રકોના કારણે અવાર–નવાર અકસ્માતો થાય છે અને અનેક કિંમતી માનવ જિંદગી આ અકસ્માતોનો ભોગ બને છે અને એ અટકાવવી ખૂબ જરૂરી છે. મહેસૂલ વિભાગે મોટાભાગના જિલ્લા અને તાલુકા મથકોમાં સેવાસદનો કર્યા છે. ખૂબ સારી વાત છે. ૨૦૦૧માં મોરબી અને માળિયા વિસ્તારમાં ભૂકંપ આવ્યો. મોરબીમાં સેવાસદન થયા, જિલ્લાના થયા, તાલુકાના થયા પણ મારા માળિયામાં ૧૯ વર્ષથી મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી, ટ્રેઝરી કચેરી અને અનેક સરકારી કચેરીઓ બિસ્માર હાલતમાં છે. કમનસીબે માળિયામાં વિશ્રામગૃહ પણ નથી. મારી નાણામંત્રીશ્રીને બે હાથ જોડીને વિનંતી છે કે તાલુકા સેવાસદન આપો, વિશ્રામગૃહ આપો. માળિયાને ૪૦ વર્ષ થયા. લાખિયાસર–હંજીયાસરનો રસ્તો બન્યો નથી. એના માટે પણ આપ થોડી દયા ભાવના રાખો એવી આપને વિનંતી છે. માનનીય સૌરભભાઇ, આપ મોરબી જિલ્લાના પ્રભારી મંત્રી છો. જ્યોતિગ્રામ સારી યોજના છે પણ આજે પણ માળિયા નગરપાલિકાનો જે વાંઢ વિસ્તાર છે ત્યાં આ અંધારા ઉલેચાયા નથી અને એ જ રીતે મોરબીમાં જે સતવારા સમાજ વાડી વિસ્તારમાં રહે છે એમને પણ વીજળી મેળવવા માટે ભારે મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. આ બાબતે પણ આપશ્રી અંગત લક્ષ આપો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'એમ લોભાવવા સમંદરને આ નદી પણ વળાંક રાખે છે, થોડું આત્મચિંતન કરીએ બજેટના સંદર્ભમાં, બજેટના પરિપ્રેક્ષ્યમાં, આપણે કયા વળાંકે ઊભા છીએ. પથ હોય કે પથિક, મંજિલ હોય કે પડાવ, સફર હોય કે હમસફર પ્રત્યેક તબક્કે ક્યાંકને ક્યાંક વળાંક તો આવે જ છે માટે મહેરબાની કરીને કૂકડો બોલે તો જ સવાર પડે એવા ભ્રમમાં ન રહેવું.'' નર્મદા યોજનાની અનેક શાખાઓ મારા મત વિસ્તાર મોરબી–માળિયામાં છે. એ પછી રાપર હોય, સોખડા હોય, કિશનગઢ હોય, અણિયાળી હોય, જસમતગઢ હોય, જેતપર–મચ્છુ હોય ત્યાં આ શાખાઓ બની નથી એ બનાવો. સાથો–સાથ GSTની વાત થઇ. પ્રધાનમંત્રીશ્રી લોકો માટે ખૂબ સારું કામ કરે છે. અમે પણ આદર વ્યક્ત કરીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી લોકો માટે ખૂબ સારું કામ કરે છે, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું GSTના બે વર્ષની ઉજવણી સંદર્ભેનું નિવેદન

મેં વાંચ્યું હતું પણ આ GSTમાં અનેક લવાદો ઊભા થયા છે. એનું ટ્રિબ્યુનલ હજી સુધી બન્યું નથી. એ દિશામાં પણ આપશ્રી સ્વીકાર્ય કરો. When work is your worship, you have not to say No. દલીલબાજી એ ' ના' નો પર્યાય છે. અમે માગણી કરીએ એટલે દલીલબાજીથી ઉડાવી દેવાય છે. તમારે ના ન કહેવાની હોય. You have to do or die. ક્યાંક તો કરી છૂટો અથવા ખુવાર થઇ જાવ. પ્રજાએ ખોબલે ને ખોબલે મત આપ્યા છે. એને તો ન્યાય આપો. અમે પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરીએ છીએ. પેટ્રોલ – ડિઝલમાં લીટરે બે રૂપિયાનો ડામ તાજેતરમાં પ્રજાના માથે આવ્યો. સાગરખેડૂ હોય તો એનો માછીમારીનો જે વ્યવસાય છે એને બોટના ડિઝલમાં સબસિડી આપો. ખેડૂતને ટ્રેક્ટર ચલાવવા માટે કે ઓઇલ એન્જીનથી મશીન ચલાવવા માટે વપરાતા ડિઝલમાં સબસિડી આપો. ગુજરાત સરકાર આવું આર્થિક સંરક્ષણ આપે એ ખૂબ જરૂરી છે. મરજિયાત પાક વીમો રાખો. ૭૦૦ કરોડ જેવી જંગી રકમ ખાનગી વીમા કંપની આરોગી જાય, એમાંથી ખેડૂતોને બચાવો. નાયબ મુખ્યમંત્રીશ્રીના એ પગલાંની હું અવશ્ય સરાહના કરીશ. તેઓશ્રી બજેટમાં સમાધાન યોજના લાવ્યા છે. જેના લીધે મારું મોરબી કે જે સીરામિક ઇન્ડસ્ટ્રીઝનું હબ છે, જ્યાં સીરામિક ઇન્ડસ્ટ્રીના ૧૨૦૦ કારખાના ધમ–ધમે છે. આ કારખાના અને ફેક્ટરીઓના જૂના આર્થિક વિવાદો આ સમાધાન યોજનાથી ઉકેલાશે. આનાથી મંદી સામે આર્થિક ટક્કર લેતાં ઉદ્યોગોને પ્રાણવાયુ પુરો પાડ્યો છે. સાથો–સાથ મારી માનનીય સૌરભભાઇને વિનંતી છે કે મોરબીના સિરામીક ઉદ્યોગને ગેસ પુરવઠો નિયમિત મળવો જોઇએ, પૂરતો મળવો જોઇએ અને વાજબી ભાવે મળવો જોઇએ એ દિશામાં પણ આપશ્રી જેમ જાપાનમાં ઉદ્યોગની બાળક જેવી પરવરીશ કરવામાં આવે છે એમ મોરબીના સિરામીક ઉદ્યોગની પરવરીશ થાય અને પૂરતું ઇન્ફ્રાસ્ટ્રક્ચર મળે એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજનામાં મોરબી પાસે આવેલ મચ્છુ–૨ ડેમ છે તે સૌની યોજના માટે મધર ડેમ છે. આ મચ્છુ–૨ આધારિત બાવન ગામોને સિંચાઇનું અને પીવાનું પાણી મળે તો ગામડા ભાંગતા અટકે. મોરબી માળીયા માટે આ બાવન ગામોની સિંચાઇ યોજના કાર્યાન્વિત કરો.

મોરબી નગરપાલિકાને મહાનગરપાલિકામાં કન્વર્ટ કરો સાથે સાથે મારી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને વિનંતી છે કે મોરબી શહેરને મેડિકલ કોલેજ આપવાની મારી માગણી છે એ આપતા નથી તો વેટરનરી કોલેજ તો આપો. મોરબીની સરકારી હોસ્પિટલ છે. હમણાં માનનીય વિરજીભાઇ ઠુમ્મરે આદરણીય વલ્લભભાઇ પટેલને યાદ કર્યા. તેઓએ મોરબી તાલુકો હતો છતાં પણ તેને જિલ્લા કક્ષાની એ ગ્રેડની સરકારી હોસ્પિટલ આપેલી હતી. આજે મોરબી જિલ્લો બન્યો છે ત્યારે પણ એજ સ્થિતિમાં હોસ્પિટલ છે તો એને અપગ્રેડ કરવામાં આવે અને અત્યારે ત્યાં જે ઇન્ચાર્જ ડોકટરોથી ચાલે છે એને પૂરતા ડૉક્ટરો અને બીજી સુવિધાઓ આપવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા મંત્રીશ્રીને મારી વિનંતી છે, માનનીય રાઘવજીભાઇ પટેલ પણ જાણે છે ૧૧૮ ગામોની મોરબી માળીયા જોડીયા જૂથ યોજના ખૂબ જૂની જર્જરિત થયેલી ૪૦ વર્ષ જૂની યોજના છે એનું નવીનીકરણ કરો એના માટે આર્થિક ફંડફાળો કરો. મોરબીને અલગ પાણી પુરવઠાનું સબ ડિવિઝન આપો. રૂ.૧૧૫ કરોડના ખર્ચે મોરબી નગરપાલિકા માટે ઉભી કરેલ ડ્રેનેજ સિસ્ટમમાં શહેરી વિકાસ અને પાણી પુરવઠા બોર્ડ વચ્ચે ગજગ્રાહ ચાલે છે અને પરિણામે પ્રજા પીસાય છે ત્યારે નગરપાલિકા મોરબીને ડ્રેનેજ સિસ્ટમમાં બંને ખાતા સમાધાનકારી વલણ અપનાવે અને મોરબી શહેરની ડ્રેનેજ સિસ્ટમનું કામ છેલ્લા પાંચ વર્ષથી થંભી ગયેલ છે તે આગળ વધે. માળીયા નગરપાલિકાના ડ્રેનેજ કામનો કોન્ટ્રાકટર ગાંઠતો નથી, એની સામે કડકમાં કડક પગલાં લેવાય અને આ ખોરંભે પડેલ કામ પ્રજા હિતમાં વધુ સલુકાઇથી હાથ ધરાય અને આ માળીયા મીયાણા નગરપાલિકા માટે ઓવરહેડ ટેન્ક નથી તો એની સુવિધા આપવાની માગણી છે. દેવું કરીને ઘી પીવું એવી પૂરાણી આપણી ઉકિત છે. સરકાર દેવું ખૂબ કરે છે પણ પ્રજાને ઘી પીવા મળતું નથી. હમણાં જ કહ્યું કે ગાંધીજીના ગુજરાતમાં મારા સદનશીબે કે અત્યારે માનનીય ગૃહમંત્રીશ્રી પધારી ચૂકયા છે એથી મારી વાત સાંભળશે. ગુજરાતમાં દારૂ ખૂબ પીવાય છે જે ખેદજનક બાબત છે, દુખ થાય છે. મોરબી આજે જેને કહીએ કે આર્થિક ગુનેખોરીમાં દારૂમાં બીજી રીતે શિકાગો બની ગયું છે. સૌરાષ્ટ્રમાં વ્યાજખોરીએ માઝા મૂકી છે એને પણ આપ નાથો.

ચિરંજીવી બાળ યોજનાનું બાળ મરણ થતું અટકાવો. અંગ્રેજ રાજનીતિજ્ઞ એડમન બર્કની આજે પુણ્યતિથિ છે ત્યારે મને સ્મરણ થાય છે. આ British Historianનું તેમણે કહેલું " Power Corrupts and absolute power corrupts absolutely" એટલે કે સત્તા ભ્રષ્ટ બનાવે છે અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણ ભ્રષ્ટ બનાવે છે એનાથી આપ ચેતો એ જ અભ્યર્થના.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૯–૨૦નું અંદાજપત્ર બે લાખ ચાર હજાર કરોડનું લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. આ બજેટ પ્રજાલક્ષી, પ્રજાને ઉપયોગી અને દરેક વિભાગનો વિકાસ કરનારું બજેટ છે.

આ બજેટમાં કાયદા વિભાગ માટે જોગવાઈ કરવામાં આવી છે એના વિશે મારા વિચારો રજૂ કરવા માગું છું. ગુજરાતનો વિકાસ થયો લોકોમાં જાગૃતિ આવી એના લીધે પ્રજામાં કાયદા પ્રત્યે લગાવ થવાને લીધે કાયદા માટે કોર્ટમાં જાય છે. પ્રજાને ઘરઆંગણે ન્યાય મળે એટલા માટે અમારા નાણામંત્રીશ્રીએ એની પણ ચિંતા કરી અને નવરચિત તાલુકાઓ સહિત કુલ ૨૪૮ તાલુકાઓમાં દરેક તાલુકામાં સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની પૂર્ણ કક્ષાની કોર્ટો આપી છે. રાજકોટ જિલ્લામાં વિંછીયામાં અને તાપી જિલ્લામાં ડોલવણ ખાતે પણ આ કોર્ટો શરૂ કરવામાં આવી અને પ્રજાને દૂર ન જવું પડે અને પ્રજાને ઘરઆંગણે ન્યાય મળે તેની કાયદા મંત્રીશ્રીએ પણ ચિંતા કરી છે. અમરેલી જિલ્લામાં ધારી, ગીર સોમનાથમાં કોડીનાર, આણંદમાં પેટલાદ, પાટણમાં રાધનપુર, જૂનાગઢમાં વંથલી, બનાસકાંઠામાં થરાદમાં જિલ્લા ન્યાયધીશની કોર્ટો શરૂ કરવામાં

આવી છે. આ તમામ કોર્ટો તા.૧૬–૯–૨૦૧૮ના રોજ કાર્યરત થયેલી છે. નવરચિત જિલ્લા બોટાદમાં પણ બોટાદ ખાતે જિલ્લા કોર્ટ તથા સંલગ્ન કોર્ટો તા.૨૧–૫–૨૦૧૮ ના રોજ શરૂ કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં સાણંદ ખાતે અને આણંદ જિલ્લામાં ખંભાત અને પેટલાદ ખાતે સિનિયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવા સંબંધે ન્યાયાધીશ સહિત ૪૨ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. તમામ કોર્ટો તા.૧૮–૧૧–૨૦૧૮ ના રોજ શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં જુદી જુદી જગ્યાએ ફેમિલી કોર્ટો, જિલ્લા કોર્ટો, સ્મોલકોઝ કોર્ટો, સીટી સિવિલ કોર્ટમાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ સી.સી.ટી.વી. અને કેમેરા સહિત દેખરેખ સિસ્ટમ દાખલ કરવા માટે રૂ.૫૩૩૦લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. હાઈકોર્ટ ખાતે જૂના રેકોર્ડને ડિઝિટીલાઇઝેશન કરવા માટે ચાલુ વર્ષે રૂ.૧૭૦૦ લાખની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં ન્યાય ખાતામાં ન્યાયિક અધિકારીઓની, હાઇકોર્ટના અધિકારીઓ તથા કર્મચારીઓ અને હાઇકોર્ટના એ.જી.પી.ઓ તથા એ.પી.પી.ઓ. અને જિલ્લા સરકારી વકીલોને સમાંતર તાલીમ આપવા માટે રૂ.૧૩૪૨. ૮ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જેમ જેમ કમ્પ્યુટર યુગ આવતો ગયો અને તેના લીધે ગુનેગારો પણ આધુનિક રીતે કમ્પ્યુટર મારફતે ચોરીઓ કરતા થયા હોય ત્યારે એમને રોકવા માટેની પણ કોર્ટોમાં તાલીમ મળે કાયદા વિભાગે તેના માટે ખૂબ ચિંતા કરી અને આ ન્યાયિક અધિકારીઓને માટે તાલીમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યની ન્યાયિક એકેડમી ખાતે સી.સી.ટી.વી અને કેમેરા તથા સલામતી સિસ્ટમ દાખલ કરવા માટે રૂ. ૪,૦૭, ૩૭,૧૪૪ ની રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ઇ–કોર્ટ મિશન પ્રોજેકટ અંતર્ગત ગુજરાત હાઇકોર્ટ તેમજ જિલ્લા અદાલતો, તાલુકા કોર્ટો, ઔધોગિક અદાલતો, લેબર કોર્ટો, ફેમિલી કોર્ટો ખાતે કલાયન્ટ કમ્પ્યુટર અને એસેસરીઝ ખર્ચ માટે ભારતની સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ રાજ્યની કોર્ટો માટે દર વર્ષે રૂ.૩ કરોડની મંજૂરી આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, પડતર કેસોના નિકાલ માટે કોર્ટ કોમ્પલેક્ષમાં લોક અદાલતની સ્થાપના કરવા માટે રૂ.૧૫૮ લાખ આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૪માં નાણા પંચ હેઠળના કેસોના મધ્યસ્થીકરણ દ્વારા સમાધાનની પ્રક્રિયા માટે મિડીયેટર કોન્સોલેટરને પ્રોત્સાહિત કરવા માટે રૂ.૬૩ લાખની મંજૂરી આપવામાં આવેલ છે. ચેરિટી કમિશનર માટે.....

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી બાબુભાઇ.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. આખા બજેટની અંદર જે પ્રકારે વિવિધ વિભાગો વિવિધ વિસ્તારો માટે જે પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે તેનાથી સમગ્ર ગુજરાતની પ્રજા આ બજેટના કારણે ખુશ છે. તેને હું લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી જ્ઞાતિ, જાતિ, ધર્મથી ઉપર ઉઠીની વિકાસની રાજનીતિ કરવામાં આવી છે. આને કારણે બજેટની અંદર જે પ્રકારે જોગવાઈ કરવામાં આવી છે એના કારણે આ ગુજરાતના ખેડૂતો પણ ખૂબ આનંદની લાગણી અનુભવે છે. ગરીબોની, પીડિતોની આ બધાની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આપણા દેશની સંસ્કૃતિ ઋષિ અને કૃષિની છે. આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. ગુજરાતના ખેડૂતોની ચિંતા જો કોઇએ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. કોંગ્રેસના રાજમાં ખેડૂત, ધરતીનો તાત બિચારો બાપડો અને દુઃખી હતો. સાયકલના ફાંફા હતા, આજે ખેડૂતો કાર અને મોટરસાઈકલ વાપરે છે. એનું કારણ હોય તો સાત લાખ એક હજાર એકસો અગિયાર કરોડનું બજેટ, આ નાની સૂની વાત નથી. આ માત્ર અને માત્ર ખેડૂતો માટે છે. તો આ ખેડૂતોની ચિંતા કરતી સરકાર છે કે નહીં? આપણા પ્રધાન મંત્રી માટે મને કહેતા આનંદ થાય કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ એ આ સરકારે કરી. પ્રધાન મંત્રી વીમા યોજના આ સરકારે કરી, ટેકાના ભાવે ખરીદવાની પદ્ધતિ છે તેમાં બધો જ માલ ખરીદવાની સરકારની ક્ષમતા છે. કુદરતી આપત્તિમાં જ્યારે તકલીફ પડી ત્યારે કૃષિ માટે કામગીરી આ સરકારે કરી અને મદદ કરી છે. અને ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના ખેડૂતો માટે જાહેર કરી, નવી પેન્શન યોજના ૬૦ લાખ ખેડૂતો માટે કલ્યાણકારી યોજનાઓ લઇને આવ્યા છે. ખેડૂતોની ચિંતા અંગે ગઇ કાલે આપણા નાયબ મુખ્યમંત્રીશ્રીએ વાત કરી હતી કે ખેડૂતોની વીમાની ચિંતા કોંગ્રેસે કયારેય કરી નહોતી. એમણે લઠ્ઠો પીવાવાળાની ચિંતા કરી હતી, દારૂ પીવા વાળાની ચિંતા કરી હતી. પણ ખેડૂત મરે તો એમની કયારેય એમણે ચિંતા કરી નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતોની સહકારી મંડળી, ખેડૂતોની સહકારી બેંક, રાષ્ટ્રીયકૃત બેંક એમાં રૂ.૧૫ હજાર કરોડ ટૂંકી મુદતનું, મારે કહેવું જોઇએ કે કોંગ્રેસ એમ કહે કે દેવા માફ કરો, પણ દેવા માફ કરે તો મારા જેવા ન ભરનારને ફાયદો થાય, ભરે એ દુઃખી અને ન ભરે એ લહેર કરે. એટલે બધાયને મદદ થાય, હર હાથને કામ મળે અને દરેકનું કામ થાય એવી જો વાત હોય તો આ ૧૫ હજાર કરોડ ટૂંકી મુદતના ધિરાણનું વ્યાજ આ સરકારે માફ કર્યું. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર બન્ને સરકારે ખેડૂતોના વ્યાજ માફ કર્યા. ઝીરો ટકા વ્યાજ કર્યું. મારે એ કહેવું જોઇએ કે કોંગ્રેસના રાજ્યમાં ખેડૂતો ૧૮ ટકા વ્યાજ ભરતા હતા. કેટલા ટકા? અઢાર ટકા વ્યાજ ભરતા હતા.

**(વિરામ ૧૧–૩૦ થી ૧૨–૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી બાબુભાઇ જ. પટેલ:(ક્ર) માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કે કોંગ્રેસના રાજમાં ખેડૂતો ૧૮ ટકા, ૧૯ ટકા વ્યાજ ભરતા હતા. આ સરકારે રૂ.૧૫ હજાર કરોડની ટૂંકી મુદતમાં ઝીરો વ્યાજ કર્યું.

# તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં ખારીકટ કેનાલ બ્રિટિશ ગવર્નમેન્ટની ૧૦૦ વર્ષ પહેલાંની છે. આ સરકારે ૨૦ કરોડ રૂપિયા ખર્ચી અને રિપેર કરી આપી. બીજી ફતેવાડી કેનાલ મારા વિસ્તારમાં. ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે તેને તૈયાર કરી. કોંગ્રેસના રાજમાં ખારીકટ હતી પણ ખાલીખમ હતી. મિત્રો, ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૦૨માં પાણી આપ્યું. મારા વિસ્તારમાં નર્મદાનું પાણી આવ્યું. ત્રણ પાક સીઝન આજે મારા વિસ્તારમાં લેવાય છે. મારા ખેડૂતો સુખી છે અને આનંદની લાગણી અનુભવે છે. પહેલાં ખેડૂતો દુઃખી હતા. કારણ કે ખેડૂતોની ઉપર આભ અને નીચે ધરતી હતી. કોઇ સામે જોનાર નહોતું. મારા વિસ્તારમાં ખેડૂતો બે રીતે સુખી થયા કે જમીનમાં પણ તેમનો જય જયકાર. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખેડૂતોની જમીનના ભાવ વધ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પ્રતાપભાઇ. (અંતરાય) કંઇ રહી ગયું છે? એક મિનિટ પ્રતાપભાઇ. એક મિનિટ વધારે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું જોઇએ કે ગુજરાતનું બાગાયત ક્ષેત્રમાં ૧૯૯૫માં રૂ.૮ કરોડ ૨૪ લાખનું બજેટ હતું. આજે આ સરકારે રૂ.૩૭૫.૮૩ કરોડનું બજેટ આપ્યું છે. તેનો અર્થ એ થાય કે ૪૫ ગણો વધારો આ સરકારે કર્યો છે. હું સરકારને અભિનંદન આપું છું. મારે એ પણ કહેવું જોઇએ કે ૧૯૯૫માં ૪.૮૦ લાખ હેકટરમાં કુલ ઉત્પાદન રૂ.૪૩ લાખનું થયું હતું. આજે રૂ.૨૩૪ લાખ ૩૪ હજાર. કહેવાનો અર્થ એ થાય કે પાંચ ગણો ઉત્પાદનમાં પણ વધારો થયો છે.

અધ્યક્ષશ્રી : આવી ગયું. માનનીય પ્રતાપભાઇ.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ જે બજેટ લાવ્યા તેમાં મારા વિચારો રજૂ કરું છું. આ બજેટમાં બેરોજગારી દૂર થતી કશે દેખાતી નથી. આ દેશની અંદર કોઇ વધારે પડતી રોજગારી આપતા હોય તો આ દેશ ખેતી પ્રધાન કહેવાય છે અને ખેડૂત વધારે રોજગારી આપે છે. ખેડૂતના દીકરાના ખેતરમાં ચારથી પાંચ પરિવારનું ભરણપોષણ કરતા હોય ત્યારે દિનપ્રતિદિન ખેતી નષ્ટ થતી જાય છે અને ખેડૂત ખેતી કરતા બંધ થતાં રહ્યા છે. અમે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી આવીએ છીએ ત્યારે સૌથી વધારે પડતી મુશ્કેલીઓ હોય તો રોઝ-ભૂંડની છે. તાર ફેન્સીંગની યોજના પાછલા બજેટમાં હતી તેનો આ બજેટમાં સમાવેશ થયો નથી. ખેડૂતના દીકરાને દિવસે જે આખો દિવસ ખેતરમાં કામ કરતા હોય અને આખી રાત તેનો પાક લેવા માટે જાગવું પડે છે અને ખેતરની અંદર રહેવું પડે છે. રોઝ, ભૂંડ અને નીલગાયોના ત્રાસથી આજે ખેડૂત ખેતી કરતો બંધ થયો છે. આ બજેટમાં જે શ્રી બાબુભાઇ વાત કરતા હતા કે કોંગ્રેસના શાસનમાં ૧૮ ટકા વ્યાજ હતું. હું આપને યાદ અપાવી દઉં કે યુ.પી.એ. સરકારની અંદર ૭ ટકાના વ્યાજની યોજના શ્રી મનમોહનસિંહ સરકારની અંદર લાવવામાં આવી. આપને યાદ અપાવી દઉં કે ટૂંકી મુદતની અંદર ટાઇમે પૈસા ભરે તો ૭ ટકાનું વ્યાજ એ શ્રી મનમોહનસિંહ સરકાર વખતે યોજના લાગુ પડેલી છે. શ્રી બાબુભાઇએ વાત કરી કે ખેડૂત ખેતીથી બહુ સમૃદ્ધ બન્યો છે. તો શ્રી બાબુભાઇ, આવો અમારા સૌરાષ્ટ્રની અંદર. દિવસે દિવસે ખેડૂતના દીકરાઓ ખેતી મૂકી અને શહેરીકરણ તરફ જઇ રહ્યા છે. આમાં વધારે પડતા કોંગ્રેસના ખેડૂતના દીકરાઓ ખેતીથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે. આ બાજુ શહેરી વિસ્તારથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેઠાં છે. આપ લોકોએ વાત કરી, માનનીય સૌરભભાઇએ વાત કરી કે આવનારા એક વર્ષની અંદર બધા જ ખેડૂતોને અમે વીજળીનું કનેકશન આપી દઇશું. હું શ્રી સૌરભભાઇ આપને યાદ અપાવડાવું કે તમે એક એવી પણ જાહેરાત આપો, હું તમને લોકોને અભિનંદન આપીશ કે ખેડૂતના દીકરાને તમે દિવસે વીજળી બાર કલાક નહીં તો, આઠ કલાક આપો, છ કલાક વીજળી આપો પણ એક ટાઇમીંગ નકકી કરો. તમે ખેડૂતના દીકરાને જે વીજળી આપવાની વાત કરો છો દિવસે ખેડૂતનો દીકરો ખેતરે ખેતી કરતો હોય, રાત્રીના બાર વાગે એને ખેતરે જવાનું, ખેતરે જઇ એને વાટે બેસવાનું, જી.ઇ.બી.ની અંદર ફોન કરવાના કે લાઇટ આવી છે કે કેમ? પાછું ખેડૂતના દીકરાને દિવસે વીજળી માટે વારામાં રાહમાં બેસવાનું આ પરિસ્થિતિ આ ગુજરાતની સરકારમાં નિર્માણ થઇ છે ત્યારે આપને વિનંતી કરું છું કે, આપ જો આ યોજના લાવશો તો હું સૌથી પહેલા કોંગ્રેસના ધારાસભ્ય તરીકે તમને અભિનંદન આપવા આવીશ કે ખેડૂતને તમે ફકત છ કલાક વીજળી પણ દિવસની વીજળી આપો. આપે ટેકાના ભાવની વાત કરી, સારી વાત છે, અભિનંદન આપું ટેકાના ભાવની તમે ખરીદી કરો છો પણ એ ટેકાના ભાવની અંદર સમાંતર ભાવ યોજના જો તમે ખેડૂતને લાગુ પાડો, સમાંતર ભાવ યોજનામાં ખેડૂતના દીકરાને ૭-૧૨ની અંદર, પાણી પત્રકની અંદર એ લખાવે, પાણી પત્રકની અંદર એ સીંગનું વાવેતર બતાવે અને એ સીંગ ઓપન માર્કેટની અંદર એ વેચે, આપણે ગોડાઉન રાખવા નહીં પડે. આપણે અધિકારીઓને મૂકવા નહીં પડે. ખેડૂતને યાર્ડમાં આખી રાત, આખો દિવસ , બે દિવસ, ત્રણ દિવસ બેસવું નહીં પડે. આ યોજના લાગુ પાડવાથી ખેડૂતને પણ રાહત થશે અને ખેડૂતને એનાથી લાભ પણ મળી રહેશે અને આપણી ઉપર જે ટ્રાન્સપોર્ટેશનનું જે ભારણ હશે, આપણી ઉપર જે ગોડાઉનોના ભારણ છે એનાથી આપણે પર રહી અને આપણે મેનપાવર પણ ઘટશે. આનાથી સીધો જ ખેડૂતના દીકરાને લાભ મળશે. આપ વીમા કંપનીની વાત કરતા હોય તો વીમા કંપનીની અંદર શ્રી આર. સી. ફળદુસાહેબ મારા જિલ્લાના પ્રભારી હતા, મારા સાવરકુંડલા વિસ્તારની અંદર એકી સાથે ૧૨ ઇંચ વરસાદ પડી ગયો, ત્યારપછી વરસાદ જ નથી અને વીમો આવ્યો તો કેટલો આવ્યો? વીમો ફકત દોઢ ટકો મારા વિસ્તારની અંદર આવ્યો, આ કરૂણતા છે. આ તો મદારી ટાઇપનો ખેલ હોય એ પ્રકારનો ચાલી રહ્યો છે કે ગામડાની અંદર મદારી પોતે પોતાના મદારીવેડા કરે અને માર બીજા લોકો ખાતા હોય. અમારે આખા દિવસની અંદર ૨૫-૫૦-૧૦૦-૧૦૦ ખેડૂતને વીમા માટે જવાબ આપવા પડે છે. પ્રાઇવેટ વીમા કંપનીઓ આપણા ખીસ્સા, પ્રજાના ખીસ્સા ખાલી કરી રહી છે એની અંદર કંઇક વિચારવું ઘટે. ખેતીની વાત

કરતા હોય તો આવો મારા વિસ્તારના ગામડાઓની અંદર તમને લઇ જઉં, ગામડાની અંદર ખેડૂતના દીકરાની કરૂણતા એ થઇ છે કે ખેડૂતના દીકરાને જ્યારે પહેલાના જમાનાની અંદર ખેતી કરતા હતા, મોભો ગણાતો હતો કે સમૃદ્ધ ખેતી હોય તો ફટાફટ દીકરાના વેવિશાળ થતા હતા, આજે ગામે ગામ ૪૦-૪૦, ૫૦-૫૦ લોકો વાંઢા આંટા મારે છે. ખેડૂતના દીકરાને કોઇ દીકરી દેવા તૈયાર નથી. આ પરિસ્થિતિ આ સરકારની અંદર નિર્માણ થઇ છે.

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, આપની કેટલી ઉંમર થઇ?

શ્રી પ્રતાપ દુધાત : સાહેબ, મારી તો ૩૭-૩૮ વર્ષ. આ બજેટની અંદર સામે પ્રતિપક્ષના લોકો સરકારના વખાણ કરે છે. શ્રી નરેન્દ્રભાઇના વખાણ કરે, જેમ આખા દેશની અંદર ભા.જ.પ. ખીલ્યું છે એમ મારા વિસ્તારની અંદર ગાંડા બાવળ ખીલ્યા છે. ગાંડા બાવળથી મારી ખેતી નષ્ટ થઇ છે. મારી સો વીઘા જમીન વાવ્યા વગરની રહી ગઇ છે. ગાંડા બાવળ કાઢવાની કોઇ યોજના લાગુ પાડવામાં આવે, ગાંડા બાવળ કાઢવાની યોજના લાવશો તો ખેડૂતની ખેતી સમૃદ્ધ થશે. હમણાં અમારા પૂર્વ સાથી મિત્ર વાત કરતા હતા ઉદ્યોગની, સુરતે સૌથી વધુ સીટો આપી, ૧૨ ધારાસભ્યો સુરતથી ચૂંટાઇને ભારતીય જનતા પાર્ટીના બેઠેલા છે ત્યારે તેમને પોતે જાહેરમાં બોલતા થોડોક ક્ષોભ થતો હશે, પોતાને બોલવામાં થોડીક તકલીફ પડતી હશે પણ ખાનગીમાં થોડીક રજૂઆત કરજો. શ્રી વિવેકભાઇ, હું પણ સુરત સાથે જોડાયેલો છું, જે કાલે ટેક્સટાઈલ જગત સાથે તમારી વાત કરાવડાવી, જે પ્રમાણે ટેક્સટાઈલ પાયમાલ થઇ રહ્યું છે, કોંગ્રેસ વખતે જે ટપની સબસિડી આપવામાં આવતી હતી એ ટપ સબસિડી પાંચ વર્ષથી કોઇપણ ટેક્સટાઈલ જગતના લોકોને મળી નથી. તપાસ કરી અને સાચું તથ્ય તમે વિધાનસભામાં લાવજો. સુરતના બીજો ધંધો હીરા ઉદ્યોગનો, સૌથી વધુ રોજગારી ગુજરાતની અંદર ખેતી, કાપડ અને ડાયમંડ. આ ડાયમંડની અંદર રત્નકલાકારો એકદમ બેરોજગાર થયા છે. રોજ એક કંપની બંધ થાય છે. *(xxx) હોય આ ડાયમંડ કંપનીઓ પચાસ-પચાસ હજાર લોકોને રોજગારી આપતી હોય આ કંપનીને તાળા મારવાનો આ સરકારની નીતિના કારણે વારો આવ્યો છે ત્યારે મીડીયમ ઉદ્યોગ માટે ગામડાની અંદર મીડીયમ સીટી દા.ત. મારા સાવરકુંડલાની અંદર ... (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી એવું બોલ્યા કે ફલાણી ફલાણી કંપનીઓ, પ્રતિષ્ઠિત મોટી કંપનીઓ છે એમને તાળા મારવાનો સમય આવ્યો છે. આવું એમનાથી કહેવાય જ નહીં. કોઇ કંપનીની શાખ ઉપર આવી રીતે તમે હાથ ન નાખી શકો. સુરતની પ્રતિષ્ઠિત કંપનીઓ છે. તમે જનરલ કહી શકો કે ઉદ્યોગ મુશ્કેલીમાં છે. બે મોટી કંપનીઓનું તમે કહ્યું કે તાળા મારવાનો સમય આવ્યો છે તો એનું શું થાય એ લોકોનું? રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, કંપનીઓના નામ લીધા એ કંપનીના નામ પાછા ખેંચું છું. પણ સત્યથી દૂર ન જઇ શકીએ. સત્યથી દૂર ન રહી શકીએ. નામો બધા ઉઘાડા છે. માર્કેટ બધું ઉઘાડું છે. આ વિધાનસભાની અંદર ન બોલી શકીએ પણ છૂપું કાંઇ રહેતું નથી. સૂરજને ઢાંકવાથી કાંઇ સૂરજ છુપાઇ જતો નથી. જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતનું આપને વર્ણન કરી રહ્યો છું. મિડલ ક્લાસ માટેના ધંધાની વાત હોય, તો આ બજેટની અંદર સાવરકુંડલા જેવા નાના સિટીની અંદર જી.આઇ.ડી.સી.ની વાતો થઇ હતી. એ કોઇપણ જી.આઇ.ડી.સી. આજે આપવામાં આવી નથી. મારો સાવરકુંડલાનો કાંટા ઉદ્યોગ આખા ગુજરાત અને હિન્દુસ્તાનમાં ફેમસ છે. આ કાંટા ઉદ્યોગ આજે મરણ પથારીએ છે એવી સ્થિતિનું નિર્માણ આ સરકારમાં થયું છે. *(xxx) હું શેત્રુંજીના કિનારા ઉપરથી આવું છું. નદી કિનારા ઉપર રહેનારા જે કોઇ ગામડાં છે.

(આ તબક્કે માનનીય નીતિનભાઇ બેઠા બેઠા કાંઇક બોલતાં)

અધ્યક્ષશ્રી : આ ઉલ્લેખ કાઢી નાખીએ છીએ. ચોખવટ કરવા માટે સમય આપીશ.

શ્રી પ્રતાપ દુધાત : ગામડાંમાંથી આવું છું. શેત્રુંજી કિનારા ઉપરથી આવું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ વાત જ કાઢી નાખીએ છીએ. વડાપ્રધાન ત્યાં શું બોલેલા આપણે એની ખરાઇ કરવા ક્યાં જઇશું? એ બીજી રીતે કહો ને? કહેવું હોય તો એમની પાસે બીજી રીત છે. પ્લીઝ શ્રી કાંતિભાઇ..

શ્રી પ્રતાપ દુધાત : નદી કિનારાના ગામડાઓ પૂરની ભયની પરિસ્થિતિમાં હોય, હમણાં વાયુ વાવાઝોડું આવવાની વાત થઇ. સરકારે કામગીરી કરી. સરકારે એની જે મોન્સૂન કામ કરવાની પદ્ધતિ હતી એ સારી આવકાર્ય પદ્ધતિ હતી પણ હું તમને આ વિધાનસભા મારફત કહું છું કે, સાવરકુંડલા વિસ્તારથી આવું છું. મારા શેત્રુંજી નદી કિનારાના ગામડાં સાવર હોય, શેઢાવદર હોય, આંબા હોય, ભેંસરડી હોય કે અમારું બવાડી, બવાડા, પીપરડી આ ગામડાં ડૂબની પરિસ્થિતિમાં છે. વારંવાર રજૂઆતો થઇ છે કે જો પાળા યોજના લાગું પાડવામાં નહીં આવે અને ઉપર વરસાદ થશે અને એ વરસાદના કારણે ડૂબાણમાં ગામડાં જશે તો એની જવાબદારી સરકાર ઉપર એટલા માટે રહેશે કે વારંવારની રજૂઆતો, વારંવારના આંદોલનો છતાં કોઇપણ વાત, કોઇપણ કામ, પેપર ઉપરની વાત, પેપર ઉપરના કામને પદ્ધતિસર જમીન ઉપર નથી ઉતારવામાં આવતું ત્યારે રોડ માર્ગો માટે કરોડો રૂપિયાના બજેટો આપવામાં આવે છે. લાખો રૂપિયાની અહીંયા વાતો કરવામાં આવે છે. પણ ૯ વર્ષથી સુરત શહેર સાથે જોડાયેલો છું ત્યારે તારાપુરથી બોરસદનો અમારો રોડ મરણ પથારીએ પડ્યો છે. ક્યાં છે એ રોડ? કરોડો રૂપિયાનું અમારું પેટ્રોલ ડિઝલ બળી ગયું છે. રોજગારીની તકો પેપર ઉપરની વાત નહીં પણ જમીન ઉપરની આપણે વાત કરીએ,

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હકીકતની આપણે વાતો કરીએ, આપણે વિધાનસભાની અંદર બેઠા છીએ ત્યારે લોકોની આપણા ઉપર મીટ હોય ત્યારે આપણું જે *(xxx)બજેટ છે એને સપનાઓથી દૂર લઇ જઇ ૫૦ ટકા ભલે...

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ દૂર કરીએ છીએ.

શ્રી પ્રતાપ દુધાત : પણ આવનાર દિવસોની અંદર મિડલ ક્લાસ ખતમ થઇ રહ્યો છે. મધ્યમવર્ગને ખેતી, ડાયમન્ડ, કાપડ આ બધા જ રોજગારો મૃતપાય છે ત્યારે શ્રી નીતિનભાઇને હું વિનંતી કરીશ કે ખેડૂતોને ૭/૧૨ માટે ઇ–ધરામાં જવું પડે છે. આવનાર દિવસોની અંદર તમે સ્માર્ટ કાર્ડની વાત કરો છો તો એ ખર્ચાઓથી દૂર રહી એક એવી યોજના બનાવવામાં આવે કે ખેડૂતને સ્માર્ટ કાર્ડ આપવામાં આવે કે, એટલા માટે કે પહેલા કહેવત હતી કે અમે બે અમારા બે, પણ હવે આ કહેવત દોહરાવું છું કે અમે બે અને અમારા ત્રણ. એક વ્યક્તિને તો અધિકારીઓ પાસે લાઇનમાં રહેવું પડે. એવા દીકરાને જન્મ આપવો પડે એવી આ સરકારમાં પરિસ્થિતિ નિર્માણ થઇ છે. લોકો લાઇનોની અંદર જ હોય છે. આપ જ્યારે પણ રોડ રસ્તે નીકળો ત્યારે એક વ્યક્તિ સરકારી લાઇનોમાં હોય એનાથી દૂર કરવા માટે આવતા દિવસોમાં ખેડૂતોને સ્માર્ટ કાર્ડ આપવામાં તો ખેડૂતને સારું બની રહેશે. ખેડૂત માટે આપણે વાત કરીએ અને ખેડૂતલક્ષી આ બજેટ બની રહે એવી અપેક્ષા સાથે આભાર.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિજયભાઇ રૂપાણીસાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સન ૨૦૧૯–૨૦નું બજેટ આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કર્યું છે એ બજેટની અંદર સૌથી વિશેષ તો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કોઇપણ જાતના ઓવર ડ્રાફ્ટ સિવાય અને પૂરાંતવાળું બજેટ માટે જે જોગવાઇઓ કરવામાં આવી છે તે બદલ આપના માધ્યમથી લાખ લાખ અભિનંદન પાઠવું છું. ગુજરાતમાં સૌથી પહેલા તો માનનીય નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી એવા આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબને મારે આપના માધ્યમથી કહેવું છે કે ચાલુ સાલે બજેટની અંદર આરોગ્ય વિભાગની અંદર ગુજરાતમાં ચેરિટેબલ હોસ્પિટલોની અંદર સરકારમાંથી જે અનુદાન મળે છે એ અનુદાનની અંદર લગભગ ૪૨ કરોડ રૂપિયાની જે જોગવાઈ કરવામાં આવી છે અને આ ૪૨ કરોડના આધારે આ ગ્રાન્ટેડ યુનિટ સંસ્થાઓને રેગ્યુલર ગ્રાન્ટ મળે એવી જે જોગવાઈ કરી છે તે બદલ એમનો પણ લાખ લાખ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર ચાલુ સાલે માર્ગ અને મકાન વિભાગમાં મારા સુભાષ બ્રિજ સર્કલની બાજુમાં આર.ટી.ઓ. ઓફિસ જે વર્ષો પહેલા બનાવવામાં આવી હતી. એ આર.ટી.ઓ. ઓફિસને આ વર્ષે બજેટમાં રૂપિયા ૧૩ કરોડની જોગવાઇથી અદ્યતન બનાવવાની યોજના જે અમલમાં મૂકી છે તે બદલ પણ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગય મંત્રીશ્રીએ અમારી ગ્રાન્ટેડ સંસ્થાઓ અને નોન–ગ્રાન્ટેડ સંસ્થાઓને જે પ્રમાણે અનુદાન આપવામાં આવે છે એ પ્રમાણે નોન–ગ્રાન્ટેડ સંસ્થાઓ જે ચેરિટેબલ સંસ્થાઓ છે અને જે પ્રજાની આરોગ્યલક્ષી સેવાનું કામ કરે છે એવી સંસ્થાઓને પણ આ વર્ષે અમારા પ્રયત્નથી માનનીય નાયબ મુખ્યમંત્રી સાહેબે ઉચ્ચક ગ્રાન્ટ આપવાનો પરિપત્ર કર્યો છે અને આવી સંસ્થાઓને જે પ્રોત્સાહન આપવાનું કામ કર્યું છે તે બદલ પણ હું તેમને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વખતે ફરીથી જ્યારે ૩૦૩ની બહુમતી સાથેની સરકાર બનાવી એની અંદર સૌથી પહેલા પાણીને, જળને પ્રાધાન્ય આપવા માટેનું આયોજન એમણે વિભાગને અલગ દરજ્જો આપીને દેશની અંદર આવતા સમયની વિકટ પરિસ્થિતિનો સામનો કરવા માટેનું આયોજન કર્યું છે. આ વખતે માનનીય પ્રધાનમંત્રી મોદી સાહબે સૌથી મોટું ''**નલ સે જલ**'' આ યોજનાને અમલમાં મૂકવા માટે સમસ્ત દેશની અંદર ઘરે ઘરે નળથી પીવાનું શુદ્ધ પાણી આપવા માટેની એક જબરજસ્ત યોજના અમલમાં મૂકી છે. સાથે સાથે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વખતના બજેટની અંદર મોટી જોગવાઈ કરી ૨૦૨૨ સુધી તમામ છેવાડાના પરિવારને ગામડા સુધી પાણી, જળ એ નળથી આપવા માટેની યોજના બનાવી છે તેમાં પણ હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું અને સાથે સાથે મારે એક સૂચન પણ કરવું છે કે, જે રીતે ખેતીમાં આપણે પાણી આપીએ છીએ એ ખેડૂતોને જળ સંચય માટે જે પ્રમાણે ઈરિગેશનની યોજના અમલમાં મૂકી અને રાજ્ય સરકારે એમાં ગ્રાન્ટ આપીને પ્રોત્સાહન આપ્યું એ પ્રમાણે પીવાના પાણી માટે પણ આપણે જે યોજના બનાવીએ છીએ એ યોજનામાં મિટર રિડીંગનું પણ આયોજન કરીને માનનીય મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની જે ગ્રાન્ટ આપવામાં આવે છે એ ગ્રાન્ટના અભાવે સમસ્ત ગુજરાતમાં મહાનગર અથવા તો નગરપાલિકાની અંદર જે યોજનાનો અમલ થયો અને એના આધારે ભારતીય જનતા પાર્ટીની લીડ જે પ્રમાણે છે. અમે જે વાત કરીએ છીએ એજ કરીએ છીએ એના આધારે આ યોજનાની અંદર પણ આ તમામ સોસાયટી, બંગલા અથવા તો જે જગ્યાએ આપણે કોર્પોરેશન અથવા નગરપાલિકા, પંચાયત પાણી આપતું હોય આ યોજનાનો જ્યાં અમલ થતો હોય એમાં યોજનાનો સમાવેશ કરવા માટે અને એ યોજનાને લાગુ કરવા માટે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી નાયબ મુખ્યમંત્રીશ્રીને મારું સૂચન છે, જેનાથી જે અત્યારે પાણીનો વપરાશ છે એ વપરાશ ઉપર પાણીમાં કાપ આવશે અને હું માનું છું ત્યાં સુધી ૪૦ થી ૫૦% પાણીનો જે વધારાનો ઉપયોગ થાય છે એમાં પણ બચત થશે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે આ વર્ષે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ગુજરાતની અંદર શ્રમ અને રોજગાર વિભાગની અંદર પણ બજેટ ઘણું બધું ફાળવ્યું છે. અમારું સ્વપ્નું છે કે હર હાથમેં કામ એ યોજનાનો અમલ થાય એ પ્રમાણે ભા.જ.પા. સરકારે અનેક આયામો ઊભા કર્યા છે. આજના દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી એવા નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતની અંદર રોજગારીની તકો ઊભી થાય એના માટે વાઇબ્રન્ટ યોજનાનો અમલ કર્યો અને એના આધારે ગુજરાતની અંદર દેશ વિદેશના ઉદ્યોગપતિઓએ ખૂબ મોટા પ્રમાણમાં મૂડીનું રોકાણ કર્યું અને એ રોકાણની અંદર એટલા ઉદ્યોગોની સાથેસાથે ગુજરાતના દરેક વ્યક્તિને બેરોજગારને રોજગારી મળી

તેનો લાભ પ્રાપ્ત થયો. આવી બધી યોજનાઓના લીધે ગુજરાતમાં આજે ગુજરાતના જ નહીં પણ બિહાર, ઓરિસ્સા, યુ.પી. એવા અલગ અલગ સ્ટેટમાંથી રોજગારી માટે આજે લોકો ખૂબ મોટા પ્રમાણમાં અહીં વસવાટ કરતા થયા છે. આ યોજનાઓના આધારે ગુજરાત સરકારે સમયાંતરે આ વિભાગની અંદર નિયમોમાં પણ ખૂબ મોટા ફેરફારો કર્યા છે. એક બીજું મારું સૂચન છે કે જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર પી.પી.પી.ના મોડલ ઉપર અને જન ભાગીદારી ઉપર ભાર મુકતી હોય ત્યારે માનનીય સૌરભભાઇ પટેલ સાહેબને મારી વિનંતી છે કે ગુજરાતમાં અનેક એવી સંસ્થાઓ છે જે સમાજના દાનથી ચાલતી સંસ્થાઓને આ યોજનાઓની અંદર સોલાર રૂફ ટોપ પણ આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સીમાબેન.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૫થી આજ સુધી આપણી ભા.જ.પ.ની સરકારે હર હંમેશા બજેટમાં દરેક સમાજના વર્ગની ચિંતા કરી. સૌનો સાથ, સૌનો વિકાસની ભાવનાને સાકાર કરવામાં સરકાર સફળ થઇ છે. ૨૦૧૯-૨૦નું પ્રજાભિમુખ બજેટ મૂકવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન આપું છું. ભારતની સંસ્કૃતિમાં પુરાણ કાળથી જ મહિલાઓને માન, પ્રતિષ્ઠા અને સન્માનની વાતને સવિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ભાવિ પેઢીના ઘડતરમાં મહિલાઓનું વિશેષ યોગદાન રહ્યું છે જેમકે આપ જાણો છો કે છત્રપતિ શિવાજી મહારાજની યશોગાથાનો ધ્વજ ફરકતો હોય તો તેની પાછળ તેમના માતા જીજાબાઇનું મોટું યોગદાન છે. મહાત્મા ગાંધીજીની માતા પુતળીબાઇ બાળપણમાં સત્ય, અહિંસા, નિડરતા અને કામ પ્રત્યે અડગ આસ્થા આવા સંસ્કારો થકી જ મોહનદાસ ગાંધી મહાત્મા ગાંધી બની શક્યા. એવી જ રીતે આપણા પ્રધાનમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીજી એમના માતૃશ્રી હિરાબાએ એમનામાં પ્રખર રાષ્ટ્રવાદનું સિંચન કર્યું એટલે આજે પ્રખર રાષ્ટ્રવાદને લઇને દેશનું નેતૃત્વ સફળ રીતે કરી રહ્યા છે. રાજ્યના વિકાસમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગનું યોગદાન મહત્વનું રહ્યું છે. મારું માનવું છે કે મહિલા અને બાળકો સુરક્ષિત હશે તો આપણી ભાવિ પેઢી પણ વિકસિત થશે. મહિલાઓ સુશિક્ષિત હશે તો જ કુટુંબ અને સમાજ શિક્ષિત થશે. રાજ્યની મહિલાઓ શિક્ષિત હશે તો જ શ્રેષ્ઠ બાળકનું નિર્માણ થશે. ગુજરાત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગે ખાસ કરીને મહિલાઓના શિક્ષણ અને આરોગ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરેલું છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગે સરકાર દ્વારા ૨૦૧૪-૧૫માં રૂ.૨૪૧૨ કરોડનું આયોજન કર્યું હતું. ૨૦૧૫-૧૬માં રૂ.૨૪૫૦ કરોડનું આયોજન કર્યું હતું. ૨૦૧૬-૧૭માં રૂ.૨૬૦૦ કરોડનું અને ૨૦૧૮-૧૯માં રૂ.૩૮૦ કરોડ અને ૨૦૧૯-૨૦માં છેલ્લા સાત વર્ષથી સૌથી વધુ રૂ.૩૧૩૮ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. આ બતાવે છે કે સંવેદનશીલ ગુજરાત સરકારની મહિલા અને બાળ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું દર્શન કરાવે છે. રાજ્યમાં દરેક જગ્યાએ મહિલાઓની પ્રતિષ્ઠા જળવાય તે માટે સરકાર નક્કર કામ કરી રહી છે. રાજ્ય સરકારે બેટી બચાવ, કન્યા કેળવણી, વિધવા સહાય, મહિલા કલ્યાણ કેન્દ્ર, સરકારી ભરતીમાં ૩૩ ટકા અનામત, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અનામત. વિનામૂલ્યે શિક્ષણ, શાળામાં જતી દીકરીઓને ફ્રી સાઇકલ, બસમાં વિનામૂલ્યે મુસાફરી, મહિલા સુરક્ષા માટે ૧૮૧ અભયમ્ હેલ્પલાઇન આવી અસંખ્ય યોજના થકી મહિલાઓના વિકાસને માટે, મહિલાઓના સશક્તિકરણ માટે એ દિશામાં બજેટમાં નક્કર આયોજન રાજ્ય સરકારે કર્યું છે. એના સકારાત્મક પરિણામો જોવાં મળી રહ્યાં છે. આપણે સૌ સાક્ષી રહ્યા છીએ. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ શરૂ કરેલ ગુજરાતના વિકાસની ગાથાને નવી ઊંચાઈ સુધી લઇ જવાની કટિબદ્ધતા ધરાવતા આ બજેટમાં મહિલા વિકાસને અનેરું મહત્વ આપવામાં આવી રહ્યું છે. દીકરીઓના જન્મમાં વધારો થાય, તેઓની આર્થિક, સામાજિક સ્થિતિ મજબૂત કરવા શિક્ષણમાં ડ્રોપ આઉટ રેટ ઘટાડવા, બાળ લગ્ન પ્રથા અટકાવવા દીકરા-દીકરી માટે એક સમાન ભાવના સમાજમાં જાગૃત થાય એ માટે રાજ્ય સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના માટે આ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે, જે આવકાર દાયક પગલું છે. આ યોજનામાં પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪,૦૦૦ અને ૯ માં ધોરણમાં રૂ.૬,૦૦૦ અને દીકરી ૧૮ વર્ષની થાય ત્યારે રૂ.૧૦,૦૦૦ આપવામાં આવશે. વ્હાલી દીકરી યોજનાથી સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવામાં મદદરૂપ થશે અને કન્યા કેળવણીને પ્રોત્સાહન મળશે. આ યોજના માટે રૂ.૧૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે માટે સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. બાળ વિકાસ માટે આંગણવાડીમાં અપાતા પૂરક પોષણ માટે રૂ.૭૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને ખાસ કરીને હમણાં આપણા સાથી ધારાસભ્યશ્રી બ્રિજેશ મેરજાએ વાત કરી કે વડોદરામાં આંગણવાડી હજુ સુધી ભાડાના મકાનમાં ચાલે છે, પણ ૧૦૦ ટકા આંગણવાડીની વ્યવસ્થા થઇ ગઇ છે અને હવે દરેકને પોતાની આંગણવાડીના મકાન થઇ રહ્યા છે એ માટે તેમનું હું ખાસ ધ્યાન દોરું છું. મહિલા બાળ વિકાસ દ્વારા રાજ્યમાં આંગણવાડીના બાળકો, કિશોરી, ધાત્રી માતાને પૂરક પોષણ અંતર્ગત દૂધ સંજીવની યોજના દ્વારા ફ્લેવરવાળું દૂધ આપવામાં આવે છે. જેનાથી બાળકો અને ધાત્રી માતાને પોષણ મળે છે અને તેઓ તંદુરસ્ત રહેશે. આંગણવાડીના બાળકોને ફોર્ટીફાઇડ લોટ પણ આપવામાં આવે છે. ખાસ કરીને પ્રાયોગિક ધોરણે પોષણ સુદ્ઢાં અંતર્ગત સંપૂર્ણ ભોજન, કેલ્શિયમ અને આર્યનની ગોળીઓ, સગર્ભા અને ધાત્રી માતાને આપવામાં આવે છે. ૧૫થી ૧૮ વર્ષની કિશોરી માટે અન્નપૂર્ણા યોજના ગુજરાત રાજ્યે કાઢેલ છે. એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખાસ કરીને ઓછું વજન, એનીમિયા જેવા રોગથી દીકરીઓ મુક્ત થયેલ છે. સમાજમાં અનેક ક્ષેત્રમાં મહિલાઓને અસમાનતાનો સામનો કરવો પડે છે. ઘર અને કામના સ્થળે જાતીય શોષણ આમ અનેક મોરચે મહિલાઓને સહન કરવું પડે છે અને આ બધુ ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે મહિલાઓને સુશિક્ષિત અને...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

## તા. ૯મી જુલાઈ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો આભારી છું કે તેઓએ દલિત સમાજના સર્વાંગી વિકાસ માટે રૂપિયા ૪,૨૧૨ કરોડ જેટલી માતબર રકમની બજેટમાં જોગવાઈ કરી છે. રાજ્યના અનુસૂચિત જાતિના લોકો અન્ય સમાજની સાથે કદમ મીલાવીને સ્વમાનભેર જીવી શકે તે માટે ભાજપની સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. તાજેતરમાં જ લોકસભાની ચૂંટણી યોજાયેલી, જેમાં ભાજપના વિકાસની રાજનીતિ અને આપણા ગૌરવ સમા ગુજરાતના સપૂત દેશના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપનો પ્રચંડ બહુમતી સાથે વિજય થયો છે, તે માટે ગૃહના માધ્યમથી તેઓશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. સૌનો સાથ, સૌનો વિકાસની રાજનીતિ સામે મહાગઠબંધન કરીને જાતિવાદીના નામે રાજ રમતો રમનારી પાર્ટીઓએ ચૂંટણી જીતવા અનેક પ્રયાસો કર્યા, પરંતુ તેમને વિપક્ષમાં બેસવા માટે પ્રજાએ મોકો આપ્યો નથી. અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અને દેશના યશસ્વી ગૃહપ્રધાન શ્રી અમિતભાઇ શાહે ચૂંટણી જીતીને જાહેરમાં નિવેદન કર્યું છે કે સમગ્ર દેશના દલિતોએ ભારતીય જનતા પાર્ટીને ખૂબ મોટી સંખ્યામાં મત આપ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપભાઇ બજેટ ઉપર બોલો. ભાઇ પહેલીવાર કોઇ મિત્ર બોલતા હોય તો આપણે હસીએ નહીં. આપણા પર પણ કોઇ હસે. પ્લીઝ શાંતિ રાખો.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : સાહેબ, બજેટ પર બોલું છું. કોંગ્રેસે ભૂતકાળમાં કર્યું છે તે કહી શકું ને, મારો અધિકાર છે સાહેબ.

અધ્યક્ષશ્રી : ચાલુ રાખો.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : આ પહેલાં પણ અનેક પાર્ટીઓએ દલિતોને ભોળવીને માત્ર ચૂંટણી માટે ઉપયોગ કર્યો છે અને જ્યારે જ્યારે ચૂંટણી પતી જાય ત્યારે તેને ભૂલી જતા હોય છે. આ ગૃહના પૂર્વ નેતા માનનીય સ્વ.ફકીરભાઇ વાઘેલા કહેતા હતા કે કોંગ્રેસે હંમેશાં દલિતોને આપણે કઢીમાં જેમ લીમડાના પત્તા નાખીએ છીએ...

અધ્યક્ષશ્રી : કોણ શું કહેતું હતું જવા દો. પ્લીઝ.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : સાહેબ આ ગુજરાતની અંદર હું આપને વાત કરું તો દલિતોના ઉત્થાન માટે ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીમાં ૪૭ જેટલી યોજનાઓ બનાવી છે. તેમાં શૈક્ષણિક યોજનાઓ હોય, શિક્ષણના વિકાસ માટેની નિવાસી સગવડો હોય, આરોગ્ય અને ગૃહ નિર્માણની યોજના હોય કે આર્થિક ઉત્કર્ષની વાતો હોય. એક જમાનામાં માનવ ગરિમા યોજના દ્વારા ગરીબોને રૂ.૩૦૦૦ સુધીની સહાય મળતી હતી અથવા તો તેમને સાધનો મળતા હતા. તેમાંથી રૂ.૨૦૦૦ તો પહેલાંના સમયમાં એજન્ટ લઇ જતા હતા. આજે ગુજરાતનો દલિત સમાજ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા પોતાના જીવનનો નિર્વાહ કરવા માટે સહાય લે છે અને પોતાનું જીવન સારુ જીવી શકે છે. તે જ રીતે અંત્યોદય યોજના વિકાસ નિગમ છે. સંત રોહિદાસ ઉચ્ચ શિક્ષણની યોજનાઓ છે. કુંવરબાઇનું મામેરું જેવી યોજનાઓ છે. ડૉ.આંબેડકર આવાસ યોજના જેવી ૪૭ જેટલી યોજનાઓ આ સરકારે મૂકી છે. દલિત સમાજના સર્વાંગી વિકાસ માટે માનનીય વિજયભાઇ રૂપાણી અને આ સરકાર કટિબદ્ધ છે. સરકારના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અનેક પ્રયાસો કર્યા છે. અંતમાં અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને હૃદયપૂર્વક અભિનંદન આપી આ બજેટમાં વ્હાલી દીકરી યોજના મૂકીને મહિલા સશક્તિકરણની દિશામાં સમગ્ર દેશને એક નવી રાહ ચીંધી છે. આમ આ સર્વ સમાજલક્ષી બજેટને હું મારું સમર્થન આપું છું. વંદે માતરમ્ .

શ્રી રાઘવજીભાઇ પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ પટેલની આગેવાની હેઠળની ભારતીય જનતા પાર્ટીની આ લોકપ્રિય સરકારનું સને ૨૦૧૯-૨૦૨૦ના અંદાજપત્ર ઉપરની ચર્ચામાં હું મારા વિચારો આ અંદાજપત્રને આવકારતાની સાથે રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ શરૂઆત કરી કે આટલા બધા કરોડો રૂપિયા બજેટમાં નાખો છો તો તે કયાં ઉગે છે તે અમને દેખાતા નથી. માનનીય વિપક્ષના નેતાને હું કહેવા માગું છું કે, બજેટમાં આ સરકારે જે પૈસા ફાળવ્યા છે તે વિકાસના કામો રૂપે ઊગે છે અને તે મતપેટીઓમાં દેખાઈ રહ્યા છે. સતત ૨૩ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. સતત છઠ્ઠી વખત ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી સત્તા ઉપર આવી છે. સતત બે લોકસભાની ચૂંટણીઓમાં ગુજરાતની તમામે તમામ સીટો ઐતિહાસિક લીડથી ચૂંટાઇ તે જ પ્રમાણ બતાવે છે કે આ સરકાર જે કામો કરે છે, આ સરકાર જે કંઇ બજેટ ફાળવે છે તે લોકોના દિલમાં ઊગે છે. માનનીય સભ્યશ્રીઓને હું કહેવા માગું છું કે આ ગુજરાતમાં પીવાના પાણીની ભયંકર તકલીફ હતી. હું તો વર્ષો સુધી વિરોધ પક્ષમાં રહ્યો છું, ત્રણ ત્રણ વખત હું વિરોધ પક્ષનો ધારાસભ્ય પણ હતો, મેં નજરે જોયું છે કારણ કે સત્યથી દૂર કોઇ ન જઇ શકે. ગામડાની બહેનો બે બે કિલોમીટર દૂર સુધી બેડા લઇને પાણી ભરવા જાતી. ટેન્કર રાજ, માથાભારે માણસોના હાથમાં કોન્ટ્રાક્ટ હોય, અમારા જેવા ધારાસભ્યો પણ રજૂઆત ન કરી શકે આ સ્થિતિમાંથી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની જનતાને પાણીની તંગીમાંથી મુક્ત કરી છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની સ્થિતિ જુઓ, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી હોય, શ્રી વિરજીભાઇ હોય કે બીજા સભ્યશ્રીઓ હોય એ બધા સ્વીકારશે કે પીવાના પાણી માટે કેવી વિકટ સ્થિતિ હતી? પણ ૨૯૦૦ કિલોમીટર જેટલી લાંબી પાઇપ લાઇન નાંખી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ૧૮૦૦૦ ગામડામાંથી ૧૩૦૦૦ જેટલા ગામો અને ૨૦૭ જેટલા

શહેરોને પીવાનું પાણી પૂરું પાડવાનું ભગીરથ કામ જો કોઇએ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે કે, સૌનો સાથ, સૌનો સહકાર અને સૌનો વિશ્વાસ આ માત્ર સૂત્ર બોલવા માટે નથી, આ સુત્ર અમલમાં મૂક્યું છે અને આ સૂત્રના પરિણામે આ દેશની અને આ રાજ્યની જનતાએ ભારતીય જનતા પાર્ટીનો અને માનનીય નરેન્દ્રભાઇ મોદીનો વિશ્વાસ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, "નલસે જલ યોજના" આ સરકારનો પ્લાન છે, દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો પ્લાન છે કે, આ દેશમાં પાંચ વર્ષમાં તમામ લોકોને ઘરે ઘરે નળથી પાણી પૂરું પાડવું. એનાથી આગળ વધીને ગુજરાતની સરકારે તો એવો પ્લાન કર્યો છે કે ત્રણ જ વર્ષમાં ૨૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચે સમગ્ર ગુજરાતના તમામ ઘરોમાં નળ દ્વારા પાણી પૂરું પાડવું. આવો લોકો માટેનો નિર્ણય, ઐતિહાસિક નિર્ણય કહી શકાય એવો આ સરકારે નિર્ણય કર્યો છે અને અત્યારે મને કહેતા આનંદ થાય છે અને કહેતા ગૌરવ થાય છે કે, રાજ્યના ૭૩ ટકા ઘર નળ દ્વારા પાણી મેળવે છે આવી સ્થિતિ ગુજરાતમાં પીવાના પાણીની છે. વરસાદ ઓછો છે, સતત બે ત્રણ વર્ષે એક વર્ષ દુષ્કાળનું-અર્ધ દુષ્કાળનું આવે છે એવા સંજોગોમાં માત્ર વરસાદના પાણીનો આધાર રાખ્યા સિવાય પણ આ સરકાર પાણીના બીજા સ્ત્રોત ઊભા કરવા માટે પણ પૂરા પ્રયત્નો કરી રહી છે. બિન પરંપરાગત ક્ષેત્રે દરિયાનું ખારું પાણી મીઠું બનાવવાનો પ્લાન ભાગીદારી યોજના સાથે સમગ્ર ગુજરાતમાં ૮ જેટલા પ્લાન્ટો સ્થાપી અને ૩૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૩૦૦ એમ.એલ.ડી. વધારાનું પાણી પીવાના પાણી માટે ઉપલબ્ધ થાય એના માટે સરકારે બજેટમાં જોગવાઈ કરી છે એ માટે હું સરકારને અભિનંદન આપું છું અને આ બજેટને હું આવકારુ છું.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ સાહેબ ૨૦૧૯-૨૦નું બજેટ લઇને આવ્યા છે આ બજેટને હું સમર્થન આપું છું અને તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળ આપણને યાદ છે કે, ગુજરાત હંમેશા વરસાદ પર આધારિત હતું, ગુજરાતમાં અનેક વખત દુષ્કાળ પડ્યા છે અને ગુજરાત હંમેશા દુષ્કાળનો સામનો કરતું આવ્યું છે. અનેક મુશ્કેલીઓમાંથી પસાર થતું હતું, આવા સમયે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ આ સમસ્યાઓને હલ કરવા માટે ગુજરાતમાં પાણીની અનેક યોજનાઓ મૂકી અને આ યોજનાઓ થકી ગુજરાતમાં પાણીનો દુષ્કાળ આજે ભૂતકાળ સાબિત થયો છે એવું ચોક્કસ માનવું પડે. એટલું જ નહિ અમારી આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારના આદરણીય વિજયભાઇ અને આદરણીય નીતિનભાઇના નેતૃત્વમાં છેલ્લાં બે વરસથી જળ સંચય માટે સુજલામ-સુફલામ યોજનાનું અભિયાન ચલાવવામાં આવ્યું અને અભિયાન દરમિયાન છેલ્લાં બે વરસમાં ૧૧૯૦૧ અને ૪૯૬૪ જેટલા કામો કરીને ગત વરસે ૨ કરોડ ૧૭ લાખ ૮૦ હજાર ૩૨૯ ઘન મીટર જળ સંચયની વ્યવસ્થા કરવામાં આવી અને ચાલુ વરસે પણ બે ૨ કરોડ ૯૭ લાખ ૩૬ હજાર ૪૯૪ જેટલું માટીનું ખોદકામ કરીને જળની વ્યવસ્થા કરવામાં આવી. જેના થકી આવનાર સમયમાં અનેકગણો આ યોજનાથી ફાયદો થશે એવું હું ચોક્કસ કહું છું. ગુજરાત સરકારે જે ઉત્તર ગુજરાત પાણી માટે તરવરતું હતું એ માટે નર્મદાનું ફળદ્રુપ પાણી ઉત્તર ગુજરાતને આપ્યું, આજે પણ ઉત્તર ગુજરાતમાં ક્યાંકને ક્યાંક પાણીની મુશ્કેલી સર્જાઈ છે જેના થકી જે વિસ્તારમાંથી હું આવું છું એ વિસ્તાર ભૂતકાળમાં લીલોછમ હતો, પાણીથી ભરેલો હતો પરંતુ જે અગાઉની સરકારોએ એનું આગોતરું આયોજન ન કર્યું અને પાણી માટે મુશ્કેલી સર્જાઈ. હું જ્યારે વિધાનસભાનું ઇલેકશન લડતો હતો ત્યારે મને ગામે ગામ એ જ ફરિયાદ મળતી હતી કે આપણી સાબરમતી નદીમાં જો ચેક ડેમ બનાવવામાં આવે તો ચોક્કસ આવનારું ભવિષ્ય આપણા માટે સારું રહેવાનું છે. મારે આજે શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો અને શ્રી નીતિનભાઇ સાહેબનો આ સભાગૃહ સામે ચોક્કસ આભાર માનવો પડે કે એમણે મને ગત વરસે રૂ. ૨૨૫ કરોડના ખર્ચે બે ચેકડેમ એક હીરપુરા અને વલાસના મંજૂર કર્યા ત્યારે આજે આ સભાગૃહ સમક્ષ તેઓ બન્નેને અને અમારી સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મારે એક વાત ચોક્કસ કહેવી પડે, જેમ કોંગ્રેસના મિત્રો પણ એમ કહેતા હતા કે ગામડાઓનો વિકાસ કરો, ખેડૂતોનો વિકાસ કરો ત્યારે મારે ચોક્કસ કહેવું પડે કે હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તારમાં આ જે કામો કર્યા એના થકી હું જ્યારે વિધાનસભાની ચુંટણી લડતો હતો ત્યારે મને બહુ પાતળી બહુમતી મળી હતી પરંતુ આજે વિકાસની હરણફાળ આગળ વધી, આ ચેકડેમો મંજૂર થયા આ તળાવો ભરાયા જેના થકી લોકસભામાં મારા વિસ્તારમાંથી ૪૬૦૦૦ જેટલી માતબર લીડ મળી છે. આ પ્રમાણે વિકાસના કામો ખૂબ સફળતાથી થયા છે. એટલે જળ સંચય બાબતમાં મારે કહેવું છે કે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ગુજરાતમાં કામ કર્યું છે એ રીતે દેશ માટે જળ વિભાગ એક આખો નવો વિભાગ શરૂ કર્યો અને આવનારા દિવસોમાં પાણીની મુશ્કેલી રહે નહિ એ રીતે ભારતીય જનતા પાર્ટી ચોક્કસ આગળ વધી રહી છે. આ તબક્કે જે બજેટ લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાણા મંત્રીશ્રી જે વિકાસશીલ સરકારનું બજેટ લઇને આવ્યા છે અને એમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉત્થાન માટે રૂપિયા ૪૨૧૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે તે માટે તેમને લાખ લાખ અભિનંદન પાઠવું છું અને મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કંડારેલી વિકાસની કેડી ઉપર ગુજરાત અવિરત પ્રગતિના નવા આયામો હાંસલ કરી રહ્યું છે જેના આપણે સૌ સાક્ષી બની રહ્યા છે. આ સરકારે છેવાડાના માનવી સુધી પાયાની સવલતો પહોંચાડવા સાથે વૈશ્વિક સ્તરની મજબૂત આંતર માળખાકીય સુવિધાઓનું નિર્માણ કર્યું છે. આવા મજબૂત પાયા ઉપર ગુજરાત વિકાસના પંથે આગળ વધી રહ્યું

છે ત્યારે વંચિતોના વિકાસની નેમ સાથે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા વિવિધ વિકાસના કાર્યોની નોંધ લેવી જ ઘટે. 'સૌનો સાથ અને સૌનો વિકાસ' નું સુત્ર માનનીય વડાપ્રધાનશ્રીએ સમગ્ર વિશ્વને આપેલો મહત્વનો સંદેશ છે જેના અમલ થકી સરકાર નાગરિકોના સર્વાંગી વિકાસના લક્ષ્યને પાર પાડવા માટે સતત પ્રયત્નશીલ છે. શ્રમ અને શ્રમિકોના મહત્વને ધ્યાને લઇને આ સરકારે તેમને પણ ખાસ મહત્વ આપ્યું છે. સસ્તા દરે ભોજન આપતી શ્રમિક અન્નપૂર્ણા યોજના એક મહત્વનું કાર્ય છે. ગરીબ ઘરના શ્રમિકો કે જે દિવસ રાત કાળી મજૂરી કરી ઘર ગુજરાન ચલાવતા હોઇ તેમની પણ ચિંતા આ સરકારે કરી છે. સૌનો સાથ સૌનો વિકાસની વાતને ચરિતાર્થ કરતા શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ પ્રાથમિક તબક્કે રાજ્યના ૮ શહેરોમાં પ્રતિદિન ૨૫ હજાર બાંધકામ ગરીબ શ્રમિકોને માત્ર રુપિયા ૧૦માં સાત્વિક ભોજન આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના છેવાડાના માનવીના વિકાસના નેજા સાથે છેલ્લાં ઘણાં જ વર્ષથી કાર્ય કરી રહી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તથા અન્ય પછાત સમાજના વિકાસ અને પ્રગતિ માટે રાજ્ય સરકાર શૈક્ષણિક આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય, આવાસ નિર્માણ, ગરીબી નાબૂદી કાર્ય, વિકલાંગ કલ્યાણ યોજના, વૃદ્ધ કલ્યાણ યોજના વિગેરે જેવી અનેક યોજનાઓના માધ્યમથી સરકાર કામ કરી રહી છે. અનુસૂચિત જાતિના ૭૫૦૦ લાભાર્થીઓને ડો.આંબેડકર આવાસ યોજના અને વિકસતી જાતિના ૧૬,૩૭૫ લાભાર્થીઓને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મકાન બાંધવા માટે લાભાર્થી દીઠ રૂપિયા ૧ લાખ ૨૦ હજારની સહાય આપવા માટે રૂપિયા ૧૮૬ કરોડની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ બજેટને સમર્થન આપું છું આભાર.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી**(**માતર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે સન ૨૦૧૯–૨૦નું અંદાજપત્ર રજૂ કર્યું છે તેમાં ખેડૂત અને કૃષિ ખેડૂત કલ્યાણ સહકાર વિભાગ દ્વારા રૂ. ૭૧૧૧ કરોડની જોગવાઈ કરવા બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને અંદાજપત્ર ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેડૂતોની ચિંતા કરી અને ૨૦૧૪ની અંદર તેવો નિર્ણય લાવ્યા જ્યારે ખેડૂતોને યુરિયા ખાતરની અંદર ખૂબ મુશ્કેલી પડતી હતી અને નીમ કોટેડ યુરિયા કરી ખેડૂતને સેવા સહકારી મંડળી સુધી જવું ના પડે અને લાઇનમાં ઉભા રહેવું ના પડે અને તેને સતત મળી રહે. હાલની તારીખે પણ એ જાય એટલે તરત તેમને યુરિયા ખાતર મળી રહે છે. ખાતેદાર ખેડૂતનું આકસ્મિક મૃત્યુ થાય તો સરકારની અંદર અત્યાર સુધી એક લાખ રૂપિયા મળતા હતા તેના બદલે હાલના તબક્કે સરકારે ૨ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. ખેડૂતને પોતાની ઉપજના વધારે ભાવ મળે તેના માટે ટેકાના ભાવે ડાંગર, ઘઉં, મકાઇ, બાજરી અને રાય જેવા ટેકાના ભાવે ખરીદે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત પોતાનું અનાજ ખેતરે સંગ્રહે તે માટે ગોડાઉનની વ્યવસ્થા પણ કરી છે. સરકારે ખેડૂતોને એક વર્ષની અંદર સવા લાખ કનેકશન આપવાનો પણ નિર્ધાર કર્યો છે એ ગુજરાતના ખેડૂતો વતી સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ રાજ્યની સરકાર બાગાયતી પાક માટે દરેક તાલુકામાં ખેતીવાડી અધિકારી નીમી અને ખેડૂતોને માર્ગદર્શન મળે કે તમે કયો પાક લેશો તો તમને વધારે આવક મળશે અને તેના કૃષિમેળાઓનું પણ આયોજન કરે છે. ખેડૂતોની ચિંતા કરી જે જે તાલુકાઓમાં જે કંઇ પાકી માઇનોર કેનાલો બનાવવાની બાકી હતી તે પણ મારા વિસ્તારની અંદર બધી પાકી માઇનોર કેનાલો થઇ ગઇ છે. એથી વધુ આગળ વાત કરતા મારા મત વિસ્તાર માતરની જો હું વાત કરું તો બાગાયતમાં ખેડૂતોને જે જે સરકારી લાભ જેને મળ્યાં છે તેમાં રૂ. ૬ કરોડ ૪૪ લાખ ૮૫ હજારની સહાય પણ ખેડૂતોએ લીધેલી છે. વસો તાલુકાની વાત કરું તો તેની અંદર ૩૭ લાખ ૨૧ હજારની પણ માતબર રકમનો લાભ ખેડૂતાએ લીધો છે. માતર તાલુકો ખેડા તાલુકાની વાત કરું તો ૬૫ લાખની માતબર રકમ જેમાં ખેડૂતો ટ્રેક્ટર લે તો તેની પણ સરકાર સબસિડી આપે છે તે પણ અમે તાલુકે તાલુકે ચેકનું વિતરણ કરતા હોઇએ તેની અંદર પણ અમારે જવાનું થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ અંતર્ગત ખેડૂતોની ચિંતા કરી દરેક તાલુકા મારફતે જે તળાવો ઊંડા થયા છે તેના લીધે થઇ ખેડૂતોને નજીક તળાવ હોય એથી પણ તે સીફ્ટીંગ કરીને પણ પાણી લઇ શકતા હોય છે જેથી કરીને ખેડૂતોને ખૂબ ઉપયોગી થાય છે. અસ્તુ.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા**(**મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉપમુખ્યમંત્રીશ્રી અને રાજ્યના નાણામંત્રી આદરણીય નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૧૯–૨૦નું બજેટ લઇને આવ્યા છે તેમને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. રાજ્યમાં સૌપ્રથમ વખત બે લાખ કરોડનું બજેટ લાવવા બદલ ફરીને મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી બંનેને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું. સાથે સૌનો સાથ, સૌનો વિકાસ અને સાથે–સાથે સૌનો વિશ્વાસ એ સૂત્રને બરાબર બંધ બેસતું આ બજેટ કરવામાં આવ્યું છે. સર્વવ્યાપી અને સર્વસ્પર્શી બજેટ સૌપ્રથમ આ વખતે મેં જોયું છે અને સૌથી સારું બજેટ આ વખતનું છે. રાજ્યના બધાં પાસાઓનો વિચાર કરીને પછી એ ખેડૂત હોય, ગરીબ હોય, દલિત હોય કે રાજ્યનો નાનો–મોટો ઉદ્યોગપતિ હોય કે પછી ગરીબ વેપારી હોય આ બધાંને ધ્યાનમાં રાખીને આ બજેટ રજૂ કર્યું છે ત્યારે હું ખૂબ–ખૂબ ધન્યવાદ આપું છું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનો જે મારો વિષય છે એની ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. હું જે વિસ્તારમાંથી ચુંટાઇને આવું છું એ વિસ્તાર લગભગ ૮૦ ટકા બક્ષી પંચનો છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનો વિસ્તાર છે ત્યારે આ બજેટ મારા વિસ્તાર માટે આશીર્વાદરુપ નિવડશે એવું હું ચોક્કસ કહી શકું એમ છું. રાજ્ય સરકારે આજના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇની રાહબરી હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના

વિકાસમાં ક્યારેય પાછું વાળીને જોયું નથી. વિપક્ષમાં બેઠેલા મારા ઘણા બધાં મિત્રો કહેતા હોય છે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઘણા બધાં ધારાસભ્યો શાસક પક્ષમાં પણ બેઠા છે અને એ લોકો વખાણ કરે છે, ખુશામત કરે છે પણ આજે મારે ગર્વ સાથે કહેવું જોઇએ કે શિક્ષણની બાબતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિકાસ અને ઉત્થાન માટે અને એ કેવી રીતે આગળ આવી શકે એના માટે સરકારે ખૂબ ચિંતા કરી છે અને ખાસ કરીને શ્રી નીતિનભાઇ અને શ્રી વિજયભાઇએ સતત ચિંતા કરી છે ત્યારે આ બાબતે હું ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે હું ખૂબ ગૌરવ લઇ શકું એમ છું. શિક્ષણની વાત કરું તો રાજ્યમાં પ્રાથમિક શાળાથી લઇ ગ્રેજ્યુએશન સુધીની ડિગ્રી અને ત્યારબાદ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવું હોય તો ત્યાં સુધીની વ્યવસ્થા કરવા આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ વખતના બજેટમાં વહાલી દીકરીની જોગવાઈ કરી છે. ઘણી વખત આપણે કહેતા હોઇએ છીએ કે, 'દીકરી વહાલનો દરિયો', 'દીકરી બે કુળને તારે' આવી ઘણી બધી કહેવતો દીકરીઓ માટે છે પણ ખરા અર્થમાં એ દીકરી માટે વહાલી દીકરી યોજના લાવીને આ સરકારે સૌથી મોટું કામ કર્યું છે. શ્રી નીતિનભાઇએ બજેટ રજૂ કર્યું ત્યારથી અભિનંદનના ફોન આવે છે ત્યારે હું શ્રી નીતિનભાઇને ફરીવાર ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. સામાન્ય બાબતમાં પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સંવેદનશીલ સરકાર છે પછી એ શ્રી વિજયભાઈ હોય, શ્રી નીતિનભાઇ હોય કે પછી શ્રીમતી આનંદીબહેન હોય. હું એક દાખલો આપું. અમારી નગરપાલિકાની હોસ્પિટલ હતી એ હોસ્પિટલ આ વખતથી સરકાર હસ્તક આવી છે અને મેં શ્રી નીતિનભાઇને વાત કરી કે ખૂબ મોટો તાલુકો છે. પછાતવર્ગની વસતી છે તો તમે સમય કાઢીને એકવાર આવો અને અમારી હોસ્પિટલ જુઓ અને આ વિસ્તારના લોકોને સેવા આપવા જેવી છે કે નહિ એ જુઓ. આ વાતનો સ્વીકાર કરીને શ્રી નીતિનભાઇએ ભાવનગર આવીને મને ફોન કર્યો કે હું મહુવા હોસ્પિટલ જોવા માટે આવું છું. પોતે માનનીય નીતિનભાઇએ હોસ્પિટલનું નિરીક્ષણ કર્યું અને મને પોતાને એમની ઓફિસમાં બોલાવ્યો અને મારી હાજરીમાં જે તે વિભાગના ઉચ્ચ અધિકારીઓને આ હોસ્પિટલ સારી રીતે કાર્યાન્વિત થાય એ માટે જરૂરી સૂચનાઓ આપી. આ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આવી નાની નાની બાબતમાં પણ ખૂબ જ ધ્યાન આપીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટે પણ ચિંતા કરી રહ્યા છે ત્યારે મને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે ગર્વ થાય છે. પ્રાથમિક શાળાઓમાં ભણતા બક્ષી પંચના વિદ્યાર્થીઓ જે ૧ થી પાંચ ધોરણમાં અભ્યાસ કરે છે એ જ રીતે બક્ષીપંચની કન્યાઓ જે ૧થી ૮ માં ધોરણમાં અભ્યાસ કરે છે અને ધોરણ ૧ થી ૮માં ૫૦૦ રૂપિયા અને ભાઇઓને ૧થી ૮ ધોરણ સુધી અને ૯થી ૧૦ માં ૭૫૦ રૂપિયા સ્કોલરશીપ આપવામાં આવે છે. સામાન્ય પરિવારનો વિદ્યાર્થી હોય એને મા-બાપ ભણવા મોકલે પણ એને સામાન્ય ખર્ચ કરવો હોય તો એ કરી શકતો નથી એવા સંજોગોમાં સ્કોલરશીપ ખૂબ આશીર્વાદરૂપ થતી હોય છે. છેલ્લા દસ વર્ષમાં ૪,૬૧,૦૮૪૧૭ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે અને છેલ્લા દસ વર્ષમાં રૂ. ૧૫૭૬ કરોડ કરતાં વધારે રકમ શિષ્યવૃતિ તરીકે ચુકવવામાં આવી છે. આ રીતે પછાત જાતિઓ માટે સરકારે ખૂબ જ ચિંતા કરી છે જે અભિનંદનને પાત્ર છે. ગણવેશ માટેની સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે. છેલ્લા દસ વર્ષમાં ૩ કરોડ ૭૫ લાખ ૫૨૪૭ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની આગેવાનીમાં આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે રૂ.ર લાખ ચાર હજાર કરોડનું સૌથી વધુ રકમનું બજેટ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

સૌ પ્રથમ તો ગુજરાતની જનતાએ ૬૨ ટકા જેટલા મત અને ૧૭૩ ધારાસભામાં ગુજરાતની ભાજપની સરકારને આવકાર આપ્યો છે ત્યારે સમગ્ર ગુજરાતના મતદારોનો આભાર વ્યક્ત કરું છું. સાથે સાથે આપણું ગુજરાત દેશમાં ખેતી અને ઉદ્યોગ માટે જાણીતું છે. ખેતીમાં માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે કૃષિ મહોત્સવો દ્વારા સમગ્ર ગુજરાતમાં કૃષિનો વિકાસ થાય એ માટે જેહાદ ઉપાડી એના લીધે સમગ્ર ગુજરાતનો વિકાસ દર છેલ્લા ૧૫ વર્ષથી ૧૦ ટકાની ઉપર રહ્યો છે અને ત્યાર પછી ઉદ્યોગ માટે ગુજરાતમાં જી.આઇ.ડી.સી.ની સ્થાપના કોંગ્રેસના શાસનકાળમાં થઇ એ આપણે સ્વીકારવું જોઇએ. ઉદ્યોગીકરણની શરૂઆત તે સમયથી થઇ પરંતુ ત્યાર પછી મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇના આવ્યા પછી એમને વાયબ્રન્ટ ગુજરાત ચાલુ કર્યું અને ખરેખર ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થયો હોય તો સન ૨૦૦૪ પછી થયો છે. સમગ્ર દેશમાં જે ઉત્પાદન થાય છે એના ૧૭ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે એ ખરેખર આનંદની વાત છે. ખાસ કરીને વાપી અને અંકલેશ્વર એ સમગ્ર દેશમાં સૌથી વધારે વિદેશી હુંડિયામણ ઔદ્યોગિકરણ મારફતે ગુજરાત કમાવી આપે છે. ખાસ કરીને ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ થવાનું મુખ્ય કારણ ગુજરાત સરકારના અનેકવિધ પગલાંઓને આભારી છે. ખાસ કરીને રસ્તા, રેલવે અને બંદરોનો વિકાસ થવાને લીધે છે. જે રીતે સરકારની પોલિસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની રહી છે એના લીધે ખૂબ વિકાસ થયો છે. આપણા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગોના વિકાસ માટે ઘણી બધી તત્પરતા દર્શાવે છે. ખાસ કરીને મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના દાખલ કરીને ઉદ્યોગોને સ્કીલ પાવર મળી રહે છે અને એનો સુંદર અમલ થઇ રહ્યો છે. ઉદ્યોગોને એનાથી સ્કીલ મેન પાવર મળી રહે છે. એનાથી સ્કીલ મેઇન પાવર પણ વધી રહ્યા છે. ખાસ કરીને આ બજેટમાં એક લાખ વ્યકિત માટે ૭૮ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, તે પણ આવકારદાયક અને અભિનંદનને પાત્ર છે. ઉદ્યોગના વિકાસની સાથે સાથે આપણે જોઇએ છીએ કે પર્યાવરણ જોખમાય છે અને લોકોની મુસીબતમાં ઘણો બધો વધારો થાય છે, તેના માટે આ સરકારે આપણે જોયું કે છેલ્લા વિધાનસભાના સત્ર વખતે જેતપુરમાં ઘણા બધા પ્રશ્નો પર્યાવરણના થયા હતા, ત્યારે આ જાગૃત સરકારે તરતજ નિર્ણય લઇને પાવી-જેતપુર, અમદાવાદ અને બરોડા જેવા જયાં મોટા ઔદ્યોગિક વિસ્તારો આવેલા છે તેના

માટે એનું જે ટ્રીટેડ પાણીને છે એ ડીપ શી સુધી લઇ જવાની જે સુંદર યોજના બનાવી છે અને એના માટે રૂ. ૨૨૨૫ કરોડની યોજના માટે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે એના માટે શ્રી નીતિનભાઇ અને સરકારને ખાસ અભિનંદન આપું છું. આ યોજના છે એ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપથી જ થશે અને સરકાર ઉપર સંપૂર્ણ બોજો આવતો નથી. મારી નમ્ર વિનંતી છે કે આ યોજના સુરત, વાપી અને સરીગામ જેવા ઔધોગિક વિસ્તારો માટે કરવામાં આવે તો લોકોને ઘણો બધો ફાયદો થાય અને પ્રદુષણ અને મરિન લાઇફને પણ આમાંથી ફાયદો થાય. ખાસ કરીને ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની જે પરિસ્થિતિ છે, આપણે જોઇએ છીએ કે ૧૯૭૦ ની આજુબાજુમાં મુંબઇના બધા ટેક્સટાઈલ ઉધોગો ત્યાંની હડતાલને લીધે ગુજરાત તરફ આવ્યા અને ત્યાર પછી ગુજરાતમાં જે રીતે ઉધોગોનો વિકાસ થયો એ આપણી ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને આભારી છે. ગુજરાતમાં કોઇ પણ દિવસ હડતાલ કે આંદોલનો થતા નથી અને આના લીધે ગુજરાતમાં રોજગારી વધી છે અને ભારતના કોઇ પણ વિસ્તારના લોકો ગુજરાતમાં આવીને કામ ધંધો કરી શકે છે, રોજગારી મેળવી શકે છે. એજ ગુજરાતની મોટામાં મોટી શાન છે. ગુજરાતનું જે મૉડેલ છે તે સમગ્ર દેશમાં આના લીધે જ પ્રખ્યાત છે. ગુજરાત સરકારે ઉધોગોના વિકાસ માટે ઘણા બધા પગલાં ભર્યા છે એમાં ખાસ કરીને સવારે કાપડ ઉધોગની વાત થતી હતી. આ કાપડ ઉધોગના પ્રોત્સાહન માટે રાજ્ય સરકારે ૧૫૦૦ કરોડ રૂપિયા આ બજેટમાં લીધા છે અને તેનો સંપૂર્ણ લાભ કાપડ ઉધોગને મળશે તેવી ચોક્કસ ખાત્રી છે. તેજ રીતે ઉધોગોનું બીજું પાસું એમ.એસ.એમ.ઇ. છે એટલે કે નાના ઉધોગો છે, આ ઉધોગોમાં આપણા ખેડૂત પુત્રો પણ આજુબાજુના ગામડામાંથી આવીને નાના ઉધોગો આ ખેડૂતો પણ ચલાવે છે. તો આ બધા ઉધોગો માટે પણ સરકારે ૮૮૦ કરોડ રૂપિયાની યોજના જાહેર કરી છે, એનો પણ એમ.એસ.એમ.ઇ. ને લાભ મળશે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્બારા ગુજરાતમાં આજ સુધીનું સૌથી મોટું બજેટ ૨ લાખ કરોડ રૂપિયાથી વધુનું રજૂ કરવા બદલ મારા લાખ લાખ અભિનંદન પાઠવું છું.

રાજયમાં આટલું મોટું બજેટ રજૂ કરવા માટે રાજ્યની મહેસૂલી આવક ઊભી કરવાની થાય છે. બે લાખ કરોડ કરતાં વધુ બજેટ આપવા માટે ખાણ– ખનિજ ખાતા દ્બારા રાજ્ય સરકારે જે મહેસૂલી આવકો ઊભી કરી છે, એમાં રાજ્ય સરકારે પારદર્શક વહીવટ કર્યો છે અને આ રાજ્ય સરકાર કાયદા અને નિયમોમાં અને વહીવટમાં અસરકારક સુધારાઓ લાવી ભ્રષ્ટાચાર દૂર કરવાની દિશામાં આગળ વધી રહી છે. આજે ખાણ ખનિજ વિભાગમાં ભૂતકાળમાં ચોરીનું પ્રમાણ વ્યાપક હતું એને રોકવા માટે આ સરકાર દ્બારા ખાણ ખનિજની જે ખનનની હરાજી થતી હતી તે હવે ઇ–ટેન્ડરથી હરાજી કરવામાં આવે છે. એના કારણે ખાણ ખનિજ ખાતા દ્બારા રાજ્ય સરકારશ્રીને નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ની અંતિત રૂ.૧૫૬૭.૮૫ કરોડની મહેસૂલી આવક થઇ છે અને ગયા નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ ની અંતિત આવક રૂ.૧૨૦૦.૪૬ કરોડની આવકની સરખામણીમાં ૧૩૦.૭ ટકા જેટલી થવા જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ચાલતી અમારી સરકારમાં પારદર્શક, સ્પર્ધાત્મક તેમજ બિન ભેદભાવયુક્ત ખનિજ ખાણોની જાહેર હરાજી કરવામાં આવે છે. તે માટે ગૌણ ખનિજના કુલ ૬૮૬ બ્લૉક આઇડેન્ટીફાઇ કરેલ છે, એપ્રિલ ૨૦૧૮ થી આજ દિન સુધી કુલ ૭ તબક્કામાં ગૌણ ખનિજના બ્લોકની સફળતા પૂર્વક હરાજી કરી રૂપિયા ૧૯૭૪.૯૬ લાખની અન્ય આવક નામદાર સરકારશ્રીએ ઉભી કરી છે. આ સિવાય આઠમાં તબક્કામાં ૩૪ ગૌણ ખનિજ બ્લૉક તૈયાર છે જેની તા. ૨૦.૬.૨૦૧૯ના રોજ પ્રસિદ્ધ કરવાની કામગીરી ચાલુ છે. રાજ્યમાં ચાલતા રસ્તાઓ, નહેર, રેલવે ટ્રેક તથા વડોદરા મુંબઈ એક્સપ્રેસ વે જેવા અનેક ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામો એપ્રિલ ૨૦૧૮ થી મે ૨૦૧૯ સુધીમાં જે શરૂ થયા છે એમાં ૩૬૦ લાખ મેટ્રિક ટનથી વધુ ખનિજનો જથ્થો કુલ ૩૪૪ થી વધુ ક્વોરી પરમિટની અરજીઓ પ્રોસેસીંગ કરવામાં આવેલ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી, જિલ્લાઓની પંચાયતોમાં જે રેતી, કંકર, ગાવર, ખનિજની રોયલ્ટી અને શેષની થયેલી મહેસૂલી આવકના ૯૫ ટકા લેખે ગ્રાન્ટની જે કુલ રકમ રૂપિયા ૧૪૦૦૭.૮૨ લાખ ફાળવણી કરી પંચાયતોમાં વિકાસના કામો હાથ ધરવામાં આવેલ છે. રાજ્યમાં બિન અધિકૃત ખનિજ ખોદકામ કરતા ખનિજ ચોરીની જુદા જુદા માધ્યમો દ્બારા મળેલ ફરિયાદ દ્બારા ૭૭૩૪ કેસો કરી રૂપિયા ૧૦૯૮૧.૪૨ લાખની વસૂલાત કરવામાં આવેલ છે અને ૧૪૫ પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવેલ છે. બિન અધિકૃત ખનિજ ખનન રોકવા માટે કેન્દ્ર સરકાર દ્બારા ....

અધ્યક્ષશ્રી : શ્રી અરવિંદભાઇ આપનું વકતવ્ય પૂરું થાય છે. છેલ્લેથી પહેલા માનનીય મોહનભાઇ ઢોડીયા.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી મુરબ્બી શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આ સન્માનનીય ગૃહમાં સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ વાળું ૨૦૧૯–૨૦નું અંદાજપત્ર લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. અને મારા વિચારો વ્યક્ત કરું છું. જ્યારે જ્યારે આ બજેટની વાત આવતી હોય ત્યારે અને બજેટનું સેશન આવતું હોય ત્યારે આ સેશનમાં આ રાજ્યના મુખ્યમંત્રી હતા અને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને યાદ કરવા પડે. એટલા માટે યાદ કરવા પડે કે આ સન્માનનીય ગૃહમાં આ દેશના વડાપ્રધાને સૌ પ્રથમ વખત આદિજાતિ સમુદાય માટે ૧૫ હજાર કરોડ રૂપિયાનું બજેટ મૂકવામાં આવ્યું હતું. પેકેજ મૂકવામાં આવ્યું અને એ પેકેજ મૂકયા પછી આદિજાતિ સમુદાયમાં ઉમરગામથી અંબાજી સુધીમાં જે વિકાસ થયો છે, દરેક ક્ષેત્રે જે વિકાસ થયો છે તે સરાહનીય વિકાસ થયો છે. આ ૧૫ હજાર કરોડને બદલે ૧૭ હજાર કરોડ રૂપિયા આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વાપરે અને રૂ. ૧૭ હજાર કરોડ પછી ફરી પાછા પંચવર્ષિય યોજના ૪૦ હજાર કરોડ રૂપિયાની મૂકવામાં આવે અને ૪૦ હજાર કરોડ રૂપિયાને બદલે આપણા

## આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને અમારા આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સાહેબે ૫૪૮૩૪ કરોડ રૂપિયા વાપરવા માટે આ આદિજાતિ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. આ ૫૪૮૩૪ કરોડ રૂપિયામાં ખાસકરીને શિક્ષણ વિભાગમાં જે પૈસા વાપરવામાં આવ્યા છે અને આદિજાતિ વિસ્તારમાં રાજપીપળા ખાતે બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે અને ૧૪૪૧ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવી રહેલ સંપૂર્ણ સુવિધા સાથે, તેમાં આ વર્ષના બજેટમાં ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરવામાં આવેલી છે. શિક્ષણની હરણફાળ. આદિવાસી સમુદાયના માટે ગુણવત્તાવાળો અને સુવિધાપૂર્ણ વિકાસ થઇ રહ્યો છે ત્યારે આદિજાતિ વિભાગમાં એકલવ્ય મૉડેલ સ્કૂલ જે ચાલી રહી છે તેમાં ૧૦૦ ટકા રિઝલ્ટ મળી રહ્યું છે. ૧૦૦ ટકા રિઝલ્ટ જ્યારે મળતું હોય અને આદિવાસી સમાજમાં શિક્ષણ પાછળની જે દોડ. આદિવાસી સમાજને રહેવા માટે આ દેશના વડાપ્રધાને ઉત્તમ સગવડ, સમરસ હોસ્ટેલ જેવી ઊભી કરી અને સુવિધાપૂર્ણ, સગવડવાળી આ સમરસ હોસ્ટેલ પણ બનાવવામાં આવી છે. હાલના બજેટમાં કુમાર અને કન્યા છાત્રાલય અને આદર્શ નિવાસી શાળા વિસ્તૃતિકરણ–નવા બાંધકામ માટે ૬૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ લોકપ્રિય દૂધ સંજીવની યોજના. જેનો ૧૧ લાખ બાળકોને લાભ મળે છે. તેના માટે પણ ૧૪૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આદિજાતિ સમુદાયમાં એક પછાતમાં હળપતિ અને આદિમ જૂથના જે જાતિના લોકો આવ્યા છે તેના માટે પણ આ સરકારે ખૂબ ધ્યાન આપ્યું છે. આ સરકારને ધન્યવાદ આપું છું કે ૫૬ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ, આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાજી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના વડપણ હેઠળની આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેમને અભિનંદન આપું છું કે સતત સાતમી વખત આ ગૃહમાં તેઓ બજેટ લઇને આવ્યા છે. બીજાં સવિશેષ અભિનંદન એટલા માટે આપવા પડે કે ગુજરાત રાજ્યની સ્થાપના પછી પહેલીવાર છ કરોડની જનતાના હિતમાં ૨ લાખ ૪ હજાર કરોડ રૂપિયાનું બજેટ ઇતિહાસમાં પહેલીવાર નાણા મંત્રીશ્રી આ બજેટ લઇને આવ્યા છે. આજે અંદાજપત્રની ચર્ચા ઉપર પહેલો દિવસ છે. સવારથી જ વિરોધપક્ષના નેતાશ્રી, વિરોધપક્ષના સભ્યશ્રીઓ, શાસકપક્ષના સભ્યશ્રીઓએ ખૂબ સારી તંદુરસ્ત ચર્ચા પણ કરી છે. ટીકાઓ પણ કરી છે અને આ ચર્ચામાં મને પણ મારા વિચારો રજૂ કરવાની આપ સાહેબે તક આપી તે બદલ આપ સાહેબનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં જ વિશ્વની સૌથી મોટી લોકશાહી કહી શકાય એવી લોકસભાની ચૂંટણી પૂર્ણ થઇ. ૨૩મી મે, ભારતના ઇતિહાસમાં એક યાદગાર દિવસ બની રહેવાનો છે. ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તાના 'ભારત માતા કી જય'ના ગગનભેદી નારાઓએ ભારત માતાના ઐતિહાસિક વિજયને વધાવી લીધો હતો. પ્રજાવત્સલ કહી શકાય, રાષ્ટ્રનાયક કહી શકાય એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને જેમને સંગઠનના, રાજનીતિના ચાણક્ય કહી શકાય એવા શ્રી અમિતભાઇ શાહ સાહેબની આગેવાનીમાં ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તાઓની મહેનતનો આ વિજય હતો. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇની આ રાષ્ટ્રભકિતનો આ વિજય હતો અને નરેન્દ્રભાઇએ જે વાત કરી હતી, ''સૌગંદ હૈ મુઝે ઇસ મિટ્ટી કી મૈં દેશ નહીં ઝૂકને દુંગા'' આ ભાવવંદના એ દેશના કરોડો નાગરિકોના રોમ રોમમાં રાષ્ટ્રવાદની ભાવનાથી રોમાંચિત કરી દીધા હતા. સામાન્ય રીતે જ્યારે ભારે મતદાન થતું હોય છે ત્યારે ઇતિહાસ આપણે જોઇએ તો જે સરકાર હોય એના વિરુદ્ધમાં મતદાન થતું હોય છે પરંતુ આ વખતે જે પ્રચંડ મતદાન થયું એ સરકારની તરફેણમાં થયું છે અને ઐતિહાસિક મતદાન થયું છે કારણ કે ''મોદી હૈ તો મુમકિન હૈ.'' ગુજરાત સમગ્ર દેશનું આજે નેતૃત્વ કરી રહ્યું છે એ બાબતનું આપણને સૌને ગુજરાતી તરીકે ગૌરવ થાય છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને શ્રી અમિતભાઇ આ બન્ને મહાનુભાવો આ સન્માનનીય ગૃહના સભ્ય હતા એ વાતનું પણ આપણને સૌને ગૌરવ છે. જેમ સ્વરાજ્યની લડાઇમાં ગુજરાતના બન્ને મહા માનવ મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલે આગેવાની કરી અને દેશને આઝાદી અપાવી એ જ પ્રકારે આ દેશને સુરાજ્યના માર્ગે આગળ વધારવામાં પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને શ્રી અમિતભાઇ શાહ સાહેબની જોડી એ ભારત માતાને વિશ્વગુરૂના સ્થાન ઉપર લઇ જવામાં કોઇ કસર છોડશે નહીં એનો મને પૂરેપૂરો વિશ્વાસ છે. લોકશાહીમાં પ્રજા એટલે મતદારો એ સર્વોપરી કહેવાય છે. લોકસભાની ચૂંટણીના પરિણામોએ સાબિત કરી દીધું છે કે દેશમાં હવે પરિવારવાદ, વંશવાદ, જાતિવાદ, તૃષ્ટિકરણની નીતિ, મનીપાવર્સ, મસલ્સ પાવર્સનું પોલીટીકસ હવે સમાપ્ત થઇ ગયું છે. હવે પોલીટીકસ ઓફ પર્ફોર્મન્સની નીતિને મતદારોએ આવકારી છે એટલે કે વિકાસની રાજનીતિને મતદારોએ આવકાર આપ્યો છે જેના પરિણામે આજે ભારતીય જનતા પાર્ટી અને એન.ડી.એ. ને ૩૫૩ જેટલી સીટો અમને પ્રાપ્ત થઇ છે. જ્યારે ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં પણ ૨૬માંથી ૨૬ સીટો ઉપર ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ વિજય થયો છે ત્યારે ૨૬માંથી ૨૬ સીટો અને એ પણ બે બે વખત જીતવી એ કંઇ નાની સૂની સિદ્ધિ નથી. ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટી ઉપર ખૂબ મોટો વિશ્વાસ મૂક્યો છે. ગઇ કાલનું વિપક્ષના મિત્રોનું પ્રવચન મેં સાંભળ્યું. પ્રજાના ચૂકાદા થકી જે ભારતીય જનતા પાર્ટીને સત્તા મળી છે. ત્યારે એમના નેતાઓના પ્રવચનમાં એવું કહેવામાં આવ્યું હતું કે અભિમાનમાં ભારતીય જનતા પાર્ટીના લોકો આવી ગયા છે. આ અભિમાન નથી. ગુજરાતના એક ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે અમે સ્વીકારીએ છીએ કે આ જે પરિણામ આપ્યું છે એનાથી અમારી જવાબદારીઓ વધી છે.

ચૂંટણી પહેલા પણ દેશમાં અનેક મહામીલાવટી પાર્ટીઓ ભેગી થઇને મહાગઠબંધન બનાવ્યું હતું અને સરકાર બનાવવા માટે તડ જોડની નીતિ પણ શરૂ કરી હતી અને સૂત્રો આપતા હતા કે, '' અબ હોગા ન્યાય '' અને *(xxx) આ સૂત્રો લઇને પ્રજાની વચ્ચે જતા હતા.

અધ્યક્ષશ્રી : *(xxx) કાઢી નાખીએ છીએ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપ દૂર કરી શકો છો, આજે આવા પાર્ટીના કોંગ્રેસના નેતાઓને પ્રમુખપદેથી રાજીનામું આપવું પડયું છે. ૧૭ જેટલા રાજયોમાં એમની પાર્ટીનું ખાતું પણ ખુલ્યું નથી. વિપક્ષના નેતા હાજર નથી. વિપક્ષના નેતાને પણ હારનો સામનો કરવો પડયો છે. અમેઠીમાંથી આપણા ગુજરાતના રાજ્યસભાના સાંસદ શ્રીમતી સ્મૃતિબેન ઇરાનીએ શ્રી રાહુલ ગાંધીને હરાવ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી બજેટ ઉપર આવો. (અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા : શ્રી પુંજાભાઇ, અમે સાંભળવા તૈયાર છીએ. (અંતરાય) આટલો મોટો જનતાનો નિર્ણય છે ત્યારે જો વિધાનસભામાં ના કહીએ તો ના જ ચાલે. હવે ઇ.વી.એમ. મશીન ઉપર પણ માટલું ફોડાય એમ નથી. સમગ્ર કોંગ્રેસ પાર્ટી હમણાં આઇ.સી.યુ.માં છે. કોઇ રાજકીય ડોકટર એમનો ઇલાજ કરી શકે એમ નથી. ચૂંટણી બાદ પ્રજાએ ઘણી બધી પાર્ટીઓના નામ પણ બદલી કાઢ્યા છે. એસ.પી. એટલે સમાપ્ત પાર્ટી, બી.એસ.પી. એટલે બિલકુલ સમાપ્ત પાર્ટી, આર.એલ.ડી. એટલે રોજ લૂડકતા દલ, આર.જે.ડી. એટલે રહો જેલમેં દલ, એ.એ.પી. એટલે આધી અધૂરી પાર્ટી અને ભા.જ.પા. એટલે બહોત જબરજસ્ત પાર્ટી.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, હવે બજેટ ઉપર આવો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આઇ.એન.સી. એટલે ઇતની નહીં ચલી કોંગ્રેસ. હવે બજેટ ઉપર આવી જાઉં છું. કેન્દ્ર અને ગુજરાતની સરકારે એટલું ચોક્કસ કહીશ કે આ સરકાર ખેડૂતોનું કામ કરનારી સરકાર છે. ગરીબો, શોષિતો, યુવાનો અને મહિલાઓ માટે કામ કરનારી સરકાર છે. કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય, આ બન્ને સરકાર હર હંમેશ ખેડૂતોના હિત માટે કામ કરનારી સરકાર છે. ખેડૂતોની આવક બમણી થાય એ માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના લઇને શ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા. દેશના લાખો કરોડો ખેડૂતોના ખાતામાં કરોડો કરોડો રૂપિયા જમા કરાવ્યા અને ગુજરાતની જો વાત કરીએ તો ૨૮ લાખ ખેડૂતોના ખાતામાં પહેલા બે હપ્તા પેટે ૧૧૩૧ કરોડ રૂપિયા આપણા ગુજરાતના ખેડૂતોના ખાતામાં જમા થયા. મને જણાવતા આનંદ થાય છે કે ચૂંટણીઓ બાદ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે બે હેકટરની મર્યાદા હતી એ પણ દૂર કરી દીધી છે. જેથી ગુજરાત રાજ્યના તમામ ખેડૂતોને એનો લાભ મળવાનો છે. વિરોધ પક્ષના નેતાશ્રી સવારે ખેડૂતોની ચિંતા કરતા હતા. જગતના તાતની ચિંતા કરતા હતા ત્યારે મારે કહેવું છે કે આ જગતનો તાત એટલે ખેડૂતોને પોષણ ક્ષમતા મળી રહે એના માટે અમારી ગુજરાત સરકારે ચાલુ વર્ષમાં વિવિધ પાકોમાં મગફળી, અડદ, મગ, તુવેર, ચણા, રાયડો વગેરેની ૫ લાખ ૪૦ હજાર મેટ્રિક ટન જેટલું ટેકાના ભાવથી ખરીદ્યું છે. ૨૭૧૦ કરોડ રૂપિયા ખેડૂતોને આપ્યા છે ત્યારે સવારે વિપક્ષના નેતા ૪ હજાર કરોડ રૂપિયાનો આક્ષેપ લગાવતા હતા. આખી ખરીદી ૨૭૧૦ કરોડ રૂપિયાની છે ત્યારે ૪ હજાર કરોડ રૂપિયા ક્યાંથી લાવ્યા એ મારે વિપક્ષના નેતાશ્રીને પૂછવું છે. ખોટું કરનારા કોઇપણ ચમરબંધી હોય, અમારી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર ક્યારેય પણ કોઇને છોડતી નથી અને ખોટું કરનારા લોકોને જેલ ભેગા કર્યા છે. કિસાનોની વાત કરીએ તો કિસાનોને ખેતી કરવી એટલે એમાં અમારા શ્રી સૌરભભાઇનો વિભાગ એટલે કે વીજળી વિના શક્ય નથી. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે ખેડૂતોને જે વિજળી અમે આપીએ છીએ એ પ્રતિ યુનિટ ઉત્પાદન ખર્ચ ૬ રૂપિયા જેટલો સરકાર કરે છે અને ખેડૂતોને પ્રતિ યુનિટ માત્ર અમે ૬૦ પૈસાએ આપીએ છીએ. દર વર્ષે ૬ હજાર કરોડ રૂપિયા કરતા વધારે સબસિડી આના પેટે અમે જી.ઇ.બી. એટલે કે ઊર્જા વિભાગમાં જમા કરાવીએ છીએ. અગાઉની સરકારો વખતે આદિવાસી વિસ્તારમાં વીજળી અંગેની કોઇ ખાસ જોગવાઈ કોંગ્રેસની સરકારોમાં કરવામાં આવતી ન હતી. આદિવાસી ખેડૂતોને કનેકશન લેવું હોય તો કનેકશનમાં ૧૫-૨૦ વર્ષ સુધી રાહ જોવી પડતી. ૧૯૬૦થી ૨૦૦૨ સુધીમાં ૪૨ વર્ષમાં આદિવાસી ખેડૂતોને માત્ર ૨૮,૩૧૭ જેટલા જ કનેકશન આપવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષની સરેરાશ કાઢીએ તો લગભગ ૬૭૪ કનેકશન જ એક વર્ષમાં આદિવાસી સમાજના ખેડૂતોને મળતા હતા. અમારાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ સાહેબ અને શ્રી સૌરભભાઇનો આભાર માનવો પડે કે ટૂંકા વર્ષમાં માત્ર ૨૦૦૨ થી ૨૦૧૯ સુધીમાં ૨૦૯૦૦૦ કનેકશન અમે આદિવાસી ખેડૂતોને આપ્યાં છે. એટલે જો એક વર્ષની સરેરાશ કાઢીએ તો આપના સમયમાં ૬૭૪ કનેકશન અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૨૩૦૦ કનેકશન. ૧૦૦ કરતા વધારે સબ સ્ટેશનો આદિવાસી વિસ્તારમાં આપીને આદિવાસી વિસ્તારના અંધારા ઉલેચવાનું કામ અમારી રાજ્ય સરકારે કર્યું છે અને ચાલુ વર્ષે પણ ૨૮ કરોડ રૂપિયાના ખર્ચે ૧૭૩૦૦ જેટલા નવા વીજ કનેકશન અમે આદિવાસી ખેડૂતોને આપવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વાત કરવામાં આવી કે ભાઇ ગરીબો પ્રત્યે ધ્યાન આપો. આજે મને કહેતા ગૌરવ થાય છે કે અમારી સરકાર સવિશેષ ગરીબ અને નાના સમાજનું ધ્યાન રાખે છે અને એટલા માટે જે ગરીબ માણસોને કોઇ પણ સરકારી કામ માટે તાલુકા મથકે, જિલ્લા મથકે વિવિધ કચેરીઓમાં ફરવું પડતું હતું એ ફરવું ના પડે એના માટે સેવાસેતુના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

કાર્યક્રમનો અમે અસરકારક રીતે અમલ કર્યો અને ગામે ગામે અમારી સરકાર, અમારા અધિકારીઓ, ધારાસભ્યો, મંત્રીશ્રીઓ અને ૫૩ જેટલી આવશ્યક સેવા જેમાં રેશન કાર્ડ, આધાર કાર્ડ, વિધવા સહાય, વૃદ્ધ પેન્શન, આવકના દાખલા વગેરે વગેરે આવી જાય. જે કાંઇ કઢાવવું હોય એના માટે ગામમાં જઇને સરકાર બધું કાઢી આપે છે અને અત્યાર સુધીમાં એમાં ૪૭,૧૩,૦૦૦ અરજીઓ આવી એમાંથી ૪૭,૦૮,૦૦૦ અરજીઓનો અમે પોઝિટિવ સ્થળ ઉપર નિકાલ કર્યો છે. એટલે ૯૯.૮૯% અરજીઓનો નિકાલ કર્યો છે. એટલા માટે આજે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ભારતીય જનતા પાર્ટીને ખોબા ભરી ભરીને મત આપે છે. એ જ પ્રકારે ગરીબો માટે દરેક ડિપાર્ટમેન્ટમાં અનેક યોજનાઓ છે પણ એનો લાભ લેવો હોય તો સરકારની વિવિધ કચેરીઓમાં જવું પડે, ગાંધીનગર સુધી આવવું પડે અને ત્યાં વચેટિયા બેઠાં હોય એ ગરીબોને લાભ મળતો હોય તેમાંથી કમિશન લઇ જાય, વચેટિયાપણું કરી જાય એમાંથી મુક્ત કરવા માટે અમારી રાજ્ય સરકારે ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત કરી અને મને કહેતા આનંદ થાય છે કે ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળા કર્યા. ૧ કરોડ ૪૭ લાખ જેટલા ગરીબ લાભાર્થીઓને ૨૬૬૭૬ કરોડ રૂપિયાની સાધન સહાય તેમજ ચેક વિતરણ અમે એમના હાથો હાથ આપવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે અને અમારા નાણામંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી હજુ ઉદાર બનીને જે કિટની ૬૦૦૦ રૂપિયાની મર્યાદા હતી એ મર્યાદા પણ દૂર કરીને અમે ૧૫૦૦૦ રૂપિયા સુધીની કિટ ગરીબોના હાથમાં આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ અમે સેવાસેતુના કાર્યક્રમ કરીએ, ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળાઓ કરીએ તો બીજી તરફ ગુજરાતમાં બુલેટ ટ્રેન પણ લાવીએ છીએ. તાજેતરમાં અમદાવાદમાં મેટ્રો ટ્રેન પણ કાર્યરત કરી. આ બંને ક્ષિતિજો એ વિકાસ યાત્રા દેશને ન્યુ ઇન્ડિયા અને નૂતન ભારત તરફ લઇ જાય છે. અહીંયા ગરીબોની ચિંતાની વાત કરી. ગરીબોની ચિંતા હર હંમેશ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. દેશમાં સમતુલિત, સામાજિક વિકાસ થાય એના માટે ૧૯૭૫ થી ભારત સરકાર ૨૦ મુદ્દા અમલીકરણ કાર્યક્રમ ગરીબો માટે કરે છે એમાં પણ ગુજરાતે ૧૦૦% કરતા વધારે સિદ્ધિ હાંસલ કરીને આજે પણ સમગ્ર દેશમાં ગરીબી નાબૂદી ૨૦ મુદ્દા અમલીકરણમાં ગુજરાત પહેલા નંબરે છે. એ જ પ્રકારે ગરીબ લોકોના આરોગ્યની પણ ચિંતા અમે કરીએ છીએ. અમારા નીતિનભાઇ પટેલ સાહેબ ખૂબ ઉદાર મને લોકોના આરોગ્યની ચિંતા કરે છે. અને જેમ મા વાત્સલ્ય યોજના, મા અમૃતમ યોજના જયારે કોઇ ગરીબ માણસ બિમાર પડયો હોય અને ગંભીર બિમારી હોય અને હોસ્પિટલમાં દાખલ કર્યા હોય અને ત્રણ લાખ, પાંચ લાખ રૂપિયાનો જયારે ખર્ચ હોય ત્યારે એના માથા ઉપર આભ ફાટતું હોય છે. રાજય સરકારની સૌથી સફળ યોજના કહી શકાય ગરીબો માટે તો આ મા અમૃતમ યોજના, મા વાત્સલ્ય યોજના છે. અત્યાર સુધીમાં ૧૮ લાખ ગરીબ લાભાર્થીઓના ૨૭૫૮ કરોડ રૂપિયાના બિલ અમારી સરકારે ભર્યા છે અને આવકમાં પણ પહેલા ત્રણ લાખની મર્યાદા હતી હવે એમાં પણ નીતિનભાઇ પટેલ સાહેબે સુધારો કર્યો અને ચાર લાખની કરી છે અને લાભ પણ પહેલા ત્રણ લાખ રૂપિયા હતો એ લાભમાં પણ સુધારો કરીને હવે પાંચ લાખ રૂપિયા સુધીનો લાભ એ ગરીબ માણસને મફતમાં મળે છે. સૌથી વધારે કોઇને લાભ મળતો હોય તો એસ.સી. સમાજ, આદિવાસી સમાજ, ઓ.બી.સી. સમાજ, ગરીબ વર્ગ, મધ્યમ વર્ગના લોકોને સૌથી વધારે લાભ મળતો હોય છે અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને વિશેષ અભિનંદન એટલા માટે આપવા પડે કે આ વર્ષના બજેટમાં આ યોજના માટે ૧૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર દેશના ગરીબોની ચિંતા કરીને પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના બનાવી અને એમાં ૧૩૫૪ પ્રકારની કોઇપણ બિમારી હોય તો એમાં પણ ગરીબ માણસને પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર મફત આપવામાં આવે છે. ગુજરાતમાં ૭૨ લાખથી વધુ કુટુંબોને આ યોજના હેઠળ લાભ મળવાનો છે અને અત્યાર સુધી ૮૧૮ કરોડ રૂપિયા આ આયુષ્યમાન ભારત યોજના હેઠળ આપણા ગરીબોને ચૂકવવામાં આવ્યા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગામડાંની બહેનોને ધુમાડાથી મુક્ત કરીને એમના આરોગ્યની ચિંતા કરીને માત્ર પાંચ વર્ષમાં સાત કરોડ ગેસના કનેકશન આપવાનું ભગીરથ કાર્ય પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. એવી જ યોજના જાણે આ સમગ્ર સરકાર એ ગરીબો માટે સેવા કરતી હોય એ પ્રકારનો આપણને અહેસાસ કરાવી શકે એવી ૧૦૮ની એમ્બ્યુલન્સ ગુજરાતની ગરીબ જનતા માટે, તમામ જનતા માટે આશીર્વાદરૂપ અને જીવાદોરી સમાન આ યોજના છે. મને કહેતા આનંદ થાય છે કે અત્યાર સુધીમાં ૧૦૮ દ્વારા ૩૫ લાખથી વધારે આપણી માતા બહેનોને ડિલિવરી કરાવીને સુરક્ષિત બાળક અને સુરક્ષિત માતા એને કવચ આપવાનું કામ આ ૧૦૮ દ્વારા કરવામાં આવ્યું. રસ્તા ઉપર જયાં પણ અકસ્માત થયા હોય ૧૩ લાખ કરતા વધારે લોકોના જીવ બચાવવાનું કામ કર્યું છે અને એના માટે પણ બીજી ૧૦૦ નવી એમ્બ્યુલન્સ ખરીદવા માટે માનનીય નાણામંત્રીશ્રીએ ૧૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે એ બદલ પણ હું શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અહીંયાં ઘણાબધા સભ્યશ્રીઓએ દીકરીઓની પણ ચિંતા કરી, બહેનોની પણ ચિંતા કરી છે અને આપણને બધાને ખ્યાલ છે કે જેના વગર આ સમાજનું અસ્તિત્વ શકય નથી જેને સાક્ષાત આપણે બધા શકિતનો અવતાર કહીએ છીએ જે માના સ્વરૂપે હોય, બહેનના સ્વરૂપે હોય, પત્નીના સ્વરૂપે હોય, દીકરીના સ્વરૂપે હોય પણ આપણા જીવનમાં આનંદ અને ખુશી છલકાવતી રહે એવી દીકરીની સંખ્યામાં પણ ધીરેધીરે જે ઘટાડો થઇ રહ્યો છે એ આપણા સૌના માટે ચિંતાનો વિષય છે. અમારી સરકાર માત્ર બેટી બચાવો, બેટી પઢાવોની વાતો કરતી નથી પણ એમના માટે અસરકારક યોજનાઓ પણ અમે લઇને આવીએ છીએ. હું શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અમારી સમગ્ર ગુજરાતની દીકરીઓ વતી ખૂબ ખૂબ અભિનંદન આપી આભાર માનું છું કે વહાલી દીકરી યોજના આ સરકાર લઇને આવી અને દીકરીઓના જન્મમાં વધારો થાય, તેમને આર્થિક, સામાજિક મજબૂત કરવા, શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા, બાળ લગ્ન પ્રથા નાબૂદ કરવા માટે વહાલી દીકરી યોજનામાં દીકરી પહેલા ધોરણમાં જ્યારે પ્રવેશ કરશે ત્યારે એને ૪૦૦૦ રૂપિયા આપવામાં આવશે અને ૮મું ધોરણ પાસ

કરીને ૯માં ધોરણમાં પ્રવેશ મળશે ત્યારે ૬,૦૦૦ રૂપિયા આપીશું અને દીકરી જ્યારે ૧૮ વર્ષની થાય ત્યારે લગ્ન માટે, ઉચ્ચ શિક્ષણ માટે બીજા ૧ લાખ રૂપિયા અમે આપીશું અને સૌથી સારી યોજના આ બજેટમાં નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે. આ વર્ષમાં ૧૩૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, એ બદલ શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું. આદિવાસી વિસ્તારમાં આદિવાસી સમાજ વર્ષોથી સિંચાઇ અને પીવાના પાણી માટે હર હંમેશ ટળવળતો રહ્યો છે. ભાજપની સરકારે આ બીડું ઝડપ્યું અને છેક આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સગવડ માટે, પીવાના પાણીની સગવડ માટેની આવી અન્ય અનેક યોજનાઓ અમે દર વર્ષે લઇને આવીએ છીએ. આ માટે મારે વિશેષ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો આભાર માનવો છે કે આદિવાસી સમાજ માટે સિંચાઇ અને પીવાના પાણી માટે સરકારની તિજોરી ખુલ્લી મૂકી દીધી હોય એ પ્રકારની યોજના આ બજેટમાં લઇને આવ્યા છે. અમારી સરકાર કયારેય પણ વિકાસના કાર્યોમાં રાજકીય ભેદભાવ રાખતી નથી. એ ચાહે કોંગ્રેસના ધારાસભ્યનો વિસ્તાર હોય કે ભાજપના ધારાસભ્યનો વિસ્તાર હોય. તાપી જિલ્લામાં વર્ષોથી જેઓ ઉકાઇ ડેમના કિનારે રહેતા, પણ કયારેય કોંગ્રેસે સિંચાઇનું પાણી નહોતું આપ્યું, એવા વિસ્તાર ઉચ્છલ, નિઝર, સોનગઢ તાલુકામાં ૨૭,૬૦૦ હેક્ટરના સિંચાઇનો લાભ આપવા માટે ૯૬૨ કરોડ રૂપિયાની જોગવાઈ આ રાજ્ય સરકારે કરી. અમારા કોંગ્રેસના ધારાસભ્યશ્રી સુનિલભાઇ ગામીતની લાગણી છે એટલે કહું છું કે રાજકીય ભેદભાવ રાખ્યો નથી. ભલે, તમે આદિવાસીને સિંચાઇ ન આપી, પણ અમારા ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસીને સિંચાઇની સગવડ આપવા માટે તૈયાર છે. એ જ પ્રમાણે ઉમરપાડા તાલુકા અને ડેડિયાપાડા તાલુકામાં ભૂતકાળમાં જ્યારે સરકારમાં રજૂઆત કરતા ત્યારે કોંગ્રેસની સરકારમાં એક જ જવાબ રહેતો કે તમારા ડેડિયાપાડા અને ઉમરપાડા જંગલ વિસ્તાર છે, પહાડો ઊંચા છે. તમારે ત્યાં કયારેય સિંચાઇનું પાણી નહિ આપી શકાય. ઇચ્છા શક્તિનો અભાવ હતો. અમારી સરકારે ઇચ્છાશક્તિ બતાવી અને ડેડિયાપાડા, ઉમરપાડા તાલુકામાં સિંચાઇની યોજના માટે ૭૨૦ કરોડ રૂપિયા બજેટમાં મંજૂર કરવામાં આવ્યા છે. એ જ પ્રકારે અમારા નવસારી જિલ્લાની વાત કરું તો અમારા આદિવાસી સમાજ અમારા ધારાસભ્યશ્રી નરેશભાઇ, શ્રી પિયુષભાઇ વર્ષોથી આદિવાસી વિસ્તારમાં સિંચાઇની અને પીવાના પાણીની તકલીફની માગણી કરતા હતા. આ વખતે વાગરેજ રિચાર્જ પ્રોજેક્ટ યોજના માટે ૩૭૨ કરોડ રૂપિયા રાજ્ય સરકારે મંજૂર કર્યા છે. એ જ પ્રમાણે સુરત જિલ્લામાં અમારા શ્રી આનંદભાઇ કોંગ્રેસના ધારાસભ્ય છે. એમના વિસ્તારમાં અને મારા મત વિસ્તારમાં ૪૦ જેટલા ગામડામાં ભૂતકાળમાં  કોંગ્રેસે સિંચાઇ નહોતી આપી. એવા ગામડામાં ૨૩,૦૦૦ આદિવાસી ખેડૂતો માટે ૧૫,૨૮૦ હેક્ટર સિંચાઇનો લાભ આપવા માટે આમ તો રૂ. ૪૫૦ કરોડની યોજના છે, પણ ચાલુ વર્ષે ૨૪૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. નેત્રંગ, વાલિયા, ઝઘડિયા, માંગરોળ જેવા વિસ્તારના આદિવાસી ખેડૂતો માટે કરજણ સિંચાઇ યોજના આધારિત રૂ. ૪૫૦ કરોડની જોગવાઇ છે. પરંતુ આ વર્ષના બજેટમાં નાણામંત્રીશ્રીએ ૨૨૦ કરોડ રૂપિયા એમાં પણ આપ્યા છે. એ જ પ્રમાણે દાહોદ જે અમારા સૌથી મોટો આદિવાસી જિલ્લો છે, એને પણ સિંચાઇની સગવડ આપવા માટે રૂ. ૧,૦૦૦ કરોડ કરતા વધારેની યોજના બનાવી છે. કામ ચાલુ છે. કામ પૂરું થાય એના માટે ૩૮૦ કરોડ રૂપિયાની ચાલુ વર્ષે સરકારે બજેટમાં જોગવાઈ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે પીવાના પાણીની યોજના માટે અમારી સરકાર અનેક યોજનાઓ લઇને  આવી છે. અમારા શ્રી અશ્વિનભાઇ હમણાં હાજર નથી. શ્રી અશ્વિનભાઇ કોટવાલના મત વિસ્તાર વિજયનગર અને ખેડબ્રહ્મામાં અમે ૧૩૬ કરોડ રૂપિયાની પીવાના પાણીની યોજના આપી છે. એ પ્રમાણે અમારા ડાંગના કોંગ્રેસના ધારાસભ્ય હાજર નથી. ડાંગ જિલ્લાના ૬૯ ગામડાઓમાં પીવાના પાણી માટે ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરી છે. અમારા શ્રી પી.ડી.વસાવા સાહેબ આદિવાસીઓની ચિંતા કરતા હતા. તેમના જ મત વિસ્તાર ગરુડેશ્વરમાં પીવાના પાણી માટે ૪૫ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી છે.  અમારા વલસાડના શ્રી જીતુભાઇ ચૌધરીનો મત વિસ્તાર અને તેઓ અત્યારે લોકસભામાં ચૂંટણી પણ હારી ગયા છે ત્યાં પણ આદિવાસીઓને પીવાનું પાણી મળી રહે..

અધ્યક્ષશ્રી : હારી ગયા છે  એમ નહીં જીતી શક્યા નથી એમ કહો.

શ્રી ગણપતસિંહ  વે. વસાવા : હા, જીતી શક્યા નથી. એવા ૧૧૧ ગામો તેમજ અમારા શ્રી કનુભાઇના પારડી તાલુકાના ૪૦ ગામો માટે ૨૪૯ કરોડ રૂપિયાની જોગવાઈ  આ બજેટમાં કરી છે. હું માનું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વખતે આદિવાસી વિસ્તારમાં બિલકુલ ખુલ્લા હાથે જે કંઇ યોજનાઓ આપી છે તે બદલ અમારા મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું. શ્રી પી.ડી.વસાવા સાહેબ, હમણાં બે-ચાર દિવસ પહેલાં જ હું કેવડિયા વન વિભાગના કામો જોવા ગયો ત્યારે વિસ્થાપિત ભાઇઓ મને મળ્યા, પહેલાં તો ભૂતકાળમાં ખૂબ આક્રોશ વ્યક્ત કરતા. તેમાંથી બે ભાઇઓએ જે વાત કરી તે સાહેબ સાંભળવા જેવી છે.  હા, શ્રી ભુપેન્દ્રસિંહજી બાપુ પણ ઘણીવાર મારી સાથે આવ્યા છે. સાહેબ તેમણે એમ કહ્યું કે અમને વિસ્થાપિત ન સમજો અમે વિકાસમાં ભાગીદાર થવા માગીએ છીએ. એક છોકરાએ  એમ કહ્યું કે હું ફોટોગ્રાફીનું કામ કરું છું. તો મેં કહ્યું કે ભાઇ તારી કેટલી આવક છે તો કહે સાહેબ એક મહિનામાં દોઢ લાખ રૂપિયાની ઇન્કમ છે. એવી રીતે ટુરિઝમ ક્ષેત્રમાં ઘણાબધા છોકરાંઓને કામ આપ્યું છે. તે જ પ્રમાણે અમારી જંગલ સફારીમાં લગભગ સો એક છોકરાંની તાલીમ ચાલી રહી છે. દરેક જગ્યાએ સારામાં સારી રોજગારી ઊભી થઇ રહી છે. હવે ખૂબ રાજી થઇને બધા કામો પણ કરે છે. આવનારા દિવસોમાં તેમના માટે જે કંઇ કરવું હશે તેના માટે અમારી રાજ્ય સરકાર ખુલ્લા મને ચર્ચા કરીને તે બધા કામો પૂરા કરશે.   તે જ પ્રમાણે રાજ્યની અંદર ૫૦ ટકા કરતાં વધારે વસતિ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., સમાજની છે. તેના શિક્ષણની પણ ચિંતા કરી છે. સાહેબ હજુ ઘણો સમય છે. આપ કહશો ત્યાં સુધી.

અધ્યક્ષશ્રી : આપ રીકવેસ્ટ કરો તો થોડીક મિનિટ આપીશ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આપ સાહેબને વિનંતી છે કે, મારું પ્રવચન...

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ આપીએ છીએ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સમય છે ત્યાં સુધી....

અધ્યક્ષશ્રી : પાંચ મિનિટ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : ઠીક છે. આભાર સાહેબ. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને આર્થિક રીતે પછાત તેવા સમાજોની ચિંતા કરીને અમારા એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ, ગણવેશ, ભોજનની સહાય માટે ૧૬૭૩ કરોડ રૂપિયાની જોગવાઈ અમારા નાણામંત્રીશ્રીએ આ બજેટમાં કરી છે. શહેરમાં ગામડાના વિદ્યાર્થીઓ ભણવા જાય તો કોલેજમાં એડમિશન મળી જાય પણ હોસ્ટેલમાં નહોતા મળતા ત્યારે ભૂતકાળમાં સમરસ છાત્રાલયનો કન્સેપ્ટ માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ લઇ આવ્યા અને સુરત, વડોદરા, વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ, ભાવનગરમાં આજે દસ હજાર કરતાં વધારે બાળકો સાથે રહીને સારામાં સારું ગુણવત્તા સભર શિક્ષણ મેળવે છે. તેને આગળ વધારવા માટે આ વખતે નવી ત્રણ સમરસ છાત્રાલયો અમારા નાણામંત્રીશ્રીએ મંજૂર કરી છે. અમારા ધારાસભ્યશ્રી મોહનભાઇએ વાત કરી કે જેને આદિવાસી સમાજ ભગવાન ગણે છે તેવા બિરછા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીમાં ૩૪૧ કરોડ રૂપિયાના ખર્ચે બાંધકામ થવાનું છે. તેના માટે ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં કરી છે. અમારા નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ગુજરાતને વિકાસના એક મોડલ તરીકે લઇને આવ્યા છે અને સમગ્ર દેશ તે ગુજરાતને વિકાસના એક મોડલ તરીકે જોઇ રહ્યો છે. ત્યારે નાણા મંત્રીશ્રીનું પ્રવચન સાંભળ્યું અને પ્રવચનમાં સંપૂર્ણપણે માનવીય મૂલ્યોના દર્શન થયા છે, સંપૂર્ણપણે માનવતાના દર્શન થયા છે ત્યારે આ ગૃહના બંને તમામ પક્ષના સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે નાણા મંત્રીશ્રીના આ પ્રસ્તાવને આપણે સર્વાનુમતે પસાર કરીએ. આ માનવતાનો એજન્ડા છે, માનવીય અભિગમનો એજન્ડા છે, વિકાસનો એજન્ડા છે ત્યારે સર્વાનુમતે નાણા મંત્રીશ્રીના પ્રસ્તાવને આપણે સૌ આવકારીએ.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૪૬ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૯**
**આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ

*૧૪૩૧૮ **શ્રી વિનોદભાઇ મોરડીયા** (કતારગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ઉમરપાડા | ૨૮ |
| બારડોલી | ૧૩૯ |
| કામરેજ | ૧૩૦ |
| પલસાણા | ૫૯ |
| મહુવા | ૧૨૪ |
| માંગરોળ | ૧૮૧ |
| ચોર્યાસી | ૯૮ |
| ઉધના | ૩૦૦ |
| ઓલપાડ | ૧૪૮ |
| અડાજણ | ૧૫૮ |
| પુણા | ૧૧૦ |
| મજુરા | ૧૬૩ |
| કતારગામ | ૧૮૦ |
| માંડવી | ૧૩૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઇ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| ઉમરપાડા | ૧૭ | ૫ |
| બારડોલી | ૧૩૪ | ૫ |
| કામરેજ | ૧૧૯ | ૧૧ |
| પલસાણા | ૫૭ | ૨ |
| મહુવા | ૧૨૧ | ૩ |
| માંગરોળ | ૧૭૯ | ૨ |
| ચોર્યાસી | ૯૨ | ૬ |
| ઉધના | ૨૬૯ | ૩૧ |
| ઓલપાડ | ૧૪૮ | ૦૦ |
| અડાજણ | ૧૧૫ | ૩૮ |
| પુણા | ૯૭ | ૧ |
| મજુરા | ૧૬૦ | ૩ |
| કતારગામ | ૧૭૮ | ૨ |
| માંડવી | ૧૩૩ | ૧ |

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શા છે?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/ વિગતો અધુરી હોવાથી,

તારાંકિત પ્રશ્નો

- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.
- પુનઃ લગ્ન કરેલ હોવાથી.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વડપણ નીચેની સરકાર જે પ્રકારે મહિલાઓ માટે કામ કરી રહી છે ત્યારે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને માનનીય મંત્રીશ્રી પાસે માહિતી હોય તો હું પૂછવા માગું છું કે, આજની તારીખ સુધીમાં સુરત જિલ્લામાં વિધવા સહાયની કેટલી અરજીઓ તાલુકાવાર પડતર છે અને વિધવા સહાયની અરજી કરવાની કોઇ સમય મર્યાદા છે કે કેમ અને વિધવા સહાય યોજનામાં છેલ્લાં બે વરસમાં શું સુધારાઓ કરેલ છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સત્રની અંદર મહિલા બાળ વિકાસનો આજનો પ્રશ્નોત્તરીનો પહેલો દિવસ છે અને એમાં પણ વિધવાઓના સંવેદનશીલ મુદ્દાથી આ વાતની શરૂઆત થાય છે એટલે હું સંવેદનશીલ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ કે જેઓ અતિ સંવેદનશીલ છે તેઓએ ગયા લેખાનુદાન વખતે એક મોટો ફેરફાર કર્યો અને એ ફેરફારની અંદર લાંબા સમયથી જ્યારથી આ યોજનાની શરૂઆત થઇ એ પછી પહેલી વખતનો એવો સંવેદનશીલ ફેરફાર હતો કે વિધવા મા હોય અને તે વિધવા થયા પછી એને જો ૨૧ વરસનો દીકરો હોય તો એને વિધવા સહાય મળવાપાત્ર બનતી નહિ અને જો વિધવા સહાય મળતી હોય અને ૨૧ વરસનો દીકરો થાય તો પણ એને વિધવા સહાય મળતી બંધ થઇ જાય. સામાન્ય રીતે એવું બને કે જ્યારે ૨૧ વરસનો દીકરો થાય ત્યારે દીકરાનો પણ પરિવાર હોય, માં ની ઉંમર મોટી થઇ હોય અને તે દયનીય પરિસ્થિતિમાં હોય અને તે વખતે વધારે સહાયની જરૂરિયાત હોય એટલે આ સંવેદનશીલ સરકારે લેખાનુદાન વખતે જે નિર્ણય કર્યો અને મને આનંદ છે કે તારીખ ૧-૪-૨૦૧૯થી એ નિર્ણયનો અમલ પણ શરૂ થઇ ગયો છે અને આ નિર્ણયની સાથે સાથે બીજો પણ એક નિર્ણય કે જેની અંદર ૨૧ વરસનો દીકરો હોય તો પણ એને સહાય આપવામાં આવશે અને કદાચ ૨૧ વરસનો દીકરો હોવાથી સહાય બંધ થઇ ગઇ હોય તો એ ફરી વખત પણ ચાલુ કરી દેવામાં આવશે અને આ સહાયની અંદર ૨૫ ટકાનો વધારો એટલે કે ૧૦૦૦ રૂપિયા હતા એમાં ૨૫ ટકાનો વધારો કરીને ૧,૨૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે એનો મને ખૂબ આનંદ છે અને ગુજરાતની તમામ વિધવા મહિલાઓના આંસુ લુછવાનું જે આ કામ કર્યું છે ને તેના કારણે આ આશીર્વાદના કારણે આ લેખાનુદાનથી આજના સમય સુધીના વચ્ચે આપણે જે સમયમાંથી પસાર થયા અને એ વખતે ગુજરાતની આ વિધવાઓના આંસુ લુછવાના કારણે ગુજરાતની પ્રજાએ ૨૬માંથી ૨૬ સીટ આપી અને અમે ૨૬ ગોલ કર્યા. ઝીરો ગોલ એ લોકોને મળ્યા અને એ લોકો આઉટ થઇ ગયા છે આ વિધવા મહિલાઓના આશીર્વાદના કારણે આ શક્ય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે અને મને કહેતા આનંદ એટલા માટે થાય છે કે આજે તારીખ ૩૧-૩-૨૦૧૯ની પરિસ્થિતિએ એમણે જણાવેલા તાલુકામાં બારડોલી, કામરેજ, પલસાણા, મહુવા, માંગરોળ, ચોર્યાસી, ઉધના, ઓલપાડ, મજૂરા, કતારગામ, માંડવી આ બધા તાલુકાની અંદર એક પણ અરજી પડતર નથી. બાકીના તાલુકાઓમાં જે તાલુકાઓની અંદર અરજીઓ પડતર છે એમાં ઉમરપાડામાં જે ૬ અરજી પડતર હતી તે તમામ નામંજૂર થઇ છે. અડાજણની અંદર જે ૫ અરજીઓ પડતર હતી એમાંથી ૩ મંજૂર થઇ છે અને ૨ નામંજૂર થઇ છે. પૂણા તાલુકાની અંદર જે ૧૨ અરજીઓ હતી એ બધી મંજૂર થઇ છે એક પણ નામંજૂર થઇ નથી એટલે કે ટોટલ ૨૩ અરજીઓમાંથી આજની તારીખે ૧૫ અરજીઓ મંજૂર થઇ છે અને માત્ર ૮ અરજીઓ નામંજૂર થઇ છે.

એમનો બીજો એક પ્રશ્ન હતો કે આ સહાયની અંદર કોઇ સમય મર્યાદા છે કે કેમ? તો હા. અગાઉ હતી કે કોઇપણ વિધવા જ્યારે એ વિધવા થાય તેના બે વરસની અંદર એણે પોતે અરજી કરવી પડે જો બે વરસની અંદર અરજી ના કરે તો એ સહાય મળવા પાત્ર બનતી નહોતી. પણ તારીખ ૩૦-૫-૨૦૧૨ના ઠરાવથી આ સમય મર્યાદા પણ દૂર કરી દેવામાં આવી છે. હવે વિધવા ગમે ત્યારે અરજી કરી શકે છે શરત એટલી છે કે અરજી કરે ત્યારથી એ સહાય મળવા પાત્ર બનશે. બીજો તેમનો પ્રશ્ન હતો કે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે તો આવક મર્યાદાની અંદર પણ ફેરફાર કરવામાં આવ્યો છે તારીખ ૨૭-૬-૧૮થી આવક મર્યાદા અગાઉ ગ્રામ્ય લેવલે રૂ.૪૭ હજાર હતી તે અમારી સરકારે રૂ.૧ લાખ ૨૦ હજાર કરી અને શહેરી કક્ષાએ રૂ.૬૮ હજાર હતી અમારી સરકારે રૂ.૧ લાખ ૫૦ હજાર કરી છે. આ રીતે સરકારે સંવેદનશીલતાથી નિર્ણય કર્યો છે. મેં તમને કહ્યું તેમ વિધવાની દિકરાની શરત પણ દૂર કરી છે અને તેમાં પણ વધારો કર્યો છે. શ્રી વિરજીભાઇ ઠુમ્મરે તેમની વાતમાં એમ કહ્યું કે ૭૫૦/- રૂપિયા મળે છે આ ૭૫૦/-રૂપિયા તો ક્યારના પૂરાં થઇ ગયા છે. અત્યારે હજાર રૂપિયા મળે છે અને તેમાં પણ સરકારે વધારો કરીને અત્યારે હવે ૧૨૫૦/- રૂપિયા મળે છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો તાલુકા પાંચ વધારી દીધા છે તે કદાચ ભૂલથી થઇ ગયા હશે. સુરત જિલ્લાના ૯ તાલુકા છે અને આ જે અરજીઓ આવી છે અને ખાસ કરીને ગામડાંમાં જે બહેનો રહે છે તેમાં સૌથી મોટો પ્રશ્ન બીપીએલનો છે. ધારો કે વિધવા બહેન થાય છે તો એપીએલ, બીપીએલ કયારેય જોતાં નથી પરંતુ આપણો જે એક ક્રાઇટ એરિયા છે તેમાં એપીએલ, બીપીએલમાં આપણને ખબર છે કે જેને આપવા જેવું છે તેને નથી આપી શકતા બીપીએલ ના હોવાને કારણે આપણને પરિસ્થિતિની ખબર હોય તે બીપીએલ જ છે અને તેને મળવા પાત્ર છે પણ એપીએલમાં નામ હોય એટલે આપી શકતા નથી તો એ ક્રાઇટ એરિયા દૂર કરવા માગો છો કે કેમ ?

અને બીજું, આપણે એફિડેવીટ કરાવીએ છીએ તે ગામડાંની બહેનો એક દિવસ આવે એફિડેવીટ કરાવે. બીજા દિવસે દાખલો કરાવે તલાટીનો દાખલો ચાલી જાય તો તેને ૮૦૦/-રૂપિયા લગભગ એક ફૉર્મ ભરવામાં થાય છે તો તેમાં ઘટતો અભ્યાસ કરાવીને બહેનોને રાહત થાય એવું કરાવવા માગો છો કે કેમ ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ આવક મર્યાદાની વાત કરી છે અને સેવા સેતુ એક એવો સુંદર કાર્યક્રમ છે કે જે સેવા સેતુની અંદર તાત્કાલિક ત્યાં અને ત્યાં ઊભા ઊભા જે પણ વિધવા મહિલા હોય તેને વિધવા સહાય મંજૂર કરી દેવામાં આવે છે. એટલે કોઇ ખોટો ખર્ચો આ કામમાં થતો નથી સિવાય કે તેને બીજી કોઇ બાબતમાં પ્રક્રિયામાં હોય. કારણ કે પોતે જાય તો નહીં પરંતુ એફિડેવિટ કરી અને બીજા કોઇનું કરવું હોય તો એ કાર્યમાં હોય તો પછી એવો બીજો કોઇ ખર્ચો થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાની બાબતમાં મેં શહેર અને જિલ્લો બન્ને લીધા છે આ વધારાની માહિતી આપી છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વિધવા સહાય યોજના ક્યારથી અમલમાં છે ? અને વખતો વખત સરકારની રકમમાં કયારે અને કેટલો ફેરફાર કરવામાં આવ્યો છે ? અને વર્ષ ૨૦૧૯ અને ૨૦માં કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં જણાવવાનું કે મહિલાના પોતાના પતિના અવસાન પછી જ્યારે તેના જીવન નિર્વાહની મુશ્કેલી પડતી હોય એ અનુસંધાને ૧૯૭૯ જૂન મહિનાથી આ યોજનાની શરૂઆત કરવામાં આવેલી અને ત્યારે વિધવા મહિલાને માત્ર ૩૦ રૂપિયા અને બાળકોને ૨૫ રૂપિયા એટલે કે ૫૫ રૂપિયા આપવામાં આવતા હતા. એટલે કે ૧૯૮૦ની વાત કરીએ તો ૫૫ રૂપિયા, ૮૭માં ૧૧૦ રૂપિયા, તારીખ ૧-૮-૧૯૯૦ તેમાં ૧૮૦ રૂપિયા, તારીખ ૧-૭-૧૯૯૫માં ૨૮૦ રૂપિયા, તારીખ ૧-૭-૧૯૯૭માં ૪૮૦ રૂપિયા, તારીખ ૧-૧૧-૧૯૯૭માં ૫૮૦ રૂપિયા, તારીખ ૧-૪-૨૦૧૨માં ૮૫૦ રૂપિયા અને તારીખ ૧-૧-૧૬ના ૧૦૦૦ રૂપિયા અને છેલ્લે હમણાં લેખાનુદાન વખતે એટલે તારીખ ૧-૪-૨૦૧૯થી ૧૨૫૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમનો બીજો પ્રશ્ન હતો કે ૨૦૧૯-૨૦માં આ જે ચાલુ બજેટ છે તેની અંદર કેટલી જોગવાઇ કરવામાં આવી છે. ચાલુ બજેટમાં માત્ર વિધવા સહાય આપવા માટે રૂ.૩૭૬.૪૭ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. અને આ વિધવા મહિલાઓને જે સહાય આપવામાં આવે છે તેમાં ધોરણોની અંદર ૨૧ વર્ષનો દિકરો હોય અને છતાં પણ તેને સહાય આપવાનું ચાલુ રાખવાના કારણે વધારે જો ભારણ આવે તો એની અંદર ગયા વર્ષ કરતા ૧૩૫.૩૪ કરોડનો વધારો આ વર્ષે કરવામાં આવેલ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત જાણવા માગું છું કે, માંડવી તાલુકામાં જે નિરાધાર વિધવા સહાય હેઠળ જે અરજીઓ મળી અને એમાંથી કેટલીક અરજીઓ નામંજૂર થઇ એ વાતને સાત મહિના થયા તો એમને રૂ.૧૨૫૦ની રકમ મળી છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : એ અરજી કર્યાની તારીખથી આ બંને નિયમો લાગુ પડતા હોય છે. એમણે જે સમયમાં અરજી કરી હોય ત્યારે ૨૧ વર્ષના દીકરાની શરત લાગુ પડતી હોય એટલે નામંજૂર કરી હોય. દા.ત. જાન્યુઆરી મહિનામાં અરજી કરી હોય તો નામંજૂર થઇ હોય પણ આ શરત તા.૧/૪/૨૦૧૯થી લાગુ કરવામાં આવી છે. તા.૧/૪/૨૦૧૯ પછી જેણે અરજી કરી હશે એને રૂપિયા ૧૨૫૦ મળવા પાત્ર છે અને એ પ્રમાણે જ મળશે.

### ગાંધીનગર જિલ્લામાં ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત

*૧૪૧૭૫ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો, હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી? | (૨) |

| **વર્ષ** | **સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળની સંખ્યા** |
|---|---|
| તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૧-૦૩-૨૦૧૮ | ૬ |
| તા. ૦૧-૦૪-૨૦૧૮ થી તા. ૩૧-૦૩-૨૦૧૯ | ૩ |

## તારાંકિત પ્રશ્નો

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌ શાળા – પાંજરાપોળોની આંતરમાળખાકીય સુવિધાઓ માટેની યોજનામાં કઇ–કઇ સંસ્થાઓને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌ શાળા અને પાંજરાપોળમાં આંતરમાળખાકીય સુવિધાઓ માટે આપવામાં આવેલ સહાયની સંસ્થાવાર માહિતી માનનીય સભ્યશ્રીએ માગી છે. એમાં માણસા મહાજન પાંજરાપોળ, ગામ–માણસા, તા.માણસા, જિ.ગાંધીનગરને કર્મચારી માટે મેનેજરીયલ સહાય રૂ.૧,૮૦,૦૦૦ વર્ષ ૨૦૧૭–૧૮ માટે આપવામાં આવેલ છે. ખોડાડોર પાંજરાપોળ સંસ્થા, ખોડિયાર સોસાયટી સામે, જી.ઇ.બી., દહેગામ, તા.દહેગામ, જિ.ગાંધીનગરને શાર્પ કટર માટે રૂ.૨૨,૫૦૦ ની સહાય આપવામાં આવેલ છે. ગ્રામ ભારતી અમરાપુરા, ગામ–અમરાપુરા, તા.માણસાને કેટલ શેડ માટે રૂ.૩,૨૦,૦૦૦ ની સહાય આપવામાં આવેલ છે. સ્વામિનારાયણ ગૌ શાળા, પેથાપુર, તા.ગાંધીનગર, જિ.ગાંધનગરને કેટલ શેડ માટે રૂ.૩,૩૮,૨૫૦ની સહાય આપવામાં આવેલ છે. શ્રીમતી માણેકબા વિનય વિહાર, ગૌ શાળા, અડાલજ, તા.ગાંધીનગરને ઓવરહેડ ટાંકી માટે રૂ.૪,૦૦,૦૦૦ ની સહાય આપવામાં આવેલ છે અને વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન સ્વામિનારાયણ ગૌ શાળા, પેથાપુર, તા.ગાંધીનગરને કેટલ શેડ માટે રૂ.૩,૨૮,૫૭૭ ની સહાય ચૂકવવામાં આવેલ છે. શ્રી કે. એલ. પાંજરાપોળ મંડળ, ગામ–કલોલ, તા. ગાંધીનગરને પાણીના બોર માટે રૂ.૩,૨૨,૫૦૦ ની સહાય ચૂકવવામાં આવેલ છે. શ્રી માણસા ગૌ શાળા ટ્રસ્ટ, ગામ–માણસા, તા.માણસાને શાર્પ કટર માટે રૂ.૧,૩૫,૦૫૬ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, છેલ્લા બે વર્ષની અંદર ૯ પાંજરાપોળ અને ગૌશાળાને આંતરમાળખાકીય સુવિધાઓ માટે સહાય આપવામાં આવેલ છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૌ શાળા અને પાંજરાપોળ વિકાસ બોર્ડ દ્વારા જે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે એ સારું છે પરંતુ, મારા ધ્યાન પર આવેલ છે અને એન્ટી કરપ્શનમાં કેસ પણ બન્યો હતો. એમાં તેના પદાધિકારી પકડાયા હતા. એમાં ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની સંડોવણી છે કે કેમ? અને ગૌશાળાના વિકાસ માટે જે અનુદાન આપવામાં આવે છે એમાં જમીન પણ ન હોય, ગૌચર પણ ન હોય, ૭/૧૨ના ઉતારા પણ ખોટા હોય એવા કોઇ કિસ્સા ધ્યાનમાં આવેલ છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ આ પ્રશ્ન ગૌચર માટેનો નથી. પાંજરાપોળ અને ગૌ શાળા માટેની આંતરમાળખાકીય સુવિધાઓ માટેનો આ પ્રશ્ન છે અને એમને અલાયદી માહિતી જોઇએ તો અમે આપવા તૈયાર છીએ. માનનીય સભ્યશ્રી અમને નોટીસ આપશે એટલે અમે એમને જવાબ આપીશું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી અમને માહિતી આપશે તો અમે તપાસ ચોક્કસ કરાવીશું. એ માહિતી સાચી છે, ખોટી છે, કયા વર્ષની છે એ વિશે વિભાગને જે કોઇ માહિતી મળશે એ અમે આપીશું. અત્યારની મર્યાદામાં પ્રશ્ન નથી પણ છતાંય તમારી રજૂઆત ઉપર અમે ધ્યાન આપીશું.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઊંઝામાં મોટી પાંજરાપોળ આવેલી છે એને અત્યાર સુધીમાં સરકાર દ્વારા કોઇ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ? જો ચૂકવવામાં ન આવી હોય તો એને ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે આજનો આ પ્રશ્ન ફકત ગાંધીનગર જિલ્લા પૂરતો જ હોવાથી તેઓ બીજી નોટિસ આપશે તો એનો ચોક્કસ જવાબ આપવામાં આવશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : ગાંધીનગર જિલ્લાની ગૌ શાળા અને પાંજરાપોળનો આ પ્રશ્ન છે. મારે આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે વૈષ્ણવ દેવી મંદિરની બાજુમાં હરિહરા ટ્રસ્ટ નામની ગૌ શાળા આવેલી છે એને કેટલી મદદ કરેલી છે. આ ગૌશાળાની જમીન કેડી હોસ્પિટલને વગર સક્ષમ અધિકારીની મંજૂરી વગર હોસ્પિટલ બનાવવા માટે આપી દીધી છે એ વાત સાચી છે કે ખોટી? મારા મત વિસ્તારમાં ડાભલા એટલે કે રાચરડા મુકામે ત્રણથી ચાર હજાર વીઘા ગાયો પાળવા માટેનું ગૌચર આવેલું છે, એમાંથી ૩૦૦ થી ૪૦૦ વીઘા જમીન બિલ્ડરોને વેચી મારવામાં આવી છે એ વાત સાચી છે કે ખોટી?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પહેલા અને બીજા પ્રશ્નનો જવાબ આપજો, જ્યારે એમને ત્રીજો પ્રશ્ન છે એ જમીનને લગતો હોવાથી મહેસૂલ વિભાગનો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિભાગ જમીન આપવાનું કામ કરતો નથી. જે સંસ્થાઓ રજિસ્ટર થયેલ હોય અને એ રજિસ્ટર થયેલ સંસ્થા માગણી કરે તો નિયમ અનુસાર મળવા પાત્ર હોય તો ચોક્કસ આપીએ છીએ. જમીન ટ્રાન્સફર થઇ છે એ મારા વિભાગમાં આવતું નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મારે એટલું જ પૂછવું છે કે વૈષ્ણવ દેવી મંદિર પાસે હરિહરા ટ્રસ્ટના નામે પાંજરાપોળ અને ગૌચર ચાલે છે, આ રેકર્ડ ઉપરની વાત કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જમીનનો પશ્ન છે એ અમારા પર્યુમાં આવતું નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું ગૌ શાળાની વાત કરું છું.

## તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જમીન આપવાની વાત મારા વિભાગમાં આવતી નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : ગાંધીનગર જિલ્લામાં વૈષ્ણવ દેવી મંદિર પાસે ગૌ શાળા અને પાંજરાપોળ હરિહરા ટ્રસ્ટના નામે ચાલે છે એને કોઇ મદદ કરવામાં આવી છે કે કેમ, એણે જમીન કેડી હોસ્પિટલને આપી દીધી છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જે સંસ્થા રજિસ્ટર થયેલ હોય એ માગણી કરે તો જે રીતે માનનીય મંત્રીશ્રીએ છ અને ત્રણ સંસ્થાની વાત કરી એ રજિસ્ટર થયેલ છે. એમણે માગણી કરેલી હતી એ પ્રમાણે આ સંસ્થાએ માગણી કરી છે કે કેમ એ ચકાસી લઇશ.

### જૂનાગઢ જિલ્લામાં ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત

*૧૪૧૮૮ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલી ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી? | (૨) |

| વર્ષ | સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળની સંખ્યા |
|---|---|
| તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૧-૦૩-૨૦૧૮ | ૪ |
| તા. ૦૧-૦૪-૨૦૧૮ થી તા. ૩૧-૦૩-૨૦૧૯ | ૨ |

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગૌ શાળા અને પાંજરાપોળોને આંતર માળખાકીય સુવિધાઓ માટે કઇ કઇ સંસ્થાને કેટલી મદદ કરવામાં આવી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષની અંદર આંતર માળખાકીય સહાય ચૂકવવામાં આવી છે એ પૈકી ગૌ શાળા સમિતિ સસાઇ, તાલુકો વિસાવદર, જિલ્લો જૂનાગઢને કેટલ શેડ માટે રૂ.૪ લાખની સહાય આપવામાં આવી છે. માળીયા હાટીના પાંજરાપોળ તા. માળીયા હાટીનાને ભોંયતળીયા માટે રૂ.૪ લાખની સહાય આપવામાં આવેલ છે. કામધેનુ સમાજસેવા ટ્રસ્ટને ચારા કટર માટે રૂ.૭૩,૮૭૫ની સહાય ચૂકવવામાં આવી છે. શ્રી વલ્લભ ગૌ શાળા વંથલી જિ. જૂનાગઢને રૂ.૧ લાખ ૮૦ હજારની સહાય આપવામાં આવી છે. સન ૨૦૧૮-૧૯ના વર્ષ દરમિયાન જય યોગેશ્વર સેવા ટ્રસ્ટ માણાવદર, જિ. જૂનાગઢને કેટલ શેડ માટે રૂ.૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે. શ્રી વલ્લભ સેવા ગૌ શાળા ટ્રસ્ટ કોયલી તા. વંથલીને ચારા કટર માટે ૧,૧૯,૪૭૫ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. ૨૦૧૭-૧૮માં ૪ અને ૨૦૧૮-૧૯માં ૨ એમ કુલ ૬ સંસ્થાઓને વિકાસ માટે સહાય આપવામાં આવી છે.

હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં રજીસ્ટ્રેશન થયેલી કેટલી ગૌ શાળાઓ છે, બીજો પ્રશ્ન એ છે કે ગત સાલમાં રૂપિયા ૬૦૦ કરોડ અને ૨ લાખ ગૌ શાળા સુધારણા માટે સરકારે ફાળવેલા એમ આર.ટી.આઇ.માં આવ્યું છે, તો એમાંથી તમે કેટલા રૂપિયાનો ખર્ચ કર્યો અને બાકીના રૂપિયા કયા હેડે * (xxx) એ પૂછવા માગું છું.

અધ્યક્ષશ્રી :આ *xxx) એ શબ્દ કાઢી નાંખીએ છીએ.

શ્રી બચુભાઇ મ. ખાબડ :જૂનાગઢ જિલ્લામાં ગૌ શાળાઓ ૧૧૩ આવેલી છે. પાંજરાપોળો ૧૯ આવેલી છે. આના લિસ્ટની અનુમતિ આપતા હોય તો વાંચી સંભળાવું.

અધ્યક્ષશ્રી : આખું લીસ્ટ હોય તો ન વાંચશો. લિસ્ટ ટેબલ પર મૂકજો, એમને આપી દઇશું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : ગૌચરની વાત કરી એ મારા આ પ્રશ્નમાં આવતું નથી.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે....

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અત્યારે એ વિગત નથી, પછી તપાસ કરીને જણાવીશ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : આ યોજનાનો લાભ લેવા માટેની કાર્યવાહી શું છે અને એના માટે કોનો સંપર્ક કરવો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આ યોજનાનો લાભ લેવા માટેની સંપર્ક માટેની કાર્યવિધિ પૂછી છે. અમારી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર પારદર્શક વહીવટ કરી રહી છે. હમણાં મારા સભ્યશ્રી કહેતા હતા. એ ભૂતકાળ છે આજે અમારી તમામ યોજનાઓ આઇ– પોર્ટલના માધ્યમથી અમે કરી રહ્યા છીએ. (અંતરાય) સાથે અમે ગૌ સેવા માટે નિયત નમૂનાની અંદર પહેલાં તો ઓનલાઇન અરજી કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ, જવાબ તો સાંભળવો પડેને, બેસો .

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : મેં જે સવાલ કર્યો કે કયા હેડે લઇ ગયા એનો જવાબ નથી આપ્યો.

અધ્યક્ષશ્રી : માનનીય ભૂપેન્દ્રસિંહે આપ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : નિયમમાં એવું ક્યાંય નથી કે પ્રશ્ન કરતા ધારાસભ્યશ્રી જે પૂછે એ જ જવાબ હોવો જોઇએ.

અધ્યક્ષશ્રી : એ જવાબ હોવો જોઇએ એવો કોઇ નિયમ નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મંત્રીશ્રીએ માહિતી આપી છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નની ઘણી ચર્ચા થઇ ગઇ, પ્રશ્ન ક્રમાંક–૪. આ પ્રશ્નની ઘણી ચર્ચા થઇ ગઇ અને પર્યુની બહાર પૂછીએ તો ન પૂછાય. (અંતરાય) પ્લીઝ બેસી જાઓ. એમણે કહ્યું કે તમે માહિતી આપશો તો માહિતી આપીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : ગૌશાળાના અનુસંધાનમાં કેટલી ગ્રાન્ટ વાપરી અને જે ગ્રાન્ટ વધી એ કયા હેડે વાપરી એ સીધો સવાલ છે. આપે જેટલી ગ્રાન્ટ ફાળવી હોય તેમાંથી કેટલી વાપરી અને બાકીની કયા હેડે ફાળવી એટલું જ પૂછયું છે.

ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ વાતને વળગી રહ્યા છે એનો બે વાર જવાબ આપ્યો છે. પાંજરાપોળ અને ગૌ શાળાને કેટલી કેટલી રકમ ફાળવી છે તેનો હિસાબ માનનીય મારા સાથી મંત્રી આપે છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : જૂનાગઢ જિલ્લામાં ૨૦૧૭–૧૮ની અંદર ગૌ સેવા સમિતિ સરસાઇને ૪ લાખ રૂપિયા કેટલ શેડ માટે આપ્યા હતા, માળીયા–હાટીના પાંજરાપોળને ભોંયતળીયા માટે ૪ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. કામધેનુ ટ્રસ્ટને રૂપિયા ૪,૭૩,૮૭૫ આપવામાં આવ્યા છે. વલ્લભ ગૌ શાળાને મટીરીયલ્સ મેનેજીયરલ સહાય માટે રૂપિયા ૧.૮૦ લાખ, ૨૦૧૮–૧૯ ની અંદર જય યોગેશ્વર સેવા ટ્રસ્ટને કેટલ શેડ માટે ૪ લાખ રૂપિયા, વલ્લભ ગૌ સમિતિને રૂપિયા ૧,૧૯,૪૭૫, આમ આ સાત સંસ્થાઓને આપવામાં આવ્યા છે.

**કામરેજ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

*૧૪૨૪૨ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૧૮ હેકટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૧૦.૧૩ લાખ |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સામૂહિક વન નિર્માણ યોજના કયારથી શરૂ કરવામાં આવી અને આ યોજના અંતર્ગત કઇ કઇ કામગીરી કરવામાં આવે છે અને બીજું કે કામરેજ તાલુકામાં આ યોજના હેઠળ કયા કયા ગામમાં કેટલા રોપાઓ રોપવામાં આવ્યા અને તેની જાતી કઇ કઇ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની આગેવાની હેઠળ ગુજરાતમાં સામાજિક વનિકરણ ક્ષેત્રે ખૂબ સારી કામગીરી ચાલી રહી છે. માનનીય સભ્યશ્રી ઝંખનાબેને જે પ્રશ્ન પૂછયો છે તેમાં પહેલા પ્રશ્નનો જવાબ આપું તો ગુજરાત રાજયમાં વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં વૃક્ષોનો વિકાસ કરવાની જરૂરિયાત જણાતા નવા અભિગમ સ્વરૂપે ૧૯૬૯–૭૦માં સામૂહિક વનિકરણની ગુજરાતમાં શરૂઆત થઇ. આ યોજના હેઠળ લોકોના સહકારથી લોકભાગીદારી હેઠળ વન વિસ્તાર બહારના એટલે કે ગૌચરની જમીન, સરકારી પડતર જમીન, રસ્તાની બન્ને બાજુએ, નહેરની બન્ને બાજુએ, રેલવેની બન્ને બાજુએ, તળાવને કાંઠે અને સંસ્થાકીય જમીન ઉપર તેમજ ખેડૂતોની જમીન ઉપર વૃક્ષારોપણ કરીને વૃક્ષો વધારવાના પ્રયત્નો ગુજરાત સરકાર દ્વારા ચાલી રહ્યા છે. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછયો છે કે કામરેજ તાલુકાના કયા કયા ગામમાં આ વાવેતર કરવામાં આવેલ છે. તો કામરેજ તાલુકાના માંકણા ગામે પાંચ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, ટીંબા ગામે ૮ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, પાસોદરા ગામમાં એક હેકટરમાં, ઉંબેડ ગામે એક હેકટરમાં સેગવા ગામે એક હેકટર, ટીંબા ગામે એક હેકટર અને ગલુડી ગામે એક હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. આમાં મુખ્યત્વે લીમડો, નિલગીરી, સાગ, ગુલમહોર, ગરમાળો વગેરે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સામૂહિક વન નિર્માણ કાર્યક્રમના લીધે રાજયમાં વૃક્ષોનું આવરણ વધ્યું છે કે કેમ? અને જો હા, તો કેટલું? અને દેશના અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત વૃક્ષ આછાદિત વિસ્તારમાં કયા ક્રમે છે?

## તા. ૯મી જુલાઇ, ૨૦૧૯
## અતારાંકિત પ્રશ્નો

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે ગુજરાતના વન વિભાગ દ્વારા કરાયેલ વૃક્ષ ગણતરી પ્રમાણે સન ૨૦૦૩માં વન વિસ્તાર બહાર ૨૫ કરોડ ૧૦ લાખ વૃક્ષો હતા, અને ૨૦૧૩માં જયારે ફરી ગણતરી કરવામાં આવી ત્યારે ૩૦ કરોડ ૧૪ લાખ વૃક્ષો આવેલા છે. અને ૨૦૧૭માં ગણતરી કરવામાં આવી ત્યારે ૩૪ કરોડ ૩૫ લાખ વૃક્ષો ગુજરાતમાં આવેલા છે. અને ૨૦૧૩ની ગણતરીમાં ૧૩.૯૭ ટકા વૃક્ષોની સંખ્યામાં આપણે વધારો કરી શકયા છીએ. તે આપણા સૌના માટે ગૌરવની વાત છે. ભારત સરકારની જે સંસ્થા છે તે પણ દર બે વર્ષે સરવે કરે છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ ગોવા અને દિલ્હી જેવા નાના રાજયોને બાદ કરતા વન સિવાયના બહારના વૃક્ષોના વાવેતરમાં આપણે દેશમાં ત્રીજા નંબરે છીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સભ્યશ્રી ઝાલાવાડીયાના પ્રશ્નના જવાબમાં ગુજરાતના આંકડા આપ્યા છે ત્યારે મારે એના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એ જવાબના સંદર્ભમાં જે તારીખો આપી છે એ વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એક, અને બીજું કે ૧૩ ટકા વૃક્ષોનો વધારો કરી શકયા છીએ તો તેની સામે ખર્ચ જે કર્યો છે તેની સામે ખરેખર જીવીત રોપાઓ કેટલા રહેવા જોઇએ તે પણ હું જાણવા માગું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : જીવિત રોપાની ટકાવારી ૮૩ ટકા છે અને જે તાલુકાવાર ખર્ચ થયો છે એ સમગ્ર જિલ્લાનો ગણીએ તો રૂપિયા૧ કરોડ, ૪ લાખ અને ૫૦૦૦નો ખર્ચ થયો છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : તમે ગુજરાતની માહિતી આપી. ઝાલાવાડીયા ભાઇના પ્રશ્નના જવાબમાં. હું પણ એ જ સંદર્ભે આપની પાસેથી જવાબ માગું છું કે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાનો ખર્ચ અત્યારે મારી પાસે નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : જવાબ તમે આપ્યો એનો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એવું તમારે ન કહેવાય. આપ પૂછી શકો પણ વધારાનું ન પૂછાય. માનનીય મંત્રીશ્રી, આપ બેસી જાવ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : હું આપને ના નથી પાડતો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસી જાવ.

### રાજ્ય સરકાર દ્વારા શામળ વન બનાવવા બાબત

*૧૪૨૯૮ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા 'શામળ વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે, અને | (૧) મોજે શામળાજી, તા. ભિલોડા જિ. અરવલ્લી ખાતે |
| (૨) આ વન કેટલા વિસ્તારમાં બનાવવામાં આવેલ છે? | (૨) ૬.૩૦ હેક્ટર |

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે રાજય કક્ષાના વન મહોત્સવની ઉજવણી રાજયના ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતા સ્થળોએ કરવાનું કયારથી શરૂ કરવામાં આવ્યું? મારો બીજો પ્રશ્ન છે, આ સંસ્કૃતિ વનને શામળ વન નામ કેમ આપવામાં આવ્યું? તેનું લોકાર્પણ કયારે અને કોના હસ્તે કરવામાં આવ્યું તથા તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ જયારે પર્યાવરણની ચિંતા કરી રહ્યું છે ત્યારે આજે નરેન્દ્રભાઇ મોદી સાહેબને પણ અભિનંદન આપવા પડે. વર્ષોથી આ વન મહોત્સવ ગાંધીનગરમાં ઉજવવામાં આવતા. માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરી હોય, થોડા પત્રકાર મિત્રો હોય, થોડા અધિકારી મિત્રો હોય અને બીજાં દિવસે છાપામાં છપાઇ જાય ત્યાર બાદ કોઇ કામગીરી થતી નહોતી. નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨૦૦૪થી એવો નિર્ણય કર્યો કે વન મહોત્સવમાં સમગ્ર ગુજરાતની જનતા જોડાય તેના માટે દરેક વર્ષે અલગ અલગ જિલ્લાઓમાં રાજય કક્ષાનો વન મહોત્સવ થાય, ત્યાર બાદ જિલ્લા કક્ષાનો થાય, ત્યાર બાદ તાલુકા કક્ષાનો થાય અને ત્યાર બાદ ગ્રામ કક્ષાનો પણ વન મહોત્સવ થાય અને આ સાંસ્કૃતિક વનોની શરૂઆત ૨૦૦૪માં થઇ. ૨૦૦૯માં અરવલ્લી જીલ્લામાં શામળાજી ખાતે ૬૦મા વન મહોત્સવમાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તે આ સાંસ્કૃતિક વનનું ઉદઘાટન થયું.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ શામળ વનની જે જમીન છે એ જમીન વર્ષોથી આદિવાસી ખેડૂતો ખેડતા હતા અને બે ખેડૂતો સિવાય બીજાં ખેડૂતો પાસેથી તમામ જમીનો સરકારે લઇ લીધી. મારે એટલું જાણવું છે કે આ જમીનમાં શામળ વન કર્યું તો સરકારે એના માટે કોઇ વળતર આપ્યું છે? કારણ કે આ બધા આદિવાસીઓ હતા. એટલે એમને રોજગારી મળે એવું કોઇ પ્લાનીંગ કર્યું છે અથવા એમના ઘરોમાંથી કોઇ માણસને ત્યાં રોજગારી માટે રાખ્યા છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે, અત્યારે મારી પાસે જે માહિતી છે એ પ્રમાણે આ જગ્યા શામળાજી જે વિષ્ણુ ભગવાનનું મંદિર છે ત્યાંથી એક કિલોમીટર દૂર છે અને સિંચાઇ વિભાગની જગ્યા તરીકે અમારા

રેકર્ડમાં બોલે છે. કલેકટરશ્રીએ મંજૂરી આપ્યા બાદ ત્યાં વન વિભાગે આ સાંસ્કૃતિક વન ઉભું કર્યું છે અને ત્યાં હાલ કોણ કામ કરે છે તેમાં એક ફોરેસ્ટ ગાર્ડ અને એક ગાર્ડ અને આઠ રોજમદારો કામ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો. ડો. જોષીયારાજી પ્લીઝ. આ બધી દલીલો અહીં આગળ ન હોય. આ પ્રશ્નનો જવાબ પણ ન અપાય. ઈરીગેશનની જમીન છે, હવે એ તકરારી બાબત આપની પાસે હોય તો તેની માહિતી આપજો. પ્લીઝ. (અંતરાય) સિંચાઈની જમીન છે. કહ્યું. આપના પ્રશ્નનો જવાબ આપ્યો. સિંચાઈની જમીન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મંત્રીશ્રીએ કયાં કહ્યું સિંચાઈની જમીન છે.

અધ્યક્ષશ્રી : ના, ના. બોલ્યા. મેં સાંભળ્યું છે. હું કહું છું. પ્લીઝ. આગળના પ્રશ્નમાં જઈએ. માનનીય જગદીશભાઈ. (અંતરાય) આના માટે નવી નોટિસ આપજો.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે આ વખતે અમદાવાદ કોર્પોરેશનની અંદર એમણે એક મિલિટન ટ્રી ઉગાડવાની જે નેમ લીધી છે તેના અનુસંધાનમાં વટવા વિધાનસભા વિસ્તારમાં જડેશ્વર ખાતે આખું વન ઉભું કરવામાં આવ્યું. અમદાવાદમાં જે રીતે ઉદ્યોગો વધી રહ્યા છે, ટ્રાફીક વધી રહ્યો છે એ રીતે અમદાવાદની પેરીફેરીનો વિસ્તાર એ વનવિભાગ હેઠળનો ડેવલપ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગએ મેં કીધું એ પ્રમાણે જયાં જગ્યા અમને રોડની બંન્ને બાજુ અવેલેબલ મળે, રેલવે મળે, ગામના તળાવ હોય ત્યાં જગ્યા અવેલેબલ થાય ત્યાં અમે આ વૃક્ષારોપણ કરતા હોઈએ છીએ અને શહેરમાં મોટાભાગે મહાનગરપાલીકાઓ આ કાર્ય કરતી હોય છે એટલે અમને જમીન ઉપલબ્ધ કરાવવામાં આવશે તો અમે સો ટકા વનીકરણ કરીશું.

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

*૧૫૪૧૦ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું તાલુકાવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) પત્રક – અ મુજબ |
| (૨) તે અન્વયે તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક – બ મુજબ |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે. |

**પત્રક – અ**

| તાલુકાનું નામ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|
| **જામનગર જિલ્લો** | | | |
| જામનગર | ૧ | ૩૧ | ૪ |
| ધ્રોલ | ૧ | ૨૧ | ૪ |
| જોડીયા | ૧ | ૨૫ | ૩ |
| કાલાવડ | ૧ | ૨૮ | ૪ |
| લાલપુર | ૧ | ૨૩ | ૪ |
| જામ જોધપુર | ૧ | ૨૭ | ૪ |
| **કુલ** | **૬** | **૧૫૫** | **૨૩** |
| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | | | |
| ખંભાળીયા | ૧ | ૨૬ | ૪ |
| ભાણવડ | ૧ | ૨૨ | ૩ |
| કલ્યાણપુર | ૧ | ૨૨ | ૩ |
| દ્વારકા | ૧ | ૧૮ | ૪ |
| **કુલ** | **૪** | **૮૮** | **૧૪** |

**પત્રક – બ**

| તાલુકાનું નામ | વર્ગ–૨ | | વર્ગ–૩ | | વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| **જામનગર જિલ્લો** | | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જામનગર | ૧ | ૦ | ૧૩ | ૧૮ | ૨ | ૨ |
| ધ્રોલ | ૧ | ૦ | ૧૧ | ૧૦ | ૩ | ૧ |
| જોડીયા | ૧ | ૦ | ૧૦ | ૧૫ | ૧ | ૨ |
| કાલાવડ | ૧ | ૦ | ૧૩ | ૧૫ | ૨ | ૨ |
| લાલપુર | ૧ | ૦ | ૧૦ | ૧૩ | ૨ | ૨ |
| જામ જોધપુર | ૧ | ૦ | ૧૩ | ૧૪ | ૧ | ૩ |
| **કુલ** | **૬** | **૦** | **૭૦** | **૮૫** | **૧૧** | **૧૨** |
| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | | | | | | |
| ખંભાળીયા | ૧ | ૦ | ૮ | ૧૮ | ૪ | ૦ |
| ભાણવડ | ૧ | ૦ | ૭ | ૧૫ | ૩ | ૦ |
| કલ્યાણપુર | ૦ | ૧ | ૬ | ૧૬ | ૩ | ૦ |
| દ્વારકા | ૦ | ૧ | ૮ | ૧૦ | ૩ | ૧ |
| **કુલ** | **૨** | **૨** | **૨૯** | **૫૯** | **૧૩** | **૧** |

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે જામનગર જિલ્લામાં વર્ગ–૩ની ૮૫ જગ્યા અને વર્ગ–૪ની ૧૨ જગ્યાઓ, એમાં અમુક જગ્યા એક વર્ષથી અને અમુક જગ્યા બે વર્ષથી વધારે ખાલી છે એ કયારે ભરવા માગો છો? અને કોન્ટ્રાકટ પદ્ધતિથી જે ભરતી કરવામાં આવે છે એમને કેટલું વેતન આપવામાં આવે છે, અને એમનું જે પી.એફ. કાપે છે એ પી.એફ.ની પહોંચ કર્મચારીઓને નથી મળતી. જો એ પી.એફ. કપાતું હોય તો એ ખર્ચ છે એ કયા હેડ હેઠળ જમા કરો છો એ જાણવા માગુ છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે એમની મહેકમની વાત છે જામનગર અને દેવભૂમી દ્વારકાની એ મહેકમ છે એ ભરતીની ચાલતી પ્રક્રિયા છે. એ ભરતી કરે, એની બદલી થાય, બઢતી મળે, નિવૃત્તિ થાય એમ જગ્યાઓ ભરાતી જાય, જગ્યાઓ ખાલી થતી જાય એ ચાલતી પ્રક્રિયા છે. ૨૦૧૪માં આપણા મુખ્યમંત્રી તરીકે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે એમણે ભરતી કરવાની જે શરૂઆત કરી કે આપણે કેલેન્ડર વર્ષ પ્રમાણે ભરતી કરીએ. હમણાં ''મન કી બાત''માં સરસ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વાત કરી હતી કે, કૂવામાં હોય તો હવાડામાં આવે. આપણે ભરતી કરીએ, જગ્યા ભરાય તો ઓટોમેટીક ખાલી જગ્યાઓની ભરતી થાય. હું આ સન્માનનીય સભાગૃહને કહેવા માંગુ છું કે ૧૯૮૭ની અંદર આપણી સરકાર જે હતી એ સરકારે તે વખતે પરિપત્ર કર્યો અને એ પરિપત્રમાં સરકારે ખર્ચમાં કરકસરના ભાગરૂપે ૧૯૮૮માં ૧૦ ટકા અને ૧૯૯૧માં ૧૦ ટકા મળી કુલ ૨૦ ટકા મંજૂર જગ્યાઓને રદ કરવામાં આવેલ. ૧૯૮૭માં જે ઠરાવ કર્યો કે એક વર્ષથી વધુ સમયથી ખાલી રહેલ જગ્યાઓ ઉપર ભરતી કરવા માટે પ્રતિબંધ મૂકવામાં આવે છે. આમ ભરતીની પ્રક્રિયા બંધ થઇ ગઇ પણ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૨૦૧૪થી કેલેન્ડર વર્ષ પ્રમાણે ભરતી કરવાની શરૂઆત કરી હતી. જામનગર જિલ્લામાં શ્રી ચિરાગભાઇએ વાત કરી, ૫ વર્ષમાં અલગ અલગ સંવર્ગમાં કુલ ૬૩૭ અધિકારી /કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ છે. છેલ્લા ૩ વર્ષમાં ગુજરાતમાં વય નિવૃત્તિના કારણે ખાલી પડેલ જગ્યાઓ અને નિયમાનુસાર બઢતી આપવાથી ખાલી પડેલ જગ્યાઓ ઉપર સક્ષમ કર્મચારીઓને વધારાનો ચાર્જ આપીને કામગીરી લેવામાં આવે છે. જામનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીશ્રીની બધી જગ્યાઓ ભરેલી છે. કદાચ વર્ષો પછી સો એ સો ટકા જગ્યા ટી.ડી.ઓ.ની ભરેલી હોય એવું કદાચ આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકારમાં પહેલીવાર એવું થયું છે. આપણને ટી.ડી.ઓ. મળ્યા છે. દેવભૂમિ દ્વારકામાં જે તાલુકા છે એમાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે ૩૯૪ અધિકારી/ કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ છે અને તેમાં પણ બઢતી અને વય નિવૃત્તિને કારણે ખાલી પડેલ જગ્યાઓ ઉપર સક્ષમ કર્મચારીઓને વધારાનો ચાર્જ આપી અને કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ જે જગ્યાઓ ખાલી છે એનો ચાર્જ આપે છે એ પણ સક્ષમ અધિકારીઓને આપે છે કે જે કામ કરી શકે. સરકારની યોજનાઓ છેવાડાના વ્યકિત સુધી પહોંચાડી શકે. છેવાડાના વ્યકિતને ન્યાય મળે એવી રીતે અધિકારીઓને ચાર્જ આપવામાં આવે છે. મને આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે અમારા જામજોધપુર તાલુકાના, દેવભૂમિ દ્વારકાના ૮ જીલ્લાના જે કર્મચારીઓ છે એમણે જે કામગીરી કરી, એમને ૨૦૧૬–૧૭માં કામગીરી કરવા બદલ તા.૨૪–૪–૨૦૧૮ના રોજ જબલપુર ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સશકિતકરણ પુરસ્કાર ૨૫ લાખ રૂપિયાનો આદરણીય વડાપ્રધાનશ્રીની હાજરીમાં એનાયત કરવામાં આવ્યો. આ જ પંચાયત વિભાગની સમયાંતરે રિવ્યુ બેઠકો વિડિયો કોન્ફરન્સથી કરવામાં આવે છે અને છેવાડાના માનવીના કામો માટે ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરવામાં આવે છે. આ કાર્યપદ્ધત્તિ દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકાની સુંદર કામગીરી માટે અથાગ પ્રયત્નો કર્યા છે.

અધ્યક્ષશ્રી : આખો સમય પૂરો થઇ જશે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આદરણીય મુખ્યમંત્રીશ્રી તેમના ડેસ્ક બોર્ડ ઉપર આપણી જે કામગીરી છે, આ અગત્યની કામગીરી છે એટલે આપના ધ્યાન ઉપર મૂકું છું કે, આદરણીય વિજયભાઇ રૂપાણીના ડેસ્ક બોર્ડ ઉપર કોઇપણ

વિભાગની કામગીરી હોય એનો સતત આદરણીય મુખ્યમંત્રીશ્રી રિવ્યુ કરે છે અને જ્યાં જરૂર જણાય તો જાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કલેકટરશ્રી સાથે વાત કરીને એનો ખુલાસો પૂછે છે અને એનું પરિણામ આખા રાજ્યમાં આપણને સારામાં સારું પ્રાપ્ત થયું છે.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : મારો પ્રશ્ન એ હતો કે મેં પૂછ્યું છે કે કોન્ટ્રાકટ પદ્ધતિ ઉપર કર્મચારીઓને જે વેતન ચૂકવવામાં આવે છે, જગ્યાઓ ખાલી રહેવાનું કારણ એ છે કે વેતન પૂરતું મળતું નથી આ લોકોના પી.એફ. કાપે છે એની પહોંચ કર્મચારીને મળતી નથી. તો કયા હેડ હેઠળ આ રકમ જમા થાય છે?

અધ્યક્ષશ્રી : આ વાત ખરી છે કે નહી? ખરી નથી કહો તો આગળ ચાલે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આપણા નિયમો પ્રમાણે આઉટ સોર્સથી ભરતી કરીએ છીએ. એના નિયમ પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે. કોઇ ન ચૂકવતું હોય તો સરકારના ધ્યાને મૂકો તો સરકાર એની તપાસ કરશે અને જે કાંઇ કાર્યવાહી કરવાની હશે એ સરકાર કરશે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમણે ઘણી બધી વાતો કરી. સક્ષમ અધિકારીને કામ સોંપવામાં આવે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮૮ જણાનું મહેકમ છે. ૨૯ જગ્યાઓ વર્ગ–૩ના કર્મચારીઓ છે અને ૫૯ જગ્યાઓ ખાલી છે. મને સમજાતું નથી કે એક અધિકારીને ત્રણ ત્રણ જગ્યાઓનો ચાર્જ સોંપવામાં આવે છે? દોઢ બે વર્ષથી કામ થતું નથી. અમારો દેવભૂમિ દ્વારકા જિલ્લો છે એ સજાનો જિલ્લો છે. જે અધિકારી આવે છે એ યા રજા ઉપર ઉતરી જાય છે અથવા રાજકારણની ભલામણથી બદલી કરાવે છે. કારણ કે છેલ્લામાં છેલ્લો જિલ્લો છે. એ પછી એમની જ્યાં પણ બદલી થાય એ અમદાવાદથી નજીક પડે છે. ૨૯ જગ્યાઓ ભરાયેલી છે. ૫૯ જગ્યાઓ ખાલી છે. ગ્રાન્ટના કામો થતા નથી. એ.ટી.વી.ટી.ના કામો થતા નથી. આજની પરિસ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની પરિસ્થિતિ જોઇએ તો દેશી ભાષામાં કહીએ તો ઘણી ધોરી વિનાનું જે ખેતર હોય એવી સ્થિતિ છે. કર્મચારીઓની જગ્યા ખાલી છે એના હિસાબે તમે કહ્યું કે ભરતીની પ્રક્રિયા છે. પણ એની કોઇ લિમિટ હોય કે છ મહિના, બાર મહિના, બે વર્ષ. કેટલા સમયમાં આ જગ્યા ભરાશે? ૫૯ જગ્યા ખાલી હોય તો પરિસ્થિતિ શું હોય એ આપ સમજી શકો છો.

અધ્યક્ષશ્રી : કેટલા સમયમાં ભરશો એનો જવાબ આપો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સરકારની ઇચ્છા શક્તિ હોય તો બધા કામો થાય, ન થાય એવું નથી. (અંતરાય) સાંભળો.

અધ્યક્ષશ્રી : પાછળનું સાંભળવું. કોઇવાર આપણે ચક્કરમાં પડી જઇએ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : મેં કહ્યું કે સરકારની ઇચ્છા શક્તિ હોય તો સરકાર બધું કરે. કેમ કોંગ્રેસે ૧૯૮૭,૧૮૭૭,૧૯૯૧માં ભરતી ઉપર પ્રતિબંધ કર્યો? તે વખતે ભરતી ઉપર પ્રતિબંધ ન કર્યો હોત તો બેકલોગ આગળ વધતો નહીં. આ બેકલોગ એટલા માટે આગળ વધ્યો છે. માનનીય વિક્રમભાઇ તમારા સવાલનો જવાબ આપું કે, (અંતરાય) ૨૦૧૪થી ભરતી કરવાની શરૂઆત કરી. આ વર્ષે પણ અમારી સરકાર કેલેન્ડર વર્ષ પ્રમાણે ભરતી કરવાની છે. એમાં જામનગરમાં લગભગ ૧૮૬ જગ્યાઓ અને દેવભૂમિ દ્વારકામાં ૭૨ જેટલી જગ્યાઓ કેલેન્ડર વર્ષ પ્રમાણે ભરતી કરવાનું આયોજન છે. અમે એની જોગવાઈ પણ કરેલ છે.

**આણંદ અને વલસાડ જિલ્લામાં અને તાલુકામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા**

*૧૫૪૫૭ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને વલસાડ જિલ્લામાં કુલ અને તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને વલસાડ જિલ્લામાં કુલ અને તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા આ મુજબ છે.

**આણંદ**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦૩૪ | ૩૫૩ | ૧૩૮૭ |
| ૨ | ઉમરેઠ | ૮૯૬ | ૨૫૨ | ૧૧૪૮ |
| ૩ | બોરસદ | ૭૪૧ | ૧૭૨ | ૯૧૩ |
| ૪ | આંકલાવ | ૧૧૩ | ૪૫ | ૧૫૮ |
| ૫ | પેટલાદ | ૩૪૧ | ૫૮ | ૩૯૯ |
| ૬ | ખંભાત | ૮૨૭ | ૨૨૨ | ૧૦૪૯ |
| ૭ | તારાપુર | ૨૪૩ | ૪૬ | ૨૮૯ |
| ૮ | સોજીત્રા | ૫૫૭ | ૧૨૬ | ૬૮૩ |

| | કુલ | ૪૭૫૨ | ૧૨૭૪ | ૬૦૨૬ |
|---|---|---|---|---|

**વલસાડ**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૯૯ | ૨૬ | ૧૨૫ |
| ૨ | પારડી | ૭૩ | ૧૧ | ૮૪ |
| ૩ | વાપી | ૧૩ | ૧ | ૧૪ |
| ૪ | ઉમરગામ | ૪૨૫ | ૪૧ | ૪૬૬ |
| ૫ | ધરમપુર | ૩૭૫ | ૮૫ | ૪૬૦ |
| ૬ | કપરાડા | ૩૬૨ | ૭૧ | ૪૩૩ |
| | કુલ | ૧૩૪૭ | ૨૩૫ | ૧૫૮૨ |

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં?

(૨) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે છેલ્લા બે વર્ષમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- આણંદ અને વલસાડ જિલ્લાના તમામ ઘટકમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને ટેકહોમ રેશન તરીકે બાલ શક્તિ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ડબલ ફોર્ટીફાઇડ મીઠું તેમજ ફોર્ટીફાઇડ તેલ પુરૂ પાડવામાં આવે છે.
- વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના વિભાગનું છેલ્લા ત્રણ વર્ષનું બજેટ નવ હજાર અઢાર સો કરોડ રૂપિયાનું છે. આ વિભાગની અંદર ચરોતર પ્રદેશ સુખી પ્રદેશ છે કે જ્યાં લોકો અમેરિકા આવતા હોય, જતા હોય એવો સુખી ગણાતો ચરોતર પ્રદેશ છે. એ પ્રદેશની અંદર બાળકોના કુપોષણની સંખ્યા સરકારી ચોપડે ૬૦૨૬ છે. જે ના નોંધાયેલા હોય, જે મધ્યમ વર્ગના હોય, સુખી લોકો હોય એમની જોડે બાળક કુપોષણવાળું જન્મતું હોય એ નામ નોંધાવતા નથી. કારણ કે, કુપોષિત બાળક જ્યારે મોટું થાય છે અને એનું લગ્ન થાય છે તો એનું બાળક કુપોષિત થતું હોય છે. સમાજનું શારીરિક ઘડતર અને માનસિક ઘડતર માટેનો આ બહુ મહત્વનો પ્રશ્ન છે, પાયાનો પ્રશ્ન છે માટે આ પ્રશ્ન વિધાનસભા સમક્ષ લઇને આવ્યો છું. આની અંદર એક જન આંદોલન બનાવીને, આનો સ્પેશિયલ વિભાગ બનાવીને મધ્યાન ભોજનમાં ખર્ચો કરીએ છીએ. બાળકની તપાસણીનો ખર્ચો કરીએ છીએ. વિવિધ યોજનાઓને સાંકળી લઇને એક મોટી યોજના બનાવીએ કે આપણે ગુજરાતની અંદર બાળકના કુપોષણના કલંકને આપણે ભૂંસી શકીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો.

શ્રી નિરંજન પુ. પટેલ : અને આ યોજના આપણે જે બનાવીએ એ બાળકના મોઢા સુધી જાય એવો વિભાગ કામ કરે એના માટે આ પ્રશ્ન મેં પૂછ્યો છે. મારે જવાબની જરૂર નથી. કારણ કે, હું જાણું છું કે મારા વિસ્તારમાં શું થઇ રહ્યું છે? આપણે ૧૮૧ જાણીએ જ છીએ કે આ વિભાગની અંદર બાળકોના કુપોષણ માટે શું થઇ રહ્યું છે? આની અંદર ફેરફાર કરીને, બજેટ વધારીને બાળકોના મોઢા સુધી આ યોજનાનો લાભ થાય અને કુપોષણના કલંકમાંથી આપણે બહાર નીકળીએ એના માટે શું પ્રયત્નો કરવા માગીએ છીએ?

અધ્યક્ષશ્રી : હમણાં શ્રી નિરંજનભાઇ આપને પ્રશ્ન પૂછવો હતોને?

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નને એમણે જેમ આગળ પાછળ બાંધ્યું છે એમ મને પણ મોકો આપવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, મારે સભાગૃહને એ કહેવું છે કે, આપણી સામાન્ય રીતે રોજિંદી ટેવ હોય છે. કોઇક ટેવ હોય એને કુટેવ કહેવાય. એટલે ખરાબ ટેવ હોય એને કુટેવ કહેવાય. ખરાબ રિવાજ હોય એને કુરિવાજ કહેવાય પણ વિકાસ ઓછો હોય તો એને અલ્પ વિકાસ કહીએ છીએ. એવી જ રીતે જ્યારે પોષણની બાબત આવે તો એ કુપોષણ કેવી રીતે હોઇ શકે? ખરાબ પોષણ કેવી રીતે હોઇ શકે? ટેવ ખરાબ હોય, રિવાજ ખરાબ હોય પણ પોષણ ખરાબ ના હોય એ ઓછું કે વધારે હોઇ શકે. એટલે આ રીતે ગુજરાતને બદનામ કરવાની જે વાત છે. તમે કુપોષણ, કુપોષણ કરીને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ બરાબર સાંભળી લો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે તમને નથી કીધું. (અંતરાય) એ તો માનનીય મંત્રીશ્રી વ્યાખ્યા આપે છે.

શ્રીમતી વિભાવરી દવે : મેં કુકોંગ્રેસ નથી કીધું. (અંતરાય) મારો જવાબ જો તમારે સાંભળવો હોય (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : તમે કોંગ્રેસની ચિંતા ના કરો. (અંતરાય) જવાબ આપોને.

શ્રીમતી વિભાવરી દવે : તમે પ્રશ્ન એવો પૂછ્યો છે એનો જવાબ અમારે આપવો પડે છે. મેં મારા જવાબમાં ક્યાંય કુપોષણ નથી લખ્યું. (અંતરાય) મારા જવાબમાં મેં લખ્યું છે ઓછા વજનવાળા, અતિ ઓછા વજનવાળા. મારા જવાબમાં ક્યાંય કુપોષણ નથી લખ્યું. માનનીય અધ્યક્ષશ્રી, એ બરાબર જવાબ વાંચે. એમના પ્રશ્નમાં કુપોષણ લખ્યું છે. મેં મારા જવાબમાં લખ્યું છે ઓછા વજનવાળા, અતિ ઓછા વજનવાળા. મેં મારા જવાબમાં ક્યાંય કુપોષણની બાબત લખી નથી. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : કુપોષણ લખ્યું છે એ કેમ સ્વીકારતા નથી?

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, (અંતરાય) એક જણ બાલીએને. શ્રી અમિતભાઇ આપ બોલો. (અંતરાય) માનનીય શ્રી નિરંજનભાઇ આપની વાત તો થઇ ગઇ. પ્લીઝ, માનનીય શ્રી અમિતભાઇને કાંઇ કહેવું હોય તો કહેવા દો, પણ આપ બેસી જાવ. બધા વતી માનનીય શ્રી અમિતભાઇ કહેશે. (અંતરાય)

શ્રી નિરંજન પુ. પટેલ : સાહેબ, કુપોષણવાળા બાળકોની સંખ્યા કેટલી? એમણે સંખ્યા આપી છે. ૨૫-૨૫ વર્ષથી ૨૬-૨૬ બેઠકો બે વખત આવતી હોય તો એમની પબ્લિક માટેની જવાબદારી છે. (અંતરાય)

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ એનો પણ જવાબ આપું છું. હવે એમણે જે વાત કરીને એમાં એમણે પ્રશ્ન એવો પૂછ્યો છે કે, કેટલા બાળકોનું પોષણ ઓછું છે? પણ એમણે કુલ બાળકો નથી પૂછ્યા એટલે તમને એવું લાગે છે. ૧૩૩૭ ટોટલ ૬૦૨૬. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સભાગૃહને હું જણાવવા માગું છું કે જે જે તાલુકાઓની સામે જે સંખ્યા લખી છે આનંદધારાની અંદર જે બાળકો છે એ કુલ બાળકો છે ૩૭૦૩૯ એમાંથી ઓછા વજનવાળા છે ૧૩૮૭, અતિ ઓછા વજન એટલે વધુ ઓછા વજનવાળા ટકાવારીમાં છે ૩.૯૫ ટકા એટલે આ ઓછા અને અતિ ઓવા વજનવાળા ટોટલ બાળકો ૧૩૮૭ કુલ છે. કૂલ ૩૭૦૩૯ બાળકો છે. એટલે ટકાવારીમાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૩.૯૫ ટકા થાય છે. એટલે માત્ર ચાર ટકા એટલે ૯૬ ટકા સામાન્ય બાળકો થાય છે.

અધ્યક્ષશ્રી : બહેનશ્રી, આવી ગયો આપનો જવાબ. આટલો સરસ જવાબ તો આવી ગયો. પ્રશ્ન ક્રમાંક-૮ (અંતરાય) પૂછવું છે? મેં તો પહેલા પણ આપને કીધું હતું કે પૂછો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નિરંજનભાઇએ આપણા સૌના માટે * (xxx) એવા વિષય ઉપર સરકારનું ધ્યાન દોર્યું છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : એટલા માટે કે આપણે ૨૧ મી સદીની વાત કરતા હોઇએ, ગુજરાત મોડલની વાત કરતા હોઇએ, આપણે જાતે પીઠ થપથપાવતા હોઇએ અને ૨૫ વર્ષના શાસન પછી પણ જો ચરોતર જેવા વિકસિત વિસ્તારમાં આ સ્થિતિ હોય અને બહેન જાતે જે રીતે જવાબ આપે છે આ તો સરકાર * (xxx) એવી પરિસ્થિતિ છે. મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે ઓછા વજનવાળા બાળકો માટે પ્રતિ બાળક, પ્રતિ માસ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવે છે? અને અતિ ઓછા વજનવાળા બાળકો માટે પ્રતિ બાળક, પ્રતિ માસ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવે છે અને આ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમનો ખર્ચ કર્યો?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એના જવાબમાં આંગણવાડીના બાળકોને આપવામાં આવતા પૂરક પોષણ આહાર, પૂર્ણ આહાર નહીં પૂરક પોષણ આહાર છે એની અંદર છ માસથી ૩ વર્ષના બાળકો આંગણવાડીમાં જે જતા નથી એવા બાળકોને છ માસથી ૩ વર્ષના જે સામાન્ય ઓછા વજનના બાળકો છે એને ટેક હોમ રેશનમાં બાલશક્તિ પ્રતિ લાભાર્થી, પ્રતિ દિવસ ૮ રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશનમાં બાલ શક્તિ માટે પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ ૧૨ રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. ૩ વર્ષથી ૬ વર્ષના બાળકો એટલે જે આંગણવાડીમાં જાય છે એ લોકો એટલે ૩થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશનમાં

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાલ શક્તિના પ્રતિ દિવસ ૪ રૂપિયા ખર્ચો, આંગણવાડી ઉપર આવતા તમામ બાળકોને બપોરે ગરમ ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવમાં આવે છે. એની કિંમત પ્રતિ દિવસ, પ્રતિ બાળક ૮ રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. ૩થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો સો ટકા સ્ટેટબર્ડન ઉપર ત્રીજું ભોજન તરીકે કેલેરીથી પ્રોટીન સભર લાડુ અંતર્ગત પ્રતિ દિવસ લાભાર્થીને ૩ રૂપિયા ખર્ચો કરવામાં આવે છે. સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને અને કિશોરીઓને કે જે બાળકોને આવતા દિવસોમાં જન્મ આપવાની છે જે બાળક પોષિત જન્મે એના માટે પણ સરકાર માતૃ શક્તિ અને કિશોરી શક્તિ માટે પૂર્ણ શક્તિ કરીને પણ આપવામાં આવે છે. પ્રતિ લાભાર્થી, પ્રતિ દિવસ સાડા નવ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આ ઉપરાંત રાજ્યના આદિવાસી તેમજ વિકાસશીલ તાલુકામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત પેશ્ચૂરાઇઝ ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધ આપવાનો સમગ્ર દેશમાં ગુજરાત માત્ર એક રાજ્ય છે કે જયાં આગળ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે છે. ૨૦૦૯ થી આ કરવામાં આવે છે એટલે એની પાછળ પ્રતિ બાળક, પ્રતિ દિવસ ૩.૭૫ નો ખર્ચ કરવામાં આવે છે એટલે બાળકને પોષણ આપવા માટે સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાનશ્રીએ આખા દેશની અંદર ''સહી પોષણ, દેશ રોશન''ના નામે ૮મી માર્ચ, ૨૦૧૬ના દિવસે કાર્યક્રમ શરૂ કર્યો. એ પછી આપણા મુખ્યમંત્રીશ્રીએ પણ ત્રીજી જુલાઇ, ૨૦૧૮ના દિવસે આ જ કાર્યક્રમ ગુજરાતમાં પણ લોંચ કર્યો છે. ગુજરાત સરકાર બાળકોના વધારે ને વધારે પોષણ માટે ચિંતિત છે અને આપણે બધા સાથે રહીને એને પૌષ્ટિક બનાવીશું.

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં બેઠેલા તમામની એ જવાબદારી પણ છે કે આપણું રાજ્ય કુપોષણમુકત થાય. આ સરકારને કુપોષણનો વાંધો છે, (અંતરાય) કુપોષિત થાય છે. બહેનશ્રી, બધું સરખું જ છે. જે છે એ આ છે.

અધ્યક્ષશ્રી : શબ્દની વાત છે.

શ્રી શૈલેષ  મ. પરમાર : મારે માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, જે રીતે બહેનશ્રીએ જવાબ આપ્યો, ૮ રૂપિયા, ૧૨ રૂપિયાનું એક દિવસનું જે ભોજન બાળકોને આપવામાં આવે છે. મારી દ્રષ્ટિએ આજની આ પરિસ્થિતિમાં ખૂબ જ ઓછા છે. પહેલો પરિપત્ર તા.૬-૧૦-૧૭ નો ભારત સરકારે બહાર પાડેલ છે. ત્યારબાદ રાજ્ય સરકારે પરિપત્રમાં સુધારો કરીને ભાવમાં વધારો કર્યો. જે પરિપત્ર તા.૩-૧૨-૧૮ માં બહાર પાડવામાં આવેલ હતો. આ તારીખ-૩-૧૨-૧૮ ના પરિપત્રને આધીન બાળકોને ભોજન આપવામાં આવેલું છે. મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે  આ સમયગાળાને દોઢ વર્ષ થઇ ગયેલ છે. એમાં સુધારો કરીને આમાં થોડી વધારે રકમ ફાળવવામાં આવે, જેથી કરીને ગુજરાતમાં કુપોષણ મુક્ત ગુજરાત ઇચ્છીએ છીએ તે કરી શકીએ.  મારી મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી વિજય  રૂપાણી : સૌ પ્રથમ તો બધા સભ્યોએ કુપોષણ માટે ચિંતા વ્યક્ત કરી છે એ સારી વાત છે અને આપણા રાજ્યમાં કુપોષણ સંપૂર્ણ દૂર થાય અને હેલ્ધી ચાઇલ્ડ એ ભવિષ્યનો સારો નાગરિક બને એ આવશ્યકતા પણ છે. સમાજ મજબૂત બને અને એટલા માટે આપણે બધાએ પણ હું કહું છું કે એક ઝુંબેશના ભાગરૂપે આ વિષયને પોત પોતાના વિસ્તારમાં આપણે એને વ્યવસ્થિત ચલાવવો જોઇએ. સરકારની  યોજનાઓ આંગણવાડી ન હોય ત્યાં બાળક જન્મે છે, એને ઘરે પહોંચાડીએ છીએ. એમાં બધા જોડાઇએ. એક વખત વિધાનસભામાં સંકલ્પ કરીએ કે ગુજરાતને કુપોષણ મુક્ત કરવું છે. એવી રીતે ગુજરાતને આપણે બેટી બચાવના સંદર્ભમાં આપણે દીકરીઓનો જન્મનો રેશિયો ઊંચો થાય એના માટે આપણે બધા સામૂહિક પ્રયત્નો કરીએ. રાજકારણ અને પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને આપણી બધાની ચિંતા છે અને સરકારની જવાબદારી છે, પણ ખાલી સરકારની નહિ, બધા સાથે મળીને ગંભીરતાથી લઇએ. શ્રી શૈલેષભાઇનું સૂચન અને શ્રી નિરંજનભાઇના સૂચનને ચોક્કસ આવકારીએ છીએ. ભવિષ્યમાં આ અંગે ગંભીરતાથી લઇ સરકાર આગળ વધશે.

**રાજકોટ જિલ્લામાં ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત**

*૧૪૧૬૯ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી? | (૨) |

| **વર્ષ** | **સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળની સંખ્યા** |
|---|---|
| તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૧-૦૩-૨૦૧૮ | ૨ |
| તા. ૦૧-૦૪-૨૦૧૮ | ૨ |

| | |
|---|---|
| થી<br>તા. ૩૧-૦૩-૨૦૧૯ | |

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે છેલ્લાં ૨ વર્ષમાં આંતરમાળખાકીય સુવિધાઓ બનાવવા માટે રાજકોટ જિલ્લામાં કઇ કઇ સંસ્થાઓને કેટલી કેટલી રકમ ફાળવવામાં આવી?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ રાજકોટ જિલ્લાને છેલ્લાં ૨ વર્ષમાં કઇ કઇ સંસ્થાઓને કેટલી સહાય એના અનુસંધાનમાં વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ગૌવંશ, પાંજરાપોળ અને ગૌશાળા એમાં જામકંડારણા ગામ તા.જામકંડારણા જિલ્લો રાજકોટ જીવદયા હેલ્પ પ્લાન સેકન્ડ યર માટે ૨ લાખ રૂપિયા, વીંછીંયા મહાજન પાંજરાપોળ ટ્રસ્ટને વીંછીંયા ગામ તા. વીંછીંયા, જિલ્લો રાજકોટને ૪ ક્વાર્ટર માટે રૂપિયા ૧,૦૧,૨૫૦ ચૂકવવામાં આવેલ છે. આમાં ૨૦૧૭-૧૮ ના વર્ષમાં માત્ર બે જ સંસ્થાઓને આ રીતે સહાય ચૂકવવામાં આવેલ છે. ૨૦૧૮-૧૯ ના વર્ષ દરમ્યાન જેતપુર પાંજરાપોળ મહાજન, જેતપુર-૩ તા.જેતપુર, જિ. રાજકોટને ભોયતળિયા માટે રૂપિયા ૩,૯૧,૧૩૭ની સહાય ચૂકવવામાં આવેલ છે. ધારેશ્વર મહાદેવ મંદિર ગૌ શાળા સમઢિયાળા ગામ, વીંછીયા તાલુકો, જિલ્લો રાજકોટને ઓવર હેડ ટેંક બનાવવા માટે રૂપિયા ૨,૧૮,૭૭૫ ચૂકવવામાં આવેલ છે. એમ કુલ ૪ સંસ્થાઓને ૨ વર્ષની અંદર રૂપિયા ૬,૦૯,૯૧૨ આ પાંજરાપોળ અને ગૌ શાળાના આંતર માળખાકીય સુવિધા માટે ચૂકવવામાં આવ્યા છે.

શ્રી બ્રિજેશ મેરજા : મોરબી એ રાજકોટ જિલ્લાનું પૂર્વ અંગ છે. મોરબીની પાંજરાપોળ નામાંકિત છે અને પાંજરાપોળમાં મુખ્યમંત્રીશ્રીના મત વિસ્તારના શ્રેષ્ઠ મહાજનો પણ ટ્રસ્ટીઓ છે. આ પાંજરાપોળને એમનું ચૂકવણું બાકી છે, ત્યારે મારી વિનંતી છે કે મોરબી એ અર્ધ અછતગ્રસ્ત જિલ્લો હતો. એના ઢોરોને આ પાંજરાપોળમાં રાખેલા છે, તો ખાસ કિસ્સામાં આ પાંજરાપોળનું ચૂકવણું થાય એ અંગે સરકારશ્રી કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : છેલ્લાં ૨ વર્ષની અંદર....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ...

**અતારાંકિત પ્રશ્નોB#>**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**ખેડા જિલ્લામાં ગૌશાળા-પાંજરાપોળને સહાય ચૂકવવા બાબત**

૧૪૨૦૭ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજયમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) હા

(૨)

| **વર્ષ** | **સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળની સંખ્યા** |
|---|---|
| તા. ૦૧-૦૪-૨૦૧૭ થી તા. ૩૧-૦૩-૨૦૧૮ | ૨ |
| તા. ૦૧-૦૪-૨૦૧૮ થી તા. ૩૧-૦૩-૨૦૧૯ | ૦ |

**વેરાવળથી વાપી સુધી ડીપ-સી ડિસ્ચાર્જ પાઇપ લાઇન નાખવાની યોજના**

૧૫૪૯૧ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નદીઓમાં ઔધોગિક પ્રદૂષણ દૂર કરવા વેરાવળથી વાપી સુધી ડીપ-સી ડિસ્ચાર્જ પાઇપ લાઇન નાંખવાની યોજના તા. ૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ જાહેર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત યોજનાનો અંદાજીત ખર્ચ કેટલો છે,

**જવાબ**

(૧) વેરાવળથી વાપીની વચ્ચે આવેલ અમદાવાદ, વડોદરા અને જેતપુરનાં ઔધોગિક એકમોના પ્રદૂષણ દૂર કરવા માટે ડીપ-સી ડિસ્ચાર્જ પાઇપલાઇનની જાહેરાત કરવામાં આવેલ છે.

(૨) રૂ. ૨૨૭૫.૦૦ કરોડ

(૩) ઉક્ત યોજના કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) ઉક્ત યોજના મારફતે કેટલા ઉદ્યોગોનું અંદાજે કેટલું પાણી ઉક્ત પાઇપ લાઇન મારફતે દરિયામાં ઠાલવવામાં આવશે?

(૩) અને (૪) હાલ આયોજન હેઠળ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૫૪૨૯ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| **ગીર સોમનાથ** | | | **ભાવનગર** | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| ગીર ગઢડા | ૧૪ | ૨૪ | ભાવનગર | ૪૪ | ૧૪૫ |
| કોડીનાર | ૧૯ | ૭૯ | ગારીયાધાર | ૬ | ૧૦ |
| સુત્રાપાડા | ૧૨ | ૧૬ | ઘોઘા | ૧૯ | ૪૧ |
| તાલાળા | ૧૫ | ૪૧ | જેસર | ૧૬ | ૩૭ |
| ઉના | ૧૯ | ૫૦ | મહુવા | ૬૦ | ૧૭૮ |
| વેરાવળ | ૨૩ | ૩૫ | પાલીતાણા | ૨૭ | ૭૩ |
| | | | શિહોર | ૪૪ | ૧૦૯ |
| | | | તળાજા | ૭૬ | ૨૪૭ |
| | | | ઉમરાળા | ૧૨ | ૨૬ |
| | | | વલ્લભીપુર | ૧૭ | ૨૫ |
| **કુલ** | **૧૦૨** | **૨૪૫** | **કુલ** | **૩૨૧** | **૮૯૧** |

–––––––––

**કચ્છ જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત**

૧૪૧૮૨ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા–પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) હા.

(૨)

| **વર્ષ** | **સહાય ચૂકવેલ ગૌશાળા–પાંજરાપોળોની સંખ્યા** |
|---|---|
| તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | ૮ |
| તા.૦૧–૦૪–૨૦૧૮ થી | ૮ |

આષાઢ ૧૮, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

| તા.૩૧-૦૩-૨૦૧૯ | |
|---|---|

---------

**કચ્છ અને પાટણ જિલ્લામાં અને તાલુકામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા**

૧૫૩૩૬ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને પાટણ જિલ્લામાં કુલ અને તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલા લીધા?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને પાટણ જિલ્લામાં કુલ અને તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા આ મુજબ છે.

**કચ્છ**

| **તાલુકાનું નામ** | **ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **કુલ બાળકોની સંખ્યા** |
|---|---|---|---|
| અબડાસા | ૧૩૬ | ૪૬ | ૧૮૨ |
| અંજાર | ૨૮૦ | ૭૫ | ૩૫૫ |
| ભચાઉ | ૧૨૫ | ૪૦ | ૧૬૫ |
| ભૂજ | ૫૧૦ | ૧૩૮ | ૬૪૮ |
| ગાંધીધામ | ૩૧૫ | ૧૦૭ | ૪૨૨ |
| લખપત | ૫૭ | ૨૦ | ૭૭ |
| માંડવી | ૯૫ | ૨૩ | ૧૧૮ |
| મુન્દ્રા | ૧૦૭ | ૫૫ | ૧૬૨ |
| નખત્રાણા | ૧૬૪ | ૪૬ | ૨૧૦ |
| રાપર | ૫૧ | ૨૪ | ૭૫ |
| **કુલ** | **૧૮૪૦** | **૫૭૪** | **૨૪૧૪** |

**પાટણ**

| **તાલુકાનું નામ** | **ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **કુલ બાળકોની સંખ્યા** |
|---|---|---|---|
| સમી | ૯૫૪ | ૧૨૮ | ૧૦૮૨ |
| શંખેશ્વર | ૩૭૦ | ૬૩ | ૪૩૩ |
| હારિજ | ૪૦૮ | ૧૦૫ | ૫૧૩ |
| ચાણસ્મા | ૬૬ | ૧૩ | ૭૯ |
| સિધ્ધપુર | ૨૭૫ | ૨૪ | ૨૯૯ |
| પાટણ-૧ | ૨૬૮ | ૩૭ | ૩૦૫ |
| સરસ્વતી | ૧૮૨ | ૪૦ | ૨૨૨ |
| રાધનપુર | ૩૮૪ | ૪૯ | ૪૩૩ |
| સાંતલપુર | ૮૯૫ | ૭૩ | ૯૬૮ |
| **કુલ** | **૩૮૦૨** | **૫૩૨** | **૪૩૩૪** |

(૨) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે છેલ્લા બે વર્ષમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- કચ્છ અને પાટણ જિલ્લાના તમામ ઘટકમાં બાળકોને બાલ શકિત ટેક હોમ રેશન શરૂ થાય ત્યાં સુધી હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આંગણવાડી કેન્દ્રોમાં આવતાં ૬ માસથી ૩ વર્ષના બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા લાભાર્થી બાળકોને ઘઉં, મગદાળ, અને તેલ ઘરે લઇ જવા માટે આપવામાં આવે છે.

- ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ડબલ ફોર્ટિફાઇડ મીઠું તેમજ ફોર્ટિફાઇડ તેલ પુરૂ પાડવામાં આવે છે.
- કચ્છ જિલ્લાના રાપર અને લખપત તાલુકામાં અને પાટણ જિલ્લાના સમી, શંખેશ્વર અને સાંતલપુર તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે.

---------

**વલસાડ જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવા બાબત**

૧૪૧૬૭ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી,અને

(૧)

| **વર્ષ** | **ચેકડેમ** | **વન તલાવડી** |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩ | ૬૦ |
| ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ | ૧૩ | ૯૨ |

(૨) આ ચેકડેમ અને વન તલાવડી બનાવવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **ચેકડેમ** | **વન તલાવડી** |
| ૨૦૧૭–૧૮ | ૯.૦૦ | ૭૯.૯૬ |
| ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની | ૫૨.૯૫ | ૧૧૩.૭૫ |

---------

**વેળાવદરમાં કેમિકલવાળું પાણી પીવાથી કાળિયારના મોતનો અહેવાલ**

૧૫૪૪૬ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **૧૪ ગુ.વિ.સભા બીજા સત્રમાં ૧૯–૯–૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૧૧૨૪૯ (અગ્રતા–૯૪) ના અનુસંધાને માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગરના વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉધાન અને આસપાસના વિસ્તારમાં કેમિકલયુક્ત પાણીથી કાળિયારના થયેલ મૃત્યુ અંગેની તપાસ પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, મોબાઈલ સ્કવોડ રેન્જ, કાળિયાર રાષ્ટ્રીય ઉધાન, વેળાવદરને તા.૧૮–૦૬–૨૦૧૮ના રોજ સોંપવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો સોંપવામાં આવેલ તપાસ અન્વયે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કોઈ અહેવાલ રાજ્ય સરકારને મળેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) મળેલ અહેવાલ અન્વયે જવાબદારો સામે ક્યારે શું પગલાં લેવામાં આવ્યા?

(૩) વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ કેસની તપાસ કરી જવાબદાર ઈસમોની સામે કાયદેસર કાર્યવાહી કરી ધરપકડ કરી તા.૦૭-૦૮-૨૦૧૮ના રોજ નામ. ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ સાહેબ, વલ્લભીપુરની કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવેલ. જે બાબતે નામ.કોર્ટ દ્વારા રિમાન્ડ નામંજૂર કરી શરતી જામીન પર છોડવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ સરકારી વકીલશ્રીના અભિપ્રાય મુજબ પરિક્ષેત્ર વન અધિકારી દ્વારા નીચલી અદાલતના શરતી જામીન પર છોડવાના હુકમ સામે નામ. સેશન્સ કોર્ટમાં તા.૦૫-૧૦-૨૦૧૮ના રોજ અપીલ દાખલ કરવામાં આવેલ હતી. જે અપીલ નામ. સેશન્સ કોર્ટે ગ્રાહ્ય રાખેલ ન હતી.

---------

**ગાંધીનગર જિલ્લામાં ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત**

૧૪૧૭૧ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હોય, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) હા.

(૨)

| **વર્ષ** | **સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળોની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | ૬ |
| તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ | ૩ |

---------

**રાજ્ય સરકાર દ્વારા શામળ વન બનાવવા બાબત**

૧૪૩૦૦ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા 'શામળ વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે, અને

(૨) આ વન કેટલા વિસ્તારમાં બનાવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) મોજે શામળાજી, તા.ભિલોડા, જિ. અરવલ્લી

(૨) ૬.૩૦ હેક્ટર

---------

**ડાંગ અને ભરૂચ જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૫૫૦૨ **શ્રી મંગળભાઇ ગાવિત** (ડાંગ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ડાંગ અને ભરૂચ જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું તાલુકાવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ

(૨) પત્રક-બ મુજબ

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

**પત્રક–અ**

| તાલુકાનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| **ડાંગ જિલ્લો** | | | | |
| આહવા | ૧ | ૧ | ૨૦ | ૪ |
| વઘઇ | ૦ | ૧ | ૧૨ | ૦ |
| સુબીર | ૦ | ૧ | ૧૨ | ૦ |
| **કુલ** | **૧** | **૩** | **૪૪** | **૪** |
| **ભરૂચ જિલ્લો** | | | | |
| ભરૂચ | ૦ | ૧ | ૨૬ | ૬ |
| અંકલેશ્વર | ૦ | ૧ | ૨૨ | ૪ |
| હાંસોટ | ૦ | ૧ | ૧૯ | ૫ |
| આમોદ | ૦ | ૧ | ૨૨ | ૭ |
| જંબુસર | ૦ | ૧ | ૨૩ | ૫ |
| વાગરા | ૦ | ૧ | ૨૨ | ૬ |
| વાલીયા | ૧ | ૦ | ૨૧ | ૭ |
| ઝઘડીયા | ૧ | ૧ | ૨૯ | ૭ |
| નેત્રંગ | ૦ | ૧ | ૧૨ | ૧ |
| **કુલ** | **૨** | **૮** | **૧૯૬** | **૪૮** |

**પત્રક–બ**

| તાલુકાનું નામ | વર્ગ–૧ | | વર્ગ–૨ | | વર્ગ–૩ | | વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| **ડાંગ જિલ્લો** | | | | | | | | |
| આહવા | ૦ | ૧ | ૦ | ૧ | ૫ | ૧૫ | ૨ | ૨ |
| વઘઇ | ૦ | ૦ | ૦ | ૧ | ૪ | ૮ | ૦ | ૦ |
| સુબીર | ૦ | ૦ | ૧ | ૦ | ૪ | ૮ | ૦ | ૦ |
| **કુલ** | **૦** | **૧** | **૧** | **૨** | **૧૩** | **૩૧** | **૨** | **૨** |
| **ભરૂચ જિલ્લો** | | | | | | | | |
| ભરૂચ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૧ | ૧૫ | ૨ | ૪ |
| અંકલેશ્વર | ૦ | ૦ | ૦ | ૧ | ૧૩ | ૯ | ૨ | ૨ |
| હાંસોટ | ૦ | ૦ | ૧ | ૦ | ૭ | ૧૨ | ૨ | ૩ |
| આમોદ | ૦ | ૦ | ૦ | ૧ | ૮ | ૧૪ | ૨ | ૫ |
| જંબુસર | ૦ | ૦ | ૧ | ૦ | ૯ | ૧૪ | ૦ | ૫ |
| વાગરા | ૦ | ૦ | ૧ | ૦ | ૧૦ | ૧૨ | ૨ | ૪ |
| વાલીયા | ૧ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૧ | ૧ | ૬ |
| ઝઘડીયા | ૧ | ૦ | ૦ | ૧ | ૯ | ૨૦ | ૨ | ૫ |
| નેત્રંગ | ૦ | ૦ | ૧ | ૦ | ૬ | ૬ | ૧ | ૦ |
| **કુલ** | **૨** | **૦** | **૫** | **૩** | **૮૩** | **૧૧૩** | **૧૪** | **૩૪** |

---------

**અરવલ્લી જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત**

૧૪૧૭૬ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા–પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના

(૧) હા.

અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલી ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી?

(૨)

| વર્ષ | સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળોની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | ૦ |
| તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ | ૧ |

---------

**ધારી તથા કોડીનાર તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશની કોર્ટની મંજૂરી**

૧૫૫૯૮ **શ્રી ભીખાભાઇ બારૈયા** (પાલિતાણા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં તથા ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા ખાતે પૂર્ણ સમયની વધારાની જિલ્લા ન્યાયાધીશની કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા જી.

(૨) અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં તથા ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ તા.૧૬–૦૯–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**કામરેજ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૧૪૨૫૧ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૮ હેક્ટર.

(૨) રૂ.૧૦.૧૩ લાખ.

**રાજ્યમાં આદર્શ નિવાસી શાળાઓમાં ભરતી કરવા બાબત**

૧૫૪૭૩ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં આદર્શ નિવાસી શાળાઓમાં તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લે ક્યારે ભરતી કરવામાં આવી, અને

(૨) તેમાં કેટલા શિક્ષકોની વિષયવાર ભરતી કરવામાં આવી ?

**જવાબ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં આદર્શ નિવાસી શાળાઓમાં તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ મદદનીશ શિક્ષક (ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ) વર્ગ–૩ સંવર્ગમાં છેલ્લે ફેબ્રુઆરી–૨૦૧૯ માં અને માધ્યમિક વિભાગમાં છેલ્લે માર્ચ–૨૦૧૧ માં સીધી ભરતી કરવામાં આવી.

(૨) તેમાં નીચે મુજબના શિક્ષકોની વિષયવાર ભરતી કરવામાં આવી.

| વિષય | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| ગણિત | ૦૩ | – |

| | | |
|---|---|---|
| અંગ્રેજી | ૦૮ | ૦૪ |
| ભૌતિક વિજ્ઞાન | ૦૩ | – |
| રસાયણ વિજ્ઞાન | ૦૨ | – |
| જીવ વિજ્ઞાન | ૦૨ | – |
| વિજ્ઞાન | – | ૦૫ |
| હિન્દી | – | ૧૪ |
| ગુજરાતી | – | ૧૪ |
| સમાજવિદ્યા | – | ૧૫ |
| સંસ્કૃત | – | ૦૫ |
| પી.ટી. | – | ૦૭ |
| **કુલઃ** | **૧૮** | **૬૪** |

---------

**વેરાવળથી વાપી સુધી ડીપ–સી ડિસ્ચાર્જ પાઇપ લાઇન નાખવાની યોજના**

૧૫૪૯૪ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નદીઓમાં ઔદ્યોગિક પ્રદૂષણ દૂર કરવા વેરાવળથી વાપી સુધી ડીપ–સી ડિસ્ચાર્જ પાઇપ લાઇન નાંખવાની યોજના તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ જાહેર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત યોજનાનો અંદાજીત ખર્ચ કેટલો છે,

(૩) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) ઉક્ત યોજના મારફતે કેટલા ઉદ્યોગોનું અંદાજે કેટલું પાણી ઉક્ત પાઇપ લાઇન મારફતે દરિયામાં ઠાલવવામાં આવશે?

**જવાબ**

(૧) વેરાવળથી વાપીની વચ્ચે આવેલ અમદાવાદ, વડોદરા અને જેતપુરનાં ઔદ્યોગિક એકમોના પ્રદૂષણ દૂર કરવા માટે ડીપ–સી ડિસ્ચાર્જ પાઇપ લાઇનની જાહેરાત કરવામાં આવેલ છે.

(૨) રૂ.૨૨૭૫.૦૦ કરોડ

(૩) અને (૪)
હાલ આયોજન હેઠળ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ અને અરવલ્લી જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૫૩૭૧ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ અમદાવાદ અને અરવલ્લી જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું તાલુકાવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક–અ મુજબ.

(૨) પત્રક–બ મુજબ.

(૩) વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

**પત્રક–અ**

| તાલુકાનું નામ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|
| **અમદાવાદ જિલ્લો** | | | |
| દસક્રોઇ | ૧ | ૨૨ | ૪ |
| સાણંદ | ૧ | ૨૨ | ૫ |
| બાવળા | ૧ | ૯ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ધોળકા | ૧ | ૨૪ | ૫ |
| ધંધુકા | ૧ | ૨૨ | ૭ |
| ધોલેરા | ૧ | ૧૦ | ૨ |
| વિરમગામ | ૧ | ૨૪ | ૭ |
| માંડલ | ૧ | ૯ | ૨ |
| દેત્રોજ | ૧ | ૯ | ૨ |
| **કુલ** | **૯** | **૧૫૧** | **૩૬** |
| **અરવલ્લી જિલ્લો** | | | |
| મોડાસા | ૧ | ૨૧ | ૯ |
| મેઘરજ | ૧ | ૨૧ | ૫ |
| માલપુર | ૧ | ૧૬ | ૫ |
| ધનસુરા | ૧ | ૧૦ | ૨ |
| ભીલોડા | ૨ | ૨૨ | ૭ |
| બાયડ | ૧ | ૨૨ | ૭ |
| **કુલ** | **૭** | **૧૧૨** | **૩૫** |

**પત્રક–બ**

| **તાલુકાનું નામ** | **વર્ગ–૨** | | **વર્ગ–૩** | | **વર્ગ–૪** | |
|---|---|---|---|---|---|---|
| | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** |
| **અમદાવાદ જિલ્લો** | | | | | | |
| દસક્રોઇ | ૧ | ૦ | ૧૦ | ૧૨ | ૪ | ૦ |
| સાણંદ | ૧ | ૦ | ૧૩ | ૯ | ૪ | ૧ |
| બાવળા | ૦ | ૧ | ૫ | ૪ | ૨ | ૦ |
| ધોળકા | ૧ | ૦ | ૧૩ | ૧૧ | ૪ | ૧ |
| ધંધુકા | ૧ | ૦ | ૧૦ | ૧૨ | ૫ | ૨ |
| ધોલેરા | ૧ | ૦ | ૬ | ૪ | ૦ | ૨ |
| વિરમગામ | ૧ | ૦ | ૧૫ | ૯ | ૪ | ૩ |
| માંડલ | ૧ | ૦ | ૫ | ૪ | ૦ | ૨ |
| દેત્રોજ | ૧ | ૦ | ૭ | ૨ | ૧ | ૧ |
| **કુલ** | **૮** | **૧** | **૮૪** | **૬૭** | **૨૪** | **૧૨** |
| **અરવલ્લી જિલ્લો** | | | | | | |
| મોડાસા | ૧ | ૦ | ૧૦ | ૧૧ | ૨ | ૭ |
| મેઘરજ | ૧ | ૦ | ૫ | ૧૬ | ૩ | ૨ |
| માલપુર | ૦ | ૧ | ૫ | ૧૧ | ૧ | ૪ |
| ધનસુરા | ૧ | ૦ | ૬ | ૪ | ૧ | ૧ |
| ભીલોડા | ૧ | ૧ | ૧૧ | ૧૧ | ૬ | ૧ |
| બાયડ | ૧ | ૦ | ૮ | ૧૪ | ૩ | ૪ |
| **કુલ** | **૫** | **૨** | **૪૫** | **૬૭** | **૧૬** | **૧૯** |

**પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૫૩૫૪ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૧) પત્રક સામેલ છે. |

(૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| પાટણ | | | મહેસાણા | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| ચાણસ્મા | ૯ | ૩૧ | બેચરાજી | ૧૭ | ૫૫ |
| હારીજ | ૨૬ | ૮૩ | જોટાણા | ૩ | ૮ |
| પાટણ | ૨૪ | ૮૨ | કડી | ૨૪ | ૮૦ |
| રાધનપુર | ૩૬ | ૧૦૪ | ખેરાલુ | ૨૮ | ૮૩ |
| સમી | ૧૮ | ૩૧ | મહેસાણા | ૨૪ | ૯૯ |
| સાંતલપુર | ૧૩ | ૩૩ | સતલાસણા | ૨૯ | ૭૬ |
| સરસ્વતી | ૫૦ | ૧૬૨ | ઊંઝા | ૯ | ૧૫ |
| શંખેશ્વર | ૯ | ૨૭ | વડનગર | ૨૧ | ૭૯ |
| સિદ્ધપુર | ૨૨ | ૭૩ | વિજાપુર | ૧૮ | ૪૩ |
| – | – | – | વિસનગર | ૧૮ | ૯૧ |
| **કુલ** | **૨૦૭** | **૬૨૬** | **કુલ** | **૧૯૧** | **૬૨૯** |

---------

## ઊંઝા તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

૧૪૨૩૯ **ડૉ. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૪૦ હેક્ટર.

(૨) રૂ.૩૨.૦૩ લાખ.

---------

## નવસારી જિલ્લામાં ચેરનું વાવેતર

૧૪૨૬૮ **શ્રી નરેશભાઇ પટેલ** (ગણદેવી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષ વાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૦૦ |
| ૨૦૧૮–૧૯ | ૯૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩૮.૧૩ |
| ૨૦૧૮–૧૯ | ૩૬.૪૯ |

---------

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

૧૫૪૧૯ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

સુધીમાં બનાવવામાં આવશે ?

**પત્રક**

| જૂનાગઢ | | | પોરબંદર | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| ભેંસાણ | ૭ | ૧૨ | પોરબંદર | ૬ | ૧૪ |
| જૂનાગઢ | ૨૧ | ૪૩ | રાણાવાવ | ૧૨ | ૨૦ |
| જૂનાગઢ શહેર | ૧૨ | ૪૮ | કુતિયાણા | ૫ | ૭ |
| કેશોદ | ૨૨ | ૫૯ | | | |
| માળીયા હાટીના | ૨૫ | ૪૮ | | | |
| માણાવદર | ૨૧ | ૩૫ | | | |
| માંગરોળ | ૩૩ | ૮૫ | | | |
| મેંદરડા | ૧૦ | ૨૧ | | | |
| વંથલી | ૨૦ | ૫૦ | | | |
| વિસાવદર | ૨૩ | ૪૮ | | | |
| **કુલ** | **૧૯૪** | **૪૪૯** | **કુલ** | **૨૩** | **૪૧** |

---------

**રાજ્ય સરકાર દ્વારા શામળ વન બનાવવા બાબત**

૧૪૨૯૭ **શ્રી હિતુ કનોડિયા** (ઇડર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા 'શામળ વન' ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે, અને

(૨) આ વન કેટલા વિસ્તારમાં બનાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) મોજે શામળાજી, તા.ભિલોડા, જિ.અરવલ્લી ખાતે.

(૨) ૬.૩૦ હેક્ટર.

---------

**વડગામ તાલુકામાં સરકારી શાળાઓ**

૧૫૮૩૪ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૯ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં કોઇ સરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલી છે કે કેમ, અને

(૨) જો ના, તો ઉક્ત શાળાઓ શરૂ કરવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) નવી સરકારી શાળાઓ શરૂ કરવા અંગેની નીતિને ધ્યાને લઇ, આ અંગે વિચારણા કરવામાં આવશે.

---------

**નવસારી જિલ્લામાં ચેરનું વાવેતર**

૧૪૨૮૦ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષ વાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૯૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૩૮.૧૩ |
| ૨૦૧૮-૧૯ | ૩૬.૪૯ |

---------

તા. ૯મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર**

૧૪૨૨૮ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૭૫.૦૬ |
| ૨૦૧૮–૧૯ | ૪૫૫.૦૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૬૨.૮૮ |
| ૨૦૧૮–૧૯ | ૧૮૨.૧૨ |

---------

**ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૫૩૬૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| **ગાંધીનગર** | | | **અરવલ્લી** | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| દહેગામ | ૬૦ | ૬૯ | બાયડ | ૭૭ | ૧૪૮ |
| ગાંધીનગર | ૧૯ | ૮૭ | ભીલોડા | ૨૮ | ૭૪ |
| કલોલ | ૧૩ | ૪૪ | ધનસુરા | ૩૭ | ૭૬ |
| માણસા | ૧૨ | ૫૯ | માલપુર | ૨૮ | ૪૩ |
| | | | મેઘરજ | ૬૫ | ૧૨૫ |
| | | | મોડાસા | ૫૦ | ૧૩૦ |
| **કુલ** | **૧૦૪** | **૨૫૯** | **કુલ** | **૨૮૫** | **૫૯૬** |

---------

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં અને તાલુકામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા**

૧૫૩૪૯ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં કુલ અને તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં કુલ અને તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા આ મુજબ છે.

**બનાસકાંઠા**

| **તાલુકાનું નામ** | **ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **કુલ બાળકોની સંખ્યા** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| દાંતા | ૪૪૦ | ૧૬૨ | ૬૦૨ |
| વડગામ | ૩૮૭ | ૯૯ | ૪૮૬ |
| પાલનપુર | ૪૯૦ | ૧૫૪ | ૬૪૪ |
| અમીરગઢ | ૯૩૩ | ૧૫૬ | ૧૦૮૯ |
| દાંતીવાડા | ૧૩૨ | ૭૩ | ૨૦૫ |
| ડીસા | ૩૯૪ | ૬૮ | ૪૬૨ |
| ધાનેરા | ૨૮૬ | ૮૭ | ૩૭૩ |
| લાખણી | ૧૩૧ | ૧૦ | ૧૪૧ |
| કાંકરેજ | ૫૫૫ | ૧૧૨ | ૬૬૭ |
| થરાદ | ૮૫૪ | ૧૧૦ | ૯૬૪ |
| વાવ | ૧૫૫ | ૪૨ | ૧૯૭ |
| સુઈગામ | ૮૫ | ૧૪ | ૯૯ |
| દિયોદર | ૫૮ | ૮ | ૬૬ |
| ભાભર | ૬૮ | ૮ | ૭૬ |
| **કુલ** | **૪૯૬૮** | **૧૧૦૩** | **૬૦૭૧** |

**મહેસાણા**

| **તાલુકાનું નામ** | **ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા** | **કુલ બાળકોની સંખ્યા** |
|---|---|---|---|
| કડી | ૭૫ | ૬ | ૮૧ |
| ખેરાલુ | ૧૨૨ | ૧૧ | ૧૩૩ |
| મહેસાણા | ૩૫૬ | ૭૧ | ૪૨૭ |
| વિસનગર | ૧૩૧ | ૧૨ | ૧૪૩ |
| જોટાણા | ૫૦ | ૧૧ | ૬૧ |
| વિજાપુર | ૭૭ | ૨૨ | ૯૯ |
| વડનગર | ૫૭ | ૦ | ૫૭ |
| સતલાસણા | ૪૭ | ૧૨ | ૫૯ |
| ઉંઝા | ૯૦ | ૩૨ | ૧૨૨ |
| બેચરાજી | ૬૧ | ૫ | ૬૬ |
| **કુલ** | **૧૦૬૬** | **૧૮૨** | **૧૨૪૮** |

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલા લીધાં ?

(૨) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે છેલ્લા બે વર્ષમાં આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના તમામ ઘટકમાં ૬ માસ થી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે બાલશક્તિ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે.
- લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ડબલ

ફોર્ટિફાઇડ મીઠું તેમજ ફોર્ટિફાઇડ તેલ પુરુ પાડવામાં આવે છે.

- બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાં દુધ સંજીવની યોજના અંતર્ગત ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે.

---------

**તાપી અને સુરત જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૫૪૯૭ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૧) પત્રક સામેલ છે. |
| (૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

**પત્રક**

| **તાપી** | | | **સુરત** | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| ડોલવણ | ૭ | ૧૪ | બારડોલી | ૧૬ | ૪૮ |
| કુકરમુંડા | ૬ | ૧૩ | ચોર્યાસી | ૭ | ૩૦ |
| નિઝર | ૭ | ૧૫ | કામરેજ | ૧૧ | ૩૪ |
| સોનગઢ | ૪૨ | ૯૭ | મહુવા | ૯ | ૨૩ |
| ઉચ્છલ | ૨૩ | ૪૭ | માંડવી | ૧૪ | ૩૬ |
| વાલોડ | ૨ | ૩ | માંગરોળ | ૬ | ૧૦ |
| વ્યારા | ૧૭ | ૩૩ | ઓલપાડ | ૧૧ | ૩૨ |
| | | | પલસાણા | ૯ | ૩૫ |
| | | | ઉમરપાડા | ૭ | ૧૫ |
| **કુલ** | **૧૦૪** | **૨૨૨** | **કુલ** | **૯૦** | **૨૬૩** |

---------

૧૫૩૮૮ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૯મી જુલાઇ, ૨૦૧૯
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| સુરેન્દ્રનગર | | | સાબરકાંઠા | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| ચોટીલા | ૩૨ | ૫૧ | હિંમતનગર | ૭૫ | ૧૩૫ |
| ચુડા | ૬ | ૧૩ | ઈડર | ૩૮ | ૬૬ |
| ધાંગધ્રા | ૧૬ | ૩૦ | ખેડબ્રહ્મા | ૬૪ | ૧૨૮ |
| લખતર | ૧૦ | ૨૫ | પોશીના | ૬૩ | ૧૪૩ |
| લીંબડી | ૧૬ | ૪૪ | પ્રાંતિજ | ૪૮ | ૧૨૬ |
| મુળી | ૧૯ | ૩૫ | તલોદ | ૫૩ | ૧૧૧ |
| પાટડી | ૨૩ | ૫૦ | વડાલી | ૨૫ | ૩૯ |
| સાયલા | ૨૫ | ૬૪ | વિજયનગર | ૩૯ | ૮૦ |
| થાનગઢ | ૧૦ | ૧૬ | | | |
| વઢવાણ | ૨૫ | ૭૭ | | | |
| **કુલ** | **૧૮૨** | **૪૦૫** | **કુલ** | **૪૦૫** | **૮૨૮** |

---------

## જામનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

૧૪૨૧૭ **શ્રી રાઘવજીભાઇ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેકટરમાં)** |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૮૭૭ |
| ૨૦૧૮-૧૯ | ૧૭૮૫ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૪૪૩.૯૯ |
| ૨૦૧૮-૧૯ | ૬૯૩.૬૪ |

---------

## રાજ્ય સરકાર દ્વારા રક્ષક વનમાં રોપાનું વાવેતર

૧૪૨૯૬ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા 'રક્ષક વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના સરસપર ગામે રુદ્રમાતા ડેમ સાઈટ નજીક.

(૨) કણજી, મહોગની, ગુલમહોર, પેલ્ટ્રોફાર્મ, ગોલ્ડન બામ્બૂ, લેગેસ્ટ્રોમીયા, લીમડા, ટેબુબીયા, ગરમાળો, વડ, પીપળો, ફાયકસ, ઈન્ડિયન ક્રિસમસ ટ્રી, શિમળો, રૂખડો, ચંપો, બુચ, કૈલાસપતિ, કેજેલિયા, કચનાર, ખારેક અને વિવિધ જાતના વાડના રોપા.

---------

## ભાવનગર જિલ્લામાં ચેરનું વાવેતર

૧૪૨૮૧ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૦૦૦ |
| ૨૦૧૮–૧૯ | ૩૫૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૯૩.૫૦ |
| ૨૦૧૮–૧૯ | ૩૩.૩૨ |

---------

### કાગવડ ખાતેના શકિત વનમાં રોપાનું વાવેતર

૧૪૨૯૦ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના કાગવડ ખાતેનું 'શક્તિ વન' કેટલા વિસ્તારમાં બનાવેલ છે,

(૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) આ વનમાં મુખ્યત્વે આકર્ષણો કયા છે ?

**જવાબ**

(૧) ૭.૫૦ હેક્ટર

(૨) મુખ્યત્વે ખાટી આંબલી, ચંદન, સલાઈ–ગુગળ, સીસુ, લીમડા, કદમ, અશોક, ફણસ, કરંજ, કણજી, વડ, પીપળો, ક્રિષ્નાવડ, સપ્તપર્ણી, પેલ્ટોફોરમ, ગરમાળો, અરીઠા, આંબા, અર્જુન સાદડ, ઉમરો, રાયણ, રુદ્રાક્ષ, રૂખડો, કચનાર, કુસુમ, પામ વિગેરે

(૩) મુખ્યત્વે ઈન્ટર પ્રિટેશન સેન્ટર, બાલ ક્રિડાંગણ, લોન ગાર્ડન, કમળ કુંડ, ખોડલઘરો(તળાવ), નારી શક્તિ થીમનું મોડેલ, એશિયાટીક લાયન ફેમીલી થીમનું મોડેલ, વન વિશ્રામ કુટિરો, વિવિધ વોટર ફાઉન્ટેન વગેરે.

---------

### આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ

૧૪૩૨૪ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૪૨૨ |
| આણંદ (શહેર) | ૯૯ |
| ઉમરેઠ | ૧૪૨ |
| આંકલાવ | ૧૪૦ |
| બોરસદ | ૩૫૮ |
| પેટલાદ | ૨૭૩ |
| સોજીત્રા | ૪૭ |
| તારાપુર | ૩૫ |
| ખંભાત | ૧૯૨ |

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૨૫૧ | ૧૭૧ |
| આણંદ (શહેર) | ૭૮ | ૨૧ |
| ઉમરેઠ | ૧૩૧ | ૧૧ |
| આંકલાવ | ૧૩૯ | ૧ |

| | | |
|---|---|---|
| બોરસદ | ૨૯૯ | ૫૯ |
| પેટલાદ | ૨૫૪ | ૧૯ |
| સોજીત્રા | ૪૩ | ૪ |
| તારાપુર | ૩૫ | ૦ |
| ખંભાત | ૧૭૩ | ૧૯ |

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શાં છે?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

**વલસાડ જિલ્લાના બાલચૌઠી ખાતેના આમ્ર વનમાં રોપાનું વાવેતર**

૧૪૨૮૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાના બાલચૌઠી ખાતેનું ‘‘આમ્ર વન’’ કેટલા વિસ્તારમાં બનાવેલ છે, અને | (૧) ૪.૭૧ હેક્ટર. |
| (૨) આ વનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ? | (૨) મુખ્યત્વે કલમી આંબા, ઝેરકોચલું, આમળા, ઉંમરો, જાંબુ, ખેર, કૃષ્ણ અર્જુન, અર્જુન સાદડ, કદમ, ખીજડો, સફેદ આકડો, મહુડા, લીમડો, અરીઠા, આંબા, ફણસ, નેતર, ગરમાળો, સાગ, સીમળો, બોરસલી, સીસું, નાગકેસર, બીલી, જૂઈ, ખાખરો, વડ, પીપળો, વાંસ, અઘેડો, દર્ભ, અશોક, સર્પગંધા, ગુગળ, કડાયો, અરડુસો, લીડીપીપર, ચણોઠી, સફેદમુસળી, હરડે, બહેડા, સેવન, અશ્વગંધા, સોપારી, બોગનવેલ, બોટલપામ વિગેરે. |

---------

**દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૪૫ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણિનગર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૮૧ હેક્ટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૩૧.૯૩ લાખ |

---------

**દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૪૯ **શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૮૧ હેક્ટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૩૧.૯૩ લાખ |

---------

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૫૪૭૫ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ અને | (૧) પત્રક સામેલ છે. |

છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| દાહોદ | | | છોટાઉદેપુર | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| દાહોદ | ૧૫૩ | ૪૮૯ | છોટાઉદેપુર | ૬૧ | ૧૪૧ |
| દેવગઢબારિયા | ૧૦૦ | ૨૨૬ | બોડેલી | ૪૯ | ૧૨૨ |
| ધાનપુર | ૫૭ | ૧૩૦ | જેતપુર પાવી | ૨૪ | ૪૨ |
| ફતેપુરા | ૧૦૫ | ૨૪૨ | ક્વાંટ | ૩૫ | ૬૮ |
| ગરબાડા | ૮૫ | ૨૮૯ | નસવાડી | ૩૧ | ૭૭ |
| લીમખેડા | ૫૮ | ૨૨૬ | સંખેડા | ૩૪ | ૫૫ |
| સંજેલી | ૪૩ | ૧૩૭ | | | |
| ઝાલોદ | ૧૧૯ | ૩૪૩ | | | |
| **કુલ** | **૭૨૦** | **૨૦૮૨** | **કુલ** | **૨૩૪** | **૫૦૫** |

**મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૧૫૩૭૩ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૧) પત્રક સામેલ છે.

(૨) તમામ ધોરણના વિદ્યાર્થીઓ જુદા ઓરડામાં બેસી અભ્યાસ કરી શકે તે માટે ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| **તાલુકા** | **ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
|---|---|---|
| બેચરાજી | ૧૭ | ૫૫ |
| જોટાણા | ૩ | ૮ |
| કડી | ૨૪ | ૮૦ |
| ખેરાલુ | ૨૮ | ૮૩ |
| મહેસાણા | ૨૪ | ૯૯ |
| સતલાસણા | ૨૯ | ૭૬ |
| ઊંઝા | ૯ | ૧૫ |
| વડનગર | ૨૧ | ૭૯ |
| વિજાપુર | ૧૮ | ૪૩ |
| વિસનગર | ૧૮ | ૯૧ |
| **કુલ** | **૧૯૧** | **૬૨૯** |

---------

તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં વિના મૂલ્યે સ્મશાન સગડી આપવા બાબત**

૧૪૨૮૫ **ડૉ. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮માં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૨૩ અરજીઓ |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૬.૬૫ લાખ |

---------

**રાધનપુર તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયધીશની કોર્ટની મંજૂરી**

૧૫૫૯૫ **શ્રી હિતુ કનોડિયા** (ઈડર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકામાં પૂર્ણ સમયની વધારાની જિલ્લા ન્યાયાધીશની કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે ? | (૨) પાટણ જિલ્લાના રાધનપુર તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશની કોર્ટ તા.૧૬–૦૯–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે. |

**અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લાની શાળામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ**

૧૫૮૩૬ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો.૧માં કેટલા વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા,

**જવાબ**

(૧)

| ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો.૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા | | | | |
|---|---|---|---|---|
| | **અમદાવાદ** | | **બનાસકાંઠા** | |
| | **ગ્રાન્ટ ઈન એઈડ** | **નોન ગ્રાન્ટ ઈન એઈડ** | **ગ્રાન્ટ ઈન એઈડ** | **નોન ગ્રાન્ટ ઈન એઈડ** |
| જુન–૨૦૧૭ની સ્થિતિએ | ૯૬૪ | ૧૦૨૫૩૨ | ૪૩૦ | ૮૧૯૫ |
| જુન–૨૦૧૮ની સ્થિતિએ | ૧૦૦૧ | ૧૧૮૫૭૦ | ૩૭૭ | ૧૦૫૧૫ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી આ બે જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ કેટલા બાળકોને (૨૫% લેખે) પ્રવેશ આપવાનો થતો હતો, અને

**જવાબ**

(૨)

| | **૨૫ % લેખે જગ્યા** | | | |
|---|---|---|---|---|
| | **અમદાવાદ** | | **બનાસકાંઠા** | |
| | **ગ્રાન્ટ ઈન એઈડ** | **નોન ગ્રાન્ટ ઈન એઈડ** | **ગ્રાન્ટ ઈન એઈડ** | **નોન ગ્રાન્ટ ઈન એઈડ** |
| જુન–૨૦૧૭ની સ્થિતિએ | – | ૨૦૪૦૫ | – | ૨૦૪૯ |
| જુન–૨૦૧૮ની સ્થિતિએ | – | ૨૨૭૪૮ | – | ૨૬૮૦ |

(૩) તે પૈકી કેટલા બાળકોને આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ આપવામાં આવ્યો હતો ?

(૩)

| | આર.ટી.ઇ. એક્ટ હેઠળ પ્રવેશ | |
|---|---|---|
| | અમદાવાદ | બનાસકાંઠા |
| જુન-૨૦૧૭ની સ્થિતિએ | ૧૫૭૯૦ | ૯૧૧ |
| જુન-૨૦૧૮ની સ્થિતિએ | ૨૦૦૪૮ | ૧૫૩૨ |

---------

**રાજ્ય સરકાર દ્વારા રક્ષક વનમાં રોપાનું વાવેતર**

૧૪૨૯૪ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા 'રક્ષક વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના સરસપર ગામે રૂદ્રમાતા ડેમ સાઇટ નજીક.

(૨) કણજી, મહોગની, ગુલમહોર, પેલ્ટ્રોફાર્મ, ગોલ્ડન બામ્બૂ, લેગેસ્ટ્રોમીયા, લીમડા, ટેબુબીયા, ગરમાળો, વડ, પીપળો, ફાયકસ, ઇન્ડિયન ક્રિસમસ ટ્રી, શિમળો, રૂખડો, ચંપો, બુચ, કૈલાસપતિ, કેજેલિયા, કચનાર, ખારેક અને વિવિધ જાતના વાડના રોપા.

---------

**કાગવડ ખાતેના શક્તિ વનમાં રોપાનું વાવેતર**

૧૪૨૯૩ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ-ગ્રામ્ય) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના કાગવડ ખાતેનું 'શક્તિ વન' કેટલા વિસ્તારમાં બનાવેલ છે,

(૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) આ વનમાં મુખ્યત્વે આકર્ષણો કયા છે?

**જવાબ**

(૧) ૭.૫૦ હેક્ટર

(૨) મુખ્યત્વે ખાટી આંબલી, ચંદન, સલાઇ ગુગળ, સીસુ, લીમડા, કદમ, અશોક, ફણસ, કરંજ, કણજી, વડ, પીપળો, ક્રિષ્નાવડ, સપ્તપર્ણી, પેલ્ટોફોરમ, ગરમાળો, અરીઠા, આંબા, અર્જુન સાદડ, ઉમરો, રાયણ, રુદ્રાક્ષ, રૂખડો, કચનાર, કુસુમ, પામ વગેરે.

(૩) મુખ્યત્વે ઇન્ટર પ્રિટેશન સેન્ટર, બાલ ક્રિડાંગણ, લોન ગાર્ડન, કમળ કુંડ, ખોડલઘરો (તળાવ), નારી શક્તિ થીમનું મોડેલ, એશિયાટીક લાયન ફેમીલી થીમનું મોડેલ, વન વિશ્રામ કુટિરો વિવિધ વોટર ફાઉન્ટેન વગેરે.

---------

**ભાવનગર જિલ્લામાં ચેરનું વાવેતર**

૧૪૨૭૮ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાંકિય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૦૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૩૫૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૯૩.૫૦ |
| ૨૦૧૮-૧૯ | ૩૩.૩૨ |

---------

## તા. ૯મી જુલાઈ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નો

### મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતના પંચાયત ઘર

૧૪૩૫૪ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર છે, | (૧) ૩૫૦ (ત્રણસો પચાસ) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર નવા બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૨) ૩૧ (એકત્રીસ) |
| (૩) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું? | (૩) રૂ. ૪ કરોડ ૪૨ લાખ (અંકે રૂપિયા ચાર કરોડ બેત્તાલીસ લાખ પુરા) |

---------

### રાજ્ય સરકાર દ્વારા રક્ષક વનમાં રોપાનું વાવેતર

૧૪૨૯૫ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા 'રક્ષક વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે, અને | (૧) કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના સરસપર ગામે રુદ્રમાતા ડેમ સાઈટ નજીક. |
| (૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે ? | (૨) કણજી, મહોગની, ગુલમહોર, પેલ્ટ્રોફાર્મ, ગોલ્ડન બામ્બૂ, લેગેસ્ટ્રોમીયા, લીમડા, ટેબુબીયા, ગરમાળો, વડ, પીપળો, ફાયકસ, ઈન્ડિયન ક્રિસમસ ટ્રી, શિમળો, રૂખડો, ચંપો, બુચ, કૈલાસપતિ, કેજેલિયા, કચનાર, ખારેક અને વિવિધ જાતના વાડના રોપા. |

---------

### રાજ્ય સરકાર દ્વારા માંગલ્ય વનમાં રોપાનું વાવેતર

૧૪૩૦૧ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડિસા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા 'માંગલ્ય વન' કયા સ્થળે બનાવવામાં આવેલ છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં અંબાજી મુકામે |
| (૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના અને કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે? | (૨) મુખ્યત્વે આમળાં, જાંબુ, માનવેલ વાંસ, બીલી, આંબા, બોરસલી, ગુગળ, અરીઠા, ગરમાળો, કડાયો, પામ, પીંકિશીયા તેમજ વિવિધ પ્રકારના ૧.૦૯ લાખ રોપા તેમજ ફૂલ છોડનું વાવેતર કરવામાં આવેલ છે. |

---------

### આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ

૧૪૩૨૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૪૨૨ |
| આણંદ (શહેર) | ૯૯ |
| ઉમરેઠ | ૧૪૨ |
| આંકલાવ | ૧૪૦ |
| બોરસદ | ૩૫૮ |
| પેટલાદ | ૨૭૩ |
| સોજીત્રા | ૪૭ |

| | |
|---|---|
| તારાપુર | ૩૫ |
| ખંભાત | ૧૯૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૨૫૧ | ૧૭૧ |
| આણંદ (શહેર) | ૭૮ | ૨૧ |
| ઉમરેઠ | ૧૩૧ | ૧૧ |
| આંકલાવ | ૧૩૯ | ૧ |
| બોરસદ | ૨૯૯ | ૫૯ |
| પેટલાદ | ૨૫૪ | ૧૯ |
| સોજીત્રા | ૪૩ | ૪ |
| તારાપુર | ૩૫ | ૦ |
| ખંભાત | ૧૭૩ | ૧૯ |

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શાં છે?

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધૂરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૪૩૨૩ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૪૨૨ |
| આણંદ (શહેર) | ૯૯ |
| ઉમરેઠ | ૧૪૨ |
| આંકલાવ | ૧૪૦ |
| બોરસદ | ૩૫૮ |
| પેટલાદ | ૨૭૩ |
| સોજીત્રા | ૪૭ |
| તારાપુર | ૩૫ |
| ખંભાત | ૧૯૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૨૫૧ | ૧૭૧ |
| આણંદ (શહેર) | ૭૮ | ૨૧ |
| ઉમરેઠ | ૧૩૧ | ૧૧ |
| આંકલાવ | ૧૩૯ | ૧ |
| બોરસદ | ૨૯૯ | ૫૯ |
| પેટલાદ | ૨૫૪ | ૧૯ |
| સોજીત્રા | ૪૩ | ૪ |
| તારાપુર | ૩૫ | ૦ |
| ખંભાત | ૧૭૩ | ૧૯ |

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શાં

(૩)

છે?

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધૂરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૪૬ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૮૧ હેક્ટર

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૩૧.૯૩ લાખ

---------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૪૩૨૨ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| **તાલુકો** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૪૨૨ |
| આણંદ (શહેર) | ૯૯ |
| ઉમરેઠ | ૧૪૨ |
| આંકલાવ | ૧૪૦ |
| બોરસદ | ૩૫૮ |
| પેટલાદ | ૨૭૩ |
| સોજીત્રા | ૪૭ |
| તારાપુર | ૩૫ |
| ખંભાત | ૧૯૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૨)

| **તાલુકો** | **મંજૂર અરજીઓ** | **નામંજૂર અરજીઓ** |
|---|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૨૫૧ | ૧૭૧ |
| આણંદ (શહેર) | ૭૮ | ૨૧ |
| ઉમરેઠ | ૧૩૧ | ૧૧ |
| આંકલાવ | ૧૩૯ | ૧ |
| બોરસદ | ૨૯૯ | ૫૯ |
| પેટલાદ | ૨૫૪ | ૧૯ |
| સોજીત્રા | ૪૩ | ૪ |
| તારાપુર | ૩૫ | ૦ |
| ખંભાત | ૧૭૩ | ૧૯ |

(૩) અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો શાં છે?

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધૂરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત**

૧૪૧૯૪ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધાંગધ્રા) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા–પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી? | (૨) |

| વર્ષ | સહાય ચૂકવેલ ગૌશાળા–પાંજરાપોળોની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | ૧૪ |
| તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ | ૭ |

---------

**જેતપુર પાવી તાલુકાની ગ્રામ પંચાયતોમાં વહીવટદારશ્રીની નિમણૂંક**

૧૫૫૬૮ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના જેતપુર પાવી તાલુકાની કઇ–કઇ ગ્રામ પંચાયતોમાં વહીવટદારશ્રીની નિમણૂંક કેટલા સમયથી કરવામાં આવેલ છે, અને | (૧) જેતપુર પાવી તાલુકાની ધનપુર ગ્રૃપ ગ્રામ પંચાયતમાં ૧૯૮૦થી વહીવટદારની નિમણૂક કરવામાં આવેલી છે. |
| (૨) આવી ગ્રામ પંચાયતોની ચૂંટણી ન કરવાના કારણો શું? | (૨)<br>• ધનપુર ગૃપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ૬(છ) ગામ પૈકી ૫ (પાંચ) ગામ અનુક્રમે (૧) ધનપુર, (૨) ચૌણા, (૩) ચેથાપુર, (૪) મુઠાઇ, (૫) આંબાખૂટ ગામો સુખી જળાશય યોજના અંતર્ગત સુખી ડેમમાં ડુબાણમાં જવાથી.<br>• ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૭ અન્વયે વસનગઢ ગામને અલગ ગ્રામ પંચાયતનો દરજ્જો ન મળવાને કારણે અને,<br>• ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૬ ની જોગવાઇ મુજબ ગ્રામ પંચાયત મતદાર મંડળની રચના માટે સપ્રમાણમાં વસ્તી ન હોવાના કારણે ચૂંટણી થઇ શકેલ નથી. |

---------

**મોરબી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા**

૧૫૩૯૭ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મોરબી | (૧) |

જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મોરબી | ૧૮૨ |
| ૨ | ટંકારા | ૬૦ |
| ૩ | વાંકાનેર | ૧૫૯ |
| ૪ | માળિયા (મી) | ૭૮ |
| ૫ | હળવદ | ૧૧૭ |

(૨) તે પૈકી તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | મોરબી | ૧૦૧૧ | ૧૩૩ |
| ૨ | ટંકારા | ૩૫૯ | ૨૧ |
| ૩ | વાંકાનેર | ૮૬૮ | ૧૬૮ |
| ૪ | માળિયા (મી) | ૩૩૪ | ૯૮ |
| ૫ | હળવદ | ૭૭૨ | ૯૦ |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલદીથી.

---------

**ધારી તથા પેટલાદ તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયધીશની કોર્ટની મંજૂરી**

૧૫૬૦૨ **શ્રી કાન્તિભાઇ બલર** (સુરત ઉત્તર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં તથા આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં પૂર્ણ સમયની વધારાની જિલ્લા ન્યાયાધીશની કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા જી.

(૨) અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં તથા આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ તા.૧૬–૦૯–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં વિના મૂલ્યે સ્મશાન સગડી આપવા બાબત**

૧૪૨૮૪ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮માં બળતણ બચાવવા સારૂં ગ્રામ્ય પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૩ અરજીઓ.

(૨) રૂ.૬.૬૫ લાખ.

---------

**૧૪માં નાણાપંચ અંતર્ગત પંચમહાલ જિલ્લાને ગ્રાન્ટ**

૧૪૩૫૫ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ૧૪માં નાણા પંચ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) ૧૪માં નાણા પંચ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુલ **૪૮૭** ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૦૩ |
| ૨ | કાલોલ | ૬૫ |
| ૩ | હાલોલ | ૭૯ |

| | | |
|---|---|---|
| ૪ | જાંબુઘોડા | ૨૧ |
| ૫ | ઘોઘંબા | ૮૭ |
| ૬ | શહેરા | ૮૨ |
| ૭ | મોરવા (હ) | ૫૦ |
| | **કુલ** | **૪૮૭** |

(૨) ઉક્ત ગ્રામ પંચાયતને કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત ગ્રામ પંચાયતને કુલ **રૂ.૫૩૧૯.૪૫ લાખ** રકમ ફાળવવામાં આવી જે તાલુકાવાર નીચે મુજબ છે. (વર્ષ ૨૦૧૭–૧૮)

| **અનુ.નં.** | **તાલુકાનું નામ** | **ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૧૫૦.૩૮ |
| ૨ | કાલોલ | ૬૫૬.૮૯ |
| ૩ | હાલોલ | ૭૨૭.૦૩ |
| ૪ | જાંબુઘોડા | ૧૭૩.૬૩ |
| ૫ | ઘોઘંબા | ૯૨૭.૬૯ |
| ૬ | શહેરા | ૯૧૩.૭૯ |
| ૭ | મોરવા (હ) | ૭૭૦.૦૪ |
| | **કુલ** | **૫૩૧૯.૪૫** |

(૩) તે પૈકી ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો?

(૩) તે પૈકી ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં કુલ રૂ.૧૮૭૬.૬૩ લાખનો ખર્ચ થયો જે તાલુકાવાર નીચે મુજબ છે.

| **અનુ.નં.** | **તાલુકાનું નામ** | **૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં થયેલ ખર્ચની રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ગોધરા | ૩૦૫.૬૫ |
| ૨ | કાલોલ | ૨૫૫.૧૦ |
| ૩ | હાલોલ | ૨૨૧.૮૯ |
| ૪ | જાંબુઘોડા | ૭૭.૮૩ |
| ૫ | ઘોઘંબા | ૪૪૧.૨૦ |
| ૬ | શહેરા | ૩૪૦.૧૦ |
| ૭ | મોરવા (હ) | ૨૩૪.૮૬ |
| | **કુલ** | **૧૮૭૬.૬૩** |

બાકી રહેલ ખર્ચની રકમ રૂ.૩૪૪૨.૮૨ લાખનો ખર્ચ એપ્રિલ–૨૦૧૯ અંતિત પૂર્ણ કરવામાં આવેલ છે.

## અરવલ્લી જિલ્લામાં સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો

૧૫૭૯૭ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કઈ કઈ જગ્યાએ સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો આવેલી છે, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **આર્ટસ** | **કોમર્સ** | **સાયન્સ** |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | બાયડ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૩ | ધનસુરા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | માલપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | મેઘરજ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | મોડાસા | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૦૨** | **૦૧** | **૦૦** |

(૨) જે તાલુકાઓમાં ઉક્ત કોલેજો નથી તે તાલુકાઓમાં ઉક્ત સરકારી કોલેજો શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી?

(૨) જે તાલુકાઓમાં કોલેજો નથી તે તાલુકાઓમાં જિલ્લામાં આવેલ ૦૨ સરકારી અને અન્ય ૦૭ ગ્રાન્ટેડ કોલેજોને કારણે વિદ્યાર્થીઓનો એકંદરે સમાવેશ થઈ જતો હોય, કોઈ કાર્યવાહી અપેક્ષિત નથી.

તા. ૯મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**૧૪માં નાણા પંચ અંતર્ગત પંચમહાલ જિલ્લાને ગ્રાન્ટ**

૧૪૩૫૭ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ૧૪માં નાણા પંચ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ગ્રામ પંચાયતને કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) તે પૈકી ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૪માં નાણા પંચ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુલ ૪૮૭ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૦૩ |
| ૨ | કાલોલ | ૬૫ |
| ૩ | હાલોલ | ૭૯ |
| ૪ | જાંબુઘોડા | ૨૧ |
| ૫ | ઘોઘંબા | ૮૭ |
| ૬ | શહેરા | ૮૨ |
| ૭ | મોરવા (હ) | ૫૦ |
| | **કુલ** | **૪૮૭** |

(૨) ઉક્ત ગ્રામ પંચાયતને કુલ રૂ.૫૩૧૯.૪૫ લાખ રકમ ફાળવવામાં આવી જે તાલુકવાર નીચે મુજબ છે. (વર્ષ ૨૦૧૭–૧૮)

| અનુ.નં. | તાલુકાનું નામ | ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૧૫૦.૩૮ |
| ૨ | કાલોલ | ૬૫૬.૮૯ |
| ૩ | હાલોલ | ૭૨૭.૦૩ |
| ૪ | જાંબુઘોડા | ૧૭૩.૬૩ |
| ૫ | ઘોઘંબા | ૯૨૭.૬૯ |
| ૬ | શહેરા | ૯૧૩.૭૯ |
| ૭ | મોરવા (હ) | ૭૭૦.૦૪ |
| | **કુલ** | **૫૩૧૯.૪૫** |

(૩) તે પૈકી ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં કુલ રૂ.૧૮૭૬.૬૩ લાખનો ખર્ચ થયો જે તાલુકાવાર નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં થયેલ ખર્ચની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ગોધરા | ૩૦૫.૬૫ |
| ૨ | કાલોલ | ૨૫૫.૧૦ |
| ૩ | હાલોલ | ૨૨૧.૮૯ |
| ૪ | જાંબુઘોડા | ૭૭.૮૩ |
| ૫ | ઘોઘંબા | ૪૪૧.૨૦ |
| ૬ | શહેરા | ૩૪૦.૧૦ |
| ૭ | મોરવા (હ) | ૨૩૪.૮૬ |
| | **કુલ** | **૧૮૭૬.૬૩** |

બાકી રહેલ ખર્ચની રકમ રૂ.૩૪૪૨.૮૨ લાખનો ખર્ચ એપ્રિલ–૨૦૧૯ અંતિત પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૫૪ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

તારાંકિત પ્રશ્નો

(૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૮૧ હેક્ટર

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૩૧.૯૩ લાખ.

---------

**રાજ્ય સરકાર દ્વારા માંગલ્ય વનમાં રોપાનું વાવેતર**

૧૪૩૦૨ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ‘માંગલ્ય વન’ ક્યા સ્થળે બનાવવામાં આવેલ છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં અંબાજી મુકામે |
| (૨) આ વનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના અને કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે? | (૨) મુખ્યત્વે આમળાં, જાંબુ, માનવેલ વાંસ, બીલી, આંબા, બોરસલી, ગુગળ, અરીઠા, ગરમાળો, કડાયો, પામ, પીંકિશીયા તેમજ વિવિધ પ્રકારના ૧.૦૯ લાખ રોપા તેમજ<br>ફૂલ–છોડનું વાવેતર કરવામાં આવેલ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં વિના મૂલ્યે સ્મશાન સગડી આપવા બાબત**

૧૪૨૮૩ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮માં બળતણ બચાવવા સારું ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૨૩ અરજીઓ. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ.૬.૬૫ લાખ. |

---------

**દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૪૭ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૮૧ હેક્ટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૩૧.૯૩ લાખ. |

---------

**સરકારી માલિકીના પ્લેન અને હેલિકોપ્ટરના મેઈન્ટેનન્સ અને પાયલોટનો ખર્ચ**

૧૫૩૭૯ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા સરકારની માલિકીના પ્લેન અને હેલિકોપ્ટરના મેઈન્ટેનન્સ, પાઈલોટ અને અન્ય સ્ટાફ માટે કેટલો ખર્ચ કર્યો? અને

**જવાબ**

(૧)

| **પ્લેન માટેનો કુલ ખર્ચ** | |
|---|---|
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | રૂપિયા ૨,૩૯,૨૩,૭૭૨/– |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | રૂપિયા ૩,૫૩,૨૪,૪૭૨/– |
| **હેલિકોપ્ટર માટેનો કુલ ખર્ચ** | |

| | |
|---|---|
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | રૂપિયા ૩,૪૩,૨૭,૩૦૦/- |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | રૂપિયા ૩,૩૦,૩૦,૧૦૦/- |

(૨) ઉક્ત પ્લેન અને હેલિકોપ્ટરનું મેઈન્ટેનન્સ ક્યાં અને કોના દ્વારા કરવામાં આવે છે?

(૨) ઉક્ત પ્લેનનું મેઈન્ટેનન્સ મે. એરવર્કસ ઈન્ડિયા એન્જિનિયરીંગ પ્રા. લી. દ્વારા અને હેલિકોપ્ટરનું મેઈન્ટેનન્સ મે. ઈન્ડોકોપ્ટર્સ પ્રા. લી. દ્વારા અમદાવાદ ખાતે કરવામાં આવે છે.

---------

**મહેસાણા જિલ્લામાં વિના મૂલ્યે સ્મશાન સગડી આપવા બાબત**

૧૪૨૮૨ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮માં બળતણ બચાવવા સારૂં ગ્રામ્ય પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૨૩ અરજીઓ. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ.૬.૬૫ લાખ. |

---------

**દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૩૮ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૮૧ હેક્ટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૩૧.૯૩ લાખ |

---------

**વડોદરા અને નવસારી જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવવા અંગેની ફરિયાદો**

૧૫૪૮૭ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવવા હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૭૧ એકમો સામે કુલ ૧૧૭ ફરિયાદો તેમજ વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૭૦ એકમો સામે કુલ ૧૩૦ ફરિયાદો સરકારને મળેલ છે તથા નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૨ એકમો સામે કુલ ૬ ફરિયાદો તેમજ વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૧૬ એકમો સામે કુલ ૨૦ ફરિયાદો સરકારને મળેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત એકમો સામે શું પગલાં લીધા? | (૨) ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવવા અંગે મળેલ વિવિધ ફરિયાદો સંબંધમાં કસૂરવાર એકમો સામે તેમની ક્ષતિ મુજબ કારણદર્શક નોટિસ, નોટિસ ઓફ ડાયરેક્શન અને ક્લોઝર હુકમ સુધીના પગલાં વખતોવખત લેવામાં આવેલ છે. |

---------

**દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૩૭ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૮૧ હેક્ટર

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૩૧.૯૩ લાખ.

---------

**કાગવડ ખાતેના શક્તિ વનમાં રોપાનું વાવેતર**

૧૪૨૯૨ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના કાગવડ ખાતેનું 'શક્તિ વન' કેટલા વિસ્તારમાં બનાવેલ છે,

(૧) ૭.૫૦ હેક્ટર

(૨) આ વનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) મુખ્યત્વે ખાટી આંબલી, ચંદન, સલાઇ ગુગળ, સીસુ, લીમડા, કદમ, અશોક, ફણસ, કરંજ, કણજી, વડ, પીપળો, ક્રિષ્નાવડ, સપ્તપર્ણી, પેલ્ટોફોરમ, ગરમાળો, અરીઠા, આંબા, અર્જુન સાદડ, ઉમરો, રાયણ, રુદ્રાક્ષ, રૂખડો, કચનાર, કુસુમ, પામ વગેરે.

(૩) આ વનમાં મુખ્યત્વે આકર્ષણો ક્યા છે ?

(૩) મુખ્યત્વે ઇન્ટરપ્રિટેશન સેન્ટર, બાલ ક્રિડાંગણ, લોન ગાર્ડન, કમળ કુંડ, ખોડલધરો (તળાવ), નારી શક્તિ થીમનું મોડેલ, એશિયાટીક લાયન ફેમીલી થીમનું મોડેલ, વન વિશ્રામ કુટિરો વિવિધ વોટર ફાઉન્ટેન વગેરે.

---------

**વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ**

૧૪૩૫૨ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જનજાતિની ધો.૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ આપવા માટે કોઇ યોજના અમલમાં છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે ?

(૨) વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને નીચે મુજબ સાઇકલ ભેટ આપવામાં આવેલ છે.

| વર્ષ | સાઇકલ ભેટ |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૮૪૦ |
| ૨૦૧૮-૧૯ | ૫૬૧૦ |
| **કુલ** | **૧૧૪૫૦** |

---------

**વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ**

૧૪૩૫૧ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જનજાતિની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ આપવા માટે કોઇ યોજના અમલમાં છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે ?

(૨) વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને નીચે મુજબ સાઇકલ ભેટ આપવામાં આવેલ છે.

| **વર્ષ** | **સાઇકલ ભેટ** |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૮૪૦ |
| ૨૦૧૮-૧૯ | ૫૬૧૦ |
| **કુલ** | **૧૧૪૫૦** |

---------

**ભાવનગર જિલ્લામાં ચેરનું વાવેતર**

૧૪૨૭૯ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૦૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૩૫૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૯૩.૫૦ |
| ૨૦૧૮-૧૯ | ૩૩.૩૨ |

---------

**દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૪૨૪૮ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૮૧ હેક્ટર

(૨) રૂ.૩૧.૯૩ લાખ.

---------

**૧૪માં નાણા પંચ અંતર્ગત પંચમહાલ જિલ્લાને ગ્રાન્ટ**

૧૪૩૫૬ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૪માં નાણા પંચ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ગ્રામ પંચાયતને કુલ કેટલી રકમ

**જવાબ**

(૧) ૧૪માં નાણા પંચ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુલ ૪૮૭ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| **અનુ.નં.** | **તાલુકાનું નામ** | **ગ્રામ પંચાયતની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૦૩ |
| ૨ | કાલોલ | ૬૫ |
| ૩ | હાલોલ | ૭૯ |
| ૪ | જાંબુઘોડા | ૨૧ |
| ૫ | ઘોઘંબા | ૮૭ |
| ૬ | શહેરા | ૮૨ |
| ૭ | મોરવા (હ) | ૫૦ |
| | **કુલ** | **૪૮૭** |

(૨) ઉક્ત ગ્રામ પંચાયતને કુલ **રૂ.૫૩૧૯.૪૫ લાખ**

ફાળવવામાં આવી, અને

રકમ ફાળવવામાં આવી જે તાલુકવાર નીચે મુજબ છે. (વર્ષ ૨૦૧૭-૧૮)

| અનુ.નં. | તાલુકાનું નામ | ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૧૫૦.૩૮ |
| ૨ | કાલોલ | ૬૫૬.૮૯ |
| ૩ | હાલોલ | ૭૨૭.૦૩ |
| ૪ | જાંબુઘોડા | ૧૭૩.૬૩ |
| ૫ | ઘોઘંબા | ૯૨૭.૬૯ |
| ૬ | શહેરા | ૯૧૩.૭૯ |
| ૭ | મોરવા (હ) | ૭૭૦.૦૪ |
| | **કુલ** | **૫૩૧૯.૪૫** |

(૩) તે પૈકી ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો ?

(૩) તે પૈકી ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષમાં કુલ રૂ.૧૮૭૬.૬૩ લાખનો ખર્ચ થયો જે તાલુકાવાર નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષમાં થયેલ ખર્ચની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ગોધરા | ૩૦૫.૬૫ |
| ૨ | કાલોલ | ૨૫૫.૧૦ |
| ૩ | હાલોલ | ૨૨૧.૮૯ |
| ૪ | જાંબુઘોડા | ૭૭.૮૩ |
| ૫ | ઘોઘંબા | ૪૪૧.૨૦ |
| ૬ | શહેરા | ૩૪૦.૧૦ |
| ૭ | મોરવા (હ) | ૨૩૪.૮૬ |
| | **કુલ** | **૧૮૭૬.૬૩** |

બાકી રહેલ ખર્ચની રકમ રૂ.૩૪૪૨.૮૨ લાખનો ખર્ચ એપ્રિલ-૨૦૧૯ અંતિત પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

## દાહોદ અને નર્મદા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવવા અંગેની ફરિયાદો

૧૫૪૭૨ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ દાહોદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવવા હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત એકમો સામે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) **દાહોદ જિલ્લામાં:**
વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ૮ એકમો સામે કુલ ૪ ફરિયાદો તેમજ
વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ ૪ એકમો સામે કુલ ૪ ફરિયાદો સરકારને મળેલ છે.
તથા
**નર્મદા જિલ્લામાં:**
વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ૧ એકમ સામે ૧ ફરિયાદ તેમજ
વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ ૨ એકમો સામે ૨ ફરિયાદો સરકારને મળેલ છે.

(૨) ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવવા અંગે મળેલ વિવિધ ફરિયાદો સંબંધમાં કસૂરવાર એકમો સામે તેમની ક્ષતિ મુજબ કારણદર્શક નોટિસ, નોટિસ ઓફ ડાયરેક્શન અને ક્લોઝર હુકમ સુધીના પગલાં વખતોવખત લેવામાં આવેલ છે.

---------

## કાગવડ ખાતેના શક્તિ વનમાં રોપાનું વાવેતર

તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

૧૪૨૮૯ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર-ગ્રામ્ય) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના કાગવડ ખાતેનું ''શક્તિ વન'' કેટલા વિસ્તારમાં બનાવેલ છે, | (૧) ૭.૫૦ હેક્ટર |
| (૨) આ વનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) મુખ્યત્વે ખાટી આંબલી, ચંદન, સલાઇ ગુગળ, સીસુ, લીમડા, કદમ, અશોક, ફણસ, કરંજ, કણજી, વડ, પીપળો, ક્રિષ્નાવડ, સપ્તપર્ણી, પેલ્ટોફોરમ, ગરમાળો, અરીઠા, આંબા, અર્જુન સાદડ, ઉમરો, રાયણ, રુદ્રાક્ષ, રૂખડો, કચનાર, કુસુમ, પામ વગેરે. |
| (૩) આ વનમાં મુખ્યત્વે આકર્ષણો ક્યા છે ? | (૩) મુખ્યત્વે ઈન્ટરપ્રિટેશન સેન્ટર, બાલ ક્રિડાંગણ, લોન ગાર્ડન, કમળ કુંડ, ખોડલઘરો (તળાવ), નારી શક્તિ થીમનું મોડેલ, એશિયાટીક લાયન ફેમીલી થીમનું મોડેલ, વન વિશ્રામ કુટિરો વિવિધ વોટર ફાઉન્ટેન વગેરે. |

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો ઓડિટ અહેવાલ**

**શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : (રાજ્ય કક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો અહેવાલ**

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના વહીવટી અહેવાલો**

**શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૧૬-૨૦૧૭ અને સન ૨૦૧૭-૨૦૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના ઓડીટ અહેવાલો**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૩-૨૦૧૪ અને સન ૨૦૧૪-૨૦૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સુધારેલા અંદાજો**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૭-૨૦૧૮ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૮-૨૦૧૯ના અંદાજો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અંદાજો તથા સુધારેલા અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું**

**ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**બાંયધરીની વિગતો દર્શાવતા પત્રકો**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંયધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ દરમ્યાન સરકારે આપેલી બાંયધરીની વિગતો દર્શાવતું પત્રક-૧

(ખ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ દરમ્યાન સરકારે ચુકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક-૨

(ગ) બાંયધરી આપનારની રૂએ સંસ્થા વતી અગાઉના વર્ષોમાં ચુકવેલ રકમની નાણાકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન સંસ્થાઓ પાસેથી કરેલ વસુલાતોની વિગતો દર્શાવતું પત્રક-૩ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**બાંયધરી દર્શાવતા પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણામંત્રીશ્રી દ્વારા સાતમી વખત બજેટ રજૂ કર્યું છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. નીતિ આયોગે આપણા જે ગુજરાત મોડલની વાત કરતા હતા તે ગુજરાત મોડલ પ્રમાણે આખા દેશનું બજેટ અને મોડલ તૈયાર થશે તેવી અપેક્ષા રાખતા હતા. પરંતુ નીતિ આયોગે ગુજરાતના બજેટમાં અને ગુજરાતના આયોજનમાં જે નોંધ લીધી તે આ બજેટમાં વિચારવામાં આવી નથી. સૌ પ્રથમ તો નીતિ આયોગે એમ કહ્યું કે, ગુજરાત રાજયમાં જે બેટી બચાવો અને બેટી પઢાવોની ઝૂંબેશ ચલાવવામાં આવી અને જે આયોજનો થયા તેમાં ખરેખર ૧૦૦૦ દીકરાઓની સામે ખરેખર ૮૯૦ દીકરીઓ હતી તે રેશિયો વધવો જોઇએ. કારણ કે આપણે બેટી બચાવો બેઢી પઢાવો ચલાવ્યું. પરંતુ આટલા વર્ષની ઝૂંબેશ પછી પણ ગુજરાતમાં ૧૦૦૦ દીકરાઓની સામે જે ૮૯૦ દીકરીઓ હતી તે પ્રમાણ વધવાને બદલે ઘટીને ૮૪૫ દીકરીઓ થઇને ઊભું છે. આની નીતિ આયોગે ગંભીર નોંધ લીધી છે. નીતિ આયોગે બીજી નોંધ લીધી કે જે ગુજરાત રાજયને મૉડેલ રાજયની વાત કરીએ છીએ પરંતુ આરોગ્યની દષ્ટિએ જે પછાત રાજ્યો હતા અને ત્યાં જે આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને આરોગ્યની સેવાઓ ડોકટર્સ, નર્સિસ, હોસ્પિટલો, દવાખાના એ પૂરા પાડવામાં આવે તેના કરતા ગુજરાતની પરિસ્થિતિ ૨૦૦૨ની સ્થિતિએ કથળી છે. ત્રીજી નોંધ લીધી છે એની સંસદમાં હમણા ચર્ચા પણ થઇ છે કે, સમગ્ર દેશમાં ૨૧ જેટલા મોટા શહેરો કે જે મહાનગરપાલિકા વિસ્તાર છે એના ભૂગર્ભ જળ આજે ઝીરો છે, ભૂગર્ભ જળ આજે રહ્યા જ નથી. એ ૨૧ શહેરોમાં ગુજરાતના પાટનગર ગાંધીનગર શહેરનો પણ સમાવેશ છે, ગાંધીનગર શહેરમાં ભૂગર્ભ જળ રહ્યું નથી અને આવું ને આવું ચાલશે તો આ દેશના ૨૧ શહેરના લોકોને માઇગ્રેશન કરવું પડશે એવી ગંભીર નોંધ સંસદમાં લેવામાં આવી છે. નીતિ આયોગ દ્વારા આ બે અગત્યની ગુજરાત માટે લેવાયેલી નોંધોની આ બજેટમાં મહદ અંશે વ્યવસ્થા થઇ છે પરંતુ પૂરતી કાળજી લેવામાં આવી નથી એટલે હું અનુમોદન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૨ લાખ ૪ હજાર કરોડનું વાર્ષિક બજેટ રજૂ થયું, ૨૦ હજાર કરોડ રૂપિયા તો દર વર્ષે આપણું જે ગુજરાતનું દેવું છે એના વ્યાજ પેટે ચૂકવીએ છીએ. ગત બે વર્ષમાં આપણે રૂ.૩૭ હજાર કરોડ દેવા પેટે એટલે કે જે દેવું છે એના વ્યાજ પેટે ચૂકવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જે રૂ.૨ લાખ ૪ હજાર કરોડનું વાર્ષિક બજેટ છે એમાંથી ૨૦ હજાર કરોડ રૂપિયા આપણું જે ગુજરાતનું વાર્ષિક દેવું છે એના વ્યાજ પેટે ચૂકવવાના થશે એટલે વાર્ષિક બજેટ રૂ.૧ લાખ ૮૦ હજાર કરોડનું રહ્યું. આ બજેટ અને જે દેવું છે એની ગંભીર નોંધ આ સરકારે લેવી જોઇએ. ઓવર ડ્રાફ્ટની વાત કરીએ છીએ આપણે કે અમારી સરકારે ઓવર ડ્રાફ્ટ લીધા નથી અને એની આપણે પીઠ થબથબાવીએ છીએ પરંતુ જે દેવું કૂદકેને ભૂસકે વધી રહ્યું છે ત્યારે ગુજરાતમાં જન્મતું દરેક બાળક રૂ.૫૦ હજારના દેવા સાથે જન્મે છે. આખા દેશમાં બીજા ક્રમાંકે સૌથી વધારે દેવું હોય તો ગુજરાતનું છે જે આપના માટે સારું ન કહેવા એની નોંધ પણ લેવાવી જોઇએ. બીજી બાજુ બજેટમાં વેટથી જે મોંઘવારી હતી એ કૂદકેને ભૂસકે આગળ વધતી જાય છે જે નાથવાની, કંટ્રોલ કરવાની જવાબદારી પણ નાણા મંત્રીની હોય છે અને આયોજનમાં એવા પગલાં લેવા જોઇએ કે જેના કારણે મોંઘવારી ઘટે. માનનીય અધ્યક્ષશ્રી, વેટ દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવ દિવસેને દિવસે વધતા જાય છે. હમણાં ભારત સરકારે ૧ રૂપિયો લિટરે સેસ નાંખ્યો એટલે ઓર વધારો થશે અને વધારો થતો જ જાય છે. પેટ્રોલ ડીઝલના ભાવ માનનીય નરેન્દ્ર મોદી સાહેબ જ્યારે અહીં મુખ્ય મંત્રી હતા ત્યારે કહેતા હતા કે, કંટ્રોલ થવો જોઇએ, જો નહીં થાય તો મોંઘવારી ઈનડાયરેકટ વધતી જશે. આજે પેટ્રોલ ડીઝલના ભાવ વધતા જાય છે એનું આયોજન વેટના ઘટાડા દ્વારા આ સરકારે બજેટમાં કર્યું નથી. સૌ પ્રથમ બજેટમાં જે જુદા જુદા વિષયો અને જુદા જુદા ખાતા મારફત ગુજરાતમાં પ્રજાનો સમતુલિત વિકાસ થાય એનું બજેટમાં આયોજન કરવું જોઇએ. ગુજરાત અને દેશ કૃષિ પ્રધાન દેશ છે, ઋષિ પ્રધાન દેશ છે અને કૃષિ પ્રધાન દેશમાં આપણે બધા જ ડાયરેકટ-ઈનડાયરેકટ કૃષિ ઉત્પાદન, અન્ન ઉત્પાદન એની સાથે સંકળાયેલા છીએ. બજેટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૨ના વર્ષ સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવામાં આવશે. પરંતુ ડબલ કરવા માટેનું આયોજન શું? ખેડૂત માટેનું આયોજન શું છે કે જેનાથી ખેડૂતોની આવક ડબલ થાય? એવા કોઇ ગંભીર પગલાં લીધા નથી. હા, વચનો આપ્યા હતા અને ડીસામાં જઇને બટાકાની ખેતી કરતા ખેડૂતોને એક મુખ્યમંત્રીશ્રીએ એમ કહ્યું હતું કે, હવે પછી બટાકા છે તેની વેફર તમારા ખેતરના ખૂણાં ઉપર બનાવવામાં આવશે અને ત્યાં પૅકિંગ થશે અને અહીંથી એક્સપોર્ટ થશે અને બટાકાની જે આવક થશે એ દસ ગણી કરીને તમને હું બતાવીશ, આવી વાત થઇ હતી પણ આયોજન હજુ સુધી થયું નથી. માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવામાં આવતું હતું કે મહેસાણા, પાટણ એ સાઇડમાં જાય ત્યારે તમારો પાણીનો નળ ખોલશો તો તેલ આવશે અને ખેડૂત

પાણીને બદલે તેલ બજારમાં વેચવા જશે અને અઢળક પૈસા કમાશે જેથી આપણો ખેડૂત આબાદ થશે આવી વાત કરી હતી. તો નળ ખોલવામાં આવ્યા, તેલ તો ના આવ્યું, પાણી આવતું હતું એ પણ બંધ થઇ ગયું. હવે સરકાર ફરી જાગૃત થઇ છે, ફરીથી એક સૂત્ર આપ્યું પાછું (અંતરાય) માનનીય નાણામંત્રીશ્રી અમે તમને બહુ સાંભળ્યા છે. હવે પાછું એક નવું આયોજન આવ્યું છે. નળ ખોલશો અને તેલ આવશે એ તો ભુલાવી દીધું પ્રજાને અને હવે નલ સે જલ, આ વાત લઇને આવ્યા. જેમ હાથ ઊંચો કરજો અને બેસી જજો, કંડક્ટર વગરની બસ અને બસ વગરનો કંડક્ટર, આ બધું ભૂતકાળમાં થઇ ગયું, હવે નલ સે જલ, પહેલાં નલ સે તેલ, હવે નલ સે જલ. આવા સુત્રો માટે ખૂબ માહિર સરકાર છે, તમને ધન્યવાદ છે, અભિનંદન છે પણ સાચા અર્થમાં સાર્થક થાય એવું આયોજન થાય એવી માનનીય નાણામંત્રીશ્રીને હું વિનંતી કરું છું. ખેડૂતની આવક ડબલ કરવી હોય તો જે ઉત્પાદકતા છે એ ડબલ કરવી પડે. બાકી તમે આજે ખેડૂતની આવક દસ હજાર રૂપિયામાંથી વીસ હજાર રૂપિયા થાય અને બાકીની બધી ચીજ વસ્તુઓ દસ હજાર રૂપિયાના બદલે ત્રીસ હજાર રૂપિયામાં મળે, તો ખેડૂત તો બરબાદને બરબાદ જ રહે, પણ એની ઉત્પાદકતા જે છે એમાં ડબલ વધારો કરવો પડે ત્યારે એને ડબલ આવક થાય. ભૂતકાળમાં આપણા પ્રધાનમંત્રી જ્યારે શ્રીમતી ઇન્દિરા ગાંધી હતા ત્યારે હરિયાળી ક્રાન્તિની શ્વેત ક્રાંતિ આવી, શ્રી સ્વામીનાથન જેવા સાયન્ટીસ્ટનો ઉપયોગ થયો, દરેક રાજ્યમાં એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી. સોઇલ પૃથક્કરણ લેબોરેટરીઓ દરેક જિલ્લા મથકોએ આખા દેશમાં સ્થાપવામાં આવી. યુનિવર્સિટીઓના અને સાયન્ટીસ્ટોના માધ્યમ મારફતે નવા નવા બિયારણો શોધવામાં આવ્યા, રાયડામાં, ઘઉંમાં, બાજરીમાં, કપાસમાં નવા બિયારણ, નવી યુનિવર્સિટી આ બધા માધ્યમ દ્વારા ખેડૂતની આવક ડબલ બને એના માટેના પ્રયત્નો ભૂતકાળમાં થયા હતા અને એના કારણે જ્યારે ગુજરાતની સ્થાપના થઇ ત્યારે ચોખાનું જે ઉત્પાદન છે એ ૫૪૭ કિલોગ્રામ પર હેક્ટર હતું, પરંતુ લાલ બહાદુર શાસ્ત્રીનું જય જવાન, જય કિસાન, શ્રીમતી ઇન્દિરા ગાંધીની હરિયાળી ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ, એના કારણે એ ઉત્પાદન આજે ૫૪૭માંથી ૧૪૬૫ કિલોગ્રામ પર હેક્ટર થયું છે. ત્રણ ગણું વધ્યું છે. ૧૯૯૦ સુધીમાં, પછીના આંકડા હું આપતો નથી, પછી તમારી સરકાર ચાલે છે. તમે આંકડા આપજો. ઘઉંનું ઉત્પાદન ૧૯૬૦-૬૧માં ૭૫૯ કિલોગ્રામ હતું એ ૧૯૯૦માં વધીને ૨૧૮૪ કિલોગ્રામ થયું, એટલે ત્રણ ગણું, બાજરીનું ઉત્પાદન ૩૩૪ માંથી ૧૨૫૩ થઇ હતી, મકાઇ ૧૨૨૧માંથી ૧૫૩૫, જવ ૪૭૯માંથી ૧૦૮૩, બટાટા ૩૭૦૦માંથી ૨૧,૦૦૦ એટલે સાત ગણા બટાટાનું ઉત્પાદન હરિયાળી ક્રાંતિ શ્વેત ક્રાંતિ પછી વધ્યું હતું. મગફળીમાં એજ રીતે ત્રણ ગણું ઉત્પાદન વધ્યું હતું. એજ રીતે એરંડા, આ બધામાં ઉત્પાદન વધારીને ખેડૂતોની આવક ત્રણ ગણી કરવાનું કામ કોંગ્રેસની સરકારમાં થયું હતું. ૨૦૨૨ની સાલમાં તમે ડબલ કરીને બતાવો, અમે તમારી સાથે છીએ. અમે તમને સહકાર આપીશું. ખેડૂતનો પ્રશ્ન હોય ત્યાં કોંગ્રેસ હંમેશા તમારી સાથે જ રહેશે. તમારી જેમ અમે ઝાડ ઉખેડવાનું, થાંભલા તોડવાનું, રોડ ખોદવાનું આવા આંદોલનો કરાવીને ખેડૂતોને ભરમાવીશું નહિ, પણ તમને ટેકો આપીશું.

ખેડૂતની ખેતીની આવક સાથે પશુ પાલન વ્યવસાય સંકળાયેલો છે. પશુ પાલનમાં દૂધ ઉત્પાદનમાં પણ આવક વધારવામાં આવે તો ખેતી સાથે પશુપાલન વ્યવસાયના કારણે એને ફાયદો થાય. જ્યાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી દૂધ ઉત્પાદન માટે અમૂલ ડેરી, સુમુલ ડેરી, વસુંધરા ડેરી, બનાસ ડેરી, સાગર ડેરી, સાબર ડેરી એવા દૂધ ઉત્પાદક સંઘો દ્વારા આખા દૂધનું માળખું રચીને પશુપાલકની દૂધ ઉત્પાદનની કિંમતમાં વધારો કરાવીને એને ભાવ આપીને એની આવક શ્વેત ક્રાંતિ પછી ત્રણ ગણી કરીને ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની આવકમાં વધારવાનું કામ કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી થયું હતું. એ પછી ભારતીય જનતા પક્ષની સરકાર બન્યા પછી એક પણ દૂધ ઉત્પાદક સંઘ નવો બન્યો હોય એવું લાગતું નથી અને જ્યાં કામ ચાલે છે ત્યાં પણ દૂધમાં પાણીના પ્રશ્નો બને છે બનાવટી દૂધના પ્રશ્નો બન્યા છે. સુરેન્દ્રનગરમાં બનાવટી દૂધનો પ્રશ્ન બન્યો. પંચમહાલ ડેરીમાં પાણી દૂધમાં નાંખવાનો પ્રશ્ન તેના કારણે ગુજરાતનું આરોગ્ય પણ જોખમાયું છે અને પશુપાલકોની આવક પણ વધી નથી અને વચેટીયા લોકો આનો લાભ લઇ જાય છે તેના માટે બજેટમાં જોગવાઇ અને કડક પગલાં લેવાની જરૂર હતી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી ગુજરાતની તમામ નદીઓ ઉપર નર્મદા, તાપી, દમણગંગા, મહી, મચ્છુ, ભાદર, સાબરમતી, સરસ્વતી, સીપુ એવી તમામ નદીઓ ઉપર ડેમ બનાવીને ગુજરાતના ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યુ હતું. આ સરકારમાં એક પણ નદી ઉપર એક પણ ડેમ બન્યો નથી ખાલી ચેકડેમના નામે અને ખેત તલાવડીઓના નામે પાણીના સ્તર ઉંચા આવ્યા છે તેવી વાતો કરીને ખેડૂતોને ગેરમાર્ગે દોરવા સિવાય આ સરકારે કંઇ કર્યુ નથી અને ઉત્સવો પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. કૃષિ મહોત્સવ, શું ફાયદો થયો ? બેટી બચાવો, બેટી પઢાવો ઉત્સવ, શું ફાયદો થયો ? નવરાત્રિ મહોત્સવ, પતંગ મહોત્સવ, રણ મહોત્સવ, શરદ મહોત્સવ, શાળા પ્રવેશ મહોત્સવ, ગુણોત્સવ, વરસાદ પડે તો વરસાદના વધામણાંનો મહોત્સવ અને ના પડે તો મનામણાનો મહોત્સવ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર પોતે મહોત્સવમાં રાચીને દર વર્ષે એક હજાર કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આ ઉત્સવોની પાછળ અને તેમના ફોટા ચીતરાવીને, બોર્ડ મૂકીને એસ.ટી.ની પાછળ લગાવીને ખર્ચા કરે છે તેની પાછળ વાપરે છે તેમાં કન્ટ્રોલ કરવો અને માનનીય નાણામંત્રીશ્રી આપ તો કન્ટ્રોલ કરવામાં ખૂબ માહિર છો, તો આવા જે ખોટાં ખર્ચાઓ થાય છે તેમાં કન્ટ્રોલ કરવો જોઇએ એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં રોજગારીનો પ્રશ્ન ઊભો અને ઊભો રહ્યો છે. ૪૫ વર્ષમાં વધી ના હોય એટલી રોજગારી ભારત સરકારમાં અને ગુજરાતમાં આ સરકારમાં વધી છે. રોજગારલક્ષી કોઇ વિચારણા થઇ નથી. ગુજરાતમાં સરકારી

નોકરીઓની જાહેરાતો કરવામાં આવે છે. મેં અગાઉ પણ આ સ્ટેજ ઉપરથી કહ્યું છે કે, ૧૯૯૬-૯૮માં આ રાજ્યમાં ચીફ સેક્રેટરીથી માંડીને કારકુન કે તલાટી સુધી જેટલા કર્મચારીઓ/અધિકારીઓ હતા તેની સંખ્યામાં ડબલ થવાને બદલે ૫ લાખ ૧૧ હજારની સંખ્યા જે ૧૯૯૮માં હતી. તેમાં એક પણ કર્મચારી કે અધિકારીનો વધારો થયો નથી. એ એમ કહે છે કે અમે ભરતી કરીએ છીએ પણ એ એમ નથી કહેતા કે આટલા નિવૃત્ત થયા. એ એમ કહે છે કે અમે દસ હજાર તલાટીઓની ભરતી કરી પણ એમ નથી કહેતા કે ૧૨ હજાર તલાટીઓ નિવૃત્ત થયા. સરકાર એમ કહેશે કે આ વખતે ૬૦ હજાર કારકુનો-શિક્ષકોની ભરતી કરીશું પણ આ વખતે ૬૫ હજાર કારકુનો અને શિક્ષકો નિવૃત્ત થાય છે તે વાત રેકર્ડ ઉપર મૂકવી નથી તેના કારણે જગ્યાઓ ખાલી છે. આ દરેક જિલ્લાનો પ્રશ્ન છે ડૉક્ટર, એન્જિનિયર, નર્સ, શિક્ષક આ બધાની જગ્યાઓ ખાલી છે અને તંત્ર આખું પેરેલાઇસ્ડ બની ગયું છે અને આઉટ સોર્સીંગથી ભરતી કરવામાં આવે છે. આ આઉટ સોર્સીંગ એક વ્યવસાય બની ગયો છે અને દરેક માટે આ પ્રશ્ન છે અને આઉટ સોર્સીંગથી લેવાતા વ્યકિતઓની કોઇ જવાબદારી હોતી નથી, કોઇ જવાબદારી નિભાવતા નથી અને ગુજરાતનું જે વહીવટી તંત્ર છે તે પડી ભાંગ્યું છે તેમાં ચિંતા કરવાની જરૂરિયાત ઊભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ બે-ત્રણ દિવસ પહેલાં વાત કરતા હતા મને બહુ ગમી. આ રાજ્યમાં રોબોર્ટ બનાવ્યો છે પણ મને તો એની જગ્યાએ એમ લાગે છે કે દરેક બાબતમાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ સાહેબે આમ કર્યું, માનનીય શ્રી અમિતભાઇ સાહેબે આમ કર્યું. આની વિધિ શ્રી અમિતભાઇ સાહેબે કરી હતી તો તમે શું કર્યું ? તમે બધા રોબોર્ટ છો ? આખી સરકાર રોબોર્ટ સરકાર ચાલે છે? એમને અભિનંદન પણ તમે કંઇક કરો તો અમે તમને પણ અભિનંદન આપતાં થઇએ. શ્રી નરેન્દ્રભાઇને અભિનંદન દેશ આપશે પણ તમે કંઇક કરો તો અમે તમને અભિનંદન આપીએ. હવે ખબર પડી ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું સાહેબ સામે જોતો હતો કે તમારો શબ્દ ચાલી ના શકે. પણ સાહેબ જોતાં રહ્યાં તમારી સામું કે આ કોંગ્રેસવાળા રોબોર્ટ છે એક વ્યકિત દિલ્હીમાં હલ્યો છે તો આખી ભારતની કોંગ્રેસ હલી ગઇ છે. રોબોર્ટની એક સીટ પકડી એમાં આખું કોંગ્રેસનું મશીન બંધ થઇ ગયું છે. બધા રાજીનામા ઉપર રાજીનામા એક મનાવવા જાય, બીજો મનાવવા જાય એનો અંત જ આવતો નથી. ખરેખર આખું ભારત જાણે છે કે રોબોર્ટ કોણ છે. રોબર્ટ વાઢેરાની હું વાત નથી કરતો હું પેલા રોબોર્ટ મશીનની વાત કરું છું.

ડો. સી. જે. ચાવડા : એ જ પ્રમાણે શિક્ષણમાં પ્રશ્ન છે, આરોગ્યમાં પ્રશ્ન છે, રોજગારીમાં પ્રશ્ન છે. પશુપાલન, ખેતીમાં પણ પ્રશ્ન છે. એક પણ વિભાગ બાકી નથી જ્યાં પ્રશ્ન ન હોય. માનનીય નાણા મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અમે તો હું ઇચ્છું કે, એ આવતી કાલના મુખ્યમંત્રી પણ બને પણ ગુજરાતની જે ચિંતા કરવાની છે એ ચિંતા કરે એવી મારી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નીતિનભાઇ સાહેબ જે ૨૦૧૯-૨૦નું બજેટ લઇને આવ્યા છે એને મારું અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું. આદિવાસીથી આરોગ્ય સુધી અને માનવ શ્રમથી મહિલાઓ સુધી જેને સર્વાંગી વિકાસ કહેવાય. આમ તો છેલ્લા ૨૪-૨૫ વર્ષથી અમે જ બજેટ રજૂ કરીએ છીએ અને વર્ષોવર્ષ એટલે કે જેમ-જેમ વર્ષો વધતા જાય છે તેમ-તેમ બજેટની રકમની રકમ પણ વધતી જાય છે. ગયા વખતે ૨૦૧૭ની ચૂંટણી પછી રૂ.૧,૮૧,૦૦૦ કરોડનું બજેટ આપ્યું અને આ વખતે રૂ.૨,૦૪,૦૦૦ કરોડનું બજેટ આપ્યું છે. હજી ત્રણ બજેટ બાકી છે એટલે તમે જો કુલ સરવાળો કરશો તો જે દેવાની વાત તમે કરો છો એ બાદ કરીએ તો પણ લગભગ ૯થી ૧૦ લાખ કરોડ રૂપિયા અમે આ ગુજરાતની ધરતી પર વાવવાના છીએ. અમે એવું નથી કહેતા કે આ બધું સરકાર કરી રહી છે. લોકોનો સહયોગ છે. સરકારો નિષ્ઠા છે, સરકારની આવડત છે, સરકારની તિજોરી ભરવા માટે બધા લોકોનો સાથે વિકાસ થાય એના માટે લોકોને વિશ્વાસમાં લઇ અને તિજોરી પણ ભરાઇ રહી છે અને વિકાસ પણ થઇ રહ્યો છે. દેવું તો એ જ વ્યકિત કરી શકે કે જેનામાં એ ભરવાની તાકાત હોય અને જે દેવું ન ભરી શકે એ નાદાર થાય. આ સરકાર ડંકાની ચોટ ઉપર પૂરેપૂરું દેવું ભરી શકે છે. એ જે દેવું થાય છે એ આપણા રાજ્યના વિકાસ માટે વપરાય છે અને સાથે - સાથે ઉત્તરોત્તર પ્રગતિ થાય છે એમાં વપરાય છે. સબકા સાથ, સબકા વિકાસ ઓર સબકા વિશ્વાસ. અમે તમને પણ વિશ્વાસમાં રાખવા માગીએ છીએ. તમને પણ એનો જશ મળવાનો છે. જે કામો થવાના છે, જે રકમ આખા ગુજરાતમાં વવાવાની છે એમાં કોઇ એવું નથી જોવા જવાના કે આ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય છે અને આ કોંગ્રેસના ધારાસભ્ય છે. આખા રાજ્યમાં સમતોલ વિકાસ થવાનો છે. શ્રી નરેન્દ્રભાઇએ અનેક જિલ્લાઓના ૧૨૧ તાલુકાના એવા શોધ્યા છે કે જ્યાં વિકાસ અનબેલેન્સ હતો. આપણા ગુજરાતનો વિકાસ સમતોલ બેલેન્સ સાથે ચાલી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બે વાત કહેવી છે કે છેલ્લા વર્ષની અંદર વરસાદની ખૂબ કટોકટી રહી. નજીકના ભૂતકાળમાં ન જોયો હોય એવો ખૂબ ઓછો વરસાદ ગુજરાતે અનુભવ્યો. પીવાના પાણીનું સંકટ ઊભું થાય, આરોગ્યનું સંકટ ઊભું થાય, ખેડૂતો માટે સંકટ ઊભું થાય. ખેડૂતોને આવક ન થાય તો કાયદો અને વ્યવસ્થાનું પણ સંકટ ઊભું થાય એવી પરિસ્થિતિ જ્યારે ગયા વર્ષે વરસાદ ના પડ્યો ત્યારે આખા ગુજરાતની ચિંતા હતી. તમને પણ ચિંતા હતી. સરકારને પણ ચિંતા હતી પણ સરકાર નિશ્ચિંત હતી. સરકારે એનું આગોતરું આયોજન કર્યું. આમ તો સામાન્ય રીતે અછત ક્યારે જાહેર થાય. ઉનાળો આવે એટલે ખાડા ખોદવાના, એ ખાડા ખોદી અને એના ગુણાકાર, સરવાળા કરી અને એને રોજ આપીએ અને એના ઘરનું ગુજરાત ચાલુ થાય એ રીતની અછત ચાલતી હતી. મારે ખૂબ ગર્વથી કહેવું છે કે તા.૧/૧૦/૨૦૧૮ના રોજ એટલે કે જેવું ચોમાસું પૂરું થયું એ સાથે કચ્છ, બનાસકાંઠા, પાટણ અને અમદાવાદના ૧૬ તાલુકાઓને અછત ગ્રસ્ત જાહેર કરી દીધા. ક્યાંક

પાંચ ઇંચ વરસાદ હોય અને ક્યાંક સવા પાંચ ઇંચ વરસાદ પડે. પરિસ્થિતિમાં કોઇ ફરક ના પડે આ સંવેદનશીલ સરકારે નક્કી કર્યું કે પાંચ થી આઠ ઇંચ સુધીનો વરસાદ થયો હોય ત્યાં પણ અછત જાહેર કરવી જોઇએ. તા.૩૦/૧૦/૨૦૧૮ના રોજ ભાજપના અને કૉંગ્રેસના તમામ ધારાસભ્યોએ રજૂઆત કરી અને પરિણામે ૧૧ જિલ્લાના ૫૧ તાલુકાઓને આ સરકારે અછત ગ્રસ્ત જાહેર કર્યા. પહેલા જયારે ઉનાળામાં ખાડા ખોદાતા હતા એની જગ્યાએ રૂ.૯૫૭ કરોડ જેટલી ક્રોપ ઇન્પુટ સબસિડી ૮ લાખ ૯૩ હજાર ખેડૂતોને સીધા એમના ખાતામાં જમા કરાવવામાં આવી હતી. એ ઉપરાંત માનનીય શ્રી નરેન્દ્રભાઇએ કિસાન સન્માન નિધિ છ હજાર રૂપિયા ખેડૂતને ખાતર, બિયારણ માટે ખેતીની સિઝન ચાલુ થાય ત્યારે ખેડૂતને કયાંક નાનો મોટો હાથ લંબાવવો ન પડે એના માટે છ હજાર રૂપિયાની રકમ અને સાથે કૃષિ ઇનપુટ સબસિડીની રકમ સીધી મળવાથી ખેડૂતો જીવી ગયા છે, ગુજરાતમાં પરિસ્થિતિ બગડી નહિ એના પરિણામે આજે પણ આ સરકારની આ નીતિને કારણે કયાંક એક પણ ખેડૂતનો પોકાર નથી. આ જે પોકાર પાડી રહ્યા છે એ ખેડૂતોના નામે ચરવા નીકળ્યા છે એનું નામો નિશાન મટી ગયું છે અને ૨૬માંથી ૨૬ સીટો આપી છે. આ એટલા માટે આપી છે કે એની સાથે ખેડૂતો હતા, ગરીબો સાથે હતા. કોઇને ગેસના ચૂલા મળ્યા, કોઇને મકાન મળ્યા, કોઇને પ્લોટ મળ્યા, કોઇને શૌચાલયો મળ્યા અને બાકીનાને ગરીબ કલ્યાણ મેળામાં વ્યવસ્થા હતી, એ ગરીબના ઘર સુધી પહોચ્યું. આ બે લાખ ત્રણ લાખ મત છે એ ગરીબોના છે. અમારી વર્ષો સુધીની મહેનત હતી. હવે છેલ્લા બાર મહિનામાં બેઠા થઇએ ચૂંટણીમાં ચાલુ પડી જઇએ ટિકિટ મળે અને આપણે દોડધામ કરીએ એ દિવસો ગયા. હવે પ્રજાનો પ્રતિનિધિ એવો હોવો જોઇએ જે દિવસથી ચૂંટાય ત્યારથી છેલ્લા દિવસ સુધી મહેનત કરતો હોય એ ચૂંટાય અને એવી લોકોમાં પણ જાગૃતિ આવી છે. તમે પણ ચૂંટણીમાં ગયા હશો એટલે કદાચ અહીંયાં બેઠા છો. આવતી કાલે આ મોજું ભરતી ઓટમાં પરિવર્તીત થઇ જશે દરિયામાં ક્યાંય તણાઇ જશો એની ખબર પણ નહિ પડે. આવતા દિવસોમાં સબકા સાથ સબકા વિકાસની સાથે જોડાઈ જશો તો તમને પણ ફાયદો થશે. ક્રિટીશીસમ કરો છો, * (xxx) મારવાનો પ્રયત્ન કરો છો.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ અસંસદીય હોવાથી રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ૨૦૧૪ સુધી અમે કેન્દ્ર સરકાર સામે આક્ષેપો કરતાં હતા અને કોર્ટે પણ એ વાત સ્વીકારી છે. જયારે તમે *(xxx) એવું કહેતા નીકળી પડે એટલે પ્રજા એને સમજે છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો પણ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નિવેદન કંઇ મારું નહોતું, એ આખા દેશમાં પ્રખ્યાત આપના નેતાનું હતું પછી છૂટી પડ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સુરેશભાઇ પટેલ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને ગુજરાત રાજયના ઇતિહાસમાં સૌથી મોટું બજેટ મૂકવા માટે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

આ ગુજરાતના સર્વાંગી વિકાસ, રોજગારી, ધંધા વ્યવસાયની વિપુલ તકો અને કાયદો અને વ્યવસ્થાની સારી પરિસ્થિતિ આપીને ઉમદા સંસ્કૃતિને કારણે ગુજરાત એ દેશભરમાં ધંધા રોજગાર માટે થઇને લોકો શહેરોમાં આવીને વસે છે. અત્યારે સ્થિતિ એવી છે કે ૪૨થી ૪૩ ટકા લોકો શહેરોમાં આવીને વસે છે એટલે કે શહેરીકરણ વધતું જાય છે. આપણા વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇની દુરંદેશીપણાને કારણે આ થઇ શક્યું છે. પહેલા આપણા શહેરોની ખરાબ પરિસ્થિતિ હતી.નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં બજેટ અપૂરતા હોવાના કારણે નગરપાલિકાઓ પાણીના બિલ નહોતા ભરી શકતા અને એના કારણે એમના બોરના કનેકશન કપાઇ જતા હતા. આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ ૨૦૦૯થી મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનાની શરૂઆત કરી અને ૨૦૧૮–૧૯ સુધીમાં રૂ.૩૦,૫૦૦ કરોડ સુધી જંગી માતબર રકમ આ શહેરોની અંદર ગુજરાત સરકારે વાપર્યા અને તેના કારણે શહેરોનો વિકાસ થયો, હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ વખતે પણ શહેરી વિકાસ માટે રૂપિયા૪૮૯૪ કરોડની ફાળવણી કરી છે. તેની અંદર આપણે જાણીએ છીએ કે આપણા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ એમનું એક સ્વપ્ન છે કે ૨૦૨૨ સુધીમાં આખા દેશનો એક પણ નાગરિક પોતાના ઘર વગરનો ન રહે એના માટે એમણે પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત કરી અને આપણે ગુજરાત સરકારમાં પણ ૪લાખ ૮૦ હજાર ઘર બનાવવાના અને એના માટે માનનીય નાણામંત્રીશ્રીએ રૂપિયા ૧૨૪૮ કરોડ આપણા ભાગે પડતી રકમની તેના માટે બજેટમાં ફાળવણી કરી છે.

આપણે જોયું કે ઘણીવાર સાઈકલની રેસમાં જવાનું, વિકાસ થાય પણ માણસ ચાલતો જાય અને સાયકલ લઇને પણ જાય અને સ્કુટર લઇને, હેલીકોપ્ટરમાં કે પ્લેનમાં પણ જાય. પહેલાંના વિકાસ હતા એ ધીમી ગતિના હતા. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને દાખલો આપું કે અમારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૨૦૦૫થી ૨૦૧૦માં કોંગ્રેસ હતી અને ૨૦૧૦માં એમણે એવું કહ્યું કે અમે ૫૦૦ કરોડ રૂપિયાના પાંચ વર્ષમાં વિકાસના કામો કર્યા અમને મત આપો. એમના પછી ૨૦૧૦થી ૨૦૧૫માં ભારતીય જનતા પાર્ટીનું કોર્પોરેશન આવ્યું એ વખતે અમે કહ્યું કે એમના રૂ.૫૦૦ કરોડની સામે અમે પાંચ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વર્ષમાં રૂપિયા ૪૫૦૦ કરોડના કામો કર્યા અમને મત આપો, આને વિકાસ કહેવાય આ ભારતીય જનતા પાર્ટીની આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની નીતિ.

મેટ્રો સર્વિસ માટે આપણે મોસાળમાં જમણ અને મા પિરસનારી છે, એના માટે આદરણીય નરેન્દ્રભાઇનું સ્વપ્ન અમદાવાદમાં મેટ્રોનું માટેનું હતું. ૧૯૭૭૩ કરોડ રૂપિયાનો પ્રોજેકટ, જેમાં ૫૦ ટકા કેન્દ્રના અને ૫૦ ટકા રાજ્ય સરકારના અને એમાં આ વર્ષે આપણે જોયું કે સાડા છ કિલોમીટરની મેટ્રોનું ઉદ્‌ઘાટન આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કર્યું, એમાં આ વર્ષે પણ રૂ.૫૧૦ કરોડની ફાળવણી કરી અને ૨૦૨૧ સુધીમાં આ મેટ્રોનો ફેઇઝ-૧ પૂરો થશે. માનનીય અધ્યક્ષશ્રી, ૭૫ ફલાયઓવર માટે રૂ.૬૫૦ કરોડની ફાળવણી કરી છે. સ્વચ્છ ભારત મિશન માટે રૂ.૩૬૮ કરોડની અને આ સરકારની દૂરંદેશી જોઇએ તો શહેરની નજીકના જે ગામડાં છે, એના કારણે વિકાસમાં તકલીફ ન પડે તો આપણા આદરણીય નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ નાના જે ગામો વિકસતા શહેરની નજીક હોય એમાં રૂ.૨૫૦ કરોડની ફાળવણી કરી છે.

અધ્યક્ષશ્રી : માનીનચ સુરેશભાઇ, આપનો સમય પૂરો થયો આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય હિંમતસિંહભાઇ પટેલ.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ**(**બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષ વતી બજેટ પર મારા વિચારો રજૂ કરું છું. પ્રજાજનો અને સમાજને રોજગાર જોઇએ, સારું આરોગ્ય જોઇએ, બાળકો માટે સારું શિક્ષણ જોઇએ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ રૂપિયા બે લાખ કરોડ કરતાં પણ વધારેનું બજેટ રજૂ કર્યું છે. ખૂબ અનુભવી અને વિદ્વાન વ્યકિતત્વ એમનું છે. મારે થોડીક પ્રજા લક્ષી વાત ઉપર આપના માધ્યમથી ધ્યાન દોરવું છે. બજેટનો વ્યાપ વધી જાય એ સમયની સાથે જરૂરી છે. પણ તેની સાથે સાથે સમાજ અને પ્રજાને મળતી સુવિધાઓ છે તે સુવિધાનોઓ અમલ, અમલીકરણ ચોક્કસ રીતે નીતિ નિયમથી થાય એ જોવાની જરૂરિયાત પણ આપણા સૌની છે. સરકાર તરફથી વાત કરવામાં આવે છે, હું એ વાતને બિરદાવું છું કે સરકાર સંવેદનશીલ સરકાર છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણે વાત કરીએ સંવેદનશીલની, પણ તેનો અમલ કરવો એ ખૂબ જરૂરી છે. તેના થોડાક દાખલાઓ હું આપને આપું છું. આજે સૌથી પહેલા શિક્ષણની વાત કરું તો આજે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સર્વ શિક્ષા અભિયાનનો કાર્યક્રમ ચાલતો હોય છે. એની અંદર ૨૦૦૮-૦૯માં અમે માહિતી લીધી તો ૫૯૪૪૫૪૨ વિદ્યાર્થીઓ સરકારી પ્રાથમિક શાળામાં દાખલ થયા. એના દસ વર્ષ પછી ૨૦૧૭-૧૮માં અમે માહિતી લીધી તો ૫૨૯૬૮૮૧ બાળકો દાખલ થયા. ૬૧૭૭૨૧ બાળકોનો દસ વર્ષમાં ઘટાડો થયો. વસતિ વધે છે અને આપણી ગુણવત્તા અને આપણું શિક્ષણનું જે સ્તર અને ધોરણ છે એ ઘટતું જાય છે. એના કારણે આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે. હું રાજકીય અવલોકન નહીં કરું. હું જ્યારે પણ નાયબ મુખ્યમંત્રીશ્રી કે અન્ય કોઇપણને મળું ત્યારે પ્રજા લક્ષી કે લોકોના પ્રશ્નોની જ વાત કરતો હોઉં છું તેથી મારી ખાસ વાત છે કે જ્યારે આપણે આટલા મોટા મસ બજેટના પૈસેથી પ્રજાની સુખાકારી માટે વહીવટ કરીએ છીએ, લોકોના ટેકસના પૈસે આપણે વહીવટ કરીએ છીએ. લોકોના નાણાં પ્રજાના વિકાસ માટે વપરાય છે ત્યારે તેનો ચોકકસ રીતે લોકોને લાભ મળે, લાભથી વંચિત ન રહી જાય એ જોવાની જવાબદારી આપણી છે. બીજા અનેક રાજ્યમાં હમણાં રિવ્યુ થયા છે કે જ્યાં સરકારી શાળાઓ અને કોલેજો છે, અહીં ઘણા બધા બેઠેલા છે, હું પણ મ્યુનિસિપલશાળામાં ભણેલો છું. એક સમય એવો હતો કે સરકારી શાળાઓની અંદર લોકો ભણીને આગળ આવતા હતા. આજે લાખો હજારો કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યા પછી એકંદર શિક્ષણનું જે સ્તર છે તે ખૂબ જ ઘટતું જાય છે. તેનું કારણ છે કે આપણી સરકારી શાળા-કોલેજો છે તેના શિક્ષકોને ચાલીસ ટકા જેટલો સમય સરકારી જુદા જુદા કાર્યક્રમોની અંદર શિક્ષણથી જુદા કાર્યમાં મોકલવામાં આવે છે. સ્વાભાવિક રીતે એની સીધી અસર આપણા બાળકો ઉપર પડતી હોય છે, શિક્ષણ કાર્ય ઉપર પડતી હોય છે અને આપણા શિક્ષણની અંદર આપણા બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. હજારો કરોડનું બજેટ ખર્ચ કર્યા પછી પણ આપણે પરિણામ નથી લાવી શકતા. આપણે ડિઝીટલ ઇન્ડિયાની વાત કરીએ છીએ. ડિઝીટલ ઇન્ડિયાની વાત કરીએ પણ કોમ્પ્યુટર વિષયના શિક્ષકોની ૩ વર્ષમાં આપણે ભરતી પણ કરી શક્યા નથી. આ ફી માટે રેગ્યુલેટરી કમિટી બનાવી અને એની ખુબ ચર્ચા વિચારણાઓ થઇ. પણ આ ફી રેગ્યુલેટરી કમિટીની પણ ખાનગી શાળાઓ ઉપર કોઇ લાંબી અસર પડી નથી. આજે પણ ખાનગી શાળાઓની અંદર આપણા બાળકોને મોંઘી ફીના કારણે આર્થિક ભારણનો ભોગ બનવું પડે છે. આવી અનેક બાબતો એવી છે કે જેના કારણે શિક્ષણ ઉપર આપણે જેટલું શિક્ષણનું સ્તર ઊંચું લાવવું જોઇએ તે લાવી શકતા નથી. આજે તો ગરીબમાં ગરીબ બાળક હોય, ઝૂંપડ પટ્ટીમાં રહેનારો બાળક હોય તેના મા-બાપો પણ એવું ઇચ્છે છે કે મારા બાળકને હું શિક્ષિત બનાવું અને હવે તો ગરીબમાં ગરીબ બાળકોને ઇંગ્લીશ મિડીયમમાં પણ ભણાવવામાં આવે તેવી એમની ઇચ્છા હોય છે. એમને પણ એમ થાય છે કે મારા બાળકને હું ઇંગ્લિશ મિડીયમમાં શિક્ષણ અપાવું. સરકારી શાળાઓ પણ ઇંગ્લિશ મિડીયમની ખુલી છે તેની અંદર પણ ફૂલ થઇ જાય તેવા જાગૃત મા-બાપ અને વાલીઓ બન્યા છે. ત્યારે આપણે ચોકકસ રીતે સરકાર આનો રિવ્યુ કરે, મારી લાગણી છે કે સરકારે આની અંદર કંઇક સાયન્ટીફીકલી અભ્યાસ કરીને આપણે જ્યારે હજારો કરોડ રૂપિયા રકમ વાપરતા હોઇએ ત્યારે શિક્ષણનું સ્તર જે છે તે ખાનગી શાળાઓના લેવલની રીતે લઇ જાય કે જેથી બાળકો જે છે તે ખાનગી શાળાઓની અંદર જઇને આર્થિક ભારણના કારણે એમના કુટુંબ અને પરિવાર ઉપર જે તકલીફો પડે છે તેનાથી બચી શકે અને આપણે બજેટનો જે ખર્ચ કરીએ તેનો લાભ એ બાળકોને મળી શકે. તેની સાથે રાઇટ ટુ એજ્યુકેશનની અંદર પણ આપણે અત્યારે જ્યારે સરકારમાં એડમિશન આપીએ છીએ. તેની અંદર પણ અનેક બાળકો રહી જતા હોય છે. તેમાં પણ થોડું ધ્યાન આપવામાં આવે.

## તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે થોડું આરોગ્યની બાબતમાં પણ હું ધ્યાન દોરીશ. આરોગ્યની બાબતમાં પણ રાજ્ય સરકારની જે પણ સરકારી હોસ્પિટલો છે, સામુહિક આરોગ્ય કેન્દ્રો છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, મેડિકલ કોલેજો છે, હોસ્પિટલો છે ત્યાં અનેક જગ્યાઓ તબીબોની, સ્ટાફની ખાલી જગ્યાઓ છે. આપણે સાધન સામગ્રી લઇ લેતા હોઇએ છીએ. એક્સ–રે મશીન લઇ લઇએ. સોનોગ્રાફી મશીન લઇ લઇએ પણ તેની સાથે તેના ટેક્નિકલ સ્ટાફની ભરતી કરવી જોઇએ એ અનેક જગ્યાઓ પર હું કહું કે આપણાં અર્બન હેલ્થ સેન્ટરો ચાલે છે. ત્યાં સોનોગ્રાફી મશીન આવી ગયું છે. ત્યાં એક્સ–રે મશીન આવી ગયું છે. પણ ટેક્નિકલ સ્ટાફ નથી. ધૂળ ખાય છે. આપણે વસ્તુની ખરીદી કરી લઇએ છીએ સારી વાત છે. પણ સ્ટાફની ત્યાં ભરતી કરતા નથી તેના કારણે લોકોને લાભથી વંચિત રાખીએ છીએ અને સરકારના કરોડો રૂપિયા વેડફાય છે અને મશીનરી છે એ થોડા સમય પછી નકામી થઇ જતી હોય છે. ત્યારે આવી જે સરકારી હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે એ ગરીબો માટે ખૂબ જ આશીર્વાદ સમાન છે. ગરીબ લોકો તેનો ખૂબ લાભ લે છે. તો તેની અસરકારકતા માટે સરકાર તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરે અને જયાં પણ આવી અપૂર્તતા હોય ત્યાં પૂર્તતા કરે. એ દિશામાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. સાથે સાથે એક ખૂબ જ ગંભીર બાબત છે. અત્યારે હડકવાની રસી અવેઇલેબલ નથી. માણસને જ્યારે કૂતરું કરડે તો તેના જીવનું જોખમ થઇ જાય. આજે સરકારી હોસ્પિટલોમાં અમે પણ ચર્ચા કરી કે હડકવાની રસી અવેઇલેબલ નથી. જ્યારે સમગ્ર દેશમાં, રાજ્યની અંદર હડકવાની રસી અવેઇલેબલ ન કરાવી શકતા હોય તો હું માનું છું કે કઇ રીતે લોકોના જીવ જોખમમાં આવવાથી આપણે બચાવી શકીએ. આ બાબત લોકોને સીધી સ્પર્શ કરતી વાત છે. એવા હજારો લોકો છે કે જે દુઃખી થતાં હોય, વ્યથિત થતાં હોય કે પછી ખાનગી દવાખાનાની અંદર જવું પડતું હોય. આવી નાની નાની અનેક બાબતો છે કે જયાં ટી.ટી. કે ધનૂરના ઇન્જેકશન છે, વેક્સિન છે એ સરકારી હોસ્પિટલોમાં અવેઇલેબલ નથી. આ બધી બાબતોની અંદર સરકાર થોડું ધ્યાન કેન્દ્રિત કરે કે તાલુકા લેવલે કે જિલ્લા લેવલે જે પણ અર્બન હેલ્થ સેન્ટરો ચાલી રહ્યા છે ત્યાં બહુ સારી ડોકટરોની ટીમ છે તેની અપૂર્ણતા છે. ડોકટરોનું મહેકમ છે એ મહેકમ પ્રમાણે માત્ર બે–ત્રણ ડોકટરો હાજર રહે છે. તો તેના કારણે પણ લોકો લાભ લઇ શકતા નથી. એટલે ડોકટરોની ખૂબ અછત હોય છે. તો કઇ રીતે આપણે ડોકટરોને ત્યાં મોકલી શકીએ. જે સુવિધાઓ છે તેનો લાભ આપણે લોકો સુધી આપી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હેલ્થની અંદર પણ જે ખાનગી કોલેજોની બાબતો છે, ફિઝીયોથેરાપી કોલેજો છે એ આપણી પાસે માત્ર ૫ છે. તેની સામે ૭૩ ખાનગી ફિઝીયોથેરાપી કોલેજોને આપણે મંજૂરી આપી છે. ખાનગી ફિઝીયોથેરાપી કોલેજોની અંદર મોટી ફીમાં સામાન્ય ઘરનો બાળક ન ભણી શકે એટલે સરકારી ફિઝીયોથેરાપી કોલેજો વધારવી જોઇએ. વર્ષોથી ડેન્ટલ, મેડિકલ કોલેજો છે. હું માનું છું કે ડેન્ટલ કોલેજો પણ વધારવી જોઇએ. સાથે સાથે જે રીતે રોગચાળો ફેલાય છે. આજે સ્વાઇન ફલુ, મેલેરિયા, ઝેરી મેલેરિયા, કમળો, ટાઇફોઇડ આ બધા ચેપી રોગો પણ છે. મચ્છરોના ઉપદ્રવથી થતાં રોગો છે. પાણીના પ્રદૂષણથી થતાં રોગો છે. આ બધા રોગોને અંકુશમાં રાખવા માટે ચોક્કસ નીતિ બનાવીએ. તંત્રને સાબૂત કરીએ. જ્યારે રોગચાળો ફાટી નીકળે ત્યારે આખી સરકાર દોડતી થઇ જાય છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આના કારણે હજારો માણસ મોતના મુખમાં ધકેલાઇ જાય છે અને કયાંક લાંબી બિમારીમાં સપડાઇ જતા હોય છે ત્યારે આવો રોગચાળો ફાટી ન નીકળે તેના માટે તંત્રને ૩૬૫ દિવસ, બારે માસ સક્રિય રહીને કામ કરવું જોઇએ કે આ રોગચાળામાંથી આપણે લોકોને મુક્ત કરાવી શકીએ એ દિશામાં સાથે સાથે આગળ વધવું જોઇએ.

બીજી વાત કરીશ. મા વાત્સલ્ય કાર્ડ છે તેમાં માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી સાંભળે તો હું કહું. તેમનું ધ્યાન બીજે છે. તમે થોડી ચિંતા કરો છો એટલે તમને હું પ્રેમથી વાત કરું છું એટલે તમે લાગણીથી થોડા સંવેદનશીલ થાવ. માનનીય અધ્યક્ષશ્રી, મા વાત્સલ્ય કાર્ડની અંદર થોડાક મર્યાદિત રોગો છે તો મારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને કહેવું છે કે એની અંદર આંતરડાના, એપેન્ડીકસના, પ્રોસ્ટેટ, મસા, ભગંદરના એવા બીજા રોગો છે, કેમ કે એની અંદર મધ્યમ વર્ગના લોકો હોય છે તો એમનો સમાવેશ કરવામાં આવે એ રીતે મા અમૃતમ આયુષ્યમાન ભારતની અંદર કન્વર્ટ (અંતરાય) કરી દીધું છે તો સારી વાત છે, અભિનંદન તમને અને જો ના કર્યું હોય તો કરી દેજો. જે મારા ધ્યાન ઉપર છે, જે મુદ્દા રોજ સ્પર્શમાં આવે છે એનું ધ્યાન દોરું છું. સાથે સાથે જનસેવા કેન્દ્રની અંદર જે મામલતદાર, નોન ક્રીમીલેયર અને આવકના દાખલાઓ આપતા હોય છે અને ઘણી વખત અનેક સરકારી કાગળોની જ્યારે શાળા કોલેજોમાં સમયમર્યાદાની અંદર આ દાખલાઓની જરૂર પડતી હોય છે ત્યારે મામલતદાર અને સાથેસાથે નાયબ મામલતદારશ્રીને પણ સત્તા આપવી જોઇએ કે જેથી સમયસર આપણા બાળકોને એ સર્ટીફીકેટો મળી શકે. ઘણી વખત મામલતદાર બીજા સરકારી કામમાં હોય ત્યારે એમાં છોકરાઓ બિચારા બહુ હેરાન થતા હોય છે ત્યારે અમારે ઇન્ટરફીયર થઇને એના અગત્યના કાગળ માટે વ્યકિતગત રીતે ઇન્ટરફીયર થવું પડે છે. આમાં સત્તા ડેલિગેટ થોડી થાય, મામલતદાર તો કોઇ જગ્યાએ નાયબ મામલતદાર પણ આપી શકે એટલે લોકોને અગવડો ના પડે. એ જ રીતે થોડું આગળ વધવું જોઇએ. અહીંયાં અમદાવાદ કોર્પોરેશનની બહુ સારી વાત થઇ, અમદાવાદ કોર્પોરેશનમાં દસ વર્ષ પહેલાથી ઠરાવ આવીને રાજ્ય સરકાર પાસે મોકલ્યો છે. આજે પણ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર ૧૮ ટકા વ્યાજ લોકો પાસેથી વસૂલીએ છીએ. સર્વસંમતિથી એ ઠરાવ રાજ્ય સરકાર પાસે આવેલો છે. આજે બેંકોએ પણ વ્યાજનું ધોરણ ૯ ટકા, ૮ ટકાએ લાવીને મૂકી દીધેલું છે તો આપણે લોકો પાસે ૧૮ ટકા વ્યાજ વસૂલ કરીએ છીએ, હું માનું છું કે આવું કોઇપણ જગ્યાએ નથી. એ ૧૮ ટકા વ્યાજ ઘટાડીને ૭ ટકા વ્યાજ ઘટાડવાની દરખાસ્ત રાજ્ય સરકાર પાસે આવી છે, હું માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને કહીશ કે આ પણ કરશો તો પ્રજાજનો ઉપર ન્યાય થશે. લોકોને ૧૮ ટકા વ્યાજમાંથી મુકિત મળે એટલે ૭ ટકા

વ્યાજ આપ કરશો તો બહુ સારું થશે. સાથે સાથે પીરાણા ડમ્પીંગ સાઈટ માટે આપણે જોગવાઈ કરી હતી. એ પીરાણા ડમ્પીંગ સાઈટ છે એ એટલી મોટી દોજખ બની ગઈ છે, આખા ગુજરાતનો મોટામાં મોટો ઈન્ડસ્ટ્રીયલ એરીયા ત્યાં છે. ટીપીએસથી માંડીને, લાંભાથી માંડીને દાણીલીમડા, બહેરામપુરા, વાસણા, વળી આપણી ગુજરાતની ઐતિહાસિક હોટલ વિશાલા ત્યાં છે કે દેશના તમામ વડાપ્રધાનો પણ ત્યાં જઈ આવ્યા છે ત્યાં એટલી દુર્ગંધ, રોગચાળો, હવા, પોલ્યુશન છે, ગયા વખતે બજેટમાં સો કરોડ રૂપિયા ફાળવ્યા હતા પણ એમાં કંઇ પણ હલચલ થઇ નથી. આજે પણ ત્યાં એ જ પરિસ્થિતિ છે. મારી આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી છે મેં કોઇ રાજકીય વાત કરી નથી, જે મુદ્દા છે એ ધ્યાનમાં રાખજો. જેનાથી પ્રજાને મુશ્કેલી પડતી હોય છે એ વાતનું હું ધ્યાન દોરું છું. આ બધી વાતનો અમલ થાય એવી મારી વિનંતી.

અધ્યક્ષશ્રી : થેંક યુ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ સાહેબ એ સુધારેલ અંદાજપત્ર રૂ.૨,૦૪,૮૧૫ કરોડનું લઇને આવ્યા છે, એના અનુમોદનમાં હું મારા વિચારો રજૂ કરું છું. કોઇપણ રાજ્યનો વિકાસ એની આંતર માળખાકીય સુવિધાઓને કારણે ખૂબ ઝડપથી થતો હોય છે. આપણા ગુજરાતમાં જે માર્ગ અને મકાન વિભાગની આ બજેટમાં જે રૂ.૧૦ હજાર કરોડ ઉપરાંતની રકમની જે જોગવાઈ કરવામાં આવી એના માટે જેટલા અભિનંદન દીર્ઘદ્રષ્ટા એવા માર્ગ અને મકાન વિભાગના મંત્રી, આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને આપીએ એટલા ઓછા છે. ગુજરાતમાં જે શ્રેષ્ઠ કક્ષાના રોડો એ વી.આર. હોય, એમ.ડી.આર. હોય, રાષ્ટ્રીય ધોરી માર્ગ હોય, રાજ્ય ધોરી માર્ગ હોય એમાં જે પ્રમાણેનું કાર્ય થયું એના કારણે ગુજરાતમાં વિદેશોથી લોકો પરત આવવા માંડ્યા. હિંમતનગરની વાત કરું તો ઘણા એન.આર.આઇ. એમ કહે કે અમારે ગુજરાતમાં સેટલ થવું છે. એના કારણો પૂછીએ તો એમ કહે કે જે પ્રમાણે ગુજરાતે વિકાસની ગતી આપી છે અને એમાં પણ જે ગામડાંના અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ત્રણ વર્ષ પહેલા અમલમાં આવી, ગુજરાતના ૧૮૦૦૦ ગામડાં અને પેટાપરાઓ છે એમાં લગભગ ૧૧,૪૧૫ નવીન રસ્તાઓનું નિર્માણ છેલ્લા ત્રણ વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના નીચે લગભગ રૂ.૧૦ હજાર કરોડના ખર્ચે મંજૂરી આપીને મોટાભાગના કામો પૂર્ણ થઇ ગયા છે. પહેલાં એવું હતું કે, ગામડામાં ૫૦૦ની વસતિ ધરાવનાર ગુજરાતના દરેક ગામડાંને કનેક્ટિવિટી આપેલી. પણ આપણા વિઝનરી માનનીય શ્રી નીતિનભાઇએ જે વિચાર મૂકેલો કે ગ્રામ્ય અર્થતંત્રને બેઠું કરવું હોય તો જે કાચા નાળિયા હતા, કેટલાક ધર્મ સ્થાનો હતા, ખેતરોમાં જવાના રસ્તાઓ હતા એ રસ્તાઓ આપણે પાકા બનાવીએ અને એ વિચારના અનુસંધાનમાં એમણે જે ૧૧ હજાર જેટલા નાના નાના ડીપમાં રસ્તાઓ બનાવ્યા. અકસ્માતનો ભય હતો એ બધામાં સુધારો કરીને એ મહત્વનું કાર્ય મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા બનાવેલ છે. જેથી ગામડાંમાં પશુપાલન અને ખેતી એ બન્નેનો પેરેરલ વિકાસ થયો છે. આ બજેટમાં ૪ હજાર ડેરી ફાર્મ માટે રૂ.૧૩૪ કરોડની જોગવાઇ કરી છે એ ગ્રામીણ અર્થતંત્રને બેઠું કરવાના એક ભાગરૂપે છે. પહેલા એવું હતું કે ૭, ૧૦ કે ૧૨ વર્ષે રોડ રિસરફેસ થતા હતા. આજની તારીખમાં મોડામાં મોડા ૭ વર્ષ. છેલ્લો સાત વર્ષનો સમયગાળો જોઇએ તો ૭૯ હજાર કિલોમિટરના રોડ આ સરકારે રિસરફેસ કર્યા. કોંગ્રેસના શાસનમાં તો આપણને ખાડાની જે ભેટ મળી હતી એના કરતાં પણ ઐતિહાસિક કહેવાય એવા કામો ગ્રામ્ય કક્ષાએ કર્યા છે. સુવિધા પથના કારણે ગામડાંનો જે લુક બદલાયો છે એમાં પણ બહારથી આવનારા લોકો કહે છે કે ગામડું આવું હોઇ શકે? હું એમને એમ કહેતો, કોઇ શાયરે બહુ સરસ વાત કરી છે કે,

''અપની આવાઝ કો બેશક કાન મેં રખના, યે શહર કી ખામોશી ભી ધ્યાન મેં રખના,
કલ કી તારીખ યકીનન દોહરાયેગી, બસ એક એક મંજર કો પહેચાન મેં રખના.''

હું કહેવા માગું છું કે, ગુજરાતનો ભવ્ય ભૂતકાળ હતો. લોકોમાં ગુજરાતમાંથી વિદેશ જવાની ઘેલછા હતી. હું માનું છું કે, આવનારા દિવસોમાં ગુજરાતના શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની સરકારની દીર્ઘદ્રષ્ટિના કારણે વિદેશીઓ ગુજરાતમાં આવનારા દિવસોમાં પરત આવશે. કારણ કે ગુજરાત તમામ રીતે સમૃદ્ધ છે. શાંત અને સલામત છે અને એમાં પણ આ માર્ગ અને મકાન વિભાગમાં બીજા તબક્કામાં પણ શ્રી નીતિનભાઇએ જે ૧૦ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે, હું માનું છું એના કારણે આપણા ૧૪૦ ધારાસભ્યો એવા હશે કે ગામડા સાથે જોડાયેલા હશે. એ ૧૪૦ ધારાસભ્યોમાં પ્રતિ પક્ષના હોય કે કોઇપણ પક્ષના હોય, એમના અંતરાત્માને પૂછજો કે આ યોજનાનો લાભ લઇ, એ ઇલેક્ટ્રોનિક મિડિયા અને પ્રિન્ટ મિડિયામાં એમના ફોટા છપાવે છે અને એમાં શ્રી નીતિનભાઇનો નાનો ફોટો મૂકે છે, કોઇ કોંગ્રેસના આગેવાન ન જોઇ જાય એ રીતે. પણ એમના અંતરાત્માને પૂછીએ તો એમ લાગે કે આ કાર્ય ભારતીય જનતા પાર્ટીની આ સરકાર જ કરી શકે. માનનીય શ્રી નરેન્દ્રભાઇએ જે સૂત્ર આપ્યું, મંત્ર આપ્યો, સર્વ જન સુખાય, સર્વ જન હિતાય એ મંત્રને ચરિતાર્થ કરનારી આ સરકાર રહી છે.

શ્રીવલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી દિવસે દિવસે જે બજેટ વધારતા જાય છે એમાં ૭મી વખત બજેટ લઇને આવ્યા છે ત્યારે વધારેમાં વધારે મોટું રૂ.૨ લાખ ૪ હજાર ૮૧૫ કરોડનું જાયન્ટ બજેટ લઇને આવ્યા છે તેને આવકારું છું. આ વખતે નાણામંત્રીશ્રીએ નાણાની કોથળી ખૂલ્લી મૂકી દીધી હોય એવું લાગે છે. કારણ કે, આ વિભાગો માટે ખૂબજ નાણાકીય જોગવાઇઓ કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, **''પહેલું સુખ તે જાતે નર્યા''** કહેવત છે. એમ આરોગ્ય માટે પણ એમણે રૂ.૧૦૮૦૦ કરોડ આ વખતે ફાળવ્યા છે. લોકોનું આરોગ્ય સારું રહે, છેવાડાનો માનવી પણ આરોગ્યથી વંચિત ના રહે એના માટે થઇને આ બજેટમાં ખૂબજ મોટી જોગવાઈ કરેલી છે એ બદલ નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગરીબ અને જરૂરિયાતવાળા લોકો માટે વિના મૂલ્યે સારી આરોગ્ય સેવા મળે તેના માટે

## તા. ૯મી જુલાઇ, ૨૦૧૯
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

આપણા ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જાહેર કરી છે અને તેમાં ગુજરાતના ૭૨ લાખ કુટુંબો એટલે કે ૪ કરોડથી વધારે લોકો આ લાભ લઇ રહ્યાં છે. આ યોજનામાં ૧૮૦૦ જાતની પ્રોસીઝર થાય છે તેના અમલમાં ગુજરાત અત્યારે મોખરે છે. ૪,૯૦,૦૦૦ લોકોએ આ આયુષ્યમાન ભારતનો લાભ લીધો છે અને એમાં રૂ.૮૧૮ કરોડનો અત્યાર સુધીમાં ખર્ચ પણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર ભાઇશ્રી સી. જે. ચાવડા કહેતા હતા કે, મોદી સાહેબે આ બધું કર્યું તો તમે શું કર્યું? ગુજરાત સરકારે શું કર્યું? મા–ની હૂંફ આપતી યોજના એટલે મા–અમૃતમ્ અને મા–વાત્સલ્ય યોજના ગુજરાત સરકાર લઇને આવી છે અને એનો હજારો–કરોડો લોકો લાભ લઇ રહ્યાં છે. આ યોજના રાજ્યની બધી જ યોજનાઓમાં સારી, સફળ યોજના છે અને તા.૩૧–૫–૨૦૧૯ સુધીમાં ૧૮ લાખથી વધારે લોકોએ આ મા–વાત્સલ્ય યોજનાનો લાભ લીધો છે અને તેમાં રૂ.૨૭૫૭ કરોડનો ગુજરાત સરકારે ખર્ચ કર્યો છે. આ વર્ષે પણ આ યોજના માટે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઇ માનનીય નાણા મંત્રીશ્રીએ કરી છે એને હું આવકારું છું અને અભિનંદન આપું છું. ટ્રસ્ટોની હોસ્પિટલો માટે પણ રાજ્ય સરકારે ચેરિટેબલ ટ્રસ્ટ હોય અને તે હોસ્પિટલ ચલાવતા હોય હું પણ એક હોસ્પિટલ સાથે સંકળાયેલો છું ત્યારે કહેવાનું મન થાય કે આ હોસ્પિટલો ખોટ કરતી હોય, નાણાકીય તકલીફ હોય એના માટે પણ રાજ્ય સરકારે આ વર્ષે ૪૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે એના માટે હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી હોસ્પિટલોની અંદર જ્યારે લોકો સારવાર કરાવે. પરંતુ ઘણી વખત એની પાસે દવાના પૈસા ના હોય ત્યારે આ રાજ્ય સરકારે હોસ્પિટલમાં સારવાર કરાવે એને દવા ફ્રી મળે એના માટે થઇને આ બજેટમાં રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરી છે એ માટે રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ કોઇ વખત ના થઇ શકે એવું કામ માનનીય વડાપ્રધાને આખા દેશની અંદર એમણે જાહેર કર્યું કે હ્રદયના સ્ટેન્ડ અગાઉ માણસ દવાખાને જાય ત્યારે ડોક્ટર પૂછે કે તમારી પાસે શું સગવડ છે? શું ધંધો કરો છો? ત્યારે એમ કહે કે તમને એક સ્ટેન્ડ બેસાડવાનું છે. એ મોંઘું સ્ટેન્ડ ફોરેનથી આવે એના સવા લાખ રૂપિયા થશે, રૂ.૭૦૦૦૦ થશે આ એક જ વર્ડથી, એક જ કાયદાથી માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, દવાવાળું સ્ટેન્ડ ગમે એટલું મોંઘું હોય પણ રૂ.૩૦,૦૦૦ થી વધારે કોઇ લઇ નહીં શકે અને આખા દેશની અંદર આનો અમલ થઇ ગયો છે. રૂ.૩૦,૦૦૦નું બિલ પણ બનાવી નથી શકતા રૂ.૨૯,૯૯૯ના જ બિલ બને છે. પહેલા કહેતા કે મોંઘું સ્ટેન્ડ આવે. રૂ.૩૦,૦૦૦થી વધારે બિલ ક્યાંય બનતું હોય તો મને કહેજો, ક્યાંય નહીં બને.

અધ્યક્ષશ્રી : માનનીય વલ્લભભાઇ આપનું પ્રવચન પૂર્ણ થાય છે. સભાગૃહના વિરામનો સમય થયો છે વિરામ સમય બાદ સાંજના ૫–૩૦ કલાકે સભાગૃહ ફરી મળશે.

**( વિરામ –સાંજના ૫–૦૦ થી ૫–૩૦ )**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી): માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના અનુભવી અને ખૂબ જ મહેનતુ, પરિપક્વ એવા મંત્રીશ્રીએ જ્યારે બજેટ રજૂ કર્યું છે એ બજેટનું હું નિરિક્ષણ કરતો હતો. આપણે ગામડાંમાં બેટી બચાવો, બેટી પઢાવોનો નારો પણ લગાવીએ છીએ. હું સરકારી આંકડા જોતો હતો. પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ. આ રાજયમાં સરકારી શાળાઓમાં ૧૭૪૧૭ ઓરડાની ઘટ છે અને તેમાંય ખાસ કરીને દાહોદમાં ૭૨૦ શાળાઓમાં ૨૦૮૨ ઓરડાઓ બાંધવાના બાકી છે. પંચમહાલમાં ૪૧૫ શાળા, ૯૫૭ ઓરડા બનાવવાના બાકી છે. સાબરકાંઠામાં ૪૦૫ શાળાઓ, ૮૨૮ ઓરડા બનાવવાના બાકી છે. છોટાઉદેપુરમાં ૨૩૪ શાળા, ૫૦૫ (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ, લાકડી લઇને દોડવા ના મંડે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : વડોદરામાં ૧૫૯ શાળા, ૪૨૯ ઓરડાઓ. નર્મદામાં ૨૧૨ શાળાઓ, ૩૬૭ ઓરડા બાકી. આપણે ગામડાંઓમાં શિક્ષણ સુધારવાની વાતો કરીએ છીએ. ગામડાંઓમાં ખાનગી શાળાઓ નથી કે જેથી કરીને ખાનગી શાળાઓમાં બાળકો જઇ શકે. ગામડાંઓને પ્રાધાન્ય આપવું એ રાજ્ય સરકારની પ્રાથમિક ફરજ છે અને આ ફરજ સરકાર કંઇક ચૂકી હોય એવું લાગે છે અને ખાસ કરીને અમારા છોટાઉદેપુરનું દશમા અને બારમા ધોરણનું રિઝલ્ટ સરકારે જોયું હશે. ૩૦ ટકા, ૩૫ ટકા, ૧૫ ટકા. શા માટે? વિષયવાર શિક્ષકો મૂકવામાં નથી આવતા અને જેને કારણે ઉચ્ચ શિક્ષણ અમારા આદિવાસીઓ લઇ શકતા નથી અને ઉચ્ચ શિક્ષણમાં વધારો કરવા અને વિષયવાર અંગ્રેજી, ગણિત, વિજ્ઞાનના શિક્ષકો આદિવાસી વિસ્તારોમાં મૂકવામાં આવે અને સરકારે ખોલેલી જે માધ્યમિક શાળાઓ છે એ માધ્યમિક શાળાઓમાં પણ શિક્ષકોની ઘટ છે. એ ઘટ આ આદિવાસીઓનું શિક્ષણ સુધારવું હશે તો શિક્ષકો મૂકવા ખૂબ જ જરૂરી છે અમારી સરકારને માગણી છે કે અમારા આદિવાસી વિસ્તારના શિક્ષકો જેમ બને તેમ જલદીથી મૂકવામાં આવે. સાહેબ, આરોગ્યમાં અમારી દશા કેવી છે? ગામડાંમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો બની જાય, બની ગયા પછી ડોકટરો નથી. દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરો નથી. છોટાઉદેપુર જેવા જિલ્લા મથકે સિવિલ સર્જનની જગ્યા છે, સિવિલ સર્જનની જગ્યા ભરાઇ નથી. ગાયનેક ડૉકટર છે તો ગાયનેક ડોક્ટરની જગ્યા ભરાઇ નથી. માત્ર એમ.બી.બી.એસ. ડોક્ટરથી આ દવાખાનું ચલાવવામાં આવે છે. શા માટે વર્ગ–૧ના અધિકારીઓ ભરવામાં નથી આવતા કે મૂકવામાં નથી આવતા? એનાથી ઉલટું સાહેબ, હું જયાં રહું છું મારો તાલુકો કવાંટ છે. એ કવાંટ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટર જ નથી. લાંબા સમયથી ડૉકટર નથી. નામ આપ્યું છે સામૂહિક આરોગ્ય કેન્દ્ર. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરો છે તે પણ અપૂરતા છે. અમારા કવાંટ તાલુકા મથકમાં સેન્ટર છે તેમાં

ડોક્ટરની નિમણૂક જલદીથી થાય અને સગવડતા વધે તેવી સરકારને વિનંતી કરું છું. અમારા ગામડાંમાં ડુંગર વિસ્તારમાંથી આદિવાસીઓ શહેરી મથક સુધી ભણવા માટે આવે છે. રસ્તાઓની સગવડ નહીં, પુલની સગવડ નહીં સાથેસાથે વાહનોની પણ સગવડ નહીં એવી દુર્દશામાં અમારો આદિવાસી જ્યારે કવાંટ સુધી (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય જવાહરભાઇ, એ તો તમારું બગાડશે જ સમજી લેજો. એમને પોતાની ચિંતા જ નથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : એમને સગવડતા મળતી નથી અને સગવડતા નહીં મળવાને કારણે એ પુરતું શિક્ષણ લઇ શકતા નથી અને એટલ માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હોય. કે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હોય અથવા બીજી કોઇ યોજના હોય એ યોજનામાં માળખાગત જે સુવિધા આપવાની છે એ અમારા છોટાઉદેપુર જિલ્લાના ખાસ કરીને કવાંટ અને છોટાઉદેપુર, પાવી જેતપુરના રસ્તાની માગણી કરેલ છે તે વહેલા થાય તેવી માગણી છે. આ તબક્કે મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું. અમારા કવાંટ તાલુકાનું કરજવાડ મોટી ટોકરી, નાની ટોકરી, ભોરજા ગામ વચ્ચે કરાકોતર નદી આવે છે. માનનીય શ્રી રામસિંહભાઇ અને માનનીય રાઠવા હતા ત્યારથી એના ઉપર પુલ બનાવવા માટે ઘણા લાંબા સમયથી માગણી થઇ રહી છે. સરકારે કઇ ધ્યાન આપ્યું નથી. મંત્રીશ્રીને વિનંતી કરું કે જે ૬૨ પુલ નવા બનાવવાના છે એમાં અમારો છેલ્લામાં છેલ્લો નંબર ૬૨મો નંબર રાખજો. ઉંમર પણ ૬૨ની થઇ છે. એટલા માટે અમારા આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની તકલીફ પડે. આ ઉનાળામાં અત્યંત તકલીફ પડી. એમાં પાણી પુરવઠા વિભાગ મારફતે દાર કરીને પીવાનું પાણી આપ્યું. અમારે ત્યાં હાફેશ્વર જૂથ પાણી પુરવઠા યોજના ચાલે છે. એનું કામ અટકેલ છે. એને સંલગ્ન બીજાં કામો હજુ થયાં નથી. કોન્ટ્રાક્ટર બદલાતા જાય. બીજા, ત્રીજા આવે. સબલેટમાં કામ થાય છે. કામગીરી સારી થતી નથી. માત્ર ૧૨૬ કરોડ રૂપિયાની યોજના છે. આ યોજનાનો અમલ કરવા માટે ૩ અધિકારીઓ છે. તંત્ર પણ પૂરતું નથી. એવા સમયે આ યોજના વહેલી તકે પૂરી થાય એના માટે હું સરકારને વિનંતી કરું છું. અમારા આદિવાસીની કમનસીબી કેવી? માનનીય શ્રી નીતિનભાઇ બજેટ રજૂ કરતા હોય, આદિજાતિ વિભાગની મોટી ફાળવણી કરતા હોય અને અત્યારે અમારા વન મંત્રી આદિજાતિ મંત્રી નથી. એમના હાથ બંધાયેલ છે. ફાળવણી તમે કરો અને રકમ આ આપે અને સજેશન કરવાનું થાય તો શ્રી નીતિનભાઇ આ અમારું લઇ લેજો એવું કહેવું પડે. મેં આ તબક્કે આદિવાસી બધા સભ્યોને કહું છું કે જેવી રીતે રેલ્વેનું બજેટ દિલ્હીમાં અલગ પાસ થાય છે, તેવું આદિવાસી એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચનું આ ૩નું બજેટ અલગ રીતે ફાળવવામાં આવે. એનું મોનીટરીંગ થાય (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ, પ્લીઝ તમે કોના કન્ટ્રોલમાં છો? આદિવાસી સમાજના માટે લાગણી વ્યક્ત કરે છે. તમને કઇ વાંધો છે? એમને કહેવા દો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : આ હકીકત કહું છું. પૂરું વપરાતું નથી. આ બજેટ ફાળવ્યું છે. આ ૩-૩ ડિપાર્ટમેન્ટનું બજેટ એકી સાથે રજૂ થાય. એનું સંકલન થાય. જે હેતુ માટે બજેટ લાવ્યા છે એ બજેટ એ વર્ગ માટે ઉપયોગી થાય. બાકી વધેલું બજેટ અન્ય વિભાગમાં તબદીલ ન થાય તેવી કાળજી રખાય તેવી વિનંતી કરું છું. મારા ધ્યાન ઉપર બીજી વાત આવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી એ આપણા સૌનું ગૌરવ છે. એને સંલગ્ન બીજા બધા આરામ ગૃહો થવાના. એમાં આદિવાસીની જમીન જવાની, આદિવાસીઓ ઉજ્જડ થવાના. આદિવાસી મજૂર થવાનો. અમારા શ્રી પી.ડી. સાહેબે કહ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી આ સંલગ્ન બીજી યોજના બનાવીને અને એમાં જે જમીન જવાની એનું વળતર આપવાથી માત્ર આદિવાસી સુખી નથી થઇ જવાનો. એની જે ઇન્કમ થાય, એની જે રેવન્યુ થાય એમાં કાયમ ખાતે ૧૦ ટકા, ૨૦ ટકા જે રકમ થાય તેમાં ખેડૂતોને ભાગીદાર બનાવો તો ખેડૂત સુખી થશે. નહિતર એમાં મજૂરો પેદા થશે. આદિવાસી કયાં જશે? એ આપણા સૌનો મહત્વનો વિષય છે. વન અધિનિયમ ૬ હેઠળ જંગલની જમીન આપણે આદિવાસીને આપી છે. આદિવાસીને જમીન આપ્યા પછી એ જમીનને સમતોલ કરવા, એનું ધોવાણ અટકે, એના માટે કન્ટ્રોલ પાળા બનાવવા માટે સરકારે જોગવાઈ કરી છે. તે અપુરતી છે. જંગલ બચાવવા છે, જમીન બચાવવી છે. ખેડૂતોને સુખી કરવા હશે તો જંગલની જમીન સમતોલ કરવી, પાળા બનાવવા અને સાથે સાથે સાહેબ, જે વિસ્તારમાંથી આવે છે એ વિસ્તારમાંથી અમે આવીએ છીએ. બે ડુંગર વચ્ચેની જગ્યા જ્યાં જંગલની તલાવડી નહિ, પણ જંગલના ડેમ બનાવવા ખૂબ જરૂરી છે. ભારત સરકારના મંત્રાલયની જે મંજૂરી લેવી હોય તે મંજૂરી લઇને પણ આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની, સિંચાઇના પાણીની સગવડતા વધારવી હશે તો કોઇકને કોઇક રીતે જંગલોની અંદર જે ડુંગર છે તેની વચ્ચે મોટા ડેમ બનાવીને પાણીનો સંગ્રહ કરવાની જરૂર છે. ગુજરાતમાં અત્યારે પાણીના સંકટના જે વાદળો ઘેરાયા છે તેમાં અમે પણ બાકી રહ્યા નથી. અમારા છોટાઉદેપુર જિલ્લામાં ડોલોમાઇટ પથ્થર આધારિત કારખાનાઓ છે. તેને એકત્રિત કરી એક જગ્યાએ જીઆઇડીસી બનાવીને સારી સગવડતા આપી શકાય તેના માટેની દરખાસ્ત રાજ્ય સરકારમાં પડતર છે. તેની સાથે સાથે અમારા બોડેલીમાં જયાં આપણું ખાંડનું કારખાનું હતું તે લઢોદ તે કારખાનું આ સરકાર વેચી ખાઇ ગઇ છે. તે લઢોદની બાજુમાં પાંચ પંચાયતો આવેલી છે અને તે પાંચ પંચાયતોમાં ૬૦૦ હેક્ટર સરકારી જમીન આવેલી છે. આ ૬૦૦ હેક્ટર સરકારી જમીન છે તેમાં પંચાયતો રાજી છે કે અમારા વિસ્તારમાં જીઆઇડીસી આવે તો અમે સહમત છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપે તો આ વિસ્તાર જોયેલો છે. નર્મદાની કેનાલ પણ અઢીથી ત્રણ કિલોમિટરથી પસાર થાય છે. આવા કોઇ કારખાના આવશે અને તેને પાણીની જરૂર પડશે તો આ કેનાલમાંથી પાણી પણ અપાશે. આ વિસ્તારમાં જીઆઇડીસી બનાવવાથી છોટાઉદેપુર, કવાંટ, નસવાડી, સંખેડા અને પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા આ પાંચ-છ તાલુકાને સીધો ફાયદો થશે અને તે વિસ્તારના

કુશળ અને અર્ધ કુશળ કારીગરો છે તેને તેનો લાભ મળશે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ. આદિવાસીઓને હાટ બજારમાં વેચાતું બિયારણ વાપરવું પડે છે. કવોલિટી કંટ્રોલનો જે સ્ટાફ છે તેમાં પાંચ જગ્યામાં એક જ માણસનો સ્ટાફ છે. તે લખવા જાય, રેડ પાડવા જાય કે પકડવા જાય. આદિવાસી સારું બિયારણ વાપરે તે માટે કવોલિટી કંટ્રોલનો સ્ટાફ નથી તેના કારણે અમારા આદિવાસીઓ ભેળસેળવાળું બિયારણ વાપરે છે અને તે સરકાર પણ જાણે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન આપવાની અનુમતિ લઉં છું. મહિલા અને બાળ વિકાસ માટે અંદાજપત્રમાં રૂપિયા ૩૧૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જેના માટે હું માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તથા અમારા માર્ગદર્શક અને મહિલા તથા બાળ વિકાસ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણા દેશમાં નારીને પૂજ્ય ગણવામાં આવે છે. આપણા શાસ્ત્રમાં પણ લખ્યું છે કે, યત્ર નારી તુ પૂજયતે રમતે તત્ર દેવતા. જયાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવોનો પણ વાસ થાય છે. એટલે આજે ગુજરાતમાં મહિલા દરેક ક્ષેત્રમાં આગળ છે ત્યારે આજની મહિલાઓને સુરક્ષા સાથે સન્માન મળે તેના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. સતત ચિંતા કરતી અમારી સરકાર મહિલાઓના ઉત્કર્ષ અને ઉત્થાન માટે અનેક વિવિધલક્ષી યોજનાઓ લાવી છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીનું મહત્વ પુરુષ કરતાં કદાચ વધારે હશે. કેમ કે આપણા દેશમાં ભગવાન તરીકે સ્ત્રીને ભજતા હોઇએ છીએ. આપણા દેશમાં માતાને શક્તિ તરીકે ગણવામાં આવે છે અને તેની પૂજા પણ કરવામાં આવે છે. એટલે જ બ્રહ્માજીએ મહત્વના ખાતાઓમાં નાણાં ખાતું લક્ષ્મીજીને, શિક્ષણ ખાતું સરસ્વતીજીને આપ્યું છે અને સંરક્ષણ ખાતું દુર્ગા માતાજીને આપ્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ સર્વોચ્ચ કહેવાય તેવું નાણા મંત્રાલય એક મહિલા એવા માનનીય નિર્મલા સીતારમણજીને સોંપ્યું છે. જયારે નિર્મલા સીતારમણજીએ બજૅટ રજૂ કર્યુ ત્યારે આખો દેશ નહીં પણ વિશ્વના લોકો તેમને અભિનંદન આપતા હતા. આ પહેલાં પણ તેમને એક સર્વોચ્ચ એવું રક્ષા મંત્રાલય પણ શોભાવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ આજે મને મહિલાઓ માટે ખાસ એક પંક્તિ યાદ આવે છે જીવન કી કલા કો અપને હાથો સે સાકાર કર, નારીને સભ્યતા ઔર સંસ્કૃતિ કા રૂપ નીખારા હે, નારીકા અસ્તિત્વ હી સુંદર જીવન કી આધાર હૈ. માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ આજે મને ગૌરવ થાય છે આપણા આદિવાસી વિસ્તારની એક દીકરી ડાંગ જિલ્લાના એક નાના ગામની સરિતા ગાયકવાડ જે આજે એશિયન ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલ જીતીને આપણા રાજ્ય ગુજરાતનું જ નહીં પણ આપણા આખા દેશનું ગૌરવ વધાર્યું છે ત્યારે આજે મહિલાઓ આટલી આગળ વધી રહી છે. આજે મહિલા ફાઇટર પ્લેન ચલાવતી થઇ ગઇ છે અને ઇસરોમાં પણ મહિલાઓ જયારે કામ કરતી થઇ ત્યારે દરેક ક્ષેત્રમાં આપણી મહિલાઓ આગળ દેખાય છે એટલે જ આ ખાતું આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને આજના આપણા દેશના વડા પ્રધાન છે એમણે આ વિભાગ અલગ કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું મહિલા અને બાળ વિકાસ પર મારું વક્તવ્ય કરું છું ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, આજનું આપણું જે અંદાજ પત્ર છે એ અંદાજ પત્રમાં પણ દીકરીઓ માટે સતત ચિંતા આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇની સરકારે અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ખૂબ જ કરી છે અને એના માટે થઇને આ અંદાજ પત્રમાં વહાલી દીકરી યોજના લાવ્યા છે ત્યારે આજે ગુજરાતની દરેક દીકરી સ્વસ્થ થાય, આગળ વધે, શિક્ષણ મેળવે અને સ્ત્રી ભ્રૂણ હત્યા અટકે એના માટે વહાલી દીકરી યોજના ખૂબજ ગૌરવ આપે એવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત દીકરી નાની હોય અને દીકરી પહેલા ધોરણમાં જાય ત્યારે એને ૪૦૦૦ રૂપિયા મળશે, દીકરી નવમાં ધોરણમાં જાય ત્યારે એને ૬૦૦૦ રૂપિયા મળશે અને એજ દીકરી જ્યારે પૂરું શિક્ષણ લેવા આગળ જાય અને તે બાદ એનો લગ્ન પ્રસંગ કરવાનો હોય ત્યારે મા-બાપને ઘણી બધી ચિંતા થતી હોય છે તો એના માટે થઇને એક લાખ રૂપિયા આપવાનું સરકારે નક્કી કર્યું છે એટલા માટે આ વહાલી દીકરી યોજના મહિલાઓ માટે એક આશીર્વાદરૂપ છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ મને અહીં દીકરીઓ માટે એક પંક્તિ યાદ આવે છે, જૈસે ખાલી હો આસમા જીસમે બાદલિયા ન હો, જૈસે ખાલી હો વો મકાન જીસમે ખીડકિયા ન હો. વૈસે હી ઠીક ખાલી હે વો ઘર જીસમે બેટીયા ન હો. દીકરીના જન્મને આવકારવા માટે જે કાર્ય કર્યું છે એને હું માનું છું ત્યાં સુધી અહીં બેઠેલા બધા જ સભ્યોને કહું છું કે પક્ષાપક્ષીથી દૂર રહી આપણે સૌએ મળીને ભ્રૂણ હત્યા અટકાવવી જોઇએ અને દીકરીને વધાવવી જોઇએ, દીકરીને આગળ વધારીને બેટી બચાવો, બેટી પઢાઓની આ જે યોજના છે એમાં બધાએ સ્વીકારીને બેટીને આગળ વધારવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું જે રાજકીય પાર્ટીમાંથી આવું છું એ રાજકીય પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી છે જેણે પોતાના સંગઠનમાં પણ ૩૩ ટકા મહિલા અનામત આપી છે ત્યારે રાજયમાં સ્ત્રી સશક્તિકરણનું એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સવારે શ્રી વિરજીભાઇ જ્યારે કહેતા હતા કે, સરકારની જે વિધવા સહાય પેન્શન યોજના છે એમાં મહિલાઓને સહાય ચાર ચાર પાંચ પાંચ મહિના સુધી મળતી નથી. પણ હું એમને કહેવા માગું છું કે, એમાં કોઇ પ્રક્રિયા કરવાની બાકી રહી જતી હશે, કેમ કે જ્યારે વરસના અંતે આપણે હયાતીમાં છીએ એનું સર્ટિફિકેટ આપવાનું હોય છે, અપરણિત છીએ એના પણ પુરાવા દાખલા રજૂ કરવાના હોય છે, એ પ્રક્રિયા પૂરી કરવાની હોય છે. એટલે બે ત્રણ મહિના સુધી આ પ્રક્રિયા પૂરી ન થાય તો એ બંધ થઇ જાય છે, એટલા માટે આ વિધવા સહાય યોજના જે છે અને એમાં સરકારે ૧૨૫૦ રૂપિયા જે નક્કી કર્યા છે એ બંધ થઇ જાય છે અને એના માટે આ પ્રક્રિયા પૂરી કરવી જરૂરી હોય છે એટલા માટે હું શ્રી વિરજીભાઇને કહીશ કે તમારે જે મહિલાઓ બાકી રહી ગયેલી હોય એમને આ પ્રક્રિયા પૂરી કરવા કહેજો જેથી કરીને એમને આ પેન્શન મળતું રહેશે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે હવે માનનીય આશાબેન બોલશે.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ડો. આશા પટેલ(ઉંઝા): Hon'ble Speaker, sir, I am very much thankful to you that you have given me this opportunity to speak on the budgetary allocation for education sector in this august House. I feel proud to day that I am an MLA of BJP from 21, Unja constituency. I also have the honour to represent the city of Vadnagar which is the esteemed home town of our Hon'ble Prime Minister, Shri Narendrabhai Modi. I am also grateful to the Hon'ble Home Minister of India, and the beloved President of BJP, Shri Amitbhai Shah, who selected me for the assembly seat of Unja. I am blessed by the people of Unja and Vadnagar who gave me a great mandate with thumping majority again.

અધ્યક્ષશ્રી : બેનશ્રી, આપ ગુજરાતીમાં ખૂબ સારું બોલી શકો છો.

Dr. Ashaben Patel: Hon'ble Speaker, sir, today I feel that it is the reality that the same ideas and dreams are being taken forward by our Hon'ble Chief Minister Shri Vijaybhai Rupani and Deputy Chief Minister Shri Nitinbhai Patel. They are collectively working together to fulfil the dreams and ideas of our Hon'ble Prime Minister, Shri Narendrabhai Modi. હવે હું ગુજરાતીમાં બોલું.

અધ્યક્ષશ્રી : વેલકમ.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિશે બોલતા પહેલાં હું અત્રે વિશ્વની બે મહાન વિભૂતીઓને યાદ કરું તો એ અનુચિત નહિ ગણાય. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ એવા ડૉક્ટર સર્વપલ્લી રાધાક્રિશ્નનને કહ્યું છે કે, "Education gives us power and love gives us fullness." એજ રીતે શાંતિદૂત અને દક્ષિણ આફ્રિકાના ગાંધી ડો. નેલ્સન મંડેલાએ પણ કહ્યું છે જેના માટે ભાઇ શ્રી અમરીષભાઇએ કહ્યું હતું પણ એમના વિચારોમાં થોડોક ફરક છે. "Education is the most powerful weapon by which we can change the world." સાથે સાથે ચાણક્યએ પણ એવું કહ્યું હતું કે,

**''દેશ કે ગદ્દારો કી ટોલી મેં યદી હાહાકાર હો તો સમજ લો,**
**ચાણક્યને બોલા હૈ, મૈંને નહિ, દેશકા રાજા મહાન ઔર ચારિત્ર્યવાન હૈ,**
**ઔર દેશ પ્રગતિ પર તીવ્ર અગ્રેસર હૈ.''**

આમ, શિક્ષણનું મહત્વ આપણા સૌમાં અને પ્રજાના જીવનમાં જેટલું આંકીએ એટલું ઓછું છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં રજૂ કરેલ સને ૨૦૧૯-૨૦૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રના પ્રવચનને હું આવકારું છું અને એને હું સમર્થન પણ આપું છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ શિક્ષણના સર્વગ્રાહી વિકાસ માટે રૂ.૩૦,૦૪૫ કરોડની જોગવાઈ કરી અને શિક્ષણના સાર્વત્રિક વ્યાપની સાથે સાથે ગુણવત્તા સુધારણા માટે વિવિધ યોજનાઓ જેવી કે, રાઇટ ટુ એજ્યુકેશન, ગુણોત્સવ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન, નમો ટેબલેટ, જ્ઞાન કુંજ, શિષ્યવૃત્તિ, વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો, ગણવેશ વિગેરે પૂરા પાડવાનો નમ્ર પ્રયાસ કરેલો છે એ રાજ્યના યુવાનો રોજગારવાંચ્છુની સાથે સાથે રોજગાર સાર્થક પણ બને તે માટે ઇન્ડો એશિયન સ્ટાર્ટઅપ અને કૌશલ્યવર્ધનને પ્રાધાન્ય આપ્યું છે તે માટે અભિનંદનને પાત્ર છે. ઉચ્ચ શિક્ષણની વાત કરું તો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરેલા બજેટમાં કોલેજ અને પોલીટેકનીકના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા ત્રણ લાખ વિદ્યાર્થીઓને રૂપિયા એક હજારના ટોકન દરે ટેબલેટ આપીને યોજનાનો વ્યાપ વધારવા રૂપિયા ૨૫૨ કરોડની જોગવાઈ કરેલ છે. જે ખૂબ આવકારદાયક છે અને ડિઝિટલ ઇન્ડિયાનું આ અગત્યનું સોપાન છે. માનનીય નાણા મંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટમાં ૪૨ સરકારી કોલેજો અને સરકારી યુનિવર્સિટીઓના નવા ભવનોના બાંધકામ માટે રૂપિયા ૨૦૬ કરોડની જોગવાઇ કરેલ છે જેને હું આવકારું છું અને દેશના કોઇપણ રાજ્યની સરખામણીએ ગુજરાતમાં સરકારી ભવનોનું નિર્માણ ખૂબ ઉત્તમ કક્ષાનું થયેલું છે એના માટે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબી યોજના માટે રૂપિયા ૩૭૦ કરોડની જે માતબર રકમની જોગવાઇ કરેલ છે તે આ યોજનાનો લાભ રાજયના પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરિયાતમંદ ૭૯ લાખ વિદ્યાર્થીઓને ફી પેટે આર્થિક સહાય તેમજ અન્ય શૈક્ષણિક સવલતો પૂરી પાડવામાં આવેલ છે જે ખૂબ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ artificial intelligence and robotics જેવી ઉભરતી ટેકનોલોજીથી વિદ્યાર્થીઓને અવગત કરવા માટે અદ્યતન લેબૉરેટરી સ્થાપવા સ્ટુડન્ટ start-up and innovation policy તેમજ innovation hub માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ કરેલ છે જે આવકારદાયક છે. અને આ યોજનાથી વિદ્યાર્થીઓને કંઇક નવું કરવાની પ્રેરણા મળશે તેના માટે અભિનંદનને પાત્ર છે.

અધ્યક્ષશ્રી : શ્રીમતી આશાબહેન આપનું વક્તવ્ય પૂરું થાય છે.

## તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું ઊભો થયો છું ત્યારે સૌનો સાથ સૌના વિકાસની ભાવનાને ચરિતાર્થ કરતું આ બજેટ રજૂ કરવા બદલ હું ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી એ બન્નેને હૃદયથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટનો અભ્યાસ થયો તો મને જણાયું કે આ બજેટ પ્રજાની આંખના આંસુના સ્થાને નવી આશાઓ બંધાય છે. કારણ કે આ સરકાર કોઇ એક પરિવાર માટે નહીં પરંતુ રાષ્ટ્રવાદના મંત્રને લઇને કામ કરી રહી છે. સહકાર એટલે શોષણ વગરની આર્થિક વ્યવસ્થા જયાં એકબીજાને સાથે મળીને સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથે સૌનો સહકાર સાબિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી પ્રવૃત્તિનું ઉદભવ સ્થાન જરૂરિયાતના કારણે થયો છે. એક અહેવાલ પ્રમાણે ડાર્વિનના જીવન સંગ્રામના સિદ્ધાંતને પડકારી Prince Tayotaki પરસ્પર સહાયને સમજાવતો સહકારનો સિદ્ધાંત રજૂ કર્યો છે. ભારતમાં સહકારની ઉપયોગીતા તપાસવા માટેના એક ઉપાય તરીકે સૌપ્રથમ મદ્રાસ ઇલાકો લેવામાં આવ્યો હતો જે માટે સરકારે Fredric Nicholsonની સમિતિ નિયુક્ત કરી હતી. ભારતમાં સહકારની પ્રવૃત્તિના વિકાસના પ્રયત્નો ઘણાં બધા થયા. વર્ષ ૧૯૧૫ની McGallen સમિતિની ભલામણોથી સહકારી મંડળીઓને વેગ મળ્યો. વર્ષ ૧૯૨૫ના સહકારી મંડળીઓનો ધારો અમલમાં આવવાથી નાગરિક બેન્કોનો વિકાસ થયો. સહકારની વાત છે ત્યારે ગુજરાતમાં અને દેશમાં જ્યારે સરકારનું લોકતંત્ર આવડું મોટું છે એવું અને એવું સહકારનું લોકતંત્ર છે ત્યારે ગુજરાતમાં પણ સૌપ્રથમ સહકારી મંડળી અનોન્ય સહકારી મંડળીની સ્થાપના સૌ પ્રથમ વડોદરાના લોકોએ કરી. અમદાવાદના દશક્રોઇના વિશાલપુર ગામની પ્રથમ ખેતી–વિષયક મંડળી હતી. અમારા સહકાર મંત્રી જે જિલ્લામાંથી આવે છે તે જિલ્લાના જંબુસર તાલુકામાં સૌથી પહેલી અર્બન કો ઓપરેટીવ સોસાયટીની સ્થાપના થઇ. આવી તો અનેક વાતો હું કરી શકું તેમ છું પણ આમાં આંગળી ઊંચી કરી છે ત્યારે સૌ પ્રથમ સહકારી મંડળી કોડીનારમાં સ્થપાઇ હતી. સૌ પ્રથમ કપાસ મંડળી સુરતમાં સ્થપાઇ હતી. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૩૫માં જમીન વિકાસ બેંકની સ્થાપના થઇ. ૧૯૪૦માં સુરતના ચોર્યાસીમાં દૂધ મંડળીની સ્થાપના થઇ.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી લલીતભાઇ, અંદરો અંદર કાંઇ ન બોલો. તમારે જે કહેવું હોય એ મને કહો.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, સહકારના શિલ્પી એવા આપણા સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબ હતા. ૧૯૫૧માં ખેડૂત માટે સૌપ્રથમ રાજકોટમાં લેન્ડ મોર્ગેજ બેંકની સ્થાપના થઇ હતી. સહકારી પ્રવૃત્તિની શરૂઆતનું અમને ગૌરવ છે. અમારા આણંદ જિલ્લાનું અમને ગૌરવ છે કે ૧૯૪૬માં અમૂલની સ્થાપના આણંદ જિલ્લામાં થઇ હતી. સૌ પ્રથમ દૂધ મંડળી પણ ચોર્યાસી મત વિસ્તારમાં બની હતી.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઉપનેતા અને નાણામંત્રીશ્રી માનનીય નીતિનભાઇ ફેરફાર કરેલ અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. રાજ્યની પ્રજા પર કરવેરા, કેન્દ્રીય સહાય અને કેન્દ્રીય કરવેરામાંથી હિસ્સો અને ખાસ કરીને જાહેર દેવું કરીને રાજ્યની આવક ઊભી કરવાનો નાણામંત્રીશ્રીએ પ્રયત્ન કર્યો છે. જે જાહેર દેવું છે એ લગભગ રૂ.૪૨,૯૨૯ કરોડ એટલે કે ૨૧.૩૭ ટકા હતું જે દિવસે દિવસે વધતું જાય છે અને આ આવકમાંથી ૮.૧૭ ટકા એટલે કે રૂ.૧૬,૫૯૦ કરોડ તો એના વ્યાજ પેટે આપવા પડે છે. આ સાથે સમગ્ર રાજ્યનો સંતુલિત વિકાસ કરવો હોય તો જે તે વિસ્તારની વસતીને ધ્યાનમાં રાખીએ તો મને લાગે છે કે સંતુલિત વિકાસ થઇ શકે.

અધ્યક્ષશ્રી : માનનીય મુકેશભાઇ, માનનીય મુકેશભાઇ, માનનીય મુકેશભાઇ આપ એટલા બધા વાતોમાં છો કે હું ત્રણ વાર બોલ્યો તો પણ તમને સંભળાતું નથી. કોઇ સિનિયર સભ્ય જ્યારે બોલતા હોય તો થોડીક કાળજી રાખીએ.

ડો. અનિલ જોષિયારા : હમણાં જ મારા સભ્ય માનનીય રાજેન્દ્રસિંહ કહેતા હતા કે મારા વિસ્તારના ગામડાંઓમાં ખેતરો સુધી રસ્તા છે. મને ખૂબ આનંદ થયો. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન આ જ બેંચ પર બેસીને તા.૨૭/૨/૨૦૦૭ના રોજ એમનું જ સ્ટેટમેન્ટ હતું કે, આદિવાસી વિસ્તારમાં ફળિયે – ફળિયે બારમાસી પાકા રસ્તાઓ બનાવીશું. દરેકના ઘરના રસોડા સુધી નળથી પાણી મળશે. આજે પણ એ વાત મારા મગજમાંથી એટલા માટે જતી નથી કારણ કે, એ બધું હું આજે પણ મેળવી શક્યો નથી. મને એ બાબતનું દુ:ખ છે. એમણે એ વખતે બીજી પણ એક વાત કરી હતી કે, આદિવાસી વિસ્તારને પાંચ વર્ષનું બજેટ એક પેકેજ સ્વરૂપે આપ્યું અને એ વખતે એમાં રૂ.૧૫,૦૦૦ કરોડની વાત કરી હતી અને આ બધી બાબતો આદિવાસી વિસ્તારના ડેવલપમેન્ટ માટે કરી હતી પરંતુ કાળક્રમે પૈસા ક્યાં વપરાઇ ગયા એ ખબર જ ના પડી પણ અમે આજની તારીખે એ જ બાબતોથી વંચિત છીએ. રસ્તાઓ માટે મેં શ્રી નીતિનભાઇને ઘણી વખત કહ્યું છે. એમણે ૨૫૦ની વસતીની વાત કરી હતી પણ અમે તો ૫૦૦ની વસતીવાળા વિસ્તારની વાત કરીએ છીએ કે એ ગામને કમસેકમ એક રસ્તો આપો પણ કોણ જાણે કેમ અમારું ગામ રેવન્યુ વિલેજમાં નથી કે પછી શું મુશ્કેલી છે એ ખ્યાલ નથી આવતો. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણે ઘણા વર્ષોથી એટલે કે લગભગ ૩૦–૩૫ વર્ષ થઇ ગયા હશે પણ ગુજરાતમાં ક્યારેય રેવન્યુ વિલેજ નક્કી કરવાનું કામ કર્યું નથી. શ્રી નીતિનભાઇ તો ખૂબ હોંશિયાર છે. મારી એમને વિનંતી છે કે તમે નવેસરથી મહેસૂલી ગામો નક્કી કરો. જે ગામોની વસતી દોઢ હજારથી બે હજારની હોય એવા ગામને તમે રેવન્યુ વિલેજ જાહેર કરશો તો એ ગામનું ડેવલપમેન્ટ થશે. પીવાના પાણીની પણ આ વખતે ઉનાળામાં ખૂબ મુશ્કેલી પડી. રસોડામાં નળથી પાણી ન મળી શક્યું. 'નલ સે જલ' આપણે ગમે તે રીતે પાણી જોઇએ છે. પાણી કેમ કરીને મેળવવું. પાણીના તળ દિવસે–દિવસે નીચે જતા

જાય છે. અમારા વિસ્તારમાં ૪૦૦ ફૂટ નીચે પાણીના તળ ગયા છે. જ્યારે મહેસાણા જિલ્લામાં એ એક હજાર ફૂટ નીચે ગયા છે. આ પરિસ્થિતિ કેમ ઊભી થઇ, કયા સંજોગોમાં આવું ડેવલપમેન્ટ થયું છે. ભૂતકાળમાં એટલી બધી ક્રાઇસીસ નહિ હોવા છતાં ડેમો અને તળાવો બનાવવામાં આવ્યા હતા અને એના દ્વારા પાણીનો સંગ્રહ કરવાનું આયોજન કર્યું હતું. પરંતુ છેલ્લા ૨૪ વર્ષથી ભાજપની સરકાર આવી છે એણે આ જ કામ કરવાની જરૂર હતી એના બદલે એમણે આઇડિયા બદલ્યો અને બોરી બંધ બનાવવાનું ચાલુ કર્યું. એના લીધે પરિસ્થિતિ એ ઉભી થઇ કે બોરીબંધ રહ્યા નહિ અને એની માટી ડેમો અને તળાવોમાં ગઇ એના લીધે એમાં સિલ્ટીંગ થયું. જેથી નીચે પાણી જે પરકોલેટ થવું જોઇએ એ થયું નહિ. કોઇપણ ડેમ કે તળાવનું આયુષ્ય ૫૦થી ૬૦ વર્ષનું હોય છે એ પછી એમાં સિલ્ટીંગ થવાને કારણે પાણી તળમાં ઉતરતું નથી અને આજુબાજુના વિસ્તારમાં પાણીના તળ ઊંડા ચાલ્યા જાય છે. તેથી આવા જે ડેમો અને તળાવો છે એ બધાને એકી સાથે સરફેશ વોટર રોકવું પડશે નહિ રોકીએ તો મુશ્કેલી ઊભી થશે. એના માટે જે જૂના ડેમો તળાવો આવેલા છે એમાં ફરી પાછું ખોદાણ કરી માટી કાઢવી પડશે એમાં બોર કરીને પણ અંદર જમીનમાં પાણી ઉતારવું પડશે. જો આ પ્રમાણે નહિ કરીએ તો પાણી દરિયામાં વહી જશે.

અમારા વિસ્તારનું ડેવલપમેન્ટ કેમ નથી થયું એના પણ કારણો છે. અમારા મંત્રી છે. અમે છેલ્લા ઘણા સમયથી જોઇ રહ્યા છીએ એની પાસે થોડુંક જ બજેટ આવે છે. ગયા વર્ષે ૨૨૨૦ કરોડ રૂપિયાનું હતું જ્યારે આ વર્ષે ૨૪૮૧ કરોડ છે એટલે આ જે બજેટ છે એ ફક્ત સ્કૂલો આવેલી છે એ રેસીડેન્સ શાળાઓ આવેલી છે, જે છાત્રાલયો આવેલા છે એ આશ્રમ શાળાઓ આવેલી છે એના કર્મચારીઓના પગાર પાછળ વપરાય જાય છે એના લીધે મંત્રીશ્રીને વિકાસ કરવા માટે એનું આયોજન કરવા માટે કોઇ પૈસા બચતા નથી. માનનીય શ્રી નીતિનભાઇને વાત કરવી છે, માનનીય શ્રી સુખરામભાઇએ વાત કરી એ મુજબ આદિજાતિ વિસ્તારના વિકાસનું આયોજન કરવાનું કામ છે એ અમારા મંત્રીશ્રીને આપો. જેથી આ વિસ્તારોમાં શું જરૂરિયાત છે એ મુજબના કામો થઇ શકે. અત્યારે આદિવાસી વિસ્તારનો વિકાસ માટે ઓછા પૈસા મળે છે એના બદલે નોન ટ્રાયબલ વિસ્તારના વિકાસ માટે વધુ પૈસા મળે છે એના કારણે અમારા પૈસાનું ડાયવર્ઝન ખૂબ થાય છે. સન ૨૦૦૯થી અમારે ત્યાં નવું હેડ શહેરી વિકાસ દાખલ કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારમાં અમારી વસતિ નથી. અમે છૂટાછવાયા રહેવા ટેવાયેલા છીએ અને રહીએ છીએ. ગુજરાતમાં ૯૦ લાખની વસતિ છૂટી છવાઇ છે. ટ્રાયબલના પૈસા બીજે જતાં રહે છે એ રોકવાની જરૂર છે અને આ હેડ છે એ જ બંધ કરવાની જરૂર છે. સન ૨૦૦૯માં આ ચાલુ કરવામાં આવેલ હતું. ત્યારે ૬૦ લાખની ફાળવણી કરી હતી એ ગયા વર્ષે ૫૫૦ કરોડ અને આ વર્ષે રૂ.૭૮૬ કરોડ આદિવાસીઓના નામે શહેરોમાં જાય છ એ બંધ કરવા જોઇએ. એ જ રીતે નર્મદા નિગમને શેર મૂડી ફાળો આપે છે એ પણ બંધ કરવાની જરૂર છે. કારણ કે આદિવાસી વિસ્તાર સુધી એનો ફાયદો મળતો નથી. શરૂઆત કરી ત્યારે રૂ.૩૦૦ કરોડ પછી રૂ.૭૦૦ કરોડ કયાંક રૂ.૫૦૦ કરોડ ટ્રાયબલના પૈસા જતાં રહે છે તેથી અમારો વિસ્તાર વિકાસથી વંચિત રહે છે. માનનીય નાણા મંત્રીશ્રી આમાં થોડુંક આપે અને અમારી ગ્રાન્ટ છે એ મંત્રીશ્રીના હવાલે કરવામાં આવે અને એમને આયોજન કરવા દેવું જોઇએ. એમને જો આ રીતે મદદ કરવામાં આવશે તો અમારા ટ્રાયબલ વિસ્તારનો વિકાસ સારો થઇ શકશે. અત્યારે જે ટ્રાયબલ બજેટ આપ્યું છે એ પણ ઘણું જ ઓછું છે. કેન્દ્રીય આયોજન પ્રમાણે ટ્રાયબલ બજેટ ૧૭ ટકા હોવું જોઇએ એવું એમણે જણાવેલ છે. હવે નીતિ આયોગ પ્રમાણે ૧૭.૯૭ ટકા એટલે સાહેબ, રૂ.૩૫૯૦૦ કરોડ બજેટ હોવું જોઇએ. જ્યારે અમને મળે છે રૂ.૧૪૫૮૧ કરોડ. તો આ ૬.૬ ટકા જેટલું જ બજેટ આવે છે. વસ્તીના ધોરણે અમને બજેટ ફાળવો અને અમારા હસ્તક અને અમારા વિભાગ હસ્તક મૂકો એટલી જ મારી મંત્રીશ્રીને વિનંતી છે. બીજું સાહેબ, અમારા વિસ્તારમાં શિક્ષણની પણ બહુ મુશ્કેલી છે. અમારા વિસ્તારમાં મારા પોતાના ભીલોડા તાલુકાના વિસ્તારની વાત કરું તો શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ આગળ હતો એના કારણે અમે ભણી શક્યા. પણ આજે પરિસ્થિતિ ખૂબ ખરાબ છે. આજે પ્રાથમિક શાળામાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો નથી, સાહેબ. અને લીધે છોકરાઓ જ્યારે ૧૦ અને ૧૨માની એકઝામ આવે છે ત્યારે કયાંક એનું ૩૦ કે ૪૦ ટકા આવી જાય છે અને છોકરાઓ રખડી જાય છે. બીજો માંડ માંડ જ્યારે કોલેજમાં જાય છે, આજનો અમારો બીજો પ્રશ્ન છે, સાહેબ, અમારે ત્યાં સરકારી એક પણ કોલેજ નથી, મેં મંત્રીશ્રીને પણ જાણ કરી હતી, એક પણ સરકારી કોલેજ નથી અને જે પ્રાઇવેટ કોલેજ ચાલે છે તે બે જ વિષયો ભણાવે છે ગુજરાતી અને ઇકોનોમિકસ! અમારું ભાવિ કયાં? કેવી રીતે આગળ વધશે? મારી મંત્રીશ્રીને વિનંતી છે કે કમસે કમ એક કોલેજ આપો. આર્ટસ, કોર્મસ કે સાયન્સ કોલેજ આપો. બીજું, અમારા વિસ્તારમાં કોઇ યુનિવર્સિટી નથી, તેના કારણે અમારે તમારા વિસ્તાર છે કે પાટણમાં આવવું પડે છે. અમને તો ગાંધીનગર નજીક પડે તેના કરતાં તો અમને આગામી દિવસોમાં એક યુનિવર્સિટી તો આપો. આટલા વર્ષોથી સાહેબ વાયબ્રન્ટ ગુજરાત ચાલે છે અને ઉદ્યોગો માટે તમે ખૂબ પ્રયત્નો કરો છો, પણ એક પણ ઉદ્યોગ અમારા વિસ્તારમાં આવતો નથી. મારી વિનંતી છે કે આવા ઉદ્યોગો અમારા વિસ્તારમાં આવે તેમ કરો. કૃષિમાં સાહેબ, ખેડૂતોને શું જોઇએ છે! એમને પાણી, સસ્તું બિયારણ અને ખાતર જોઇએ છે. આપણને હમણાં ખબર હશે કે ડી.એ.પી ખાતર ૫૦૦ થી ૯૦૦ ગ્રામ ઓછું હોય છે અને કોઇ મંત્રીએ એવું કહ્યું કે આ તો ભેજવાળું હતું તેના કારણે વજન ઘટયું, સાહેબ, મંત્રીશ્રી પોતે ખેડૂત હોય એટલે ખબર હોય કે જ્યારે ભેજ મળે ત્યારે એનું વજન વધે, ઘટે નહીં, એ વજન વધે અને ખાતર ઓગળી જાય, આ બાબત નાની બાબત છે છતાં એમને ખ્યાલ હોવો જોઇએ. આ તો ચોક્કસ કોઇ કૌભાંડ છે. ખરેખર જે કોઇ જવાબદાર હોય એની તપાસ થવી જોઇએ અને પકડવા જોઇએ. ખાસ ખેડૂતો માટે કહેવું છે કે હવે ખેતી કરવી એ પોષાતી નથી, એમને પોષણક્ષમ ભાવ મળતા નથી. તમે જે ટેકાના ભાવ નક્કી કરો છો, એ ટેકાના ભાવ બજારમાં જે ભાવ છે તેનાથી કદાચ ઓછા પણ હોય. આના લીધે ખેડૂતને પોષાતું નથી. સાથે સાથે એમાં મજૂરી કરવી પણ પોષાતી નથી, એટલે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે હવે નવી ટેકનોલોજી આવી છે,

ઇઝરાઇલની ઘણી બધી ટેકનોલોજી છે, એક જ વ્યકિત ખેતી કરી શકે તેવી નવી ટેકનીક, માણસો વગર પણ ખેતી થઇ શકે તેવી ટેકનીક એવી ટેકનીકો લાવો, એના માટે પ્રોસેસ કરો અને ટેકનોબેઇઝ યુનિવર્સિટી નાંખો એવી મારી વિનંતી છે.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ પર મારા વિચારો રજૂ કરું છું. સાહેબ મારે શકિતની વાત કરવી છે. એવી શકિત કે જે આખા વિશ્વની અંદર અલગ- અલગ દેશ, અલગ ધર્મ, જ્ઞાતિ, જાતિના લોકો અલગ અલગ ઉંમરના લોકોને જે એક કરી શકે એવી કઇ શકિતઓ છે. એવી શકિતઓ છે યોગ, રમતગમત, કલા, સંગીત, આ તમામ વસ્તુઓ જેમાં વણાયેલી છે એવો આપણો રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ છે, જેમાં અધ્યક્ષશ્રી, આપ પણ મંત્રીશ્રી રહ્યા છો. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે અને જેમ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવાએ થોડીવાર પહેલાં કહ્યું કે ખૂબ માનવતાભર્યું જેમણે આ બજેટ રજૂ કર્યું છે એવા આપણા નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આ વિભાગ માટે ૫૭૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

સાહેબ, યુગો યુગોથી ચાલતો આવતો આપણો યોગ એ ઘણા વર્ષો પહેલાં એકદમ ઓછો થઇ ગયો હતો, લુપ્ત થવાની કગાર પર હતો, ત્યારે આપણા વડાપ્રધાન જ્યારે પણ ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા હતા ત્યારે આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે યુનાઇટેડ નેશન્સ અંદર એક દરખાસ્ત કરી કે યોગને વિશ્વ લેવલે આપણે આગળ લાવવો જોઇએ. એ દરખાસ્ત મંજૂર થઇ અને ૨૦૧૫ની અંદર વિશ્વ યોગ દિવસ ૨૧ જૂનથી લોકો મનાવવા માંડ્યા. ત્યારે આ દિવસ ભવ્યતાથી મનાવવામાં આવ્યો છે અને આખા વિશ્વની અંદર અસંખ્ય દેશો આની અંદર ભાગ લેતા હોય છે અને અલગ અલગ રીતે ઇનોવેટીવ રીતે ભાગ લેતા હોય છે, પછી પાણી હોય, જમીન હોય, હવા હોય, આપણે બધી જ રીતે એ લોકોને યોગ કરતા જોયા છે. ત્યારે આપણી જે આ ધરોહર છે, આપણી આ જે સંસ્કૃતિ છે તેને આખા વિશ્વ ફલક ઉપર માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઉજાગર કરી છે એવા મહાન વિચારો વાળા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે. બીજી એક એવી વાત હતી સાહેબ, કે રમત ગમતમાં એવું હતું કે એશિયાડમાં કે ઓલિમ્પિકની અંદર, ઓલિમ્પિકની અંદર રણકાર થતો હતો કે લેટ ધ ગેઇમ બિગિન, કયારેય પણ આપણને એવું નહોતું જોવા મળતું કે ગોલ્ડ મેડલ હોય, સિલ્વર મૉડેલ હોય કે બ્રોન્ઝ મેડલ હોય ત્યાં ભારત પહોંચ્યું હોય, અને એ માટે થઇને ગુજરાતની અંદર તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબ હતા ૨૦૧૦માં અને ખેલ મહા કુંભ એમણે રચ્યો અને જ્યારે ગામે ગામ જઇને નાનામાં નાના છેવાડાના માણસો- રમતવીરો હોય તેવા લોકોને તૈયાર કરવામાં આવ્યા, ગુજરાતથી મોકલવામાં આવ્યા અને મને ખૂબ ગૌરવ થાય છે એ કહેતા કે ગુજરાતની એક દીકરી સરીતા ગાયકવાડ મેડલ જીતીને આવી છે, એવા ઘણા બધા રમતવીરો છે, હરમીત દેસાઇ જેણે ટેબલ ટેનીસમાં કે પછી કુમારી અંકીતા રૈના ટેનિસમાં, માનવ ઠક્કર ટેબલ ટેનિસમાં, મુરલી ધાવીત એથ્લેટીકસમાં, આવી રીતે અસંખ્ય લોકો જઇને ભારતનું નામ અને આપણા ગુજરાતનું નામ વિશ્વ ફલક ઉપર રોશન કરી રહ્યા છે. મને એ કહેતા ખૂબ આનંદ થાય છે કે, જમીન, પર્વત, દરિયાઇ અને હવાઇ જેવી સાહસિક પ્રવૃતિઓ માટે આર્થિક સહાયની યોજના અંતર્ગત ઇન્ડિયન માઉન્ટેનિયરીંગ ફાઉન્ડેશન, નવી દિલ્હી દ્વારા ગુજરાતના યુવાનો હિમાચલ પ્રદેશના માઉન્ટ હનુમાન ટીમ્બા ખાતે ટ્રેઇનીંગ કમ એકસ્પેડેશનનું આયોજન કરેલું હતું. જેમાં ૨૪ દિવસ સાહસિક કાર્યક્રમો થયા અને ગુજરાતના ૧૭ પર્વતારોહકોને પસંદ કરીને મોકલવામાં આવ્યા હતા. અને એની અંદર મારા સાબરકાંઠા જિલ્લાના શ્રી મેહુલ જોષીને એવરેસ્ટ શિખર સર કરવા બદલ ૧૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. સાહેબ, આ એક શક્તિની વાત થઇ તે યોગની વાત. એક શક્તિ હતી રમત ગમત શક્તિ અને એક જબરજસ્ત શક્તિ કહેવાય. એવી શક્તિ સંગીતમાં પણ સમાયેલી છે અને એમાંનો એક બીજો વિભાગ એ પણ છે કે જેમાં ગુજરાત નાટય સંગીત નાટક અકાદમી જે પણ આમાં સમાયેલો છે. સંગીતની વાત કરું તો એની શક્તિનું એ રીતે એકઝામ્પલ આપી શકીએ કે જ્યારે તાનસેનને લાગેલી અગન માટે જ્યારે એમણે દિપક રાગ ગાયો હતો. ''તું દિપકની ચીનગારી, અગન પછેડી ઓઢાડી જો ચિતાને શણગારી'', આ જ્યારે એમણે ગાયું ત્યારે એમના અંતરમાં અગન લાગી હતી. હવે આ અગનને જો બીજો કોઇ રાગ બૂઝાવી શકે તો તે મેઘ મલ્હાર હતો. અને એ અગનને વડનગરની તાનારીરી જ બૂઝાવી શકતી હતી. એ જ વડનગર કે જ્યાંના આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે અને ત્યારે તાનારીરીએ જ્યારે ગાયું કે ''ગરજ ગરજ બરસો...ગરજ ગરજ બરસો...જલ રે....'' અને ત્યારે આ સંગીતની શક્તિથી તાનારીરીએ તાનસેનની એ આગ બૂજાવી હતી. ત્યારે આ બધી જ શક્તિઓ જ્યારે ભેગી થાય છે ત્યારે આ રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ થાય છે અને એને માટે આપણી ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું કે એટલી બધી સરસ રીતે યોજનાબદ્ધ રીતે એને બજેટમાં પૈસા આપવામાં આવે છે. ખૂબ ખૂબ આભાર.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ વર્ષ ૨૦૧૯-૨૦નું બજેટ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. અને મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી જળ સંપતિ વિભાગ એ ખૂબ જ મહત્વનો વિભાગ છે. ગયા વર્ષે આપણા રાજ્યમાં ઓછો વરસાદ થવાને કારણે સરકાર માટે અને આ વિભાગ માટે ખૂબ ચિંતાનો વિષય હતો. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીના વહીવટના કારણે ઓછા પાણીના જથ્થામાં પણ સારું પ્લાનિંગ થવાને કારણે ખેડૂતો માટે તથા પીવાના પાણી માટેની સુવિધા આમ જનતાને આપવાનો વિભાગે જે પ્રયત્ન કર્યો છે તે માટે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના બંધોની જાળવણી, હયાત નહેર, માળખાની સુવિધા, સુધારણા અને સહભાગી સિંચાઇ વ્યસ્થાપન માટે રૂ.૭૧૫૭ કરોડની જોગવાઈ કરી છે. ગયા વર્ષે જે વરસાદ ઓછો થયો ત્યારે સરકારે ખૂબ ચિંતા પણ કરી. નર્મદા યોજના જે આપણાં રાજ્યની જીવાદોરી છે અને આ વર્ષે સરકારના ખૂબ પ્રયત્નોથી સિંચાઇની વ્યવસ્થા થઇ છે.

કેનાલની વ્યવસ્થા થઇ છે. મારા વિસ્તારમાં, સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય, કડાણા પાઇપ લાઇનની બાબત હોય. એવા વિસ્તારોમાં પણ આ સરકારે પીવાના પાણી માટે ખૂબ કામ કર્યું છે. આપણે જાણીએ છીએ. પહેલાંના વખતમાં ટેંકર રાજ હતું. કોંગ્રેસના વખતમાં જ્યારે શ્રી અમરસિંહભાઇ ચૌધરી અહીંના મુખ્યમંત્રી હતા, તે વખતે અમે સરકારી નોકરી કરતા હતા અને છાપામાં વાંચતા હતા કે આ વિસ્તારમાં ટેંકરથી પાણી પૂરું પાડતા હતા. આદિવાસી સમાજમાં હોય, ડુંગરાળ વિસ્તાર હોય, ૧૦૦ ઘરોની વસતિ હોય ત્યારે હેન્ડપંપ મળતો હતો. એક હેન્ડપંપ બનાવે અને બહેનો બિચારી પહાડી વિસ્તારમાં જઇને પાણી ભરી લાવે આવી પરિસ્થિતિ હતી. પણ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ આવ્યા. મારે યાદ કરાવવું છે. વનબંધુ કલ્યાણ યોજના લાવ્યા. તેમણે કહ્યું હતું કે રૂ. ૧૫ હજાર કરોડની આ યોજનાથી આદિવાસી વિસ્તારમાં વિકાસના કામો થશે. આદિવાસી વિસ્તારોની અંદર ઉત્તર ગુજરાત હોય, દક્ષિણ ગુજરાત હોય તેમાં આજે પીવાનું પાણી મળે છે. મોટી મોટી યોજનાઓ થાય છે. સિંચાઇની યોજનાઓ થાય છે. આ કોંગ્રેસવાળાને દેખાતું નથી. મારા વિસ્તારની વાત કરું. ૪૮ વસાહતો નર્મદા યોજનાની આવી છે. શ્રી પી.ડી. વસાવા સાહેબ સવારે વાત કરતા હતા. શ્રી સુખરામભાઇ વાત કરતા હતા. શ્રી લલિતભાઇ પણ વાત કરતા હતા. સૌરાષ્ટ્રના ડેમો, નર્મદા માતા. શ્રી નરેન્દ્ર મોદીના પગલાં સારા પડ્યા. આખા ભારત દેશમાં અને આ વિસ્તારમાં જે કામ થયું છે. તમોને દેખાતું નથી અને બીજી વખત તમને ઘેર બેસાડી દીધા. હજુ પણ તમને સમજ ન પડતી હોય તો અમે શું કરીએ? હજુ કંઇ બચ્યા હોય તો આવો, નહીં તો પછી મંજીરા વગાડો. મારા વિસ્તારમાં વસાહતો આવી છે અને એ વસાહતોના પ્રશ્નો માટે અમારા શ્રી ગણપતભાઇ વસાવા, અમારા બાપુ લોકો સાથે બેઠાં. આ ડેમ બનાવવામાં જેમણે ભોગ આપ્યો એવા લોકો સાથે બેઠાં અને તેમના પ્રશ્નો સાંભળ્યા અને અમારા શ્રી નીતિનભાઇ સાહેબે બજેટ આપ્યું. એ રામ લખનની જોડી અત્યારે ગુજરાતમાં છે ત્યાં લગી તમારો મેળ પડવાની નથી. બાકી કેનાલની વાત હોય, નર્મદામાંથી મારા વિસ્તારમાં ૪૦ કરોડની યોજના બની છે. ૬૮ગામો, ૯૬ ગામો. મારા વિસ્તાર માટે મુખ્યમંત્રીશ્રીને, શ્રી નીતિનભાઇને અભિનંદન આપવા છે કે ડુંગરાળ વિસ્તાર છે. મુદ્દાની વાત તમે સાંભળો. જે જંગલના ગામો છે, શ્રી સુખરામભાઇના વિસ્તારને અડીને આવેલો મારો વિસ્તાર છે, મહારાષ્ટ્રની બોર્ડર વિલેજના ગામો છે, એ વિસ્તારમાં ગયા વર્ષે ૧૨૦ હેન્ડપંપ જે.સી.બી.થી ધક્કો મારીને ઉપર લઇ ગયા અને આદિવાસી પ્રજાને પાણી આપ્યું. આ પાણીદાર સરકાર છે. તમારા વખતમાં પાણીની મુશ્કેલી પડતી હતી.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અને ગૃહ ખાતામાં મારે મારી વાત રજૂ કરવી છે. મારા સૂચનો છે. સાહેબ, અત્યારે અમારે ત્યાં દુષ્કાળ છે અને ૧૯૪ રૂપિયા સ્વરોજગારમાં જે મજૂરી ચાલે છે એ સો રોજગાર સો દિવસના પૂરા થઇ ગયા છે, એ ૫૦ દિવસ ખાસ વધારવામાં આવે. કારણ કે એ માટી ઉપાડી અને માંડ માંડ રોજીરોટી મેળવતા હોય તો અત્યારે રોજગારી નથી તો એમાં ૫૦ રોજ વધારવામાં આવે. ૧૯૪ રૂપિયા જે મજૂરી છે એ મજૂરી થોડીક વધારવામાં આવે. કારણ કે બધાના પગાર વધારે છે તો આ મજૂર છે જે માથે માટી ઉપાડે છે તો એની મજૂરી વધારવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, ૫૦ દિવસ વધારી આપો એમ કહે છે. એમની વિનંતી છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : બીજું સાહેબ, ઘાસચારો અને પાણી ખૂબ આપ્યું છે એ બદલ સરકારશ્રીનો આભાર માનું છું. પણ અત્યારે વરસાદ નથી પડયો અને સબસિડી ઘટાડી છે તો થોડીક સબસિડી વરસાદ પડે ત્યાં સુધી વધે તો આ પશુઓ બચી જાય અને આપને પણ આશીર્વાદ મળે એવી વિનંતી છે. આ ઉદ્યોગવાળા કંઇ રોજગારી આપતા નથી એટલે આ ખાસ કરો. બીજું, આ રખડતા ઢોર છે એ ફરજિયાત પાંજરાપોળમાં જો લઇ લે તો આ અકસ્માત જે થાય છે એ પણ ના થાય. અમારો બોર્ડર વિસ્તાર છે, ટ્રાયબલ એરીયા જેવો અમારો એરીયા છે તો નર્મદાનું પાણી ખેડૂને મળે એવી વિનંતી છે. બીજા જૂના કૂવા જે છે તળાવના એ જૂના કૂવા જો થોડા થોડા ઊંડા કરવામાં આવે, રીપેરીંગ કરવામાં આવે તો સારું. એમાં પચાસ હજારથી લાખ રૂપિયા થઇ જાય તો કુદરતી વરસાદ ન પડે તો એ ઢોરાને નહાવા ધોવા માટે તો પાણી થઇ જાય તો સારું રહે. બીજું સાહેબ, નારાયણ સરોવર કોટેશ્વર છે, તીર્થધામ છે એમાં ખાલી દસ લાખ લિટર પાણી મળે તો એ તળાવ ભરાઇ જાય અને જે માણસો તીર્થ કરવા આવે છે એ પાણી નથી એટલે પાછા જાય છે. ત્યાં ખાસ પાણી ભરાય અને બાજુમાં માછીમારો છે ત્યાં નાનો બેટ બને એમ છે તો માછીમારો મંદિર આગળ માછી મારી ન કરે, બાજુમાં બને તો હિન્દુ સમાજને દુઃખ ન લાગે, એ કરવા વિનંતી છે. અમારા ૪૪૪ ગામમાં એ.પી.એમ.સી. માર્કેટ નથી તો એ.પી.એમ.સી. ખેડૂત માટે ૪૪૪ ગામમાં એક થાય એવી વિનંતી છે. અત્યારે સરકાર લાઇટના ખૂબ કનેકશન આપે છે. ૧૪હજાર કનેકશન મારા ૪૪૪ ગામમાં છે પણ એમાં લો વોલ્ટનો પ્રોબ્લેમ છે, એના લીધે ખેડૂતોની મોટર બળી જાય છે તો એના માટે સબ સ્ટેશન કોઠારા, જખૌ, નારાયણ સરોવર અને રવાપીટીયાળી એ ચાર ગામો છે. નલીયા સબ સ્ટેશન બને તો મોટરને નુકસાન ન થાય. એના સિવાય પવનચક્કી નાખવા માટે મોટા વાહનો આવે છે, એ ખેડૂતના સર્વે નંબર જે એની આકારણીમાં નાખે છે, ખેડૂતોની જે જમીનમાં સરવે થયેલ છે એ અંગે ખેડૂતોની પરવાનગી લેતા નથી અને દાદાગીરી કરે છે. અદાણી કંપની જેવી મોટી મોટી કંપની છે તો ખેડૂતોને પૂરું વળતર મળે એવી નમ્ર અપીલ છે. બીજું, બોર કરે તો ખેડૂતોને લાભ મળે. લાઇટ મળે પણ એ કહે કે પહેલા બોર કરો, બોર પહેલા કરી નાખીએ અને કનેકશન મોડું મળે તો બોર ચોકઅપ થઇ જાય છે. ખરેખર કનેકશન મળી જાય પછી બોર કરવાનો આગ્રહ થાય એવી વિનંતી છે. બે ગુંઠા જમીન ખેડૂતને તાત્કાલિક મળે એવી પણ વિનંતી છે. બીજું, શ્રી જવાહર ચાવડા સાહેબ, આપની

પાસે અત્યારે ખાતું છે તો અમારું ધાર્મિક સ્થળ છે. પૂર્ણેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર થાય તો સારું. અત્યારે કોઇપણ કામ શરૂ નથી. અત્યારે ગામડામાં કોઇ જમીન કિંમતી નથી. પોતાના ખળાવાડમાં, વાડામાં કે વાડીમાં મકાન બનાવેલા છે એ મકાનમાં સરકાર પાણી આપે છે, લાઇટ આપે છે, ગટર આપે છે, રોડ આપે છે, નિશાળ આપે છે, આંગણવાડી આપે છે પણ એ આકારણીએ ના ચડે તો સરકારને પંચાયતની આવક ન થાય. મકાન બનાવવાની માનનીય વડાપ્રધાનશ્રીની ચિંતા છે, મુખ્યમંત્રીશ્રીની ચિંતા છે, તો આટલા કરોડો રૂપિયા સરકારના પણ બચી જાય. જી.એમ.ડી.સી.એ ત્યાં હાઇસ્કૂલો કરી છે. મારા ૪૪૮ ગામમાં ગ્રાન્ટેબલ એક પણ સ્કૂલ નથી. એક વિરાણી ગામે હાઇસ્કૂલ બને એવી મારી વિનંતી છે. બીજું, કે અનુસૂચિત જાતિમાંથી અમારા કોળી સમાજને કાઢી નાંખવામાં આવ્યો છે. પારધી ભીલ, વાઢા સમાજ કે જેઓ કલરનું કામ કરે છે, ગાડલિયા સમાજ, ભટ્ટ કે જેઓ ચોપડા વાંચે છે એને કાઢી નાંખવામાં આવ્યા છે આ બધા સમાજને અનુસૂચિત જાતિમાં ફરીથી લેવામાં આવે એવી વિનંતી છે. બી.પી.એલ. યાદીમાંથી પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડમાંથી નામ કાઢી નાંખવામાં આવ્યા છે એને ફરીથી દાખલ કરવામાં આવે તો એમને રેશન મળી રહે એવી મારી વિનંતી છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય છે બ્લૂ રિવોલ્યુશન મત્સ્યોદ્યોગ. આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી લઇને મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપતા આવ્યા છે. ગુજરાત રાજ્યમાં ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો આવેલો છે ત્યારે દેશના પાંચમાં ભાગનો દરિયા કિનારો આપણા ગુજરાત રાજ્યનો છે. આ દરિયા કિનારા આધારિત કેટલાક ગામડાં માછીમારી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. મને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે મારો જે મત વિસ્તાર છે તેમાં સૌથી વધારે આ મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ સાથે લોકો જોડાયેલા છે. હું પણ એ જ સમાજમાંથી આવું છું ત્યારે મને એ વાત કહેવાનું મન થાય છે કે આ મત્સ્યોદ્યોગ એવો વ્યવસાય છે કે અશિક્ષિતથી લઇને શિક્ષિત લોકો અને મહિલાઓથી લઇને યુવા ધન આ પ્રવૃત્તિ સાથે જોડાતા જાય છે. મારે કહેવું છે કે મારા વિસ્તારમાં પહેલાના સમયમાં જે બહેનો નાની ઉંમરમાં વિધવા થઇ જતી હતી અને દારુ ગાળવા સિવાય એમની પાસે કોઇ વિકલ્પ રહેતો ન હતો તે પણ આ ધંધો છોડીને મત્સ્યોદ્યોગ સાથે જોડાઈ રહી છે એનો મને આનંદ છે. મારે આ સભાગૃહને કહેવું છે કે આ ઉદ્યોગમાં સૌથી વધારે વિદેશી હૂંડિયામણ ઊભું થાય અને ગુજરાત સરકારને સૌથી વધારે રેવન્યુ ઊભી થાય એવી શક્યતા છે ત્યારે મારા વિસ્તારમાં જે ખારો પાટ જમીન છે કે જેમાં કોઇપણ જાતની ખેતી કે કોઇપણ જાતનો પાક લઇ શકાતો નથી ત્યારે મારી આ સભાગૃહના માધ્યમથી સરકારને અરજ છે કે આવી જેટલી પણ જગ્યાઓ છે તે ગામના લોકોને સરખા ભાગે વહેંચી આપવામાં આવે તો રોજગારીનો એક મોટો વિકલ્પ મળી શકે છે. મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે જો ચોખાની ખેતી કરીએ તો ૭ લિટર પાણી જોઇતું હોય છે અને ઝીંગાની ખેતી કરીએ તો માત્ર ૧ લિટર પાણી જોઈતું હોય છે. ચોખામાં મીઠું પાણી જોઈતું હોય છે જ્યારે આમાં દરિયાનું ખારું પાણી જોઈતું હોય છે. આનાથી જે તળાવો બનાવવામાં આવે છે એના ઉપર કોઇપણ જાતનું પાકું બાંધકામ થતું નથી. માટીના પાળા બનાવીને તળાવો કરવામાં આવે છે. માછીમારો વર્ષમાં બે પાક લે છે. વર્ષમાં ૧૨૦ દિવસનો એક પાક થાય છે અને બાકીના સમયમાં એ તળાવો ખાલી પડે છે. મારે આ સભાગૃહને જણાવવું છે કે ઝીંગા તળાવના ઉછેરથી નવસારી, નિઝર અને વલસાડ આ ત્રણ જગ્યામાંથી સૌથી વધારે ૨૦૦૦ કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ આ સરકારમાં આવે છે. હું આ સભાગૃહને નમ્ર વિનંતી કરવા માગું છું કે, જેમ બીજા રાજ્યોમાં આને ખેતી ગણવામાં આવે છે તે રીતે મત્સ્યોદ્યોગને ખેતી ગણવામાં આવે. આંધ્રપ્રદેશ, ગોવા અને મહારાષ્ટ્રમાં હાઇકોર્ટે ઓર્ડર આપેલ છે કે, આને મત્સ્યોદ્યોગમાં સમાવિષ્ટ કરવામાં આવે અને વીજળીના દર ઘટાડવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહને જણાવવું છે કે, જે એમની પાસે ૮૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે અને આપણી પાસે ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે. વીજળીનો દર ઓછો હોવાના કારણે આખા ભારતનું ૭૦% વિદેશી હૂંડિયામણ એ લોકો મેળવી શકે છે. જો આપણે પણ આને પ્રોત્સાહન આપીએ તો આપણે પણ સારું એવું વિદેશી હૂંડિયામણ ઊભું કરી શકીએ એમ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ દર ઓછો હોવાના કારણે આપણને જે સીડ્સ, બચ્ચાં લેવામાં આવે છે તો એ ૩૦ પૈસામાં આંધ્રમાં મળે છે ત્યારે અહીંયાં ૭૦ પૈસામાં મળે છે. એ જ રીતે ફીડમાં પણ એટલો જ તફાવત આવે છે. જે ફીડ ૬૫ રૂપિયામાં આંધ્રમાં મળે છે એ રૂ.૮૫માં એ અહીંયાં ગુજરાતમાં મળે છે. એ જ રીતે આપણે ઝીંગાના વેચાણ કરીએ છીએ તેમાં પણ એટલો જ તફાવત આવે છે ત્યાં રૂ.૪૫૦ રૂપિયે કિલો મળે છે અને અહીંયાં ૪૦૦ રૂપિયે કિલો મળે છે. એટલે આટલો તફાવત આવવાના કારણે માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં નાયબ મુખ્યમંત્રીશ્રીને અને શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને નમ્ર અરજ કરું છું કે, એના જો વીજના દર ઘટાડવામાં આવે તો નાનામાં નાના લોકો આની સાથે જોડાયેલા છે, ઓ.બી.સી. સમાજ છે, એસ.ટી. સમાજ છે એટલે ઘણાં સમાજો એવા છે કે જે આમાં જોડાતા જાય છે તો આના માટે એક સારો એવો રાહતનો દર કરશો. એજ રીતે મારે સભાગૃહને કહેવું છે કે, મહારાષ્ટ્રમાં વસઇમાં આવેલી પાપલેટ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. આપણે ત્યાંની પોરબંદરની સગર પાપલેટ પણ એટલી જ પ્રખ્યાત છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઝંખનાબેન આપનું વકતવ્ય પૂરું થાય છે. શ્રી હર્ષ સંઘવી.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતની આઝાદી બાદ સૌ પ્રથમવાર ૨ લાખ કરોડનું ગુજરાતની અંદર આ વિકાસનું બજેટ જ્યારે રજૂ કરવામાં આવ્યું છે ત્યારે ગુજરાતના સંવેદનશીલ અને કર્મઠ શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની જોડીને જેટલી વધાવીએ એટલી ઓછી છે. ઘણાં વર્તમાન પત્રોમાં આ જોડીને જય-વીરુની જોડી તરીકે બિરદાવે છે ત્યારે એક બાજુ સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ તો બીજી બાજુ કર્મઠ એવા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ધ્યાન આપજો શ્રી વિજયભાઇના નામમાંથી જય અને શ્રી નીતિનભાઇના નામમાંથી જો નીતિ લઇએ તો ગુજરાત સરકારમાં જ્યાં સુધી નીતિનો જય થશે ત્યાં સુધી ગુજરાતનો કોઇ વાળ વાંકો નહીં કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ગૃહ વિભાગને રૂ.૬૬૮૭ કરોડનું બજેટ જ્યારે આપ્યું છે અને આ ગુજરાત જ્યારે શાંતિપ્રિયના નામે ઓળખાતું હોય ત્યારે હું સુરત શહેરથી આવું છું. સુરત શહેરના લોકોએ મને યુવાન સમયે ચૂંટાઇને અહીંયાં વિધાનસભા સુધી મોકલ્યો છે. જ્યારે સુરત શહેર એ વિકાસમાં દુનિયાની અંદર આગવું શહેર ગણાતું હોય ત્યારે શાંતિ અને સલામતિના નામે ઓળખાતું મારું સુરત શહેર. મોબ લીચિંગના નામે અનેક પક્ષના લોકો દ્વારા ચોક્કસ સમાજને ગેર માર્ગે દોરીને, માનનીય અધ્યક્ષશ્રી, ધ્યાન દોરવા જેવું છે કે, ચોક્કસ સમાજને ગેરમાર્ગે દોરીને સુરતની અંદર મોબ લીચિંગના નામની એક રેલી નિકળવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જો પોલીસના જવાનો આ શહેરની સુરક્ષા માટે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બજેટની બહાર ના જાવ. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ વિષય ખૂબ મહત્વનો છે અને જ્યારે ગુહ વિભાગ ઉપર બોલવાનું હોય ત્યારે આ વિષયને મૂકવો પડે. જ્યારે કાલે શ્રી પુંજાભાઇ વંશે એમ કહ્યું કે, આ દેશના લોકો ચિંતિત છે, ડરી ગયેલા છે ત્યારે આ વિષયને સાંભળવો પડે.

અધ્યક્ષશ્રી : ગૃહ વિભાગને લઇને બોલે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મોબ લીચિંગના નામે રેલી કાઢવામાં આવે, આ પોલીસના જવાનો ઉપર પથ્થર મારવામાં આવે, ખૂબ મોટી સંખ્યામાં બસમાં પસાર થતાં લોકો ઉપર પથ્થર મારો કરવામાં આવે, કાચ તોડી નાંખવામાં આવે આ બે દિવસ પહેલાની ઘટના છે. મારા શાંતિપ્રિય સુરત શહેરની અંદર રિક્ષા સળગાવવામાં આવે. એમાં કોઇ બીજા નહતા માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાએ જ્યારે વિડિયો લીધો. પ્રજાએ જ્યારે વિડિયો લીધો એ વિડિયો વાઇરલ થયો તો કોંગ્રેસના બે કોર્પોરેટર અસલામ સાઇકલ અને ઇકબાલ બેલીમ એની અંદર પકડાયા. હું સિંહ જેવા અમારા ગૃહપ્રધાન માનનીય શ્રી પ્રદિપસિંહજીનો આભાર માનવા માંગું છું. સુરત શહેર વતી આભાર માનવા માગું છું. એક ચોકકસ ષડયંત્ર હતું. આ ચોકકસ ષડયંત્રના માધ્યમથી સુરતની અંદર આગ લગાડવાનો જે પ્રયાસ કોંગ્રેસના માધ્યમથી થયેલો હતો એ રોકવાનું કાર્ય અગર કોઇએ કર્યું હોય તો ગૃહ વિભાગે કર્યું છે. એ વિભાગનો હું આભાર માનવા માગું છું. તમામ લોકો ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય, હું માનું છું કે અનેક વિષય હોય છે. અનેક સારી ઘટના બનતી હોય છે, અનેક દુઃખી ઘટના બનતી હોય ત્યારે તમામ ચૂંટાયેલા પ્રતિનિધિની એક જવાબદારી છે કે વિભાગના કોઇ સારા કામ હોય તો આવકારવા જોઇએ. આપ બરોડાથી આવો છો. બરોડાની અંદર જ્યારે સ્કૂલવાનની હડતાલ પડી ત્યારે આ ગૃહ વિભાગે ઉત્કૃષ્ટ કાર્ય કર્યું. ઘરઘરથી લઇને સ્કૂલ ઉપર બાળકોને મૂકવાનું કાર્ય કોઇએ કર્યું હોય તો એ ગૃહ વિભાગે કર્યું છે. આ ગુજરાત કઇ રીતે ઓળખાતું હતું? આપે પણ અનેક ગુનાઓની સામે કોર્ટની અંદર લડત આપેલી છે. આ ગુજરાતને શાંત કરવા માટે આપ પણ અનેક વખત કોર્ટની અંદર લડેલા છો. ગુજરાત પહેલા કઇ રીતે ઓળખાતું હતું? અમારું સુરત મહંમદ સુરતીના નામે ઓળખાતું હતું. તમારું વડોદરા રાજુ રિસાલદારના નામે ઓળખાતું હતું અને અમદાવાદ કોના નામે ઓળખાતુ હતું? પોરબંદર કોના નામે ઓળખાતું હતું? એ ગુજરાત નહીં, આખો દેશ જાણે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આજે ગુજરાત વાઇબ્રન્ટ ગુજરાતના નામે ઓળખાય છે. ક્રિકેટની સિઝન ચાલે છે અને શ્રી પિયુષભાઇએ હમણાં જ કહ્યું કે પાંચ વિકેટ ન્યૂઝીલેન્ડની પડી ગઇ છે. આ ક્રિકેટની મેચ જ્યારે ચાલતી હોય ત્યારે મને એક વાત યાદ આવે છે. શ્રી નીતિનભાઇને અને શ્રી વિજયભાઇને જોઉં એટલે ધોની અને વિરાટ કોહલી મને યાદ આવી જાય છે. ગુજરાતમાં ઇન્ડિયા પાકિસ્તાનની મેચ યાદ કરો. જે પ્રકારે ઇન્ડિયન ક્રિકેટ ટીમે પાકિસ્તાનના સૂંપડા સાફ કરી દીધા. એ પ્રકારે આ બંનેની જોડીએ ગુજરાતમાં છવ્વીસે છવ્વીસ સીટ ઉપર કોંગ્રેસના સૂંપડા સાફ કરી દીધા. મહિલાઓની વાત હોય, બાળકોની વાત હોય, વરિષ્ઠ નાગરિકોની વાત હોય સુરક્ષા અને સલામતિ માટે સેઇફ સીડીના મોડલથી ગૃહ વિભાગે જે મોડલ તૈયાર કર્યું છે એ આવનારા દિવસો માટે ગુજરાત માટે ઉત્કૃષ્ટ મોડલ પુરવાર થશે. ગુનાઓ હવે આધુનિક થતા જાય છે એ જ પ્રકારે આપણી પોલિસ પણ આધુનિક થતી જાય છે. ગુજરાત પોલીસે આધુનિકરણમાં અનેક કાર્યો કર્યા. પરંતુ આવનારા ટાઇમમાં આધુનિકરણ માટે જે બજેટ ફાળવેલું છે એના માધ્યમથી આ ગુજરાતને સેઇફ કરવાનું ખૂબ મહત્વપૂર્ણ પુરવાર થશે. ગુજરાત વિકસિત થઇ રહ્યું છે. દેશમાં ગુજરાત હંમેશા પહેલા નંબરે રહ્યું છે અને આવનારા દિવસોમાં પણ પહેલા નંબરે રહેવાનું છે અને ત્યારે જ્યારે મેટ્રો ટ્રેનો આવે છે. ખૂબ મોટી ઇન્ડસ્ટ્રીઝ જ્યારે આવતી હોય ત્યારે ૨૪૦૦ થી વધારે નવી ભરતી કરીને પોલીસ કર્મીઓના માધ્યમથી આની સુરક્ષા માટે જે બે ટોળકી બનાવવાનું નકકી થયું હતું એ પણ આવનારા દિવસોમાં સકસેસફુલ પુરવાર થઇ શકશે. ગુજરાતની રક્ષા શક્તિ યુનિવર્સિટી. આ યુનિવર્સિટી દેશભરમાં ફેમસ યુનિવર્સિટી તરીકે ઓળખાય છે. જયાં ગુનાઓને ઉકેલવાની નવી ટેકનોલોજીથી લઇને અનેક એવા સાધનો પુરવાર થયા છે, અનેક એવી ટ્રેનિંગો પુરવાર થયેલી છે ત્યાં કે જે આવનારા દિવસોમાં દેશભરમાં એક સ્માર્ટ પોલીસને હેલ્પ કરતી એક યુનિવર્સિટી છે, જેની અંદર આધુનિકરણ માટે ૪૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે એ એક સારું પગલું છે. રાજ્યની જેલો અને કોર્ટ. આપ વકીલ તરીકે વર્ષો સુધી જ્યારે કોર્ટની અંદર ગયા છો ત્યારે આપ જાણો છો ગંભીર ગુનેગારોને જેલથી કોર્ટ સુધી ન લાવવા પડે એ માટે જે વિડિયો કોન્ફરન્સની વ્યવસ્થા કરવાનું નકકી થયેલું છે એ આવનારા દિવસોમાં એક સકસેસફુલ મોડલ તરીકે પુરવાર થઇ શકે એવું છે. હું આ આખા ગૃહ વતી શ્રી નીતિનભાઇનો પણ એટલે આભાર માનવા માગું છું કે આ દેશમાં કદાચ કોઇ એવા મુખ્યમંત્રી હશે જે

આખો દિવસ ગૃહમાં બેસીને પક્ષ હોય કે વિપક્ષ હોય તમામ લોકોની ફરિયાદ સાંભળે છે અને એનું નિરાકરણ પણ લાવે છે એ બદલ હું ગૃહ વતી એમનો આભાર માનવા માગું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને છેલ્લા સાત વર્ષથી ગુજરાતની તિજોરી ઉપર બરાબરનો પંજો જેણે લગાવ્યો છે એવા શ્રી નીતિનભાઇ ૨૦૧૯-૨૦નું જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. હમણાં જ કોઇએ કહ્યું કે કોઇ ૨૦ ની સ્પીડે ગાડી ચલાવે, કોઇ ૪૦ ની સ્પીડે ચલાવે, તો કોઇ ૬૦ ની સ્પીડે ગાડી ચલાવે. છેલ્લાં ૭ વર્ષથી શ્રી નીતિનભાઇ ગાડીને એક્સિલરેટર આપવાનો બહુ સારો પ્રયાસ કરી રહ્યા છે. એક્સિલરેટર આપે છે, પણ બીજા રાજ્યોની સરખામણીમાં જોઇએ, તો ગુજરાતનો જી.ડી.પી. બહુ ઓછો છે. હું શ્રી નીતિનભાઇ અને એમની ટીમને વિનંતી કરું છું કે ગુજરાતને જ્યારે નંબર-૧ બનાવવાની વાત કરો છો તો ગુજરાતનો જી.ડી.પી. અત્યારે ૯માં ક્રમે છે એ પહેલા નંબરે આવે. જી.ડી.પી. જોઇએ તો ઇટ ઇઝ બિલો ધેન ઓલ ઇન્ડિયા રેશિયો. ઓલ ઇન્ડિયાનો જે રેશિયો છે એના કરતા પણ જી.ડી.પી. બહુ નીચો છે. અભિનંદન શ્રી નીતિનભાઇને આપું છું. ૨૦૧૨-૧૩માં એમણે બરાબરનું એક્સિલરેટર દબાવ્યું અને જી.ડી.પી. સુધરી ૧૦.૮૪ થયો. હાલ ૧૦ વર્ષનો એવરેજ રેશિયો ૮.૭ થાય છે, એટલે વિકાસની અંદર ગુજરાતને આગળ લાવે તેવી બજેટમાં જોગવાઈ થાય અને એનું અમલીકરણ થાય તેવી વિનંતી કરું છું. માનનીય શિક્ષણમંત્રી શિક્ષણની અંદર બહુ સુધારો થાય તેના માટે મહેનત કરી રહ્યા છે. મેં અભિનંદન આપ્યા હતા. એજ્યુકેશનની અંદર અને હાયર એજ્યુકેશનમાં ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે, તેને હટાવવા માટે માનનીય મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીશ્રીએ અમારી યુનિવર્સિટી માટે પગલાં લીધાં તેને માટે અભિનંદન આપું છું. શિક્ષણમાં ભ્રષ્ટાચાર અટકે એના માટે આવા સતત પ્રયત્નશીલ રહે એના માટે વિનંતી કરું છું. માનનીય શિક્ષણમંત્રીએ રૂ.૩,૪૫,૦૦૦ કરોડની એજ્યુકેશનની અંદર જોગવાઈ કરી છે. હમણાં જ વાત થઇ કે ગાંધીજીએ કહ્યું છે કે Education system is the pillar of strong society and nation and investment in education is the best investment. શિક્ષણની અંદર રોકાણ કરવામાં આવે અને એનું બજેટ વધારવામાં આવે તો દેશને અને રાજ્યને મોટો ફાયદો થાય.

અધ્યક્ષશ્રી : દંડકજી, કંઇ ભજિયાની સુગંધ આવે છે? ભજિયા બન્યા છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : કેન્દ્ર સરકારે રાજ્યની અંદર શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય એના માટે કોઠારી કમિશનની નિમણૂક કરેલ હતી. અને કોઠારી કમિશને એવો રિપોર્ટ આપ્યો હતો કે દેશની અંદર રાજ્યોની અંદર શિક્ષણની સ્થિતિ સુધારવી હોય તો જે રાજ્યનો જી.ડી.પી. હોય એનો ઓછામાં ઓછો ૬ ટકા બજેટ એ રાજ્યે શિક્ષણને માટે ફાળવવું જોઇએ. ૨૦૦૮-૦૯થી ૨૦૧૮-૧૯ સુધીના આંકડાઓ જોવામાં આવે તો અત્યાર સુધીમાં કુલ બજેટ રૂ. ૧૨,૪૮,૬૪૧ કરોડ છેલ્લાં ૧૦ વર્ષમાં ફાળવવામાં આવ્યું. જેમાં શિક્ષણમાં રૂ.૧ કરોડ ૭૩ લાખ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. જે કુલ બજેટના માત્ર ૯ ટકા છે. છેલ્લાં ૧૦ વર્ષમાં શિક્ષણની અંદર ખર્ચ કરવામાં આવ્યો એ રેવન્યુની અંદર ખર્ચ કરવામાં આવે છે તે વધુ કરવામાં આવે છે. કૅપિટલ મૂડીમાં ખર્ચ કરવામાં આવે છે એ ઓછો કરવામાં આવે છે. છેલ્લાં ૧૦ વર્ષનો એવરેજ જોઇએ તો રૂ.૧ કરોડ ૬૧ લાખ ૮૪૯ કરોડ રેવન્યુ ખર્ચ પાછળ અને રૂ.૧૧,૨૮૭ કરોડ કૅપિટલ ખર્ચ પાછળ ખર્ચ કરવામાં આવ્યો. રેવન્યુ પાછળ ૯૩.૫ ટકા અને કૅપિટલ પાછળ ૬.૫ ટકા ખર્ચ કરવામાં આવ્યો. જો આ ખર્ચ કેપિટલમાં વધારવામાં આવે તો અત્યારે સ્કૂલોમાં હમણાં પ્રશ્નોત્તરીમાં મળ્યું કે માત્ર પાટણ, બનાસકાંઠામાં ૭૦૦થી વધુ ઓરડાની ઘટ છે. બજેટમાં કેપિટલ ખર્ચમાં વધુ જોગવાઈ કરવામાં આવે તો શિક્ષણમાં સુધારો થશે. અન્ય રાજ્યની સરખામણીમાં જોઇએ તો ૧૮ રાજ્ય કરતા ગુજરાત ૨.૩ ટકા શિક્ષણની અંદર ઓછું બજેટ ફાળવે છે. ૨૦૧૧-૧૨ માં ગુજરાતનો જી.ડી.પી. રૂ.૬,૧૫,૬૦૬ કરોડ હતો, એની સામે શિક્ષણમાં રૂ.૧૧,૭૯૭ એટલે માત્ર ૧.૯૨ ટકા ખર્ચ કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨-૧૩માં ૭ લાખ ૨૪ હજાર ૪૯૫ કરોડનો જીડીપી હતો તેની સામે માત્ર ૧૩૪૦૯ એટલે કે ૧.૮૫ ટકાનો ખર્ચ કરવામાં આવ્યો. ૨૦૧૮-૧૯માં રૂ.૧૩ લાખ ૭૬ હજાર કરોડનો જીડીપી હતો તેની સામે માત્ર રૂ.૨૪૦૯૭ કરોડનો એટલે કે ૧.૭૫ ટકાનો ખર્ચ શિક્ષણની પાછળ કરવામાં આવ્યો. આમ આઠ વર્ષની એવરેઝ જોઇએ તો ૧.૯૨ પર્સન્ટ એટલે કે કોઠારી કમિશનની ૬ ટકાની ભલામણ હતી તે ૬ ટકાથી ઓછું બજેટ શિક્ષણમાં ફાળવવામાં આવે છે. એટલે માનનીય નાણામંત્રી અને શિક્ષણમંત્રીશ્રીને મારી વિનંતી કે ભવિષ્યની અંદર આ બાબતની જોગવાઈ કરવામાં આવશે તો રાજ્યમાં શિક્ષકોની જે ઘટ છે તેમાં અને જે પ્રવાસી શિક્ષકો નિમવા પડે છે તથા ટેટ, ટાટ પાસ થયેલા વિદ્યાર્થીઓ બેકાર છે તે દરેકને રોજગારી મળશે. માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાનમાં માનનીય શિક્ષણમંત્રીનું ધ્યાન દોરવા માગું છું કે, સર્વ શિક્ષા અભિયાનની અંદર ઘણી બધી ગેરરીતિઓ થાય છે. માનનીય મંત્રીશ્રી તે બાબતે તપાસ કરવાની જરૂર છે. કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન પંદર વર્ષ પહેલાં શરૂ કર્યું હતું અને તેનો હેતુ દરેક રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધરે તે માટેનો હતો. ૨૦૦૧થી ૨૦૧૨ સુધી અને ૨૦૧૮ સુધી કેન્દ્ર સરકાર તરફથી જે પૈસા ચૂકવવામાં આવે છે તે પૈસા પણ બજેટમાં વપરાયા નથી. ૨૦૦૯-૧૦ની અંદર રૂ.૧૩૭ કરોડ, ૨૦૧૦-૧૧ની અંદર રૂ.૨૬૭ કરોડ, ૨૦૧૧-૧૨ની અંદર રૂ.૯૫૬ કરોડ, ૨૦૧૨-૧૩ની અંદર રૂ.૨૮૪ કરોડ અને છેલ્લા ચાર વર્ષની અંદર રૂ.૧૬૪૪ કરોડ વગર વપરાયેલા કેન્દ્ર સરકારના પડી રહ્યા છે. આપણે જ્યારે વાઇબ્રન્ટ ગુજરાત, ગતિશીલ ગુજરાતની વાતો કરીએ છીએ એટલે મારી આ તકે વિનંતી છે કે, કેન્દ્ર સરકારના જે પૈસા આવ્યા હોય તેનો સારી રીતે ઉપયોગ થાય. ગામડાની વાત જવા દો પણ આપણા જે મુખ્ય ચાર શહેરો છે તેમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ છે. તેમાં અમદાવાદની અંદર ૩૭ ટકા, રાજકોટની અંદર ૩૫ ટકા, વડોદરાની અંદર ૨૮ ટકા અને સુરતની અંદર ૨૧ ટકા પૈસા આવેલા હતા તે વગર વપરાયેલા

રહ્યા છે. ડ્રોપ આઉટ રેશિયોની વાત કરું તો ગુજરાતની અંદર પાંચથી છ ટકા ડ્રોપ આઉટ રેશિયો છે તેવા આંકડા બતાવવામાં આવે છે. સરકારે જે પ્રમાણે માહિતી આપેલી છે તેમાં જોઇએ તો માર્ચ ૨૦૦૨ માં ધોરણ-૧ની અંદર ૧૬ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. જો ડ્રોપ આઉટ રેશિયો પાંચ ટકા હોય તો તેના પાંચ ટકા કરતાં વધારે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા આપવી જોઇએ. માર્ચ ૨૦૧૨ની અંદર ધોરણ-૧૦ની અંદર જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, તેમાં માધ્યમિક શિક્ષણ બોર્ડની અંદર જે આંકડાઓ આપેલા છે તે પ્રમાણે ૯ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની અંદર પરીક્ષામાં બેઠા હતા. તેનો અર્થ એ થયો કે પહેલા ધોરણથી દસમા ધોરણમાં આવતા આવતા ૬ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થયા એટલે આ રેશિયો ૪૧ ટકાથી વધુ છે. મારી માનનીય શિક્ષણમંત્રીને વિનંતી છે કે ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે જે પ્રયત્ન કરવા જોઇએ તે કરવામાં આવશે તો શિક્ષણમાં ફાયદો થશે. પર સ્ટુડન્ટ ટીચીંગ રેશિયો તેમાં દેશના ૩૬ રાજ્યોની અંદર ગુજરાત ૩૨મા ક્રમે છે. બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે, છેલ્લા પંદર વર્ષમાં ભાજપના શાસનમાં ૧૩૪૫૦ સરકારી સ્કૂલો બંધ થઇ અને પ્રાઇવેટ સ્કૂલોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. જેના લીધે ગરીબ વિદ્યાર્થીઓને બહુ મોટું નુકસાન થયું છે. એટલે મારી નમ્ર વિનંતી કે આ બાબતે ધ્યાન રાખવામાં આવે. હમણાં જ રાષ્ટ્રપતિ દ્વારા ૨૦૧૯નું નેશનલ રેન્કીંગ રજૂ કરવામાં આવ્યું. તેમાં દેશની ૧૦૦ યુનિવર્સિટીઓમાંથી ગુજરાતની માત્ર એક સરદાર કૃષિ યુનિવર્સિટીનો નંબર આવ્યો છે. હમણાં જ બે દિવસ પહેલાં યુજીસીએ એક રિપોર્ટ જાહેર કર્યો તેની અંદર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જે રિસર્ચ વર્ક થાય છે તે સૌથી હલકી કક્ષાનું થાય છે તેવું કહ્યું છે. એટલે યુનિવર્સિટીઓની અંદર શિક્ષણનું સ્તર સુધરે તે જોવું જોઇએ. જ્યારે ૧૯૮૬માં ગુજરાત યુનિવર્સિટીમાંથી અમારી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અલગ કરવામાં આવી ત્યારે વિધાનસભામાં ઉદ્દેશ એવો હતો કે, ઉત્તર ગુજરાત પછાત વિસ્તાર છે એટલે ત્યાંના વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને આર્થિક લાભ થાય તેના માટે આ યુનિવર્સિટી અલગ કરીએ છીએ. આજે ગુજરાત યુનિવર્સિટીની અંદર ૪૦થી વધુ ગ્રાન્ટેબલ ડિપાર્ટમેન્ટ છે જ્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અંદર માત્ર પાંચ કે છ ડિપાર્ટમેન્ટ ગ્રાન્ટેબલ છે. એટલે મારી શિક્ષણમંત્રીને વિનંતી છે કે, ઉત્તર ગુજરાત પછાત વિસ્તાર છે તો આગામી બજેટમાં આ યુનિવર્સિટીમાં વધુ ત્રણથી ચાર ડિપાર્ટમેન્ટ ગ્રાન્ટેબલ થાય તેવી જોગવાઈ કરવી જોઇએ. કૃષિની વાત કરીએ તો કૃષિની અંદર રૂ.૭૧૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. હમણાં જ એગ્રીકલ્ચર સ્ટેટેસ્ટીકના જે આંકડા જાહેર કર્યા એમાં પાંચ વર્ષમાં ખેડૂતોની આવક ડબલ કરવાની વાત આપણા મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય વડા પ્રધાનશ્રીએ કરી છે પણ ખેડૂતની ઇન્કમ પર મંથ જોઇએ તો ગુજરાત નવમાં સ્થાને છે. પંજાબના ખેડૂતની ઇન્કમ પર મંથ રૂ.૧૬૩૪૯ છે, એજ રીતે હરિયાણાની રૂ. ૧૦૯૧૬, કર્ણાટકમાં રૂ.૫૯૨૯, આસામમાં રૂ.૪૪૦૯, તલંગણામાં રૂ.૪૦૯૯, એમ.પી.માં રૂ.૪૨૫૪ અને મહારાષ્ટ્રમાં રૂ.૪૦૨૧ અને ગુજરાતમાં રૂ.૩૫૨૩ છે. મારી માનનીય શ્રી નીતિનભાઇને નમ્ર વિનંતી છે કે, બે ત્રણ વર્ષ પહેલા ઉત્તર ગુજરાતના ખેડૂતોને લાભ થાય એના માટે દાંતીવાડાની એક કેનાલની રૂ.૧૧૦ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી મળી ગયેલી છે પણ હજુ એનું કામ ચાલુ થતું નથી. તો એ કામ ઝડપી ચાલુ કરવામાં આવે અને બીજું, પાટણ હેરીટેઝ સીટી છે અને હેરીટેઝ સીટી દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પાટણને અંદર ગ્રાઉન્ડ વાયરીંગ કરવા માટે રૂ.૧૦૦ કરોડનો એક સ્પેશિયલ પાયલોટ પ્રોજેક્ટ મંજૂર કર્યો હતો એ પ્રોજેક્ટ પણ જો ઝડપી પૂરો કરવામાં આવે તો અમે તમારો આભાર વ્યક્ત કરીશું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સવારે શ્રી પરેશભાઇએ અને અત્યારે શ્રી કીરીટભાઇએ જે સરકારી સ્કૂલો બંધ કરવામાં આવે છે એ ક્યા આધારે કહ્યું છે? મારી પાસે આજના મારા વિભાગના આંકડા છે. શ્રી પરેશભાઇ બોલ્યા કે તરત જ મેં મારા વિભાગને ચિઠ્ઠી લખીને માહિતી મેળવી છે. ૨૦૦૪-૦૫માં ૩૨૨૫૮ સરકારી પ્રાથમિક શળાઓ હતી અત્યારે ૩૩૬૫૨ છે. તમે આવું કહો છો કે ઘટી છે પણ ૨૦૧૨માં જ્યારે રાહુલ ગાંધી અહીંયાં પ્રચારમાં આવ્યા ત્યારે એમના મોંઢે પણ તમે આવું કહેવડાવ્યું હતું. કમસે કમ તમે આમ હવામાં વાત ન કરો. હું સરકારી પ્રાથમિક શાળાની જ વાત કરું છું. પછી તમે કહ્યું કે માધ્યમિક શાળાઓ ઘટી, ૨૦૦૨-૦૩માં સરકારી માધ્યમિક શાળાઓ ૧૬૮ હતી અત્યારે ૧૨૯૩ છે. ક્યાંથી ઘટી? ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જે ૧૧૭ હતી એ અત્યારે ૫૩૪ છે. બીજા બધા જે આંકડાઓ તમે એજ્યુકેશનના અને એગ્રીકલ્ચરના કહ્યા છે ત્યારે ગૃહની માહિતી માટે હું કહું છું કે આજ કાલ અનેક સંસ્થાઓ દાખલા તરીકે દર બે વર્ષે શિક્ષણ વિભાગ એ અધિકૃત રીતે નેશનલ એસેસમેન્ટ સરવે કરે છે. તો બીજી બાજુ કોઇ અન રેકગ્નાઇઝ, અન રજીસ્ટર્ડ એવી સંસ્થા પણ કરે છે. મહેસાણા જિલ્લામાં ૨૦૧૭માં આખા જિલ્લામાંથી માત્ર ૨૫-૫૦ લોકોને પૂછીને એના આધારે આખા રાજ્યમાં આવું હશે એમ કરીને રાજ્યનું શિક્ષણ આવું છે. હવે એન.એ.એસ. એ એનાથી જુદો રિપોર્ટ આપ્યો અને એની પદ્ધતિ ગામડામાં દરેક ક્લસ્ટર દીઠ સ્કૂલની મુલાકાત લઇને, ધોરણની મુલાકાત લઇને, વિદ્યાર્થીઓની મુલાકાત લઇને, આચાર્ય, શિક્ષકોની મુલાકાત લઇને પછી સરવે કરે છે, અને એમાં ૨૦૧૭માં આપણે ત્રીજા નંબરે હતા, ત્યારથી મેં ગાંઠ વાળી છે કે ૨૦૧૯ કે ૨૦૨૦ ના જે સરવે એમાં ગુજરાતને આપણે કેન્દ્ર સરકાર માન્ય જે સંસ્થા છે બીજા બધા નહિ, એ સંસ્થામાં ૨૦૧૯ કે ૨૦૨૦માં ગુજરાત પહેલાં નંબરે આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ એ વિકાસનો દસ્તાવેજ છે. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર એટલે હું, ૨૦૦૨-૦૩ થી અત્યાર સુધીની વાત કરું છું, તો આયોજન- પ્લાનિંગ ભવિષ્યમાં ગુજરાત કે દેશને કેવો બનાવવો છે! ગુજરાત આજે મૉડેલ છે જ કોઇ સ્વીકારે કે ન સ્વીકારે, ગુજરાતની પાણીની વ્યવસ્થા માટે દેશ જોવા આવે, રસ્તાની વ્યવસ્થા માટે, હોસ્પિટલ, એજ્યુકેશન, વાયબ્રન્ટ ગુજરાત બધું જ જોવા માટે આજે આવે એનું એક કારણ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઇને

પ્રધાનમંત્રી તરીકે દેશના લોકોએ ચૂંટ્યા હતા. એ એક જ કારણ કે એ ગુજરાતના ચૌદ વરસ સુધીના સફળ મુખ્યમંત્રી હતા. લોકોએ એ વરસ દરમિયાન ૨૦૧૪ પહેલાં, હું સાક્ષી છું, શ્રી નીતિનભાઇ અને બધાજ. ૨૦૧૪માં પાર્લામેન્ટની ચૂંટણી આવતી હતી. શ્રી નરેન્દ્રભાઇ નેતા તરીકે ચૂંટાશે કે નહિ ચૂંટાય એવી વાત હવામાં ચાલતી હતી, પાર્ટીએ પછી એમને નેતા તરીકે ચૂંટ્યા, પણ દેશના લોકોની નજર હતી તો એ બે વરસની અંદર દેશના જે લોકો વિકાસમાં માને છે, વિકાસ જાણે છે એવા લોકોએ વહીવટી તંત્રની મુલાકાત લીધી, સચિવાલયની મુલાકાત લીધી, અમારી મુલાકાત લીધી, અમારા પ્રેઝન્ટેશન જોયા, આખા ગુજરાતની મુલાકાત લીધી અને એક વાયુમંડળ એવું બન્યું કે આ માણસ એ દેશનો વડાપ્રધાન બને તો ગુજરાતમાં જે વિકાસ થયો છે એ દેશમાં થાય એના આધારે જ આજનું જે ગુજરાત છે એ શ્રી નરેન્દ્રભાઇ મોદી, શ્રીમતી આનંદીબેન, શ્રી વિજયભાઇ, શ્રી નીતિનભાઇ અમારા સૌના પ્રયત્નોના કારણે છે. આપણો દેશ વિકાસશીલ હોવો જોઇએ. આપણા માનનીય ગવર્નર સાહેબની એક વાત યાદ આવે છે. અમે યુનિવર્સિટીના પદવીદાન સમારંભ હોય ત્યારે જાહેરમાં કહેતા હોઇએ છીએ. વ્યક્તિગત પણ કહેતા હોઇએ છીએ કે, 72 **साल की आजादी के बाद भी जब मैंने** 1957 **में बी ए पास किया तबसे आज तक यह सुन रहा हूं कि भारत विकासशील देश हैं, विकासशील देश है, विकासशील देश हैं लेकिन विकसित देश नहीं हुआ है यह कब होगा** ?

માનનીય અધ્યક્ષશ્રી એક ઉપાય છે, આખા ભારતને વિકસિત દેશ કરવા માટેનો એક ઉપાય છે અને અત્યારે સુવર્ણ તક છે. દેશના લોકોને વિશ્વાસ છે કે આ માણસ છેલ્લાં પાંચ વરસની કામગીરીના આધારે દરેક ક્ષેત્રની અંદર, દરેક વિભાગની અંદર જે રીતે કામગીરી કરી છે એના આધારે આપણે બધાએ કબૂલ કરવું પડશે, આપણી વાતને કોઇ સાંભળતા નહોતા, કોઇ સ્વીકૃતિ નહોતી, આપણી એક વાતની વિશ્વએ સ્વીકૃતિ આપી હોય એ મને કોઇ બતાવે અને આ માણસ ૨૦૧૪માં ચુંટાયા અને ૨૦૧૪માં જ યુ.એન.માં ગયા અને વાત મૂકી કે યોગ, પહેલાં એવી માન્યતા હતી કે આ માત્ર હિંદુ ધર્મ માટે જ છે. બીજી માન્યતા હતી કે આ વિષય માત્ર અને માત્ર ભારતનો વિષય છે અમારે કંઇ લેવા દેવા નહીં. આ ભારતનો વિષય છે, હિંદુ ધર્મ અને સમાજનો વિષય છે પણ એવું તો શું બન્યું કે આજે ૧૭૫ દેશો ૨૧મી જૂનના દિવસે આપણો યોગ કરે છે. આ નાની વાત નથી આ કોંગ્રેસ કે ભાજપ નથી પણ દેશ તરીકે હું વાત કરું છું. દેશ તરીકે આજે ભારતની વાત માત્ર સંભળાતી નથી હું તો ભવિષ્ય જોઇ રહ્યો છું કે વિશ્વમાં કોઇપણ નિર્ણય લેવામાં આવશે માનનીય નરેન્દ્રભાઇને પૂછ્યા સિવાય કોઇ નિર્ણય નહીં લેવાય. હવે જ્યારે દેશ આવી રીતે કયારે પહોંચે? આજના એક સમાચાર પત્રમાં પહેલા પાના ઉપર ચીનનો ફોટો છે. ચીનમાં છેલ્લાં બે દાયકામાં ઇન્ફ્રાસ્ટ્રકચરનો જે વિકાસ થયો છે તે વિશ્વના અન્ય દેશો માટે પ્રેરણારૂપ છે. રોડ, બ્રિજ, બંદર, વિકાસ, બુલેટ ટ્રેન, રેલવે લાઇન સહિતના ક્ષેત્રે ચીને ખરેખર હરણફાળ ભરી છે. ચીનમાં ચાલી રહેલા કેટલાંક પ્રોજેક્ટ તેના દ્રષ્ટાંતરૂપ કહી શકાય. ચીનના આ તમામ પ્રોજેક્ટ ચોક્કસ સમય, અવધિમાં પૂરાં થતાં હોવાથી પ્રોજેકટનો અંદાજીત ખર્ચ પણ વધતો નથી. આ ફોટો બ્રિજનો છે આ પૂરું થયા બાદ દેશના ત્રણ રાજ્યો તેમાં લિંક થશે અને આ પ્રેરણા આજે સવારે કમસે કમ મને મળી છે. મેં કહ્યું હું આજે બજેટમાં બોલવાનો છું તો મારા સન્માનીય ગૃહને પણ કહું. આ ચાયના કરી શકે તો ભારત કેમ ના કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ જ વાત શ્રી નરેન્દ્રભાઇના મનમાં પડેલી છે કે ભારતને આપણે આંતરિક સત્તા તો બની વિશ્વ સત્તા બનાવવી છે. ચૂંટણીના સમય દરમિયાન જ બની રશિયા છે, યુ.એસ છે, જાપાન છે ચોથી આંતરિક સત્તા કોઇ બની હોય તો એ ભારત બની આ બધુ જ શકય છે તો આ ચાયના છે, રુસ છે, અમેરિકા, જાપાનની સમકક્ષ લાવવો હશે તો દરેક રાજ્યએ કેન્દ્રને સહકાર આપવો પડશે. હું બધી વાત નથી કરતો પણ આટલા વર્ષો પછી દેશના કેટલાક ભાગોમાં પીવાનું પાણી નથી અને તે પૂરું કરવા માટે તેમણે નળ સે જલની વાત કરી. સામેના મિત્રોમાંથી કોઇ મજાક કરતું હતું. શ્રી નરેન્દ્રભાઇની એકે એક વાતમાં વિચાર હોય છે, મન હોય છે. આ બધી બાબતો કોઇ સ્લોગન નથી કે સ્લોગનથી મત મેળવવા એવું નથી. અત્યાર સુધીના મારા અનુભવો છે કે તે માણસે જે નક્કી કર્યું હોય તે એણે કર્યું છે. અહીંયાથી જ તેમણે કહ્યું કે મારે ગામડાંને ૨૪ કલાક વીજળી આપવી છે. સામે શ્રી અમરસિંહભાઇ બેઠાં હતા હું સાક્ષી છું. શ્રી અમરસિંહભાઇએ એવું કહ્યું કે શ્રી નરેન્દ્રભાઇ તમે મારા નાના ભાઇ સમાન છો તમે આ જીદ છોડી દો આ શકય નથી. હું એન્જિનિયર, હું સરપંચ, હું તાલુકા પંચાયતનો પ્રમુખ, હું જિલ્લા પંચાયતનો પ્રમુખ આ ગૃહમાં કેબિનેટ મિનિસ્ટર અને સી.એમ. છતાં પણ હું આ ન કરી શક્યો. તમે આમાંથી કંઇ નહીં સીધા વડનગરથી મુખ્યમંત્રી બન્યાં છો તમને કોઇ અનુભવ નથી, તમે કોઇ એન્જિનિયર નથી અને ગામડાંને ૨૪ કલાક વીજળી આપવાની તમે વાત કરો છો. શ્રી નરેન્દ્રભાઇએ એવું કહ્યું કે, શ્રી અમરસિંહભાઇ હું તમારી શીખામણને વંદન કરું છું, તમને હું સન્માનથી જોઉં છું પણ મને એક વખત નિષ્ફળ જવાની તક આપો. તેમાંથી આ ૨૪ કલાક વીજળી આપી છે. હું ઉદાહરણ એટલા માટે આપું છું. સુવર્ણકાળની અંદર આ માણસ જે નક્કી કરે છે તે પૂર્ણ કરે છે અને આ જીત એ જીત માત્ર પ્રજાની નહીં પણ ઐશ્વર્ય સંકેતની પણ જીત છે. ઇશ્વરને મંજૂર છે કે આ દેશનું ભલું કરવું હોય તો આ માણસની જરૂર છે. અમારું બજેટ પણ અમે કેન્દ્રના બજેટને, કેન્દ્રના વિઝનને પૂર્ણ કરવા માટેનું કેન્દ્રના વિઝનને પૂરું કરવા માટે સહયોગ આપનારું અમારું બજેટ છે. એ 'નલ સે જલ હોય' કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય તમામ બાબતોની અંદર આ બજેટ માટે હું માનનીય શ્રી નીતિનભાઇને અભિનંદન આપું છું, શ્રી વિજયભાઇને અભિનંદન આપું છું કે આ દેશને જે દિશામાં લઇ જવો છે એ માત્ર શ્રી નરેન્દ્રભાઇ કે કેન્દ્રના બજેટના લીધે એ શક્ય નથી. મને અત્યારે જ યાદ આવ્યું છે એટલે હું મારો અનુભવ પણ તમારી સાથે શેર કરવા માગું છું કે દેશ કેવી રીતે આગળ વધે. હું સરદાર સરોવરનો ચેરમેન હતો. અહીંયાં ૧૯૬૧માં ૫મી એપ્રિલે પાયો

નંખાયા પછી ૯૮મા હું ચેરમેન બન્યો ત્યારે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલતો હતો. સાહેબ, ૪૦ વર્ષનો માણસ એમ કહેતો હતો કે મારા જીવતા જીવત હું આ ધરતી ઉપર પાણી નહિ જોઉં એવી પરિસ્થિતિ હતી. ચેરમેન તરીકે બીજા દેશોના અભ્યાસ માટે વાંચન-લેખનમાં મેં ચીનનો અભ્યાસ કર્યો. આપણે ૧૯૬૧માં શરૂ કર્યું એમણે ૨૦૦૦માં આનાથી મોટો ડેમ બનાવ્યો. આપણો ડેમ જેમાંથી માત્ર ૧૪૫૦ મેગાવોટ વીજળી જ ઉત્પન્ન થાય. થ્રી જ્યોર્જીયસ નામનો ચીનના ડેમમાં ૨૦,૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય છે. આજે ચીનના ડમ્પિંગમાં વિશ્વ સ્તરે છત્રી સસ્તી, રમકડાં સસ્તા હોય તો એ કે ચાઇના મફતમાં વીજળીનું ઉત્પાદન કરે છે. કોસ્ટ ઓફ પ્રોડક્શન આવતું જ નથી અને મારા મિત્રો એમ કહે કે કોસ્ટ ઓફ પ્રોડક્શન ૬ રૂપિયા/કિલો વોટ આવે છે. ચીન ઝીરોમાં ઉત્પાદન કરે છે. એ ક્યારે થઇ શકે. આખા દેશની ઇચ્છાશકિત હોય ત્યારે થઇ શકે. અત્યારે યોગ્ય સમય છે. દેશમાં રાજકીય ઇચ્છાશક્તિ પ્રબળ છે અને એને અનુરૂપ અમારું બજેટ પણ કેન્દ્ર જે દિશામાં જાય છે એને બળ આપનારું, એને વેગ આપનારું માળખાકીય સુવિધાઓને પણ બળ આપનારું છે. વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ એમ કુલ આઠ સરકારનું બજેટ ૩૧,૫૦૬ કરોડનું હતું. આજે અમે બધાં ગૌરવ લઇએ છીએ કે શ્રી નીતિનભાઇનું બજેટ રૂ.૨,૦૪,૦૦૦ કરોડનું છે. અમે અહીંયાથી આવીએ છીએ પણ આ બે લાખ કરોડનો પાયો નરેન્દ્રભાઇએ ૩૧,૦૦૦માં નાખ્યો હતો જેનો હું સાક્ષી છું. એમણે એ જ વખતે કહ્યું હતું કે અત્યારે ભલે આ બજેટ આવું લાગતું હોય અને એ જ વખતે વાયબ્રન્ટ ગુજરાત શરૂ થયું હતું. આ બધાનો મેળ કરીને આપણે વિશ્વમાં ક્યાં જવું છે. ક્લાયમેટની ચિંતા આખા દેશમાં કોઇએ પહેલીવાર કરી હોય, ગ્લોબલ વૉર્મિંગની ચિંતા કોઇએ પહેલીવાર કરી હોય તો એ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે. એનો દાખલો હું આપું છું. એ વખતે રાષ્ટ્રપતિ કલામ સાહેબ હતા. એમના હસ્તે એનું લોકાર્પણ થયું હતું અને એ સરવે વાંચ્યા પછી એમને થયું જેમ આજે શ્રી ગણપતભાઇએ કહ્યું એમ કે ગાંધીનગરમાં થતો વનોત્સવ આખા રાજ્યની અંદર કરે. એનું કારણ એ કે સરવે આજે એવું કહે છે કે પેટ્રોલ, ડિઝલના ધુમાડા, બિનજરૂરી લાઇટમાંથી ઉત્પન્ન થતો કાર્બન હવામાં ભળે છે. એના કારણે અનિયમિત ઋતુઓ થાય છે અને એના કારણે ગ્લોબલ વૉર્મિંગ થાય છે. એનું જો કોઇ મારણ હોય તો એ બીજું કાંઇ નહિ પણ આ વૃક્ષો છે. વૃક્ષો વાવીએ તો એ કાર્બન લઇને આપણા માટે ઓક્સિજન છોડે છે અને એટલા માટે ત્યારથી એ વાતની શરૂઆત થઇ અને ગ્લોબલ વૉર્મિંગને ઘટાડવાના પ્રયત્નો શરૂ થાય. અત્યારે ફાની, વાયુ જેવા અલગ-અલગ નામના તોફાનો આવે છે. આજે અમેરિકાનો ફોટો છે. ત્યાં પણ પાણી પડે છે ત્યારે ઘર ડૂબી જાય છે. એનો જો કોઇ ઉપાય હોય તો પર્યાવરણની જાળવણી છે. અમારા બજેટની અંદર પાંચ મુખ્ય બાબતોમાં પાણી, ક્લીન એનર્જી, પર્યાવરણ, હર હાથ કો કામ, જગતના તાતની પડખે ઊભા રહેવાની વાત છે. મારા વિભાગમાં પણ જે રીતે ૩૦,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા છે અને એમાં મિશન વિદ્યાથી માંડીને પાણી, ગ્રીન ક્લીન એનર્જી, પર્યાવરણ, હર હાથ કો કામ, જગતના તાતની સાથે ઊભા રહેવાની વાત. મારા વિભાગને પણ જે રીતે ૩૦ હજાર કરોડ રૂપિયા આપ્યા છે અને એમાં મીશન વિદ્યાથી માંડીને આ માનનીય શ્રી વિજયભાઇની સરકાર છે. અમારા સરવે કહે છે કે આ સ્થિતિમાં આપણે છીએ તો શું કરવાનું છે. સેલ્ફ ફાઇનાન્સમાં ભણતા બાળકો, માણસ ભણેલા, કોચીંગની વ્યવસ્થા, જવા આવવાની વ્યવસ્થા, કુટુંબ, સમાજ બધું જ ભણેલું એ તૈયાર બાળક ત્યાં જાય છે, મારું બાળક આવે છે એ ઝૂંપડામાંથી આવે છે એના મા-બાપ અભણ છે એટલે મારા શિક્ષકોને વધારે મહેનત કરવાની છે. અત્યારે પહેલા બીજા ધોરણની અંદર ૨૦૦૯નો લીધેલો નિર્ણય નો ડિટેન્સન પરીક્ષા લેવાની નહિ નપાસ કરવાના નહિ એના કારણે એ પરિસ્થિતિ ઊભી થઇ છે એ કબૂલ કરીને મીશન વિદ્યા શરૂ કરીને વધારે તમારે એક કલાક આપવાનો. સવારે આપો કે સાંજે આપો. અહીંયાં હતા એમાં અમે ખાસ્સા આગળ વધ્યા છીએ એના કામ માટે અમને અહીંયાં પૈસા મળ્યા છે. એ કસોટી અમે કરી છે એના માટે પણ અમને પૈસા મળ્યા છે. ડ એન્ડ બિલ્ડીંગ આજે ગુજરાતમાં તમને ખબર છે સીંગલ રસ્તા બધે થાય છે. સીંગલના ડબલ થાય છે. ડબલના ફોર લેન અને ફોરલેનના સીકસ લેન થાય છે. આ બજેટમાં નર્મદા યોજનાની ઘણાએ વાત કરી છે એ હું રીપીટ નથી કરતો. એક સમય એવો હતો હું પણ ધારાસભ્ય તરીકે ૧૯૯૦થી ચૂંટાયો છું. સાબરમતીમાં પાસે જી.ઇ.બી.ના કાર્યપાલક ઇજનેર પાસે જતો હતો. હું એમને ૧૯૯૦ના કનેકશનની વાત કરતો ત્યારે એ લોકો કહેતા અત્યારે ૧૯૮૦ના કનેકશનની વાત ચાલે છે ૧૯૯૦ના કેવી રીતે મળી શકે. મને આનો અનુભવ છે. હમણાં સુધી ૨૦૧૨ના બાકી છે. ૨૦૧૫ સુધીના હમણાં સુધી બાકી હતા. પરંતુ અમારા મંત્રીશ્રીએ બજેટ સ્પીચમાં જાહેર કર્યું કે એવો તો શું જાદુ કર્યો કે એવી કામગીરી થઇ કે એક વર્ષની અંદર સવા લાખ જોડાણો આપવાના છે. મતલબ એ થયો કે ૨૦૨૦-૨૧ની અંદર તમે માગો ને જોડાણ મળશે. આ બજેટની પોઝિટિવ સાઇડ છે. કચ્છ જેવા વિસ્તારની અંદર એક સમય કેવો હતો. મારા મિત્ર ઉત્સવોની જાણે કે હાંસી ઉડાવતા હતા. બધા ઉત્સવ વિશે આવું કહેતા હતા. કૃષિ મહોત્સવ હું કૃષિ મંત્રી રહ્યો છું. ચાર યુનિવર્સિટી કરી એમાં ગ્રેજ્યુએટ થવા માટે જગ્યાઓ ખાલી રહેતી હતી. પરંતુ કૃષિ મહોત્સવના કારણે જાગૃતિ આવી કે આજે અમારે મેરિટ ઉપર એડમિશન આપવું પડે છે અમે એડમિશન નથી આપી શકતા એ કૃષિ મહોત્સવનું પરિણામ છે. આધુનિક ખેતી પહેલા ઓર્ગેનિક શું ખબર નહોતી, ડ્રીપ ઇરિગેશનની ખબર નહોતી, સ્પ્રીંકલરની ખબર નહોતી એ કૃષિ મહોત્સવના કારણે થયું છે. ગુણોત્સવ, પ્રવેશ મહોત્સવ. પ્રવેશ મહોત્સવ ચાલુ કર્યો ત્યારે ગુજરાતમાં ૨૦૦૩માં માત્ર આઝાદી પછી ૨૦૦૩ સુધીમાં ૭૫ ટકાનું એનરોલમેન્ટ હતું. એટલી દાખલ થવાની માત્રા હતી. બીજા ૨૫ ટકા ક્યાં એ માત્રને માત્ર ગરીબ લોકો જેના મત લઇને વરસો સુધી આપણે બેઠા, ૨૫ ટકા ગરીબ માણસો એના બાળકો એના મા-બાપ ઘરે રાહ જોવે. જ્યારે એ સિવાયના કહે કે મારું બાળક સાડા પાંચ છ વર્ષનું થાય એટલે શાળાએ મૂકવા જઇએ જ્યારે ગરીબ માણસ વિચાર કરે કે સાડા પાંચ છ વર્ષનું બાળક થાય એટલે હું એને ખેતરમાં લઇ જઉં, બસ સ્ટેન્ડે લઇ જઉં અને સાંજે ૫૦ રૂપિયા ઘરમાં આવશે, આ સ્થિતિ ૨૦૦૩ની હતી. આજે ઓન ધ ફ્લોર મિનિસ્ટર એજ્યુકેશન તરીકે કહું છું કે ૧૦૦ ટકા એનરોલમેન્ટ છે. માત્રને માત્ર પ્રેસનોટથી ટીવીના

## તા. ૯મી જુલાઇ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

ઇન્ટરવ્યુથી તમારું બાળક ભણવા મોકલજો એમ વાત કરી હોત તો આ ૭૫ ટકાના ૧૦૦ ટકા ન થાત. પરંતુ એ વખતના મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એમણે મારી હાજરીમાં કહ્યું છે, પ્રવેશોત્સવમાં ગામડામાં જઇને કહ્યું છે કે હું ભિક્ષુક છું મને ભીખ આપો, આપશો? સાહેબ, બધા ચોંકી ગયા કે મુખ્યમંત્રી થઇને કહે છે. બધા કહે હા. એમણે કહ્યું કે મને ભીખમાં તમારી દીકરીને શાળાએ મોકલજો એ મારી માગણી છે. આને મજાકમાં કેવી રીતે લેવાય! તેના કારણે આ થયું છે. અમે પતંગોત્સવ કર્યો, આંકડા કહે છે અને બેય અમારા લઘુમતી સમાજના ધારાસભ્યશ્રીઓ નથી. કુલ ટર્ન ઓવર પતંગ બનાવવાનું એનો સમય દિવાળીએ શરૂ કરવાનું અને ૧૫મી જાન્યુઆરી એ ધંધો પૂરો થઇ જાય અને બાકીના સમયમાં ધંધો કંઇ બીજો કરવાનો. રૂ. ૩૦૦ કરોડનું કુલ ટર્નઓવર હતું, શ્રી નરેન્દ્રભાઇને થયું કે ભલે એ આપણી સાથે ન હોય, આપણને વોટ ન આપે પણ આ રાજ્યના પ્રજાજનો તો છે જ ને. એમના માટે એમણે પતંગોત્સવ શરૂ કર્યો, પહેલાં માત્ર અમુક શહેરોમાં જ આ પતંગોત્સવ થતો હતો. શ્રી નરેન્દ્રભાઇએ રસ લીધો, આ પતંગોત્સવ શરૂ થયો, રિવરફ્રન્ટ પર એની શરૂઆત થાય, પહેલાં સરદાર સ્ટેડિયમમાં અમે કરતા હતા. આજે મિત્રો રૂ. ૨૫૦૦ કરોડથી વધારે ટર્ન ઓવર અને બનાવનાર ૯૮ ટકા મારા લઘુમતીના. તોયે અમારા ઉપર સિક્કો કે તમે કોમવાદી છો. એ રૂ.૩૦૦ કરોડમાંથી રૂ. ૨૫૦૦ કરોડ કોના કારણે થયા! અને પહેલાં એમને ત્રણ મહિનાનો ધંધો હતો, બાકીના સમયમાં બીજો ધંધો કરવો પડતો હતો, હવે પહોંચી વળવા માટે એમણે બાર મહિનાનો ધંધો મળી ગયો. આને હું ઓફ હેન્ડ કહું છું. કદાચ રૂ.૨૫૦૦ કરોડ કરતાં વધારે કરોડનું ટર્નઓવર થાય, દુનિયા અહીંયાં પતંગ લઇને આવે આખી દુનિયા આવે એ એમને એમ આવે, કોઇ હોટલમાં રોકાય, કોઇ ખરીદી કરે, કોઇ ટેક્ષીમાં બેસે.

માનનીય અધ્યક્ષશ્રી—રણોત્સવ. અમિતાભે સર્ટિફિકેટ આપી દીધું કે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. આ બધું બજેટરી પ્રોવિઝનના કારણે થયું છે. મેં કહ્યું ને કે રૂ.૩૧ હજાર કરોડના બજેટમાંથી રૂ.૨ લાખ કરોડ ઉપર પહોંચ્યા છીએ. કચ્છના લોકોને એમ થયું કે અમે તો અહીં જન્મ્યા, બાપ દાદાના સમયથી અહીંયાં છીએ, આ તો અમે કાયમ જોઇએ છીએ, સવાલ છે દીર્ઘદ્રષ્ટિનો! આને કેવી રીતે લોકભોગ્ય બનાવવું! દુનિયા આખી અહીંયાં આવે. આજે મને કહેતાં ગૌરવ થાય છે કે, દુનિયા આખી રણોત્સવ જોવા માટે આવે છે. અમારે બુકીંગમાં ના પાડવી પડે છે અને મોં માગ્યા પૈસા આપે છે. અને આંકડા કહે છે શ્રી પ્રદ્યુમનસિંહ, કે કચ્છની હોટલો, મારા કેટલાક મિત્રોની છે. રણોત્સવ થયા પહેલાં અમારું ઓક્યુપેશન ૨૫ થી ૩૦ ટકા દિવાળી કે લગ્ન પ્રસંગે થાય. આજે આ રણોત્સવ થવાના કારણે અને કચ્છનો વિકાસ થવાના કારણે ઔદ્યોગિક અને એગ્રીકલ્ચરની રીતે થયો, એ જે સર્વાંગી વિકાસ કચ્છનો થયો એના કારણે એવરેજ હોટલના ધંધામાં ૩૦થી ૪૦ ટકાનું ઓકયુપેશન હોય તો સારું એવું કહેવાય. આજે એવરેજ આખા કચ્છ જિલ્લામાં ૮૦થી ૮૫ ટકાનું ઓકયુપેશન એ પણ બારે માસ. આ આખી ઇકોનોમી, અમને રૂપિયા બારસો પંદરસો કે બે હજારની નોકરી કરવા કોઇ તૈયાર નથી. અમને તો ત્યાં કારખાનામાં પાંચ હજાર રૂપિયા આપે છે. નવરાત્રી મહોત્સવ પહેલાં ગામડામાં અને શહેરમાં નવ વાગ્યે શરૂ થાય અને ૧૧–૧૨ વાગ્યે પૂરું થઇ જાય. નવરાત્રી મહોત્સવને આંતરરાષ્ટ્રીય બનાવી દીધો. ''ધ લોંગેસ્ટ હોલી ઓકેઝન ઓફ ધ વર્લ્ડ'' બધા આવી ગયા. આજે તમે જુઓ તમારા શહેરમાં કે ગામડામાં જુઓ, કેટલા લોકો કમાય છે મંડપવાળા, માઇકવાળા, ગાનારા, વગાડનારા અને ભજીયાં બનાવવાનારા પણ કમાય! બપોરથી સાંજ સુધી કેવી રીતે ચાલે છે, તમે જુઓ તો ખરા. એના મૂળમાં શું છે! એના મૂળમાં અમે એના માટે બજેટમાં નવરાત્રી માટે, પ્રવેશોત્સવ માટે, રણોત્સવ આ બધા માટે કંઇકને કંઇક કર્યું છે. અમે જળ વ્યવસ્થાપન પર ભાર મૂક્યો છે. (અંતરાય) એ આના કારણે થયું છે તમે યાદ કર્યું તે સારું થયું. આજથી ૧૫ થી ૨૦ વર્ષ પહેલાં આપણા બધાના અનુભવમાં શ્રી શૈલેષભાઇ, બધાના અનુભવમાં કોઇ અધિકારી કામ ન કરતા હોય તો આગેવાન એમ કહે કે જો– જો હોં તમે કામ નહીં કરો તો મારા મંત્રીશ્રીને કહીને તમને કચ્છમાં મૂકાવી દઇશ, સજાનું સ્થળ કહેવાતું હતું. આજે અમારા અધિકારીઓ અમને કહે છે કે સાહેબ, અમને કચ્છ મૂકો ને ધીસ ઇઝ ધ ડિફરન્સ. પહેલાં સજાનું કહેવાતું હતું આજે મજાનું કચ્છ કહેવાય છે, આટલો ફેર પડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જળ વ્યવસ્થાપન, જેમ મેં ચીનનો દાખલો આપ્યોને એમ મારે અમેરિકાના દાખલો આપવો છે. આપણા બધા માટે જળ વ્યવસ્થાપનનું પાણી અને વપરાશ માટે મારે કહેવું છે. મારો વિષય છે જાહેર જીવનનો. હું શિકાગો ગયો હતો, એક ઘરે બેઠો હતો. રવિવારનો દિવસ હતો અને દીકરો આવ્યો કે પપ્પા હું કાર ધોવા જઉં છું. તો કહે કે પ્લીઝ વેઇટ, ટી. વી. ચાલુ કર અને પહેલા શિકાગો લેકનું લેવલ કેટલું છે એ જો. તમે જુઓ અન્ડરસ્ટેન્ડીંવગ કેટલું. એ લેવલ કરતા જો નીચું હોય તો તારે કાર નહીં ધોવાની અને એ લેવલથી ઉંચુ હોય તો તારે કાર ધોવાની. હવે માની લો કે લેવલ નીચું હોય અને કોઇ કાર ધોવે તો કોઇ જેલમાં ન પૂરી દે. પણ આપણે પણ એક આગાહી છે કે વીસ વર્ષ પછી પાણીનું શું થશે? અને વર્તમાનમાં મદ્રાસમાં એક વ્યકતિને માત્ર બે ડોલ પાણી મળે છે. એકલી સરકાર નહીં કરી શકે. માનનીય શ્રી વિજયભાઇએ સવારમાં કહ્યું તેમ માત્ર સરકાર નહીં કરી શકે. બધાનો સહકાર જોઇશે. બધા મળીને આ કરી શકે. એ શિકાગો લેક આજે પણ મારા વિચારોમાં છે કે લેવલ નીચું હોય તો પાણી વેડફવાનું નહી. ઉપર હોય તો જ એનો વપરાશ કરવાનો અને આજે આપણે શું કરીએ છીએ? પાણી વાપરતા નથી પણ આપણે વેડફીએ છીએ. સ્ટેચ્યુ ઓફ યુનિટી. મારે સાવ ઓછું બોલવું હતું પણ હવે મૂડ આવી ગયો અને થેન્કસ ટુ ઓલ ઓફ યુ. હું તમારો બધાનો આભાર માનું છું કે, તમે મને શાંતિથી સાંભળો છો એટલે મને મૂડ આવ્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી. તેની પણ કેટલીક વાર ટીકા થઇ. તમે વિશ્વમાં જાઓ ત્યારે અહીં આવીને વાતો કરવાની કે અરે ડિસીપ્લીન, વિકાસ તો કહેવું પડે. શબ્દો ન હોય તેવી વાત કરે કહેવું પડે અને અહીં આવીને પાછા હતા એના એ. ત્યાં તો એ પ્રકારના સ્ટેચ્યુ છે, એ પ્રકારના મ્યુઝિયમ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વનું સૌથી શ્રેષ્ઠ મ્યુઝિયમ અને ભારતીય સંસ્કૃતિને

અનુરુપ કે જે ૫૬૫ રજવાડાઓએ ભોગ આપ્યો છે એમના જીવનને ધ્યાનમાં રાખીને, અને સરદાર સાહેબ શું હતાં, માની લો કે સ્ટેચ્યુ ન બનાવ્યું હોત તો શું થાત? આજથી પંદર વીસ વર્ષ પછીનું કોઇ બાળક ઓળખત ખરું ? આજે ત્યાં જોવા જાય છે અને બધું વાંચે છે કે આઝાદીના લડવૈયા કોણ હતા? આઝાદી પછી ૫૬૫ રજવાડાઓ ભેગા કરેલા અને આ બધું એમના મનમાં આવે છે. જેવી રીતે અત્યારે ૨૨ વર્ષના છોકરાને પૂછીએ કે કર્ફ્યુ ઉપર નિબંધ લખ, તો કહેશે કે મને ખબર જ નથી. ઝીરો માર્કસ આવે. એવી રીતે સરદાર સાહેબ ઉપર નિબંધ લખો તો, પણ શ્રી નરેન્દ્રભાઇનો આભાર આપણે બધા માનીએ કે એવી વ્યક્તિનું, જેવું કામ કર્યું એવું જ સન્માન એવડું મોટું સ્ટેચ્યુ મુકીને કર્યું. તો એની પાછળનું તમે જુઓ કે દરરોજના....

અધ્યક્ષશ્રી : સાથે સાથે આપણા ધારાસભ્યશ્રીઓનું પણ સન્માન થયું, ૧૮૨ મીટર ઉંચાઇ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હા, એ બહુ સરસ. આપણે જેટલા આંકડામાં છીએ એટલી મીટર ઊંચાઇનું. સાહેબ, ત્યાં ૨૦ લાખ પ્રવાસીઓ આવ્યા. શ્રી ગણપતભાઇ એટલું કહેવાનું ભૂલી ગયા. ત્યાંના ફોટોગ્રાફરની મહિને આવક છે ને, હું જ્યારે સરદાર સરોવર નિગમનો ચેરમેન હતો ને ત્યારથી મારા ફોટા પાડતો એટલે હું ઓળખું છું એને, આ સ્ટેચ્યુ બન્યા પહેલા સુધી એને મહિને ૩-૪ હજાર રૂપિયાથી વધારે મળતા નહોતા. પહેલાની વાત કરું છું. મહીને રૂ. ૩-૪ હજારથી વધારે નહીં અને અત્યારે એને મહિને રૂપિયા સવા લાખ મળે છે. સાહેબ, આ સ્ટેચ્યુને કારણે વીસ લાખ લોકો આવ્યા તો ભૂખ્યા રહ્યા હશે? પાણી નહીં પીધું હોય? ભજીયા નહીં ખાધા હોય? ચા નહીં પીધી હોય? સેન્ડવીચ નહીં ખાધી હોય? અને એ બધા ત્યાંના લોકો બધા જ, જે ગઇકાલે બેકાર હતા આજે નાનું મોટું કંઇ પણ કરે છે તો સાંજે બે પાંચ હજાર રૂપિયાનો વકરો અને બસો પાંચસોનો નફો લઇને ઘરે જાય છે. આ કોઇ નાની વાત નથી. આ ટુરીઝમ એની પાછળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત. માણસના જીવનમાં ગરીબ હોય કે તવંગર હોય, એક વિચાર હોય છે કે મારે પોતાનું ઘર હોય, મારે પોતાનું ઘર જોઇએ. જેવું હોય તેવું નાનું હોય કે મોટું હોય, પણ હું ભાડૂઆત તરીકે રહેવા માગતો નથી. મારી તો જિંદગી ગઇ, પણ છેલ્લે છેલ્લે મારું પોતાનું કહી શકાય કે આ મારું ઘર છે એવું ઘર બની જાય તો સારું. માનનીય શ્રી નરેન્દ્રભાઇ સંકલ્પ કરે છે, સપના પણ જુએ છે અને સંકલ્પ પણ સિદ્ધ કરે છે અને સપના પણ સિદ્ધ કરે છે. એમાં રાજ્ય સરકારે, ૪ લાખ ૮૦ હજાર આવા સપનાના ઘરોને હકીકત બનાવી છે. છેલ્લે હવે છેલ્લે એટલે સાચું છેલ્લે,

માનનીય અધ્યક્ષશ્રી, સોલાર. છેલ્લે.. આ છેલ્લે એટલે સાચું છેલ્લે. માનનીય અધ્યક્ષશ્રી, સોલાર. કેટલા વર્ષોથી સૂર્યનારાયણ ભગવાન છે. કલ્પના તો કરો. કેટલા વર્ષોથી છે. (અંતરાય) હું વિનંતી કરું છું. બે જ મિનિટ. પણ પહેલાં શ્રી નરેન્દ્રભાઇને આ સૂજયું. અમારી નર્મદાની કડી કેનાલ ઉપર. તમે જૂઓ. આશ્ચર્ય થયું. વિશ્વમાં કેનાલો છે. કોઇને સૂજયું નહીં કે આમ થાય. કેનાલ ઉપર પેનલ મૂકી દીધી. બે ફાયદા થયા. કેનાલ ઉપર પેનલ આવી એટલે બાષ્પીભવન અટક્યું. કોઇના મગજમાં જ ન આવે અને અમે અભ્યાસ કરાવ્યો કે સૌર ઊર્જાની પેનલ મૂકાવ્યા પછી છ મહિના પછી અન્ય કેનાલમાં એ જ સૂર્યથી કેટલું બાષ્પીભવન થતું હતું, પેનલ મૂકાયા પછી બાષ્પીભવન અટકયું. પાણી બચ્યું. વીજળી ઉત્પન્ન થઇ. આ સકસેસ પ્રયોગ થયા પછી અત્યારે આ યોજના અમે લાવ્યા છીએ. બે લાખ રૂફટોપ. આપણાં બધા માટે લાવ્યા છીએ. તમે પણ તમારા વિસ્તારમાં બે લાખનો આંકડો નાનો પડે એવું હું ઇચ્છું છું. લોકોની એટલી બધી માંગ આવે, લોકોની સમજણ વધે. કેવી યોજના છે. તમારું બિલ તો ઝીરો થઇ ગયું. ૨,૦૦૦, ૫,૦૦૦, ૧૦,૦૦૦. તમારું બિલ ઝીરો થઇ ગયું. એ.સી., ફ્રીઝ, પંખા ચલાવો. માની લો કે બે પેનલ વધારે મૂકી છે અને વીજળી વધારે ઉત્પન્ન થઇ તો એ વીજળી સરકાર ખરીદી લેવાની છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભૂપેન્દ્રસિંહજી, આપ આટલું બધું બોલો છો તો મને એમ થયું કે આ બધાની સાથે એક વાત હું શેર કરું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું પૂરું કરું પછી. બસ, મારું પૂરું. મારા પ્રવચનનો આ ઇન્ટરવલ છે. આપ બધાનો આભાર માનું છું કે આપ સૌએ મને શાંતિથી સાંભળ્યો છે. જ્યારે આ બજેટ આવે ત્યારે આપ સૌ ચોક્કસ ધ્યાન ખેંચજો. આ રીતે નવરાત્રિ, રણોત્સવની ટીકા ન કરતા. લોકો વાંચે છે તો કહે કે આટલી આવક થાય છે અને તમે ટીકા કરો છો? એક મિત્ર તરીકે કહું છું કે તમારું ખરાબ દેખાય છે, શ્રી શૈલેષભાઇ, એવું ન કરતા અને આને સમર્થન આપજો, સૌનો આભાર.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રસિંહજીએ એક વાત છૂપાવી છે.

અધ્યક્ષશ્રી : છૂપાવી છે એમ ન કહેવાય.

શ્રી બ્રિજેશ મેરજા : આત્મશ્લાઘા કરી નથી. પોતે એક ડોલ પાણીથી નહાય છે. એના માટે એમને ધન્યવાદ. પાણીનું મૂલ્ય સમજે છે.

અધ્યક્ષશ્રી : રાવપુરા વિધાનસભા વિસ્તારમાં નટરાજ એન્કલેવ કરીને વડોદરા શહેરમાં પાંચ ટાવર છે અને લગભગ સાત માળ ઊંચા છે. ત્યાં આગળ બધાએ મને આવકારો આપ્યો કે તમે અમારે ત્યાં આવો. અમારા થોડા પ્રશ્નો છે. ત્યાં ગયા પછી ખબર પડી કે બે ટાવરની અંદર, તેના પ્રમુખે વાત કરી કે અમારું એક ટાવરનું લિફ્ટનું બિલ રૂ.૨૦ હજાર આવતું હતું. સૌર પેનલ લગાડ્યા પછી રૂ.૮૦૦ રૂપિયા બિલ આવે છે. ધન્યવાદ. આજના દિવસનું કામકાજ હવે પૂર્ણ થાય છે. ગૃહ આવતી કાલે સવારે ૧૧-૦૦ વાગ્યે ફરી મળશે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૭-૩૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૦મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯**
**આષાઢ ૧૯, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ સવારના ૧૧-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

*૧૪૦૨૮ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૯૭૭૨ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૭૭૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૯૭૭૨ |

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરસ્વતી સાધના યોજના મહેસાણા જિલ્લામાં ૨૦૧૮-૧૯ માં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર કરી અને કેટલી કિંમતની કેટલી સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પૂછ્યું કે મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સાઇકલો આપવામાં આવી? કેટલો ખર્ચ કરવામાં આવ્યો? મહેસાણા જિલ્લામાં મહેસાણા પ્રોપરમાં ૧૯૫૦ સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું. ૬૯,૬૯,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ઊંઝા માં ૭૫૫ સાઇકલોનું વિતરણ અને ૨૬,૯૮,૭૬૪ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. બેચરાજીમાં ૫૧૬ સાઇકલો આપવામાં આવી અને ૧૮,૪૪,૨૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. વિજાપુરમાં ૧૩૦૫ સાઇકલો અને ૪૬,૬૪,૨૩૩ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. વિસનગરમાં ૧૨૯૨ સાઇકલો અને ૪૬,૧૭,૪૭૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ખેરાલુમાં ૮૩૨ સાઇકલો અને તેની પાછળ ૨૯,૭૩,૬૭૨ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. સતલાસણામાં ૭૧૩ સાઇકલ, વડનગરમાં ૧૦૮૩ સાઇકલોનું વિતરણ અને ૩૮,૭૦,૭૭૭ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. કડીમાં ૧૨૯૩ સાઇકલો અને ૪૬,૨૧,૩૪૪ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. જોટાણામાં ૩૩૩ સાઇકલો આપવામાં આવી અને ૧૧,૯૦,૧૮૪ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. ટોટલ ૯,૭૭૨ સાઇકલો આપવામાં આવી. ૩ કરોડ ૪૯ લાખ ૨૬ હજાર ૩૫૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. મહેસાણા જિલ્લામાં એક પણ અરજીઓ પેન્ડિંગ નથી. તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરસ્વતી સાધના યોજના હેઠળ હાલમાં ક્યા કયા માપદંડો અમલમાં છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : સરસ્વતી સાધના યોજનામાં હાલમાં કયા પાત્રતાના માપદંડો? એ પૂછવામાં આવ્યું છે. તો કન્યા વિકસતિ જાતિની હોવી જોઇએ. ધોરણ ૯માં અભ્યાસ કરતી હોવી જોઇએ. કન્યાના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૧,૨૦,૦૦૦ રૂપિયા અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦ રૂપિયાની આવક મર્યાદાની જોગવાઈ છે. કન્યાની છેલ્લી વાર્ષિક પરીક્ષાના ગુણથી ટકાની મર્યાદા વગર કન્યાનું રહેઠાણથી શાળાના અંતરને ધ્યાને લીધા વગર આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ દ્વારા નવી સુવિધા આપવામાં આવી છે. એક જ કુટુંબની બે બહેનો સુધી આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહેસાણા જિલ્લામાં સરસ્વતિ સાધના યોજનામાં વાર્ષિક આવક મર્યાદા અગાઉ કેટલી હતી? તેમાં કયારે સુધારો કરવામાં આવ્યો? અને સરસ્વતી સાધના યોજનામાં વાર્ષિક આવક મર્યાદાના હાલના ધોરણ શું છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ અગાઉ તા. ૭-૮-૧૪થી ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭,૦૦૦ રૂપિયા અને શહેરમાં ૬૮,૦૦૦ રૂપિયા હતું. ગરીબ વર્ગના કન્યાને અભ્યાસ કરવા માટે કોઇ તકલીફ ન પડે અને વધુ કન્યાઓને લાભ મળી શકે તે માટે યશસ્વી આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે

આવક મર્યાદામાં તા. ૨૪-૧૦-૨૦૧૭થી નીચે મુજબનો વધારો કરેલ છે. હાલમાં કન્યાના પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૧,૫૦,૦૦૦ રૂપિયાની કરવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

*૧૪૦૮૫ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૭૩ |
| ૨ | વડીયા | ૧૯૫ |
| ૩ | લાઠી | ૨૮૦ |
| ૪ | બાબરા | ૩૧૧ |
| ૫ | સાવરકુંડલા | ૩૫૯ |
| ૬ | લીલીયા | ૧૪૩ |
| ૭ | રાજુલા | ૪૨૬ |
| ૮ | જાફરાબાદ | ૨૩૩ |
| ૯ | ધારી | ૨૧૦ |
| ૧૦ | ખાંભા | ૨૦૫ |
| ૧૧ | બગસરા | ૨૫૦ |
| | **કુલ** | **૨૮૮૫** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨૩૩ | ૪૦ |
| ૨ | વડીયા | ૧૮૦ | ૧૫ |
| ૩ | લાઠી | ૨૬૬ | ૧૪ |
| ૪ | બાબરા | ૨૮૧ | ૨૦ |
| ૫ | સાવરકુંડલા | ૨૯૯ | ૬૩ |
| ૬ | લીલીયા | ૧૧૯ | ૧૨ |
| ૭ | રાજુલા | ૩૮૯ | ૩૭ |
| ૮ | જાફરાબાદ | ૨૧૪ | ૧૯ |
| ૯ | ધારી | ૧૦૭ | ૫૮ |
| ૧૦ | ખાંભા | ૧૮૪ | ૨૧ |
| ૧૧ | બગસરા | ૨૦૯ | ૪૧ |
| | **કુલ** | **૨૪૫૧** | **૩૪૦** |

(૩)

| ક્રમ | અરજી નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી |
| ૩ | સ્થળે રહેતા ન હોવાથી |
| ૪ | અવસાન થવાથી |

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમરેલી જિલ્લામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના કયારે અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી દ્વારા પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, આ યોજના કયારે અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે? હું આપના માધ્યમથી મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, ભારત સરકારના

## તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯
## તારાંકિત પ્રશ્નો

ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા... (અંતરાય) ધારાસભ્યશ્રીને જણાવવા માગું છું કે, ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા...

અધ્યક્ષશ્રી : સ્લીપ ઓફ ટન્ગ.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૫ ઓગસ્ટ ૧૯૯૫ના રોજ કરેલ જાહેરાત...

અધ્યક્ષશ્રી : શ્રી બલરભાઇને મંત્રી બનાવવા પડશે, હમણાં મંત્રીશ્રીએ મંત્રીશ્રી કહ્યું છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૫ ઓગસ્ટ ૧૯૯૫ના રોજ કરેલ જાહેરાત મુજબ રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ નં.વીએનટી/૧૦૯૫/આઇ/૭૭-૬-એ/તા.૨૫-૯-૧૯૯૫થી રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અમલમાં મૂકવામાં આવી અને તેના હેતુઓની વાત કરું તો આ યોજનાના લક્ષ્ય સ્થાને નિરાધાર વ્યક્તિ છે કે જેની પોતાની આવકના સાધનમાંથી અથવા પરિવારના સભ્યોની સહાયમાંથી અથવા અન્ય કોઇ સ્ત્રોતમાંથી ખાસ કોઇ આજીવિકા પ્રાપ્ત થઇ શકતી નથી તેવા વૃદ્ધોને નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે અને આ યોજનાનો મુખ્ય હેતુ વૃદ્ધ વ્યક્તિઓને આર્થિક સલામતી પૂરી પાડવાનો છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા ઇચ્છું છું કે, વૃદ્ધો એટલે કે સિનિયર સીટીઝનો આ રાજ્યનું આ દેશનું અવિભાજ્ય અંગ છે.

અધ્યક્ષશ્રી : બહુ ફાસ્ટ...

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા ઇચ્છું છું કે, આ યોજના અંતર્ગત આવા વૃદ્ધો એટલે કે સિનિયર સીટીઝનો આ રાજ્યનું આ દેશનું અવિભાજ્ય અંગ છે. સૌથી વધુ દોડાદોડી આ યોજનાનો લાભ તેમને મળે તે માટે કરતા હોય છે. આપણે કોઇ એવું સૂચન કરીએ અને એવું આયોજન કરીએ કે જેથી કરીને એકથી વધુ વાર તેમને ત્યાં ન આવવું પડે. આ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રીનું એક સૂત્ર હતું કે, ક્વેરી ઇઝ રાઇટ બટ નેવર ટવાઇસ. આ સૂત્ર મુજબ આપણે કામ કરવા ઇચ્છીએ છીએ કે નહીં?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમરીશભાઇનો જે પ્રશ્ન છે તે આ યોજનાનો લાભ મેળવવો તે ખૂબ જ સરળ છે. આ યોજનાની અરજી તે તાલુકા કક્ષાએ મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર પરથી મળે છે. આ અરજી મંજૂર કરવા માટે સત્તા પણ મામલતદારશ્રીને આપવામાં આવી છે. જો અરજી નામંજૂર કરવામાં આવે તો અરજદાર પ્રાંત અધિકારીશ્રીને અપીલ કરી શકે છે. એટલે ખૂબ સરળતાથી આ સહાય વૃદ્ધોને મળી શકે છે.

શ્રી રાઘવભાઇ ચો. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજના હેઠળ લાભાર્થીના પાત્રતાના ધોરણો શું છે, લાભાર્થીને દર મહિને કેટલી સહાય ચૂકવવામાં આવે છે, આ યોજના હેઠળ અરજી કયાં કરવાની અને મંજૂર કરવાની સત્તા કોને છે અને સહાય કઇ રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સહાયની પાત્રતાના ધોરણોની વાત કરી છે તો આ અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઇએ. અરજદાર બીપીએલ યાદીમાં ઝીરોથી ૨૦ના સ્કોરમાં સમાવિષ્ટ હોવા જોઇએ. સહાયના દરની વાત કરું તો આ યોજના હેઠળ ૬૦ વર્ષથી ૭૯ વર્ષ વય સુધીના લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા ૫૫૦ રૂપિયા અને કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦ રૂપિયા એમ કુલ ૭૫૦ રૂપિયા આપવામાં આવે છે. ૮૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા ૫૦૦ રૂપિયા અને કેન્દ્ર સરકાર દ્વારા ૫૦૦ રૂપિયા એમ કુલ ૧૦૦૦ રૂપિયા દર મહિને સહાય આપવામાં આવે છે. આ યોજનામાં અરજીપત્રક વિશે સભ્યશ્રીએ પૂછયું છે. તો મેં હમણાં જ શ્રી અમરીશભાઇના પ્રશ્નનના જવાબમાં વિગતો આપી છે કે તાલુકામાં મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર પરથી મળે છે. આ યોજના મંજૂર કરવાની સત્તા તાલુકામાં મામલતદારશ્રીને છે અને મામલતદાર નામંજૂર કરે તો આપણે પ્રાંત અધિકારીશ્રીને અપીલ કરી શકીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે, ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં કુલ અરજીઓ મળી છે એ ૨૮૮૫ છે એમાંથી મંજૂર ૨૪૫૧ કરવામાં આવી છે, નામંજૂર ૩૪૦ કરવામાં આવી છે તો એનો ટોટલ ૨૭૯૧ થાય છે. ૯૪ જે અરજીઓ બાકી રહે છે એ અરજીનો હું ખુલાસો પૂછવા માગું છું. તો બીજી ૯૪ અરજીઓ ક્યાં ગઇ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧.૩.૨૦૧૯ સુધીમાં ૨૮૮૫ અરજીઓ મળી છે અને ૨૪૫૧ અરજીઓ મંજૂર કરી છે, ૩૪૦ અરજી નામંજૂર છે, ૯૪ અરજી પડતર છે અને ૯૦ અરજી નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી નામંજૂર કરેલ છે. બી.પી.એલ.યાદીમાં ઝીરોથી ૨૦ના સ્કોરમાં ન આવતા હોય એવી ૨૩૧ અરજીઓ છે, જે સ્થળેથી અરજી કરી હોય પરંતુ હાલ તે સ્થળે રહેતા નથી એવી ૧૮ અરજીઓ નામંજૂર કરી છે અને બે મહિનાના સમયગાળામાં જે અરજીઓ કરવાની હોય છે એવી ૪૯ અરજી છે અને અરજી કરનારનું અવસાન થઇ ગયું છે એવી એક અરજી છે, ચાર માસ સુધીના સમયગાળાની ૪૨ અરજી છે અને ૬ માસ સુધીની ૩ અરજીઓ છે એટલે આ પ્રકારે મંજૂર થયેલી અને પડતર અરજીઓની વિગત આ મુજબ છે.

### રાજકોટ જિલ્લામાં બિનખેતી અંગેની ઓનલાઇન અરજીઓ

આષાઢ ૧૯, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

*૧૪૧૨૬ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ–ગ્રામ્ય) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ઓનલાઇન બિનખેતીની કેટલી અરજીઓ આવી, કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| કુલ આવેલ અરજીઓ | મંજૂર | નામંજૂર |
|---|---|---|
| ૭૨૫ | ૫૬૬ | ૫૯ |

(૨)

- રેવન્યુ ટાઇટલ વિસંગતતા
- શરતભંગ (ટુકડાધારા, એલ.આર.સી.–૬૬, ઘરખેડ કલમ–૫૪)
- ક્ષેત્રફળ વિસંગતતા, ચર્તુસીમામાં વિસંગતતા,
- ફેરફાર નોંધમાં સ્ટેમ્પ ડ્યુટી,
- પ્રિમિયમ/નવી શરતની જમીન,
- અઘાટ ટેનીયોરની જમીન સબંધમાં કબજા હક્કની રકમના હપ્તા ભરપાઇ થયા ન હોય,
- કોર્ટ કેસ/અપીલ રીવીઝન ચાલતી હોવાથી
- અગાઉ અગ્રાહ્ય થયાના કારણોની પૂર્તતા થતી ન હોવાથી.

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બિન ખેતી પરવાનગી માટે અગાઉની પ્રક્રિયામાં શું મુશ્કેલીઓ હતી અને હવે આ પ્રક્રિયા ઓનલાઇન કરવાના કારણે શું ફાયદો થયો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ એક મહત્વાકાંક્ષી અને ક્રાન્તિકારી નિર્ણય છે. ટેકનોલોજીનો લોક હિતમાં કેવી રીતે ઉપયોગ કરવો એનું પણ એક ઉત્તમ ઉદાહરણ છે. આપણે બધા એના સાક્ષી છીએ, ક્યાંય ફરિયાદી છીએ. વાર લાગે છે, ધક્કા ખાવા પડે છે, અનેક દસ્તાવેજો રજૂ કરવા પડે છે અને પછી પુરું થઇ ગયા પછી પણ ક્વેરી કાઢવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાના નિવાસ્થાને જેમ ડેસ્કબોર્ડ બનાવ્યું છે એવી રીતે દરેક વિભાગમાં લોકોને ધક્કા કેમ બચે, માનવ સહજ પ્રમાણે થતી ક્ષતિ કે ભૂલથી પ્રજા કેમ બચી શકે એના માટેનો આ ઉપાય કર્યો છે અગાઉ અરજદારે ૭/૧૨ અને નમૂના નં.૬ની નોંધની નકલો સાથે રજૂ કરવાની હતી. માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૧૭ જેટલા અભિપ્રાયો મેળવવાના હતા, અલગ અલગ પ્રકારના સોગંદનામા હતા, બેન્કમાં જઈ નાણાં ભરી ચલણ રજૂ કરવાનું થતું હતું અને તેની ખરાઇ અર્થે તિજોરી ખાતે મોકલવામાં આવતું હતું. પંચનામા, ગામનો નકશો, કોઇ બોજો નથી, બાકી નથી તે બાબતનું પ્રમાણપત્ર ગ્રામ પંચાયત ખાતેથી મેળવવાનું થતું હતું. અગાઉ કચેરી સમય દરમ્યાન જનસેવા કેન્દ્ર ખાતે રુબરુ જઈ અરજી કરવાની હતી આ મુશ્કેલીઓ હતી. હવે ૭/૧૨ અને ગામ નમૂના નં.૬ની નકલો રજૂ કરવાની નથી. આ હું હવે જે કહી રહ્યો છું એ બધાને માટે ખૂબ જાણવા જેવી બાબત છે. પરંતુ હવે સિસ્ટમ પોતે આ ડેટા ઓનલાઇન મેળવી લે છે. આ ફેરફાર ખૂબ ક્રાંતિકારી કહી શકાય તેવી સિસ્ટમ બનાવી છે. તે સિસ્ટમ જ જરૂરી ડેટા મેળવી લે છે. હવેની પદ્ધતિમાં વિવિધ જરૂરી અભિપ્રાય ઓનલાઇન મેળવવામાં આવે છે. માત્રને માત્ર એક જ સોગંદનામું રજૂ કરવાનું હોય છે. નાણાં પણ ઓનલાઇન ભરી શકાય છે. ડીઆઇએલઆર કચેરીનો એકત્રીકરણ તખ્તો ઓનલાઇન મેળવવામાં આવે છે. સ્થળ સ્થિતિના પંચનામા, ગામ નકશો તથા કોઇ બોજો બાકી નથી તે બાબતના પ્રમાણપત્ર વગેરે બાબતો મેળવવાની થતી નથી. હવે અરજદારે ગમે તે સ્થળેથી ચોવીસ કલાક ઓનલાઇન અરજી કરી શકે છે. છેલ્લે ૧૭ દિવસના સમયના બદલે હવે સામાન્યત: ત્રણથી ચાર દિવસમાં અભિપ્રાય મળી જાય છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પારદર્શી વહીવટના નમૂનાના ભાગરૂપે બિનખેતી માટે જે ઓનલાઇન પ્રક્રિયા કરી છે તેના માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છું. સાથે સાથે ઓનલાઇન પ્રક્રિયામાં જે મુશ્કેલીઓ પડે છે તેના માટે શું શું પગલાં લેવા માગો છો? સાથે સાથે એ પણ જાણવા માગું છું કે, નાની એવી ચૂક હોય તો તેને એન.એ. કરવા માટે ફરીથી અરજી કરવી પડતી હોય છે તો તે ચૂક અરજી સ્વીકારીને કામગીરી થાય, ફરી વાર ફોર્મ ભરવાનું, પૈસા ભરવાની પ્રોસેસ ફરી વાર કરવી પડે છે. તેના બદલે જે ક્વેરી હોય તેટલા પૂરતી કામગીરી થાય તો ખૂબ સરળ થશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અરજદાર જે ઓનલાઇન અરજી કરી શકે તે માટે ગ્રામ કક્ષાએ પંચાયત ઓફિસમાં કોમ્પ્યુટર ઓપરેટરની મદદ લઇ શકાય છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ સરકારના જનસેવા કેન્દ્રો છે તેની

વ્યવસ્થા પણ કોઇપણ મુશ્કેલીમાં તેના ઉપાય તરીકે કરી છે. આ ઉપરાંત કલેક્ટર કચેરી ખાતે હેલ્પ સેન્ટરોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તે મદદ માટે તૈયાર હોય છે. જેથી ઓનલાઇન અરજી કરવામાં જે મુશ્કેલીઓ થાય છે તે આ હેલ્પ સેન્ટર દ્વારા નિવારી શકાય છે. અરજદારે ફકત ઓનલાઇન નિયત કરેલા નમૂનામાં વિગતો ભરવાની રહે છે. તેને નિયત કરેલ સોગંદનામું રજૂ કરવાનું રહે છે. આમ આ અરજી અને સોગંદનામું રજૂ કરવાનું હોય છે. આ અરજી અને સોગંદનામું રજૂ કર્યા બાદ મંજૂરી કે નામંજૂરીના કિસ્સામાં ઓનલાઇન ઇ.મેઇલ કે એસએમએસથી જાણ કરવાની સુવિધા આ નવી પદ્ધતિમાં કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન કંઇક હતો તે કહો શ્રી ગોવિંદભાઇ..

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન એવો છે કે, નાની એવી ચૂકના કારણે ફરીવાર અરજી કરવી પડે છે. તો ખાલી ચૂક સુધારો કરવા પૂરથી અરજી લઇને, ફરી વાર પૈસા ન ભરવા પડે અને ફરી વાર આખી પ્રક્રિયા ન કરવી પડે તેવો સુધારો થાય તો સરળ રહેશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનું સૂચન છે. સારુ સૂચન છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સારુ સૂચન છે પણ અત્યારે હા ના પાડી શકું. કારણ કે નવી પદ્ધતિ છે એટલા માટે સૂચન ચોક્કસ આવકાર્ય છે.

**અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના**

*૧૪૦૩૮ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૧૦૩ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને | (૨) મંજૂર–૧૮૧૮<br>નામંજૂર–૨૫૮ |
| (૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે? | (૩) |

| ક્રમ | અરજી નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | નિયત આવક કરતાં આવક વધુ હોવાથી |
| ૨ | પુખ્ત વયનો પુત્ર હોવાથી |
| ૩ | ઉંમર ઓછી હોવાથી |
| ૪ | સ્થળે રહેતા ન હોવાથી |
| ૫ | અવસાન થવાથી |

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષની અંદર નિરાધાર વૃદ્ધની કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજૂર કરી છે, કેટલી અરજીઓ નામંજૂર કરી છે તો આ નામંજૂર કરવાના કારણો શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કુલ ર૭ અરજીઓ આવી છે તે પૈકી ર૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ર અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ર અરજીઓ જે નામંજૂર કરવામાં આવી છે તે ૩૧ માર્ચ પહેલાં પુખ્ત વયના પુત્ર હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. પરંતુ તે અરજી નવેસરથી કરવામાં આવશે અને આપણે ૧–૪–૨૦૧૯ થી સુધારો કર્યો છે કે પુખ્ત વયના બાળકો હોય તેમને પણ સહાય મળી શકશે. તો આ અરજી ફરી કરશે તો આ લાભાર્થીઓને લાભ મળી શકશે.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પડતર અરજીઓ પડી છે તેમાં તાલુકાવાર કેટલી કેટલી છે અને તેની શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં માત્ર સાણંદ તાલુકાની જ આ બન્ને અરજીઓ છે અને મેં અગાઉ કહ્યું તેમ ૩૧–૩ પહેલાંની અને પુખ્ત વયનો પુત્ર હોવાના કારણે એ અરજી પડતર છે અને ૧–૪–થી આપણે જે પુખ્ય વયના એમના વારસો હોય તે શરતને આપણે બાદ કરી છે. તો હવેથી તે નવી અરજી જ્યારે કરે એટલે અરજી મંજૂર કરવામાં આવશે અને તેમને સહાય પૂરી પાડવામાં આવશે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ, દેત્રોજ તાલુકામાંથી છેલ્લાં બે વર્ષમાં નિરાધાર વૃદ્ધ સહાય માટે કેટલી અરજીઓ આવેલી છે ? તેમાંથી કેટલી મંજૂર થઇ છે અને કેટલી નામંજૂર થઇ છે ? નામંજૂર થવાના કારણો શું છે ? અને આજ દિન સુધીમાં પડતર કોઇ અરજી હોય તો એ પડતર કેમ છે ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં સંપૂર્ણ અમદાવાદ જિલ્લાનો જવાબ આપ્યો છે. તે અમદાવાદ જિલ્લામાં કુલ-૨૭ અરજીઓ મળી છે તે પૈકી ૨૫ અરજીઓ મંજૂર થઇ છે માત્ર અમદાવાદ જિલ્લામાં ર અરજી નામંજૂર થઇ છે અને તે ર અરજી તે સાણંદ તાલુકાની છે અને બીજી કોઇ પડતર અરજીઓ નથી.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે જે આ નિરાધાર વૃદ્ધ સહાય યોજના છે તેમાં પાત્રતાના ધોરણો માટે, જે રીતે કહ્યું કદાચ પુખ્ય વયનો દિકરો થયો તો હવે મળવાના છે પણ તેના લાભાર્થીઓને દર મહિને કેટલી સહાય ચૂકવવામાં આવે છે? તેની અરજી કયાં કરવાની હોય છે ? અરજી મંજૂરીની સત્તા કોને હોય છે? અને સહાય કઇ રીતે ચૂકવવામાં આવે છે તેની આખી પ્રક્રિયા માનનીય મંત્રીશ્રી સમજાવે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઇએ. અપંગ અરજદારના કિસ્સામાં તેમની ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી જોઇએ અને અપંગતાની ટકાવારી ૭૫ ટકાથી વધુ હોવી જોઇએ. ગ્રામ્ય વિસ્તારની વાત કરું તો અરજદારની રૂ.૧ લાખ ૨૦ હજારથી તેની આવક ઓછી હોવી જોઇએ અને શહેરી વિસ્તાર હોય તો તેમાં તેની આવક રૂ.૧ લાખ ૫૦ હજારથી ઓછી હોવી જોઇએ. અરજદારને જે જૂની શરત મુજબ કે ૨૧ વર્ષની વયનો પુત્ર ન હોવો જોઇએ પરંતુ તે સુધારો આપણે કરી નાંખ્યો છે. અરજદારનો પુખ્ય વયનો પુત્ર જો શારીરિક અપંગતા અથવા માનસિક અસ્થિરતા ધરાવતો કે કેન્સર, ટી.બી. જેવી ગંભીર માંદગીથી પીડાતો હોય અને કમાવવા માટે અશકત હોય તેવા વૃદ્ધો પણ આમાં અરજી કરી શકે છે. અને અરજદાર છેલ્લાં ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં વસવાટ કરતો હોવો જોઇએ. આ યોજનામાં માસિક રૂપિયા ૭૫૦ની સહાય દર માસે આપવામાં આવે છે અને આ યોજનાની અરજીપત્રકની વાત કરી તો મેં અગાઉ કહ્યું તે મુજબ જ મામલતદારશ્રી અને પ્રાંત કચેરી અને જિલ્લાના જનસેવા કેન્દ્રોએ અરજી કરી શકાય છે. આ યોજનામાં અરજી મંજૂર કરવાની સત્તા મામલતદારશ્રીને છે અને મામલતદાર જો નામંજૂર કરે તો આપણે પ્રાંતમાં અપીલ કરી શકીએ છીએ અને માનનીય સભ્યશ્રીએ આ સહાયની ચૂકવણીની વાત કરી તો સપ્ટેમ્બર-૨૦૧૭થી સમાજ સુરક્ષા તરફથી આ ગાંધીનગર દ્વારા ડી.બી.ટી. દ્વારા આ તમામ લાભાર્થીઓનું ચૂકવણું થાય છે અને આ ચૂકવણું લાભાર્થીના બેન્ક કે પોસ્ટના એકાઉન્ટમાં ૧થી ૫ તારીખ સુધીમાં જમા થઇ જાય છે. અને આ યોજનામાં હાલ રાજ્યમાં ૯૨ હજાર જેટલાં લાભાર્થીઓનું પેમેન્ટ ડી.બી.ટી. Direct Beneficiary Transfer ધોરણે થાય છે. લાભાર્થીની સહાય મંજૂર કર્યા બાદ લાભાર્થીની વિગતો પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવે છે અને ત્યારબાદ આધાર નંબર અને એકાઉન્ટ નંબરનું વેરીફિકેશન કરવામાં આવે છે અને આ પ્રક્રિયા બાદ લાભાર્થીઓની અરજી કર્યાના માસની ડી.બી.ટી. મારફત દર માસે નાણાંનું ચૂકવણું કરવામાં આવે છે. અગાઉ પોસ્ટ દ્વારા આપણે આ મની ઓર્ડરથી આ લાભાર્થીઓને લાભ પહોંચાડતા અને પોસ્ટ વિભાગને પાંચ ટકા કમિશન આપવામાં આવતું. હવે આ યોજનામાં ડી.બી.ટી. દ્વારા સહાય પહોંચાડવામાં આવે છે ત્યારે અમારા વિભાગના અંદાજે પાંચ કરોડથી વધુ રૂપિયા જે પોસ્ટને કમિશનથી મળતા હતા એની પણ બચત થઇ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ઘણા લાંબા સમયથી ચાલે છે. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું એ મુજબ એના લાભાર્થીઓની પાત્રતાના ધોરણોમાં તેમનો ઝીરોથી વીસ બી.પી.એલ. સ્કોર યાદીમાં સમાવેશ હોવો જોઇએ. જાહેર જીવનમાં બધાનો અનુભવ હશે કે, આપણી આજુબાજુ અનેક એવા નિરાધાર વૃદ્ધો છે કે જે ખરેખર ગરીબ છે પણ લાંબા સમયથી બી.પી.એલ. યાદી અપડેટ થઇ નથી અને આ યાદીમાં અનેક છબરડાઓ છે. એના કારણે એ વૃદ્ધોનું નામ યાદીમાં નહિ હોવાના કારણે અથવા તો એના સ્કોર પ્રમાણે પાછળ હોવાના કારણે એમને લાભ મળી શકતો નથી. એવા કિસ્સાઓમાં આપણે સક્ષમ અધિકારીનો આવકનો દાખલો માન્ય રાખી સરકાર એમને સહાય આપવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ચાલતી આ પ્રકારની સહાયમાં બી.પી.એલ. સ્કોરમાં અગાઉ ઝીરોથી ૧૬ અને ત્યાર પછી ઝીરોથી વીસ એ પ્રમાણે સુધારા-વધારા કરવામાં આવ્યા છે અને ગૃહના સભ્યશ્રી અમિતભાઇએ જે કહ્યું છે એ એમનું સૂચન અમે ધ્યાને લઇશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એક જ વાત જાણવી છે કે કુલ ૧૮૧૮ અરજીઓ મંજૂર થઇ છે. બેંકમાં અને પોસ્ટમાં ૧થી ૫ તારીખ સુધીમાં આ સહાયની રકમ જમા થાય છે. ખાસ કરીને મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં અનેક વૃદ્ધોના ખાતામાં છેલ્લા છથી આઠ મહિનાથી પૈસા જમા થયા નથી. અમે પત્રો પણ લખ્યા છે અને સામે જવાબ પણ આવ્યા છે. આપ કહો છો કે ૧થી ૫ તારીખ સુધીમાં પૈસા જમા થઇ જાય છે તો આ મંજૂર થયેલ ૧૮૧૮ અરજીઓમાંથી કેટલા લોકોના ખાતામાં વૃદ્ધ સહાયના પૈસા ચૂકવી દેવામાં આવેલ છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧/૪/૧૮થી તા.૩૧/૩/૨૦૧૯ની વાત કરું તો એમાં ૨૧૦૩ અરજીઓ મળી અને શ્રી શૈલેષભાઇએ કહ્યું એ મુજબ ૧૮૧૮ અરજીઓ મંજૂર થઇ છે અને ૨૫૮ અરજીઓ નામંજૂર થઇ છે. આજ દિન સુધીમાં મારા વિભાગ પાસે કે મને આવી ફરિયાદ મળી નથી કે ૧થી ૫ તારીખ સુધીમાં પેમેન્ટ જમા થયું નથી.

## તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯
## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ રાજકીય અવલોકન નથી. આ હકીકત છે. સરકારશ્રી દાવો કરે છે કે ૧થી ૫ તારીખ સુધીમાં વૃદ્ધ સહાયના પૈસા જમા થાય છે પણ વાસ્તવમાં વૃદ્ધ સહાયમાં ૬થી ૮ મહિના સુધી પૈસા જમા થતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બાબતને ગંભીરતાથી લઇ તપાસ કરાવી લેજો.

**છોટાઉદેપુર અને રાજકોટ જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ**

*૧૫૭૬૧ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર અને રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શ્રમ કાયદાનો ભંગ કરતા કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત તપાસ દરમ્યાન કેટલા ઔદ્યોગિક એકમો કસૂરવાર જણાયા, અને

(૩) ઉક્ત કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમો** |
|---|---|
| છોટાઉદેપુર | ૨૩૦ |
| રાજકોટ | ૧૮૨૮ |
| **કુલ** | **૨૦૫૮** |

(૨)

| **જિલ્લો** | **કસૂરવાર ઔદ્યોગિક એકમો** |
|---|---|
| છોટાઉદેપુર | ૧ |
| રાજકોટ | ૭૭ |
| **કુલ** | **૭૮** |

(૩)

| **જિલ્લો** | **કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે નામ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ કેસો** |
|---|---|
| છોટાઉદેપુર | ૧ |
| રાજકોટ | ૨૧૭ |
| **કુલ** | **૨૧૮** |

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં શ્રમ કાયદાનો ભંગ કરતા એકમોની તપાસ હાથ ધરી. એમાં જે એકમોની તપાસ થઇ એની માહિતી સન્માનનીય ગૃહના ટેબલ પર મૂકવામાં આવે અને રાજકોટમાં ૭૭ એકમો કસુરવાર જણાયા અને જ્યારે પગલાં લેવાની વાત થઇ ત્યારે કોર્ટમાં ૨૧૭ અરજીઓ છે. આ બંને જવાબમાં ડિફરન્સ છે અને નાના બાળકો ઔદ્યોગિક એકમોમાં કામ કરતાં હોય છે અને એમને એમાંથી છોડાવીને આપણે બાળ રીમાન્ડ હોમમાં મોકલતા હોઇએ છીએ ત્યારે આ બાળકોના શિક્ષણ માટે, એના રક્ષણ માટે, એની રોજી માટે સરકારે શું આયોજન કર્યું?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટમાં જે ૭૭ એકમોની વાત કરી એમાં મારે આપના મારફત જણાવવાનું કે, ૭૭ એકમોની તપાસ કરી છે પણ આ ઔદ્યોગિક એકમોમાં ૨૧૭ ક્ષતિઓ જણાઈ છે અને એના કારણે ૨૧૭ કેસો કરવામાં આવ્યા છે. અને જે નાના બાળકોની વાત કરી તો મોટે ભાગે રાજ્યમાં બાળ મજૂરી બંધ થાય એના માટેના સઘન પ્રયાસો આપણા સૌના માધ્યમથી કરી રહ્યા છીએ અને એ રીતે ધીરે ધીરે રાજ્યમાં બાળ મજૂરી ઓછી થઇ રહી છે. તેમ છતાં આવો કોઇ બાળક પકડાય તો એને એના વાલીને સોંપવાનો પ્રયત્ન કરીએ છીએ. એને સાચવવા માટે અને ભણાવવા માટે વ્યવસ્થા કરવામાં આવતી હોય છે.

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કોર્ટમાં કેટલા કેસોનો નિકાલ થયો અને તેમાં કસુરવારને નામદાર કોર્ટ દ્વારા કેટલો દંડ કરવામાં આવ્યો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : કુલ ૨૧૭ કેસ કરવામાં આવેલ હતા. આ ૨૧૭ કેસ પૈકી ૧૦૦ જેટલા કેસોનો નિકાલ થયો છે અને એ નિકાલ થયા પછી એમાં ૧૨,૮૬,૫૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય સભ્યશ્રી સુખરામભાઇએ પ્રશ્ન પૂછ્યો એમાં માનનીય મંત્રીશ્રીએ રાજકોટના સંદર્ભે જવાબ આપ્યો એમાં જણાવ્યું કે ૭૭ એકમો કસુરવાર જણાયા. પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં પહેલો પ્રશ્ન પૂછ્યો છે છેલ્લા બે વર્ષમાં શ્રમ કાયદાનો ભંગ કરતા કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી. એના જવાબમાં ૨૦૫૮ જણાવેલ છે. જયારે બીજો પ્રશ્ન સ્પષ્ટ પૂછવામાં આવ્યો છે કે ઉકત તપાસ દરમિયાન કેટલા ઔદ્યોગિક એકમો કસુરવાર જણાયા. તો એમાં

છોટાઉદેપુરનું એક એકમ અને રાજકોટના ૭૭ એકમ બતાવેલ છે. ત્રીજો પ્રશ્ન સ્પષ્ટ પૂછ્યો છે કે ઉકત કસુરવાર ઔદ્યોગિક એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા છે. એમાં સરકારે જણાવ્યું છે કે ૨૧૭ માં ક્ષતિ જણાય છે વિસંગતતા જણાય છે. સવાલ સ્વયં સ્પષ્ટ પ્રશ્ન છે કે રાજકોટમાં કસૂરવાર ૭૭ હોય તો પગલાં તો ૨૧૭ જણાવ્યા છે તો એ કયા આધાર ઉપર કહી શકીએ છીએ એ મારે જાણવું છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : મારે માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે ૭૭ એકમોની અંદર તપાસ કરી એમાં એક કરતાં વધારે ક્ષતિઓ જણાય છે. કોઇ આરોગ્ય માટેની ક્ષતિ હોય કોઇક કામદારને કામ કરવામાં સંરક્ષણ ન જળવાતું હોય એની ક્ષતિ હોય આવી અનેકવિધ કાયદા નીચે ક્ષતિઓ જણાય એ તમામ ક્ષતિઓના આધારે આ કેસો કરવામાં આવ્યા હતા, એની સામે જુદા જુદા પગલાં લીધા છે. આ ૨૧૮ કેસોની મારી પાસે પૂરતી વિગતો છે. માનનીય શ્રી સુખરામભાઇ અને માનનીય શ્રી પુંજાભાઇને એ માહિતી જોઇતી હશે તો હું એ પૂરી પાડીશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : બીજા સવાલમાં ઉક્ત તપાસ દરમિયાન કેટલા ઔદ્યોગિક એકમો કસૂરવાર જણાયા. એમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે રાજકોટમાં ૭૭, એની સામે ત્રીજો સવાલ એ પૂછ્યો કે કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે શા પગલાં લીધા છે. અહીંયાં એકમો પૂછ્યા છે તો ૨૭૭ અને ૨૧૭ એ બે વચ્ચે ડિફરન્સ કઇ રીતે હોઇ શકે. સવાલ અલગ અલગ છે, એકમો શબ્દ વાપર્યો છે તો નીચે ૭૭ જ હોય.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : કોઇપણ ઔદ્યોગિક એકમ હોય એમાં લઘુતમ વેતનનો પ્રશ્ન હોય, આગળ મેં કહ્યું એમ એની સુરક્ષા માટેનો પણ હોય શકે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી પુંજાભાઇ, જુદા જુદા પગલાં લીધા છે એનું આ ટોટલ છે. પ્રશ્ન ક્રમાંક-૬

**પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

* ૧૪૦૨૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૨૯૨ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૨૮૯ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૮૨૮૯ |

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરસ્વતી સાધના યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૯માં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર કરી અને કેટલી કિંમતની કેટલી સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯ માં જે અરજીઓ તાલુકાવાઇઝ મળી છે, તેની માહિતી આપું છું. જાંબુ ઘોડામાં ૧૬૨ અરજીઓ મળી, ૧૬૨ અરજીઓ મંજૂર કરી રૂ. ૫, ૭૯,૮૦૦ રકમ ખર્ચવામાં આવી. હાલોલમાં ૭૯૭ અરજીઓ મળી અને ૨૮,૪૮,૫૭૮ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો. કલોલમાં ૧૧૭૮ અરજીઓ આવી અને ૪૨,૧૦,૩૨૦ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો, ઘોઘંબામાં ૭૭૯ અરજીઓ ૭૭૯ મંજૂર કરી અને ૩૪,૯૯,૦૬૮ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા. મોરવા-હડફમાં ૧૦૦૩ અરજીઓ મળી, ૩૫,૮૪,૮૪૭ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા. ગોધરામાં ૨૩૮૩ અરજીઓ મળી, રૂપિયા૮૫,૧૩૫૬૭નો ખર્ચ કરવામાં આવ્યો, શહેરામાં ૧૭૯૦ અરજીઓ મળી, ૧૭૮૮ અરજીઓ મંજૂર કરવામાં આવી ૬૩,૯૦,૫૩૬ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા. આમ કુલ આ જિલ્લામાં ૮૨૮૯ અરજીઓ મંજૂર કરી અને ૨,૯૬,૨૫,૯૯૨ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે સરસ્વતી સાધના યોજના ૨૦૧૮-૧૯ના વર્ષમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં વિકસતી જાતિની કન્યાઓ માટે કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી અને કેટલી સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા તાલુકામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ૨૦૧૮-૧૯ના વર્ષ વિકસિત જાતિની કન્યાઓ માટે ૨૩૮૩ અરજીઓ મળી તે પૈકી ૨૩૮૨ મંજૂર કરી અને તમામ સાઇકલોનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં હાલોલ તાલુકામાં વિકસતિ જાતિની કન્યાઓ માટે કેટલી અરજીઓ મળી અને કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું?

## તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯
## તારાંકિત પ્રશ્નો

શ્રી વાસણભાઇ ગો. આહીર : સરસ્વતી સાધના યોજના હેઠળ ૨૦૧૮-૧૯ના વર્ષમાં પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં વિકસતી જાતિની કન્યાઓ માટે ૭૯૭ અરજીઓ મળી અને ૭૯૭ મંજૂર કરી અને વિતરણ કરી દેવામાં આવેલ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની બહેનો શાળાએ ભણવા જાય અને સારું શિક્ષણ મેળવે એટલા માટે સરસ્વતી સાધના યોજના હેઠળ સાઇકલો આપવામાં આવે છે એ સારી યોજના છે, પણ આ જે સાઇકલો છે તેની જે ખરીદી થાય છે તે એ ટેન્ડર પ્રથાથી થાય છે એ મારે જાણવું છે. હું બેઠા બેઠા ગણતો હતો એક સાઇકલની કિંમત ૩૫૭૪ રૂપિયા થાય છે, આ કયા પ્રકારની સાઇકલ છે એમાં કાંઇક સુધારો વધારો છે કે હલકા પ્રકારની સાઇકલ છે, આ બાબતમાં સરકારને કોઇ ફરિયાદ મળી છે કે કેમ? એ મારે જાણવું છે.

શ્રી વાસણભાઇ ગો. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સુખરામભાઇએ જે વાત કરી, સાઇકલની ખરીદી કરવાની પ્રક્રિયા શું છે, તો મને કહેતાં આનંદ થાય છે કે આના માટે વિભાગની એક કમિટી બનાવવામાં આવી છે અને એ કમિટીના અગ્રસચિવ હોય છે, કુટિર અને ઉદ્યોગના અગ્ર સચિવ હોય છે, અમારા નિયામક પણ હોય છે. ઓન લાઇન ટેન્ડરની પ્રક્રિયા હોય છે. અને એમાં એલ-વન જે આવતા હોય તેને આ સાઇકલનું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે. આપે જેમ કહ્યું એમ ૩૫૧૬ રૂપિયાની કિંમતની સાઇકલ આપવામાં આવે છે. અને તેનો ટેકલોન કલર છે, અને જે કલર છે એ રેડિયમથી રાત્રે ચમકે એટલે અકસ્માત ન થાય એ રીતનો કલર પણ બનાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપના ગળામાં ખેસ છે એવો છે, એમ કહોને.

**ગાંધીનગર ખાતે આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ.સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

*૧૫૭૩૭ **નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મે.એક્વાલાઇન પ્રોપર્ટીઝ પ્રા.લિ. (રાહેજા ગૃપ)ને કોબા, ગાંધીનગર ખાતે આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ.સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) મોજે. કોબા, તા. જી. ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૪૨, ૨૩૭, ૨૩૮ની સરકારી પડતર અને સર્વે નં. ૨૭૦ની ગૌચર સદરની કુલ હે.આરે. ૩૭-૬૫-૮૧ ચો.મી. જમીન પ્રતિ ચો.મી.ના રૂ.૪૭૦/- મુજબ રૂ.૧૭,૬૯,૯૩,૦૭૦/- વસુલ લઇ ફાળવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઇ કાર્યવાહી ન થઇ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું. એમણે એમના જવાબમાં જણાવ્યું છે કે, ગૌચર સદરની જમીન આપવામાં આવી છે. તો સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે ગૌચરની જમીન આપી શકાય ખરી કે કેમ? અને બીજું કે આ જે કંપનીને તમે *(xxx) જે ૪૭૦ રૂપિયા ચોરસ મીટરના ભાવે રાહેજા ગ્રૃપને જમીન આપી છે....

અધ્યક્ષશ્રી : આ *(xxx) કાઢી નાખવામાં આવે છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઓછા ભાવે આપી છે. પાણી ૨૦ રૂપિયામાં બોટલ મળે છે ને એટલે, અને ભારત સરકારનો આપણું સંરક્ષણ કરતો જે વિભાગ છે, જે સંરક્ષણ કરે છે, આપણે રાષ્ટ્રભાવનાની વાતો બહુ મોટી કરીએ છીએ, પણ તેને આપણે રૂ.૭૮૦૦ પ્રતિ ચોરસ મીટરના ભાવે જમીનના ભાવ નકકી કરીએ છીએ તો પ્રાઇવેટ કંપનીઓને આ ભાવે કેમ? અને આપણું રક્ષણ કરતી સંસ્થાઓને આ ભાવે આપવાના કારણો શું છે? અને રાહેજા બિલ્ડરને જે જમીન આપી છે તે ખાસ હેતુ માટે અપાઇ છે, આઇ.ટી. પાર્ક માટે આપી છે તો એમણે એ હેતુ ફેર કર્યો છે કે કેમ? અને જે હેતુ માટે આપી છે તે હેતુ સચવાયો છે કે કેમ? અને ન સચવાયો હોય તો તેના માટે પગલાં લીધા છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીન અંગેનો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો આવ્યો તે પહેલાનો આ નિર્ણય છે એટલે એમાં એ લાગુ પડતો નથી. *(xxx) નથી આપી, નિયમ છે કે બજાર ભાવે આપવી અને બજાર ભાવે જ આપીએ છીએ. નિયમ છે કે બજાર ભાવે આપવી અને બજાર ભાવે જ આપી છે. ૧૭ કરોડ ૬૯ લાખ ૯૩ હજાર

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને ૭૦ રૂપિયાની વસૂલાત કરી છે. એટલે *(xxx) આપેલ નથી. શરતભંગ કે હેતુ ફેર પણ થતો નથી. આપણી સરકારમાં ૨૦૦૬માં અને ૨૦૧૩માં કેન્દ્ર સરકારમાં જે સુધારો કરવામાં આવ્યો એ અન્વયે આ સેઝના કિસ્સામાં, ઉપરાંત નામદાર હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે જે ઓબ્ઝર્વેશન કર્યું છે તેના આધારે બાંધકામ થયું છે અને ગાંધીનગર સી. કેટેગરીમાં આવે છે. એમાં પાંચ વર્ષની અંદર સાડા બાર હજાર ચોરસ મીટરનું બાંધકામ જરૂરી છે, એ ૫૪ હજાર ચોરસ મીટરનું બાંધકામ થયું છે. એટલે કેન્દ્ર સરકારનો ૨૦૦૬ અને ૨૦૧૩નો ઠરાવ, નામદાર સુપ્રીમ કોર્ટનું ઓબ્ઝર્વેશન, એને ધ્યાને લેતા આ એકવા લેનને આપેલી જમીનમાં ભાવ ઓછો લીધો નથી. બજાર ભાવે જ વેચી છે અને નામદાર સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકારના ઠરાવ અને ઓબ્ઝર્વેશન મુજબ જ કાર્યવાહી કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી રાકેશભાઇ, કંઇ પૂછવાનું હજુ બાકી રહી જાય છે?

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન તો જમીન સિવાયનો છે, મારો પ્રશ્ન સીધો છે કે આ આઇ.ટી. અને આઇ.ટી. એસ. સેઝ પાર્ક માટે જગ્યા ફાળવી છે તો સેઝની સ્થાપના અને એનો ઉદેશ શું હતો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું એ મુખ્ય ઉદેશ છે અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી વખતે રોજગારી પણ તેની પાછળ સંકળાયેલો મુદો છે. વિદેશમાં જેવી રીતે સેઝમાં સગવડતા આપવામાં આવે છે તેવી જ સગવડતા આપણે ત્યાં આપવામાં આવે છે અને સેઝમાં આવેલ ઉદ્યોગોને આર્થિક લાભો પણ આપવામાં આવે છે. એટલે રોજગારી, પ્રોત્સાહન અને આર્થિક લાભો આ યુનિટને પણ ફાળવવામાં આવે છે. નિયમ મુજબ કરવામાં આવ્યું છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું, મારો આવો જ પ્રશ્ન ૨૧૪ નંબરનો છે એમાં જવાબ આપેલો છે. આઇ.ટી. પાર્ક માટે આ જમીન જ્યારે રાહેજા બંધુને આપવામાં આવી છે, બજાર કિંમતે આપવામાં આવી છે, ત્યાં ખરેખર ૫૦૦૦૦નો ભાવ છે અને ત્યાં ૪૭૦માં આપી છે. આઇ. ટી. પાર્કની નામાંકીત મલ્ટીનેશનલ કંપની ત્યાં કેટલી સ્થપાઇ, કેટલા યુનિટો સ્થપાયા એ યુનિટોના નામ હોય તો ટેબલ ઉપર મૂકવામાં આવે. આ પાર્કમાં જે હેતુ માટે જમીન આપવામાં આવી હતી તે હેતુના બદલે કોમર્શિયલ અને ખાનગી બાંધકામ કરવા માટે, બિલ્ડીંગ બાંધકામ કરીને રહેણાક હેતુ માટે વાપરવામાં આવેલ હોય તો આ કંપની ઉપર કેવા પ્રકારના પગલાં લેવા માગીએ છીએ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નિરંજનભાઇ અને શ્રી વિરજીભાઇએ કહ્યું એ પ્રમાણે કોઇ રૂ.૫૦ હજારનો ભાવ નથી. જે બજાર ભાવ છે, કમિટી નક્કી કરે છે. ડી.એલ.આર., એસ.એલ. આર. અને સ્ટેટ કક્ષાની. આ ત્રણ કમિટી આ બધી પ્રક્રિયા પૂરી કરે છે અને અત્યારે હાલમાં ૭ કંપની યુનિટો (અંતરાય) મને સાંભળો. અત્યારે હાલ ૭ કંપની યુનિટો કાર્યરત છે અને ૬૫૭ પુરુષો અને ૧૭૨ મહિલાઓ એમ ૮૨૯ લોકો અહીંયાં રોજગારી પણ મેળવે છે અને તેમણે પૂરતો ખર્ચ પણ કર્યો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જાણવું છે કે ૨૦૦૨થી ગાય બચાવો, ગૌચર બચાવો અભિયાનથી આપણે સમગ્ર ગુજરાતની ગલીઓમાં એક નારો લઇને જઇએ. ગુજરાત તો ઔદ્યોગિક રાજ્ય છે. વર્ષોથી આપણે સૌ તેના માટે સકારાત્મક વાતાવરણ ઉભું કરવા માટે પક્ષમાં હોઇએ કે વિપક્ષમાં, સાથે રહ્યા છીએ પણ આ સરવે નં. ૨૭૦ ગૌચરની જમીન સંબંધિત કંપનીને આપી છે. બીજો મુદ્દો છે કે લગભગ ૧૫૮ વીઘા જમીન થાય છે. બાપુ સાહેબ, અત્યારે બજાર કિંમત ૬–૭ કરોડ રૂપિયા વીઘાની કોબા આસપાસ હશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ ૨૦૦૬નું છે, અત્યારે ૨૦૧૯ ચાલે છે. તમે અત્યારના ભાવ કહો છો. તમે અત્યારનો ભાવ ગણો, તેમાં બે વર્ષ પછી વધારો પણ થાય. ૨૦૪૦માં ભાવ જુદો પણ હોય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આપને પ્રશ્ન પૂછવા માટે તક આપી પછી પણ પાછું વચ્ચે બોલવાનું? (અંતરાય) મંત્રીશ્રી, એમને પ્રશ્ન કહી દેવા દો.

શ્રી પરેશ ધાનાણી : રૂ.૧૦૦૦ કરોડની અંદાજીત કિંમતની જમીન આપણે રાહત દરે આપીએ. ૧૭ કરોડ રૂપિયામાં આપી અને જે હેતુ માટે આપી હતી એ હેતુ આજની તારીખે પણ સંપૂર્ણ રીતે પરિપૂર્ણ થયો નથી. આપણે જે હેતુ માટે જમીન આપી હતી, માનનીય સભ્યશ્રીએ સ્પષ્ટ કર્યું કે આઇ.ટી. સેઝ માટે આપી છે. એ સિવાય કોમર્શિયલ કે રહેણાક હેતુ માટે ત્યાં બાંધકામ થયું હોય તો આવું બાંધકામ દૂર કરી અને શરતભંગ મુજબ આ જમીન સરકાર પાછી લેવા માગે છે કે કેમ? આજની તારીખે જ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : શરતભંગ થયો નથી અને જે શરતો હતી એ મુજબ કંપની યુનિટો એ શરત મુજબ બાંધકામ થયું છે. તેના પ્રમાણે જ થયું છે અને ૫૦ હજાર રૂપિયા.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇશ્રી, આપણું બૂમો પાડવા માટેનું આ સ્થાન નથી. આપણને આખું ગુજરાત જુએ છે. તમને તમારા પ્રશ્નની સૌથી વધારે તક આપી. પછી બૂમાબૂમ કરવાની નહીં, પ્લીઝ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે તે સમયે ૨૦૦૬ના બજાર ભાવ પ્રમાણે જ આ મૂલ્યાંકન થયું છે તેના આધારે રકમ વસૂલ કરવામાં આવી છે. આજે કોઇ એમ કહે કે અત્યારે ભાવ આ છે. તો ૨૦૦૬ અને અત્યારના ભાવ તો જુદા જ હોય અને બીજાં ૧૦ વર્ષ પછી તમે એમ કહેશો કે રૂ.૫૦ હજાર કરોડની જમીન તમે આટલામાં આપી દીધી. જે તે સમયે નિર્ણય કરવાનો હોય તે સમયનો જ ભાવ ગણવામાં આવે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ખૂબ સ્પષ્ટ હતો. સરકારી જમીન ગુજરાતની જનતાની પ્રોપર્ટી છે. તેના સદુપયોગ માટે થઇને આપણે કયાંય રોકાણ કરીએ, કોઇને આપીએ, વાંધો નથી. રૂ.૩૩ હજાર કરોડના લાભ સાથે આપણે સાણંદમાં નેનોને બંગાળથી આમંત્રી.

અધ્યક્ષશ્રી : આ બીજી વાતો જવા દો. બીજી વાતો નહીં, (અંતરાય) આપનો પ્રશ્ન બોલો.

શ્રી પરેશ  ધાનાણી : અહીં આપણે આઇ.ટી. સેઝ માટે જમીન આપી હતી. મારો પ્રશ્ન ખૂબ સ્પષ્ટ છે કે જે હેતુ માટે જમીન આપી હતી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : જો આવું જ કરશો તો મારે પ્રશ્ન તરત જ ચેઇન્જ કરવો પડશે. બૂમાબૂમ બિલકુલ નહીં ચાલે.

શ્રી પરેશ  ધાનાણી : સાહેબ, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે. જે હેતુ માટે સરકારી જમીન *(xxx)  (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ આપ બેસો.  માનનીય મંત્રીશ્રી, એમને ફરીથી જવાબ આપી દો.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : હેતુ ફેર કે શરત ભંગ થયો નથી.

અધ્યક્ષશ્રી : આ વાત  પૂરી થાય છે, પ્રશ્ન ક્રમાંક-૮...

**પંચમહાલ જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ**

*૧૪૦૫૬ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ગોધરા | ૨૬૯૮ |
| શહેરા | ૧૮૯૪ |
| હાલોલ | ૧૩૪૭ |
| કાલોલ | ૨૦૨૯ |
| મોરવા | ૧૨૨૩ |
| ઘોઘંબા | ૧૧૯૭ |
| જાંબુઘોડા | ૩૬૪ |
| **કુલ** | **૧૦૭૫૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૧૦૭૫૨ | ૮૫૩૧ | ૨૪૬ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ

- ૧૩૫ ડી નોટીસ ન બજેવવાથી, તકરારી હોવાથી, મરણના દાખલા ન હોવાથી,
- મરણ નોંધણીનું પ્રમાણપત્ર ન હોવાથી,
- ૭/૧૨ તથા મરણના દાખલા, પેઢીનામામાં વિસંગતતા હોવાથી, મરણનો દાખલો રજૂ કરેલ ન હોવાથી,
- ગુજરી ગયેલ તમામ વારસદારોના મરણના પ્રમાણપત્ર ન હોવાના કારણે,
- અપુરતા પુરાવા, નામ અટક વિસંગતતા તથા વારસો અધુરા દર્શાવેલ હોવાથી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વારસાઇની પંચમહાલ જિલ્લામાં ૧૦,૭૫૨ અરજીઓ આવી. એમાંથી મંજૂર ૮૫૩૧ કરવામાં આવી અને નામંજૂર ૨૪૬ કરવામાં આવી તો બાકી રહેતી ૧૯૭૫ અરજીઓની તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ શું પરિસ્થિતિ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ કામમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર વારસાઇ હક્ક માટેની નોંધણી પ્રક્રિયા પણ સમયસર અને ઝડપી કરવામાં આવે છે.  તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં મળેલી ૧૦,૭૫૨ વારસાઇ હક્ક માટેની અરજીઓ હતી જે પૈકી મંજૂર કરવામાં આવેલ અરજી ૮,૫૩૧ હતી. જ્યારે નામંજૂર કરેલ નોંધો ૨૪૬ હતી.  આમ ૧૯૭૫  વારસાઇ હક્ક માટેની અરજીઓ બાકી હતી એ પૈકી ૧૯૨૩ નોંધો મંજૂર કરવામાં આવી છે જ્યારે બાવન નોંધો નામંજૂર કરવામાં આવી છે. ઉક્ત નોંધો મરણ પ્રમાણપત્ર, સાધનિક કાગળોની વિસંગતતાને કારણે નામંજૂર કરવામાં આવી છે. બે નોંધો તકરારી નોંધ હતી એટલે એનો નિકાલ કરવામાં આવ્યો છે.

શ્રી જેઠાભાઇ  ઘે. આહીર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વારસાઇ નોંધ એટલે શું અને ખેતીની જમીનમાં વારસાઇ નોંધ પાડવાની પદ્ધતિ શું છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું  છું અને કેટલા દિવસમાં વારસાઇ નોંધ કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જેઠાભાઇ, તમે કેટલાયની વારસાઇ લખાવી લીધી હશે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ એક કુદરતી પોષાતો હક્ક છે. મહેસૂલ વિભાગમાં આમૂલ પરિવર્તન બાદ ઇ–ધરા કેન્દ્ર ખાતેની જમીન, ખુલ્લા પ્લોટ તેમજ અન્ય જમીનોમાં સીધી લીટીના વારસદારોની નોંધ ગામ, નમૂના નંબર– ૬માં પાડવામાં આવે છે. સૌ પ્રથમ ઇ–ધરા ખાતે નોંધ પાડવામાં આવે છે. વારસાઇ અંગેની અરજી સંબંધની ૭–૧૨, ૮–અની નકલ તલાટી દ્વારા તૈયાર કરેલ નકલ, અરજદારનું સોગંદનામું તેમજ અન્ય કોઇ જરૂરી જણાય તો એ પુરાવા સાથે આવી અરજીઓ સૌ પ્રથમ અરજદારને મળેથી એની પહોંચ આપવામાં આવે છે. દિન–૭માં એની કાચી નોંધ આપવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વીન્ડ ફાર્મ માટે ગૌચરની જમીન આપવામાં આવેલી છે અને આ ઉપરાંત વીન્ડ ફાર્મમાં જે જમીનના સરવે નંબરમાં ખનિજયુકત સરવે નંબર છે એ પણ જમીન આપવામાં આવી છે તો આવી જમીનોને શરત ભંગ કરી અને ખાલસા કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અલગ નોટીસ આપો.

**મહેસાણા જિલ્લામાં આંતરિક પેયજળ યોજના**

*૧૩૯૮૭ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામીણ વિસ્તારમાં નળ જોડાણમાં વધારો કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં તા.૩૧–૦૩–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨ યોજનાઓ |
| (૨) ઉક્ત મંજૂર કરેલ યોજનાઓની કુલ અંદાજિત રકમ કેટલી છે? | (૨) અંદાજિત રકમ રૂ.૪૫.૯૨ લાખ. |

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગ્રામીણ વિસ્તારમાં નળ જોડાણમાં વધારો કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક યોજનામાં મહેસાણા જિલ્લામાં કુલ તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી અને અંદાજીત એનો કેટલો ખર્ચો થયો?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જ્યારે ફરી વખત કેન્દ્રમાં સત્તાના સૂત્રો સંભાળ્યા પછી આખા દેશમાં નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી ઘર ઘર સુધી મળી રહે એ માટેના ઉદ્ધેશ સાથે એણે કામ આરંભ્યું છે. ૨૦૨૪ સુધીમાં દરેક નાગરિકને નળ મારફતે ઘર સુધી ચોખ્ખું પીવાનું પાણી મળી રહે એ ઉદ્ધેશ સાથે નલ સે જલ એ કાર્યક્રમ અંતર્ગત દેશના વડાપ્રધાને કામ આરંભ્યું છે. એના જ અનુસંધાને માનનીય શ્રી વિજયભાઈની સરકારે આદરણીય નાણામંત્રીશ્રીના સહયોગથી જે રીતે ૨૦૨૨માં ગુજરાતમાં પણ પીવાનું ચોખ્ખું અને શુદ્ધ પાણી ઘર ઘર સુધી મળી રહે એ માટે આ વખતના બજેટમાં ખૂબ મોટી રકમની જોગવાઈ પણ કરી છે. લગભગ રૂ.૪૩૦૦ કરોડ જેવી રકમ અને આગામી વર્ષમાં પણ હજુ વિશેષ જોગવાઇઓ સાથે લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે.

અધ્યક્ષશ્રી : એમણે એવો પ્રશ્ન નથી પૂછ્યો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : હું એ જવાબ ઉપર આવું છું. એના અનુસંધાને આંતરિક પેય જળ સુવિધા ઊભા કરવા માટે ....

અધ્યક્ષશ્રી : કેટલી ગ્રાન્ટ અને કેટલો ખર્ચ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૯ અંતિત છેલ્લા એક વર્ષના સમય દરમિયાન ખાસ કરીને મહેસાણા જિલ્લાના ૧૦ તાલુકાઓમાં જોઇએ તો મહેસાણામાં ૧૪, બેચરાજીમાં ૬, જોટાણામાં ૨, કડીમાં ૧૨, ખેરાળુમાં ૧૧, સતલાસણામાં ૩, ઊંઝામાં ૫, વડનગરમાં ૩, વિજાપુરમાં ૧૪, વિસનગરમાં ૫ આમ કુલ ૭૫ યોજના આ એક વર્ષમાં મંજૂર કરવામાં આવી અને અંદાજીત ખર્ચ રૂ.૧૧.૫૮ કરોડ જેવો થવાનો અંદાજ છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નલ સે જલ યોજના હેઠળ રૂ.૪૫૦૦ કરોડના બજેટનું આયોજન કરવામાં આવ્યું છે. ખૂબ સારી બાબત છે. પણ બનાસકાંઠામાં લગભગ ૪૦–૪૫ વર્ષથી જે જૂની પાઇપ લાઇન નાખી છે. પહેલાની વસતિના ધોરણે કદાચ નાખી હોય પણ હાલની વસતિના આધારે છેવાડાના ગામો છે એને પાણી પહોંચતું નથી. આવા બોર્ડરના ગામોમાં આ યોજના હેઠળ નવી પાઇપ લાઇન નાખવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય સભ્યશ્રીની એમના વિસ્તારની વાત સાચી છે. એમની લાગણી પણ હું સમજી શકું છું. આ પ્રશ્ન મહેસાણા જિલ્લા પૂરતો મર્યાદિત છે. તેમ છતાં સભ્યશ્રીને એમના વિસ્તારમાં પીવાના પાણી માટેની સમસ્યા હશે. જે તે વખતે ૨૦૧૧ની વસતિને ધ્યાનમાં રાખીને યોજના બની હશે. પણ આજની તારીખે જેટલી વસતિ હશે એ

પ્રમાણે પાઇપ લાઇનની ક્ષમતા વધારવાની થતી હશે, સ્ટૉરેજ માટેની ક્ષમતા વધારવાની થતી હશે એ એમની રજૂઆત મારી પાસે મૂકાશે તો ચોક્કસ જે કાંઇ સુવિધાઓ ઉપલબ્ધ કરવાની થતી હશે એ મોડિફાઇડ કરાવી આપીશું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જિલ્લા બહારનો છે. માનનીય મંત્રીશ્રી તાજેતરમાં વાયુ વાવાઝોડાના પ્રકોપ વખતે મારા મત વિસ્તારમાં આવ્યા હતા. એમણે પોતે જોયું છે કે નવલખી બંદરમાંથી માઇગ્રેટ થયેલ ૪૫૦થી ૫૦૦ ની વસતિ ધરાવતા જુમાવાડીમાં પીવાના પાણી માટે લોકો વલખા મારે છે. ત્યાંથી જ મેરી ટાઇમ બોર્ડની પીવાના પાણીની પાઇપ લાઇન જાય છે. એમાંથી પાણી આપવા માટે મેરી ટાઇમ બોર્ડ અને પાણી પુરવઠા બોર્ડ સંકલન કરીને વર્ષો જુનો પ્રશ્ન ઉકેલવા માગે છે કે કેમ એ જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : જિલ્લા બહારનાને તક આપીએ છીએ અને જિલ્લા બહારના પ્રશ્નોને પણ તક આપીએ છીએ. (અંતરાય) એ એમ સમજે છે કે શ્રી કુંવરજીભાઇ ખૂબ વિશાળ દિલના છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : આ પ્રશ્ન છે એ મહેસાણા જિલ્લા પૂરતો છે તેમ છતાં એમની જે લાગણી છે, હું વાયુ વાવાઝોડા વખતે એ વિસ્તારમાં ફર્યો છું. મેં જોયું છે અને હકીકતમાં થોડી એ વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી છે.

અધ્યક્ષશ્રી : તમારા પ્રશ્ન માટે મદદ કરશે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : એમની રજૂઆતને ધ્યાનમાં રાખીને ચોક્કસ સુવિધા ઉપલબ્ધ કરાવીશું.

## સુરત જિલ્લામાં વારસાઇ હક્ક માટેની અરજીઓ

*૧૪૦૫૪ **શ્રી અરવિંદ રાણા** (સુરત-પૂર્વ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અડાજણ | ૨૭૦ |
| મજુરા | ૪૧૮ |
| પુણા | ૬૪ |
| કતારગામ | ૭૭ |
| ઉધના | ૧૧૯ |
| ઓલપાડ | ૨૦૪૩ |
| ચોર્યાસી | ૭૬૨ |
| કામરેજ | ૯૧૦ |
| પલસાણા | ૬૭૧ |
| માંડવી | ૧૪૮૩ |
| મહુવા | ૧૩૦૭ |
| માંગરોળ | ૧૩૬૬ |
| ઉમરપાડા | ૩૬૪ |
| બારડોલી | ૧૧૭૧ |
| **કુલ** | **૧૧૦૨૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૧૧૦૨૫ | ૮૯૬૪ | ૩૦૨ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ

- વારસાઇ અંગેની અરજીમાં નામ-સરનામાં અધુરા હોવાના કારણે, ૧૩૫-ડી ની નોટીસ પક્ષકારોને બજેલ ન હોય,
- સીધીલીટીના વારસોએ પેઢીનામું કે સોગંધનામું કરેલ ન હોય, પેઢીનામાં અને સોગંધનામામાં વિસંગતતા હોવાથી,
- તકરારી કેસમાં ફેરફાર નોંધ નામંજૂર કરવા નિર્ણય લેવાયેલ હોવાથી,
- મરણ થયેલ હોવા અંગેનો મરણનો દાખલો કે આધારભુત પુરાવા રજુ થયેલ ન હોવાથી, મરણના દાખલા તથા ૭/૧૨ માં ખાતેદારના નામમાં વિસંગતતા હોવાથી.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૩-૨૦૧૯ ની સ્થિતિએ બાકી ૧૭૭૯ની વારસાઇ હક્ક માટેની અરજીઓની હાલની સ્થિતિએ શું પરિસ્થિતિ છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નકાળનો સમય પૂરો થયો છે.

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન

૧૫૭૮૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓએનજીસી, એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને આઇઓસી કંપનીમાં રાજ્યમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના પરિપત્રનું પાલન થતું નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગે એકમોનું સરકારશ્રીના તા.૩૧–૩–૯૫ના ઠરાવની જોગવાઈઓ તરફ ધ્યાન દોરેલ છે.

૨. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

૩. નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉકત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૪. સ્થાનિક રોજગારીનું પ્રમાણ જાળવે તે માટે નાયબ નિયામક(રોજગાર) પ્રાદેશિક કચેરી દ્વારા સંબંધિત એકમને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

---------

### નર્મદા જિલ્લામાં પશુઓને રસીકરણ

૧૪૦૦૦ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉકત સ્થિતિએ ક્યા પ્રકારના રોગો સામે રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૧૧,૦૩,૮૧૪

(૨) ગળસૂંઢો, ગાંઠીયો તાવ, ખરવા–મોવાસા, આંત્રવિષજવર, હડકવા અને પી.પી.આર.

---------

### જૂનાગઢ જિલ્લામાં મામલતદાર કચેરીનું બાંધકામ

૧૫૭૦૪ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માળીયા (હાટીના) તાલુકાની મામલતદાર કચેરીના નવા મકાનનું બાંધકામ કરવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ આ મકાન બાંધવાનું કામ ક્યા તબક્કે છે, અને

(૨) ઉકત સ્થિતિએ મકાન બાંધવાનું કામ શરૂ થયેલ નથી.

(૩) આ કામ કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રસ્તુત કામે માર્ગ અન મકાન વિભાગ દ્વારા સુધારેલ વહીવટી મંજૂરી મેળવી કામ શરૂ કરવામાં આવશે.

---------

**ગાંધીનગર ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૬૪૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે.શિવગંગા રિયલ એસ્ટેટ હોલ્ડર્સ પ્રા.લિ.ને સરગાસણ,જી. ગાંધીનગર ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ.સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યાં પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં આઈ.ટી.આઈ. ના વિદ્યાર્થીઓને મળતું સ્ટાઈપેન્ડ.**

૧૫૬૫૯ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર આઈ.ટી.આઈ. ના કેટલા વિદ્યાર્થીઓને કેટલું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવ્યું, અને

(૨) ઉકત સ્ટાઈપેન્ડની રકમ ક્યારથી નક્કી કરવામાં આવેલ અને છેલ્લે તેમાં ક્યારે વધારો કરવામાં આવેલ ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો/જિલ્લો | વિદ્યાર્થીઓની સંખ્યા | ચૂકવવામાં આવેલ સ્ટાઈપેન્ડ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૪૪૨૬ | ૧,૧૬,૭૫,૭૭૯/– |
| ૨ | સાણંદ | ૬૭૭ | ૨૭,૨૮,૦૧૧/– |
| ૩ | બાવળા | ૧૦૨ | ૩,૬૦,૮૦૦/– |
| ૪ | ધોળકા | ૫૨૨ | ૨૩,૦૯,૩૦૦/– |
| ૫ | ધોલેરા | ૪૯૩ | ૨૧,૫૭,૨૦૦/– |
| ૬ | ધંધુકા | ૧૬૩ | ૩,૦૩,૧૦૦/– |
| ૭ | વિરમગામ | ૯૯ | ૨,૨૪,૦૦૦/– |
| ૮ | માંડલ | ૮૪ | ૩,૮૩,૦૦૦/– |
| ૯ | દેત્રોજ | ૧૩૭ | ૩,૫૯,૦૦૦/– |
| | **કુલ** | **૬૭૦૩** | **૨,૦૫,૦૦,૧૯૦/–** |

(૨) ઉકત સ્ટાઈપેન્ડની રકમ શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૨–૦૮–૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃતલમ–૧૨૨૦૧૪/૮૮૧૭૦૭/આર–(૨) થી નક્કી કરવામાં આવેલ છે અને તેમાં છેલ્લે ઉકત ઠરાવ મુજબ જ તા.૧૨–૦૮–૨૦૧૪ ના રોજ વધારો કરવામાં આવેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં જમીન ફાળવવા બાબત**

૧૫૫૫૩ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ક્યા હેતુસર કેટલી જમીન ફાળવવામાં આવી,

**જવાબ**

(૧)

| હેતુ | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૮૦૦૦ |

| | |
|---|---|
| મત્સ્યોદ્યોગ માટે | ૧૧,૧૦,૦૦૦ |
| મીઠા ઉદ્યોગ માટે | ૩,૨૬,૮૯,૦૯૫ |

(૨) ઉકત સ્થિતે સ્થાનિક રહીશો દ્વારા આ સંદર્ભે ક્યારે વિરોધ કરવામાં આવ્યો, અને

(૨) મીઠા ઉદ્યોગના કેસોમાં જમીન ફાળવણીના હુકમ થયા બાદ મામલતદારશ્રી તરફથી કબજો સુપ્રત થયા બાદ વિરોધ કરવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ કેટલી જમીનના ફાળવણીના હુકમો રદ કરવામાં આવ્યા, અને તેના શા કારણો છે ?

(૩) જમીન ફાળવણીના કોઈ હુકમ રદ કરવામાં આવેલ નથી.

---------

**જામનગર જિલ્લામાં કેટલ સબસીડીની ચૂકવણી**

૧૫૬૯૨ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯ માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ જામનગર જિલ્લામાં કેટલ સબસીડી ચુકવવા માટેનો સમયગાળો કેટલો નક્કી કરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) વિભાગના તા.૩૦–૧૦–૧૮ના ઠરાવ ક્રમાંકઃ એસ.સી.વાય–૧૦૨૦૧૮–૭૯૧–સ.૧ થી જામનગર જિલ્લાના ધ્રોલ અને જોડીયા તાલુકાઓમાં તા.૦૧–૧૨–૧૮ થી કેટલ સબસીડી ચુકવવામાં આવે છે. આ કેટલ સબસીડી રાજ્ય સરકાર તરફથી આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા જે તે તાલુકાઓમાં ચોમાસુ–૨૦૧૯ દરમિયાન ૧૨૫ મી.મી. વરસાદ થાય ત્યાંસુધી એ–બે પૈકીજે વહેલું હોય ત્યાં સુધી ચુકવવામાં આવશે.

(૨) કેટલ સબસીડી પેટે કેટલી રકમ પશુ સહાય તરીકે ચુકવવામાં આવે છે, અને

(૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલ સબસીડી પેટે

- (i) તા.૦૧–૧૨–૧૮ થી તા.૩૧–૦૧–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૨૫/– લેખે.
- (ii) તા.૦૧–૦૨–૧૯ થી તા.૩૧–૦૩–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે.
- (iii) તા.૦૧–૦૪–૧૯ થી તા.૩૧–૦૫–૧૯ દરમ્યાન SDRF ના ધોરણે મોટા પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૭૦/– લેખે તથા નાના પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે ચુકવવાનું નક્કી થયેલ છે.

(૩) મોડરેટ અને સીવીયર કેટેગરીના દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલ તાલુકાઓમાં ઉકત સમયગાળો વધારવા માટેનું શું આયોજન છે ?

(૩) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સીવીયર અને મોડરેટ કેટેગરીના તમામ ૫૧ તાલુકાઓમાં સરકારશ્રી દ્વારા આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા સંબંધિત તાલુકાઓમાં ૧૨૫ મી.મી. સુધી વરસાદ થાય ત્યાં સુધી– એ બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધીનો સમય અછતના સમયગાળા તરીકે લંબાવેલ છે.

---------

**વડોદરા ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૭૬૪ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે.સ્ટ્રેન્થ રિયલ એસ્ટેટ પ્રા.લિ.ને વડોદરા ખાતે આઈ.ટી./ આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો ક્યાં પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં એનિમલ હોસ્ટેલ**

૧૫૬૨૩ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં એનિમલ હોસ્ટેલની સ્થાપના માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) આવી કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) ઉકત એનિમલ હોસ્ટેલ ક્યાં સ્થળે, કેટલા સમયમાં, કેટલા ખર્ચે તૈયાર થનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૩૯૭૯ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૯૪૪૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) તમામ બાકી નોંધોનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

**અનુસૂચિત જાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અંદાજપત્રની ફાળવણી**

૧૫૮૪૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રાજ્યમાં અનુસૂચિત જાતિઓની વસ્તીના પ્રમાણમાં જ અંદાજપત્રની ફાળવણી અંકિત કરવાની હોય છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા જી, ભારત સરકારના આયોજન પંચ (હાલના નીતિ આયોગ) ની તા.૧૮–૦૬–૨૦૧૪ ની સુધારેલ ગાઇડલાઇન મુજબ હકીકત સાચી છે. |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી કેટલા ટકા છે, અને | (૨) ૨૦૧૧ની છેલ્લી વસ્તી ગણતરી અનુસાર રાજ્યમાં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીના ૬.૭૪ ટકા છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિ માટે અંદાજપત્રમાં કેટલા ટકા અને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી? | (૩) <u>૨૦૧૭–૧૮</u><br>૫.૪૧ ટકા ૪૬૦૩.૬૯ કરોડ<br><u>૨૦૧૮–૧૯</u><br>૫.૩૧ ટકા ૪૮૮૬.૦૪ કરોડ |

**સુરત જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીન**

૧૪૦૬૦ **શ્રી હર્ષ સંઘવી** (મજૂરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની | (૧) ૮૫૯ |

જમીનની ખરીદ કિંમત ભરાયેલા હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે? (૨) ૯૦

**સાબરકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની અરજીઓ બાબત**

૧૪૦૭૫ **શ્રી હિતુ કનોડિયા** (ઇડર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી જમીનો ખેતીમાંથી બિનખેતીમાં તબદિલ કરવામાં આવી

(૧) ૨૩,૪૮,૩૭૯.૯ ચો.મી.

(૨) ઉક્ત બાબત માટે કુલ કેટલી અરજીઓ મળી હતી અને તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર અને કેટલી પડતર છે, અને

(૨)

| | |
|---|---|
| મળેલ અરજીઓ | ૪૭૬ |
| મંજૂર કરેલ અરજીઓ | ૩૦૪ |
| નામંજૂર / દફ્તરે | ૧૭૨ |
| પડતર અરજીઓ | ૦ |

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૩૯૫૮ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, વડોદરા ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને

(૧) ૨૭૦૪૯

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૨) ૨૯૯૦૮

---------

**વલસાડ જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ**

૧૪૦૧૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી.

(૧)

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|
| વલસાડ | ૨૨૮૦ |
| પારડી | ૧૪૪૮ |
| વાપી | ૯૬૯ |
| ઉમરગામ | ૧૦૯૮ |
| ધરમપુર | ૧૧૮૨ |
| કપરાડા | ૯૭૪ |
| **કુલ** | **૭૯૫૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર કરવામાં આવેલ નોંધો** | **નામંજૂર કરવામાં આવેલ નોંધો** |
|---|---|---|
| ૭૯૫૧ | ૬૫૯૬ | ૧૬૫ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ

- તકરારી કેસ થવાથી,
- પેઢીનામામાં તમામ વારસો દર્શાવેલ ન હોવાથી તથા વિસંગતતા હોવાથી,

- વારસાઈની અરજી સાથે મરણના દાખલા સામેલ કરેલ ન હોવાથી,
- રેવન્યુ રેકર્ડ તથા મરણના દાખલામાં નામમાં તફાવત આવતો હોવાથી તથા મરણના દાખલામાં છેકછાક કરેલ હોવાથી
- દત્તક લેખની નકલ રજૂ કરેલ ન હોવાથી,

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પશુઓ માટે સહાય ચૂકવણી

૧૫૬૭૧ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓ માટે છેલ્લા છ માસમાં માસવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ ૭ તાલુકાઓમાં છેલ્લા ૬ માસમાં માસવાર/તાલુકાવાર ચૂકવાયેલ પશુસહાયની રકમ અને પશુઓની સંખ્યાની વિગતો દર્શાવતું પત્રક સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શા છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૨) ચૂકવણુ/ચકાસણીની પ્રક્રિયાને લીધે/કારણે બાકી છે. જે આખરી તબક્કામાં છે અને ચૂકવણું સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

## વડોદરા જિલ્લામાં રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો

૧૩૯૮૯ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, વડોદરા ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૨૭૦૪૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૯૯૦૮ |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં રોજગારની તાલીમ માટે ટેન્ડર

૧૫૫૬૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા રોજગાર અધિકારી દ્વારા બેરોજગાર યુવાનોને રોજગારની તાલીમ આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર ચેરીટેબલ ટ્રસ્ટને ગેરકાયદેસર નાણા ચૂકવ્યાની ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો મળેલ ફરિયાદ અન્વયે જવાબદાર સામે શી કાર્યવાહી કરી, અને | (૨) માનનીય ધારાસભ્યશ્રી મોહનસિંહ રાઠવાની તા.૦૮–૦૯–૨૦૧૮ ઉક્ત વિષયની ફરિયાદ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તા.૨૮–૦૬–૨૦૧૯ ના રોજ પત્ર ક્રમાંકઃ રજગ/૧૧૨૦૧૮/૫૭૫૩૨૭/આર–(૧)થી ગુજરાત તકેદારી આયોગ સમક્ષ અહેવાલ રજૂ કરવામાં આવેલ |

છે.

| | |
|---|---|
| (૩) જો કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તેના કારણો શાં છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

૧૪૦૦૫ **શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૫૪ |
| (૨) તેમા ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી અને કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) પશુસારવાર-૧,૩૦,૭૧૩<br>પશુ રસીકરણ-૪૬,૮૦૬ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ**

૧૪૦૪૮ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી.

(૧)

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|
| વઢવાણ | ૮૫૫ |
| લખતર | ૬૪૪ |
| લીંબડી | ૯૦૯ |
| ચુડા | ૫૩૯ |
| સાયલા | ૬૩૭ |
| ચોટીલા | ૫૭૨ |
| થાન | ૨૨૨ |
| મુળી | ૮૧૮ |
| ધ્રાંગધ્રા | ૧૨૩૫ |
| પાટડી | ૧૬૫૬ |
| **કુલ** | **૮૦૮૭** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર કરવામાં આવેલ નોંધો** | **નામંજૂર કરવામાં આવેલ નોંધો** |
|---|---|---|
| ૮૦૮૭ | ૭૭૭૦ | ૩૧૭ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ

- જમીનનું ટાઇટલ ન મળવાના કારણે,
- સોગંદનામાં અને પેઢીઆંબામાં દર્શાવેલ વારસદારોના નામમાં તફાવત,
- નોટીસ નહી બજવવાના કારણે,

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯
અતારાંકિત પ્રશ્નો

➢ જરૂરી આધાર પુરાવા પુરતા પ્રમાણમાં ન હોવાથી,

---------

**વલસાડ જિલ્લામાં અસ્ટોલ જૂથ યોજના**

૧૫૭૮૯ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની અસ્ટોલ જૂથ પાણીપુરવઠા યોજનાની જાહેરાત કયારે કરવામાં આવી હતી, | (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાની જાહેરાત તા.૧૭–૦૯–૨૦૧૬થી કરવામાં આવી હતી. |
| (૨) જાહેરાત થયા બાદ આ યોજના ક્યારે શરૂ કરવામાં આવી, (૩) ઉક્ત સ્થિતિએ આ યોજના કયા તબક્કે છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૨) અને (૩) અસ્ટોલ જુથ પાણી પુરવઠા યોજનાના કામો તા.૧૬–૦૫–૨૦૧૮થી શરૂ કરવામાં આવેલ છે. યોજના હાલમાં પ્રગતિ હેઠળ હોઈ, ક્રમશઃ માહે ૧૦/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૪૦૨૯ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતીએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૦૨૧ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૦૨૧ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૧૧૦૨૧ |

---------

**અમદાવાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૩૯૭૭ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૧૯૫૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) સત્વરે નિકાલ કરવામાં આવશે. |

---------

**ખેડા અને અમદાવાદ જિલ્લામાં ખોટા ખેડૂતો**

૧૩૨૯૩ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ખોટા ખેડૂત બનવા અંગેની કેટલી ફરિયાદો મળી, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ–૨૫ અને અમદાવાદ જિલ્લામાં કુલ–૧૨ ખોટા ખેડૂત બનવા અંગેની ફરિયાદો મળી છે જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. |

**ખેડા જિલ્લોઃ–**

| અનુ. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | નડીયાદ (શહેર) | ૧૧ |

| | | |
|---|---|---|
| ૨ | માતર | ૪ |
| ૩ | કપડવંજ | ૮ |
| ૪ | મહુધા | ૨ |
| | **કુલ** | **૨૫** |

**અમદાવાદ જિલ્લોઃ-**

| **અનુ.** | **તાલુકો** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | અસારવા | ૨ |
| ૨ | વટવા | ૧ |
| ૩ | ઘાટલોડીયા | ૨ |
| ૪ | દસ્ક્રોઈ | ૭ |
| | **કુલ** | **૧૨** |

(૨) તે બાબતે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ખેડા જિલ્લાના કુલ-૨૫ ખોટા ખેડૂત સામે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરેલ છે જેના કેસોની સુનાવણી સંબંધિત કોર્ટમાં ચાલુ છે. અમદાવાદ જિલ્લાના કુલ-૧૨ ખોટા ખેડૂત પૈકી અસારવા તાલુકાના હાંસોલ ગામના ૧ કેસની જમીનમાં સરકાર દાખલ કરવામાં આવેલ છે તથા બાકીના ૧૧ કેસોની સુનાવણી સંબંધિત કોર્ટમાં ચાલુ છે.

(૩) આવા ખોટા ખેડૂતો પાસેથી જમીન લઈને મૂળ ખેડૂતોને જમીન પરત કરવા અંગે સરકારે શા પગલા લીધા?

(૩) ખેડા અને અમદાવાદ જિલ્લામાં આવી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

---------

## અમદાવાદ જિલ્લામાં બીનખેતી અંગેની ઓનલાઈન અરજીઓ

૧૩૯૯૭ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ બિનખેતી પરવાનગી અંગેની અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઓનલાઈન કેટલી અરજીઓ મળી, અને

(૧) અમદાવાદ-૩૭૨૧
ગાંધીનગર-૧૫૮૯

(૨) ઉપરોક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ થયો છે?

(૨) અમદાવાદ-૨૨૩૭
ગાંધીનગર-૭૯૭

---------

## ભાવનગર જીલ્લામાં પશુઓ માટે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ

૧૪૦૦૯ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૧૭૪

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી?

(૨) ૨૪,૮૬૯

---------

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

૧૫૭૪૯ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન

(૧)

| **વર્ષ** | **યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા** | **કુલ** |
|---|---|---|

કરવામાં આવ્યું,

| | મહીસાગર જિલ્લો | પંચમહાલ જિલ્લો | |
|---|---|---|---|
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | ૧૯ | ૨૬ | ૪૫ |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | ૧૨ | ૨૮ | ૪૦ |
| **કુલ** | **૩૧** | **૫૪** | **૮૫** |

(૨) ઉક્ત જીલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા,

(૨) સામેલ પત્રક 'અ' તથા 'બ' મુજબ

(૩) ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જીલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને

(૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે. તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે?

(૪) ના જી

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ.સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૬૬૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે.માયરોન રીયલ્ટર્સ પ્રા.લિ.ને સનાથલ તા.સાણંદ, જિ.અમદાવાદ ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ.સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૩૯૭૬ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૧૯૫૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) સત્વરે નિકાલ કરવામાં આવશે. |

**મહેસાણા જીલ્લામાં લશ્કરી ભરતી તાલીમ વર્ગનું આયોજન**

૧૪૧૪૩ **ડૉ. આશાબેન પટેલ** (ઉંઝા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૮માં લશ્કરી ભરતી પૂર્વે કેટલા નિવાસી તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૦૧ |
| (૨) તેમાં કેટલા ઉમેદવારોને તાલીમ આપવામાં આવી? | (૨) ૩૦ |

## સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલ સબસીડીની ચૂકવણી

૧૫૬૬૯ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલ સબસીડી ચુકવવા માટે નો સમયગાળો કેટલો નક્કી કરવામાં આવેલ છે? | (૧) વિભાગના તા.૩૦–૧૦–૧૮ના ઠરાવ ક્રમાંકઃ S C Y-102018-791-s.1 થી સુરેન્દ્રનગર જિલ્લાના દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ તાલુકાઓ– લખતર, ધ્રાંગધ્રા, મુળી, દસાડા, સાયલા, લીંબડી અને થાનગઢમાં તા.૦૧–૧૨–૧૮ થી કેટલ સબસીડી ચુકવવામાં આવે છે. આ કેટલ સબસીડી રાજ્ય સરકાર તરફથી આ સંબંધે અન્ય સુચના ન થાય અથવા જે–તે તાલુકાઓમાં ચોમાસુ–૨૦૧૯ દરમિયાન ૧૨૫ મી.મી. વરસાદ થાય ત્યાં સુધી–એ–બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ચુકવવામાં આવશે. |
| (૨) કેટલ સબસીડી પેટે કેટલી રકમ પશુ સહાય તરીકે ચુકવવામાં આવે છે, અને | (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલ સબસીડી પેટે–<br>(i) તા.૧–૧૨–૧૮ થી તા.૩૧–૦૧–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૨૫/– લેખે,<br>(ii) તા.૧–૦૨–૧૯ થી તા.૩૧–૦૩–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે,<br>(iii) તા.૧–૦૪–૧૯ થી તા.૩૧–૦૫–૧૯ દરમ્યાન S.D.R.F.ના ધોરણે મોટા પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૭૦/– લેખે તથા નાના પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે ચુકવવાનું નક્કી થયેલ છે. |
| (૩) મોડરેટ અને સીવીયર કેટેગરીના દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલ તાલુકાઓમાં ઉક્ત સમયગાળો વધારવા માટેનું શું આયોજન છે? | (૩) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સીવીયર અને મોડરેટ કેટેગરીના તમામ ૫૧ તાલુકાઓમાં સરકારશ્રી દ્વારા આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા સંબંધિત તાલુકાઓમાં ૧૨૫ મી.મી. સુધી વરસાદ થાય ત્યાં સુધી–એ બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીનો સમય અછતના સમયગાળા તરીકે લંબાવેલ છે. |

---------

## રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન

૧૫૭૬૮ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓએનજીસી કંપનીમાં રાજ્યમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના પરીપત્રનું પાલન થતું નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપની સામે શા પગલા લીધાં? | (૨)<br>૧. સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગે એકમોનું સરકારશ્રીના તા.૩૧–૩–૯૫ના ઠરાવની જોગવાઈઓ તરફ ધ્યાન દોરેલ છે. |

૨. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

૩. નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૪. સ્થાનિક રોજગારીનું પ્રમાણ જાળવે તે માટે નાયબ નિયામક (રોજગાર), પ્રાદેશિક કચેરી દ્વારા સંબંધિત એકમને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

---------

**અમદાવાદ ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ.સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૭૨૮ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે.અદાણી ટાઉનશીપ એન્ડ રીયલ એસ્ટેટ કંપની પ્રા.લિ.ને દંતાલી, અમદાવાદ ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ.સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો ક્યાં પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન**

૧૫૭૪૦ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓએનજીસી, એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને આઈઓસી કંપનીમાં રાજ્યમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના પરીપત્રનું પાલન થતું નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધાં? | (૨)<br>૧. સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગે એકમોનું સરકારશ્રીના તા.૩૧–૩–૯૫ના ઠરાવની જોગવાઈઓ તરફ ધ્યાન દોરેલ છે.<br>૨. સ્થાનિક સત્તાતંત્ર દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈઓનું પાલન સુચારૂ રીતે કરવા માટે વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.<br>૩. નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ |

છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૪. સ્થાનિક રોજગારીનું પ્રમાણ જાળવે તે માટે નાયબ નિયામક (રોજગાર), પ્રાદેશિક કચેરી દ્વારા સંબંધિત એકમને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૩૯૭૫ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૧૯૫૪ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) સત્વરે નિકાલ કરવામાં આવશે. |

**ડાકોર મંદિરમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત**

૧૫૭૪૩ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાકોર મંદિર પરીસરમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે કઈ એજન્સીને કેટલી રકમ ચુકવવામાં આવી, | (૧) સીસીટીવી કેમેરા છેલ્લા બે વર્ષમાં લગાવવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત કેમેરાના મોનીટરીંગ સેન્ટર ક્યા સ્થળે રાખવાનું નક્કી થયેલ અને ઉક્ત સ્થિતિએ મોનીટરીંગ સેન્ટર ક્યા સ્થળે કાર્યરત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામગીરી સમય મર્યાદામાં પુર્ણ ન થઈ હોય તો તેના કારણો શા છે અને તેના માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના**

૧૪૦૨૩ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની દરખાસ્ત મળી, | (૧) ૨૮૮૭૫ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮૮૭૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ શિષ્યવૃત્તિની કેટલી રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૧૨,૭૨,૦૨૫ |

---------

**મહેસાણા જિલ્લામાં કેટલ સબસીડીની ચૂકવણી**

૧૫૬૩૮ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ મહેસાણા જિલ્લામાં કેટલ સબસીડી ચુકવવા માટે નો સમયગાળો કેટલો નક્કી કરવામાં આવેલ છે? | (૧) વિભાગના તા.૩૦–૧૦–૧૮ના ઠરાવ ક્રમાંકઃ અછત–૧૦૨૦૧૮–૭૯૧–સ.૧ થી મહેસાણા જિલ્લાના દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ જોટાણા, વીસનગર, ખેરાલુ અને ઉંઝા તાલુકામાં તા.૦૧–૧૨–૧૮ થી કેટલ સબસીડી |

| | |
|---|---|
| | ચુકવવામાં આવે છે. આ કેટલ સબસીડી રાજ્ય સરકાર તરફથી આ સંબંધે અન્ય સુચના ન થાય અથવા જે–તે તાલુકાઓમાં ચોમાસુ–૨૦૧૯ દરમિયાન ૧૨૫ મી.મી. વરસાદ થાય ત્યાં સુધી–એ–બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ચુકવવામાં આવશે. |
| (૨) કેટલ સબસીડી પેટે કેટલી રકમ પશુ સહાય તરીકે ચુકવવામાં આવે છે, અને | (૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલ સબસીડી પેટે–<br>(i) તા.૧–૧૨–૧૮ થી તા.૩૧–૦૧–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૨૫/– લેખે,<br>(ii) તા.૧–૦૨–૧૯ થી તા.૩૧–૦૩–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે,<br>(iii) તા.૧–૦૪–૧૯ થી તા.૩૧–૦૫–૧૯ દરમ્યાન S.D.R.F.ના ધોરણે મોટા પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૭૦/– લેખે તથા નાના પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે ચુકવવાનું નક્કી થયેલ છે. |
| (૩) મોડરેટ અને સીવીયર કેટેગરીના દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલ તાલુકાઓમાં ઉક્ત સમયગાળો વધારવા માટેનું શું આયોજન છે? | (૩) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સીવીયર અને મોડરેટ કેટેગરીના તમામ ૫૧ તાલુકાઓમાં સરકારશ્રી દ્વારા આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા સંબંધિત તાલુકાઓમાં ૧૨૫ મી.મી. સુધી વરસાદ થાય ત્યાં સુધી–એ બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીનો સમય અછતના સમયગાળા તરીકે લંબાવેલ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના**

૧૪૧૨૫ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૮ |
| (૨) ઉક્ત પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૫૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૩,૮૭,૬૮૫/– |

---------

**ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ દ્વારા જમીન પર કરેલ દબાણ**

૧૫૫૭૨ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં આવેલ ગુલમહોર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબના માલિક દ્વારા ખરાબા અને પડતર જમીન ઉપર દબાણ કરેલ અને રસ્તાઓ બંધ કરી દીધા હોવાની ફરીયાદ અન્વયે ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટરશ્રી લેન્ડ રેકર્ડ પાસે માપણી કરીને તા.૨૦–૦૮–૨૦૧૮ના રોજ અભિપ્રાય માંગેલ તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અભિપ્રાય મળેલ છે કે કેમ, અને | (૨) ના જી. |
| (૩) ઉક્ત અભિપ્રાયમાં ક્યાં પ્રકારના દબાણો કર્યાનું સામે આવેલ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

૧૪૦૪૭ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધાંગધ્રા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વઢવાણ | ૮૫૫ |
| લખતર | ૬૪૪ |
| લીંબડી | ૯૦૯ |
| ચુડા | ૫૩૯ |
| સાયલા | ૬૩૭ |
| ચોટીલા | ૫૭૨ |
| થાન | ૨૨૨ |
| મુળી | ૮૧૮ |
| ધ્રાંગધ્રા | ૧૨૩૫ |
| પાટડી | ૧૬૫૬ |
| **કુલ** | **૮૦૮૭** |

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૮૦૮૭ | ૭૭૭૦ | ૩૧૭ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ

- જમીનનું ટાઇટલ ન મળવાના કારણે,
- સોગંદનામા અને પેઢીઆંબામાં દર્શાવેલ વારસદારોના નામમાં તફાવત,
- નોટીસ નહી બજવવાના કારણે,
- જરૂરી આધાર પુરાવા પુરતા પ્રમાણમાં ન હોવાથી.

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જમીન રી–સર્વેની કામગીરી**

૧૫૬૯૫ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર, જમીન રી–સર્વેની કામગીરીમાં ક્ષતિઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરી ક્ષતિઓ દુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તેનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) થી (૩) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર, જમીન રી–સર્વેની કામગીરીમાં ક્ષતિઓ અંગેની મળેલ અરજીઓ અને તે પૈકી નિકાલ કરેલ અને પડતર અરજીઓની વિગત નીચે પ્રમાણે છે.

| તાલુકા | મળેલ અરજીઓ | નિકાલ કરેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|
| ખંભાળીયા | ૪૦૧૪ | ૧૮૨૯ | ૨૧૮૫ |
| કલ્યાણપુર | ૮૯૩૨ | ૩૭૫૪ | ૫૧૭૮ |
| ભાણવડ | ૧૪૦૧ | ૫૬૨ | ૮૩૯ |
| દ્વારકા | ૮૮૩ | ૫૯૫ | ૨૮૮ |
| **કુલ** | **૧૫૨૩૦** | **૬૭૪૦** | **૮૪૯૦** |

પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવનાર છે.

---------

**પોરબંદર જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૪૦૫૭ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

## તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નો

(૧) પોરબંદર જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને

(૧) ૧૬૨૮

(૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

(૨) તમામ બાકી નોંધોનો તા.૧૮–૦૬–૨૦૧૯ની સ્થિતિએ નિકાલ કરવામાં આવેલ છે.

---------

### મોરબી જિલ્લામાં પશુઓને રસીકરણ

૧૪૦૦૨ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૧) ૭,૮૧,૨૫૧

(૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રકારના રોગો સામે રસીકરણ કરવામાં આવ્યું ?

(૨) ગળસૂંઢો, ગાંઠીયો તાવ, ખરવા–મોવાસા, આંત્રવિષજવર, બ્રુસેલોસીસ, હડકવા, શીપપોક્ષ અને પી.પી.આર.

---------

### સુરત જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

૧૪૦૫૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અડાજણ | ૨૭૦ |
| મજુરા | ૪૧૮ |
| પુણા | ૬૪ |
| કતારગામ | ૭૭ |
| ઉધના | ૧૧૯ |
| ઓલપાડ | ૨૦૪૩ |
| ચોર્યાસી | ૭૬૨ |
| કામરેજ | ૯૧૦ |
| પલસાણા | ૬૭૧ |
| માંડવી | ૧૪૮૩ |
| મહુવા | ૧૩૦૭ |
| માંગરોળ | ૧૩૬૬ |
| ઉમરપાડા | ૩૬૪ |
| બારડોલી | ૧૧૭૧ |
| **કુલ** | **૧૧૦૨૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૧૧૦૨૫ | ૮૬૬૪ | ૩૦૨ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ

- વારસાઈ અંગેની અરજીમાં નામ–સરનામાં અધુરા હોવાના કારણે, ૧૩૫–ડી ની નોટીસ પક્ષકારોને બજેલ ન હોય,
- સીધીલીટીના વારસોએ પેઢીનામું કે સોંગધનામું કરેલ ન હોય, પેઢીનામાં અને સોગંધનામામાં વિસંગતતા હોવાથી,

- તકરારી કેસમાં ફેરફાર નોંધ નામંજૂર કરવા નિર્ણય લેવાયેલ હોવાથી,
- મરણ થયેલ હોવા અંગેનો મરણનો દાખલો કે આધારભુત પુરાવા રજુ થયેલ ન હોવાથી, મરણના દાખલા તથા ૭/૧૨ માં ખાતેદારના નામમાં વિસંગતતા હોવાથી.

---------

**દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૩૯૭૩ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૨૨૫૭ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**દાહોદ જિલ્લામાં એનિમલ હોસ્ટેલ**

૧૫૭૫૫ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં એનીમલ હોસ્ટેલની સ્થાપના માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) આવી કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) ઉક્ત એનીમલ હોસ્ટેલ કયા સ્થળે, કેટલા સમયમાં, કેટલા ખર્ચે તૈયાર થનાર છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અરવલ્લી જિલ્લામાં પશુઓને રસીકરણ**

૧૩૯૯૮ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૨૮,૮૯,૭૮૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા પ્રકારના રોગો સામે રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ગળસૂંઢો, ખરવા–મોવાસ, આંત્રવિષજ્વર, હડકવા, થાઇલેરીયાસીસ, બ્રુસેલ્લોસીસ, શીપપોક્ષ અને પી.પી.આર. રસીકરણ કરવામાં આવ્યું. |

---------

**પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૪૦૨૧ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯માં પાટણ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૦૭૧ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૦૪૫ |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવામાં | (૩) હા, રૂ.૧૦૪.૫૦ લાખ. |

આવી?

---------

**ખેડા જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૪૦૫૮ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૦,૬૦૦ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**આણંદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૩૯૭૮ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૪૪૮૫ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના**

૧૪૦૨૪ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૯૭ |
| (૨) ઉકત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૯૯ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૨૦૯૯ |

---------

**ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૪૦૨૦ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯માં ભરૂચ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૫૧૦ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૫૦૪ |
| (૩) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૫૦.૪૦ લાખ. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

૧૪૦૩૨ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | મળેલ અરજી |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬૫૫ | ૭૬૨ |
| ૨ | જેતપુર-પાવી | ૪૩૦ | ૪૪૨ |
| ૩ | કવાંટ | ૧૭૪૫ | ૧૮૬૦ |
| ૪ | બોડેલી | ૪૫૮ | ૭૧૮ |
| ૫ | સંખેડા | ૩૦ | ૪૬ |
| ૬ | નસવાડી | ૧૭૮૫ | ૨૧૨૪ |
| | **કુલ** | **૫૧૦૩** | **૫૯૫૨** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬૫૫ | ૧૦૭ |
| ૨ | જેતપુર-પાવી | ૪૩૦ | ૧૨ |
| ૩ | કવાંટ | ૧૭૪૫ | ૧૧૫ |
| ૪ | બોડેલી | ૪૫૮ | ૨૬૦ |
| ૫ | સંખેડા | ૩૦ | ૧૬ |
| ૬ | નસવાડી | ૧૭૮૫ | ૩૩૯ |
| | **કુલ** | **૫૧૦૩** | **૮૪૯** |

(૩) ઉકત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)

| ક્રમ | અરજીઓ નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી. |
| ૨ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી. |

---------

## રાજકોટ જિલ્લામાં પશુઓ માટે સહાય ચૂકવણી

૧૫૬૮૦ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓ માટે છેલ્લા છ માસમાં માસવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ ૨ તાલુકાઓમાં છેલ્લા ૬ માસમાં માસવાર/તાલુકાવાર ચુકવાયેલ પશુસહાયની રકમ અને માસવાર પશુઓની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | માસનું નામ | પશુઓની સંખ્યા | ચૂકવાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | પડધરી | ડિસેમ્બર-૧૮ | ૧૯૯૦ | ૧૫,૪૨,૨૫૦ |
| | | જાન્યુઆરી-૧૯ | ૧૭૮૨ | ૧૩,૮૧,૦૫૦ |
| | | ફેબ્રુઆરી-૧૯ | ૧૮૯૯ | ૧૮,૬૧,૦૨૦ |
| | | માર્ચ-૧૯ | ૧૯૨૩ | ૨૦,૮૪,૨૮૫ |
| | | એપ્રિલ-૧૯ | ૧૯૩૯ | ૩૪,૩૩,૬૭૫ |
| | | મે-૧૯ | ૧૯૫૪ | ૩૬,૦૦,૦૦૦ |
| | | **કુલ** | **૧૧૪૮૭** | **૧,૩૯,૦૨,૨૮૦** |
| ૨ | વિંછીયા | ડિસેમ્બર-૧૮ | ૧૦૪૮ | ૮,૧૨,૯૫૦ |
| | | જાન્યુઆરી-૧૯ | ૧૦૭૪ | ૮,૩૩,૧૨૫ |
| | | ફેબ્રુઆરી-૧૯ | ૧૧૪૩ | ૧૧,૦૫,૨૩૦ |
| | | માર્ચ-૧૯ | ૧૦૦૦ | ૧૧,૫૨,૯૦૦ |
| | | એપ્રિલ-૧૯ | ૧૦૮૬ | ૧૬,૭૬,૭૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | મે-૧૯ | ૧૦૪૦ | ૧૭,૫૦,૦૦૦ |
| | | **કુલ** | **૬૩૯૧** | **૭૩,૩૦,૯૧૫** |
| **પડધરી + વિંછીયા કુલ** | | | **૧૭૮૭૮** | **૨,૧૨,૩૩,૧૯૫** |

(૨) ઉકત સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૨) ચકાસણી/ચુકવણાની પ્રક્રિયાને લીધે/કારણે બાકી છે, જે આખરી તબક્કામાં છે અને ચૂકવણું સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

**વડોદરા ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૭૩૪ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મે.લાર્સન એન્ડ ટુબ્રો લિ.ને આખોલ, જિ.વડોદરા ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ. એસ.સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને

(૨) સરકારી પડતર, ૫૫૬૫ ચો.મી. જમીન, રૂ.૧૩૪.૫૫/- પ્રતિ ચો.મી.ના ભાવે.

(૩) ઉકત સ્થિતિએ ઉકત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) શરતભંગ થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૩૯૫૪ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, ભાવનગર ખાતે કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૧) ૧૮૫૧૨

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

(૨) ૧૧૦૬૯

---------

**દેવભૂમિદ્વારકા જિલ્લામાં સંકટ મોચન યોજના**

૧૪૦૩૪ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિદ્વારકા જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૪૦ |
| ૨ | ભાણવડ | ૧૭ |
| ૩ | દ્વારકા | ૧૮ |
| ૪ | કલ્યાણપુર | ૭ |
| | **કુલ** | **૮૨** |

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૨૫ | ૧૩ |
| ૨ | ભાણવડ | ૧૨ | ૩ |
| ૩ | દ્વારકા | ૫ | ૩ |
| ૪ | કલ્યાણપુર | ૨ | ૩ |
| | **કુલ** | **૪૪** | **૨૨** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)

| ક્રમ | અરજીઓ નામંજુરીનાં કારણો |
|---|---|
| ૧ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોરમાં સમાવેશ થયેલ ન હોવાથી |
| ૨ | મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી |
| ૩ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી |

**ગાંધીનગર ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૬૫૧ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ મે.શિવગંગા રિયલ એસ્ટેટ હોલ્ડર્સ પ્રા.લિ.ને સરગાસણ, ગાંધીનગર ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ.સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યાં પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અંબાજી મંદિરમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત**

૧૫૬૪૧ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિર પરિસરમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે કઈ એજન્સીને કેટલી રકમ ચુકવવામાં આવી, | (૧) શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટના ફંડમાંથી M/s CVG SECURITY PVT LTD. AHMEDABAD ને રૂ.૩,૮૮,૭૭૬/− ચૂકવવામાં આવેલ છે. |
| (૨) ઉકત કેમેરાના મોનીટરીંગ સેન્ટર ક્યા સ્થળે રાખવાનું નક્કી થયેલ અને ઉકત સ્થિતિએ મોનીટરીંગ સેન્ટર ક્યા સ્થળે કાર્યરત છે, અને | (૨) ચાચર ચોક ખાતે. |
| (૩) ઉકત કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ ન થઈ હોય તો તેના કારણો શા છે અને તેના માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં સંકટ મોચન યોજના**

૧૪૦૩૦ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૦૩−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૨૨ |
| ૨ | ઈડર | ૬૨ |
| ૩ | વડાલી | ૧૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૯ |
| ૫ | પોશીના | ૧૧ |
| ૬ | વિજયનગર | ૬ |
| ૭ | પ્રાંતિજ | ૨૪ |

| | | |
|---|---|---|
| ૮ | તલોદ | ૩૫ |
| | **કુલ** | **૨૮૪** |

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૬૦ | ૧૨ |
| ૨ | ઇડર | ૩૯ | ૧૬ |
| ૩ | વડાલી | ૧૨ | ૧ |
| ૪ | ખેડબ્રહ્મા | ૬ | ૨ |
| ૫ | પોશીના | ૩ | ૭ |
| ૬ | વિજયનગર | ૬ | ૦ |
| ૭ | પ્રાંતિજ | ૧૭ | ૪ |
| ૮ | તલોદ | ૨૫ | ૧૦ |
| | **કુલ** | **૧૬૮** | **૫૨** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)

| ક્રમ | અરજીઓ નામંજૂરીનાં કારણો |
|---|---|
| ૧ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોરમાં સમાવેશ થયેલ ન હોવાથી |
| ૨ | મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી |
| ૩ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી |

## રાજ્યમાંથી ગીર ગાયોનું સ્થળાંતર

૧૫૭૦૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજું સત્ર, તા.૨૧-૨-૨૦૧૯ના રોજ રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૮૦૭ (અગ્રતાક્રમ-૧૯૫) ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાંથી ગેરકાયદેસર રીતે ૬૪ ગીર ગાયોનું સ્થળાંતર કરવાનું સરકારના ધ્યાને આવતાં જવાબદાર જણાયેલ તમામ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી જુનાગઢ, કલેક્ટરશ્રી રાજકોટ અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી વડોદરાને જણાવવામાં આવેલ તો તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ જવાબદાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ગીર ગાયોનું સ્થળાંતર અટકે તે માટે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧) (અ) કલેક્ટરશ્રી, જુનાગઢ દ્વારા મામલતદાર કેશોદને ભવિષ્યમાં આ પ્રકારની બાબતનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા તાકીદ કરવામાં આવેલ છે.

(બ) કલેક્ટરશ્રી, રાજકોટ દ્વારા નિવૃત્ત મામલતદાર, પડધરી સામે ગુજરાત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ મુજબ ખાતા રાહે પગલાં લેવા અંગે કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે.

(ક) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી વડોદરા દ્વારા પરીવહન સાથેના સરકારી કાગળો ધ્યાને લેતાં કોઇ ગુનો નોંધેલ નથી.

(૨) આવી ઘટનાઓના પુનરાવર્તન રોકવા માટે (અ) કૃષિ અને સહકાર વિભાગના તા.૨૨-૧૦-૨૦૧૩ના પત્રથી રાજ્યમાંથી ભેંસો તેમજ અન્ય દૂધાળા પશુઓની રાજ્ય બહાર નિકાસ બંધની જાણ સંબંધિતોને પશુપાલન નિયામકની કચેરીએ તા.૩૦-૧૦-૨૦૧૩ના પત્રથી કરેલ છે. (બ) ઉક્ત બનાવો ધ્યાને લઇ રાજ્ય બહાર અને રાજ્યની અંદર ગૌવંશ સહિતના દૂધાળા પશુઓની હેરફેર માટેની સૂચનાઓ, નિયમો, ધારાધોરણો અને કાયદાકીય જોગવાઇઓની વિગતો સહ તમામ સબંધિત અધિકારીઓ તથા સબંધિત કચેરીઓને ફરીથી તા.૦૭-૦૬-૧૮ અને તા.૨૦-૦૬-૧૮ના પરિપત્રથી માહિતગાર કરી નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવેલ છે.

## અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની યોજના

અતારાંકિત પ્રશ્નો

૧૫૭૯૨ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં પીવાના પાણી માટે બનાવેલ (૧) s.k.4 1 અને 2 (૨) s.k.-3 યોજનાઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ (૧) એસ.કે–૪ ભાગ–૧ અને ૨ યોજનામાં કુલ રૂ.૫૧.૪૦ કરોડ અને (૨) એસ.કે.–૩ યોજનામાં કુલ રૂ.૧૬૨.૦૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉકત યોજનાઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરી પીવાનું પાણી આપવામાં આવશે ? | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાઓ પૈકી (૧) એસ.કે ૪ ભાગ–૧ અને ૨ માહે ૧૨/૨૦૧૯ અને એસ.કે.–૩ માહે ૮/૨૦૧૯ સુધીમાં યોજનાકીય કામો પૂર્ણ કરી પીવાનું પાણી આપવાનું આયોજન છે. |

**દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૩૯૭૪ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૨૨૫૭ |
(૧) મહેસાણા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૮માં લશ્કરી પૂર્વે કેટલા નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૦૧

(૨) તેમાં કેટલા ઉમેદવારોને તાલીમ આપવામાં આવી?

(૨) ૩૦

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીનની રિ-માપણી**

૧૫૫૭૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) **: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીનની રિ-માપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર પ્રમોલગેશન કરવાનું કેટલું બાકી છે?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીનની રિ-માપણી કરવાની કામગીરીમાં રહેલ ક્ષતિઓ સુધારવા માટે સરકારને તાલુકાવાર નીચે જણાવ્યા પ્રમાણે મળેલ અરજીઓ અને નિકાલ કરવામાં આવેલ ફરિયાદોની વિગત નીચે પ્રમાણે છે.

**મહેસાણા જિલ્લો**

| તાલુકા | મળેલ અરજીઓ | નિકાલ કરેલ ફરિયાદો |
|---|---|---|
| ખેરાલુ | ૧૧૦૪ | ૬૩૨ |
| વિસનગર | ૨૭૭૧ | ૧૨૧૦ |
| કડી | ૬૮૬૭ | ૧૬૨૫ |
| મહેસાણા | ૫૨૩૫ | ૧૭૨૦ |
| વિજાપુર | ૩૩૧૩ | ૨૧૮૦ |
| બેચરાજી | ૧૪૦૮ | ૮૯૬ |
| ઊંઝા | ૨૬૦૦ | ૧૩૩૧ |
| વડનગર | ૧૨૩૯ | ૩૭૯ |
| જોટાણા | ૯૪૮ | ૧૯૮ |
| સતલાસણા | ૧૩૬૨ | ૧૭૧ |
| **કુલ** | **૨૬૮૪૭** | **૧૦૩૪૨** |

**ગાંધીનગર જિલ્લો**

| તાલુકા | મળેલ ફરિયાદો | નિકાલ કરેલ ફરિયાદો |
|---|---|---|
| ગાંધીનગર | ૨૪૪૮ | ૧૪૧૬ |
| કલોલ | ૧૫૬૩ | ૯૬૩ |
| દહેગામ | ૮૮૦ | ૭૬૨ |
| માણસા | ૧૪૨૯ | ૧૦૭૨ |
| **કુલ** | **૬૩૨૦** | **૪૨૧૩** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ પ્રમોલગેશન કરવાનું બાકી છે.

**ગાંધીનગર જિલ્લો**

| તાલુકા | પ્રમોલગેશન બાકી (ગામ) |
|---|---|
| ગાંધીનગર | ૦૧ |
| કલોલ | ૦૪ |
| દહેગામ | ૦૦ |
| માણસા | ૦૪ |
| **કુલ** | **૦૯** |

મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પ્રમોલગેશન પૂર્ણ થયેલ છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અછત ગ્રસ્ત તાલુકાઓ**

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

૧૫૬૯૬ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કયા તાલુકાઓને અછત ગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા અને કલ્યાણપુર તાલુકાને દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અછત ગ્રસ્ત જાહેર કરેલ તાલુકાઓમાં તાલુકાવાર રાહત કામ કે પાંજરાપોળ ચાલુ કરવામાં આવેલ છે કે કેમ, | (૨) દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરેલ તાલુકાઓમાં દુષ્કાળ આનુષંગિક પગલાઓ જેવા કે, રાહતદરે ઘાસ વિતરણ, રજીસ્ટર્ડ ગૌશાળા, રજીસ્ટર્ડ પાંજરાપોળ તથા ઢોરવાડાના પશુઓને દૈનિક પશુ સહાય વિગેરે રાહત પગલાં ચાલુ કરવામાં આવેલ છે.<br>મહેસૂલ વિભાગ દ્વારા દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમાં પાંજરાપોળો ચાલુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ દુષ્કાળ ગ્રસ્ત જાહેર થયેલ તાલુકાની રજીસ્ટર્ડ પાંજરાપોળોના પશુઓને પ્રવર્તમાન ધોરણો પ્રમાણે પશુ સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ અછત ગ્રસ્ત તાલુકાઓમાં ઘાસ ન ફાળવવામાં આવ્યું હોય તો તેના કારણો શાં છે, અને | (૩) દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરેલ તાલુકાઓમાં ઘાસ ફાળવવામાં આવતું હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઘાસ ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે અને પશુપાલકોને શું ભાવે ઘાસ આપવામાં આવશે? | (૪) મુદ્દા નં–૩ મુજબ ઘાસ વિતરણ કરવામાં આવી રહેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પશુપાલકોને રૂ.૨/– પ્રતિ કિ.ગ્રા.ના રાહતદરે પ્રવર્તમાન જોગવાઈ મુજબ ઘાસ આપવામાં આવી રહેલ છે. |

---------

**પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના**

૧૪૦૮૪ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૩૪૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | પોરબંદર | ૧૨૨ | ૬૭ |
| ૨ | રાણાવાવ | ૨૫ | ૭ |
| ૩ | કુતિયાણા | ૬૭ | ૪૦ |
| | **કુલ** | **૨૧૪** | **૧૧૪** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે?

(૩)

| ક્રમ | અરજીઓ નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | નિયત આવક કરતાં આવક વધુ હોવાથી |
| ૨ | પુખ્ત વયનો પુત્ર હોવાથી |
| ૩ | ઉંમર ઓછી હોવાથી |
| ૪ | સ્થળે રહેતા ન હોવાથી |

---------

**રાજકોટ જિલ્લામાં બિનખેતી અંગેની ઓનલાઈન અરજીઓ**

૧૪૦૬૭ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ઓનલાઈન બિન ખેતીની કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી

(૧)

| કુલ આવેલ અરજીઓ | મંજૂર | નામંજૂર |
|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| નામંજૂર કરવામાં આવી, અને | ૭૨૫ | ૫૬૬ | ૫૯ |
| (૨) ઉક્ત અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે? | (૨)<br>• રેવન્યૂ ટાઈટલ વિસંગતતા<br>• શરતભંગ (ટુકડાધારા, એલ.આર.સી.-૬૬, ઘરખેડ કલમ-૫૪)<br>• ક્ષેત્રફળ વિસંગતતા, ચર્તુસીમામાં વિસંગતતા,<br>• ફેરફાર નોંધમાં સ્ટેમ્પ ડ્યુટી,<br>• પ્રિમિયમ/નવી શરતની જમીન,<br>• અઘાટ ટેનીયોરની જમીન સબંધમાં કબજા હક્કની રકમના હપ્તા ભરપાઈ થયા ન હોય,<br>• કોર્ટ કેસ/અપીલ રિવિઝન ચાલતી હોવાથી<br>• અગાઉ અગ્રાહ્ય થયાના કારણોની પુર્તતા થતી ન હોવાથી | | |

**ભરૂચ જિલ્લામાં પાલક માતા પિતા યોજના**

૧૪૦૯૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લા ખાતે પાલક માતા પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૧૫ |
| (૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ અરજીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૪,૦૧,૦૦૦/- |

**દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

૧૪૦૦૪ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પશુપાલન ખાતા દ્વારા કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૫૦ |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી અને કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) પશુ સારવાર - ૧,૦૭,૯૭૯<br>પશુ રસીકરણ - ૧,૭૪,૯૪૨ |

**વડોદરા ખાતે આઇ.ટી/આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૭૫૬ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મે.નીપીઆમ ઇન્ફોટેક પ્રા. લિ.ને વાઘોડીયા, વડોદરા ખાતે આઈ.ટી./ આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી |
| (૨) જો હા, તો કયા પ્રકારની કેટલી જમીન શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**સાબરકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની અરજીઓ બાબત**

૧૪૦૭૬ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી જમીનો ખેતીમાંથી બિન ખેતીમાં તબદીલ કરવામાં આવી, | (૧) ૨૩,૪૮,૩૭૯.૯ ચો.મી. |
| (૨) ઉક્ત બાબત માટે કુલ કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર અને કેટલી પડતર છે, અને | (૨) |

| | |
|---|---|
| મળેલ અરજીઓ | ૪૭૬ |
| મંજૂર કરેલ અરજીઓ | ૩૦૪ |
| નામંજૂર/દફતરે | ૧૭૨ |
| પડતર અરજીઓ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના**

૧૪૧૨૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૮૩૩ |
| (૨) ઉક્ત પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૩૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૦,૫૨,૫૦૦/- |

---------

**સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના**

૧૪૧૨૭ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના અન્વયે તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૧૧ |
| (૨) ઉક્ત પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૧૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૬,૩૯,૨૫૦/- |

---------

**સુરત જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૪૦૬૫ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૦૩-૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૨૬૫૯ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બાકી નોંધોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ**

૧૪૦૫૨ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અડાજણ | ૨૭૦ |
| મજુરા | ૪૧૮ |
| પુણા | ૬૪ |
| કતારગામ | ૭૭ |
| ઉધના | ૧૧૯ |
| ઓલપાડ | ૨૦૪૩ |
| ચોર્યાસી | ૭૬૨ |
| કામરેજ | ૯૧૦ |
| પલસાણા | ૬૭૧ |
| માંડવી | ૧૪૮૩ |
| મહુવા | ૧૩૦૭ |
| માંગરોળ | ૧૩૬૬ |
| ઉમરપાડા | ૩૬૪ |
| બારડોલી | ૧૧૭૧ |
| **કુલ** | **૧૧૦૨૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|
| ૧૧૦૨૫ | ૮૯૬૪ | ૩૦૨ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ

- વારસાઈ અંગેની અરજીમાં નામ–સરનામાં અધુરા હોવાના કારણે, ૧૩૫–ડી ની નોટીસ પક્ષકારોને બજેલ ન હોય,
- સીધીલીટીના વારસોએ પેઢીનામું કે સોગંધનામું કરેલ ન હોય, પેઢીનામાં અને સોગંધનામામાં વિસંગતતા હોવાથી,
- તકરારી કેસમાં ફેરફાર નોંધ નામંજૂર કરવા નિર્ણય લેવાયેલ હોવાથી,
- મરણ થયેલ હોવા અંગેનો મરણનો દાખલો કે આધારભુત પુરાવા રજુ થયેલ ન હોવાથી, મરણના દાખલા તથા ૭/૧૨ માં ખાતેદારના નામમાં વિસંગતતા હોવાથી.

**છોટા ઉદેપુર જિલ્લામાં રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૪૧૫૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, છોટાઉદેપુર ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને

(૧) ૭૯૨૪

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

(૨) ૩૬૭૬

**મોરબી જિલ્લામાં કેટલ સબસિડીની ચૂકવણી**

૧૫૬૮૧ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ મોરબી જિલ્લામાં કેટલ સબસિડી ચુકવવા માટેનો સમયગાળો કેટલો નક્કી કરવામાં આવેલ છે,

(૧) વિભાગના તા.૩૦–૧૦–૧૮ના ઠરાવ ક્રમાંકઃ એસ.સી.વાય–૧૦૨૦૧૮–૭૯૧–સ.૧ થી મોરબી જિલ્લાના દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરાયેલા હળવદ, માળીયા મીયાણા અને વાંકાનેર તાલુકાઓમાં તા.૦૧–૧૨–૧૮ થી કેટલ સબસિડી ચુકવવામાં આવે છે. આ કેટલ સબસિડી રાજ્ય સરકાર તરફથી આ સંબંધે અન્ય સુચના ન થાય અથવા જે–તે તાલુકાઓમાં ચોમાસુ–૨૦૧૯ દરમિયાન ૧૨૫ મી.મી. વરસાદ થાય ત્યાં સુધી–એ–બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ચુકવવામાં આવશે.

(૨) કેટલ સબસિડી પેટે કેટલી રકમ પશુ સહાય તરીકે ચુકવવામાં આવે છે, અને

(૨) કેટલ સબસિડી પેટે –
(i) તા.૦૧–૧૨–૧૮ થી તા.૩૧–૦૧–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૨૫/– લેખે,
(ii) તા.૦૧–૦૨–૧૯ થી તા.૩૧–૦૩–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે,
(iii) તા.૦૧–૦૪–૧૯ થી તા.૩૧–૦૫–૧૯ દરમ્યાન SDRFના ધોરણે મોટા પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૭૦/– લેખે તથા નાના પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે ચૂકવવાનું નક્કી થયેલ છે.

(૩) મોડરેટ અને સીવીયર કેટેગરીના દુષ્કાળ ગ્રસ્ત જાહેર થયેલ તાલુકાઓમાં ઉક્ત સમયગાળો વધારવા માટેનું શું આયોજન છે ?

(૩) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સીવીયર અને મોડરેટ કેટેગરીના તમામ ૫૧ તાલુકાઓમાં સરકારશ્રી દ્વારા આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા સંબંધિત તાલુકાઓમાં ૧૨૫ મી.મી. સુધી વરસાદ થાય ત્યાં સુધી–એ બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીનો સમય અછતના સમયગાળા તરીકે લંબાવેલ છે.

---------

## આણંદ અને નવસારી જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

૧૫૭૩૫ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર આણંદ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

(૧)

| વર્ષ | યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | આણંદ જિલ્લો | નવસારી જિલ્લો | |
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | ૩૧ | ૨૮ | ૫૯ |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | ૩૪ | ૨૧ | ૫૫ |

(૨) ઉક્ત જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યાં,

(૨) સામેલ પત્રક ‘અ’ તથા પત્રક ‘બ’ મુજબ

(૩) ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને

(૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઈ આર્થિક

(૪) ના જી

સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે?

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળા માટે જમીન ફાળવણી બાબત**

૧૪૦૭૭ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળા માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળા માટે ૯૯૧૬ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં બિનખેતી માટેની અરજીઓ**

૧૪૦૭૧ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેના કેટલા કેસો પડતર છે?

**જવાબ**

(૧) ૪૭૭

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | પડતર કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુંદ્રા | ૧૮ |
| ૨ | માંડવી | ૦૮ |
| ૩ | નખત્રાણા | ૦૧ |
| ૪ | રાપર | ૦૮ |
| ૫ | અંજાર | ૨૬ |
| ૬ | ભચાઉ | ૦૯ |
| ૭ | ગાંધીધામ | ૦૫ |
| ૮ | ભુજ | ૨૩ |
| ૯ | અબડાસા | ૧૨ |
| ૧૦ | લખપત | ૦૫ |
| **કુલ બાકી કેસોની સંખ્યા** | | **૧૧૫** |

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ**

૧૫૬૫૨ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શ્રમ કાયદાનો ભંગ કરતા કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત તપાસ દરમ્યાન કેટલા ઔદ્યોગિક એકમો કસૂરવાર જણાયા, અને

(૩) ઉક્ત કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે શા પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| જિલ્લો | ઔદ્યોગિક એકમો |
|---|---|
| ગાંધીનગર | ૨૧૦૯ |
| અમદાવાદ | ૧૧૪૩૧ |
| **કુલ** | **૧૩૫૪૦** |

(૨)

| જિલ્લો | કસૂરવાર ઔદ્યોગિક એકમો |
|---|---|
| ગાંધીનગર | ૧૬૩ |
| અમદાવાદ | ૩૪૯ |
| **કુલ** | **૫૧૨** |

(૩)

| જિલ્લો | કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે નામ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ કેસો |
|---|---|

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ગાંધીનગર | ૧૭૬ |
| અમદાવાદ | ૧૨૧૫ |
| **કુલ** | **૧૩૯૧** |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૫૬૪૩ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

(૧)

| **વર્ષ** | **યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા** | | **કુલ** |
|---|---|---|---|
| | **સાબરકાંઠા જિલ્લો** | **અરવલ્લી જિલ્લો** | |
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | ૨૧ | ૧૩ | ૩૪ |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | ૨૧ | ૧૨ | ૩૩ |

(૨) ઉક્ત જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યાં,

(૨) સામેલ પત્રક 'અ' તથા પત્રક 'બ' મુજબ

(૩) ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને

(૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે?

(૪) ના જી.

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાબરકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની અરજીઓ બાબત**

૧૪૦૭૪ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી જમીનો ખેતીમાંથી બિન ખેતીમાં તબદીલ કરવામાં આવી

(૧) ૨૩,૪૮,૩૭૯.૯ ચો.મી.

(૨) ઉક્ત બાબત માટે કુલ કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર અને કેટલી પડતર છે, અને

(૨)

| | |
|---|---|
| મળેલ અરજીઓ | ૪૭૬ |
| મંજૂર કરેલ અરજીઓ | ૩૦૪ |
| નામંજૂર/દફતરે | ૧૭૨ |
| પડતર અરજીઓ | ૦ |

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પોરબંદર જિલ્લામાં જમીન બાંધકામમાં શરતભંગ**

૧૫૭૦૨ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પોરબંદર

(૧) ના.

જિલ્લામાં સહારા ઈન્ડિયા કંપનીને ટાઉનશીપ બાંધવાના હેતુસર જમીન આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા પ્રકારની કેટલી જમીન કયા ભાવે આપવામાં આવેલ, — (૨) પ્રશ્ન નથી.

(૩) ઉક્ત જમીનમાં બાંધકામ કરવાની શરતભંગ થયેલ હોય અને સમયમર્યાદામાં બાંધકામ થયેલ નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને — (૩) પ્રશ્ન નથી.

(૪) જો હા, તો તે અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધાં અને ઉક્ત સ્થિતિએ શરતભંગ થયેલ હોઈ સરકારે કેટલી જમીન રાજ્યસાત કરી? — (૪) પ્રશ્ન નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં શેડ્યુલ્ડ વિસ્તાર**

૧૫૭૯૩ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શેડ્યુલ્ડ વિસ્તારના નાંખી, ખાપરેટા, જોડ ખાપરેટા, અને હરિપુરા ટ્રાયબલ ગામોને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં જે નોન શેડ્યુલ્ડ વિસ્તાર છે તેમાં મુકેલ છે, જે હકીકત સાચી છે, | (૧) હા, જી<br>પેસા એક્ટની જોગવાઈ મુજબ તાલુકા ફેર થવા છતાં અનુસૂચિત વિસ્તાર યથાવત રહે છે. |
| (૨) જો હા, તો ગ્રામસભાના ઠરાવો સરકારમાં રજૂ કરવાં છતાં ક્યા કારણોસર આદિવાસી ગામોને પરત ભિલોડા ટ્રાયબલ તાલુકામાં મૂકવામાં આવેલ નથી, અને | (૨) ગ્રામ પંચાયતના ઠરાવો સાથેની વિધિસરની દરખાસ્ત સરકારશ્રીમાં મળેલ નથી. |
| (૩) ઉક્ત ગામોને ક્યાં સુધીમાં હિંમતનગર તાલુકામાં પરત મૂકવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં વિકસતી જાતિના છાત્રો માટે સરકારી છાત્રાલયો**

૧૪૦૮૯ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વિકસતી જાતિના છાત્રો માટે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો આવેલા છે, અને | (૧) ૦૧ (એક) |
| (૨) તે પૈકી કેટલા સરકારી છાત્રાલયો સરકારી મકાનમાં કાર્યરત છે? | (૨) ૦૧ (એક) |

**નર્મદા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના**

૧૪૦૮૭ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૮ |
| ૨ | તિલકવાડા | ૨૫ |
| ૩ | ગરૂડેશ્વર | ૦ |
| ૪ | ડેડિયાપાડા | ૪૪ |

| | | |
|---|---|---|
| ૫ | સાગબારા | ૨૭ |
| | **કુલ** | **૧૦૪** |

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી કેટલી નામંજૂર કરી, અને

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર** | **નામંજૂર** |
|---|---|---|---|
| ૧ | નાંદોદ | ૧ | ૫ |
| ૨ | તિલકવાડા | ૨૨ | ૩ |
| ૩ | ગરૂડેશ્વર | ૦ | ૦ |
| ૪ | ડેડિયાપાડા | ૪૪ | ૦ |
| ૫ | સાગબારા | ૨૭ | ૦ |
| | **કુલ** | **૯૪** | **૮** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શું છે ?

(૩)

| **ક્રમ** | **અરજીઓ નામંજૂરીના કારણો** |
|---|---|
| ૧ | પુખ્ત વયનો પુત્ર હોવાથી |
| ૨ | ઉંમર ઓછી હોવાથી |

---------

**ડાંગ અને વલસાડ જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ**

૧૫૭૮૩ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ડાંગ અને વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શ્રમ કાયદાનો ભંગ કરતા કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી,

(૧)

| **જિલ્લો** | **ઔદ્યોગિક એકમો** |
|---|---|
| ડાંગ | ૧૪ |
| વલસાડ | ૩૯૬૫ |
| **કુલ** | **૩૯૭૯** |

(૨) ઉક્ત તપાસ દરમ્યાન કેટલા ઔદ્યોગિક એકમો કસૂરવાર જણાયા, અને

(૨)

| **જિલ્લો** | **કસૂરવાર ઔદ્યોગિક એકમો** |
|---|---|
| ડાંગ | ૦ |
| વલસાડ | ૯૦ |
| **કુલ** | **૯૦** |

(૩) ઉક્ત કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

(૩)

| **જિલ્લો** | **કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે નામ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ કેસો** |
|---|---|
| ડાંગ | ૦ |
| વલસાડ | ૨૦૬ |
| **કુલ** | **૨૦૬** |

---------

**ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના**

૧૪૦૮૬ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજી** |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૫૩૩ |
| ૨ | વાગરા | ૪૨૦ |
| ૩ | અંકલેશ્વર | ૩૦ |

| | | |
|---|---|---|
| ૫ | જંબુસર | ૯૪૫ |
| ૬ | આમોદ | ૬૪૨ |
| ૭ | ઝઘડીયા | ૯૧૮ |
| ૮ | વાલીયા | ૭૪૫ |
| ૯ | નેત્રંગ | ૮૦૯ |
| | **કુલ** | **૫૦૮૪** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી ?

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર** |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૪૮૫ |
| ૨ | વાગરા | ૨૫૭ |
| ૩ | અંકલેશ્વર | ૧૭ |
| ૪ | હાંસોટ | ૨૯ |
| ૫ | જંબુસર | ૮૩૭ |
| ૬ | આમોદ | ૫૯૭ |
| ૭ | ઝઘડીયા | ૮૬૬ |
| ૮ | વાલીયા | ૭૦૧ |
| ૯ | નેત્રંગ | ૮૦૭ |
| | **કુલ** | **૪૫૯૬** |

---------

**અમદાવાદ ખાતે આઇ.ટી/ આઇ.ટી.ઇ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૭૧૧ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે.અદાણી ટાઉનશીપ એન્ડ રીયલ એસ્ટેટ કંપની પ્રા.લિ. ને દંતાલી અમદાવાદ ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પશુઓ માટે સહાય ચૂકવણી**

૧૫૬૩૦ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓ માટે છેલ્લા છ માસમાં માસવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સહાય ચૂકવણીની વિગતો પત્રકમાં સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શા છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૨) ચૂકવણું પૂર્ણ થયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

**કચ્છ જિલ્લાના મંદિરોનો પૌરાણિક ધામમાં સમાવેશ**

૧૫૬૧૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં આવેલ ધીણોધર, થાન અને પુવરેશ્વર મંદિરને પૌરાણિક ધામમાં સમાવેશ કરી વિકાસના કામો કરવા માટે કેટલી માંગણી મળી, અને | (૧) એક |
| (૨) તે અન્વયે ઉક્ત ધામનો સમાવેશ ક્યાં સુધીમાં કામ કરવામાં આવશે? | (૨)<br>• નખત્રાણા તાલુકામાં ધીણોધર અને થાન જાગીરના વિકાસના કામો માટે ટેન્ડર પ્રક્રિયા ગતિમાં છે.<br>• પુવરેશ્વર મંદિર વિકાસની રજૂઆત બાબતે જિલ્લા કક્ષાએ કાર્યવાહી હાથ ધરાયેલ છે. |

---------

**ગાંધીનગર ખાતે આઇ.ટી/ આઇ.ટી.ઇ.એસ.સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

૧૫૭૧૭ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે.એક્વાલાઇન પ્રોપર્ટીઝ પ્રા.લિ.(રાહેજા ગ્રૃપ)ને કોબા, ગાંધીનગર ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) મોજે. કોબા, તા. જી. ગાંધીનગરના સર્વે/બ્લોક નં. ૨૪૨,૨૩૭,૨૩૮ની સરકારી પડતર અને સર્વે નં.૨૭૦ની ગૌચર સદરની કુલ હે.આર.૩૭–૬૫–૮૧ ચો.મી. જમીન પ્રતિ ચો.મી.ના રૂ.૪૭૦/– મુજબ રૂ.૧૭,૬૯,૯૩,૦૭૦/– વસૂલ લઇ ફાળવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઈ કાર્યવાહી ન થઈ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી કલેક્ટર કચેરીમાં પડતર તુમારો**

૧૫૭૨૩ **શ્રી અંબરિષ ડેર** (રાજુલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી કલેક્ટર કચેરીમાં કેટલા તુમારો પડતર છે, | (૧) કુલ–૫૬૬ |
| (૨) ઉક્ત પડતર તુમારો પૈકી કેટલા તુમારો છ માસ કરતાં વધારે સમયથી પડતર છે, અને | (૨) કુલ–૩૩૪ |
| (૩) ઉક્ત પડતર તુમારોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૩) સત્વરે. |

---------

**અમદાવાદ જિલ્લામાં પશુઓ માટે સહાય ચૂકવણી**

૧૫૬૫૪ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓ માટે છેલ્લા છ માસમાં માસવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શા છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ ગ્રસ્ત અમદાવાદ જિલ્લામાં છેલ્લા છ માસમાં, માસવાર ચુકવવામાં આવેલ સહાય તથા પશુઓની સંખ્યાની વિગતો દર્શાવતું પત્રક સામેલ છે.

(૨) ચૂકવણાની પ્રક્રિયા/ચકાસણીની પ્રક્રિયા હેઠળ છે. કારણે બાકી છે. ચુકવણું સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

**પત્રક**

| અ. નં. | તાલુકાનું નામ | માસનું નામ | પશુઓની સંખ્યા | ચૂકવાયેલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | માંડલ | ડિસેમ્બર-૧૮ | ૬૯૨૬૬ | ૧૭૩૧૬૫૦ |
| | | જાન્યુઆરી-૧૯ | ૫૧૦૪૧ | ૧૦૦૬૪૭૫ |
| | | ફેબ્રુઆરી-૧૯ | ૩૫૦૬૬ | ૧૨૨૭૩૧૦ |
| | | માર્ચ-૧૯ | ૩૦૯૬૦ | ૧૦૮૩૬૦૦ |
| | | એપ્રિલ-૧૯ | ૧૦૯૪૬ | ૭૩૮૨૫૫ |
| | | મે-૧૯ | - | - |
| | | **કુલ** | **૧૯૭૨૭૯** | **૫૭૮૭૨૯૦** |
| ૨ | વિરમગામ | ડિસેમ્બર-૧૮ | ૧૦૭૩૧૨ | ૨૬૮૨૮૦૦ |
| | | જાન્યુઆરી-૧૯ | ૯૭૦૪૦ | ૨૪૨૬૦૦૦ |
| | | ફેબ્રુઆરી-૧૯ | ૬૩૭૮૧ | ૨૨૩૪૭૮૫ |
| | | માર્ચ-૧૯ | ૪૭૩૫૫ | ૧૫૭૧૫૫૫ |
| | | એપ્રિલ-૧૯ | ૨૮૩૫૮ | ૧૫૦૫૭૭૦ |
| | | મે-૧૯ | - | - |
| | | **કુલ** | **૩૪૩૮૪૬** | **૧૦૪૨૦૯૧૦** |
| ૩ | દેત્રોજ | ડિસેમ્બર-૧૮ | ૩૦૬૪૫ | ૭૬૬૧૨૫ |
| | | જાન્યુઆરી-૧૯ | ૩૦૨૩૦ | ૭૫૫૭૫૦ |
| | | ફેબ્રુઆરી-૧૯ | ૨૬૫૩૩ | ૯૨૮૬૫૫ |
| | | માર્ચ-૧૯ | ૨૯૧૪૨ | ૧૦૧૯૯૭૦ |
| | | એપ્રિલ-૧૯ | ૨૬૦૮૭ | ૧૩૨૮૯૮૫ |
| | | મે-૧૯ | - | - |
| | | **કુલ** | **૧૪૨૬૩૭** | **૪૭૯૯૪૮૫** |
| | | | **૬૮૩૭૬૨** | **૨૧૦૦૭૬૮૫** |

-------------

## તાપી અને ડાંગ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

૧૫૭૮૦ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| વર્ષ | યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | તાપી | ડાંગ | |
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | ૧૪ | ૧૫ | ૨૯ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૨૦ | ૧૨ | ૩૨ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૩૪ | ૨૭ | ૬૧ |

(૨) ઉક્ત જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા,

(૨) સામેલ પત્રક 'અ' તથા 'બ' મુજબ

(૩) ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને

(૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે?

(૪) ના જી.

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

**રાજ્યમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો**

૧૫૬૩૩ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ શ્રમિકો કેટલા નોંધાયેલા છે, અને

(૧) ૬,૨૭,૭૫૪

(૨) ઉક્ત નોંધાયેલા બાંધકામ શ્રમિકોને સરકાર દ્વારા કેવા પ્રકારની સહાય/લાભો આપવામાં આવે છે?

(૨) ઉક્ત નોંધાયેલ બાંધકામ શ્રમિકોને સરકાર દ્વારા આરોગ્ય, શિક્ષણ, આવાસ, સામાજિક સુરક્ષા, મહિલાલક્ષી સહાય જેવા વિવધ કલ્યાણકારી લાભો આપવામાં આવે છે.

---------

**રાજકોટ જિલ્લામાં કેટલ સબસિડીની ચૂકવણી**

૧૫૬૮૭ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮-૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ રાજકોટ જિલ્લામાં કેટલ સબસિડિ ચૂકવવા માટે નો સમયગાળો કેટલો નક્કી કરવામાં આવેલ છે,

(૧) વિભાગના તા.૩૦-૧૦-૧૮ના ઠરાવ ક્રમાંકઃ S C Y-102018-791-s.1 થી રાજકોટ જિલ્લાના દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરાયેલ તાલુકાઓ- પડધરી અને વિંછીયામાં
તા.૦૧-૧૨-૧૮ થી કેટલ સબસિડી ચૂકવવામાં આવે છે. આ કેટલ સબસિડી રાજ્ય સરકાર તરફથી આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા જે-તે તાલુકાઓમાં ચોમાસુ-૨૦૧૯ દરમિયાન ૧૨૫ મી.મી. વરસાદ થાય ત્યાં સુધી- એ-બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ચૂકવવામાં આવશે.

(૨) કેટલ સબસિડી પેટે કેટલી રકમ પશુ સહાય તરીકે ચૂકવવામાં આવે છે, અને

(૨) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલ સબસિડી પેટે-
(i) તા.૦૧-૧૨-૧૮ થી તા.૩૧-૦૧-૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૨૫/- લેખે.
(ii) તા.૦૧-૦૨-૧૯ થી તા.૩૧-૦૩-૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/- લેખે.
(iii) તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ દરમ્યાન S.D.R.F.ના ધોરણે મોટા પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૭૦/- લેખે તથા નાના પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/- લેખે ચુકવવાનું નક્કી થયેલ છે.

(૩) મોડરેટ અને સીવીયર કેટેગરીના દુષ્કાળ ગ્રસ્ત જાહેર થયેલ તાલુકાઓમાં ઉક્ત સમયગાળો વધારવા માટેનું શું આયોજન છે ?

(૩) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સીવીયર અને મોડરેટ કેટેગરીના તમામ ૫૧ તાલુકાઓમાં સરકારશ્રી દ્વારા આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા સંબંધિત

તાલુકાઓમાં ૧૨૫ મી.મી. સુધી વરસાદ થાય ત્યાં સુધી– એ બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધીનો સમય અછતના સમયગાળા તરીકે લંબાવેલ છે.

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૫૭૧૪ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, | (૧) |

| **વર્ષ** | **યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા** | | **કુલ** |
|---|---|---|---|
| | **અમરેલી જિલ્લો** | **ભાવનગર જિલ્લો** | |
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | ૨૮ | ૨૫ | ૫૩ |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | ૧૯ | ૨૮ | ૪૭ |
| **કુલ** | **૪૭** | **૫૩** | **૧૦૦** |

| | |
|---|---|
| (૨) ઉક્ત જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા, | (૨) સામેલ પત્રક 'અ' તથા 'બ' મુજબ |
| (૩) ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને | (૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે? | (૪) ના જી. |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

**ડાંગ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના**

૧૪૦૩૩ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) |

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજી** |
|---|---|---|
| ૧ | આહવા | ૪૧૪ |
| ૨ | વઘઈ | ૪૪૮ |
| ૩ | સુબીર | ૪૮૦ |
| | **કુલ** | **૧૩૪૨** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર** | **નામંજૂર** |
|---|---|---|---|
| ૧ | આહવા | ૪૦૫ | ૯ |
| ૨ | વઘઈ | ૩૯૪ | ૫૪ |
| ૩ | સુબીર | ૪૦૦ | ૮૦ |
| | **કુલ** | **૧૧૯૯** | **૧૪૩** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)

| **ક્રમ** | **અરજીઓ નામંજૂરીનાં કારણો** |
|---|---|
| ૧ | નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી |

| | |
|---|---|
| ૨ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી |

**રાજકોટ જિલ્લામાં મચ્છુ-૧ ડેમમાંથી પીવાનું પાણી**

૧૫૬૭૫ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નવા સમાવિષ્ટ થયેલ ગામો માટે મચ્છુ-૧ ડેમ આધારિત પીવાનું પાણી આપવાની દરખાસ્ત સરકારમાં પડતર છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત દરખાસ્ત અન્વયે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ અને નર્મદા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૫૭૫૩ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| વર્ષ | યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | દાહોદ જિલ્લો | નર્મદા જિલ્લો | |
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | ૨૫ | ૨૮ | ૫૩ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૧૧ | ૩૦ | ૪૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા, | (૨) સામેલ પત્રક 'અ' તથા 'બ' મુજબ |
| (૩) ઉપસ્થિતિ રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને | (૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઇ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે ? | (૩) ના, જી. |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફરમેશન સેન્ટર રાજકોટ દ્વારા સેમિનાર**

૧૪૧૪૫ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ-પૂર્વ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ ''ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર સેન્ટર'' રાજકોટ દ્વારા છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા સેમિનાર કરવામાં આવ્યા, અને | (૧) ૧૨૦ |
| (૨) ઉક્ત સેમિનારમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા? | (૨) ૧૩૩૪૩ |

**અમદાવાદ ખાતે આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી**

અતારાંકિત પ્રશ્નો

૧૫૬૫૭ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મે. કાલિકા કન્સ્ટ્રક્શન એન્ડ અમ્પેક્સ પ્રા.લિ. ને ઓગણજ, જિ. અમદાવાદ ખાતે આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. સેઝ પાર્ક બનાવવા માટે જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારની કેટલી જમીન શા ભાવે ફાળવવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની દ્વારા પાર્ક/સેઝ બનાવવા માટે કોઇ કાર્યવાહી ન થઇ હોય તો શરતભંગ બદલ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૫૭૭૭ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| વર્ષ | યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | તાપી જિલ્લો | વલસાડ જિલ્લો | |
| ૦૧–૦૬–૨૦૧૭ થી ૩૧–૦૫–૨૦૧૮ | ૧૪ | ૩૮ | ૫૨ |
| ૦૧–૦૬–૨૦૧૮ થી ૩૧–૦૫–૨૦૧૯ | ૨૦ | ૪૭ | ૬૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત જિલ્લાવાર, શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા, | (૨) સામેલ પત્રક 'અ' તથા 'બ' મુજબ |
| (૩) ઉપસ્થિતિ રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને | (૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઇ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે ? | (૪) ના, જી. |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સુરત જિલ્લામાં હક્ક પત્રક નોંધો**

૧૪૦૮૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૧૯ ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૨૬૫૯ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બાકી નોંધોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**મોરબી જિલ્લામાં પશુઓ માટે સહાય ચૂકવણી**

૧૫૬૮૫ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓ માટે છેલ્લા છ માસમાં માસવાર કેટલી રકમની સહાયી ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) મોરબી જિલ્લામાં દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરાયેલ વાંકાનેર, હળવદ અને માળીયા(મીં) તાલુકામાં છેલ્લા છ માસમાં માસવાર/ચૂકવેલ પશુ સહાયની રકમ અને પશુઓની સંખ્યાની વિગતો નીચે મુજબ છે.

| **અનુ.નં.** | **તાલુકાનું નામ** | **માસનું નામ** | **પશુઓની સંખ્યા** | **ચૂકવાયેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|---|
| ૧ | હળવદ | ડિસેમ્બર–૧૮ | ૧૦૮૪ | ૮,૪૦,૦૫૦ |
| | | જાન્યુઆરી–૧૯ | ૧૧૦૪ | ૮,૫૫,૩૨૫ |
| | | ફેબ્રુઆરી–૧૯ | ૧૨૦૬ | ૧૧,૮૧,૭૦૫ |
| | | માર્ચ–૧૯ | ૧૨૦૪ | ૧૩,૦૬,૭૯૫ |
| | | એપ્રિલ–૧૯ | ૧૨૧૭ | ૧૨,૭૭,૫૦૦ |
| | | મે–૧૯ | ૧૨૧૨ | ૧૩,૧૫,૭૪૦ |
| | | **કુલ** | **૭૦૨૭** | **૬૭,૭૬,૮૧૫** |
| ૨ | વાંકાનેર | ડિસેમ્બર–૧૮ | ૪૨૩૧ | ૩૨,૭૯,૦૨૬ |
| | | જાન્યુઆરી–૧૯ | ૪૨૨૮ | ૩૨,૭૬,૭૦૦ |
| | | ફેબ્રુઆરી–૧૯ | ૪૧૨૯ | ૪૦,૪૬,૪૨૦ |
| | | માર્ચ–૧૯ | ૫૧૨૮ | ૫૨,૮૩,૯૫૦ |
| | | એપ્રિલ–૧૯ | ૮૭૪૮ | ૬૫,૯૮,૭૨૫ |
| | | મે–૧૯ | ૯૬૪૭ | ૭૪,૦૭,૪૩૫ |
| | | **કુલ** | **૩૬૧૧૧** | **૨,૯૮,૯૨,૨૫૬** |
| ૩ | માળીયા (મીં) | ડિસેમ્બર–૧૮ | ૫૭૮ | ૪,૪૭,૯૫૦ |
| | | જાન્યુઆરી–૧૯ | ૬૮૭ | ૪,૯૨,૩૨૫ |
| | | ફેબ્રુઆરી–૧૯ | ૬૩૯ | ૬,૧૧,૮૦૦ |
| | | માર્ચ–૧૯ | ૬૧૫ | ૬,૩૪,૨૦૪ |
| | | એપ્રિલ–૧૯ | ૬૦૦ | ૬,૮૯,૮૫૦ |
| | | **કુલ** | **૩૧૧૯** | **૨૮,૭૬,૧૨૯** |
| વાંકાનેર + હળવદ + માળીયા(મીં) તાલુકાનું કુલ | | | **૪૬૨૫૭** | **૩,૯૫,૪૫,૨૦૦** |

(૨) ઉક્ત સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શા છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૨) ચૂકવણુ/ચકાસણીની પ્રક્રિયાને લીધે/કારણે બાકી છે. જે આખરી તબક્કામાં છે અને ચૂકવણું સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

**સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ, બોરસદ દ્વારા ૭/૧૨ ના રેકર્ડ**

૧૫૭૩૨ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સીટી સરવે સુપ્રિન્ટેન્ડેન્ટ, બોરસદ દ્વારા ૭/૧૨ ના રેકર્ડ બંધ કર્યા બાદ કેટલા નંબરોમાં પ્રોપર્ટી કાર્ડ લખ્યા,

(૨) ૭/૧૨ ના રેકર્ડ મુજબ કેટલા પ્રોપર્ટી કાર્ડ લખવાના બાકી છે, તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રેકર્ડ બંધ કરવાના કેટલા હુકમો થયા ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એક પણ નહીં.

અતારાંકિત પ્રશ્નો

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બિન ખેતી અંગેની ઓનલાઇન અરજીઓ**

૧૪૦૬૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઇ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ બિન ખેતી પરવાનગી અંગેની અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઓનલાઇન કેટલી અરજીઓ મળી, અને | (૧) અમદાવાદ–૩૭૨૧<br>ગાંધીનગર–૧૫૮૯ |
| (૨) ઉપરોક્ત પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ થયો છે ? | (૨) અમદાવાદ–૨૨૩૭<br>ગાંધીનગર–૭૯૭ |

---------

**પાટણ જિલ્લામાં પશુઓ માટે સહાય ચુકવણી**

૧૫૬૩૭ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓ માટે છેલ્લા છ માસમાં માસવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરાયેલ પાટણ જિલ્લાની તાલુકાવાર પશુઓની સંખ્યા અને છેલ્લા છ માસમાં ચુકવવામાં આવેલ પશુ સહાયની વિગતો સામેલ પત્રક–અ મુજબ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શા છે અને બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૨) ઉક્ત સ્થિતિએ ચૂકવણું બાકી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના**

૧૪૦૮૮ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૩૪૩ |
| (૨) ઉક્ત પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૪૧ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ.૩૭૪૫૦૦/– |

---------

**ખેડા જિલ્લામાં પશુઓ માટે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ**

૧૪૦૦૭ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૫૦ |
| (૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૧૭,૯૫૫ |

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ**

૧૫૭૨૦ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં શ્રમ કાયદાનો ભંગ કરતા કેટલા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત તપાસ દરમ્યાન કેટલા ઔદ્યોગિક એકમો કસૂરવાર જણાયા, અને

(૩) ઉક્ત કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| જિલ્લો | ઔદ્યોગિક એકમો |
|---|---|
| અમરેલી | ૭૮૩ |
| ભાવનગર | ૧૨૦૦ |
| **કુલ** | **૧૯૮૩** |

(૨)

| જિલ્લો | કસૂરવાર ઔદ્યોગિક એકમો |
|---|---|
| અમરેલી | ૫ |
| ભાવનગર | ૫૯ |
| **કુલ** | **૬૪** |

(૩)

| જિલ્લો | કસૂરવાર ઔદ્યોગિક એકમો સામે નામ. કોર્ટમાં દાખલ કરવામાં આવેલ કેસો |
|---|---|
| અમરેલી | ૫ |
| ભાવનગર | ૮૦ |
| **કુલ** | **૮૫** |

---------

**પાટણ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના**

૧૪૦૩૭ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાટણ | ૭૯ |
| ૨ | ચાણસ્મા | ૭૦ |
| ૩ | સિદ્ધપુર | ૬૮ |
| ૪ | હારીજ | ૮ |
| ૫ | સમી | ૦ |
| ૬ | રાધનપુર | ૦ |
| ૭ | સાંતલપુર | ૮ |
| ૮ | સરસ્વતી | ૫૨ |
| ૯ | શંખેશ્વર | ૭ |
| | **કુલ** | **૨૯૨** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૪૫ | ૬ |
| ૨ | ચાણસ્મા | ૬૦ | ૧૦ |
| ૩ | સિદ્ધપુર | ૬૪ | ૧ |
| ૪ | હારીજ | ૭ | ૧ |
| ૫ | સમી | ૦ | ૦ |
| ૬ | રાધનપુર | ૦ | ૦ |
| ૭ | સાંતલપુર | ૫ | ૩ |
| ૮ | સરસ્વતી | ૩૦ | ૨૨ |
| ૯ | શંખેશ્વર | ૭ | ૦ |

| | કુલ | ૨૧૮ | ૪૩ |
|---|---|---|---|

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે?

(૩)

| ક્રમ | અરજી નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | નિયત આવક કરતાં આવક વધુ હોવાથી |
| ૨ | પુખ્ત વયનો પુત્ર હોવાથી |
| ૩ | ઉંમર ઓછી હોવાથી |
| ૪ | સ્થળે રહેતા ન હોવાથી |
| ૫ | અવસાન થવાથી |

---------

**નવસારી જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીન**

૧૪૦૬૪ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલા હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) કુલ– ૬૦ કેસો

(૨) કોઈ કેસ બાકી નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં કેટલ સબસિડીની ચૂકવણી**

૧૫૬૬૬ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછત ગ્રસ્ત જાહેર કરાયેલ અમદાવાદ જિલ્લામાં કેટલ સબસિડી ચૂકવવા માટેનો સમયગાળો કેટલો નક્કી કરવામાં આવેલ છે ?

(૨) કેટલ સબસિડી પેટે કેટલી રકમ પશુ સહાય તરીકે ચૂકવવામાં આવે છે, અને

(૩) મોડરેટ અને સીવીયર કેટેગરીના દુષ્કાળ ગ્રસ્ત જાહેર થયેલ તાલુકાઓમાં ઉક્ત સમયગાળો વધારવા માટેનું

**જવાબ**

(૧) વિભાગના તા.૨૯–૦૯–૧૮ના ઠરાવ ક્રમાંકઃ અછત–૧૦૨૦૧૮–૬૪૮–સ.૧ થી અમદાવાદ જિલ્લાના અછત ગ્રસ્ત જાહેર કરાયેલ માંડલ તાલુકામાં તા.૦૧–૧૦–૧૮ થી તથા તા.૩૦–૧૦–૧૮ના ઠરાવ ક્રમાંક–એસ.સી.વાય–૧૦૨૦૧૮–૭૯૧–સ.૧ થી ઉપરોક્ત તાલુકા સહીત અમદાવાદ જિલ્લાના અન્ય તાલુકાઓ વિરમગામ, દેત્રોજ માં તા.૦૧–૧૨–૧૮ થી કેટલ સબસિડી ચુકવવામાં આવે છે. આ કેટલ સબસિડી રાજ્ય સરકાર તરફથી આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા જે–તે તાલુકાઓમાં ચોમાસુ–૨૦૧૯ દરમિયાન ૧૨૫ મી.મી. વરસાદ થાય ત્યાં સુધી એ–બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ચૂકવવામાં આવશે.

(૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલ સબસિડી પેટે

(i) તા.૦૧–૧૦–૧૮ થી તા.૩૧–૦૧–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૨૫/– લેખે.

(ii) તા.૦૧–૦૨–૧૯ થી તા.૩૧–૦૩–૧૯ સુધી પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે.

(iii) તા.૦૧–૦૪–૧૯ થી તા.૩૧–૦૫–૧૯ દરમ્યાન SDRF ના ધોરણે મોટા પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૭૦/– લેખે તથા નાના પશુઓને પ્રતિ દિન પ્રતિ પશુ રૂ.૩૫/– લેખે ચુકવવાનું નક્કી થયેલ છે.

(૩) રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સીવીયર અને મોડરેટ કેટેગરીના તમામ ૫૧ તાલુકાઓમાં સરકારશ્રી દ્વારા

શું આયોજન છે ?

આ સંબંધે અન્ય સૂચના ન થાય અથવા સંબંધિત તાલુકાઓમાં ૧૨૫ મી.મી. સુધી વરસાદ થાય ત્યાં સુધી– એ બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધીનો સમય અછતના સમયગાળા તરીકે લંબાવેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં સંકટ મોચન યોજના**

૧૪૧૦૦ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૭૬ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૧૨ |
| ૩ | ઘોઘા | ૨ |
| ૪ | શિહોર | ૧૭ |
| ૫ | વલ્લભીપુર | ૯ |
| ૬ | ઉમરાળા | ૩ |
| ૭ | મહુવા | ૧૩ |
| ૮ | જેસર | ૩ |
| ૯ | પાલીતાણા | ૩૯ |
| ૧૦ | ગારીયાધાર | ૧ |
| ૧૧ | તળાજા | ૨૭ |
| | **કુલ** | **૩૦૨** |

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૪૭ | ૨૯ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૬ | ૬ |
| ૩ | ઘોઘા | ૦ | ૨ |
| ૪ | શિહોર | ૧૬ | ૧ |
| ૫ | વલ્લભીપુર | ૬ | ૩ |
| ૬ | ઉમરાળા | ૦ | ૩ |
| ૭ | મહુવા | ૧૨ | ૧ |
| ૮ | જેસર | ૦ | ૩ |
| ૯ | પાલીતાણા | ૩૩ | ૬ |
| ૧૦ | ગારીયાધાર | ૦ | ૧ |
| ૧૧ | તળાજા | ૨૭ | ૦ |
| | **કુલ** | **૨૪૭** | **૫૫** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)

| ક્રમ | અરજીઓ નામંજૂરીનાં કારણો નીચે મુજબ છે. |
|---|---|
| ૧ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોરમાં સમાવેશ થયેલ ન હોવાથી |
| ૨ | મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી |
| ૩ | કુટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી હોવાથી |
| ૪ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પાઈપલાઈન દ્વારા પાણી**

૧૬૧૧૬ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના કેટલા ગામોને પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે, | (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના તમામ ૧૦૯ ગામોને પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે, |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થાય છે, અને | (૨) વાર્ષિક રૂ.૧૦૪૭.૮૯ લાખનો ખર્ચ થાય છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને પાઈપ લાઈન મારફતે પીવાનું પાણી મળતું નથી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા અને ભરૂચ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન**

૧૫૭૪૭ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કુલ કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| વર્ષ | યોજેલ સ્વરોજગાર શિબિરોની સંખ્યા | | કુલ |
|---|---|---|---|
| | ખેડા જિલ્લો | ભરૂચ જિલ્લો | |
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | ૨૯ | ૨૯ | ૫૮ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | ૩૧ | ૨૫ | ૫૪ |
| **કુલ** | **૬૦** | **૫૪** | **૧૧૨** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨)ઉક્ત જીલ્લાવાર શિબિરવાર કેટલા ઉમેદવારો હાજર રહ્યા, | (૨) સામેલ પત્રક 'અ' તથા 'બ' મુજબ |
| (૩) ઉપસ્થિત રહેલ ઉમેદવારો પૈકી ઉક્ત જીલ્લાવાર કેટલા ઉમેદવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવી, અને | (૩) શિબિરમાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે. તેથી, રોજગારી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી શિબિરોમાં ઉપસ્થિત રહેવા કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલી રકમની સહાય આપવામાં આવે છે? | (૪) ના જી |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૧૪૧૧૧ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અજીઓ મળી, | (૧) ૨૬૧૭ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૧૮૮૭૩ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગૌચર વિનાના ગામો**

૧૫૬૨૮ **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલા ગામોમાં ગૌચર પુરતું છે, કેટલા ગામોમાં ગૌચરની ઘટ છે અને કેટલા ગામોમાં ગૌચર બિલકુલ નથી, અને | (૧) ૪૦ ગામોમાં ગૌચર પુરતું છે, ૧૦૧૯ ગામોમાં ગૌચરની ઘટ છે તથા ૧૯૧ ગામોમાં ગૌચર બિલકુલ નથી. |
| (૨) ઉક્ત પૈકી જે ગામોમાં ગૌચરની ઘટ છે અથવા બિલકુલ ગૌચર નથી તે ગામોમાં ગૌચર વધારો થાય તે માટે સરકારે શાં પગલા લીધા? | (૨) પ્રાથમિક રીતે જ ગૌચરના નીમ થાય તેવી સરકારી પડતર જમીન આવેલ ન હોઈ તથા પ્રમોલગેશન સમયથી જ ગૌચર ન હોય તેવા ગામોમાં ગૌચર નીમ કરી શકાય તેમ નથી. જે ગામોમાં અન્ય સરકારી પડતર જમીન ઉપલબ્ધ છે તેવા ગામોમાં ગ્રામ પંચાયત તરફથી ગૌચર નીમ કરવા દરખાસ્ત રજુ થયે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. |

–––––––––

**પાલનપુર જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો**

૧૪૧૬૦ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર ખાતે કેટલા બેરોજગાર નોંધાયેલ છે, અને | (૧) ૧૫૦૦૭ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૭૦૯૧ |

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા (બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ**

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા (બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી ૨૦૧૯-૨૦નું ફેરફાર કરેલું અંદાજપત્ર લઇને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં ૧૯૭૨થી ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો ત્યારથી ૧૯૭૨માં તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી ઘનશ્યામભાઇ ઓઝા હતા. એટલે લેખાનુદાન તા.૨૨-૩-૧૯૭૨ ના રોજ રૂ.૪૦૨ કરોડ ૭૮ લાખ ૮૦ હજાર સુધીની રકમનું તે વખતે રજૂ કરેલું અને રેગ્યુલર બજેટ રૂ.૨૭૧ કરોડ ૫૬ લાખ ૫૮ હજાર તા.૨૬-૯-૧૯૭૨નાં રોજ રજૂ કરેલ હતું. એ જ રીતે આજના વડાપ્રધાન તે વખતના મુખ્યમંત્રી હતા અને માનનીય શ્રી નીતિનભાઇ નાણામંત્રી હતા ત્યારે રૂ.૩૦૪૪૩ કરોડ ૪૮ લાખ ૯૯ હજાર કરોડનું બજેટ રજૂ કર્યું હતું. ખરેખર તે વખતની પરિસ્થિતિ, તે વખતે ગુજરાતની વસ્તી એક કરોડથી કદાચ વધારે હોય તે વસ્તીના ધોરણે કોઇ પણ પ્રકારના ટેક્સ ન હતા અને આ બજેટ રજૂ કર્યું ત્યારે પેટ્રોલ-ડિઝલ, તમામ પ્રકારના સાધનો ઉપર કોઇ પણ પ્રકારનો કોઇ ટેક્સ હતો નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બજેટ રજૂ થયું છે એને હું આવકારું છું પણ મારી લાગણી સાથે મારે એટલું જ કહેવું હતું કે, નર્મદા આધારિત જે દાહોદ પાઇપ લાઇન કડી પાણીથી છોટાઉદેપુર-દાહોદ સુધી ૨૫૦ કિલોમિટર લાંબી આ લાઇનનું ઉદ્ઘાટન કરીને કામ ચાલુ કરેલું. એ છોટાઉદેપુર તાલુકાનું કડી પાણીથી દાહોદ જેનો અંદાજીત ખર્ચ રૂ.૮૦૦ કરોડનો થવાનો છે એમાં છોટાઉદેપુર જિલ્લાના ૫૮ ગામો અને દાહોદ જિલ્લાના ૨૮૪ ગામો ટોટલ ૩૪૨ ગામોને પીવાનું પાણી પુરું પાડવાની આ યોજના હતી. આ યોજના ક્યારે પૂરી થશે? કારણ કે, વર્ષોથી આ કામ ચાલે છે. કેટલાક માનનીય સભ્યશ્રીઓ કહે છે કે અમે જ ખાતમુહૂર્ત કરીએ અને અમે જ એનું ઉદઘાટન પણ કરીએ. પણ આજે ૯-૯ વર્ષોથી આ વિસ્તારની પ્રજાને એક ટીપું પણ પાણી મળતું નથી. આજે એવી જ બીજી એક યોજના છોટાઉદેપુર જિલ્લામાં ૨૦૦૮-૦૯માં મંજૂર થઇ હતી. રૂ.૧૨૧,૨૨,૦૦,૦૦૦ ના ખર્ચે ૧૯૬ ગામોમાં પીવાના પાણીની યોજના પૂરી કરવા માટે ૨૦૦૮-૦૯માં આજના વડાપ્રધાન તે વખતના મુખ્યમંત્રીએ છોટાઉદેપુરનું ખાતમૂહુર્ત કરેલું. ૧૩૮ જેટલા ગામોને આ પીવાનું પાણી પૂરું પાડવાનું હતું. એમાં કવાંટ તાલુકાના ૯૬ ગામો અને જેતપુર પાવી તાલુકાના ૪૨ ગામો આ રૂ.૧૨૧,૨૨,૦૦,૦૦૦ની યોજનાને ૯ વર્ષ થયા. ૯ વર્ષમાં હજી કોઇ ગામોની પ્રજાને લીલી એરિયાનો આ આખો વિસ્તાર છે. મધ્યપ્રદેશની બોર્ડરે જોડાયેલો આ વિસ્તાર છે. પીવાના પાણી માટે એટલી બધી તકલીફ છે છતાં પણ રૂ.૧૨૧ કરોડના ખર્ચે બનેલી આ યોજનામાં અત્યાર સુધી પીવાનું પાણી કોઇને પૂરું પાડવામાં આવ્યું નથી. ૨૦૧૮માં મેં વિધાનસભામાં આ બાબતનો પ્રશ્ન પણ પૂછેલો ત્યારે સરકારે મને એમ કીધું હતું કે તાત્કાલિક પીવાનું પાણી જલદીથી પૂરું પાડવામાં આવશે. આ ૨૦૧૯ થયું છતાં પણ કોઇને પણ એક ટીપું પીવાનું પાણી પૂરું પડાયું નથી. એવી જ રીતે બીજું પણ ૨૦૧૮ના નાણાકીય વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના ૧૫૦ જેટલી નવીન પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવી. આ ૧૫૦ નવીન મીની પાણી પુરવઠા યોજનાનું કામ એ લગભગ રૂ.૬,૬૪,૫૦,૦૦૦ના ખર્ચે આ મંજૂર કરી હતી. આખા જિલ્લામાં આ યોજના મંજૂર થઇ એમાં ૧૦૦ કામ પ્રગતિમાં છે. ૫૦ મીની પાણી પુરવઠા યોજનાના ટેન્ડર પ્રક્રિયા ઉપર છે. ૧૪૩ ગામોમાં ૧૫૦ ફળીયાને પાણીની સુવિધા મળવાની છે અને તેનો ખર્ચ મંજૂર થયો છે પણ આજ સુધી આ કામો થતા નથી. મારી સરકારને એટલી જ વિનંતી છે કરોડો રૂપિયાના બજેટ આપણે મંજૂર કરીએ છીએ પણ જે વિસ્તારની પ્રજાને ઉનાળામાં પીવાના પાણી માટે વલખાં મારવા પડે છે. અમે અનેક રજૂઆતો કરી પણ રજૂઆતોને કોઇ સાંભળતું નથી. ૪૦ કામો પૂર્ણ થયા એમ કહે છે. ૫૨(બાવન) સિવિલ કામો પ્રગતિમાં છે અને ૫૮ની કામગીરી પૂર્ણ થયેલ છે. એટલે ૧૫૦ મીની પાણી ટાંકી અને બોર-મોટરના કામો પૂર્ણ કરવા માટે તંત્રને વિનંતી કરું છું કે જેમ બને તેમ વહેલી તકે આ યોજનાઓના કામો પૂરા થાય. કારણ કે. રૂ.૮૦૦ કરોડ, રૂ.૧૨૧,૨૨,૦૦,૦૦૦ અને એવા જ પાણી પુરવઠા યોજનાના ૬ તાલુકા છોટાઉદેપુર જિલ્લાના એમાં કુલ ૩૪ ગામોમાં ૩૪ બોર મોટર ટાંકી મંજૂર થઇ હતી. ૧૮ બોર મોટરના કામો પૂર્ણ થયા અને ૬ ટયૂબવેલના કામો બાકી છે. એવી રીતે ૨૦૧૭માં ૧૮ ગામો અને ૧૮ ટ્યૂબવેલ મંજૂર થયા એમાં ૬ ટ્યૂબવેલ પૂર્ણ થયા, ૧૨ બાકી છે. મારી એટલી જ લાગણી છે કે ૧૨ અને ૬ કુલ ૧૮ ટ્યૂબવેલ ૨૦૧૬-૧૭ના મંજૂર થયેલા તે આજ સુધી પૂર્ણ થયા નથી. એવી રીતે નવી ઓવર વર્ક ટાંકી બનાવવાની ૧૫ બાકી છે તો એ કામો તાત્કાલિક પૂર્ણ થાય એ માટે તંત્રને સૂચના આપીને પણ આદિવાસી વિસ્તારના લીલી એરિયાના ગામોને પીવાના પાણીની સુવિધા તાત્કાલિક કરી આપો એવી મારી માગણી છે. મારે એટલું જ કહેવું છે કે વર્ષો પહેલા જે આદિવાસી વિસ્તારના ગામોની ઉદ્વહન સિંચાઇ યોજનાઓ બની અંબાખુટ, વસંતગઢ, સકલીન, ભીમાલીયા, બદાલીયા, મોરાડુંગરી. આ વિસ્તારના ગામોની ઉદવહન સિંચાઇ યોજના લાખોના ખર્ચે બની, પણ આ યોજનાઓ આજ સુધી કોઇ જગ્યાએ એના સિંચાઇનાં કામો એક એકર જમીનમાં થયાં નથી. કરોડો રૂપિયાનો ખર્ચ થયો, પણ આ ઉદવહન સિંચાઇનો લાભ જે પ્રજાને મળવો જોઇએ તે આજ સુધી મળતો નથી. મારે એટલું જ સરકારને કહેવું છે કે આ વિભાગના જે તે અધિકારીઓ આ યોજનાઓની તપાસ કરે છે કે કેમ? યોજના ચાલુ છે કે કેમ? એ કોઇપણ તપાસ કરતું નથી, એટલે તેની પણ તાત્કાલિક તપાસ કરીને આ યોજનાઓ ચાલુ થાય તેવી મારી માગણી છે. બીજું, સુપ્રીમ કોર્ટ અને ભારત સરકારે જંગલ ખાતામાં વન વિભાગમાં નોકરી કરતા જુદા જુદા લોકોને ૨૪૦ દિવસ થયા હોય તેને કાયમી કરવા તેવો હુકમ કરેલ. ૫૯ જેટલા માણસો..

તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

અધ્યક્ષશ્રી : આપના પ્રવચનનો સમય પૂરો થયો છે. કેટલું બાકી છે? એકાદ મિનિટમાં પૂરું થશે?

શ્રી મોહનસિંહ છો. રાઠવા : થોડું બાકી છે.

અધ્યક્ષશ્રી : તમારામાંથી એક-એક મિનિટ કાપી લઈશ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : વન વિભાગના ૫૯ જેટલા રોજમદારો વર્ષોથી કામ કરે છે. ૧૦-૧૦ વર્ષ થયાં તેવાં લોકોને કાયમી કરવા માટે અનેક વખત રજૂઆતો કરી છે. એમને એમ કહેવામાં આવે છે કે તમારા ૨૪૦ દિવસ થયા નથી. જંગલ ખાતાના આ રોજમદારો ૧૦-૧૦ વર્ષ સુધી દરરોજ કામ કરે, છતા પણ કાયમી કરવામાં આવતા નથી. હાજરી ખોટી ભરાય છે. મારી બીજી મહત્વની લાગણી છે કે ઓરસંગ નદીમાં કાયદેસર અને બિનકાયદેસર ૪૦૯ જેટલી લીઝો મંજૂર કરી છે. આ ૪૦૯ લીઝો ત્યાંના સ્થાનિક કોઈ આદિવાસીને લીઝ મળી નથી. એકબાજુ એમ કહીએ છીએ કે આદિવાસીને પેસા એક્ટ હેઠળ આદિવાસીને લીઝ મળશે. આદિવાસીને લીઝ મળી નથી. સુરત, મહેસાણા, અમદાવાદ અને સૌરાષ્ટ્ર એ વિસ્તારના હજારો લોકો રોજની ૫૦૦ ટ્રકો રેતી ભરે છે અને રેતી રાતના સમયે ભરવાની હોતી નથી, પણ આખી રાત રેતી ભરીને ઓરસંગ નદીને આખી ખાલી કરી નાખી છે. આખા જેતપુર પાવી તાલુકાના અને બોડેલી તાલુકાના રસ્તાઓ ઉપર બહાર રેતી કાઢીને ખેતરોમાં નાખીને ડુંગર જેટલી રેતી ભેગી કરી નાંખેલ છે. આજે પણ કોઈ જોવા આવે તો બતાવવા તૈયાર છું. મારી આ લાગણી છે કે આજુબાજુના જે ગામોને પીવાનું પાણી ૮-૮, ૧૦-૧૦ કલાક કૂવામાં, બોરમાં મળતું હતું તે હવે બિલકુલ મળતું નથી. આ માટે જે લોકોને લીઝો મળી છે એ તો સમજી શકાય, પણ લીઝ વગરના લોકો રેતી ભરીને લઈ જાય છે. ખરેખર તો ૧૮ ટનથી વધારે હોવી ન જોઈએ, પણ આ લોકો ૫૦ ટનથી વધારે રેતી ભરીને રાત દિવસ કાઢે છે. રસ્તાઓમાં ખાડાઓ પડી ગયા છે. મારી લાગણી એટલી છે કે આ રેતીના માફિયાઓ ગેરકાયદેસર જે કામ કરે છે તેમની સામે કાયદેસર કાર્યવાહી કરીને સખત પગલાં લેવાં મારી વિનંતી છે.

શ્રી પિયુષભાઈ દિ. દેસાઈ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, મહા ગુજરાત પછી ગુજરાત અને મહારાષ્ટ્ર છૂટા પડ્યા અને આજે ૫૯-૬૦ વર્ષ થયાં છે અને ગુજરાતમાં સૌથી વધુ રકમનું રૂ.૨ લાખ કરોડની પુરાંતવાળું બજેટ આટલા વખતના ઈતિહાસમાં રજૂ થયું હોય તો આ વર્ષે થયું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે રૂ.૧૦,૮૦૦ કરોડની જોગવાઈ કરી છે. બજેટ ઈઝ નોટ એકાઉન્ટ સ્ટેટમેન્ટ. જે મહેતાજી સરવૈયું રજૂ કરે તે બજેટ નથી. બજેટ પોલિસી ડૉક્યુમેન્ટ છે. જાહેર જીવનમાં કામ કરનારા લોકો અમુક વર્ષોની રાજકીય યાત્રા પછી સમયના અંતે બે સ્વરૂપે ઓળખાય છે. એક સ્ટેટ્સમેન અને બીજા પોલિટીશીયનો કે જેને રાજપુરુષ પણ કહી શકીએ અથવા રાજકારણીઓ પણ કહી શકીએ. અમેરિકન થિયોલોજીક ફિલોસોફર જેમ્સ ફ્રિમેન કલાર્કે વ્યાખ્યા કરી છે કે, "Politician is person who thinks of next election, wise statesman thinks of next generation". એટલે કે પોલિટીશીયન એને કહેવાય કે જે આગામી ચૂંટણીની ચિંતા કરે, સ્ટેટ્સમેન, રાજપુરુષ એને કહેવાય કે જે આગામી પેઢીની ચિંતા કરે. આ બજેટમાં આદરણીય મુખ્યમંત્રી અને નાણામંત્રીએ આગામી પેઢીની ચિંતા કરી છે એમ કહું તો ખોટું નથી. પોલિટીશીયન અને સ્ટેટ્સમેનના વિધાનમાં કેન્દ્ર સરકારની વાત કરીને એક જ તર્ક રજૂ કરું તો ૧૯૮૪ પછી ૨૦૧૪માં ૨૮૩ સીટ અને ૨૦૧૯માં ૩૦૩ સીટ સાથે લાંબાગાળા પછી દેશને એક સ્થિર સરકાર મળી છે. રાજકારણમાં એન્ટી ઈન્કમબન્સી શબ્દો ખૂબ જાણીતા છે. કોંગ્રેસ પાર્ટી ઘણા વખતથી તે શબ્દનો ભોગ પણ બની છે. પરંતુ દેશના રાજકીય માનસ પટ પર પ્રો-ઈન્કમબન્સી શબ્દ જો કોઈ લાવ્યું હોય તો આ દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી લાવ્યા છે. સરકારમાં ન હોય ત્યારે ૨૮૩ સીટ અને પાંચ વર્ષ સુધી સરકાર ચાલે તે પછી ૩૦૩ સીટ મળે તે શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા સ્ટેટ્સમેનની નીતિ હોય તે કહું છું.

અધ્યક્ષશ્રી : અંદાજપત્ર ઉપર બોલો. નહીંતર તમારે કોઈ વિગત મૂકવી હશે તે રહી જશે.

શ્રી પિયુષભાઈ દિ. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ જગતમાં ઓબામા કેર શબ્દ પ્રચલિત હતો. માનનીય અધ્યક્ષશ્રી, દુનિયામાં મોદી કેરની આ વખતે ચર્ચા થાય છે. મોદી કેર એટલે આયુષ્યમાન ભારત. ભારતને સ્વસ્થ બનાવવાનું એક પગલું છે એમ કહું તો ખોટું નથી. વાતાવરણમાં પરિવર્તન તથા જીવનશૈલીના કારણે લગભગ ૨૦થી ૨૫ વર્ષ પહેલાં જે રોગો વિશે આપણે સાંભળ્યું નથી તેવા રોગો આજે ઘર કરી ગયા છે. તેની સામે લડવામાં ગરીબમાં ગરીબ માણસ પણ સાધન સંપન્ન માણસની જેમ સારવાર લેતું હોય તે યોજના કોઈ હોય તો તે આ સ્વસ્થ ભારત બનાવનારી આયુષ્યમાન ભારત યોજના છે. આ યોજનામાં ૧૩૦૦ જેટલી બીમારી કવર થાય છે. આ યોજના થકી દરિદ્રનારાયણની સેવામાં ગેઈમ ચેન્જર બનવાનું આ પગલું છે. અમેરિકા, મેક્સિકો અને કેરલની કુલ વસતી કરતાં વધુ વસતીના લોકોનો આમાં સમાવેશ થાય છે. આયુષ્યમાન યોજના ભારતમાં ધર્મ, જાતિ અને સંપ્રદાયના આધાર પર નથી. તેમાં કોઈ ઊંચ નીચનો ભેદભાવ નથી. ન્યુ ઈન્ડિયા સ્વસ્થ રહે, ન્યુ ઈન્ડિયા સશક્ત રહે અને બધા તંદુરસ્તમય રહે તેવો હેતુ આમાં સમાયેલો છે. મારે આપને પણ અભિનંદન આપવા છે. ગુજરાતમાં સૌથી લોકપ્રિય યોજના હોય તો તે મા-વાત્સલ્ય અને મા-અમૃતમ્ યોજના છે. સમગ્ર ભારતમાં પહેલું રાજ્ય આંધ્રપ્રદેશ હતું, બીજું કર્ણાટક હતું અને ત્રીજું આપણું રાજ્ય ગુજરાત છે. તેમાં ૧૮ લાખથી વધારે લાભાર્થીઓને આમાં લાભ મળ્યો છે. એટલા માટે મારે આપને અને આપના કાર્યકર્તાઓને અભિનંદન આપવા છે. એક મંડલ હોય, નવસારી હોય તો તે એક મંડલમાં વધુમાં વધુ એક દિવસની અંદર ૪૦ થી ૫૦ કાર્ડ મા-અમૃતમ્ કે મા-વાત્સલ્યના કાઢી શકાતા હોય છે. પરંતુ આપે વડોદરાની અંદર એક વોર્ડની અંદર એક જ દિવસે પાંચ હજાર કાર્ડ અને બીજા વોર્ડની અંદર ચાર હજાર કાર્ડ કાઢયા છે. આ એક ઉદાહરણરૂપ છે. અમે તેમાંથી પ્રેરણા લઈને મા-વાત્સલ્ય કાર્ડ નથી કાઢ્યા. પરંતુ આયુષ્યમાન ભારત યોજનાના જે

કાર્ડ છે તે સીએસસી ગવર્નન્સ સર્વિસ સાથે જોઇન્ટ કરીને દરેક ગામની અંદર ૨૦૧૧ની વસતિ ગણતરીનો સેન્સેકસ છે તેનો જે કાર્ડ બને છે તેમાં કોઇ ગામમાં ૪૦૦ તો બીજા ગામમાં ૫૦૦ કાર્ડ આમ ૨૮ ગામની અંદર આ કાર્ડ કઢાવ્યા છે.

અધ્યક્ષશ્રી : મારે હવે તમને અભિનંદન આપવાના.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : વડાપ્રધાને વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીમુક્ત ભારતનું આહ્વાન કર્યું છે. અત્યારે આપ જાણો છો તેમ પોલિયો નાબૂદીના અભિયાનમાં સમગ્ર દેશની અંદર આપણે પોલિયોના ટીંપા દર વર્ષે પાઇએ છીએ તેના લીધે એક પણ પોલિયોના કેસ પેદા થયા નથી. બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં એ કેસો દેખાવા લાગ્યા છે. એ જ રીતે વડા પ્રધાને ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત ભારતની વાત કરી છે એની અંદર બેડાક્વિલીન નામની જે દવા છે એની બે વર્ષથી શરૂઆત દરેક જિલ્લામાં કરવામાં આવી છે અને એની ખૂબ સારી અસર થઇ ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કુપોષણના દરની માનનીય મુખ્યમંત્રીશ્રીએ કાલે જ વાત કરી છે એમાં એની જે વાત છે એને માટેની લડત આદરણીય તત્કાલીન મુખ્ય મંત્રી અને વડા પ્રધાન જ્યારે શ્રી નરેન્દ્રભાઇ અહીં હતા તે વખતથી એની શરૂઆત થઇ હતી. આ વખતે હું મારા જિલ્લાની જો વાત કરું તો એનો જે સ્ક્રીનિંગ કરાયો છે એમાં ૬ તાલુકા અમારા છે એના સરવેમાં ૮૨૫૧૭નું સ્ક્રીનિંગ થયું અને ફકત ૨૪૭ બાળકો એમાંથી મળી આવ્યા એટલે પોઇન્ટ ૨૯ ટકા એટલે એક ટકાથી પણ ઓછા કુપોષણનો દર મારા જિલ્લામાં છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ એક વધારાની જોગવાઈ જે શહેરીજનો છે એને માટે કરી છે, ૫૦ ટકાથી પણ વધારે વસતિ જે શહેરમાં રહે છે એને માટે આયોજન કર્યું છે અને રૂ.૧૧૦ કરોડની જોગવાઈ કરી છે એ બિરદાવવાને પાત્ર એટલા માટે છે કે, જેમ ગ્રામ્ય કક્ષાએ પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટર હોય છે અને એમાં જે ટ્રીટમેન્ટ મળે છે એવી જ ટ્રીટમેન્ટ એમણે શહેરમાં ચાલુ કરવા માટેના પ્રયત્નો કર્યા છે. શહેરી વિસ્તારમાં ફકત સિવિલ હોસ્પિટલ જ હોય છે અને સિવિલ હોસ્પિટલ સિવાય સરકારી બીજા કોઇ કેન્દ્રો હોતા નથી ત્યારે પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરની શહેરો માટે આ બજેટમાં જોગવાઈ કરીને જે ચાલુ કર્યા છે અને એને માટે રૂ.૧૧૦ કરોડની જોગવાઈ કરી છે અને એને માટે તબીબો, સ્ટાફ નર્સ અને આશા બહેનો વગેરેની ૮૬૦૦ જેટલા કર્મચારીઓની જગ્યાઓ ભરવા માટેની જોગવાઈ કરી છે અને ભરતી કરવા માટેનું આહવાન થયું છે. છેલ્લે માનનીય પરેશભાઇને મારે એક શેર કહેવો છે. એમણે જે કહ્યું કે, જે કાંઇ બજેટમાં તમે જોગવાઇ કરો છો જમીન પર દેખાતી નથી, ગુર્જર ધરતી ઉપર દેખાતી નથી. મારે એમને એટલું જ કહેવું છે અને વિરોધ પક્ષ માટે જે વડાપ્રધાને પાર્લામેન્ટમાં પણ કહ્યું છે કે માનનીય અધ્યક્ષશ્રી, "તા ઉમ્ર ગાલીબ યે ભૂલ કરતા રહા ધૂલ ચહેરે પે થી આયના સાફ કરતા રહા " આભાર.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસથી આ બજેટની જયારે ચર્ચા થઇ રહી છે ત્યારે ભાજપના મિત્રો એમ કહે છે કે, કોંગ્રેસે કશું નથી કર્યું અને કોંગ્રેસના મિત્રો એમ કહે છે કે ભાજપે કશું નથી કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે મને અંધા કાનૂન ફિલ્મનું એક ગીત યાદ આવે છે. "રોતે રોતે હસના શીખો હસતે હસતે રોના, જીતની ચાબી ભરી રામને ઇતના ચલે ખિલૌના" એ અમારી વાત છે. આ સંજોગોમાં હું જે સમાજમાંથી આવું છું, આર્થિક રીતે અને શૈક્ષણિક રીતે અમારો સમાજ ખૂબ જ પછાત છે ત્યારે મારે સરકારને વિનંતી કરવી છે કે ઠાકોર અને કોળી સમાજનું જે નિગમ બનાવ્યું છે એમાં રૂ.૧૪-૧૫ કરોડ જે ફાળવાયા છે એમાંથી ૭૦-૮૦ ટકા પૈસા વહીવટી પ્રક્રિયામાં વપરાઇ જવાના છે. આ બે સમાજો ગુજરાતમાં ખૂબ મોટા સમાજો છે ત્યારે હું સરકારને વિનંતી કરું છું કે આ ઠાકોર-કોળી વિકાસ નિગમમાં ૫૦૦-૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવીને આ બંને સમાજને મદદરૂપ થવાનો પ્રયત્ન ખરેખર સરકારે કરવો જોઇએ. અભિનંદન આપીશ હાર્દિક પટેલને, સમગ્ર ગુજરાત રાજ્યમાં જે આંદોલન થયું અને આંદોલનના કારણે ૧૦ ટકા આર્થિક અનામત સમગ્ર દેશમાં લાગુ પડી અને તમામે તમામ સમાજના વિદ્યાર્થીઓને એનો લાભ મળવાનો છે ત્યારે હું એ માટે એમને અભિનંદન આપુ છું. એ સાથે સાથે આ બંને સમાજો મેં જેમ વાત કરી તેમ આર્થિક રીતે અને શૈક્ષણિક રીતે ખૂબ પછાત છે ત્યારે આ ઠાકોર અને કોળી વિકાસ નિગમને ૫૦૦-૧૦૦૦ કરોડ રૂપિયા તમે ફાળવો અને આ સમાજના બાળકોને તમે મદદ કરો એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દિનપ્રતિદિન શિક્ષણનું ખાનગીકરણ થઇ શોષણ થાય છે. મારે આપના દ્વારા આ ગૃહનું ધ્યાન દોરવું છે કે શિક્ષણમંત્રીશ્રી શિક્ષણની ઘણી બધી સારી વાતો કરે છે. મારે આ બધાને પૂછવું છે કે આમાંથી બેઠેલા કોઇ ધારાસભ્ય હોય કે આઇ.એ.એસ. કે આઇ.પી.એસ. અધિકારી હોય તેમાંથી કોઇનો દીકરો કે દીકરી એ પ્રાથમિક શાળામાં ભણે છે ખરી?

અધ્યક્ષશ્રી : સરકારી કહો, પ્રાથમિક શાળામાં તો ભણે જ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સરકારી પ્રાથમિક શાળામાં ભણે છે ખરી? સરકારી કોલેજોમાં કોઇ ભણે છે ખરા, એક દાખલો બતાવો મને માનનીય અધ્યક્ષશ્રી, દિન પ્રતિદિન શિક્ષણમાં એટલું બધું શોષણ થાય છે. શિક્ષણ એટલું બધું મોંઘું થતું જાય છે ગરીબ અને મધ્યમ બાળકોને સારી સ્કૂલોમાં ભણવું એ દોહ્યલું થઇ ગયું છે એવા સંજોગોમાં સરકારે પણ ઘણી મોટી જાહેરાતો કરી છે, કાલના મારા પ્રશ્નમાં ગાંધીનગર જિલ્લાની અંદર પ્રાથમિક શાળાના ઓરડા ૨૪૯ ઘટે છે, સમગ્ર ગુજરાત રાજ્યની અંદર સરકાર કહે છે કે સરકારી પ્રાથમિક શાળામાં ભણાવો, સરકારી શાળામાં બાળકોને ભણાવો, સરકારી કોલેજોમાં બાળકોને ભણાવો પણ ઓરડા જ નથી તો બાળકોને ભણાવવા ક્યાં? સરકાર મોટી મોટી જાહેરાતો કરે છે કે રમશે ગુજરાત,

ભણશે ગુજરાત, પણ ક્યાં જઇને રમશે અને ક્યાં જઇને ભણશે એની ચિંતા કરો છો ખરા? દિન–પ્રતિદિન પ્રાઇવેટ સ્કૂલો સિવાય, ખાનગી સ્કૂલો સિવાય આ રાજ્યમાં કોઇને પ્રોત્સાહન મળતું નથી.

હું આપના દ્વારા ગૃહનું ધ્યાન દોરવા માગું છું. દિન પ્રતિદિન ગુજરાતમાં ભ્રષ્ટાચારે માજા મૂકી છે, આ રાજ્યની કોઇ પણ તાલુકા પંચાયતની કચેરી હોય કે મામલતદાર કચેરી હોય કલેક્ટર કચેરી હોય કે આ રાજ્યની કોઇ સરકારી કચેરી હોય, ચાહે કોઇ સામાન્ય માણસને એમાં કામ કરાવવા જવું હોય તો હું નથી માનતો કે તમે લાંચ કે ભ્રષ્ટાચારના પૈસા આપ્યા સિવાય કોઇ અધિકારી તમારું કોઇ કામ કરી આપે. એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. વાતો આપણે ગમે તે કરતા હોઇએ ભ્રષ્ટાચારે આ રાજ્યની અંદર માજા મૂકી છે ત્યારે ભ્રષ્ટાચારને કન્ટ્રોલ કરવા માટે, સામાન્ય નાગરિકને કામ કરવા માટે આપણે બધાએ સહિયારો સાથ ખભેખભો મિલાવીને, સામાન્ય માણસને અગવડ ના પડે એની ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસની એક વાત કરું તો. અમદાવાદની અંદર વિદ્યાર્થીઓ માટે સાયન્સ પાર્કની જમીન સોલા, ભાડજ અને હેબતપુર મુકામે રિઝર્વેશનમાં મૂકવામાં આવી હતી. આ રાજ્યના વિદ્યાર્થીઓ માટે સરકારે આ જમીન રિઝર્વેશન કરી, પરંતુ હમણાં જ એ રિઝર્વેશન ઉઠાવી ટી.પી. સ્કીમ નંબર–૨૦૪માં એનો સમાવેશ કરી એ રેસીડેન્સ ઝોનની અંદર મૂકી દેવામાં આવી. એક બાજુ તમે વિદ્યાર્થીઓની વાત કરો છો. એક બાજુ તમે સાયન્સ સીટીને વિકસાવવા માટે સાયન્સ પાર્ક બનાવવા માટે જમીનમાં તમે રિઝર્વેશન મૂકો છો અને બીજી બાજુ ચૂંટણી આવે ત્યારે ઝોન ફેર કરી અને આ જગ્યાને તમારે શેના માટે રેસીડેન્સ ઝોનમાં મૂકવી પડી? એનો જવાબ માનનીય મુખ્યમંત્રી આપશે તો અમને ખૂબ ગમશે. શાના માટે આમ કરવું પડ્યું? અહીં ઘણી બધી વાતો થાય છે. મેં કહ્યું તેમ આ રાજ્યનો ખેડૂત આમથી તેમ બીજી ત્રીજી ઓફિસમાં, એની જમીન માપણી માટે, જ્યારે જમીન ઓછી મળે છે ત્યારે એ સુધરાવવા માટે આમથી તેમ ફરે જાય છે. મારા મહેસાણા અને ગાંધીનગર જિલ્લા માટે મેં પ્રશ્ન પુછતા માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે. ૭૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો નથી. ઘણા બધા ખેડૂતો એવા છે કે જેમને ૭/૧૨ની ખબર નથી ત્યારે હું સરકારને વિનંતી કરું છું કે ગામડાંઓના ખેડૂતોને રીસર્વેમાં જે જમીન ઓછી મળી છે, તેમના ૭/૧૨માં ખોટું થયું છે તેમના ૭/૧૨ જલદીમાં જલદી સુધારી અને જૂના ૭/૧૨ પ્રમાણે જે જમીન હતી તે જમીન આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર ઔડા વિસ્તારમાં આવે છે મારા તમામ ગામડાંઓની જમીન સરકારે ૪૦ ટકા જમીન તે કપાતના નામે કાપી લીધી. પણ આજે જે ખેડૂતો ખેતી કરે છે તે જમીનો ખેતી–ખેતી વચ્ચે જુની કરવા માટે પ્રિમિયમના ૨૫ ટકા પૈસા અમારે ભરવા પડે છે. અમારી તો જમીન પણ ૪૦ ટકા ગઇ. ખેતી–ખેતી વચ્ચે જમીન જુની કરાવવી હોય તો સરકારે વીઘે ૪થી ૫ લાખ રૂપિયા અમારી પાસેથી ઉઘરાવવાની પણ કામગીરી કરી. અમારી જમીનમાં શહેરનો વિકાસ કરવા સરકાર જુદા જુદા પ્લાનો નાંખી, જુદી જુદી ટી.પી.ઓ. નાંખી. સાથે સાથે જે ખેડૂતોની જમીનો ગઇ છે તેને જેમ ઔડા વિસ્તારની બહારની જે જમીન ખેતી–ખેતી વચ્ચે જુની કરવા માટે પટના પૈસા ભરવાના છે તેવા પટના પૈસા ભરી અને ખેતી–ખેતી વચ્ચે જુની કરવામાં આવે એવી વિનંતી પણ હું આ સરકારને કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે જમીનો ૪૦ ટકા કપાતમાં જાય છે એ જમીનો તમામે તમામ વિસ્તારની અંદર તેમના વિદ્યાર્થીઓને, યુવાનોને રમવા માટે જયાં જયાં મેદાન ના હોય, જયાં જયાં ભણવા માટે, સ્કૂલ બનાવવા માટે જગ્યા ના હોય તો એવી જગ્યાની ફાળવણી કરે એવી આ તબક્કે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સ્થાપના પછી સૌ પ્રથમ વખતે ૨ લાખ ૪૮૧૫ કરોડનું ઐતિહાસિક અને વિક્રમી બજેટ રજૂ કર્યું. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને સાતમી વખત બજેટ રજૂ કરનાર નાણામંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને હાઉસીંગ પર મારા વિચારો વ્યક્ત કરું છું. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એક મંત્ર આપ્યો છે **''સબકા સાથ, સબકા વિશ્વાસ અને સબકા વિકાસ.''** માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસને આ મંત્ર સાથે જોડીને એમ કહીશ કે **''સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને શહેરી વિકાસ.''** ગુજરાત રાજ્યની આશરે ૪૫ ટકા વસતિ શહેરોમાં વસે છે અંદાજીત ૩ કરોડ નાગરિકો શહેરમાં વસે છે. શહેરોનો સર્વાંગી વિકાસ થાય તે માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે આ વખતના બજેટમાં રૂ.૧૩૪૧૯ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં ખૂબ જ ઉપયોગી આપણે બધા જાણીએ છીએ અને શહેરી વિસ્તારમાંથી બધા આવે છે એવી ખૂબ ઉપયોગી યોજના અને લોકપ્રિય યોજના એટલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે ૨૦૦૯થી અમલી બનેલી આ યોજના અંતર્ગત ૨૦૧૮–૧૯ની અંદર કુલ રૂ.૩૦૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને આ વખતના બજેટની અંદર રૂ.૪૮૯૪ કરોડની પણ જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં વાહનોની સંખ્યા દિન–પ્રતિદિન વધતી જાય છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે અને પેટ્રોલ, ડિઝલની બચત થાય, સમયની બચત થાય તે માટે મહાનગરપાલિકા વિસ્તારમાં ૫૪ અને નગરપાલિકા વિસ્તારમાં ૨૧ એમ કુલ ૭૫ ફ્લાય ઓવર બ્રિજ બનાવવા માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એવી જ રીતે ૩૭ રેલવે ફાટકો ઉપર ઓવર બ્રિજ અને અંડર બ્રિજ બનાવવા માટે બજેટમાં રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મારે અમૃત યોજના વિશે કહેવાનું છે. ભારત સરકારના સહયોગ મંત્રાલય દ્વારા અમૃત યોજના બનાવવામાં આવી. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી

સાહેબના વરદ હસ્તે ૨૦૧૫માં આ યોજના લોંચ કરવામાં આવી હતી. એક લાખથી વધારે વસતીવાળા ૫૦૦ શહેરોને પસંદ કરવામાં આવેલ છે. એમાં ગુજરાતના ૩૧ શહેરોની પસંદગી થઇ છે. ગુજરાત રાજ્ય માટે ૨૦૨૦ સુધીમાં રૂ.૪૮૮૪ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે અને આ વખતના બજેટમાં ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકાઓ માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મારે હાઉસિંગની વાત કરવી છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ૨૦૧૩માં મુખ્યમંત્રી ગૃહ યોજના લોંચ કરી. આદરણીય પ્રધાનમંત્રીશ્રી પ્રથમ વખત પ્રધાનમંત્રી બન્યા ત્યારે ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના બની. આવાસ માટેની યોજનાઓ ખૂબ જ લોકપ્રિય બની રહી છે. એટલી બધી લોકપ્રિય બની છે કે લોકો ઇચ્છે છે કે એમાં એમને પોતાનું ઘર મળે. આ સંદર્ભમાં મારે બે સંવેદનશીલ શબ્દો કહેવા છે. મારું ઘર, મારા સપનાનું ઘર માટેના શબ્દો કહેવા છે. ''કોઇ પરિવારને એની આંગળી પકડીને તેના પોતાના ઘરના દરવાજા સુધી લઇ જવા એનાથી મોટું જીવનમાં કોઇ પુણ્ય નથી, કોઇ પુણ્ય નથી.'' સરકાર દ્વારા મહાનગરપાલિકા દ્વારા, અર્બન ઓથોરીટી દ્વારા, નગરપાલિકાઓ દ્વારા ખૂબ સરસ ઘર બનાવવામાં આવે છે. મજબૂત ઘર બનાવવામાં આવે છે. સસ્તા આવાસો આપવામાં આવે છે અને ભૂકંપ પ્રતિરોધક મકાનો પણ બનાવવામાં આવે છે. ૨૦૨૨ સુધીમાં સૌને ઘર આપવાનો એક નારો આપવામાં આવ્યો છે અને એના અનુસંધાનમાં આપણે ગુજરાત રાજ્યની અંદર લગભગ ૪,૮૦,૦૦૦ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે અને આ વખતના બજેટમાં રૂ.૧૨૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સ્માર્ટ સીટીનો વિષય પણ ઘણો લાંબો છે. મારે એક મિનિટમાં મારું વક્તવ્ય પૂરું કરવાનું છે એટલે ટૂંકમાં વાત કરું તો અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટને પણ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની બહાલી મળી છે. આજે સુરતની અંદર પણ મેટ્રો પ્રોજેક્ટને મંજૂરી મળી એટલે અમારા સુરતીઓ ખૂબ ખુશ છે. અમારી સરકારે ૧૬૨ નગરપાલિકાઓના વહીવટ માટે અને એના વધુ કાર્યક્ષમ વહીવટ માટે, એને સુદ્રઢ બનાવવા માટે જે સિસ્ટમ ડેવલપ કરી છે એ અદભુત છે. આ સિસ્ટમમાં ૮ જેટલા આઇ.એ.એસ. ફાળવવામાં આવ્યા છે. એના મ્યુનિસિપલ કમિશનર પણ આઇ.એ.એસ. છે. અધિક કમિશનર પણ આઇ.એ.એસ. છે. એના માટે છ ઝોન બનાવ્યા એમાં પણ પ્રાદેશિક કમિશનરની નિમણૂક કરવામાં આવી એ પણ આઇ.એ.એસ. છે. એનાથી આગળ ટેકનિકલ ટીમ અને હાઉસિંગ માટે પણ એક ટીમ આપવામાં આવી છે. વહીવટી પ્રક્રિયા માટે પણ એક આખી ટીમ આપી છે. એમાં હું ડિટેઇલમાં જતો નથી. આપણે બધાં જાણીએ છીએ કે ટાઉન પ્લાનિંગ કેટલો મહત્ત્વનો સબજેક્ટ છે. એના માટે પણ એક ટીમ આપવામાં આવી છે. ગુજરાત રાજ્ય ટાઉન પ્લાનિંગમાં ખૂબ મોખરે છે અને મૉડેલ રૂપ છે. સમગ્ર ભારતમાંથી સરકારી પ્રતિનિધિ મંડળો ટાઉન પ્લાનિંગ માટે અહીંયાં જાણકારી મેળવવા માટે આવે છે.

**સભાપતશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને**

શ્રી લલિત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણા નાણામંત્રીશ્રી રૂ.બે લાખ કરોડથી વધારે રકમનું બજેટ લઇને આવ્યા છે ત્યારે સામી પાટલીના તમામ સભ્યશ્રીઓએ આ વાતમાં પાટલી થપથપાવી છે. પરંતુ હમણાં આપણા શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે ૨૦૦૬ની કિંમત અને ૨૦૧૯ની કિંમતમાં ડિફરન્સ હોય. સન ૨૦૦૬ના બજેટની રકમની સામે ૨૦૧૯ના બજેટ માટે સંતોષ મેળવવા માટે પાટલી થપથપાવો છો એ માટે તમને ખૂબ ખૂબ અભિનંદન.

બજેટ વિશે વાત કરું તો આ બજેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે ૧૦,૮૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણીમાંથી ૯૮.૯૦ ટકા રકમ માત્ર રેવન્યુ માટે ખર્ચ કરવામાં આવશે. જ્યારે ૧.૧૦ ટકા રકમ જ એના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે વપરાશે. આ ૧.૧૦ ટકા રકમને બદલે જો ૧૦ ટકા ઇન્ફ્રાસ્ટ્રકચર માટે વાપરવામાં આવી હોત તો જે તાલુકા મથકની હોસ્પિટલો છે, દવાખાના આવેલા છે એને સારી રીતે બનાવી શકત. મારા વિસ્તારની વાત કરું તો ઉપલેટા વિસ્તારમાં ૧૯૭૫ની અંદર હોસ્પિટલ બનાવવામાં આવી હતી. ત્યારની વસતિ, દરદીઓની સંખ્યાને ધ્યાને રાખીને હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યુ હતું. ૧૯૭૫ પછી ઇન્ફ્રાસ્ટ્રકચરમાં એક પણ ટકાનો વધારો કરવામાં આવ્યો નથી. આજે આ હોસ્પિટલમાં ૫૦૦થી વધારે રોજની ઓ.પી.ડી. કરવામાં આવે છે. ગાયનેક વિભાગ છે એમાં રોજની ૧૦૦ ઓ.પી.ડી અને દર મહિને ૧૦૦ ડિલિવરી અને ૪૦ થી ૫૦ જેટલા સીઝેરીયન ઓપરેશન કરવામાં આવે છે. આંખનો વિભાગ અલગ છે એમાં એકાંતરે ૧૦૦ દરદીઓ અને મહિને ૯૦થી ૧૦૦ જેટલા ઓપરેશનો કરવામાં આવે છે. હોસ્પિટલમાં ડોકટરોની સારી સગવડ છે પરંતુ એના માટે ઇન્ફ્રાસ્ટ્રકચર નથી એ શરમની વાત છે. ૧૯૭૫ પછી અનેક વખત ત્યાંના અધિક્ષકે દરખાસ્ત મોકલી છે કે અહીંયાં યુરીનલ અને સારા ટોયલેટની જરૂર છે તેમ છતાં મંજૂર કરવામાં આવ્યા નથી. મેં ધારાસભ્યની ગ્રાન્ટ આપીને એ કરાવ્યું છે. બજેટમાં મોટી મોટી રકમ બતાવવામાં આવે છે. પરંતુ મોટા ભાગનો ખર્ચ રેવન્યુ પાછળ કરવામાં આવે છે પરંતુ ઇન્ફ્રાસ્ટ્રકચર પાછળ ખર્ચ કરવામાં આવતો નથી. હું શહેરી વિસ્તારની નહિ તાલુકા વિસ્તારની વાત કરું છું. જ્યારે હમણાં માનનીય સભ્યશ્રી શહેરી વિસ્તારની વાત કરતા હતા. સામી પાટલી ઉપરથી સ્વાભાવિક છે કે શહેરી વિસ્તારની વાત થાય કારણ કે મોટા ભાગના શહેરી વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યા છે. એમાંથી એકાદ બે જણ જ ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે. આ બાજુ ગામડાં છે અને સામેથી બાજુ શહેરી વિસ્તાર છે. દરેકનો સમતોલ વિકાસ થાય એ ખૂબ જરૂરી છે.

ભારતીય જનતા પાર્ટીના શાસન દરમિયાન મોટી સિંચાઇ યોજનાઓ સૌરાષ્ટ્રમાં એકાદ બે જ બની છે. એક સિંચાઇ યોજના ભાદર-૨ મારા વિસ્તારમાં બનાવવામાં આવી છે. સૌરાષ્ટ્રની પહેલી યોજના હતી કે જેમાં લિફ્ટથી ઇરિગેશન કરવામાં આવે. આ ડેમમાંથી ૯૯૬૫ હેક્ટર જમીનને સિંચાઇ માટે પાણી આપવાનું હતું, પાંચ વર્ષની સિંચાઇ માટેનું પાણી આપવામાં

આવે છે, અમારો આ ભાદર-૨ ડેમ નબળા વર્ષોમાં પર ભરાઇ જાય છે. જ્યારે ખેડૂતોને પાણી મળે છે ૯૯૦ હેક્ટર જગ્યામાં. જે કામ કરવામાં આવ્યું છે, અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇનનું કામ થયું છે. પરંતુ ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચતું નથી. છતા પાણીએ આ વિસ્તારના ખેડૂતો હેરાન થાય છે. બાકીના અમારા બે ડેમ છે એ બાબતમાં કહું કે, માનનીય સિંચાઇ મંત્રી નથી, મારા ઉપલેટા તાલુકાનો વેણુ ડેમ આ ગૃહની અંદર દાવા સાથે કહું છું કે ડેમના દરવાજાની અંદર મારા વિસ્તારના ખેડૂતો લીકેઝ બંધ કરવા માટે ઘરેથી ગોદડાં લઇને ભરાવે છે. તમે રિપૅર કરાવતા નથી. (અંતરાય) સાંભળો, આ તમારા બધાની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આઉટસોર્સીંગથી જે કર્મચારીઓ ભરવામાં આવે છે. આપણા સૌ ધારાસભ્યશ્રીઓ અહીંયાં બેઠા છે. એક ક્વાર્ટરની અંદર ૧૨ ધારાસભ્યો રહે છે, આ ૧૨ ધારસભ્યો વચ્ચે ફકત બે જ કર્મચારીઓ આજની તારીખે છે. આઉટસોર્સીંગથી જે ભરતી કરવામાં આવે છે એમાં રૂ.૭૬૫ એક કર્મચારીને આપણે આપીએ છીએ. તમે તમારા કર્મચારીને પૂછો તમારા કર્મચારીને રૂ.૨૬૩ કર્મચારીને ચૂકવવામાં આવે છે. શરમ આપણા બધા માટે છે જેની સેવાનો લાભ આપણે લઇએ છીએ ક્વાર્ટરની અંદર આપણે જે કર્મચારીઓની સેવા લઇએ છીએ તે કર્મચારીઓનું ભલું આપણે ધારાસભ્ય તરીકે કરી શકતા નથી.

ગુજરાતની અંદર લાઇવલી હુડ પ્રમોશન કંપનીના નામે ૨૦૧૧માં આપણે આ કંપની બનાવી. તેના કર્મચારીઓની કોન્ટ્રાકટ ઉપર આપણે ભરતી કરી છે. એમને ફકત પાંચ હજાર રૂપિયા પગાર આપીએ છીએ. ૨૦૧૧થી અત્યાર સુધીમાં એમને પગાર વધારો નથી આપ્યો. લઘુતમ વેતનથી નીચો પગાર આપી શોષણ કરવાનો પ્રયત્ન કયાંકને કયાંક થઇ રહ્યો છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહીર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ જે ૨૦૧૯-૨૦ નું બજેટ લઇને આવ્યા છે, તેમાં ટેકો આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતની સરકાર સહકાર, પશુપાલન અને ખેતી માટે રૂ.૭૧૧૧ કરોડના બજેટ ફાળવ્યું તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

ગઇ કાલે પ્રશ્નોત્તરી દરમ્યાન મારે દુઃખ સાથે કહેવું છે કે, કોંગ્રેસના વરિષ્ઠ પ્રદેશ પ્રમુખ અને આ ગૃહના ધારાસભ્યશ્રી તરીકે એમણે જે આક્ષેપો કર્યા તેના જવાબમાં મારે એમને એટલું જ કહેવું છે કે ગુજરાતની જીવાદોરી સમાન અમૂલ બ્રાન્ડને બદનામ કરવાનું કાવતરું થયું છે તે શરમથી માથું ઝૂકી જાય તેવી વસ્તુ છે.

મારે એટલું જ કહેવું છે કે, આ અમૂલ બ્રાન્ડને તોડવા માટેનું કાવતરું કરી દેશ વિદેશની કંપનીઓ આવી અને અમૂલને તોડવા માટે પ્રયત્નો કરી રહી છે. આ અમૂલ બ્રાન્ડને તોડવા માટેનું કાવતરું દેશ વિદેશની કંપનીઓ આ અમૂલને તોડવા માટે પ્રયત્નો કરી રહી છે અને એ પ્રયત્નોના ભાગ રૂપે મને આ હાઉસમાં કાલે જોવા મળ્યું. અમૂલને તોડવા માટેનું રીતસરનું કાવતરું આ ગૃહની અંદર થઇ રહ્યું હોય તેવું મને લાગી રહ્યું છે. મને પુરેપુરો શક અને વહેમ છે કે અમૂલ બ્રાન્ડને બદનામ કરીને દેશ અને વિદેશની કંપનીઓને આમંત્રણ આપીને અમુક લોકોના અમુક પરિવારો આ સાથે ભળેલા હોય તેવો મને પાકો વિશ્વાસ થઇ ગયો છે. હું આપના મારફત કહેવા માગું છું કે દૂધની અંદર ભેળસેળ કરાતી હોય, દૂધની અંદર કોઇ પણ જાતની ભેળસેળ થતી હોય તો ચલાવી લેવું ન જોઇએ. કારણ કે દૂધ આરોગ્ય સાથે સંકળાયેલું છે. કોઇ ગર્ભવતી માતા દૂધ પીતી હોય, બિમાર બાળકો દૂધ પીતા હોય, ધાત્રી માતાઓ દૂધ પીતી હોય અને એની અંદર ભેળસેળ થતી હોય તો કોઇ સંજોગોમાં ચલાવી લેવું ન જોઇએ. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબને હું વિનંતી કરું છું કે આપના ડ્રગ્સ અને ફૂડ કમિશનર વિભાગમાંથી કોઇ પણ માણસને, કોઇ પણ ડેરીની અંદર, પંચમહાલ ડેરીની અંદર હું આપને આમંત્રણ આપું છું કે આપ ગમે ત્યારે ચેક કરાવો, પણ અમૂલ બ્રાન્ડને બદનામ કરવાનું કાવતરું બંધ કરો. કોંગ્રેસના મિત્રોને મારી વિનંતી છે. આજે અમે છીએ, કાલે તમે હતા, પણ અમૂલ બ્રાન્ડ એ આ દેશનું ગૌરવ છે, આ દેશના લોકોનું ગૌરવ છે અને ગુજરાતનું ગૌરવ છે. એને તોડવા માટેના પ્રયત્નો ન કરો એવી હું તમને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પશુ પાલનનો ધંધો વર્ષોથી ચાલ્યો આવે છે. આદિ અનાદિકાળથી પશુ પાલન ક્ષેત્રે પૌરાણિક કાળથી વંશ પરંપરાગત આ વ્યવસાય ચાલતો આવે છે. મારે એટલું જ કહેવું છે કે કૃષ્ણ ભગવાન જેવા ગાયો ચારતા હતા એ કૂળમાંથી અમે આવીએ છીએ. એનું અમને ગૌરવ છે. અમે ગાયો ચારતા ચારતા અહીંયા તમારી મહેરબાનીથી અહીં સુધી પહોંચી ગયા છીએ. માટે ચિંતા ન કરશો શ્રી પરેશભાઇ, બધા સારા વાના થવાના છે. માટે મારી વિનંતી એ છે કે આ પશુ પાલનના ધંધા સાથે, કૃષિના ધંધા સાથે ગામડાંના લોકો જોડાયેલા છે. ગુજરાતનું જે અર્થતંત્ર છે એની અંદર પશુ પાલનના ધંધાની સાથે સાથે આજે દૂધનો ધંધો રોજનો ૧ લાખ ૮૫ હજાર કરોડ લિટર દૂધ આ ગુજરાતમાંથી ખેડૂતો ઉત્પન્ન કરે છે અને ટેસ્ટ ઓફ ઇન્ડિયા મારફતે આખા દેશ અને વિદેશની અંદર અમૂલનું નામ છે. અમૂલનું નામ અને બ્રાન્ડ જે ચાલે છે તે અગાઉના માણસો કરીને ગયા છે. તેને સાચવી રાખવાનું કામ આપણા સૌનું છે. મારે આજે કહેવું છે કે આ બાબતે પશુ પાલન ક્ષેત્રે સરકારી વિભાગ મારફતે ઘણી બધી યોજનાઓ બહાર પાડીને તમામ લોકોને સારામાં સારી સુવિધા મળી રહે, પશુઓ માટેની સારવાર મળી રહે, વધારેમાં વધારે દૂધ કેમ ઉત્પન્ન થાય અને કેવી રીતે પશુઓની સારવાર થાય તેના માટે સરકારે ખૂબ સારા પ્રયત્નો કર્યા છે. મોતીયાનું ઓપરેશન કરાવવાનું, માણસનું તો ઓપરેશન થાય, પણ પશુઓના મોતીયાનું ઓપરેશન કરાવવાનું આ દેશમાં કોઇએ શરુ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે શરૂ કર્યું છે. (અંતરાય) શ્રી રાજેન્દ્રભાઇ, તમારો જવાબ બહાર નીકળ્યા પછી હું આપીશ. માટે મારે વિનંતી કરવી છે કે ગૌરવ તમારે લેવાનું છે. આ દેશના લોકોએ લેવાનું છે. શ્રી ત્રિભોવન કાકાને આપવાનું છે કે જેમણે અમૂલની સ્થાપના કરી અને ગુજરાતના ખેડૂતોનું ભલુ કરવાનું કામ કર્યું છે. મારે એટલું જ કહેવું છે કે, (અંતરાય) એ તમે પછી આવો એટલે તમને કહું. ભાઇ શ્રી લલીતભાઇ, તમે

આવો એટલે હું તમને કહું છું કે અમૂલનું શું થાય, અમૂલનો વાઇસ ચેરમેન છું એટલે મને ખબર છે, તમને નહીં ખબર હોય માટે શ્રી કગથરા સાહેબ, તમને વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, એમને રોકો ને કે બૂમો પાડવાનું બંધ કરે. એમના કાળા કરતુતો તો આખી ગુજરાતની પ્રજાએ જોયા છે અને હમણાં ટૂંક સમયમાં ૨૬ સીટ આપી અને એમાંથી હારીને આવ્યા છે. ગઇ કાલે પ્રશ્નોત્તરી વખતે ખોટા આક્ષેપો કર્યા. મિત્રો, આક્ષેપો કરવા હોય તો કરો, તમારે વિરોધ કરવો હોય તો કરો. એના માટે કોઇ વાંધો નથી પણ સહકારી તંત્ર માટે, ગરીબ લોકો માટે, ૧ લિટર દૂધ ભરનારી બહેનો માટે એમને બદનામ કરવાનું કામ આ કોંગ્રેસના મિત્રો ન કરે એવી મારી વિનંતી છે. હજુ એ બંધ નહીં કરે તો અત્યારે જે ૭૦ રહ્યા છે તેમાંથી આવતા વખતે ૫૪ થઇ જશે. લોકસભામાં એ ૫૪નો વારો આવી જવાનો. ૫૪ ફરીથી પાછા આવશે તો પૂરું થઇ જશે. એટલે મારી તમને એક જ વિનંતી છે કે ગામડાંના લોકોનો વિકાસ થતો હોય, આજે ગામડાંના લોકોને આજીવિકા માટે ડેરી સિવાય બીજું કોઇ સાધન નથી. માટે મારી આપ સૌની વિનંતી છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો અને સૂચનો રજૂ કરવા ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટને હું આવકારું છું ત્યારે મનમાં મને એમ થાય છે આ ફૂલગુલાબી બજેટ એ આંકડાની માયાજાળ બનાવીને તૈયાર કરેલું લાગે છે. સમગ્ર દેશ અને ગુજરાત આજે જ્યારે મંદી તરફ થઇ રહ્યો છે ત્યારે ચૂંટણીઓ વખતે એક આશાનું કિરણ જાગ્યું હતું. આ ભારતીય જનતા પાર્ટીએ જાહેરાત કરેલી હતી કે અમે ગરીબોના હાથ પકડીશું. ભાજપની સરકારમાં સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ એવું સારું સુત્ર આપીને લોકોને અને મતદારોને આ ભ્રષ્ટાચારની સરકારે ફસાવી દીધા છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે. આ ગૃહમાં ત્રીજીવાર ચૂંટાઇને આવી છું ત્યારે પાણી માટે દરેક બજેટ વખતે રજૂઆત કરતી હોઉં છું. અત્યારે અમારા વડીલ આદિવાસી નેતા, આદિવાસી વિસ્તારની ચિંતા કરે એવા નેતાએ જે વાત કરી છે કે આદિવાસી વિસ્તારમાં ૯ વર્ષથી પાણીની પાઇપો આજુબાજુ ખાડામાં, ટેકરામાં કે જંગલોમાં પડી છે. હું છોટાઉદેપુરનો પ્રભારી છું ત્યારે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી જ્યારે આવી ત્યારે એ ચૂંટણી જીતવા માટે આ ભાજપના લોકોએ ગરબાડામાં કોંગ્રેસના ધારાસભ્ય છે. ત્યાં પાઇપો નાખીને કામ શરૂ કરાવ્યું. જયાં ભાજપના ધારાસભ્ય હતા ત્યાં ન કરાવ્યું અને ઝડપથી કામ શરૂ કરીને મોટી મોટી મિટિંગો ભરીને, લોકોને ગેરમાર્ગે દોરીને કે ૨૨ દિવસમાં અમે પાણી આપી દઇશું. આજે મહિલા ધારાસભ્ય તરીકે દુઃખ થાય છે. એ ૨૨ દિવસ ગયા. ૨૦૧૭ની ચૂંટણી જીતીને સરકાર પણ બનાવી લીધી. ફરી એક વર્ષ પછી લોકસભાની ચૂંટણી આવી ત્યારે ઘણા બધા મોટા નેતાઓ આવ્યા. આપણાં હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ યોજનાનું ઉદઘાટન કર્યું હતું. ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ યોજના કયારે પૂરી થશે? હમણાં તાત્કાલિક જે મિટિંગો કરવામાં આવી એમાં ફરીથી વોટની લાલચ આપીને અમારા આદિવાસી લોકોને છેતરીને મત લીધા અને ફરીથી ૨૫ દિવસમાં પાણી આપી દઇશું એમ કહ્યું. એ આદિવાસીની આ પાણી ચાલુ કરવા માટેની વ્યથા બતાવે છે. આજે અહીં અમારા માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડ નથી, એનું ઉદઘાટન કરવા માટે મંત્રી આવ્યા ત્યારે એને ટેસ્ટિંગ કરવા માટે જે પાટ ડુંગરી તળાવનું પાણી છે એને બાલટીએ ભરીને અધિકારીઓ લઇ એનું ટેસ્ટિંગ કરીને મત લેવામાં આવ્યા. આજે ભા.જ.પ.ના લોકો એમ કહે છે કે અમે ૨૬ એ ૨૬ જીત્યા, જીતો. કંઇ વાંધો નહીં. અમારી પણ સરકાર આવશે. અમે હિંમત નથી હારતા પણ આપ બધા જે ભેળસેળ કરો છો જે, વિધાનસભામાં કરો છો, દૂધમાં કરો છો પણ આપનામાં જીતવાની હિંમત હોય તો આપ જીતો. સરકાર બનાવો, હું બહેનોની વાત કરવા માંગુ છું. મહિલાઓની વાત કરવા માંગું છું. ''બેટી બચાવો, બેટી પઢાઓ'' આ એક સાકાર સૂત્ર ભા.જ.પ.ના લોકો લાવ્યા હતા ત્યારે આ બજેટમાં સારા રંગીન લાલ અક્ષરે લખ્યું છે કે ''વહાલી દીકરી યોજના'' આ અમલમાં મૂકી છે પણ બહેનોનું સન્માન કયારે સાહેબ? આ બહેનોનું સન્માન આખા ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઇ છે ત્યારે હું મહિલા ધારાસભ્ય તરીકે કહેવા માગું છું કે બહેનોનું સન્માન કયારે સચવાય સાહેબ? ભા.જ.પ.ના ચૂંટાયેલા ધારાસભ્ય હોય અને જે બહેનો રજૂઆત કરવા જતી હોય અને જાહેરમાં એમને લાકડી પડે અને લાત પડે, આજે બહેન તરીકે, એક મહિલા તરીકે લાગણી આવે છે. હવે આપણે દરરોજ રાખડી બંધાવાનું કરો. વર્ષમાં એક વખત રાખડી બાંધવાનો અવસર આવે છે પણ આ ભા.જ.પ.ના રાજ્યમાં દરરોજ ઉજવો. એટલા માટે સહન ન થયું એટલે આ વહાલી દીકરી યોજના નામની એક યોજના દાખલ કરી. (અંતરાય) એક બહેન હોય તો બહેનનું દુઃખ સાંભળે. શ્રીમતી મનીષાબહેન, એક બહેન બહેનનું દુઃખ સાંભળે એવી રીતે આપણી બહેનો માટે આ દુઃખની વાત છે. હમણાં મહેસાણામાં નર્સિંગમાં છોકરી ભણતી હતી ત્યારે એના અધ્યાપકે એને દબાણ આપ્યું. તમારે જે પૈસા ભરવાના છે એ ભરો નહીં તો તમને પરીક્ષા આપવા નહીં દઇએ. સાહેબ, છોકરી ફાંસો ખાઇને ત્યાં જ મરી ગઇ. આ ભા.જ.પ.ની સરકારનું રાજ્ય છે? તમને આવું સારું લાગે છે?

શ્રી શશીકાન્ત મ. પંડ્યા (ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોક લાડીલા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને સાતમી વખત નાણાનું બજેટ રજૂ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ એ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા ગ્રામ વિકાસ માટે મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું. અંદાજે રૂ.૮૪૬૨ કરોડની જોગવાઇ સાથેનું આ અંદાજપત્ર છે. એમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને ઓ.બી.સી. વર્ગના લોકો રહે છે. મોટાભાગના ગ્રામીણ ગરીબો વસવાટની સુવિધા વગરના હોય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના થકી ગરીબ કુટુંબોને આવાસ મળે એ માટે આ યોજનાઓ મૂકવામાં આવી છે. ગામડાના લોકો મુખ્યત્વે ખેતીવાડી ઉપર નિર્ભર હોય છે. હું મારા જિલ્લાની વાત કરું તો મારો બનાસકાંઠા જિલ્લો અતિ પછાત અને સરહદી જિલ્લો છે.

જ્યારે આ મિત્રો વાત કરે છે ત્યારે મને યાદ છે, કોંગ્રેસના શાસન વખતનું હું ખુલ્લેઆમ કહેવા માગું છું કે હું એનો ભોગ બનેલો છું. જ્યારે મારા વિસ્તારના લોકોને ધંધા રોજગાર માટે કોઇ આવકના સાધનો ન હતા, પાણીની સવલતો ન હતી, રોજગારી ન હતી ત્યારે ધંધા રોજગાર માટે સુરત, નવસારી, બોમ્બે અને અમદાવાદ જવું પડતું હતું. પરંતુ આપણા અત્યારના વડાપ્રધાન અને તે વખતના ગુજરાતના લોક લાડિલા મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ત્યારબાદ અત્યારના વર્તમાન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં ગ્રામ વિકાસને વેગ મળ્યો છે એ કદાપી ભૂલી શકાય એમ નથી. મારા જિલ્લાની વાત કરું તો પશુપાલનના ધંધા રોજગાર થકી મારા વિસ્તારની મારી બહેનો અને માતાઓ દર મહિને બેથી અઢી લાખની આવક મેળવે છે. આને સાચો ગ્રામ વિકાસ કહેવાય. મારે કહેવું છે કે અગાઉ મારા ખેડૂતો સાંજે વાળું કરવાનો સમય થાય ત્યારે લાઇટની રાહ જોઇને બેસતા. કોંગ્રેસના શાસનમાં લાઇટ આવશે કે નહીં એનું કાંઇ ઠેકાણું ન હતું. પાણી મળશે કે નહીં એ નક્કી ન હતું. પરંતુ અત્યારે નર્મદા થકી પાણીની આવક થઇ છે. એમાં મારા વિસ્તારમાં સમગ્ર ભારતમાં ખારેક, દાડમ અને જીરાનું વાવેતર સારામાં સારું થઇ રહ્યું છે. કોંગ્રેસના મિત્રોને હું આમંત્રણ આપું છું કે આવો અને અમારા મીઠા દાડમ ખાઓ, ખારેક ખાઓ. શ્રી પુંજાભાઇ, તમને પણ આમંત્રણ આપું છું. આને કહેવાય સાચો ગ્રામ વિકાસ. ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી સત્તામાં આવી છે ત્યારથી વિકાસ, વિકાસ અને વિકાસની વાતો થઇ રહી છે. હમણાં મારા વડીલ બહેનશ્રી બોલ્યા કે જીતો. અરે ભાઇ, પ્રજા જીતાડતી હોય છે, કોઇના હાથની વાત નથી. આપ સૌ જાણો છો કે તાજેતરમાં લોકસભામાં છવ્વીસે છવ્વીસ સીટો પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને આપી છે અને આપના સૂપડાં સાફ કરી દીધાં છે. હજી પણ સુધારવાનું નામ નથી લેતા? માનનીય શ્રી પુંજાભાઇ આપને તો ખાસ વાત કરવી પડે છે. લાઇટની વ્યવસ્થા થઇ ગઇ. અમારા જિલ્લામાં સરહદી જિલ્લો છે અને ૮ કલાક લાઇટ પહેલા મળતી ન હતી, જ્યારે પશુપાલન હોય અને ખેતી માટે આજે ખેડૂતો માગે ત્યારે લાઇટ મળે છે. ખેડૂતોને જોઇએ એ પ્રકારનું વાવેતર કરે છે અને જોઇએ એવો પાક લણે છે. ખેડૂતો હીરો હોન્ડા નહીં પણ મારૂતિમાં ફરતા થઇ ગયા છે. આને કહેવાય સાચો ગ્રામ વિકાસ. પહેલાની વાત કરું તો મારી માતા અને બહેનો સાંજે અંધારું થાય એની રાહ જોઇને બેસી રહેતી. ભારતીય સંસ્કૃતિને વરેલો આપણો દેશ છે, આપણો સમાજ છે. સાંજે સાત વાગ્યે અંધારું થાય ત્યારે મારી માતા અને બહેનો શૌચ ક્રિયા કરવા માટે એ સમયની રાહ જોવી પડતી નથી. પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના થકી આજે કોઇ ગરીબ શૌચાલયથી વંચિત ન રહે એવું આયોજન કરેલ છે. (અંતરાય) કોંગ્રેસના મિત્રો નહીં સાંભળી શકે. સારામાં સારો વિકાસ થતો હોય ત્યારે કોંગ્રેસના મિત્રોને આહવાન કરું છું કે, વિકાસમાં સહભાગી થાઓ, રોડા નાખવાનું બંધ કરો. પ્રજાએ આપને જડબાતોડ જવાબ આપ્યો છે અને આવું ને આવું થશે તો ફરીથી જવાબ આપશે. શ્રી જેઠાભાઇએ કહ્યું ૫જ પણ ૨જ એ આવીને ઊભા રહો તો નવાઇ નહીં.

નૌશાદજી ભ. સોલંકી**(**દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯–૨૦નું બજેટ માનનીય નાણામંત્રીશ્રી ગૃહ સમક્ષ લઇને આવ્યા તેના પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાપુશ્રી આવી ગયા છે બાકી પ્રથમ હરોળ આખી ખાલી હતી. ગુજરાતનું આ બજેટ રૂ. ૨ લાખ કરોડ કરતા વધારેનું બજેટ છે. એટલે સ્વાભાવિક છે કે આટલું તોતિંગ બજેટ હોય ત્યારે તમામ ધારાસભ્યશ્રીઓને સ્વાભાવિકપણે એમ થાય કે આ બજેટની અંદર મારા વિસ્તાર માટે શું જોગવાઇ કરવામાં આવી હશે? માનનીય અધ્યક્ષશ્રી, અમે વિરોધપક્ષ તરીકે માત્ર સરકારની ટીકા જ કરતા નથી. પરંતુ જ્યારે કાંઇક સારું કામ થાય ત્યારે અભિનંદન પણ આપતા હોઇએ છીએ. ગત વર્ષમાં મારા વિસ્તારમાં માનનીય નાણામંત્રીશ્રીએ ઘણા કામો મંજૂર કર્યા છે માટે એમનો આભાર પણ વ્યક્ત કરું છું. પરંતુ મારો જે મત વિસ્તાર છે એ દસાડા, પાટડી, લખતર અને લીંબડીનો નળકાંઠો, નળસરોવર એ ખૂબ વિશાળ વિસ્તાર છે અને વર્ષોથી આ વિસ્તાર વિકાસથી વંચિત રહેલો છે. પછી એ સામાન્ય કહી શકાય એ પ્રકારની સુવિધા જેવી કે, રોડ, રસ્તા હોય, નાળા–પુલિયાના કામો હોય, ડીપ કોઝવેમાંથી પૂલમાં રૂપાંતરિત કરવાના કામો હોય, શાળાના ખુટતા ઓરડા હોય કે કુપોષિત બાળકોની સમસ્યા હોય અથવા નર્મદાના નીર માટે આ સમગ્ર વિસ્તાર ઝંખે છે એવી અનેક સમસ્યાઓથી ઘણા વર્ષોથી પડી રહ્યો છે. બે લાખ કરોડનું બજેટ હોય. પરંતુ મારા મતવિસ્તારના દસાડા તાલુકાની અંદર ૯૪૮ બાળકો આજે પણ કુપોષિત છે. લખતરની અંદર ૫૬૪ બાળકો કુપોતિષત છે અને ગત લોકસભાની અંદર મારી વઢવાણ વિધાનસભાએ સૌથી વધુ લીડ ભારતીય જનતા પાર્ટીને આપી હતી ત્યાં ૧૪૮૮ બાળકો કુપોષિત છે અને આની પાછળનું એક કારણ છે કે જે પ્રકારે આંગણવાડીઓની પરિસ્થિતિ છે એની મેં જાતે જઇને મુલાકાત લીધી છે એ એટલી બિસ્માર હાલતની અંદર આંગણવાડીઓ હોય કે ત્યાં કોઇ મા–બાપ પોતાના બાળકોને જીવના જોખમે મૂકવા તૈયાર નથી. આથી આ આંગણવાડીઓની અંદર કશી ફેસિલીટી નથી. માનનીય મંત્રીશ્રી વિભાવરીબેન વાત કરતા હતા ત્યારે હું એમને આમંત્રિત કરું છું કે, બેનશ્રી, ચાલો અમારા વિસ્તારમાં જાતે મુલાકાત લો તો ખબર પડે કે શું દુર્દશા છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર વિસ્તાર શિક્ષણથી પણ ખૂબ પછાત રહ્યો હતો. મારા દસાડા તાલુકાની અંદર ૫૦ કરતા વધુ ઓરડાની ઘટ છે. જ્યારે લખતરની અંદર ૧૦ શાળામાં ૨૫ કરતા વધારે ઓરડાઓની ઘટ છે અને સુરેન્દ્રનગર જિલ્લાની જો વાત કરું તો ૧૮૨ શાળાઓની અંદર ૪૦૦ કરતા વધારે શાળાના ઓરડાઓની ઘટ છે. આ બે લાખ કરોડનું બજેટ છે એ અમારા માટે બેનામી થઇ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે ગ્રામ્ય વિસ્તારમાંથી આવીએ છીએ અને ગામડાના લોકોને મુખ્યત્વે તાલુકા પંચાયતની અંદર તલાટીનું કામ હોય છે. દસાડા તાલુકાની વાત કરું તો ૮૯ ગામનો તાલુકો છે. ખૂબ વિશાળ

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

તાલુકો અને આવડા ૮૯ ગામની વચ્ચે ૫૦% કરતા ઓછા તલાટીઓ છે. લખતરની અંદર ૫૦% કરતા ઓછા તલાટીઓ છે. તાલુકા પંચાયતના સ્ટાફની વાત કરું તો એમાં પણ ૫૦% કરતા વધારે જગ્યાઓ ખાલી પડી છે. એટલે આપ સમજી શકો છો કે ગામડાના લોકોને કેટલી હાડમારીઓનો સામનો કરવો પડતો હોય છે. ગામડાઓનો વિકાસ કરવો હોય ત્યારે ગામડાઓની અંદર સ્વચ્છતા અભિયાનની ખૂબ મોટી જાહેરાત થઇ એ આવકાર્ય છે. આપણું ગુજરાત ગાંધીનું ગુજરાત છે. ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા. પરંતુ જે લોકો માત્ર ઝાડુ હાથમાં લઇને માત્ર ફોટો પડાવતા હતા એ લોકો જો ગામડાઓમાં આવે તો સ્વચ્છતા અભિયાનની સફળતા અને નિષ્ફળતા ખૂલ્લી થાય. ગામડાઓની અંદર ગટરનું કોઇ નેટવર્ક જ નથી. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ છે. પરંતુ એ શહેરી વિસ્તારની અંદર જ કામ કરે છે. ગામડાઓની અંદર ગટર વ્યવસ્થાનું કામ માત્ર એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ હોય કે તાલુકા આયોજનની ગ્રાન્ટ હોય કે પછી ૧૪ માં નાણા પંચની ગ્રાન્ટ આવે એ નાણામાંથી કામ થાય છે. જો ખરેખર ગામડાઓની અંદર સ્વચ્છતા અભિયાન કરવું હોય તો માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે, એ.ટી.વી.ટી.માં પાંચ કરોડ રૂપિયા ફાળવે અને તાલુકા આયોજનની અંદર પણ પાંચ કરોડ રૂપિયા ફાળવવામાં આવે તો આ ગામડાઓનો ઉદ્ધાર થાય અને ગામડાઓનો ઉદ્ધાર થશે તો જ રાજ્યનો ઉદ્ધાર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર પંચાયત ઘરો, મોટાભાગની અંદર તો પંચાયત ઘરો છે જ નહીં. કોઇ શાળાના ઓરડાની અંદર પંચાયત ચાલી રહી છે અને જે પંચાયત ઘરો છે એ ૨૫, ૩૦, ૪૦ વર્ષ જુના અત્યંત બિસ્માર હાલતમાં પંચાયત ઘરો છે. ૨૦ વર્ષે નવું પંચાયત ઘર બનાવવાનો પરિપત્ર છે, ઠરાવ છે પરંતુ અમારા વિસ્તારની અંદર નવા પંચાયત ઘર થતા નથી એટલે આ બે લાખ કરોડના બજેટનો અમારા માટે કોઇ મતલબ નથી. મારા મત વિસ્તારની અંદર કચ્છનું નાનું રણ આવેલું છે અને આ રણ ઘુડખર અભ્યારણ્ય તરીકે પ્રચલિત છે. અનેક પ્રવાસીઓ દર વર્ષે આ વિસ્તારની અંદર પ્રવાસ માટે આવે છે ઘુડખર જોવા માટે પરંતુ હવે ઘુડખર અભયારણ્ય છોડીને બહાર નીકળી ગયા છે. આજુબાજુના ગામડાંની અંદર ખેડૂતોના પાકને અત્યારે રંજાડી રહ્યા છે. આના માટે ખેતર ફરતી તાર ફેન્સિંગની યોજના છે પરંતુ એ યોજના એટલી બધી મોંઘી પડે છે કે ખેડૂતો એ યોજનાનો લાભ લેતા નથી એટલે ખેડૂતોની એક માંગ છે કે જો આ અભયારણ્ય ફરતે તાર ફેન્સિંગ કરી દેવામાં આવે અને ઘુડખરોને પાછા લઇ આવવામાં આવે તો પ્રવાસનને પણ લાભ થશે અને ખેડૂતોને પણ લાભ થશે. આ રણની અંદર જે અગરીયાઓ ખૂબ વિકટ પરિસ્થિતિની અંદર કામ કરી રહ્યા છે એની પરિસ્થિતિ આપણે સૌ જાણીએ છીએ. એમનું કલ્યાણ કરવા માટે રાજ્ય સરકાર ઇચ્છાશક્તિ દર્શાવે અને આગળ આવી કલ્યાણ કરે. મારો વિસ્તાર એક તરફ રણ કાંઠો છે અને એક તરફ નળ કાંઠો છે. મારા વિસ્તારની અંદર એક તરફ નળ સરોવર પણ આવેલું છે. નળ સરોવરની ફરતે આદિવાસી સમાજની, પઢાર સમાજની કોમ્યુનિટી રહે છે. આ આદિવાસી સમાજને વર્ષોથી, સદીઓથી નળ સરોવર ઉપર નભતો સમાજ છે. ખાસ કરીને માછીમારીનો ઉદ્યોગ કરે, મજૂરી કામ કરે. પરંતુ આ વન અને પર્યાવરણના અધિકારીઓ આ આદિવાસી સમાજ ઉપર જોરજુલમ જે પ્રકારે કરી રહ્યા છે એ ખૂબ દુઃખદાયક અને દુર્ભાગ્યપૂર્ણ છે. એફ.આર.એ. એક્ટ પ્રમાણે તો જળ, જમીન અને વન ઉપર આ આદિવાસીઓનો સૌથી પહેલો અધિકાર છે. પરંતુ એ નળ સરોવરની અંદર જતા આદિવાસી સમાજના, પઢાર સમાજના લોકોને રોકવામાં આવે છે અને ગમે ત્યારે એની ધરપકડ કરવામાં આવે છે. એમના પ્રાચીન મંદિરો નળ સરોવરની અંદર છે. મહોતાઇદાદા અને હિંગળાજ માતાજીનું મંદિર છે. હમણાં જ બે દિવસ પહેલા વન ખાતાએ આ મંદિરો તોડી નાખવાની નોટિસ આપી છે. ખૂબ દુર્ભાગ્યપૂર્ણ છે. આ પ્રાચીન મંદિરો એના દબાણ દૂર કરવાના છે. અફાટ રણ વિસ્તારછે. જયાં નજર જાય ત્યાં સુધીનો રણકાંઠો છે એની અંદર એક નાનકડું મંદિર આ લોકોને નડી રહ્યું છે. સદીઓથી બનાવેલું મંદિર છે એટલે આપના માધ્યમથી વિનંતી કરું છું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઇતિહાસની અંદર સૌ પ્રથમવાર ૨૦૧૯–૨૦નું ૨,૦૦,૦૪,૮૧૫ રૂપિયાનું બજેટ રજૂ કર્યું છે એટલા માટે હું આ ગૃહના સભ્ય તરીકે ગર્વની લાગણી અનુભવી રહ્યો છું. અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં માર્ગ અને મકાન વિભાગની અંદર મારા વિચારો રજૂ કરું છું. માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આ જ વિભાગના મંત્રી હોઇ ગુજરાતના બજેટને ઘ્યાનમાં લઇ દર વર્ષે માર્ગ અને મકાન વિભાગના બજેટમાં વધારો કરતા આવ્યા છે. આ વખતે માર્ગ અને મકાન વિભાગના બજેટની અંદર રૂપિયા ૧૦૫૮ કરોડની જોગવાઈ કરીને એ રસ્તાઓ જલદીથી જલદી સારા થાય એ માટે ખૂબ મોટું બજેટ ફાળવવામાં આવ્યું છે. આજે ગુજરાતની અંદર એકસપ્રેસ વે હોય, રાષ્ટ્રીય ધોરી માર્ગ હોય, મુખ્ય જિલ્લાના માર્ગ હોય, અન્ય જિલ્લાના માર્ગ હોય, ગ્રામ્ય કક્ષાના માર્ગ હોય, નોન પ્લાનના રસ્તા હોય આમ મળીને લગભગ ૧૧૪૪૧૨ કિલોમીટરનું નેટવર્ક ગુજરાતની અંદર પથરાયેલું છે. આ નેટવર્કના લીધે ગુજરાત સમગ્ર દેશમાં નંબર–૧ તરીકે છે. અમને બરાબર ખબર છે. અહીં ઘણાબધા સભ્યો બેઠા છે ગૃહની અંદર એમને ખબર છે અમારે પહેલા સુરતથી ગાંધીનગર આવવું હોય તો એક દિવસ પહેલા નીકળવું પડતું હતું તો અમે ગાંધીનગર પહોંચતા હતા. આજે ગુજરાતની અંદર રોડનું એટલું સરસ નેટવર્ક બન્યું છે. સવારે ગુજરાત કિવન ટ્રેનમાં ૫–૩૦ વાગ્યે નીકળેલો માણસ અહીંયાં ૧૦–૩૦ વાગ્યે પહોંચે છે અને સુરતથી ૭ વાગ્યે નીકળેલો માણસ એ ૧૦–૩૦ વાગ્યે પહોંચે છે. સાડા ત્રણ કલાકની અંદર આજે સુરતથી નીકળેલો માણસ ગાંધીનગર પહોંચે છે. આમ તો ૧૦ વર્ષ તમારા કરેલા ખાડા પુરવામાં અમારી ભાજપની સરકારના ગયા છે. પરંતુ આજે ગુજરાતની અંદર જોઇએ તો ખૂણે ખૂણે રસ્તાનાં કામો, વિકાસનાં કામો ચાલતાં હોય છે. આજે ગુજરાતની અંદર પ્રગતિ પથ થકી ચાર માર્ગીય રસ્તાઓનું કામ લગભગ રૂ.૨૫૯૯ કરોડના ખર્ચે પરિપૂર્ણ કરેલ છે. આ ભાજપની સરકારમાં જિલ્લાને જોડતા માર્ગો લગભગ રૂ.૧૬૯૩ કરોડના ખર્ચે ૧૩૪૮ કિ.મી.ના પૂર્ણ થયાં છે અને બીજાં કામ ચાલુ છે.

## તા. ૧૦મી જુલાઈ, ૨૦૧૯

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

ગુજરાતમાં ઔદ્યોગિક વિસ્તાર ખૂબ મોટો છે. આ ઔદ્યોગિક વિસ્તારને જોડવાનું કામ માર્ગ અને મકાન વિભાગે કર્યું હોય ત્યારે ખૂબ બધા રસ્તાઓ આમાં બન્યા છે. ગુજરાતની અંદર બધા યાત્રાધામો છે. એમાં અંબાજી જવું હોય તો રસ્તો ખૂબ સરસ થયો છે. પાવાગઢ જવું હોય તો રસ્તો ખૂબ સરસ થયો છે. આમ આ યાત્રાધામને જોડતો રસ્તાઓ ગુજરાતમાં લગભગ રૂ.૧૪૫૧ કરોડના ખર્ચે ૩૭૦ કિ.મી.ના રસ્તાનું નેટવર્ક થયું છે. આપણે જોઇએ છીએ કે બધા ધારાસભ્યો પાસેથી રજૂઆતો આવતી હતી કે બે ગામને જોડતા રસ્તાઓ માટે ધારાસભ્યની એક જ ગ્રાન્ટ હતી. એસ.આર.ની ખાસ મરામતની ગ્રાન્ટ હતી. રૂ.૫૦ લાખ મળતા હતા અને એમાં રસ્તાઓ રિપેર કરતા હતા. જ્યારે ૧૯૯૮માં અટલ બિહારી વાજપાઇની સરકાર, ભાજપની સરકાર કેન્દ્રમાં બેઠી ત્યારે પીએમએસવાય યોજના શરૂ કરી ત્યારથી રસ્તાઓ બનવાના ચાલુ થયા. આજે ગૌરવની સાથે કહેવું પડે કે ૨૦૧૪ની અંદર આજે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત કરી, ત્યારે બધા ધારાસભ્યોના મોઢા ઉપર આ યોજના થકી લાલી આવી છે. એ ટલા માટે એની અંદર ૩ વર્ષ માટે રૂ.૧૦,૦૦૦ કરોડનું આયોજન કર્યું હતું. આજે દરેક ધારાસભ્યના દરેક વિસ્તારના બે ગામને જોડતા રસ્તાઓ તે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાંથી બન્યા છે. રૂ.૧૦,૦૦૦ કરોડનું બજેટ ૩ વર્ષની અંદર સરકારે વાપર્યુ છે. મિત્રો, અહીં ઘણા બધા સભ્યો બેઠા છે. સામે પણ બેઠા છે. તમે દિલ ઉપર હાથ મૂકીને કહો કે તમને લોકોને મુખ્યમંત્રી ગ્રામ સડક નીચેના રસ્તાઓને કારણે તમને પ્રજાએ ચૂંટીને મોકલ્યા છે. જે રૂ.૧૦,૦૦૦ કરોડની જોગવાઈ જે ફરી આ વખતે બજેટમાં કરી છે. શ્રી નીતિનભાઇ અને શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને અભિનંદન આપું છું. એટલું જ નહિ ખેડૂતોની ચિંતા તમે લોકોએ નથી કરી, પણ અમે કરી છે. એટલા માટે આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના એ મુખ્ય બે પરા સાથે, બે ગામો સાથે જોડવાનું કામ કરીને વધારેમાં વધારે ખેડૂતોને આનાથી ફાયદો થયો છે. ખેડૂતો આનંદમાં છે એટલે એમણે ૨૬–૨૬ સીટો આપી છે. હું મારા મત વિસ્તારની વાત કરું તો ૨૦૧૨ માં હું ૩૭,૦૦૦ મતોથી ચૂંટાયો હતો. ૨૦૧૭ માં ૬૨,૦૦૦ મતોથી ચૂંટાયો હતો અને ૨૦૧૯માં પ્રજાએ મને ૧ લાખ ૨૮ હજાર મતોથી ચૂંટીને અહીંયાં મોકલેલ છે. એમણે ખોબલે ખોબલે મત આપ્યા છે. એમની આ બે પરાને જોડતા રસ્તાઓની માંગ પણ પૂરી કરી છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાની અંદર લગભગ ૧૭,૮૪૩ ગામો તથા ૧૫,૦૫૬ જેટલા પરાઓને પાકા રસ્તાની સુવિધા મળી છે. સુવિધા પથની વાત કરું તો એમાં ઘણા બધા ધારાસભ્યો બેઠા છે. ગામડાની અંદર રસ્તાઓ પસાર થતા હતા. ગામડાની અંદર વરસાદ પડવાથી રસ્તાઓ તૂટી જતા હતા અને વારંવાર લોકોની ફરિયાદ હતી કે આ સરકારે ૨૦૧૫માં સુવિધા પથની યોજના ચાલુ કરી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ આ રાજયના નાણામંત્રીશ્રી સન ૨૦૧૯–૨૦નું જે સુધારેલ અંદાજપત્ર લઇને આવ્યા છે તેના સંદર્ભે હું મારી કેટલીક વાતો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજૅટની અંદર શિક્ષણ વિભાગ માટે રૂ.૩૦ હજાર ૪૫ કરોડ જેટલી માતબર રકમનો ખર્ચ કરવાનું આયોજન રજૂ કરવામાં આવ્યું છે. બજૅટની બૂકલેટનો અભ્યાસ કરતાં તેમાં જોઇ શકાય છે કે આખે આખી બૂકલેટની અંદર રૂમનું બાંધકામ છે, ભોજન છે, દૂધ છે, અન્ન છે, ફી, યુનિફૉર્મ, સ્કૂલ બેગ, બૂટ, કોમ્પ્યુટર, પરિવહન, ટેબ્લેટ બધું છે પણ શિક્ષણ ક્યાંય નથી. આની ચિંતા આપણે કરવાની જરૂર છે. બાળપણમાં એક વાર્તા સાંભળી છે. એક હાથીની આજુબાજુ ચાર–પાંચ અંધને ઊભા રાખી દીધા છે. કોઇકને કાન પાસે, કોઇકને પગ પાસે, કોઇકને પૂંછડી પાસે, કોઇકને સૂંઢ પાસે. દરેક પોત પોતાની રીતે અર્થઘટન કરે છે, દરેક પોતાની રીતે વર્ણન કરે છે, પણ સાહેબ કોઇક તો આખો હાથી જુઓ. કોઇ આખો હાથી જોતું નથી. ગવર્નમેન્ટ જે આંકડાઓ આપે છે અને ખર્ચ કરે છે તેનું પરિણામ શું મળે છે તે આપણે કયારેય ગૃહ સમક્ષ મૂકતા નથી અથવા આપણે તેનો અભ્યાસ કરવાનો પ્રયાસ કરતા નથી. ૨૦૧૨–૧૩ની અંદર રાજ્યની પ્રાથમિક શાળાઓની અંદર કુલ ૯૨ લાખ ૨૯ હજાર ૨૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. જે ૨૦૧૭–૧૮ માં ઘટીને ૮૮ લાખ ૫૬ હજાર જેટલા થયા. પ્રાથમિક શાળાઓની સ્કૂલની સંખ્યા ૨૦૧૮માં ૪૫ હજાર ૦૫૫ હતી. તેની સામે જે ખરેખર આપણે ધ્યાનમાં લેવું જોઇએ કે ૪૫ હજાર પ્રાથમિક શાળાના લગભગ ૯૨ લાખ બાળકો માધ્યમિક શાળાની અંદર પહોંચે છે ત્યારે તેમની પરિસ્થિતિ શું હોય છે? ખૂબ જ ચિંતાનો વિષય કહી શકાય તેવી આ બાબત છે. ગઇ કાલે માનનીય શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું તેમ ૨૦૧૮ની અંદર માત્ર ૧૧૨૨ માધ્યમિક શાળાઓ હતી. જે આજે લગભગ ૧૨૦૦ થઇ છે. તેની સામે ટ્રાઇબલ અને સોશિયલ વેલ્ફેર સંચાલિત ૩૦૨ જેટલી સ્કૂલો છે. મહત્વની વાત એ છે કે, ગ્રાન્ટેડ શાળાઓ ૫૨૧૯ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ ૫૦૯૭ એટલે લગભગ ૧૧૯૫૮ જેટલી માધ્યમિક શાળાઓ છે. ૪૫ હજાર શાળાઓના બાળકો ૯૨ લાખ જેટલા હોવા જોઇએ એટલે કે ઓન એન એવરેઝ જે આપણે આંકડા દર્શાવીએ છીએ કે, માત્ર સાત ટકાનો જ ડ્રોપ આઉટ છે. તે સાત ટકાનો ડ્રોપ આઉટ આઠમા ધોરણમાંથી નવમા ધોરણમાં જ્યારે બાળકો પ્રવેશ કરે છે ત્યારે ૫૦ ટકા જેટલો ડ્રોપ આઉટ થઇ જાય છે અને તે રેશિયો જે છે તે ૯૨ લાખ વિદ્યાર્થીઓને આઠ વર્ગોમાં વિભાજીત કરીએ તો વર્ગ દીઠ એવરેઝ ૧૧ લાખ વિદ્યાર્થીઓ થાય. ૧૧ લાખ વિદ્યાર્થીઓ જ્યારે નવમા ધોરણમાં પ્રવેશ મેળવે છે ત્યારે માત્ર ૪ લાખ ૮૫ હજાર વધે છે. તે ૪ લાખ ૮૫ હજાર વિદ્યાર્થીઓ ધોરણ–૧૨ સુધી પહોંચતાં પહોંચતાં વર્ગ દીઠ ૨ લાખ ૧૪ હજાર ૮૨૩ થઇ જાય છે. એટલે કે લગભગ ૮૦ ટકા ડ્રોપ આઉટ. ૨૪ વર્ષના શાસનના અંતે આપણે આપણા બાળકોને બારમા ધોરણ સુધી પહોંચાડી શકતા નથી. ૮૦ ટકા વિદ્યાર્થીઓને આપણે જે શૈક્ષણિક તક મળવી જોઇએ તે ઉપલબ્ધ નથી કરાવી શકતા તો આપણે શેનું ગૌરવ લઇએ છીએ? આપણે બજૅટની અંદર માધ્યમિક શિક્ષણ વિશે વિચારવું જોઇશે. આપણે બેટી બચાવો બેટી પઢાવોની વાત કરીએ છીએ. સરકાર તે દિશામાં શું કરે છે? માત્ર આખા ગુજરાતની અંદર માત્ર ૧૩ સરકારી શાળાઓ કન્યાઓ માટે છે અને વાત કરીએ છીએ બેટી બચાવો બેટી

પઢાવોની. કયા આધાર ઉપર આપણે એ વાતો કરીએ છીએ? આપણે આપણી વાતોને પરિણામમાં પણ ક્યાંક પરિવર્તીત કરવી પડશે.

સભાપતિશ્રી : સભાગૃહનો વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ ૨.૩૦ વાગ્યે ફરી મળશે. વિરામ બાદ સભ્યશ્રી ઋત્વિકભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ ૧.૩૦ થી ૨.૩૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, મારી આગળની વાતમાં હું એક નાનકડું કરેકશન કરવા ઇચ્છું છું. પ્રાથમિક શાળાની અંદર જે ૧૧ લાખ જેટલા વિદ્યાર્થીઓ ગરીબ વર્ગના હોય છે એ વિદ્યાર્થીઓમાંથી નવમાં ધોરણમાં લગભગ ૯ લાખ ૧૦ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ લે છે અને ધોરણ બારમાં સુધીમાં ૪,૮૪,૬૬૨ જેટલા વિદ્યાર્થીઓ થઇ જાય છે. એટલે કે લગભગ ૫૦ ટકા ડ્રોપ આઉટ રેશિયો છે અને બારમાં ધોરણના છેલ્લા પાંચ વર્ષના પરિણામનો અભ્યાસ આપણે કરીએ તો જોઇ શકીએ છીએ કે લગભગ ૫૬ ટકા જેવું એવરેજ પરિણામ હોય છે. એટલે બારમાં ધોરણના વિદ્યાર્થીઓ જ્યારે માર્કેટમાં આવે છે ત્યારે પ્રાથમિક શાળાની જે સંખ્યા છે એ ડ્રોપ આઉટ રેશિયો ઘટતા ઘટતા લગભગ ૮૫થી ૮૬ ટકા એટલે કે આપણું શિક્ષણ બારમાં ધોરણ સુધી પહોંચવાની સફળતા માત્ર ૧૬ ટકાથી ૨૦ ટકાની વચ્ચે છે. જે ૫૫ થી ૫૬ ટકા પરિણામ આવે છે એની અંદર ગ્રેસીંગના માર્ક આપણે ગણીએ તો એની પરિસ્થિતિ પણ અતિશય ખરાબ છે. સવાલ જે ૧૫–૨૦ ટકા વિદ્યાર્થીઓને આપણે શિક્ષણ આપીએ છીએ એ શિક્ષણ કોન્ટીટીને છોડીએ તો પછી ક્વોલિટી ઉપર આપણે જવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય મનુદાદા મહાન શિક્ષણ કેળવણીકાર એમના વિદ્યાર્થી બનવાની તક મળી છે, એમની પાસે વર્ગો ભર્યા છે. એ શિક્ષણની એક સાદી વ્યાખ્યા આપતા "શિંગડા માંડતા શીખવે એ શિક્ષણ" શિક્ષણનો ખરો અર્થ માત્ર આટલો ટૂંકો અને સાદી રીતે તેઓ સમજાવતા. કોંગ્રેસ મુક્ત ગુજરાત કરવાની લાહ્યમાંને લાહ્યમાં ક્યારે આપણે આ શિંગડા માંડવાનું બંધ કરાવી દીધું, એની જે આવડત હોવી જોઇએ, વિદ્યાર્થીની સમજવાની, વિચારવાની સમીક્ષા કરવાની, પ્રશ્નો પૂછવાની એ જે આવડત કેળવાવી જોઇએ આજે એ આવડત વિદ્યાર્થીઓમાં કેળવાતી નથી. ચિંતાનો વિષય તો ત્યાં સુધી છે કે છેલ્લા ૨૪ વર્ષથી આ જે શિક્ષણની પ્રક્રિયા ચાલે છે એના લાભાર્થી વિદ્યાર્થીઓ વિચારવા, પૂછવાની અને સમીક્ષા કરવાની ક્ષમતા ગુમાવી બેઠેલા વિદ્યાર્થીઓ કેટલાક અહીંયાં પણ પહોંચી ગયા છે અને જેમ ગાંધી અને સરદારની જોડી, રામ અને લક્ષ્મણની જોડી એવી આદર્શ જોડીઓને બદલે દેશના નેતૃત્વમાં જય અને વીરુ જેવા *(xxx) પ્રતિનિધિત્વ દેખાય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, જય અને વીરુ..

અધ્યક્ષશ્રી : ગૃહની ગરિમાની વાત કરીએ, આવી રીતે આપણે એક બીજાને કહીએ છીએ આ રીતે એ યોગ્ય નથી. આ *(xxx) શબ્દ મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પોતે પોતાને શ્રી મનુભાઇના વારસ ગણાવે છે, શ્રી મનુભાઇની વાતો કરે છે અને આ રીતે બોલે એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ઋત્વિકભાઇ, આપનો સમય પૂરો થયો છે. માનનીય નરેશભાઇ.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહના નાણાં વિભાગ સંભાળતા આ રાજ્યના આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાતમી વખત જે બજેટ લઇને આવ્યા છે અને અત્યાર સુધીમાં સૌથી મોટું ૨ લાખ કરોડ રૂપિયા કરતા પણ વધારેનું બજેટ લઇને આવ્યા છે એને હું આવકારું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલથી અત્યાર સુધીમાં અનેક સભ્યોને સાંભળવાનું થયું, સામેના પક્ષના સભ્યોને પણ મેં શાંતિથી સાંભળ્યા છે. આટલું સારું બજેટ, ૨૬ સીટ આવી એમાં ઇ.વી.એમ. ઉપર શંકા જાય એ બે નંબરની વાત છે પણ આ બજેટ ઉપર પણ શંકા જાય છે. એટલે કોઇએ કહ્યું છે કે, વિશ્વાસ શબ્દ નાનો છે, એનું મહત્વ ઘણું મોટું છે, પરંતુ સમસ્યા એ છે કે, **વિશ્વાસ ઉપર લોકો શંકા કરે અને શંકા ઉપર લોકો વિશ્વાસ કરે.** આ બજેટની અંદર મારે આદિજાતિ વિસ્તાર ઉપર બોલવું છે. મારે શ્રી નીતિનભાઇ સાહેબ અને આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનવો છે કે મારા ટ્રાયબલ વિસ્તારની અંદર સામે સાગર કિનારો છે, સાગર કિનારાની અંદર ઘણા બધા ગામોમાં પીવાના પાણીની સમસ્યા એટલી બધી હતી કે ત્યાં જઇએ અને એ લોકો પાણી પીતા હોય તો આપણને દુઃખ થાય, એવી સમસ્યા વરસોથી હતી. મારા પહેલાં શ્રી મંગુભાઇ હોય કે શ્રી કરસનભાઇ હોય કે શ્રી લક્ષ્મણભાઇ હોય, અનેક ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી, પરંતુ મારે આનંદ અને ગર્વ સાથે કહેવું છે કે, મારા વિસ્તારમાં આ વખતે ૩૭૨ કરોડ રૂપિયાની ટાઇડલ ડેમ માટેની મંજૂરી આપી છે. સિંચાઇની વાત કરીએ, અનેક સભ્યશ્રીઓને મેં સાંભળ્યા છે. ઉકાઇ ડેમ ૧૯૭૨ની અંદર લોન્ચ થયો અને આપણે એ સમયે શરૂઆત કરેલી ૧૩૬ કરોડ રૂપિયામાં એ ડેમ એ સમયે બની ગયો, આ સરકારે ૧૯૭૨ પછી બહુ ટૂંકા સમયમાં ડેમની સુધારણાનો કાર્યક્રમ કરવો પડ્યો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

મારે શ્રી નીતિનભાઇ અને શ્રી વિજયભાઇને અભિનંદન આપવા છે, ત્રણ તબક્કાનું કામ પૂરું થયું છે ૭૯૦ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. આ જે વાતો કરે છે વિકાસ પર શંકા? બજેટ ઉપર શંકા. આ ક્યાં સુધી ચાલશે? હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું. ૧૪ જિલ્લા, ૫૩ તાલુકા, દરેક જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ ઓળખવાની. દરેકની અનેક સમસ્યાઓ હોય. એ સમસ્યા સમજવી પડે, વિસ્તારને સમજવો પડે, વિસ્તારના હિસાબે આયોજન કરવું પડે, લોકો પ્રમાણે આયોજન કરવું પડે. સાહેબ, વરસો સુધી નાનો ટૂકડો નાંખે રાખ્યો, તો શું અમારા આદિવાસી વિસ્તારનો વિકાસ થાય? વનબંધું પૅકેજ એટલા માટે જ લાવવું પડ્યું. આદરણીય મોદી સાહેબને, આજે દેશના વડાપ્રધાનને વિકાસ પુરુષ તરીકે દુનિયા જોઇ રહી છે ત્યારે હું એમને પણ અભિનંદન આપું છું અને આ અમારી શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ બન્નેની જોડી અવિરતપણે આ યોજનાને ચાલુ રાખી છે. આદિવાસી વિસ્તારની અંદર શિક્ષણ ઉપર પણ ભાર મૂક્યો છે. મારા આદિજાતિ વિભાગના મંત્રીશ્રી પણ અહીંયાં બેઠા છે, શિક્ષણ વિભાગના મંત્રીશ્રી પણ અહીંયાં બેઠા છે. આ બજેટની અંદર આ વખતે જે વિસ્તારમાં સાક્ષરતા ઓછી છે એ કન્યાઓ માટે જ્યારે આ સરકારે નિર્ણય લીધો કે સાક્ષરતા નિવાસી શાળા, મને કહેતા આનંદ થાય છે કે, કેન્દ્ર સરકાર ૨૭,૧૦૦ રૂપિયાની ગ્રાન્ટ આપે છે. આપણે ૧૦,૦૦૦ રૂપિયા આપતા એમાં ૧૦,૦૦૦ રૂપિયા બીજા ઉમેરીને ૨૦,૦૦૦ રૂપિયા થયા. હવે પછી એક દીકરી દીઠ ૫૭,૧૦૦ રૂપિયા ખર્ચાશે અને ૧૬૧૪૦ દીકરીઓને એનો ફાયદો થવાનો છે. શિક્ષણની વાત કરીએ તો દરેક રીતે, અમારી આદિવાસી વિસ્તારની અંદર આદર્શ નિવાસી શાળા ચાલે છે. રેસીડેન્સીયલ એકલવ્ય મૉડેલ જે સ્કૂલ ચાલે છે. પરિણામના આંકડા જૂઓ તો એ જોતાની સાથે આનંદ થાય. આ વખતે આ સરકારે મને લાગે છે ત્યાં સુધી આદિવાસી વિસ્તારની અંદર ૧૮ જેટલી બીજી આદર્શ નિવાસી શાળા આપવાનો પણ નિર્ણય લીધો છે. હું સરકારનો તે માટે આભાર માનું છું. ૫ જેટલી એકલવ્ય મૉડેલ સ્કૂલ આપવાનો પણ નિર્ણય લીધો છે, એમનો હું આભાર માનું છું. અહીંયાં ઊર્જા મંત્રીશ્રી પણ બેઠા છે. છેવાડાના વિસ્તારમાં આદિવાસી વિસ્તારમાં શ્રી સૌરભભાઇ સાહેબને મારે અભિનંદન આપવા જોઇએ કે વાંસદાનું ખાંભલા, એ ઉંડાણના ગામમાં એ ફીડર કેટલું દૂર આવેલું છે ત્યાં લાઇટ કોને નથી મળતી. પુરા વોલ્ટેજમાં કેમ નથી મળતી એ અહીંયાંથી જોઇ લે છે અને આજે આદિવાસી વિસ્તારની અંદર ૫૦ જેટલા સબ સ્ટેશન આપવા માટે તેમણે નિર્ણય લીધો છે અને ૪૧૧ કરોડ રૂપિયા તે માટે ખર્ચાવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક રીતે, આદિવાસી વિસ્તારની અંદર જ્યાં સુધી રોડનું માળખું તમે સરખું ના કરો. મુખ્યમંત્રી સડક યોજના. જયાં એક બસ જતી નહોતી. બસ જાય ત્યાં પેવર રોડ કરતા હતા. આજે બસ જાય કે ના જાય પરંતુ ૨૫૦ની વસતિ હોય ત્યાં પણ મુખ્યમંત્રી સડક યોજનાનો પાકો રોડ આપવાનું કામ પણ આ સરકારે કર્યું છે. હું સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગમે એટલી ૧૦૮ની સુવિધા હોય પણ ફળિયામાં કોઇ સારો રસ્તો નહીં આપીએ તો કોઇ બહેન–દીકરીની જિંદગી આપણે બચાવી શકતા નથી. રોડનું નેટવર્ક અનેક રીતે આપણને ઉપયોગી થયું છે. જયાં સુધી આદિવાસી વિસ્તારને શિક્ષણ નહીં આપીએ ત્યાં સુધી આદિવાસીઓમાં બદલાવ નહીં આવે પરંતુ આજે સામેના પક્ષો જ્યારે પણ શંકાથી ગમે તે રીતે ગેરમાર્ગે દોરીને પ્રધાનમંત્રી કિસાન નિધિ આ અમારા આદિવાસી સમાજને સૌથી મોટો ફાયદો થવાનો છે. ભારત માલા નામનો એક મોટો ચેકડેમ બનાવવાનો છે. ચૂંટણી પહેલાં આ ડેમનો વિરોધ કરવા નીકળ્યાં છે. તેનો શું કામ વિરોધ કરે છે ? સારો રોડ બનાવવાનો તેનો વિરોધ કરે અને લોકોને ભડકાવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમમાં કોઇ અને કોઇ રીતે જે અવરોધ ઉભો થયો, સહકાર પણ આપ્યો હશે, ધન્યવાદ. પરંતુ આ નર્મદા ડેમ બનાવવામાં જેટલો વિરોધ થયો આ ગુજરાતમાં તમે બનાવેલા ડેમ તેના કરતા દસ ગણો ખર્ચ આ નર્મદા ડેમમાં ગયો છે. આ જેવી તેવી વાત નથી પરંતુ આ સંવેદનશીલ સરકાર, વિકાસને માનનારી સરકાર છે અને એટલે જ ૨૬માંથી ૨૬ અમે લાવી શક્યા છીએ. હું આ બજેટને અનુમોદન આપું છું અને ફરી વખત શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇને હું અભિનંદન આપું છું, ધન્યવાદ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના માનનીય ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને બજેટથી થતા વિકાસ માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેની નીતિ સારી હોય, નિયતિ સારી હોય અને નેતૃત્વ સારું અને સબળ હોય એ જ વ્યક્તિ આવુ વિકાસલક્ષી બજેટ પ્રજાને આપી શકે. આ બજેટ કંઇક એનર્જીવાળું, ઐતિહાસિક, ઔદ્યોગિક અને આર્થિક અને સમાજના વિકાસ માટે ઉર્જા પ્રાપ્ત કરનારું મહત્વનું પરિબળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો આભાર માનું છું કે બજેટમાં મારા વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં રૂ. ૧૧૨ કરોડ અને વલસાડ તાલુકામાં ૧૩૭ કરોડ રૂપિયાની પાણી પુરવઠાની યોજના માટે જોગવાઈ કરી એ માટે પ્રજા વતી હ્દ્દ પૂર્વક તેમનો આભાર માનું છું. સાથે સાથે અમારા કેન્દ્રીય કેબિનેટ પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબનો પણ હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં જતો હતો ત્યારે મારા મત વિસ્તારમાં રસ્તા અને પાણીની અનેક સમસ્યા હતી. દરિયાકાંઠાના લોકો ચૂંટણી બહિષ્કાર સુધીના આંદોલન સુધી પહોંચી ગયા હતા પરંતુ આવા સમયે અમે લોકોને સમજાવ્યા હતા કે એક તક અમને આપો. હું તમારા મોટાભાગના કામો પૂર્ણ કરીશ અને આ વચન

દરેક ચૂંટણી સભામાં અમે આપતા હતા. ત્યારે મારા કોંગ્રેસના મિત્રો કહેતાં હતા કે ૨૫ વર્ષમાં રસ્તાના વિકાસના કામો થયા નથી તો તમે કેવી રીતે કરી શકશો ? પરંતુ મેં એ મિત્રોને કહ્યું કે હું જે નેતૃત્વમાં કામ કરવા જઈ રહ્યો છું તે આપણાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં કામ કરવા જઈ રહ્યો છું. આ નેતૃત્વમાં કામ કરવાની ક્ષમતા, શકિત, આવડતને મેં સંગઠનમાં હતો ત્યારે જોઇ હતી અને આ બધી બાબતો ધ્યાનમાં લઇને મેં લોકોને વચન આપ્યા હતા અને લોકોએ અમને જીતાડ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો આભાર માનું છું કે તેમના સહકાર થકી મારા વિસ્તારના સારા એક કામો કરી શક્યો છું. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી માનનીય નરેન્દ્રભાઇ મોદીની વિકાસ ગાથા, કાર્યપદ્ધતિને લક્ષમાં લઇને સમગ્ર દેશની પ્રજાએ અને ગુજરાતની પ્રજાએ પૂરી ૨૬ બેઠકો આપી અને દેશના વડાપ્રધાન બનાવ્યા અને આપણાં નરેન્દ્રભાઇ મોદી સાહેબ દિલ્હી ગયા અને સમગ્ર દેશને વિકાસના પંથે લઇ જવા માટે કાર્યમાં જોતરાઇ ગયા. ફરીથી ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી આવી ત્યારે મારા કૉંગ્રેસના મિત્રો ગેલમાં હતા. કારણ કે, હવેથી ગુજરાતની ચૂંટણીમાં શ્રી નરેન્દ્રભાઇ નહિ હોય, તેઓ સમય આપી શકશે નહિ અને અમે ચૂંટણી જીતી શકીશું કે નહિ એ બાબતે ખૂબ ગેલમાં હતા. એમને સત્તા લાલસા લાગી હતી. મારા સાથી કૉંગ્રેસના મિત્ર શ્રી સુખરામભાઇ રાઠવા જે અત્યારે અહીંયાં નથી પણ તેઓ કહેતા હતા કે શ્રી નરેન્દ્રભાઇ મોદીને આગળ-પાછળ કોઇ નથી. આજુ-બાજુ કોઇ નથી પણ એમની આજુ-બાજુ અમે છીએ અને આ જ આજુ-બાજુવાળાઓએ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇની જોડીએ ફરીથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનાવીને ભગવો લહેરાવ્યો છે.

શ્રી અરવિંદ શાં. રાણા સુરત(પુર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્ત્વમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રી આદરણીયશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ની રૂ.૨,૦૪,૮૧૫ કરોડ રૂપિયાનું સાતમું બજેટ રજૂ થયું છે. જેને હું દિલથી આવકારું છું, સમર્થન આપું છું. હું ટુરિઝમ વિભાગ માટે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. વર્ષ ૨૦૦૫-૦૬માં પ્રવાસન ક્ષેત્રે રૂ.૩૫ કરોડનું બજેટ હતું જે હાલ વધીને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રૂ.૪૫૨ કરોડ થવા પામેલ છે અને ચાલુ વર્ષે એટલે કે ૨૦૧૯-૨૦માં પ્રવાસન ક્ષેત્રે રૂ.૬૦૧ કરોડની જોગવાઇ સૂચવેલ છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની પ્રજા તરીકે આપણે વિશ્વ પ્રવાસી છીએ. આનંદ, પ્રમોદ અને અવનવું જાણવાની આપણી કુતૂહલતાના કારણે આપણે દુનિયાના કોઇપણ ખૂણે જવા અને જોવા-માણવા પહોંચી જઇએ છીએ. છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્ય સરકારના અથાગ પ્રયત્નોને કારણે ગુજરાત આજે સમગ્ર દુનિયાના લોકો માટે હરવા-ફરવા માટે અગ્રિમ હરોળનું સ્થાન બની ગયું છે. જેના કારણે આજે દુનિયાના પર્યટનના નકશા ઉપર ગુજરાત મહત્ત્વનું પર્યટન કેન્દ્ર પ્રસ્થાપિત થયું છે અને એનો શ્રેય માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે અને એમના ગુજરાત પ્રત્યેના પ્રેમને જાય છે. હું સુરતની વાત કરું તો પુણ્ય સલીલા સૂર્ય પુત્રી તાપી નદી જેના સ્મરણ માત્રથી માણસના પાપ દૂર થાય છે તેવી પૌરાણિક કથા છે. તેના સાનિધ્યના સુરત શહેરમાંથી હું ચૂંટાઇ આવું છું. તાપી નદી પણ ટુરિઝમનો જ એક ભાગ છે. તાપી નદીના વીયર કમ કોઝવેથી કઠોર સુધીના પાણીના સરોવરમાં ૫૭ જેટલા ઈન્ડસ્ટ્રીયલ અને અન્ય ગંદા પાણીના આઉટ લેટ બંધ કરીને પમ્પિંગ સ્ટેશનો બનાવવા અને તર્સરી પ્લાન બનાવી પાણી ટ્રીટ કરીને ઇન્ડસ્ટ્રીઝને શુદ્ધ પાણી પૂરું પાડવા માટે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ સાથે આ બજેટમાં ૯૨૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો હું ખૂબ - ખૂબ આભાર માનું છું. ગુજરાત રાજ્ય શાંત, સલામત, સમૃદ્ધ, વિકાસનું શક્તિપુંજ, સુરક્ષિત અને ભવ્ય સાંસ્કૃતિક વિરાસત ધરાવતું જીવંત રાજ્ય છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી માટે ગુજરાત તેમનો આત્મા અને ભારત તેમનો પરમાત્મા છે. ગુજરાતની ધરતી ઉપર અતિ પ્રાચીન સોમનાથ જ્યોતિર્લિંગ, હજારો વર્ષ જૂનું અતિ પ્રાચીન અને મોક્ષનું દ્વાર કહેવાય છે તેવું જગત મંદિર દ્વારકા, ઐતિહાસિક પૌરાણિક શક્તિપીઠ અંબાજી ગબ્બર, સૂર્યમંદિર મોઢેરા, અતિ પ્રાચીન ગિરનાર, પાટણની પ્રસિદ્ધ રાણકી વાવ, સાપુતારા, ગીરના જંગલોમાં દેશના અલભ્ય એવા સિંહ દર્શન, ગાંધીજીની જન્મભૂમિ એવું પોરબંદર, કાંકરિયા તળાવ, ગાંધીજીનો સાબરમતી આશ્રમ, ગાંધીનગરનું અક્ષરધામ મંદિર, ૧૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો આવી પ્રાચીન સમૃદ્ધિની પુંજી હોવા છતાં કૉંગ્રેસની સરકારે પ્રવાસન ક્ષેત્રે કોઇ કામગીરી કરી નહોતી. મારે ગૌરવ સાથે કહેવું જોઇએ કે વર્ષ ૨૦૦૦ પછી આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી બન્યા ત્યારે તેઓ ગુજરાતની વિરાસત દેશ અને દુનિયા સમક્ષ રજૂ કરીને ગુજરાતની આન, બાન અને શાનને વિશ્વના ફલક ઉપર મૂકીને ગુજરાતના ટુરિઝમનો વિકાસ, પ્રચાર અને પ્રસાર કર્યો. દેશના ફિલ્મ જગતના મહાનાયક, મહાન અભિનેતા શ્રી અમિતાભ બચ્ચનને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનાવી '' ખુશ્બુ ગુજરાત કી'' થી શરુ કરેલ ગુજરાત ટુરિઝમને દેશ અને દુનિયા સમક્ષ રજૂ કર્યું. દેશના અન્ય પ્રાંતોમાંથી એન.આર.આઇ., એન.આર.જી. અને દુનિયાભરના પ્રવાસીઓને ગુજરાત આવવાનું ગુજરાત માણવાનું ઘેલું લાગ્યું. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ ટુરિઝમને પ્રથમ હરોળમાં સ્થાન આપી તમામ પૌરાણિક અને ભવ્ય સાંસ્કૃતિક વિરાસતના ઐતિહાસિક સ્થળો માટે કરોડો રૂપિયાના પ્રોજેક્ટો હાથ ધરી ટુરિઝમને કોર્પોરેટ લૂક આપીને કચ્છમાં રણોત્સવ, ટેન્ટ સિટીનું નિર્માણ, ચાંદની રાતમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ. સ્ટેચ્યુ ઓફ યુનિટી દુનિયામાં સૌથી ઊંચી પ્રતિમા ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા દેશને અર્પણ કરી. ઉતરાયણમાં પતંગોત્સવ, નવરાત્રીમાં ગરબા ઉત્સવ, હોળીમાં હોળી ઉત્સવને ગ્લોબલ

ઉત્સવ બનાવી દેશ અને દુનિયાના લોકોને આકર્ષિત કર્યા. '' કુછ દિન તો ગુજારીયે ગુજરાતમે. કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા, ગુજરાત કી આંખોકા તારા સાપુતારા. ગુજરાત નહિ દેખા તો કુછ નહિ દેખા.'' શ્રી અમિતાભ બચ્ચનના શબ્દોએ અને શ્રી નરેન્દ્રભાઇ મોદીના પુરૂષાર્થથી દેશ અને દુનિયાના લોકો ગુજરાતના પ્રવાસી બન્યા ત્યારે તો લોકોને સમૃદ્ધ, વિકસીત અને તમામ સુવિધાવાળું ગુજરાત દેશમાં હોવાનું અને આટલું સ્વચ્છ, સુંદર, વેપાર, વાણિજય, અર્થ વ્યવસ્થાથી સંપન્ન આપણા ગુજરાતની ઓળખ પ્રસ્થાપિત થઇ.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ રૂપિયા બે લાખ કરોડનું વિકાસશીલ બજેટ લાવ્યા છે તેનું હું સ્વાગત કરું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસને સાર્થક કરનારું આ દુરંદેશી ભરેલું બજેટ લાવ્યા એ અભિનંદનને પાત્ર છે. હું સદર બજેટ ઉપર વાહન વ્યવહાર વિભાગની કામગીરી ઉપર આ બજેટની જોગવાઇઓ ઉપર મારું મંતવ્ય રજૂ કરવા માગું છું.

વાહન વ્યવહાર વિભાગ માટે થઇને ૩૬૧ કરોડ ૭૮ લાખ ૧૨ હજાર મહેસૂલી ખર્ચ પેટે તથા ૬૨૪ કરોડ ૨૪ લાખ ૨૦ હજાર રૂપિયા મૂડી ખર્ચ પેટે જોગવાઈ કરવામાં આવી છે. આ ખૂબ જ દુરંદેશી ભરેલો વિચાર કરીને આ જોગવાઈ કરવામાં આવી છે.

રાજયની સવા છ કરોડની વસતિ તથા ૩૩ જિલ્લા માટે લોકોને વધુ સારું પરિવહન અને સેવા ઉપલબ્ધ થાય એ માટે નવી બસો ખરીદી તથા બસ સ્ટેશનો આધુનિક કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૮૩૦ નવી બસો સંચાલનમાં મૂકવામાં આવી હતી. જ્યારે ચાલુ વર્ષે બીજી એક હજાર જેટલી બસોનો ઉમેરો થયો છે. આ વિભાગ દ્વારા આ રીતે રાજયના ૯૯ ટકા ગામડાંને બસની સુવિધા પૂરી પાડવા માટે થઇને એક આગવી સિદ્ધિ મેળવેલ છે.

વિભાગ દ્વારા સૌ પ્રથમ પ્રિમિયમ સર્વિસ પ્રકારની વોલ્વો એ.સી. બસો પછી એ સ્લીપર અને સીટીંગ ચાલુ કરવામાં આવી છે. આ સેવાને મહાનગરો, નગરો , પ્રવાસી મથકો અને યાત્રાધામો સાથે સાંકળવામાં આવેલ છે.

નિગમ દ્વારા એક ઉમદા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે જે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જઈ રહ્યો છું. શિક્ષણથી વંચિત ગામડાંના બાળકોને શિક્ષણ પૂરું પાડવા માટે થઇને એજયુકેશન ઓન વીલ સેવા શરૂ કરીને એક સામાજિક જવાબદારી નિગમ નિભાવી રહ્યું છે. નિગમ પ્રથમ વખત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ગુજરાત, ૨૦૧૯માં ભાગ લઈ રહ્યું છે. ૧૧ કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. વાહનવ્યવહાર સેવાઓમાં કમ્પ્યુટરાઇઝેશન કરીને રાજયના તમામ ૩૩ જિલ્લા સાથે સિંગલ વિન્ડો સિસ્ટમ વિકસાવીને અદ્યતન અને ઝડપી કરવામાં આવ્યું છે. આમ ઓન લાઇન બુકીંગ માટે થઇને પણ મોબાઇલ એપ્સ લોંજ કરવામાં આવી છે. વિશ્વની જે વ્યવસ્થા અને આધુનિક યુગની જે વ્યવસ્થા છે તેની સાથે કદમ મિલાવવા માટે થઇને આપણો વાહનવ્યવહાર વિભાગ સખત પરિશ્રમ કરી રહ્યો છે. વાહનવ્યવહાર મંત્રીશ્રીને પણ આ માટે થઇને તેમણે જે પ્રયત્નો કર્યા છે તેની હું સરાહના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડ્રાઈવિંગ લાઇસન્સ માટે આપણને હવે સ્માર્ટ કાર્ડ આપવામાં આવે છે. આ વિભાગ દ્વારા કોમર્શિયલ વાહનોની ક્ષમતા અને ફિટનેશ માટે રાજયભરમાં ફિટનેસ સેન્ટરો ઊભા કરવામાં આવ્યાં છે. રોડ સેફ્ટી મેળાઓનું શાળાઓમાં આયોજન કરવામાં આવી રહ્યું છે. ચેક પોસ્ટો પર સી.સી.ટી.વી. કેમેરા ફીટ કરવામાં આવ્યા છે તેમજ વાહનોને લગતા ગુના, ઓવર લોડ, ઓવર ડાયમેન્શન માટે દંડની આકારણી કમ્પ્યુટર સિસ્ટમથી કરવામાં આવી રહી છે. રાજયની રેવન્યુ વધારા માટે ઉપયોગી થશે અને ભ્રષ્ટાચાર નાબૂદ થશે.

આ વાહન વ્યવહાર વિભાગને પોતાની વિશિષ્ટ કામગીરી બદલ કેટલા એવોર્ડ મેળવેલા છે. કોઇને અનુમાન ન આવે તે પ્રકારની કામગીરી આ વર્ષ દરમ્યાન જે પ્રાપ્ત કર્યું છે તે હું ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. ડિઝલ બચત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ એએસઆટી દ્વારા મહત્તમ કિલોમીટર પર લિટર ૫.૨૬ કિલોમીટર પર લિટર માટે વિનર એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. સમગ્ર દેશમાં લઘુત્તમ ઓપરેશન કોસ્ટ રૂ.૨૮.૦૪ કિલોમીટર માટે વિનર એવોર્ડ મળેલો છે. મહત્તમ વ્હીકલ પ્રોડક્ટીવિટીમાં ૩૬૪.૨૨થી ૩૯૦.૩૯ એ રાષ્ટ્રીય કક્ષાએ એએસઆરટી દ્વારા એવોર્ડ મળ્યો છે. વાહન વ્યવહાર વિભાગને આટલા એવોર્ડ મળે છે એ આપણે પ્રથમવાર જાણી શકીએ છીએ. જે તમારી સમક્ષ હું મૂકવા માગું છું. નિગમમાં વાહનોમાં ઇંધણ ભરવાની પ્રક્રિયાને સંપૂર્ણ ઓટોમેટિક કરવામાં આવી છે જે ઓટોમેશનના કારણે ખર્ચમાં રૂ. ૪૫ કરોડની બચત થઇ છે અને ભષ્ટ્રાચાર અને દૂરાચાર આમાંથી દૂર થયો છે. નિગમને ફયુઅલ ઓટોમેશન માટે પણ એમને સિલ્વર એવોર્ડ મેળવેલ છે. આ બધું જોતાં આપણને એમ લાગે છે કે ૨૧મી સદીમાં જ્યારે પ્રધાનમંત્રીજી ૨૦૨૨ વર્ષના અંતે શ્રેષ્ઠ ભારતના નિર્માણ તરફ આગળ વધી રહ્યા છે ત્યારે તેમાં સાથ આપવા માટે થઇને ગુજરાતનું આ બજેટ ખૂબ જ ઉપયોગી અને પૂરક નિવડશે તેવી મને શ્રદ્ધા છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯-૨૦ નું રજૂ થયેલ ગુજરાત સરકારે અને આપણા આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે અને માનનીય નાણાં અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સાહેબે રજૂ કરેલ રૂ.૨,૦૪,૮૧૫ કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સાથે મારો જે વિષય છે પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જ. પર્યાવરણના જતન માટે પણ રાજ્ય સરકારે અને નાણા મંત્રીશ્રીએ રૂ. ૨૨૭૫ કરોડ અને કલાઇમેટ ચેન્જ માટે રૂ. ૧૦૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, તે બદલ માનનીય નાણામંત્રી સાહેબનો હું આભાર વ્યકત કરવા માગું છું.

આષાઢ ૧૯, ૧૯૪૧ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારે જણાવું છે કે પર્યાવરણના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા માનનીય પર્યાવરણ સંમેલન જૂન ૧૯૭૨માં સ્વીડનની રાજધાની સ્ટોકહોમ ખાતે યોજાવામાં આવ્યું હતું, જેમાં ભારતે પણ ભાગ લીધો હતો. એ વખતે નિર્ણય લેવામાં આવ્યો હતો કે પર્યાવરણના બચાવ અને તેના સુધારા માટે પૂરા વિશ્વએ એ દિશામાં કામ કરવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં જે દુઃખદ ઘટનાઓ બની જે તેને મારે શાયરની પંકતિથી ઉજાગર કરવા માગું છું.

**कभी भूल से भी अब याद आती नहीं जिंदगी,**

**वही किस्से सभागृह को सुनाना चाहते है हम ॥ ''**

મધ્યપ્રદેશમાં ભોપાલમાં તા. બીજી ડિસેમ્બર ૧૯૮૪ની રાત્રે માનવ સર્જીત યુનિયન કાર્બાઇડ પ્લાન્ટમાં લગભગ ૪૦ ટન ઝેરીલી મિસાઇલ આઇસો સાઇનાઇડ ગેસ લીક થવાના કારણે એટ ધ ટાઇમ ૧૫ હજાર લોકોનું તાત્કાલિક ઘટના સ્થળે મોત થયું હતું. અને ૫ લાખ લોકોને સીધી અસર થઇ અને એના માલિક જે વિદેશી હતા તેને આજના જે આ મિત્રો ચોકીદાર ચોર છે એમ કહેનારા લોકો એ જે કંપનીના માલિકને ભગાડવા માટે ફલાઇટ પણ ત્યાં રાખી હતી અને તેને વિદેશમાં મોકલવાનું કામ પણ કર્યું હતું. અને સાથે સાથે માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનાથી જાગેલી ભારત સરકાર અને ભારતના બંધારણની કલમ ૨૩૩ હેઠળ કાયદો બનાવવામાં આવ્યો એન્વાર્યમેન્ટ પ્રોટેકશન એક્ટ ૧૯૮૬, એટલે કે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬, અને એના ભાગરૂપે આપણી ગુજરાત સરકારે, ભાજપની સરકારે પણ ૨૦૧૫માં વિશ્વ બેંકની સહાયતાથી અને જી.પી.સી.બી. ગુજરાત પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડના માધ્યમથી સ્ટેટ ઓફ ધી આર્ટ લેબૉરેટરી ગાંધીનગર ખાતે પણ લેબૉરેટરી સ્થાપવામાં આવી. માનનીય નાણામંત્રીશ્રી અને આપણા રૂપાણી સાહેબનું જે કથન છે કે કોઇ પણ પર્યાવરણના ભોગે વિકાસ કરવામાં અમે માનતા નથી. પર્યાવરણની જાળવણી કરવી એ આપણા બધાની સંયુક્ત જવાબદારી છે. નાગરિક ધર્મની બધાની આપણી જવાબદારી છે. કલાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મીંગ એ વિશ્વ ફલક ઉપર ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે. કલાઇમેટ ચેન્જની વિપરીત અસરથી આખું વિશ્વ આજે ચિંતામાં મુકાયેલું છે. પ્રદૂષણનો પ્રશ્ન એ માનવ સર્જિત મહા પ્રશ્ન છે. જેને રોકવામાં ન આવે તો સમગ્ર માનવ જાત માટે આવનારા સમયમાં ચિંતાનો વિષય છે. પર્યાવરણ બગડવાના કારણોમાં વસતિની ગીચતા, ઔદ્યોગીકરણ, મોટા પ્રમાણમાં આવાસોનું નિર્માણ, એટલે કે સિમેન્ટ કોંક્રીટના જંગલો ઊભા કરવાનું અને ઊંચા ઉષ્ણતામાનને કારણે ગરમીમાં વધારો, ગરમી વધવાથી પૃથ્વી ઉપરના હિમાચ્છાદિત પહાડો અને હિમ નદીઓ પીગળવાથી આબોહવાની અસમતુલા ઊભી થઇ છે. પર્યાવરણ મુળભૂત રીતે આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલું છે. પર્યાવરણને બચાવવાની શરૂઆત વિષ્ણુ ભગવાનના મત્સ્ય અવતારથી લઇને આજ સુધી ચાલી આવી છે. ભગવાન વિષ્ણુએ પણ મત્સ્યાવતાર દરમિયાન માછલીનું રૂપ ધારણ કરીને પૃથ્વીને બચાવી હોવાની વાત વિષ્ણુ પુરાણમાં પણ વર્ણવેલી છે. વર્તમાન યુગમાં પણ પર્યાવરણ અને તેને લગતી સમસ્યાઓથી સમાજ અને માનવીય સંસ્કૃતિ પર થતી અસરો આપણે સૌ અનુભવી રહ્યા છીએ. પર્યાવરણ વિના માનવીય સંસ્કૃતિ શકય નથી અને પર્યાવરણના પંચ મહાભૂતો જેવા કે જળ, જમીન, અગ્નિ, હવા અને આકાશ વગર આપણા સમાજ અને સંસ્કૃતિનું અસ્તિત્વ શકય નથી. પર્યાવરણનું મહત્વ સમજતા તથા પર્યાવરણની માનવીય જાત માટેની જરૂરિયાતને ધ્યાને રાખતા સરકારશ્રી દ્વારા પૂરતા પ્રયાસો કરવામાં આવેલ છે. જેથી રાજ્યના પર્યાવરણની પરિસ્થિતિ વધુમાં વધુ સુદ્રઢ બનતી રહી છે અને તે માટે ગુજરાત ઇકોલોજી કમિશન તથા જી.પી.સી.બી. દ્વારા ગુજરાત રાજ્યના પર્યાવરણને થતી આડ અસરો સાથે શકય તેટલા પ્રમાણમાં લોકોના જીવન ઉપર ઓછી અસર થાય તેવા પ્રયત્નો સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. વિશ્વબેંક પુરસ્કૃત સંકલિત દરિયા કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન યોજના સાથે સાથે સરકાર દ્વારા ગુજરાત ઇકોલોજી કમિશન સ્ટેટ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ તરીકે ડેવલપ કરવામાં આવેલા જે ભાગો છે તેના ભાગ રૂપે મરીન, ઓઝેનેરીયમ, રાજ્યના ecology park તાલીમો, પર્યાવરણ માહિતી અને પર્યાવરણ સંવર્ધનના કામને લગતા વિવિધ કાર્યક્રમો, ઇલેકટ્રોનિક તથા અન્ય માધ્યમોથી પ્રચાર પ્રસારના કાર્યક્રમો, સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે......

અધ્યક્ષશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી પુનાભાઇ ગામીત.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના ઉપ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા કેટલાક વિચારો રજૂ કરું છું. જે રીતે બજેટ ફાળવવામાં આવ્યું છે એ પ્રમાણે જે કામો અમારા જે સૂચવાયેલા હતા અગાઉ એ પણ આવ્યા નથી. માનનીય શ્રી નીતિનભાઇ સાહેબને મેં ખૂબ આગ્રહ પૂર્વક રજૂઆત પણ કરી હતી અને મને આશા અને અપેક્ષા પણ હતી કે આ જે બે જિલ્લાઓને જોડતા રસ્તાઓ હતા, શબરી ધામ જવા માટે જુનાળા–ઝાંખરીથી માંડીને બંડીવાડા થઇને શબરી ધામ જવા માટે સાત માર્ગીય બનાવવા માટે તે રસ્તો આમાં આવ્યો નહીં. એટલે મને થતું હતું કે શરતચૂકથી રહી ગયો હશે. ભલે રહી ગયો હોય પરંતુ આવનારા માર્ચના બજેટમાં કંઇક વિચારીને લાવે એવી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે છે એ તો કહું છું. શ્રી નીતિનભાઇના વખાણ પણ કરું છું. તેમણે મને ઘણા બધા કામો આપ્યા છે. હું રસ્તા પણ ગણી બતાવું એટલે એ સવાલ છે જ નહીં. જે કામગીરી ખાસ મહત્વની છે. બે જીલ્લાને જોડતી. માનનીય શ્રી ગણપતભાઇ સાહેબ, એ તો તમારા અધિકારમાં આવે. કારણ કે મારા બે મહાનુભાવો છે, શ્રી મોહનસિંહભાઇ અને ડો. અનિલ જોષીયારા એમ કહે કે આદિવાસી બજેટના હેડની રકમ વાપરી શકતા નથી, માનનીય મંત્રીશ્રી, આવું તમને કહે છે. શ્રી નીતિનભાઇ સાહેબ તો મંજૂર કરી દે છે. એ હેડે આપે પણ છે પણ બજેટમાં વાપરી શકતા નથી. એટલે તમારી જવાબદારી

બને છે. હું તો હવે તમને પકડીશ. માણસ મજબુત છે એટલે હવે કંઇક કરશે એવી મને આશા છે. માનનીય શ્રી નીતિનભાઇ સાહેબના મારે એટલા માટે વખાણ કરવા જોઇએ કે અમારા ગાયકવાડ સ્ટેટનો જે રસ્તો હતો તેમાં ત્રણ નદીઓ આવતી હતી. ત્રણ નદીઓ ઉપર પુલ જે કરવાના હતા, વારંવાર મેં એમને રજૂઆત પણ કરી હતી. ૨૦૧૨માં જ્યારે ત્રીજી વાર ચૂંટાઇને આવ્યો ત્યારે મેં રજૂઆતો પણ કરી હતી. ત્યારે આ ત્રણે નદીઓ ઉપર પુલની મંજૂરી આપવામાં આવી હતી. પૂર્ણા નદી, ઢોળકા નદી અને અંબિકા નદી. એ પુલ ઉપર રસ્તા માટે બીજા ૧૫ કોઝવે પાછા મંજૂર કરી આપ્યા. એટલા માટે અભિનંદન આપું છું. શ્રી નીતિનભાઇને હંમેશા જે કામગીરી સોંપી છે એ કરતા આવ્યા છે એટલે પછી બીજી કામગીરીમાં બ્રેક મારી દેતા નહીં. કારણ કે બે જિલ્લાનો સવાલ છે. લોકોપયોગી રસ્તાઓ છે. એટલા માટે મેં આ વિનંતી કરી છે. (અંતરાય) ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અહીં બેઠાં નથી, એમના પણ વખાણ કરી લેત. કારણ કે ૨૦૦૧માં જ્યારે અમે શુગર ફેક્ટરી ચાલુ કરી. અમારા શ્રી તુષારભાઇ ચૌધરી સાહેબ અને અમે બધા મળવા ગયા હતા. એમણે અમને પાંચ કરોડ રૂપિયા મંજૂર પણ કરી આપ્યા હતા. એ શુગર ફેક્ટરી ચાલુ કરવા રૂ.૪૨ કરોડનું દેવું હતું. માનનીય શ્રી ઇશ્વરભાઇના પણ હું વખાણ કરી લઉં કે એ પણ અમને મદદરૂપ થયા હતા. એ ભલે ભાજપમાં હતા. હું વાઇસ ચેરમેન હતો. રૂ.૪૨ કરોડનું દેવુ પૂરું કરી નાખ્યું પછી તો શુગર ફેક્ટરી પાછી જેવી અમે છોડી એવી પૂરી કરી નાખી. આ શુગર ફેક્ટરી આદિવાસીની જીવાદોરી સમાન હતી એ આજે બંધ થઇ ગઇ છે. આ મારા કેટલાક સૂચનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગમાં પણ મારા કેટલાક સૂચનો છે. ગયા વખતે મેં કહેલું, વ્યારામાં જનરલ હોસ્પિટલને સિવિલનો દરજ્જો આપવામાં આવ્યો છે. અલગ જિલ્લો બનાવવામાં આવ્યો છે ત્યારે ત્યાં સીટીસ્કેન મશીનની જરૂર છે. અમારે કોઇ અકસ્માત થાય તો સીટી સ્કેન માટે સુરત સિવિલ સુધી જવું પડે છે. માનનીય શ્રી ગણપતભાઇ મંત્રી સાહેબને પણ વિનંતી કરું કે તે વિસ્તારના આદિવાસી પટ્ટામાંથી આપ મંત્રી બન્યા છો ત્યારે તો આમાં સૂર પુરાવો અને સીટી સ્કેન મશીન મંજૂર થઇને જનરલ હોસ્પિટલમાં મૂકાય તે માટે મદદરૂપ થાવ.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિશે વાત કરી. સાથે સાથે સિંચાઇની પણ વાત કરી લઉં કે કાકરાપાર તાપી નદીમાંથી જે લાઇન આપવામાં આવી છે, જાખરી નદીમાં બે મહિના જે સૂકો ડેમ પડી રહે છે એ સૂકા ડેમમાં ટીચકીયા ગામ છે એમાં આવેલો છે. તેમાં બરછટ પાણી, સીધું પાણી જો આપી દેવામાં આવે તો ઢોરને પાણી પીવાની તકલીફ પડે છે, ખેડૂતોને તકલીફ પડે છે. ડેમમાં પાણી હશે તો તળ ઉપર આવીને ખેડૂતોને ખેતી કરવા માટે ઉપયોગી રહેશે. કારણ કે એ પાણી જે છે એમ.પી.-૩ની જે પાઇપ નાંખવામાં આવી છે એ સીધી કાકરાપાર ડેમમાંથી અમારા વિસ્તારમાં નહીં નહીં તો ૩૦થી ૪૦ ગામડાઓને ફાયદો થાય એવું છે. એ પાણી છોડવામાં આવે છે ફક્ત એક કલાક કે બે કલાક એ પીવાના પાણી માટેનું છે. પરંતુ બાકી છે ત્યાં વાલ મૂકીને એને ડેમમાં છોડી દેવામાં આવે તો ડેમ ભરાઇ જાય તો ત્યાંના લોકોને ફાયદો થાય એવી સ્થિતિ છે. અત્યારે માનનીય પાણી પુરવઠામંત્રી નથી, એમને મારે કહેવું હતું પણ એ જતા રહ્યા છે એટલે મારે ખાસ શ્રી નીતિનભાઇ સાહેબને વિનંતી કરવી છે કે આ યોજના થાય તો એમાં કંઇ બીજો ખર્ચો કરવાનો નથી. ફક્ત ટેકનીકલ અદલ બદલ કરીને એમાં પાણી છોડી દેવામાં આવે તો ઘણા લોકોને ફાયદો થાય. સાથે મારી બીજી પણ ખાસ વિનંતી છે કે જે રીતે સેટેલાઇટથી જમીન માપણી થઇ છે એ ૨૦૧૨માં જ્યારે થઇ ત્યારે બધા પુરાવા આપણા આપવાના હોય એટલે મેં પણ સાત-બાર, આઠ-અ કરાવી તો મારે ૮ એકર અને ૧૫ ગુંઠા જમીન હતી એમાંથી ફક્ત ૧૧ ગુંઠા થઇ ગઇ. મારી પોતાની જમીન શ્રી નીતિનભાઇ સાહેબ, બીજી બાકીની જે જમીન છે એ સેટેલાઇટ ઉપરથી હવામાં ગળાઇ ગઇ લાગે છે. આપના માધ્યમથી હું કહેવા માગુ છું કે ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીની જ જમીન હવામાં ગળાઇ જાય તો કેમ ચાલે?

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : કબજો તો મારી પાસે છે, કબજો મેં છોડયો નથી. પરંતુ સાત-બારમાંથી આટલી જમીન ગાયબ થઇ ગઇ. ૮ એકર અને ૪ ગુંઠા જેટલી જમીન સાત-બારમાંથી ગાયબ થઇ ગઇ. (અંતરાય) એટલે શ્રી ગણપતભાઇ સાહેબ, તમે મારી મજાક કરી લો કંઇ વાંધો નહીં..

અધ્યક્ષશ્રી : કોઇ મજાક ના કરી શકે. તમારી વાત ખૂબ ગંભીરતાથી નાયબ મુખ્યમંત્રીશ્રીએ લીધી છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : આ પરિસ્થિત આવી છે. આજે પણ શ્રી ગણપતભાઇ સાહેબ, સુધારો નથી થયો. આ રીતે સેટેલાઇટથી માપણી આખા રાજ્યમાં કરી છે એમાં ઘણા બધા સાત-બારમાં આવા ગોટાળા થયેલા છે. ફરીથી રી-સરવે થાય અને ખેડૂતોને ન્યાય મળે એ દિશામાં આપણે કરવું જોઇએ અને જેની પાસે જે ખાતું છે એમણે ન્યાય માટે વાત પણ કરવી જોઇએ. મારી જે રજૂઆતો છે, લાગણી છે એ ખોટી નથી, વ્યાજબી છે. આ રીતે મેં જેટલા જેટલા સૂચનો કર્યા છે એ માનનીય મંત્રીશ્રી ધ્યાને લે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી ગુજરાતનું સર્વગ્રાહી અને વિકાસશીલ બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. એમ કહેવાય છે કે એકવીસમી સદી એ જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે અને એકવીસમી સદી એ ભારતની સદી છે એમ કહેવાય છે પણ મને ૨૦૧૪ સુધી વિશ્વાસ નહોતો કે એકવીસમી સદી એ ભારતની સદી બનીને રહેશે. આજે આપણે જોઇએ છીએ કે સમગ્ર વિશ્વના ફલક ઉપર ભારતનું નામ રોશન થઇ રહ્યું છે એટલે લાગે છે કે એકવીસમી સદી એ ભારતની સદી બનીને

રહેશે. એ વખતના આપણા મુખ્યમંત્રી અને આજના પ્રધાનમંત્રીનું એક સ્વપ્ન હતું કે મારો આજનો વિદ્યાર્થી આવતી કાલનો જ્યારે નાગરિક બને ત્યારે દુનિયાના કોઇપણ દેશના નાગરિક સાથે આંખમાં આંખ મિલાવીને એ જે ભાષા સમજે એ ભાષામાં સમજાવવાની ક્ષમતા ધરાવતો બને એવું એમનું સ્વપ્ન છે અને આ સ્વપ્ન સાકાર કરવા માટે એને આનુષાંગિક શિક્ષણ અને બાકીની પાયાની સુવિધાની વ્યવસ્થા ઉપલલબ્ધ કરવી આવશ્યક છે. ૧૯૯૦ સુધી આ સામેના મિત્રો બધા આ પાટલી ઉપર બેસતા હતા. અકસ્માતે ૧૯૯૦થી ૧૯૯૫ આ સાઇડે આવીને બેઠા હતા. એ વખતના બજેટ વિશે હું કાલે લાયબ્રેરીમાં વાંચતો હતો તો ૧૯૯૪ના બજેટમાં આખા વર્ષનું કુલ બજેટ રૂ. ૭૭૧૩ કરોડ, રૂ. ૫૪ લાખ ૯૦ હજારનું હતું. એની સામે માત્ર ચાલુ વર્ષનું એકલા શિક્ષણ માટે રૂ.૩૦ હજાર ૪૫ કરોડની જોગવાઈ છે. મારા મિત્ર શ્રી નૌષાદભાઇ કહેતા હતા કે વર્ગખંડની જોગવાઈ નથી. ચાલુ વર્ષના બજેટમાં જોયું હોત તો પાંચ હજાર વર્ગખંડો બનાવવાની જોગવાઈ આ બજેટમાં સામેલ છે. સ્પેસ એટલે કે અવકાશમાં મિસાઇલ દ્વારા તોડી શકવાની ક્ષમતા અને તાકાત ભારતમાં છે એ સિદ્ધ કરીને બતાવ્યું છે. સમગ્ર વિશ્વમાં આપણો દેશ ત્રીજો બન્યો છે એનું આપણને સૌને ગૌરવ છે. સાયન્સ એન્ડ ટેકનોલોજીની દ્રષ્ટીએ આપણા વિદ્યાર્થીઓ પાછળ ન રહે, આપણા વિદ્યાર્થીઓ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં સક્ષમ બને એના માટે ૧૯૯૫માં અભિનંદન આપીશ અને વંદન કરીશ એ વખતના મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલને કે જેમણે ગુજરાતમાં સાયન્સ સિટી બનાવવા ૧૦૦ એકરથી વધારે જગ્યા આપીને એના માટેની જોગવાઈ કરી અને ૩ પેવેલિયન ત્યાં બનાવ્યા છે. આજની આ સરકારે પણ માત્ર અમદાવાદ પૂરતું સિમિત ન રહેતા રાજકોટ, ભાવનગર, કચ્છ અને પાટણ એમ ચાર સાયન્સ સિટી બનાવીને જુદા જુદા વિદ્યાર્થીઓને આ સાયન્સ સિટીનો લાભ મળે અને પ્રત્યેક વિદ્યાર્થી એનો અનુભવ કરે, વિજ્ઞાનનો અનુભવ કરીને એના જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો કરે એ દ્રષ્ટીથી આ સરકારે ૪ સાયન્સ સિટી બનાવવાનો નિર્ણય કર્યો છે અને રાજકોટમાં લગભગ રૂ.૬૦ કરોડના ખર્ચે આ બની રહ્યું છે અને ટૂંક સમયમાં એનું ઉદઘાટન થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ. નીચે જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે એ વિદ્યાર્થીઓની સંખ્યા ૨ લાખ ૭૦ હજાર જેવી છે અને એની પાછળ રૂ.૩૪૧ કરોડ જેવો રાજ્ય સરકાર ખર્ચ કરે છે. ૧૦મું અને ૧૨મું ધોરણ પાસ કર્યા પછી ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ જાય છે એને કર લો દુનિયા મૂઠ્ઠી મેં, ટેકનોલોજીમાં અપડેટ રહે એટલા માટે એના હાથમાં ટેબ્લેટ હોય, એક હજાર રૂપિયાની માત્ર નોમિનલ કિંમતે સારામાં સારું ટેબ્લેટ આપવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. એની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ સરકાર કરી રહી છે. જ્ઞાન કુંજ અંતર્ગત ૧૦ હજાર વર્ગખંડો જે વર્ચ્યુઅલ રોડથી આજે સમાવેશ કર્યો છે. એના કારણે વિદ્યાર્થીઓને ભાર વિનાનું ભણતર થાય એનો પ્રયાસ કર્યો છે. અમારા લોધીકા તાલુકાનાં સાંગરવા ગામના એક શિક્ષકનો એકનો એક પુત્ર ગુજરી ગયો. એના વિમાના પૈસા અને અન્ય આવક થઇ એ બધા પૈસામાંથી એણે ગામની શાળામાં બોર્ડો મૂક્યા અને એનાથી શિક્ષણ આપતા થયા છે. આ રીતે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ૭૯ હજાર વિદ્યાર્થીઓને રૂ.૩૭૦ કરોડ જેવી સહાયતા આપીને જે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરવો છે પણ જેની આર્થિક સ્થિતિ નબળી છે એમના માટે કામ કર્યું છે. બજેટને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ૨૦૧૯-૨૦નું રૂ.૨ લાખ ૪ હજાર કરોડનું જે સુધારાવાળું બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આ ગુજરાત રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે એની વાસ્તવિકતા આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગું છું. આરોગ્ય અને પર્યાવરણની વાત કરીએ તો આ દેશમાં અને આ રાજ્યમાં ખૂબ જ જરૂરી હવા, પાણી કે જેના વગર માણસનું જીવન અશક્ય છે. જળ એ જ જીવન છે. આ રાજ્યમાં અને દેશમાં વધુમાં વધુ વૃક્ષો વાવવા માટેની તાતી જરૂરિયાત છે. ઓક્સિજન દ્વારા આપણે જીવીએ છીએ જે મફતમાં મળે છે. પાણી અને ઓક્સિજન આપણને વૃક્ષો દ્વારા મળે છે. વૃક્ષો વાવવા માટે અમારા મત વિસ્તારમાં સામાજિક સંસ્થાઓ આગળ આવી છે. મારું હરિયાળું ગામ એ કાર્યક્રમ અંતર્ગત આજે ગામડે ગામડે વૃક્ષો વાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. વૃક્ષની કિંમત છે, આપણે કદર કરવી જોઇએ. એ વૃક્ષો આજે જે ગેરકાયદેસર કપાઇ રહ્યાં છે એની સામે સરકારે ખૂબજ ગંભીર થવાની જરૂરી છે. આજે આપણે પ્લાનિંગ વગર રોડ-રસ્તાના વિકાસના કામો કરીએ છીએ એ આયોજન વગર વૃક્ષો પહેલા વાવી દઇએ અને પછી રસ્તા પહોળા કરવા માટે ૧૦-૧૫ વર્ષ જૂના વૃક્ષોને આપણે કાપી નાંખીએ છીએ તો એ પ્લાનિંગના અભાવના કારણે આવું બનતું હોય છે. આજે વૃક્ષોની જરૂરિયાત છે એના માટે આપણે દિવસે દિવસે આગળ નહીં વિચારીએ તો ભવિષ્યમાં, આવતા દિવસોમાં આપણા બાળકો માટે ખૂબ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ખોરાકની અંદર જે ભેળસેળ થઇ રહી છે એમાં સરકારે કાયદાનો કડક અમલ કરીને ભેળસેળ દ્વારા લોકોના આરોગ્ય સાથે જે ચેડાં થઇ રહ્યાં છે એમાં ભવિષ્યમાં આવતા બાળકોનું આરોગ્ય જળવાઇ રહે એના માટે સરકારે ખૂબ ગંભીર થવાની જરૂર છે. આજે પાન, ગુટખા અને તમાકુના સેવનથી આ રાજ્ય અને દેશમાં કેન્સરનો ભોગ બનતા લોકોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે ત્યારે હું એટલું કહીશ કે આ પાન, ગુટખા ઉપર રાજ્ય અને દેશની અંદર લોકોનું આરોગ્ય જળવાય રહે એના માટે પ્રતિબંધ લાવવામાં આવે. આ દેશની અંદર દારૂબંધી એ મહાત્મા ગાંધીના ગુજરાતમાં પ્રતિબંધ છે પણ આપણે જોઇએ છીએ કે, જ્યાં તમને દારૂ જોઇતો હોય ત્યાં ફોનથી દારૂ મળી જાય છે. હું તો માનું છું કે જેટલી જગ્યાએ

દારૂ વેચાય છે એટલો દારૂ બીજા રાજ્યોમાં પણ નહીં વેચાતો હોય કે પીવાતો હોય. આ પરિસ્થિતિ ગાંધીના ગુજરાતની થઇ છે ત્યારે આજે ડોક્ટરો દ્વારા ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવે છે. એ ગરીબ દર્દીઓની આજે મારા ભાવનગર જિલ્લામાંથી મને એક ઘટના સાંભળવા મળી કે એક નેત્રમણિ મૂકવાની આપણી યોજના છે એ યોજનામાં એની પાસે અલગથી વધારાના પૈસા માગવામાં આવે છે. સરકાર દ્વારા જે નેત્રમણિ આપવામાં આવે છે હલકી ગુણવત્તાવાળો છે એટલે એનાથી તમારી આંખને નુકસાન થશે. એટલે તમારે રૂ.૫,૦૦૦ કે રૂ.૬,૦૦૦ જમા કરાવવા પડશે. આ રીતે એની સાથે ગરીબ દર્દીઓને મફત સેવાનો લાભ લેવા માટે સરકારે જ્યારે યોજના બનાવી હોય ત્યારે એનો લાભ ગરીબ લોકોને અને ગરીબ દર્દીઓને મળતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આપણા નાયબ મુખ્યમંત્રીશ્રીને એ પણ વિનંતી છે કે આ દેશ અને રાજ્યની અંદર રસ્તાઓના જે જોબ નંબર આપવામાં આવે છે એ વધારેમાં વધારે જોબ નંબર ફાળવવામાં આવે. ધારાસભ્યને મળતી જે ગ્રાન્ટ હોય એ સિવાયના સંસદ સભ્યને પણ પત્રની નકલ રવાના કરવામાં આવે છે. ભાજપના આગેવાનોને પણ નકલ રવાના કરવામાં આવે છે એનો વાંધો નથી પણ ધારાસભ્યોને મળતી ગ્રાન્ટ સિવાયના સંસદ સભ્યને પણ અલગથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તો વધારેમાં વધારે જોબ નંબરો આપવામાં આવે. આજે મારા વિધાનસભા ક્ષેત્રમાં ત્રણ તાલુકા આવે છે. એ ત્રણ તાલુકાઓને વધારે રસ્તાઓના જોબ નંબરો ફાળવવામાં આવે એવી હું વિનંતી કરું છું અને એક જોબ નંબર એવો છે કે જે બે વખત બીજા હેડથી ફાળવાઇ ગયો છે. એ જોબ નંબરને બીજા રસ્તામાં ફાળવવા માટેની આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમાં આજે શિક્ષકોની ઘટ છે ત્યાં મારી અગાઉ ધારાસભ્યઓએ વાત કરી છે તો એ શિક્ષકોની ઘટના કારણે આજે વિદ્યાર્થીના જીવન સાથે ચેડાં થઇ રહ્યાં છે. આજે શિક્ષકોને અન્ય કામોમાં જોતરવામાં આવે છે. સરકારના જે બીજા કાર્યક્રમો હોય એમાં જોડવામાં આવતા હોવાના કારણે એ શિક્ષકો બાળકોને શિક્ષણ આપવાના બદલે અન્ય કાર્યક્રમમાં હોવાના કારણે બાળકોને સારું શિક્ષણ મળતું નથી. મારા મત વિસ્તારની અંદર એક શાળા છે અલમ્પર હાઇસ્કૂલમાં કે જે મંજૂર થઇ એને બે વર્ષ થવા આવ્યા હોવા છતાં એ શાળાની મંજૂરીની આગળ કાર્યવાહી આજ સુધી થઇ નથી. મારા મત વિસ્તારના ગામ અલમ્પરને હાઇસ્કૂલની મંજૂરી મળી છે એની પણ આગળ કામગીરી થઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સિંચાઇની વાત કરીએ તો ખેડૂતોને જે પાક વીમો ચૂકવવાનો હોય એ મારા મત વિસ્તારની અંદર ચૂકવવામાં આવ્યો નથી. અસરગ્રસ્ત જાહેર કરવા છતાં આજે ૩ ટકા અને ૬ ટકા પાક વીમો ચૂકવ્યો જે પ્રિમિયમ ભરે એના કરતા પણ ઓછો વીમો ચૂકવવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી કંપનીઓને લાભ આપવા માટે થઇને સરકારે જે રીતનું આયોજન કર્યું છે એમાં ખાનગી કંપનીઓ કરતા કદાચ જો સરકારી કંપનીઓમાં પ્રિમિયમ ભરાતું હોત તો એ રાજ્યના વિકાસના કામમાં એ પૈસા લાગી શક્યા હોત. મારા મત વિસ્તારને અછત ગ્રસ્ત જાહેર કરો અને જે ચૂકવાયો નથી એ પાક વીમો ચૂકવવામાં આવે એવી આ તકે હું વિનંતી કરું છું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. મારો વિષય છે વન વિભાગ. દાહોદ જિલ્લાની અંદર કે અમારા વિસ્તારની અંદર જ્યારે આ સરકાર વનમાં રહેતા આદિવાસીઓની વન અધિકારો માટેની ઘણા સમયથી જે માગણી હતી એ માગણીઓ આ સરકારે ધ્યાને લઇ અમારા આદિવાસીભાઇઓને ગરીબ કલ્યાણ મેળાની અંદર મંચ ઉપર બોલાવીને વનના અધિકારો અને જંગલની જમીનના દાવાઓ, મંત્રીશ્રીના હાથથી જ્યારે આપવામાં આવતા હોય, એમને મંચ ઉપર બોલાવી સન્માન કરી અને શાલ ઓઢાડીને જે વન અધિકારો આપવામાં આવતા હોય ત્યારે એ ખુશ થઇને નીચે ઉતરે ત્યારે એ આદિવાસી મારો ભાઇ એના મનની અંદર ખુશ થઇને કહે કે આ પાર્ટીનું ભલુ થજો. આ સરકારનું ભલુ થજો. એના આશીર્વાદ મળ્યા ત્યારે ૨૦૧૯ની અંદર ફરી આપણી સરકાર બની અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આપણા હિત માટે છેવાડાના વિસ્તારની ખૂબ ચિંતા કરી રહ્યા છે ત્યારે આપણા ગુજરાતના પનોતા પુત્ર છે ત્યારે આપણે બધાએ સાથ સહકાર આપીને વિકાસના સહભાગી બનવું જોઇએ. આમાં કંઇ વિરોધ કરવાનું આવતું નથી. વિરોધપક્ષો તો વિરોધ કરશે પણ જ્યારે સરકારની યોજનાથી બધાના વિસ્તારમાં વિકાસ થતો હોય ત્યારે આ વન વિભાગની અંદર વાત કરું તો સરકારી તથા પંચાયતની તેમજ ખાનગી જમીન હોય તેમાં વન અધિકાર વનવાસીને તેમાં વૃક્ષારોપણ કરવા માટે સરકારના ધારાધોરણ મુજબ છેવાડાનો વિસ્તાર શોધી માલિક પોતાના ખેતર ઉપર વનનું જ્યારે વાવેતર કરતા હોય ત્યારે વૃક્ષ વાવવાથી સૌંદર્ય વધતું હોય ત્યારે બહારના લોકો પણ વન જોવા માટે, શાંત વાતાવરણ માટે અને વનની અંદર વૃક્ષોની એકદમ સરસ સુગંધ અને સરસ વાતાવરણ મળતું હોય ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ વન, વન સાંભળીને મને એકાવન યાદ આવે છે. આપણે ત્યાં તો કીધું જ છે કે એકાવન પછી બધાએ વનમાં જવાનું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનગઢની અંદર ગુરુ ગોવિંદ ધામ આવેલું છે ત્યાં આદિવાસી જે ૧૫૦૦ જેટલા શહીદ થઇ ગયા. આગળની સરકારે, કોંગ્રેસની સરકારે કોઇને યાદ નહોતા કર્યા ત્યારે મોદી સાહેબ આવ્યા ત્યારે જેટલા શહીદ થઇ ગયા એમના નામથી વૃક્ષો આજે ત્યાં મોટા થઇ ગયા છે અને લોકો ત્યાં પ્રવાસન ધામ તરીકે, પર્યટન તરીકે આવે છે ત્યારે હું સન્માનનીય મિત્રોને પણ કહું છું કે અમારા માનગઢ આવો અને જુઓ. દાહોદ જિલ્લાના છેવાડાના વિસ્તારની, દાહોદ જિલ્લાને અડીને રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્ય આવેલા છે. આદિવાસી વિસ્તાર છુટો છવાયો વિસ્તાર છે. સામૂહિક વિસ્તાર નથી અને

અમારા સમાજની અંદર ચાર ભાઇ હોય તો ચાર ભાઇ લગન થયા પછી જુદા થઇ જાય છે. જુદા થઇ જાય છે એટલે પોતપોતાના ખેતરમાં મકાન બનાવે છે અને ત્યાં રહે છે ત્યારે એમના ઉપર પણ આ છેવાડાના વિસ્તાર ઉપર સરકારની ખૂબ લાગણી છે ત્યારે આ સરકાર જીવ બચાવવાવાળી સરકાર છે. પક્ષીઓ માટે કરૂણા અભિયાન ચલાવે છે. ત્યારે તેના અનુસંધાનમાં રાજ્ય સરકાર દ્વારા પતંગ ચડાવવાના કાર્યક્રમો કરતા હોઇએ ત્યારે કે પતંગ ઉત્સવ હોય, દોરો પાકો હોય ત્યારે પક્ષીઓ ઉડતા હોય ત્યારે પક્ષીઓ આ દોરાથી ઘાયલ થઇ જતા હોય ત્યારે પક્ષીઓની ચિંતા કરે છે. અગાઉની સરકારો અગાઉના વર્ષો સુધી કોઇ ચિંતા નહોતી કરતી. આ સરકાર ખૂબ પ્રગતિશીલ છે. છેવાડાના વિસ્તાર સુધી વિકાસ કર્યો છે, ત્યારે મારા કોઇપણ વિસ્તારની અંદર કોઇ સુનામી આવતી હોય, કોઇ આફત આવતી હોય કે કોઇ તકલીફ પડતી હોય, દુષ્કાળ હોય ત્યારે પશુઓ માટે આ સરકારે જ્યારે વીડીઓમાં ઘાસનું ઉત્પાદન વધારવા માટે અને નવા ગોડાઉનો બનાવવા માટે અને ઘાસ સંગ્રહ કરવા માટે, કોઇપણ તકલીફમાં પશુઓ માટે, માલધારીઓ માટે, છેવાડાના વિસ્તાર માટે તકલીફ થાય તો ગોડાઉનો બનાવવા માટે રૂ.૮૦ કરોડની જોગવાઈ કરી છે તે માટે...

અધ્યક્ષશ્રી : આપના પ્રવચનનો સમય પૂરો થાય છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી ગૃહમાં જે બજેટ લઇને આવ્યા છે, એના માટે હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. બજેટનાં પાનાં ખોલતાં જોવા મળે છે કે ગરીબો અને મધ્યમવર્ગને કોઇ ખાસ લાભ થાય તેવું આ બજેટમાં દેખાતું નથી. એક નાનો સરખો દાખલો આપું. આજે તાલુકા મથક એવો વિરમગામ, માંડલ, દેત્રોજ કે ગુજરાતના અન્ય તાલુકા મથકોએ જાતિના પ્રમાણપત્રો, આવકના પ્રમાણપત્રો મેળવવા માટે વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં આવે છે અને આ વિદ્યાર્થીઓને જે પ્રમાણપત્ર મેળવવા માટે ૨૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર જે એફિડેવિટ કરવામાં આવતું હતું, જેના આજે ૫૦ રૂપિયા થયા છે. અને ૫૦ રૂપિયા ખર્ચવા છતા એનો દાખલો સમયસર મળવો જોઇએ, જે નહિ મળવાથી તેને ખૂબ મુશ્કેલી થાય છે. ત્યાં આગળ ખૂબ લાઇનો લાગે છે. માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરવાની કે ખાસ કરીને વિદ્યાર્થીઓ અથવા ગામડાના ગરીબ માણસોને એફિડેવિટ કરવી પડે છે. જાતિ અને આવકના દાખલા માટે એટલા પુરતી આ બજેટમાં મુક્તિ લાવ્યા હોત તો આ બજેટ વિશેષ લાગત. આગળ મારે વાત કરવી છે કે મારા વિરમગામ મત વિસ્તારમાં મુંજસર તળાવ જે ઐતિહાસિક છે અને ગુજરાતનું નળ સરોવર જે પશુ અભયારણ્ય તરીકે જાણીતું છે. માનનીય નાણામંત્રીશ્રી પ્રવાસન ક્ષેત્ર માટે ખૂબ ઉંડો રસ દાખવે છે, ત્યારે જે અમદાવાદથી ૬૦ કિ.મી.ની આજુ બાજુ પર્યટક સ્થળ તરીકે વિકાસ કરી શકાય. મારા વિસ્તારના મુંજસર તળાવ અને નળ સરોવરને પર્યટક તરીકે ડેવલપ કરવા આજુ બાજુમાં રોજગારી વધારવા માટે કામ કર્યું હોત તો બજેટને વખાણત. એ જ રીતે અમારા વિરમગામનો કોટ એ ઐતિહાસિક અને કદાચ હેરિટેજ છે. આ કોટ મોટાભાગનો ખવાઇ ગયો છે. એના ૪ દરવાજા છેઃ મુંજસર દરવાજો, ભરવાડી દરવાજો, રૈયાપુર દરવાજો જે કઇ આ ૪ દરવાજા છે એ પણ આજે ખૂબ જ જર્જરિત થઇ ગયા છે, ત્યારે વિરમગામના આ ઐતિહાસિક કોટનું સમારકામ જે આપણે વિક્ટોરિયા ગાર્ડનની આજુબાજુ જોઇએ છીએ. આપણા અમદાવાદના પૌરાણિક કોટનું રિપેરિંગ કરવામાં આવ્યું છે તે રીતનું રિપેરિંગનું કામ કર્યું હોત અને એનું આયોજન બજેટમાં લાવ્યા હોત તો ખૂબ વખાણવા લાયક લાગત. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ફિલોસોફરે એવું કહ્યું કે, કોઇપણ વિસ્તારનો વિકાસ માપવો હોય તો તે વિસ્તારમાં કેટલા કારખાનાં આવેલા છે, કેટલા ઉદ્યોગો આવેલા છે તેના કરતાં તે વિસ્તારમાં સેવા આપતી સંસ્થાઓ કેટલી આવેલી છે તેના ઉપરથી તે વિસ્તારના સમાજનો, તે વિસ્તારના વ્યક્તિઓનો અને તે વિસ્તારનો વિકાસ મપાતો હોય છે. મારે કહેવું છે કે, વિરમગામ મત વિસ્તાર ખૂબ અતિ પછાત વિસ્તાર છે. વિરમગામમાં સરકારી ઇંગ્લિશ કોઇ સ્કૂલ નથી. ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભણવાની કોઇ વ્યવસ્થા નથી. વિરમગામમાં વિજ્ઞાનની કોઇ કોલેજ નથી. જેથી કરીને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા કોલેજિયનો, ધોરણ-૧૧ અને ૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓ તથા ઇંગ્લિશ મિડીયમમાં ભણવાવાળા બાળકોને છેક અમદાવાદ કે કડી સુધી જવું પડે છે. ત્યારે મારી તો વિનંતી છે કે, આ બજેટમાં કયાંક ચૂકયા તો આવતા બજેટમાં આ ચિંતા કરીને, વિરમગામ મત વિસ્તારના લોકોની ચિંતા કરીને, તેમના બાળકોના ભવિષ્યની ચિંતા કરીને સરકારી ઇંગ્લિશ સ્કૂલ બને, ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની કોઇ વ્યવસ્થા થાય અને કોલેજ બનાવવામાં આવે તો બજેટ ખૂબ જ આવકારદાયક હશે. મારા વિસ્તારમાં ઉદ્યોગો હમણાં ખૂબ સ્થપાયા છે. ઉદ્યોગો સ્થપાય તે સારી વાત છે. કારણ કે ઉદ્યોગો થકી વિસ્તારનો વિકાસ થતો હોય છે અને બેરોજગારી ઘટતી હોય છે. જ્યારે ઉદ્યોગો સ્થાપવામાં આવે છે ત્યારે એક નીતિ ઘડવામાં આવે છે. સ્થાનિક લોકોને, યુવાનોને રોજગારી આપવાની નીતિ ઘડવામાં આવે છે. સાહેબ, મને આજે બે મિનિટ વધારે આપવા વિનંતી છે. જે સ્થાનિકની વ્યાખ્યા ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવે છે તે આખા ગુજરાતની કરવામાં આવે છે. જ્યારે ઉદ્યોગની અંદર જમીન ગુમાવતા હોય છે તે ગામના અને તાલુકાના લોકો ગુમાવતા હોય છે. ત્યારે મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે યુવાનોની બેરોજગારી ઘટાડવા માટે સ્થાનિકની વ્યાખ્યા કરવી હોય તો ગામ પૂરતી કરવી જોઇએ કે તાલુકા પૂરતી કરવી જોઇએ. જેણે પોતાની જમીનો ગુમાવી છે તેમને લાભ મળવો જોઇએ. યુવાનોની બેરોજગારી દૂર કરવા માટે આવું પગલું ભરવામાં આવ્યું હોત તો ખૂબ વખાણવાલાયક લાગતું. બીજી વાત કરવી છે કે, દર છ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું કરવાની જાહેરાત સરકારશ્રી તરફથી કરવામાં આવેલી. ૪૬૦ જેટલા પશુ ડૉક્ટરોની નિમણૂક પણ કરવામાં આવેલી. તે કરાર આધારિત છે તેમને રીન્યુ કરવાની વાત છે તે રીન્યુ કરવામાં આવેલ નથી અને પશુ દવાખાનામાં ડૉક્ટરોની ખૂબ ખોટ છે. જેના કારણે ગામડાઓમાં પશુ દવાખાનામાં પશુઓની સારવાર જે રીતે થવી જોઇએ તે થઇ શકતી નથી. બીજી

ખૂબ મહત્વની એક વાત કરવા માગું છું કે, અમદાવાદ શહેર વસ્યું, શહેરીકરણ થવું જોઇએ તેનો મને વાંધો નથી પણ શહેરીકરણ જ્યારે થયું, કોર્પોરેશનની લિમિટ જ્યારે વધી તે પહેલાં અનેક ગામડાંઓ જેવા કે ઓઢવ, નિકોલ, નરોડા,

અધ્યક્ષશ્રી : વધારાની મિનિટ સાથે આપનો સમય પૂરો થાય છે. માનનીય બલરાજસિંહ

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : જેવા અનેક ગામડાઓ છે જે ગ્રામ પંચાયતમાં હતા. મ્યુનિસિપલ કોર્પોરેશન વધવાના કારણે, હદ વધવાના કારણે...

અધ્યક્ષશ્રી : વધારાની મિનિટ આપી દીધી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : હવે આપવાની કીધી આપો. મારો પ્રશ્ન ખાસ કરીને જે સમાજમાંથી આવું છું તેની ચિંતાનો વિષય છે.

અધ્યક્ષશ્રી : અડધી મિનિટ છે હવે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : એટલા માટે કે આ ગામ કોર્પોરેશનમાં આવી ગયા. આ કોર્પોરેશનમાં આવી ગયા પછી કોર્પોરેશનની ઢોર પકડવાની ટીમો છે અને પોલીસતંત્ર દ્વારા કયાંક કયાંક ઓઢવ જેવા વિસ્તારમાં સંઘર્ષો થયા છે. મારે તો વિનંતી કરવી છે કે, જ્યારે ટી.પી. બનાવવામાં આવે ત્યારે ગૌચરનો ખ્યાલ રાખવામાં આવે. જાહેર હેતુઓ માટેની જમીનનો ખ્યાલ રાખવામાં આવે છે તો પેઢીઓથી અને વર્ષોથી એટલે કે અમદાવાદ વસ્યુ ત્યારથી માલધારીઓ અને ભરવાડો રહે છે એ લોકોની પહેલેથી ટી.પી. બને અથવા કોર્પોરેશનમાં સમાવેશ થાય એ પહેલાથી એમની પણ ચિંતા કરીને આયોજન જો આમાં કરવામાં આવ્યું હોત તો મને ગમત.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉત્થાન માટે રૂપિયા ૪૨૧૨ કરોડની જોગવાઈ કરી છે તે બદલ અભિનંદન આપું છું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ ૧થી ૧૦ ના વિદ્યાર્થીઓને રાજ્ય શિષ્યવૃતિ આપે છે, ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ માટે રૂપિયા ૬૦૦ની સહાય આ રાજ્ય સરકાર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે આ સરકાર ધોરણ નવમાં ભણતી કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ આપે છે. તેમજ ડ્રોપ આઉટ રેશિયો નાબૂદ કરવા માટે વિનામૂલ્યે સાઇકલ સહાયની યોજના ગુજરાત સરકારે કરેલ છે. મેડિકલ અને એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને ભોજનના બિલમાં રાહત આપે છે તેમજ મેડિકલ, એન્જિનિયરીંગ અને ડિપ્લોમામાં અભ્યાસ માટેના સાધનો ખરીદવા માટે રૂપિયા ૧૦ હજાર, રૂપિયા ૫ હજાર અને રૂપિયા ૩ હજારની સહાય કરવામાં આવે છે. સરકારી આઇ.ટી.આઇ.ના અભ્યાસક્રમ માટે માસિક રૂપિયા ૪૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓને એમ.ફીલ માટે રૂ.૨૫ હજાર તથા પી.એચ.ડી.ના મહાનિબંધ તૈયાર કરવા માટે રૂપિયા ૩૦ હજારની સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓને ધોરણ દસ અને બારમાં ખાસ પ્રોત્સાહિત ઇનામની જાહેરાત કરવામાં આવેલી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે ૪ ટકાના વ્યાજે ૧૫ લાખની લોન આપવામાં આવે છે તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાઇલોટની તાલીમ માટે વાર્ષિક ૪ ટકાના વ્યાજ દરે રૂપિયા ૨૫ લાખની લોન આપવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ ૧૧–૧૨માં ભણતા વિદ્યાર્થીઓને ખાનગી ટ્યૂશન માટે રૂપિયા ૩૦ હજારની સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ યોજનામાં રૂપિયા ૧.૩૦ લાખ સુધીની મકાન સહાય આપવામાં આવે છે, કુંવરબાઇનું મામેરું યોજનામાં રૂપિયા ૧૦ હજારની સહાય કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને તેને આવકારું છું.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા(દિઓદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ રૂપિયા ૨ લાખ ૪ હજાર કરોડનું બજેટ લઇને અહીંયાં આવ્યા છે ત્યારે તેમને હું ખૂબ આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ જોગવાઈ બજેટમાં કરવામાં આવે, બજેટની જોગવાઈ કરી અને વાહ વાહ કરાવવા કરતા બજેટમાં જે જગ્યાએ રૂપિયા વપરાય છે એનો સાચો ઉપયોગ કેટલો થાય છે એ મહત્વનું છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સુજલામ સુફલામ નહેર બનાવવામાં આવી અને ખેડૂતોના પાણીના તળ ઊંડા જતા હતા એના માટે ઉત્તર ગુજરાતના ખેડૂતો અને બનાસકાંઠાના ખેડૂતોના પાણીના તળના લેવલ જળવાઇ રહે એના માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને સુજલામ સુફલામ નહેર બનાવવામાં આવી. અત્યારે નર્મદાનું પાણી રાજસ્થાનમાં લૂણી નદીમાં ખોટું વેડફાય છે એના કરતાં તો કદાચ સુજલામ – સુફલામ્ નહેર દ્વારા નદીમાં પાણી નાંખી ખેડૂતોના તળ ઊંચા આવે એના માટે સરકાર આયોજન કરે તો મારી વિનંતી છે કે આજ સુધી પાણીનું એક ટીપું નાંખ્યું નથી જો પાણી ખોટું વેડફાતું હોય તો એના કરતાં કોઇકના ઉપયોગમાં આવે એવી વ્યવસ્થા સરકારે કરવી જરૂરી છે. ઉત્તર ગુજરાત અને બનાસકાંઠામાં ખેડૂતોને વધારેમાં વધારે ભયંકર તકલીફ હોય તો ફક્તને ફક્ત તળ

ઊંડા ગયા છે એની છે અને તેનો જ્યારે ત્યારે પ્રશ્ન ઊભો થશે. કાયમી ધોરણે સુજલામ – સુફલામ નહેરમાં પાણી નાંખવામાં આવે એવી મારી સરકારશ્રીને વિનંતી છે. જ્યારે ખેડૂત તેના કૂવા માટે કનેકશન વાપરતો હોય છે અને એને બાપના નામેથી છોકરાના નામે કનેકશન કરવાનું હોય છે એ સીધી વારસાઇ ગણાય. એના માટે એક રૂપિયાનો ખર્ચ બોર્ડને કરવાનો હોતો નથી. તેવા કિસ્સાઓમાં બોર્ડે ખરેખર એસ્ટીમેટ આપવો જોઇએ નહિ. કારણ કે એમાં એક રૂપિયાનો ખર્ચ કરવાનો હોતો નથી. બીજું, ખેડૂતને ખેતી માટે લાઇટ કનેકશન મીટરવાળા અત્યારે આપવામાં આવે છે, જ્યારે કનેકશન આપવામાં આવે ત્યારે પૂરું એસ્ટીમેટ વસૂલ કરીને પછી જ કનેકશન આપવામાં આવે છે. પછી દર મહિને ૧૧૦૦ રૂપિયા અત્યારે મીટર ભાડું વસૂલ કરવામાં આવે છે. એટલે વરસે ૧૩,૨૦૦ રૂપિયા મીટર ભાડા તરીકે બોર્ડ વસૂલ કરે છે આ વાત બરાબર ગણાય નહિ. કારણ કે જે મીટર મૂક્યું છે એનો એસ્ટીમેટ તો ખેડૂત પાસેથી લીધેલ જ છે. પછી ભાડું લે એ વાત બરાબર ન ગણાય. તેનાથી આગળ વધીને ખેડૂતોને જ્યારે જુના આગળના વખતમાં કનેકશન આપ્યા તે વખતે આપણા બધાએ આંદોલન કરીને મીટર હટાવો, મીટર હટાવો એમ વાત કરી એના કારણે સરકારે મીટર હટાવ્યા. અત્યારે ગુજરાતમાં બે નીતિઓ ચાલે છે એ ખરેખર ન હોવી જોઇએ. અડધા ખેડૂતો મીટર વગરનું કનેકશન વાપરે છે અને અડધા ખેડૂતો મીટરવાળું કનેકશન વાપરે છે એને કારણે સમાનતા જળવાતી નથી અને જે ખેડૂત મીટરવાળું વાપરે છે એને ખરેખર નુકશાન થાય છે. એટલે સમગ્ર ખેડૂતો માટે એક સમાન નીતિ રાખી અને મીટર હટાવી લેવા જોઇએ તેવી મારી આ સરકારને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ ખેડૂત શીફ્ટીંગ માંગે તો એમાં કદાચ લાઇન લાંબી નાંખવી પડતી હોય તો લાઇનના ખર્ચનો ૧૦૦ ટકા એસ્ટીમેટ બોર્ડ લે એની સામે મારો વાંધો ના હોઇ શકે પણ થાંભલા કાઢીને બે મીટર કે પાંચ મીટર લાઇન ઘટાડવાની હોય ઉપરથી લાઇનના વાયર વધતા હોય અને એવા કિસ્સામાં મોટા મોટા એસ્ટીમેટ આપવામાં આવે છે એ બરાબર નથી. હમણાં જ મારા મત વિસ્તારની વાત કરું તો બે થાંભલા પાછળ લઇ જઇને અને લાઇટના વાયર વધતા હતા. પહેલાં પચાસ હજાર રૂપિયાનું એસ્ટીમેટ આપ્યું, વળી માથાકૂટ કરી એટલે રૂ.૩૮,૦૦૦નું એસ્ટીમેટ આપ્યું અને છેલ્લે રૂ.૧૯,૦૦૦ ભર્યા અને ખેડૂતને કનેકશન આપવું પડ્યું. તો માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે ખેડૂતોના કનેકશન માટેની નીતિ તો નક્કી હોવી જોઇએને? રૂ.૫૦,૦૦૦નું એસ્ટીમેટ આપ્યું, પછી રૂ.૩૫,૦૦૦નું આપ્યું અને છેલ્લે ઘણી માથાકૂટ મેં કરી ત્યારે રૂ.૧૯,૦૦૦ ભરાવ્યા તો એનો કાયદો જ નક્કી કરી નાંખોને કે કેટલો એસ્ટીમેટ આપવાનો.

આવી બધી બનાસકાંઠા જિલ્લાની ઘણી બધી બાબતો છે. સુજલામ–સુફલામની વાત કરીએ તો બજેટ જે લાવ્યા છે તેને હું ખૂબ આવકારું છું અને સરકાર તે માટે અભિનંદનને પાત્ર છે પણ આજથી દસ વરસ પહેલાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં દાંતીવાડાના ડેમમાં કાયમી ધોરણે પાણી નાંખવા માટેની પાઇપ લાઇન નાંખીને ખૂબ મોટો ખર્ચ કર્યો છે. આ દાંતીવાડાના ડેમમાં છેલ્લાં દસ વરસમાં એક દિવસ પણ એક ટીપું પણ પાણી નાંખેલ હોત તો આ સરકારને અમે અત્યારે અભિનંદન આપત. નેવાના પાણી મોભે ન ચડે. સરકારે આ વખતે ફરીથી નવી જાહેરાત કરી છે. ઢેમા અને થરાદ વચ્ચેથી બીજી પાઇપ લાઇન નાંખી સીપુ ડેમમાંથી પાણી નાંખવાની કરી છે. દાંતીવાડામાં નથી ગયું તો સીપુમાં ક્યાંથી જશે. ખરેખર સરકારે આવો ખર્ચો કરવો જોઇએ નહિ. એના કરતાં એક રૂપિયો સરકાર ખર્ચે તો ખેડૂતને એના ઉપર બે રૂપિયાનું વળતર મળે એવું કરવું જોઇએ.

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી સરસ મજાનું બજેટ લઇને આવ્યા છે તેમને અભિનંદન આપવા માટે અને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું. સભ્યશ્રીઓની ઇચ્છા છે જવાબ આપવાની પણ હું ઇચ્છતો હતો કે આપના નેતા અહીંયાં હાજર હોત તો વધારે મજા આવી જાત. અહીંયાં ચાબખા મારવાની, ચોગ્ગા, છગ્ગા મારવાની પણ અમને તક મળત. પણ ઠીક છે આવ્યા નથી વિરોધપક્ષના નેતાશ્રીએ એકે એક લીટી બજેટની વાંચી હતી એટલે હું તેમને યાદ કરું છું અને એકે એક લીટી વાંચ્યા પછી પણ તેમને બજેટની અંદર શું છે તે કમનસીબીથી હાઉસની અંદર એ આપી ન શક્યા. હજુ ચાર વસ્તુ તેમણે કહી હોત કે બજેટની સાઇઝ કેવી રીતે થઇ, બજેટમાં ખર્ચ કેવી રીતે કરવા માગે છે, કઇ કઇ જગ્યાએ ખર્ચ કરે છે, રેવન્યુ ખર્ચ કેટલો છે, કેપિટલ ખર્ચ કેટલો છે, આવક કયાંથી આવી, કયા સેકટરોમાં પૈસા વાપર્યા, કયાં વાપરવા જોઇએ, કયા રાજ્યની જોડે સરખામણી કરી હોત કે આ રાજ્યથી તમે પાછળ છો તો અમને પણ બજેટની અંદર કંઇક સુધારા કરવાની પણ ઇચ્છા થઇ હોત. પરંતુ તેમણે એવા કોઇ સૂચનો ના કર્યા એટલે એ સ્પષ્ટ બતાવે છે કે આદરણીય શ્રી નીતિનભાઇએ શ્રેષ્ઠ બજેટ આ હાઉસને આપી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અભિનંદન આપવા જોઇએ કે નાનું હોય અને જમ્પ મારો તો સમજી શકાય પણ મોટું હોય અને જમ્પ મોટો જાય એ હોંશિયારી કહેવાય અને એ રાજ્યની ઇકોનોમી કઇ જાતની દિશામાં ચાલે છે તેનું મીરરની અંદર અમે જોઇ શકીએ છીએ. બજેટ સાઇઝની વાત કરીએ પહેલી બે લાખ રૂપિયાની ઉપર ગયું છે. ગઇ સાલનો તમે વિચાર કરો, જ્યારે બજેટ રજૂ કર્યું હતું હું રિવાઇઝની વાત નથી કરતો, ત્યારે રૂ. ૧ લાખ ૮૨ હજાર હતું એટલે ૨૧ હજારનો આંકડો માર્યો. ૧૧ ટકાનો મોટો જમ્પ માર્યો આ ખૂબ સારી વાત કહેવાય અને વધારે સારી એટલે કહેવાય કે ટેકસીઝ વધારો કર્યા વગર કર્યું છે. એકેય જણ બોલ્યાં કે ટેક્સ વધાર્યો, વધાર્યો જ નથી અને આટલો મોટો જમ્પ! ખાલી રૂ.૨૮૭ કરોડ ટેક્સ વધારે નાંખ્યા. એટલે આ શું બતાવે છે કે રાજ્યની અંદર પોતાની આવકમાં પણ વધારો થયો. ખર્ચ ઘટાડો કર્યો, બજેટ સાઇઝ વધારી આ સ્પષ્ટપણે બતાવ્યુ. મારે આપને ખાસ કરીને માનનીય સભ્યશ્રીઓએ ઘણી બધી વાત કરી મારે ફાઉન્ડેશન ઉપર વાત કરવી છે. ફાઉન્ડેશન શું છે કે સ્ટેટનું GSDP શું છે? આ જેટલું GSDP વધે એટલે રાજ્યની અંદર સમૃદ્ધિ વધતી જાય. એક જમાનામાં

## તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૯
## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

૨૦૧૧–૧૨માં રૂ.૬ લાખ ૧૫ હજાર હતું તેનું આ વર્ષે ૧૫ લાખ પહોંચ્યું છે આ નાનો આંકડો ના કહેવાય. તમે વિચાર કરો કે એવરી ઇયર બહુ strategically પ્લાન કરીને આગળ વધતું જાય છે અને એવું નથી કે એક સેકટરમાં જ વધતું જાય. તમે રૂ. ૬ લાખ ૨૦૧૧–૧૨ અને રૂ. ૧૫ લાખ એટલે દર વર્ષે ડબલ ડીજીટનો મિનિમમ ગ્રોથ રેઇટ આવ્યો. કોઇ વર્ષે ૧૭ ટકા આવ્યો છે, કોઇ વર્ષે ૧૧ ટકા આવ્યો છે, કોઇ વર્ષે ૧૪ ટકા આવ્યો છે, કોઇ વર્ષે ૧૨ ટકા આવ્યો છે અને એડવાન્સ એસ્ટીમેટ જોઇએ છીએ તો એડવાન્સ એસ્ટીમેટના પ્રમાણમાં પણ આ વર્ષે ૧૪.૨૧ ટકાનો ગ્રોથ આવવાનો છે. હવે આગળ દેશની અંદર તમે annually જોવા જાવ તો દેશ કરતા આપણો નેશનલ એવરેજ એ ગ્રોથ ઘણો ઘણો વધારે છે. આ રાજ્યની સમૃદ્ધિ કહેવાય અને આ આપણો પાયો અને ફાઉન્ડેશન કહેવાય. હમણાં કોઇએ ગરીબો ગરીબ થતા જાય છે અને અમીરો અમીર થતા જાય છે એવું સ્ટેટમેન્ટ આપ્યું. જી.એસ.ડી.પી.માં ત્રણ સેક્ટર અગત્યના હોય છે. એક પ્રાયમરી સેક્ટર છે. એમાં એગ્રીકલ્ચર સેક્ટર હોય છે. એ અમીરો પાસે નથી. ડેરી સેક્ટર છે એ અમીરો પાસે નથી. ફીશરીઝ સેક્ટર છે એ અમીરો પાસે નથી. માઇનીંગ સેક્ટર છે એ અમીરો પાસે નથી. આ બધાં પ્રાયમરી સેક્ટર છે અને આ પ્રાયમરી સેક્ટરમાં પણ આજે ૨૦.૪ ટકાનો આપણો શેર છે. એટલે જે ગ્રોથ આવે છે એ પ્રાયમરી સેક્ટરમાં પણ આવે છે. સેકન્ડરી સેક્ટર એટલે મેન્યુફેક્ચરીંગ સેક્ટર ગણાય, કન્સ્ટ્રક્શન સેક્ટર ગણાય. આપણા દેશની અંદર મેન્યુફેક્ચરીંગ એ વર્ષોથી આપણો પાયો છે. એનો ૩૩.૯ ટકા શેર છે અને સર્વિસ સેક્ટર છે એનો ૩૫ ટકા શેર છે. એટલે દરેક સેક્ટરના શેર જોવા જઇએ તો દરેકમાં ગ્રોથ આવે છે. એવું નથી કે એકલા મેન્યુફેક્ચરીંગ કે એગ્રીકલ્ચર કે ડેરી સેક્ટરમાં જ ગ્રોથ આવે છે. આ બતાવે છે કે છેલ્લા વર્ષોથી જે પ્રમાણે વિઝનરી એપ્રોચથી બજેટ બનાવ્યું છે અને પૉલિસી બનાવી છે એનો લાભ આજે એક–એક સેક્ટરમાં મળી રહ્યો છે. તાકાત ક્યારે કહેવાય? પોતાની રેવન્યુઝ કેટલી છે એ તાકાત કહેવાય. આખા બજેટની અંદર દર વર્ષે પોતાની રેવન્યુઝ વધતી જાય છે. ટેક્સમાં વધારો કર્યા વગર વધતી જાય છે. એનો અર્થ એવો થાય છે કે લોકોની આવક વધે છે. લોકો ખર્ચે છે એટલે અત્યાર સુધી વેટ હતો અને હવે જી.એસ.ટી. આપે છે અને એ સરકારની તિજોરીમાં આવે છે. આખા દેશની અંદર સંપૂર્ણપણે જોવા જશો કે પોતાના રાજ્યની ટેક્સની આવક કેટલી છે તો ચોક્કસપણે ગુજરાતનો સમાવેશ પહેલાં ત્રણ–ચાર રાજ્યોમાં હશે અને બીજું, કે આ બીજા લોકોનો ફાયદો જુદો છે. એ લોકો કદાચ ૧ ટકો પણ આગળ આવે તો એનું કારણ એ છે કે એ લોકો પાસે પ્રોહિબિશન ઇન્કમ છે. આપણે without પ્રોહિબિશન ઇન્કમ આટલી સક્સેસફુલી કામગીરી કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૧૧–૧૨ની વાત કરું તો રૂ.૩૬,૦૦૦ હતી અને આજે રૂ.૮૯,૯૭૦ ટકા રેવન્યુ રીસીપ્ટ આપણી પોતાની ગણી શકાય અને આવક અને ખર્ચમાં આપણી આવક વધારે છે. આ આજથી નથી આવતી વર્ષોથી આવે છે. મને યાદ છે કે અહીંયાં આપણા અનેક વિરોધ પક્ષના નેતાઓ આવી ગયા. આગળની રૉમાં બેસનારા આગેવાન વ્યક્તિઓ બોલતા હતા કે, ''મહેસૂલી આવક નથી, ખોટું છે, ખોટું છે. મહેસૂલી ખર્ચ વધારે છે.'' પણ જ્યારે એકાઉન્ટ્સ ઓડિટ થાય ત્યારે ખબર પડતી હોય છે કે મહેસૂલી આવક મહેસૂલી ખર્ચ કરતાં વધારે છે અને આજે છેલ્લા આઠ વર્ષથી ગુજરાતમાં મહેસૂલી આવક મહેસૂલી ખર્ચ કરતાં વધારે છે. ૨૦૧૪–૧૫માં રૂ.૫૩૨૬ કરોડ હતું ૨૦૧૬–૧૭માં રૂ. ૫૯૪૭ કરોડ હતું અને આ વખતે રૂ.૨૮૭૪ કરોડ આપ્યું. પરંતુ નાણા વિભાગ દર વર્ષે આપ્યા પછી પણ કરકસર કરે છે, ખર્ચો બચાવે છે અને સારા પરિણામો લાવી મહેસૂલી આવક મહેસૂલી ખર્ચ કરતાં વધારે સારી બતાવે છે. આ બજેટનું એક સારું પાસું કહેવાય. અમારા મિત્રોએ ખર્ચની વાત કરી. ખાસ કરીને હું એમને જવાબ આપું છું. ખર્ચ એ કયો હોવો જોઇએ, કેટલો હોવો જોઇએ, ક્યાં થવો જોઇએ એની થોડી માહિતી આપું. રૂ.૧,૮૮,૦૦૦ નો ખર્ચ થયો એની સામે ૧૧.૮૭ ટકા ગ્રોથ આવ્યો. સ્વાભાવિક છે પણ એક વાત યાદ રાખજો આવકની ટકાવારીનો ગ્રોથ ખર્ચની ટકાવારી કરતાં વધારે છે એટલે આ બજેટનું એક સારું પાસું ગણાય કે જે બજેટ આદરણીય નીતિનભાઇએ આ ગૃહમાં રજૂ કર્યું છે. સ્વાભાવિક છે કે દર વર્ષે ખર્ચ વધતો જાય છે. પગારના ખર્ચ, પેન્શનના ખર્ચને રેવન્યુ એકસપેન્ડિચર કહેવાય. કેપિટલ એકસપેન્ડિચરમાં જે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરી, ડેવલપમેન્ટ એકસપેન્ડિચરની વાત કરી. માનનીય સભ્યશ્રીએ હમણાં આરોગ્યની વાત કરી. એક ટકો જ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ખર્ચ છે એમ કહે છે. પરંતુ મારે એમનું ધ્યાન દોરવું છે કેપીટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જે ૪૦૬૪૩ કરોડ રૂપિયા હતું, એ ૪૮૯૫૬ કરોડ રૂપિયા થયું. એટલે કે ૨૦.૪૫ ટકાનો ખર્ચો કેપિટલ એકસપેન્ડિચર વધારે થયું છે અને રેવન્યુ એકસપેન્ડિચર રૂ.૧ લાખ ૧૮ હજાર કરોડ હતું એ રૂ.૧ લાખ ૩૯ હજાર કરોડ થયું, એટલે એમાં ૧૩ ટકાનો વધારો થયો છે. પેન્શનમાં ખર્ચ વધે છે. પગારનો ખર્ચ વધે છે. આપણે સાતમું પગાર પંચ આપ્યું. નવી નવી ભરતીઓ કરી, સભ્યશ્રીઓ ખાલી જગ્યાઓ ભરવા માટે માગણી કરતા હોય છે. સ્વાભાવિક છે કે રેવન્યુ એકસપેન્ડિચર વધવાનો છે અને પેન્શનની ટકાવારી પગારની ટકાવારી કરતાં વધારે છે. ગયા વર્ષે રૂ.૧૩ હજાર કરોડના બદલે આ વર્ષે રૂ.૧૭ હજાર કરોડ થઇ ગયું છે. એટલે ૧૭ ટકા હિસ્સો માત્ર પેન્શનનો થઇ ગયો છે. પગાર અને આ બધું જોઇએ તો પણ આપણે ખર્ચમાં કન્ટ્રોલ કર્યો છે એના કારણે આપણી રેવન્યુ સરપ્લસ સ્ટેટ તરીકે ગણતરી થાય છે.

એક બીજો ડેવલપમેન્ટ ખર્ચો એટલે વિકાસલક્ષી ખર્ચા અને નોન ડેવલપમેન્ટ ખર્ચ આની અંદર પણ આપણો કન્ટ્રોલ છે. વિકાસશીલ ખર્ચની અંદર મારે આરોગ્યની વાત કરવી છે. સામાજિક સેક્ટરમાં કેટલા વપરાય છે. ડેવલપમેન્ટ ખર્ચની અંદર રૂ.૧,૨૭,૦૦૦ કરોડ વપરાય છે. મારો કહેવાનો આશય એ છે કે રૂપિયા બે લાખ કરોડના બજેટની અંદર એક લાખ ૨૭ હજાર કરોડ રૂપિયા વપરાય છે. તમારે શિક્ષણની પાછળ ૨૬ હજાર કરોડ રૂપિયા, હેલ્થ પાછળ ૧૦૭૫૩ કરોડ રૂપિયા વપરાય છે. આમાં હોસ્પિટલો પણ આવી ગઇ એમાં નવા નવા સાધનો પણ આવી ગયા માનનીય સભ્યશ્રીએ રેવન્યુની વાત કરી, રેવન્યુ એક ટકો થઇ કેપિટલ ખર્ચ વધારે આવ્યો. એટલે અમરેલીમાં માહિતી મેળવી કે હોસ્પિટલમાં આ કર્યું. મારા પ્રમાણે રાજ્યનું

બજેટ જોઇએ અને આખા અમરેલીનું બજેટ જોઇએ તો ડેવલપમેન્ટ ખર્ચો સો ટકા વધારે હશે. તમે ટ્રાન્સપોર્ટ જુઓ, ખેતીવાડી જુઓ, ઈરિગેશન જુઓ એમાં ૨૬ હજાર કરોડ રૂપિયા આપ્યા છે. એટલે કોઇ એક સેક્ટરમાં નથી આપ્યા. એ રીતે ઊર્જા વિભાગમાં દસ હજાર કરોડ આપ્યા છે. ટ્રાન્સપોર્ટમાં પણ પૈસા આપ્યા છે. આ રીતે એકે એક સેકટરમાં આપ્યા છે. આ રીતે કુલ રૂ.૧ લાખ ૨૭ હજાર કરોડ ડેવલપમેન્ટ ખર્ચ માટે આપ્યા છે. આપણું કુલ રૂપિયા બે લાખ કરોડનું બજેટ એની સામે રૂપિયા એક લાખ ૨૭ હજાર કરોડ ડેવલપમેન્ટ પાછળ અને બાકીના ૭૪ હજાર કરોડ રૂપિયા નોન ડેવલેપમેન્ટ પાછળ ખર્ચ થયો. આ બજેટનો પાયો છે અને આના કારણે રોજગારી મળતી હોય છે. આના કારણે ઇન્ફ્રાસ્ટ્રકચર મળતું હોય છે અને દરેક સેક્ટરને વિકાસની દ્રષ્ટિએ આપણે પુસ કરી શકીએ છીએ.

વર્ષોથી દેવાની વાત કરતા આવ્યા છીએ અને વર્ષોથી જવાબ આપતા આવ્યા છીએ. પણ કમનસીબી એ છે કે હજુ દેવું કેમ લેવું જોઇએ, શેના માટે લેવું જોઇએ, કયાં વાપરવું જોઇએ આ અગત્યતા હજી બરાબર સમજાણી નથી. આપણું ઘર જુઓ, આપણું રાજ્ય જુઓ, આપણો દેશ જુઓ કે બીજા દેશો જુઓ, અમેરિકા જુઓ. સૌથી અગત્યની વાત છે કે દેવું કેટલું લો છો એ માપમાં લો છો અને એ કયાં વાપરો છો? કારણ કે આજે ૨૦ વર્ષ જૂનું દેવું લઇએ તો આજે એ રૂ.દસ હજાર કરોડ વાપર્યા હોય અને ૨૦ વર્ષ પછી આપવાના હોય તો રૂ.દસ હજાર કરોડ લોકોના પોતાના સ્ટાન્ડર્ડ ઓફ લીવીંગ સુધારવા માટે વાપરીએ તો એમાં સુધારાના કારણે એની આવક થાય અને એ આવક થવાથી ટેક્સ ભરવાના કારણે દસ વર્ષ કે વીસ વર્ષ પછી દેવું પાછું અપાય છે. કોઇપણ દેશ જુઓ. આ રીતે ઇકોનોમી ચાલતી હોય છે એના પેરામીટર્સ હોય કેટલું લેવું જોઇએ. એટલું જ લેવું જોઇએ કે જેથી આપણે દેવાના ડુંગર નીચે ન આવીએ, આપણે વ્યાજ ન ભરી શકીએ, હપ્તા ન ભરી શકીએ એવી સ્થિતિ ન ઊભી થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આપણે કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે દેવું લઇએ છીએ અને વર્ષોથી એના માટેના આપણા માપદંડ પણ ઘણા ઘણા સારા રહ્યા છે. દાખલા તરીકે એમણે એમ કહ્યું છે કે GSDPનું ૨૭.૧ ટકા તમારું દેવું હોવું જોઇએ આપણું રૂ.૧૫ લાખનું દેવું તેનું GSDP ૨૭.૧ ટકા સાથે આંકડો ગણી કાઢો. ફિસ્કલ ડેફીશીટ ૩ ટકા હોવી જોઇએ, GSDP હોવી જોઇએ, હું આંકડો આપું છું આપણું કેટલું છે. ત્રીજું, રેવન્યુ ડેફીશીટ ઝીરો હોવી જોઇએ અને રેવન્યુ સરપ્લસ હોવું જોઇએ. આ ત્રણ FRBMના નોર્મ્સ આ વિધાનસભાએ મંજૂર કર્યા છે. આ વિધાનસભાએ મંજૂર કરેલા FRBMના નોર્મ્સ પ્રમાણે આપણી રાજ્ય સરકાર બજેટ બનાવે છે. મારે કહેવું છે કે એ જમાનો હતો કેન્દ્રની અંદર યુપીએ સરકાર હતી ત્યારે આપણે કહેતા હતા કે અમારી દેવાની ટકાવારીનું વ્યાજ વધારે છે અને ફરજિયાત એ લોકો NSSFની લોન આપતા હતા. આ હાઉસમાં જાતે બોલ્યો છું અનેક વખત નાણામંત્રીશ્રીઓ અને પ્રધાનમંત્રીશ્રીઓને વારંવાર મુખ્યમંત્રીશ્રી એ વખતે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ હતા એમણે રજૂઆત કરી હતી, પરંતુ ગુજરાતનું બોરોઇંગ NSSF એ લોકોએ ઘટાડી નહીં, એક જમાનામાં ૫૧ ટકા આપણું બોરોઇંગ NSSFની લોન હતી, આજે શ્રી નરેન્દ્રભાઇએ આ NSSFની લોનમાંથી ૫૧ ટકામાંથી ૨૦ ટકા કરી નાંખી. આનો ફાયદો શું થયો કે જે ૧૩ કે ૧૪ ટકાની ઊંચી લોન હતી એટલે ૪-૪ ટકા રાજ્ય વધારે ભરતું હતું. આજે આપણી ગુજરાતની તાકાત પર માર્કેટ બોરોઇંગ લઇએ છીએ. આપણને RBI એમ કહે કે તમને આટલી મંજૂરી આપીએ છીએ, એટલે આપણા વતી RBI બોન્ડ પેપરો બજારમાં કાઢે છે એ બોન્ડ ભરાઇ જાય છે અને ઇમીજેટલી સેઇમ ડે આપણને કેટલા ટકા વ્યાજ મળેને એ વ્યાજ મળે છે એ વ્યાજનો ફાયદો વર્ષોથી સરકારે લીધો છે. આજની તારીખમાં આપણું માર્કેટીંગ લોનમાં ૭૧ ટકા હિસ્સો થઇ ગયો છે એ ગુજરાતની તાકાત થઇ ગઇ છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટના ૨.૮૦ અને ફાઇનાન્શિયલ એસોસીએશન બેંકોના ૫.૫૭, અને NSSFના ૨૦.૧૯ દિવસે દિવસે ઘટતું જાય છે.

આ NSSF એટલે નાની બચતની લોન આ લોન જે ફરજિયાત હતી તેના ટકા ઊંચા હોય અને તેની પર કેન્દ્ર સરકાર તેનું કમિશન લેતી હતી, એ કમિશનને એ બધું આપીને આપણે ઊંચું પડતું હતું, એટલે આપણે રજૂઆત કરતા હતા કે કેન્દ્ર સરકારે એ લોન લેવી જોઇએ અને અમને આપવી જોઇએ. આ પ્રમાણે પણ શ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતને અને આખા દેશને લાભ આપ્યો અને આપણે પણ આ લાભ મળ્યો છે.

એવરેજ કોસ્ટ ઓફ ડેબ્ટ એટલે આપણું કેટલા ટકા થયું? ૨૦૦૪-૦૫માં પોઇન્ટ ૧૦. ૮૦ હતું, ૨.૭૯ આ NSSF અને એ બધાના કારણે આજે ૮.૫૩ થયું છે, ગઇ સાલ ૮.૬૦ હતું એને ઘટાડીને ૮.૫૩ કર્યું. એની આગલી સાલ ૮.૯૦ હતું તેને પણ ઘટાડયું, આ એમને એમ નથી આવતું આ ગુજરાતની તાકાત અને ગુજરાતની ઇકોનોમી છે.

GSDPની જે વાત કરી પબ્લિક ડેબ્ટ એ વખતે ૨૦૦૫-૦૬માં ભૂકંપ વખતે એટલું બધું વધી ગયું હતું. આપણે બોરોઇંગ કર્યું અને વાતાવરણ પણ એવું બન્યું હતું, તેના કારણે ૨૫.૬૦ ટકા હતું, એ ૨૦૦૬-૦૭ ના ૨૫.૬૦ ટકા લઇ આજની તારીખમાં ૧૬.૦ પર આવ્યું છે, ૨૭.૫ ટકાની મંજૂરી છે, લઇ શકાય ગઇ સાલ ૧૬.૬ ટકા હતું, તેની આગલી સાલ ૧૭.૨૮ હતું, એની આગલી ૧૭.૫૬ હતું આ ગ્રાફ નીચો જાય છે. એટલે કોઇ ચિંતા કરવાની જરૂર નથી મારો કહેવાનો વિષય એ છે કે આપણા ફાઉન્ડેશન વધારેને વધારે મજબુત થાય છે એટલે બે કે પાંચ હજારનું દેવું લેશો તો એનાથી આપણા રાજ્યની પરિસ્થિતિ નબળી પડવાની નથી.

બીજું, પોતાની આવકમાંથી કેટલું વ્યાજ ચૂકવો છો? આજે ડેબ્ટ ટ્રેપ્ટની વાત કરી છેને કે વધારે થઇ જાય તો વ્યાજ ન ભરી શકાય. આપણી આવકનો એક જમાનામાં ૨૦૦૬-૦૭માં ૧૯.૯૭ ટકા હતું એ આજે ૧૨.૯૦ ટકા થઇ ગયું છે. આપણી

આવકમાંથી ગઈ સાલ ૧૩.૯૧ હતું, આ પણ ગ્રાફ નીચો જાય છે. આજ બતાવે છે કે આપણી આવકમાંથી આપણે સંપૂર્ણપણે દેવું ભરી શકવાની તાકાત છે. આપણી સસ્તું દેવું લેવાની પણ તાકાત છે. આખા દેશમાં હું આપને કહું કે આખા દેશમાં એક કે બે રાજ્યો છે કે જેને આટલી સસ્તી લોન મળે છે. આપને કદાચ ખ્યાલ નહીં હોય કે આ ૩ ટકાનો ભાવ જે છે ને એ ૩ ટકા માટે બીજા રાજ્યો ત્રણના સવા ત્રણ અને સાડા ત્રણ અને ચાર કરવા માટે કેન્દ્ર સરકારને અનેક અનેકવાર રજૂઆતો કરી છે. આ ૩ ટકાનો જે ભાગ છે ને એ બીજા રાજ્યો એ ૩ના સવા ત્રણ અને સાડા ત્રણ અને ચાર કરાવવા માટે કેન્દ્ર સરકારને અનેક અનેક રજૂઆતો કરી છે. ફીસકલ ડેફીસીટનું કયારનુંય ૩ ટકાનું ક્રોસ કરી નાખ્યું છે. પરંતુ કેન્દ્ર સરકારે હમણાં એ લોકોને પોઇન્ટ પચીસ ટકા અને બીજા પોઇન્ટ પચીસ ટકા વધારાની છૂટ આપી, સબ્જેક્ટ ટુ ઘણી બધી કન્ડીશન, કે તમે આ કરો તો અમે આપીશું, આ કરો તો આપીશું. એકેય વાર ગુજરાત ગયું નથી. કારણ કે આપણે ૩ ટકામાં જ વાપરતા નથી. આપણે જવાની શું જરૂર છે. બીજું, એકેય વખતે એવું નથી બન્યું કે આપણે ટાઇમસર હપ્તો ન ચૂક્વ્યો હોય. એકય વખત એવું નથી બન્યું કે આપણે ઓવરડ્રાફ્ટ લીધો હોય, જ્યારે બીજા રાજ્યો અનેક અનેકવાર ઓવર ડ્રાફ્ટ લે છે. જ્યારે પણ દિલ્હીમાં મિટિંગમાં હોય ત્યારે રડતા જ હોય છે. એમાં તમારા મિત્રો હોય એ લોકોને પૂછી જો જો, જો કે હવે તો ઘણી જગ્યાએ બીજી કોઇ સરકાર રહી નથી, કોઇ જગ્યાએ રહી નથી, એકાદ છે એ પણ જવાની છે. તમારે જયાં જયાં છે ત્યાં પૂછી લેજો, બીજું, મારે કહેવું છે કે અમે ખર્ચ વધારીએ છીએને તે સબસિડીનો ખર્ચ વધારીએ છીએ. સબસિડીનો ખર્ચ કેવી રીતે વધારીએ છીએ, તમે કોન્સ્ટન્ટ જુઓ કે ૧૦-૧૧માં રૂ.૪૯૭૫ કરોડની સબસિડી હતી. આ વર્ષે રૂ.૧૫૬૪૦ કરોડની સબસિડી થઇ છે. આપ વિચાર કરો, એટલે ગરીબોને જે આપવાના હોય, ખેડૂતોને જે આપવાના હોય, જયાં જયાં અમારે આપવાના હોય તે આપીએ છીએ અને બીજી બાજુ ખર્ચનો ઘટાડો કરીએ છીએ, આ સરકારના બજેટની તાકાત છે. હવે આની અંદર તમે કૃષિમાં જુઓ તો રૂ.૧૭૧૬ના રૂ.૨૦૩૫, તમે ઊર્જામાં જુઓ, તમે એકે એક ફિલ્ડમાં જુઓ, રાજ્ય સરકારની સબસિડી વધી છે. રોજગારની વાત કરી કે ભાઇ રોજગારી મળતી નથી, રોજગારી કેવી રીતે આવે? રોકાણ આવે એ રોજગારી આપે, ઉદ્યોગો હોય કે ગમે તે હોય, દા. ત. કેપિટલ એકસપેન્ડિચર થતો હોય, રોડનું કામ થતું હોય તો રોજગારી આપે. પીવાના પાણીની પાઇપ લાઇનનું કામ થતું હોય તો રોજગારી આપે. ઉદ્યોગ આવતા હોય તો રોજગારી આપે, બીજું શું છે, ઇન ડાયરેક્ટ એટલે તમારી નીતિ અને તમે કઇ જાતનું લોકોને પ્રોત્સાહન કરો છો તેના પર રોજગારી મળતી હોય છે. એકલી સરકારી નોકરીમાં રોજગારી ન મળે, માનનીય મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે કે સખી મંડળોને પ્રોત્સાહન આપવાનું કામ કર્યું છે. આ નાનો વર્ગ છે. ૨૦ લાખ બહેનો આજે સખી મંડળ જોડે એસોસીએટ છે. આજે સ્ટેટ ગવર્નમેન્ટ એને ઇન્સેન્ટીવ સબસિડી આપે છે. ફાઇનાન્સીયલ આસીસ્ટન્સ આપે છે. હવે આ સખી મંડળો કંઇક કંઇક નાનું નાનું એવું પોતાની જાતે શોધે તે એમની તાકાત છે. તો ૨૫ લાખ બહેનોને આજે રોજગારીની તકો ઊભી થાય છે અને એક પગલું આગળ જાઉં. સભ્યશ્રી વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું, વિજય માલ્યાની વાત કરી, નીરવ મોદીની વાત કરી, અમે કાંઇ વિજય માલ્યા અને નીરવ મોદીને લોન નહોતી આપી. રેકોર્ડ તપાસ કરો, કોણે લોન આપી છે? આ વિજય માલ્યા તો યુ.પી.એ.નો ખાસ, જમણો ગણો અને ડાબો ગણો, અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ એમને એટલી સારી રીતે ઓળખતા હતા કે એકવાર પણ વાયબ્રન્ટમાં બોલાવ્યો નથી અને હું એનો સાક્ષી છું. એક વાર વાયબ્રન્ટમાં આવ્યો નથી. કારણ કે ઓળખતા હતા અને તમારા વખતમાં લોન આપી છે. એનો ઇતિહાસ તમે કાઢજો. બીજું, તમારા માનનીય સભ્યશ્રીઓએ વાત કરી અને ખાસ કરીને વિરોધ પક્ષના નેતાએ વાત કરી કે લોન લેવા માટે ઊભા રહેવું પડે છે, માલ્યા અને નીરવ મોદી જેવાને લોન મળી જાય છે અને લોકોને મળતી નથી, એટલે મેં તપાસ કરી, મેં કહ્યું કે કેન્દ્રની અંદર આ મુદ્રા યોજના, કોઇ લોન લેવા માટે ઊભું રહ્યું છે, કોઇએ સાંભળ્યું છે? તમને ખબર છે કેટલા લાખ આપ્યા છે? મુદ્રામાં ૩૮ હજાર કરોડ રૂપિયાની લોન આખા દેશની અંદર આપી છે. અને કેટલા લાભાર્થીઓ છે, ૫૫ લાખ ૧૭ હજાર ૨૯૩ લાભાર્થીઓ છે. આ નીરવ મોદી આવ્યા? આ વિજય માલ્યા આવ્યો? આ લાઇનમાં ઊભો રહેનારો આવ્યો? એટલે સમજો કે પૈસા કયાં જાય છે, અને બીજું, મારે એટલું કહેવું છે, એટલે સમજો કે પૈસા કયાં જાય છે? (અંતરાય) અરે ભાઇ, આપી શું કામ? (અંતરાય) મારે બીજું કહેવું છે કે રાજ્યની બીજી સાઇન શું કહેવાય? કેટલા assessee થયા? કેટલા assesseeએ ઇન્કમટેક્સ ભર્યો? ઇન્કમટેક્સવાળા ક્યારે ભરે? પહેલા તો ઇન્કમટેક્સના સ્લેબમાં જ ન આવે. જ્યારે ઇન્કમટેક્સના સ્લેબમાં આવે ત્યારે તેનો સ્પષ્ટ અર્થ થયો કે તેની આવક વધી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણને ગુજરાતનું ગૌરવ થાય કે કેન્દ્ર સરકારની નીતિ, રાજ્ય સરકારની નીતિ. આજે ૨૦૧૭-૧૮માં રૂ.૪૬ હજાર કરોડનું ઇન્કમટેક્સ કલેકશન હતું. ૨૦૧૮-૧૯માં રૂ.૫૦ હજારનું કલેકશન છે. રૂ.૪ હજાર કરોડનું, ૧૦ ટકાની આવક વધે એ આવક ન વધી કહેવાય? આ રીયલ વિઝન અને ફાઉન્ડેશન સાથે અમે ભારતીય જનતા પાર્ટી વર્ષોથી ગુજરાતમાં કામ કરીએ છીએ. હું આપને કહું ૨૦૧૪-૧૫માં રૂ.૩૦ હજાર કરોડ હતું. ૨૦૧૫-૧૬માં રૂ.૩૪ હજાર કરોડ હતું. એટલે દર વર્ષે વધતું જાય. કોઇ મંદીની વાત કરે. મંદી આવે. સપ્લાય-ડિમાન્ડનો ઇસ્યુ છે. વધારે ઉત્પાદન થાય તો મંદી આવવાની છે. તેના કારણે આપણે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. આપણો મેઇન ઇસ્યુ એ છે કે આપણી જે નીતિ છે એ બરાબર છે કે નહીં? દા.ત. ટેક્સટાઇલ પોલીસી કરી. ટેક્સટાઇલ પોલીસી કર્યાથી આજે ૨૫ લાખ-૩૦ લાખ-૪૦ લાખ spindle થયા. અમે જ્યારે કરીને નાખી હતી ત્યારે સ્વપ્ને પણ વિચાર નહોતો કર્યો. આજે ૪૦ લાખ spindle આવે, આજે આખા સૌરાષ્ટ્રના કપાસના ઉત્પાદન spinningમાં જાય તો ખેડૂતોના ભાવમાં ફરક પડે કે ન પડે? અહીંથી તામિલનાડુ જતું બંધ થયું. આ પોલીસીના કારણે ખેડૂતોની આવકમાં-ભાવમાં ફરક પડે એ કાગળ પર ન દેખાય, એ નીચે ધરતી પર દેખાય. એ પોલીસી અમે કરી અને આ વખતે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ નવી પોલીસી કરી અને બીજું, ૧૮૦૦-૨૦૦૦ કરોડ રૂપિયા તો સબસિડી અમે આપીએ છીએ. એટલે આ કઇ જાતની નીતિ બને છે એ અગત્યનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મોરબીના ધારાસભ્યશ્રીએ ગેસની વાત કરી. આપવું જોઇએ. હું તમને આંકડા આપીશ પછી કહેજો કે કામ કર્યું છે કે નથી કર્યું. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૯. ઓર્ડર આવ્યો એન.જી.ટી.નો. ત્યારે 2.05 million Standard Cubic Meter per day વપરાતું હતું અને ૨.૦૫ એપ્રિલ, મે, જૂન અને જુલાઇમાં. આજે જુલાઇમાં એ ૨.૦૫નું ૬.૦૨ થયું છે. તમારે મોરબીમાં ગેસ વપરાતો હતો તેના ૩૦૦ ટકા વધારો ત્રણ મહિનાની અંદર આપ્યો છે. આ કંઇ પાણીની પાઇપ નથી કે ચાલુ કરો અને પાણી નીકળે. આ તમારા બધા લોકો કોલસા વાપરતા હતા, gasifier વાપરતા હતા. સુપ્રીમ કોર્ટનો ઓર્ડર આવ્યો. રાતોરાત તમે આવ્યા. રાતોરાત અમે પાઇપો નાખી. પાઇપો ઘણી જગ્યાએ નાખી વાલ્વ ખોલ્યા. પ્રેશરના ઇસ્યુ સોલ્વ

કર્યા અને ત્રણ મહિનાની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પર્સનલ ઈન્ટરેસ્ટ લઈને આટલું બધું કામ કર્યું છે. તેના માટે તમારે વ્યક્તિગત રીતે ધારાસભ્ય તરીકે, ઉદ્યોગના પ્રતિનિધિ તરીકે આભાર માનાવો જોઇએ. એક જમાનામાં ખાલી છક્કી માર્ચે ૪૯૭ યુનિટ કામ કરતા હતા. આજે ૮૪૩ ત્રણ મહિનામાં કામ કરતા કરી દીધા. આ કોઇ ખાનગી કંપની આવી રીતે કામ ન કરી શકે. એ રાજ્ય સરકારની કંપનીએ કર્યું છે અને ગેસ લાવવો પડે છે. કતારથી લાવવો પડે છે. તેને ઇમ્પોર્ટ કરવો પડે છે. તેના ઓર્ડરો આપવા પડે છે. તેને s p o t માં ખરીદવા પડે છે. પછી તમને ગેસ આપીએ છીએ. (અંતરાય) અરે ભાઇ, ભાવ ઇન્ટરનેશનલ છે. હું જ્યારે ભણવા ગયો હતો ત્યારે ૯ રૂપિયે ડોલર હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રોથ એન્જિન એ છે એ વાત સાચી છે. માનનીય વિરોધ પક્ષના નેતા બોલ્યા કે ૨૦૦૨થી હું બજેટ સાંભળું છું પણ રૂપિયાનું કોઇ જગ્યાએ વાવેતર થયું હોય એવું દેખાતું નથી અને ગ્રોથ એન્જિન જેવું તો કંઇ છે નહીં. ગ્રોથ એન્જિનની વાત કરું તો Most Industrialized State, ૫ ટકા વસ્તી, ૬ ટકા geographical area, આની અંદર દેશની ૧૦.૧૭ ટકા ફેક્ટરીઓ આવી છે અને કુલ દેશના ઉત્પાદનનો ૧૬.૮૨ ટકા છે. આ ૧૦ ટકા દેશની ફેક્ટરીઓ ૧૬.૮૨ ટકા ઉત્પાદન એને ગ્રોથ એન્જિન તરીકે ગણી શકીએ કે ના ગણી શકીએ આપણે? લીડર –કેમિકલ્સમાં, પેટ્રોકેમિકલ્સમાં, ડેરીમાં, ડ્રગ્સમાં, ફાર્માસ્યુટીકલમાં, સિમેન્ટમાં, સિરામીકમાં, જેમ્સ જવેલરીમાં, ટેક્સસ્ટાઇલમાં, એન્જિનિયરીંગમાં આપણે નેતૃત્વ ધરાવીએ છીએ અને આપણે ગ્રોથ એન્જિનનું કહીએ છીએ. કીધું હોત કે આમાં થોડો સુધારો લાવો તો વધારે સારી રીતે આપણે આગળ નીકળી શકીએ એ આવકારદાયક છે. પરંતુ એવા વિચારો નહોતા. હમણાં આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કીધુંને કે "પેસીમીસ્ટીક પ્રોફેશનાલીઝમ" શબ્દ યાદ છે ને? એટલે આપણે પેસીમીસ્ટીક પ્રોફેશનાલીઝમમાંથી બહાર નીકળીએ એવી આપ સૌને મારી નમ્ર વિનંતી છે. FDI જુઓ તો એ પણ ખૂબ સારું છે. દેશના એકસપોર્ટની વાત કરીએ ખૂબ પ્રમાણમાં (અંતરાય) તમે ડાયવર્ટ ના કરોને. મને દુઃખ લાગે છે તમે આવું બોલો છો તો.

અધ્યક્ષશ્રી : ડાયવર્ટ એટલે કરે છે કે ટાઇમ પૂરો થવા આવ્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ગંભીર ચર્ચાઓ ચાલે છે. આખા રાજ્યનું ભાવી ઘડાય છે ત્યારે શ્રી શૈલેષભાઇ અહીંયાં કયારના પહેલા કે ત્રણ ગઇ, પછી કહે કે ચાર ગઇ, એટલે મને ખબર ના પડી કે કોનું શું ગયું. પછી ખબર પડી કે આ વિકેટ ગઇ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશના એકસપોર્ટમાંથી કેટલો મોટો હિસ્સો છે? ૨૫ ટકા હિસ્સો છે. તમે પોર્ટસ જુઓ તો ૩૩–૩૫ ટકા share દરિયામાં અહીંથી જાય છે. તમે કોઇપણ દિશામાં જુઓ તો આપણે છીએ. નંબર–વન રહીશું. શ્રી શૈલેષભાઇ, નંબર–વન સો ટકા રહેવાના છીએ. ઘણા બધા વિષય ઉપર મેં ચર્ચા કરી છે. અંતમાં એટલું જ કહેવું છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ વખતે વિઝન આપ્યું, આવતા વર્ષોમાં ક્યા કામને અગત્યતા આપવી જોઇએ? એમાં water management - this is one positive step, green energy. જે આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આખી દુનિયાનું નેતૃત્વ લીધું છે. ગ્રીન એનર્જીનું કીધું છે. એન્વાયર્મેન્ટ પ્રોટેકશન એટલે આવતી પેઢીની ચિંતા આપણે કરવી જોઇએ. સરકારની welfare scheme છે. એમ્પ્લોયમેન્ટની કરી છે. આ બધી જ મેઇન વસ્તુ એમણે આવતા વિઝનરી તરીકે લીધું છે અને મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આના કારણે ખુબજ જ મોટી રોજગારીની તકો ઊભી થશે અને મોટા ભાગના સભ્યોએ જે વાતચીત કરી એને મેં મારી વાતોમાં લઇ લીધું છે. અમારા સાથી, અમારા પોતાના જ ધારાસભ્યશ્રી શિવાભાઇની જે લાગણી હતી એ હું સમજી શકું છું. શ્રી શિવાભાઇ, કેન્દ્રનો કાયદો એવો છે કે મીટર સિવાય મારાથી કોઇ કનેકશન અપાય નહીં એટલે જો તમે કાલ ઊઠીને ઊર્જા મંત્રી બનશો ને તો તમે પણ નહીં કરી શકો એટલે મારે બધા સભ્યશ્રીઓને વિનંતી કરવી છે...

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે શરૂઆત થઇ ત્યારે કોંગ્રેસ અને ભા.જ.પ.ના બધા બધા ભેગા થયા હતા. તમે મીટર લાવ્યા છો એટલે સરકાર ગમે તેવો ઠરાવ કરે તો એ ઠરાવની બીજી વખત પુનઃવિચારણા કરવાનો દરેક સરકારને અધિકાર છે. વિચારણા કરો અને મીટર ઉઠાવી લો, તમને અધિકાર છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રના ઇલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ની અંદર પાર્લામેન્ટની અંદર કાયદો બનેલો છે કે any supply of electricity has to be given through metered connection. આપ મારો મુદ્દો સમજો કે આજની તારીખમાં કોઇપણ કનેકશન આખા દેશમાં ૨૦૦૩ પછી આપવાનું થયું હોય તો મીટર સિવાય અપાયું નથી. એ કાયદામાં ફેરફાર કરવાની સત્તા અમારી પાસે નથી. બીજું, કે એ કાયદા પછી મારે બધા સભ્યશ્રીઓને કહેવું છે કે તમે પ્રતિનિધિત્વ કરતા હોવ અને આ અંગે રજૂઆત થતી હોય તો ચોક્કસપણે આપ આ વિષયનું ધ્યાન દોરજો. ઊર્જાના બીજા વિષયો કહ્યા, સભ્યશ્રીએ દિવસે વીજળીની વાત કરી. એકે એક વિષય હાથમાં લીધો છે. બે–ચાર વર્ષથી તમે બોલતા હતા કે ૧૦ વર્ષથી વીજળીના કનેક્શનો બાકી હતા એ પૂરા થઇ ગયા. આ પણ તમે વિશ્વાસ રાખો, દિવસે વીજળી આપવાનું અમે ૧૦૦ ટકા કરીશું. શ્રી નીતિનભાઇનો ખૂબ ખૂબ આભાર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૨૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા. ૧૧મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સવારના ૧૧–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક–૬૨ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| અક્ષયકુમાર પટેલ | રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન | ૪૪૨ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ટ્રેક્ટર સહાય / સબસિડીની અરજીઓ | ૧૫૪ |
| | વડોદરા અને નર્મદા જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો | ૨૮ |
| | વડોદરા અને નવસારી જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે પ્રદૂષણ ફેલાવવા અંગેની ફરિયાદો | ૩૯૦ |
| | વડોદરા અને ભરૂચ જિલ્લામાં ૭/૧૨ના ઉતારા | ૪૯૮ |
| | વડોદરા અને ભરૂચ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | ૩૬૮ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ/વ્યક્તિઓની સંખ્યા | ૯૩ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર અને નવસારી જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ | ૪૧ |
| | મહિસાગર જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ | ૧૦૮ |
| | મહીસાગર અને ગીર સોમનાથ જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ | ૫૪૨ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પ્રવાસન સ્થળો | ૧૬૨ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની કચેરીઓમાં મહેકમ | ૪૯૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૪૪૦ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૬૩ |
| | નવસારી અને સુરત જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની કચેરીઓમાં મહેકમ | ૫૩૬ |
| | નવસારી જિલ્લામાં ઉભરાટ દરિયાકિનારે આવેલ કોટેજો | ૩૧ |
| | નવસારી જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ | ૯૯ |
| | રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન | ૪૩૧ |
| | વલસાડ ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી | ૪૮૨ |
| અનિલ જોષિયારા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૪૦૬ |
| | ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૨૧૬ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પાક બચાવવા કાંટાળા તારની વાડ માટે જાહેરાત | ૫૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે ડેમોને લીઝ પર આપવા બાબત | ૧૨૧ |
| | અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની યોજના | ૪૫૩ |
| | અરવલ્લી જિલ્લામાં શેડ્યુલ્ડ વિસ્તાર | ૫૦૯ |
| | અરવલ્લી જિલ્લામાં સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો | ૩૮૭ |
| | કામદારોના કલ્યાણ માટેના સેસની રકમ | ૫૫૨ |
| અંબરિષ ડેર | અમરેલી કલેક્ટર કચેરીમાં પડતર તુમારો | ૫૧૩ |
| | અમરેલી જિલ્લા ખેલો ઈન્ડિયા અન્વયે મેદાન તૈયાર કરવાની કામગીરી | ૪૬ |
| | અમરેલી જિલ્લામાં ખેલો ઈન્ડિયા અન્વયે જમીન માટે માંગણી | ૧૬૫ |
| | અમરેલી જિલ્લામાં ખેલો ઈન્ડિયા અન્વયે તૈયાર કરેલ મેદાનો | ૧૧૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૪ |
| | અમરેલી જિલ્લામાં પાણીના બોર | ૪૫૬ |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર જિલ્લામાં રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો | ૫૦૬ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | ૪૪૯ |
| | છોટાઉદેપુર જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમ | ૧૪૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૮૭ |
| | છોટાઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટેની અરજીઓ બાબત | ૨૩ |
| | દાહોદ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ કીટો આપવા બાબત | ૩૬૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૪૦૮ |
| અમિત ચાવડા | ભરૂચ જિલ્લામાં જમીન ફાળવવા બાબત | ૪૩૩ |
| | રાજ્યમાં ઓ.ડી.એફ. જાહેર કરેલ જિલ્લાઓ | ૧૭ |
| | રાજ્યમાં જિલ્લાવાર ઘઉં, ચોખા, ખાંડ, તેલ અને કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત | ૮૦ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ | ૩૭૭ |
| | ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૩૪ |

| પુસ્તક-૬૨ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | ખેડા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના | ૫૦૪ |
| | ખેડા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૫૪૮ |
| | ખેડા જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૪૪૮ |
| | મહેમદાવાદ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ | ૧૦૨ |
| અરવિંદ છો. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૪૨ |
| | નવસારી બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના | ૧૬૩ |
| | વલસાડ આર.ટી.ઓ. કચેરીમાં નવા નોંધાયેલ વાહનો | ૧૧૩ |
| | વલસાડ ખાતે નવા ડ્રાઈવીંગ લાયસન્સ આપવા બાબત | ૪૪ |
| | વલસાડ જિલ્લાના બાલચૌંઠી ખાતેના આમ્ર વનમાં રોપાનું વાવેતર | ૩૭૮ |
| | વલસાડ જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૪૯૦ |
| | વલસાડ જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ | ૪૩૬ |
| | વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના | ૫૪૧ |
| અરવિંદ રૈયાણી | ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફરમેશન સેન્ટર રાજકોટ દ્વારા સેમિનાર | ૫૧૭ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૪૬૧ |
| | રાજકોટ જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય | ૭૧ |
| અરવિંદ રાણા | તાપી જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ | ૫૭ |
| | માંગરોળ ખાતે નવા મત્સ્યબંદર બનાવવાનું કામ | ૧૨૪ |
| | સુરત જિલ્લામાં વારસાઇ હક્ક માટેની અરજીઓ | ૪૩૦ |
| | સુરત જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના | ૪૮૨ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૮૩ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૩૬ |
| | અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો | ૪૭૫ |
| | અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમ | ૭૫ |
| | અમદાવાદ જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીન | ૫૩૧ |
| | અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૫૬૯ |
| | દસક્રોઈ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર | ૩૮૪ |
| | માછીમારોના કુટુંબોને જીવન નિર્વાહ માટે આર્થિક સહાય | ૧૪૩ |
| | રાજ્યમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ખર્ચ | ૧૩ |
| અશ્વિનભાઈ કોટવાલ | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૫૦૮ |
| | ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસેથી રાજ્યને લેવાની નીકળતી રકમ | ૩૬ |
| | અંબાજી મંદિરમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત | ૪૫૧ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રવાસન સ્થળો | ૧૬૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ | ૧૦૩ |
| આનંદભાઈ ચૌધરી | ગાંધીનગર ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી | ૪૬૯ |
| | તાપી અને સુરત જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ | ૧૪૨ |
| | રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન | ૫૨૪ |
| | સુરત અને ડાંગ જિલ્લામાં પ્રવાસન સ્થળો | ૭૪ |
| | સુરત અને ભરૂચ જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ | ૫૬૬ |
| | સુરત જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ | ૧૧ |
| આર.સી.મકવાણા | જૂનાગઢ જિલ્લામાં ગૌશાળા-પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત | ૨૫૨ |
| | બોટાદ જિલ્લામાં બી.પી.એલ. કુંટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૧૨૬ |
| | ભાવનગર જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો | ૪૫૦ |
| | ભાવનગર જિલ્લામાં ચેરનું વાવેતર | ૩૭૬ |
| | ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળા માટે જમીન ફાળવણી બાબત | ૫૦૭ |
| | ભાવનગર જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના | ૫૫૦ |
| | ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૬૦ |

| પુસ્તક–૬૨ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | શિહોર બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના | ૧૭૩ |
| આશાબેન પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૪૦૫ |
| | મહેસાણા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય અરજીઓ | ૨ |
| | મહેસાણા જિલ્લામાં રમતવીરોને સહાય ચૂકવવા બાબત | ૭૩ |
| | મહેસાણા જિલ્લામાં વિના મૂલ્યે સ્મશાન સગડી આપવા બાબત | ૩૮૦ |
| | મહેસાણા જીલ્લામાં લશ્કરી ભરતી તાલીમ વર્ગનું આયોજન | ૪૪૧ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ ખાતે આઇ.ટી / આ.ટી.ઇ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી | ૪૯૭ |
| | અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૫૪૩ |
| | અમદાવાદ અને મોરબી જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ | ૧૩૩ |
| | અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં બીપીએલ કાર્ડ/વ્યક્તિઓની સંખ્યા | ૧૭૮ |
| | અમદાવાદ ખાતે આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ.સેઝ પાર્ક માટે જમીન ફાળવણી | ૪૪૦ |
| | અમદાવાદનું પાસીંગ નડીયાદ અને ગાંધીનગર કરીને વ્હીકલ ટેક્સ ચોરીની ફરિયાદ | ૬૮ |
| | ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ વિધેયક, ૨૦૧૯ | ૨૦૬ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને અમદાવાદ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં ભ્રષ્ટાચારની ફરિયાદો | ૨૧ |
| | ખેડા અને અમદાવાદ જિલ્લામાં ખોટા ખેડૂતો | ૪૩૯ |
| | ખેડા અને ગાંધીનગર જિલ્લામાં મહેસૂલી રેકર્ડ ગુમ થવાની ફરિયાદ | ૫૪૨ |
| | સમાજ કલ્યાણ વિભાગ હેઠળના નિગમો અને બોર્ડોમાં સહાય | ૪૯૪ |
| ઋત્વિકભાઇ મકવાણા | અમદાવાદનું પાસીંગ નડીયાદ અને ગાંધીનગરમાં કરાવીને વ્હીકલ ટેક્સ ચોરીની ફરિયાદ | ૯૨ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૮૦ |
| | ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયોમાં પગાર વધારાની રજૂઆતો | ૪૬૦ |
| | રાજકોટ જિલ્લામાં મચ્છુ–૧ ડેમમાંથી પીવાનું પાણી | ૫૧૬ |
| | સુરેન્દ્રનગર અને ગીર સોમનાથ જિલ્લામાં બીપીએલ કાર્ડ / વ્યક્તિઓની સંખ્યા | ૧૫૩ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | ૩૬૬ |
| | પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નો ઓડિટ અહેવાલ | ૨૭ |
| ઋશિકેશ પટેલ | મહેસાણા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના | ૧૬૨ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૯૭ |
| | મહેસાણા જિલ્લામાં વ્યાપારી એકમો સામે કાર્યવાહી | ૪૩ |
| | મહેસાણા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૪૭૮ |
| | મહેસાણા જિલ્લામાં વિના મૂલ્યે સ્મશાન સગડી આપવા બાબત | ૩૮૬ |
| | મહેસાણા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૫૩૫ |
| | મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૪૧૮ |
| | વિસનગર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ | ૧૧૩ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના | ૪૬૩ |
| કનુભાઇ મો. દેસાઇ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૪૧ |
| | વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાઇકલ ભેટ | ૩૯૧ |
| | વલસાડ જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે અરજીઓ | ૮૭ |
| | નવસારી બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના | ૧૪૮ |
| | વલસાડ આર.ટી.ઓ. કચેરી ખાતે નવા નોંધાયેલ વાહનો | ૨૨ |
| | વલસાડ જિલ્લાના બાલચૌંઠી ખાતેના આમ્ર વનમાં રોપાનું વાવેતર | ૩૭૧ |
| | વલસાડ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૪૬૪ |
| | વલસાડ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૫૬૧ |
| | વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના | ૫૨૦ |
| કનુભાઇ પટેલ | અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત તાલીમ | ૩૭ |
| | બોટાદ જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત | ૩૭૨ |
| | અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | ૫૪૨ |
| | અમદાવાદ જિલ્લામાં પશુઓ માટે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ | ૪૯૩ |

| પુસ્તક-૬૨ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | અમદાવાદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ | ૧૦૪ |
| | અમદાવાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૪૩૯ |
| | દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર | ૩૯૨ |
| કનુભાઈ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો | ૧૪૩ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસિડીની અરજીઓ | ૭૬ |
| | ભાવનગર અને મોરબી જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની કચેરીઓમાં મહેકમ | ૪૫૯ |
| | ભાવનગર જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ | ૧૪ |
| કુબેરભાઈ ડીંડોર | મહિસાગર જિલ્લામાં આજીવિકા વિકાસ યોજના માટેના કામો | ૧૬૯ |
| | મહિસાગર જિલ્લામાં કૃષિ ઉત્પાદન વધારવા માટેના કામો | ૧૨૩ |
| | મહીસાગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના | ૪૭૩ |
| | મહીસાગર જિલ્લામાં વારસાઇ હક્કની અરજીઓ | ૫૨૯ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૮૪ |
| | ૧૪માં નાણા પંચ અંતર્ગત પંચમહાલ જિલ્લાને ગ્રાન્ટ | ૩૮૮ |
| | મહીસાગર જિલ્લામાં એ.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૫૬ |
| | મહીસાગર જિલ્લામાં ગ્રાન્ટ-ઈન-એઈડ કન્યા છાત્રાલયો | ૫૬૮ |
| કરશનભાઈ સોલંકી | અરવલ્લી જિલ્લામાં બીપીએલ યાદીમાં દાખલ થવા માટેની અરજીઓ બાબત | ૬૩ |
| | મહેસાણા જિલ્લામાં લશ્કરી ભરતી તાલીમ વર્ગનું આયોજન | ૫૦૧ |
| | મહેસાણા જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના | ૪૪૪ |
| | મહેસાણા જિલ્લામાં વિના મૂલ્યે સ્મશાન સગડી આપવા બાબત | ૩૮૯ |
| | મહેસાણા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના | ૧૨૭ |
| | વિજાપુર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર/ખર્ચ | ૩૬૫ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો | ૪૭૧ |
| | ભાવનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૧૪ |
| કેસરીસિંહ જે. સોલંકી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૪૦ |
| | આણંદ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ | ૩૮૨ |
| | ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૨૭ |
| | ખેડા જિલ્લામાં પશુઓ માટે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ | ૫૨૦ |
| | ખેડા જિલ્લામાં બિયારણ / દવાઓના નમૂના | ૯૧ |
| | ખેડા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૫૬૧ |
| | ખેડા જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૪૬૫ |
| | મહેમદાવાદ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ | ૧૫૩ |
| કાંતિભાઈ ખરાડી | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જમીન માપણીને લગતી ફરિયાદો | ૫૩૨ |
| | બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગૌચરની જમીનનું વેચાણ | ૪૭૫ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પેટ્રોલપંપ અને ગેસ વિતરણ એજન્સીઓની તપાસ | ૧૬૩ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ઘઉં, ચોખા અને ખાદ્યતેલના જથ્થાનું વિતરણ | ૪૩ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો | ૧૧૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગૌચર વિનાના ગામો | ૫૭૦ |
| કાંતિભાઈ બલર | ભરૂચ જિલ્લામાં ગ્રાન્ટ-ઈન-એઇડ કન્યા છાત્રાલયો | ૪૭૮ |
| | સુરત જિલ્લામાં જંતુનાશક દવાઓના નમુના | ૧૩૧ |
| | ધારી તથા પેટલાદ તાલુકામાં પૂર્ણ સમયની વધારાના જિલ્લા ન્યાયધીશની કોર્ટની મંજૂરી | ૩૮૬ |
| | અમરેલી જિલ્લામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | ૪૧૯ |
| | સુરત જિલ્લામાં ડીટેઈન વાહનો | ૬૫ |
| કાંતિભાઈ સોઢાપરમાર | આણંદ અને અરવલ્લી જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસિડીની અરજીઓ | ૯૮ |
| | આણંદ અને નવસારી જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૫૦૬ |
| | આણંદ અને પંચમહાલ જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ | ૩૦ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ | ૫૫૦ |

| પુસ્તક–૬૨ | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | આણંદ અને નર્મદા જિલ્લામાં પ્રવાસન સ્થળો | ૧૫૬ |
| | વડોદરા ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી | ૪૫૦ |
| કાન્તિભાઈ પરમાર | ખેડા અને મહીસાગર જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડાયેલ ઓવરલોડેડ વાહનો | ૩૫ |
| | ખેડા અને ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની કચેરીઓમાં મહેકમ | ૫૪૫ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ | ૧૦૨ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં બીપીએલ કાર્ડ/વ્યક્તિઓની સંખ્યા | ૧૫૯ |
| | ડાકોર મંદિરમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત | ૪૪૩ |
| | વડોદરા ખાતે આઈ.ટી./આઈ.ટી.ઈ.એસ. સેઝ પાર્ક માટે જમીન ફાળવણી | ૪૯૯ |
| કાળાભાઈ ડાભી | ખેડા જિલ્લામાં ખાનગી વીમા કંપનીને ચૂકવેલ પ્રિમિયમ | ૩૦ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળની કચેરીઓમાં મહેકમ | ૫૬૫ |
| | ખેડા અને નવસારી જિલ્લામાં પ્રવાસન સ્થળો | ૧૫૬ |
| | ખેડા અને ભરૂચ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૫૨૩ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં ટ્રેક્ટર સહાય/સબસિડીની અરજીઓ | ૯૬ |
| | રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાના પરિપત્રનું પાલન | ૪૬૮ |
| કિર્તીસિંહ વાઘેલા | રાજ્ય સરકાર દ્વારા માંગલ્ય વનમાં રોપાનું વાવેતર | ૩૮૯ |
| | કચ્છ જિલ્લામાં ચેરનું વાવેતર | ૩૬૫ |
| | પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૯૩ |
| | પાલનપુર જિલ્લા રોજગાર કચેરી ખાતે નોંધાયેલ બેરોજગારો | ૫૪૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં માનવદિન રોજગારી | ૨૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૪૯૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના | ૪૩૮ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં ડીટેઈન વાહનો | ૭૦ |
| | અમદાવાદ જિલ્લામાં નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના | ૧૭૯ |
| | અમદાવાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધો | ૪૪૧ |
| | દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર | ૩૯૦ |
| | પાટણ જિલ્લામાં ગૌશાળા–પાંજરાપોળોને સહાય ચૂકવવા બાબત | ૩૭૦ |
| | બોટાદ જિલ્લામાં લશ્કરી ભરતી તાલીમ વર્ગનું આયોજન | ૫૪૩ |
| | બોટાદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના | ૪૯૭ |
